जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

શ્રી વિનયવિજય ઉપાધ્યાયકૃત

# શ્રી શાંત સુધારસ

★

પ્રથમ ભાગ ... ભાવના ૯

★

પ્રકાશક:-

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી વિનયવિજય ઉપાધ્યાયકૃત

# શ્રી શાંત સુધારસ

:: પ્રથમ વિભાગ ::

( સ્વાધ્યાય ૯ )

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

વિવેચક:

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

સોલિસિટર અને નોટેરી પબ્લીક.

પ્રકાશયિત્રી—

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત ૧૯૯૨ ફાલ્ગુન
સને ૧૯૩૬ માર્ચ.

પ્રત : ૧૦૦૦

સર્વ હક્ક લેખકને સ્વાધીન

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રથમ આવૃત્તિ

મૂલ્ય રૂ. ૧-૦-૦

મુદ્રકઃ
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રિ. પ્રેસ-ભાવનગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આમુખ

શ્રી **વિનયવિજય** ઉપાધ્યાય વિક્રમની સત્તરમી સદીની છેલ્લી પચ્ચીશીમાં જન્મ્યા અને અઢારમી સદીમાં પોતાની સાહિત્ય પ્રસાદી જનતાને આપી. એવી પ્રસાદીઓ પૈકીની આ શ્રી **શાંતસુધારસ** ગ્રંથ એક વિભૂતિ છે. એમાં શાંતરસ ગેયરૂપે છલોછલ ભરેલો છે અને પ્રત્યેક ભાવના સાથે ગુજરાતમાં સુપ્રસિદ્ધ દેશીના રાગોમાં સાદી પણ માર્મિક સંસ્કૃત ભાષામાં સુંદર ઢબે ગાઇ શકાય તેવું એક એક અષ્ટક આપ્યું છે. આ પ્રથમ વિભાગમાં નવ ભાવનાઓ આવે છે. **અનિત્ય. અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર** અને **નિર્જરા.** પ્રથમની પાંચ ભાવના આત્માને ઉદ્દેશીને છે, છઠ્ઠી શરીરને ઉદ્દેશીને છે અને સાતમી, આઠમી અને નવમી ભાવનામાં તત્ત્વચર્ચા ખાસ કરીને તત્ત્વદૃષ્ટિએ કરી છે. આખો ગ્રંથ અતિ મધુર ભાષામાં અને સુંદર રીતે લેખક મહાત્માએ તૈયાર કર્યો છે.

મારા જેલનિવાસ દરમ્યાન મને આ આકર્ષક ગ્રંથ પર વિવેચન લખવાની અભિલાષા થઇ. મને મળેલી શાંતિનું આ ગ્રંથ પણ એક પરિણામ છે. અત્ર પ્રથમ ભાગ રજુ કર્યો છે. બીજા વિભાગમાં બાકીની ત્રણ અનુપ્રેક્ષા ભાવના ( **ધર્મ**સુકૃતતા, **લોક**પદ્ધતિ અને **બોધિદુર્લભતા** ) આવશે અને ત્યારપછી **મૈત્રી, પ્રમોદ,** કારુણ્ય અને **માધ્યસ્થ્ય** ભાવનાઓ આવશે.

JAINSITE.com
जैन साइट
परस्परोपग्रहो जीवानाम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથના કર્તા શ્રીવિનયવિજય ઉપાધ્યાયનું ચરિત્ર અને વિસ્તૃત ઉપોદ્ઘાત બીજા વિભાગમાં આવશે. બની શકશે તો શાંતરસને રસ ગણવા સંબંધીની સાહિત્યવિષયક ચર્ચા પણ બીજા ભાગમાં કરવાની તક હાથ ધરવામાં આવશે. શ્રી અધ્યાત્મકલ્પદ્રુમમાં એ ચર્ચા મૂકવાની હતી તે રહી ગઇ છે, તે વિચારનો અમલ આ પુસ્તકના બીજા ભાગમાં કરવાની ઇચ્છા છે. બીજો ભાગ પણ લગભગ આ પ્રથમ વિભાગ જેવડો જ થશે એમ લાગે છે.

સર્વને ગાવાની અથવા અભ્યાસ કરવાની સગવડ થવા માટે ઉપયોગી લાગશે તો માત્ર મૂળ ગ્રંથને બીજા ભાગમાં પૃથક્ આપવાની પણ ઇચ્છા છે અને સમાન ભાવનાઓ ( યશઃસોમ અને સકળચંદ્રજી ઉપાધ્યાયની ) વચ્ચે વચ્ચે મૂકી છે તે પૈકી બાકીની રજુ કરવામાં આવશે.

કેટલાક ગ્રંથો પચાવી હૃદયમાં ઉતારવા યોગ્ય હોય છે, આત્માને ઉદ્દેશીને એની પ્રગતિ અને સાધ્યસામિપ્યની નજરે જ રચાયલા હોય છે અને શાંતિના પ્રેરક અને સાધ્યને નજીક લાવનાર હોય છે તે પૈકીનો આ ગ્રંથ હોઇ એને નવલકથાની પેઠે વાંચી જવાનો નથી, એને તો જેટલી વાર બને તેટલી વાર વાંચી હૃદયમાં ઉતારવા યોગ્ય છે. કેટલીક વાતો વ્યવહારુ નજરે ન બેસે તો વિચારવા યોગ્ય છે, પણ અંતે આ ગ્રંથમાં બતાવેલ રસ્તે જ સિદ્ધિ છે એ વિચારપૂર્વક જ આ ગ્રંથ પચાવવાનો છે. આવા પાંચ ગ્રંથો મેં જૈન સાહિત્યમાંથી ધારી રાખ્યા છે તે પૈકી શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ પછી આ બીજો ગ્રંથ છે. જે હેતુથી ગ્રંથકર્ત્તાએ આ ગ્રંથ રચ્યો છે તે મુદ્દો ધ્યાનમાં રાખી તે પર વિસ્તારથી વિવેચન કર્યું છે. જ્યાં અપૂર્વ ભાવ જણાય ત્યાં બલિહારી મૂળ લેખકની છે, જ્યાં ક્લિષ્ટતા જણાય ત્યાં મારી જવાબદારી છે. અભ્યાસક

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૃષ્ટિએ આ વિચારણા કરી છે એ ધ્યાનમાં રાખી એમાં પ્રવેશ કરવા વિજ્ઞપ્તિ કરું છું. બીજા ભાગમાં હજુ પણ વિશિષ્ટ ભાવો જણાશે એટલી ખાત્રી આપી આ ગ્રંથ અનેક વાર વાંચવા અને વાંચ્યા કરતાં પણ વધારે વિચારવા અને વિચારથી પણ વધારે જીરવવા અંતિમ પ્રાર્થના કરું છું અને આમાં રસ પડે તો બીજા ભાગને પણ તેટલા જ રસથી વધાવવા વિનતિ કરું છું.

આ ગ્રંથની ગેયતામાં કેવી મજા છે, એની રચનામાં કેટલી નૂતનતા છે, એના ભાષાપ્રયોગમાં શી ભવ્યતા છે, એના રસમાં કેવી જમાવટ છે એ સુજ્ઞ વાચકે સ્વયં સંગ્રહવી, અનુભવવી અને એ વિચારણાને બીજા ભાગમાં પ્રકટ થનાર ઉપોદ્ઘાત સાથે સરખાવવી. ખૂબ મજા આવે અને ઊંડા સંસ્કારો જાગે એવી વિશિષ્ટતા અત્ર ભરેલી છે. આ તો સાહિત્યની દૃષ્ટિએ વાત થઇ, પણ વ્યવહારની અનેક મુંઝવણનો તદ્દન જુદી ભાત પડે તેવી રીતે નિકાલ કરવાના આમાં કોયડા આપ્યા છે તે શોધવા જેવા છે. આ ગ્રંથ પર વિચાર કરતાં અનનુભૂત અભિલાષાઓ જાગે તેમ છે અને અપૂર્વ વીર્યોલ્લાસ થાય તેમ છે એમાં જરા પણ અતિશયોક્તિ નથી. માત્ર દૈનિક છાપાની નજરે એના પર નજર ફેરવી જનારને આ વાંચન કશો લાભ કરે તેમ નથી. એમાં લેખક કે વિવેચકની શૈલી તરફ વિચાર કરવા કરતાં અંતર્ગત મંડાણો પર ધ્યાન આપવાની વાતો છે અને તેને માટે યોગ્ય વાતાવરણ, એકાગ્રતા અને બને તેટલી એકાંત જોઇએ. આધ્યદૃષ્ટિ જાગૃત કરવાની એમાં પ્રેરણા છે અને જાગૃત થયેલી હોય તો તેને વધારે ચેતનવંતી બનાવવાના તેમાં વિશિષ્ટ પ્રયોગો છે. આ દૃષ્ટિએ આ ગ્રંથ પચાવવાનો છે. સાહિત્યમાં એનું અનેરું સ્થાન છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ હકીકત બીજા ભાગની ઉપોદ્ઘાતમાં આપ વિસ્તારથી જોશો. એકાંતમાં બેસી ચેતનરામ સાથે વિલાસ કરવાની વૃત્તિ થાય, અંતર આત્માનંદ શી ચીજ છે તેનો ખ્યાલ કરવા અભિલાષા થાય, અનાહત આંતરનાદ સાંભળવાની આકાંક્ષા થાય અને પ્રવૃત્તમાન દુનિયાને થોડીવાર ભૂલી જઇ અનનુભૂત ઉન્નત દશા અનુભવવા લાલસા થાય ત્યારે આ ગ્રંથ હાથમાં લેવો, એને માણવો, એને અપનાવવો, એને અપનાવતાં અંતરના પ્રદેશો ખુલી જશે અને પછી અપૂર્વ ગાન અંદરથી ઊઠશે. એવા વખતના અનિર્વચનીય સુખની શક્યતા અત્ર છે એમ મને લાગ્યું છે અને એની પ્રાપ્તિ કોઇ કોઇને પણ આ ગ્રંથદ્વારા થઇ જાય તો તેટલે અંશે મારો જેલનિવાસ વધારે ફલવતો થાય એ ઇચ્છાથી આ અલ્પ પ્રયાસને જાહેરની સેવામાં રજુ કરું છું.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રીન્સેસ સ્ટ્રીટ, મનહર બીલ્ડિંગ
મુંબઇ તા. ૧૬ માર્ચ ૧૯૩૬
સં. ૧૯૯૨ ના ફાલ્ગુન વદ અષ્ટમી

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુક્રમણિકા

## પ્રથમ વિભાગ

### પ્રવેશક


જીવનનો ઉદ્દેશ–એનું સાફલ્ય. ૧
અર્થ વગરની દોડાદોડી. ૧
હેતુ કે સાધ્ય વગરની ધમાલ. ૨
નવાણું ટકા સાચી વાત. ૨
સુખની વાંચ્છા. સાર્વજનિક. ૩
સાંસારિક સુખ સ્થાયી નથી, પછવાડે દુઃખ છે. ૪
મારું મારું કરે, પણ અંતે વિચારમાં. ૫
મનોવિકારના આવિર્ભાવો. ૬
ખરું સુખ શું અને ક્યાં ? ૬
સ્વવશ તે સુખ, પરવશ તે દુઃખ. ૭
સ્પષ્ટ નિર્ણયની જરૂરીઆત. ૯
નાટકને ઓળખવાની વિચારણા. ૧૦
ભાવનાનું કાર્યક્ષેત્ર. ૧૧
વસ્તુનું યથાસ્વરૂપે ઓળખાણ. ૧૨
વિવેક–વિચારણા એટલે શું ? ૧૨
આત્માવલોકન. ૧૩
શ્રવણ–વાચનનો સાર. ૧૪
અશુભ ભાવનાઓ. ૧૫
બાર અનુપ્રેક્ષા–ભાવના. ૧૫
ચાર હેતુ ભાવના. ૧૫
પ્રસ્તાવિક હકીકતો. ૧૬
નામદર્શન. (ટાઇટલ) ૧૭


### ગ્રંથકારની પ્રસ્તાવના


મૂળ શ્લોકો. ૮ ૧૮–૨૦
આઠ શ્લોકોનો અક્ષરાર્થ. ૧૯–૨૧
બાર અનુપ્રેક્ષા ભાવનાના નામ અને તેના અર્થ. ૨૨
૧. જંગલ વર્ણન. તેમાં ભૂલો પડેલો. ૨૩
માર્ગદર્શક મહાત્મા. ૨૪
આશ્રવ વાદળાં. ૨૫
કર્મલતાઓ. ૨૬
મોહ–ભયંકર અંધકાર. ૨૭
ભયંકર અટવીમાં રખડપાટી. ૨૮
કરુણાભંડાર તીર્થંકર. ૨૯
સાન્નિધ્યમાં શાંતરસ. ૩૦
એમની વાણીની ભવ્યતા. ૩૧
આશિષ, નમસ્કાર, વસ્તુ–નિર્દેશ. ૩૧

૨. મોહનો મંત્ર. ૩૩
શાંતરસ કેમ જામે ? ૩૫
ભાવનાનો રહસ્યાર્થ. ૩૬
ભાવનાનું ક્ષેત્ર. ૩૬
ભાવનાની શક્તિ. ૩૭
૩. બુદ્ધિશાળી શ્રોતા પ્રત્યે. ૩૮
તમે ચક્રભ્રમણથી થાકયા છો ? ૩૮
તમારે અનંત સુખ મેળવવું છે ? ૩૯
તો નમ્ર વિજ્ઞપ્તિ છે—આ વાંચો. ૩૯
૪. સુંદર મનોમંદિરના માલેક પ્રત્યે. ૪૦
એ ભાવના કાનને પવિત્ર કરે તેવી છે. ૪૨
એને ગાતાં મજા આવે તેમ છે. ૪૩
એ શ્રુતજ્ઞાનનો વિષય છે. ૪૩
ભાવના વિવેકજન્યા છે. ૪૪
સમતા વેલડીનાં ફૂળો અહીં છે. ૪૫
એ લતા વેગવાન છે. ૪૫
મોહ એનાં મૂળને જામવા દેતો નથી. ૪૬
ભાવનાથી સમતાલતા ઊગે છે. ૪૬
૫. એ સમભાવ શું છે તેની ઓળખાણ. ૪૭
આર્ત્તધ્યાનના ચાર પ્રકાર. ૪૮
રૌદ્રધ્યાનના ચાર પ્રકાર. ૪૯
મનોવિકારનું જોર. ૫૦
વિષયોની શક્તિ. ૫૦
ઇર્ષ્યાની—વિષથી સમભાવને બાળી નાખે. ૫૧
૬. સમાન ક્રિયા—આશય ફેર પરિણામ. ૫૧
પ્રશમસુખ કોને મળે ? ૫૨
૭–૮ ગ્રંથમાંની બાર ભાવનાઓ. ૫૩
તેનો નામનિર્દેશ અને વર્ણન. ૫૪


## પ્રકરણ ૧ લું

### અનિત્ય ભાવના


મૂળ શ્લોકો. ૩. ૫૬
તેનો અક્ષરાર્થ. ૫૭
ગેયાષ્ટક. ૫૮–૬૦
તેનો અક્ષરાર્થ. ૫૯–૬૧
સદર પર નોટ. ૬૨
ક. શરીર પાછળ ઘેલછા. ૬૩
એ તો વાદળ જેવું ઠેકાણા વગરનું છે. ૬૪
એ ક્ષણભંગુર છે. ૬૪
યૌવન માતેલા સાંઢ જેવું છે. ૬૪
એને પંપાળનાર સમજુ ન હોય. ૬૫
ખ. જીવન અસ્થિર છે. ૬૫
સંપત્તિ સાથે વિપત્તિ લાગુ છે. ૬૫
ઇંદ્રિયના વિષયો સમરંગી છે. ૬૬
પ્રિયજન મેળાપ સ્વપ્નવત્ છે. ૬૬
આમાં આનંદ—સુખ ક્યાં છે ? ૬૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ. આજના આનંદ આપનારા. ૬૭
તે આવતી કાલે ઘૃણા કરાવે. ૬૮
ચેતન અચેતન નાશવંત છે. ૬૯
છતાં એના પર રાગ કેમ ? ૬૯
ધ્રુવપદ. તારી ચિંતાઓ વ્યર્થ છે. ૭૦
સર્વ અપને તાનમેં મસ્તાન છે. ૭૧
ધનની સર્વ બાબતો અર્થ વગરની છે. ૭૧
કુશાગ્રે રહેલ બિંદુ જેવું સર્વ છે. ૭૨
'વિનય' શબ્દનો ભાવ. ૭૩
૧. ઇંદ્રિય સુખ ક્ષણિક છે. ૭૪
અને તે નાશવંત છે. ૭૪
વીજળીના ચમકાર જેવું છે. ૭૫
નવયુગની નારીના વિલાસો. ૭૫
૨. જુવાનીનો લટકો ચાર દહાડાનો. ૭૬
એ જુવાની દિવાની છે. ૭૭
જુવાનીના અત્યાચાર કેવા નડે છે ? ૭૮
યુરોપની રાણીઓ. ૭૮
૩. ઘડપણના ચાળાઓ. ૭૯
ભર્તૃહરિનો કુતરો. ૮૦
કામદેવ મરેલાને મારે છે. ૮૦
ઘડપણમાં કુતરા જેવી દશા. ૮૦
આધેડવય જોખમકારક છે. ૮૧
૪. દેવતાનું અનુપમેય સુખ. ૮૧
એનો પણ છેડો આવે છે. ૮૨
એની સરખામણીમાં તારું સુખ શું ? ૮૨
છતાં દેવોના છેલ્લા છ માસ કેવા જાય છે ? ૮૨
૫. આજુબાજુ જરા નજર કર. ૮૩
સાથે રમ્યા તે ગયા. ૮૩
ચર્ચા કરનારા ચાલ્યા ગયા. ૮૩
ત્યારે તું શેના ઉપર મિજાશ મારે છે ? ૮૪
અને છતાં તારી આશા અમર છે ! ૮૫
૬. ચેતન ભાવો. ૮૬
અચેતન ભાવો. ૮૬
સમુદ્રનાં મોજાં જેવાં સર્વ છે. ૮૭
અંતે સર્વ વિસરાળ થવાનું છે. ૮૭
આખરે એ પંખીનો મેળો છે. ૮૮
૭. યમરાજ તો મોટા કોળીઆ ભરે છે. ૮૯
એના કાળકવળથી કોઇ બચતું નથી. ૯૦
તારાથી એ કેટલો દૂર છે ? ૯૧
તારે એની સાથે દોસ્તી છે ? ૯૧
એમાં મ્હોં શેનું બગાડે છે ? ૯૨


જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮. સચ્ચિદાનંદમય તારું રૂપ જો. ૯૩

એકાંત નિત્ય સુખનો અનુભવ. ૯૪


### પર્યાલોચન


સમસ્તનું એકીકરણ. ૯૫

સવાર અને સાંજમાં તફાવત. ૯૬

શેના ઉપર અને કોને માટે સર્વ ? ૯૬

તારા સુખના વલખાં ખોટા છે. ૯૭

અને આમ ક્યાં સુધી હાંકીશ ? ૯૮

ચક્કરને ઓળખવામાં સુખની ચાવી. ૯૮

ઉપાધ્યાયજીના કથનનું રહસ્ય. ૯૮

જ્ઞાનાર્ણવમાં અનિત્ય ભાવના ૯૯

વસીયતનું આંતર રહસ્ય. ૧૦૧

પારકાના પૈસા. ૧૦૧

અનિત્યતાથી ગભરાવાનું નથી. ૧૦૨

ચિદાનંદજી—જૂઠી જૂઠી જગતની માયા. ૧૦૩

કરકંડુ અને સનત્કુમાર. ૧૦૪

સિવિલીયનને પ્રશ્નપરંપરા. ૧૦૪

પછી મરણું—કહેતાં માટી મુંઝાયો. ૧૦૪

વસ્તુસ્થિતિનું નિદર્શન. ૧૦૫

પુનરાવર્તન શોભારૂપ છે. ૧૦૬

સ્વયં ત્યાગ શમ સુખ કરે છે. ૧૦૬

સકળચંદજીકૃત ગેય અનિત્ય ભાવના. ૧૦૭


## પ્રકરણ ૨ જું

### અશરણ ભાવના


પરિચય શ્લોકો. ૩ ૧૦૮

સદરનો અર્થ. ૧૦૯

ગેયાષ્ટક ૧૧૦–૧૧૨

સદરનો અર્થ. ૧૧૧–૧૧૩

સદર પર નોટ. ૧૧૪

ક. પારકી આશા નિરાશા જ છે. ૧૧૫

મરવું એ ચોક્કસ વાત છે. ૧૧૬

છતાં મરવું એ કોઇને ગમતું નથી. ૧૧૬

મરણ વખતે કેવી દશા થાય છે ? ૧૧૭

એને કોઇ જીવાડી શકતું નથી. ૧૧૮

અંતે સર્વ અહીં મૂકી જવું પડે છે. ૧૧૯

અને હારેલા જુગારીની સ્થિતિ થાય છે. ૧૧૯

મોટા રાજા મહારાજાના એ હાલ છે. ૧૨૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ख. આઠ મદોનો નિર્દેશ. ૧૨૦
મદનાં આંતર તત્ત્વો. ૧૨૧
મદથી તણાઇ જનારા. ૧૨૨
પણ અંતે એ નરકીટ છે. ૧૨૨
મદોન્મત્તને યમકાકા છોડતા નથી. ૧૨૩
ग. અંતે એના હાથ હેઠા પડે છે. ૧૨૪
એનું ધૈર્ય પણ નાશ પામે છે. ૧૨૫
એની નાડીઓ તૂટે છે. ૧૨૬
એના પૈસા પર ગીધો તૂટી પડે છે. ૧૨૭
૧. સ્વજનોના વાત્સલ્યો. ૧૨૮
પણ કોઇ માંદાની પથારીમાં સૂતા નથી. ૧૨૯
સંતનો વ્યાધિનો ખ્યાલો. ૧૨૯
સુખી ગણાતાની વાસ્તવ સ્થિતિ. ૧૩૦
ખરું સાચું શરણ ધર્મનું છે. ૧૩૧
નૈતિક વિભાગ. ધર્મ–શરણ્ય છે. ૧૩૨
ધર્મની પરીક્ષા કરીને મત આપ્યો છે. ૧૩૩
ચારિત્રનું સ્મરણ કરવું જરૂરી છે. ૧૩૪
૨. મહારાજા પણ રગદોળાય છે. ૧૩૫
કલકલ પક્ષી અને માછલી. ૧૩૫
માંધાતા અને ચક્રીઓ પણ ગયા. ૧૩૬
ત્યારે તું તે કોણ માત્ર? ૧૩૬
૩. લોઢાના ઘરમાં પેસ– ૧૩૭
અથવા મ્હોંમા તરખલું લે; ૧૩૭
પણ એ ઉપાય કારગત નથી. ૧૩૭
૪. વિદ્યા–મંત્ર–ઔષધિ, ૧૩૮
દેવ વશ થાય કે ગમે તેમ થાય. ૧૩૮
રસાયણ દવાઓ લેવાથી ૧૩૯
પણ મરણ છોડતું નથી. ૧૪૦
૫. ઘડપણનો ભય પણ એવો જ છે. ૧૪૦
પવનજયથી કે દવાથી એ અટકે નહિ. ૧૪૧
દરિયાપાર ગયે પણ અટકે નહિ. ૧૪૧
અંતે હાથમાં લાકડી લેવી પડે છે. ૧૪૨
૬. જરા માથાને પળિયા-વાળું કરે છે. ૧૪૨
શરીરને કસ વગરનું કરે છે. ૧૪૩
૭. ઉગ્ર વ્યાધિ થાય ત્યારે શરણ? ૧૪૩
અને સગાઓ શું બોલે છે? ૧૪૪

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ માત્ર ધર્મ જ શાંતિ આપે છે. ૧૪૫
૯. માટે ધર્મનું જ શરણ કર. ૧૪૫
અથવા ચાર શરણ કર. ૧૪૬
મમતાને છોડી દે. ૧૪૬
શાંતસુધારસનું પાન કર. ૧૪૭


## પર્યાલોચન


વૈજ્ઞાનિક પદ્ધતિએ અશરણ ભાવ. ૧૪૮
આધાર આધેય તત્ત્વ. ૧૪૮
નવ નંદરાજા-સ્મશાનયાત્રા. ૧૪૮
ચિતામાં મૂકતાં ઢાંકણ પણ કાઢી નાંખે. ૧૪૯
જ્ઞાનાર્ણવમાં કાળનું વર્ણન. ૧૫૦
એક દિવસ એવો જરૂર આવશે. ૧૫૦
મરવાની વાતથી ચોંક્યા કેમ ? ૧૫૧
જાય છે જગત ચાલ્યું રે, ઓ જીવ ! જોને. ૧૫૨
ઘરનાં ઘર પણ છોડવાં જ પડે. ૧૫૨
નવકાર દે તે વખતે. ૧૫૩
આત્મધર્મને પીછાનવો. ૧૫૩
ચિદાનંદજીના અવતરણ. ૧૫૪–૫
આ ભાવના રડતાં ન ભાવવી. ૧૫૬
આપસ્વભાવમાં મગ્ન થવું. ૧૫૭
પામરતાનો ત્યાગ કરવો. ૧૫૮
સકળચંદજીકૃત અશરણ ભાવના. ૧૫૯


## પ્રકરણ ૩ જું

## સંસાર ભાવના


પરિચય શ્લોકો ૫. ૧૬૦–૧૬૨
સદરનો અર્થ. ૧૬૧–૧૬૩
ગેયાષ્ટક. ૧૬૪–૧૬૬
સદરનો અર્થ. ૧૬૫–૧૬૭
સદર પર નોટ. ૧૬૮
ક. સંસાર નાટકના પાત્રો. ૧૬૯
એમાં મનોવિકારનું જોર છે. ૧૭૦
લોભ શું કરે છે તેનું દૃષ્ટાંત. ૧૭૧
એવા તો અનેક અંતર વિકારો છે. ૧૭૨
તૃષ્ણાબાઇ એથી પણ વધારે છે. ૧૭૨
એનાં અનેક દૃષ્ટાંતો. ૧૭૪
એવા વિકારોની વિટંબણાઓ. ૧૭૫
ખ. એક ચિંતા મટે ત્યાં બીજી ઉત્પન્ન થાય. ૧૭૫
એ સર્વ એને કર્મરજથી ભારે કરે છે. ૧૭૬
એના મનનો ખેદ કેમ મટે ? ૧૭૬


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનું વાતાવરણ જ ચિંતામય છે. ૧૭૬
પણ છતાં એમાં એને મજા આવે છે. ૧૭૭
મોટા વેપાર કરનારાની ચિંતા. ૧૭૮
ग. ત્યારે બાહ્યસુખમાં કાંઇ દમ છે? ૧૩૮
ઘડપણમાં પૂરી પરાધીનતા છે. ૧૭૯
આ નાટક તો ચાલ્યા જ કરે છે. ૧૮૦
આદર્યાં અધવચ્ચ રહે છે. ૧૮૦
घ. હીરાજડિત પાંજરામાં પોપટ. ૧૮૧
પણ કેદખાનું એને સ્વાભાવિક લાગે છે. ૧૮૧
ङ. અને તેં એવાં તો અનંત રૂપ કર્યાં. ૧૮૨
તું સર્વ ઠેકાણે રખડી આવ્યો છે. ૧૮૩
પુદ્ગળપરાવર્ત. ૧૮૩
આવા અપાર સંસારમાં તારું સ્થાન. ૧૮૪
એની આખી શરમ કથા વિચારવા જેવી છે. ૧૮૪
१. દારુણ સંસાર. ૧૮૫
મોહરાજાએ પાયેલ દારૂ. ૧૮૫
એણે પકડેલ ગળું. ૧૮૬
એણે કરેલી ફસામણીઓ. ૧૮૬
એના શાસનમાં તને કેમ ગમે છે? ૧૮૭
૨. એનાં બંધનો જ વિચાર. ૧૮૮
તું એ બંધનોથી જકડાયો છે. ૧૮૮
છોકરારૂપ બંધન પર વિચારણા. ૧૮૯
એ જ મિસાલે બીજાં બંધનો ૧૮૯
તારા પોતાનાં અપમાનો સંભાર. ૧૯૦
૩. કર્મ નચાવે તેમ તારે નાચવું છે. ૧૯૧
પણ તારો પૂર્વ ઇતિહાસ સંભાર. ૧૯૧
તારાં પૂર્વ પાઠો બરાબર યાદ કર. ૧૯૨
ઉત્તરાધ્યયન સૂત્રપાઠ ૧૯૩
જ્ઞાનાર્ણવકાર વૈવિધ્ય વર્ણવે છે. ૧૯૩
૪. આ ભવમાં બાળપણની પરાધીનતા. ૧૯૪
જુવાનીની મદમત્તતા. ૧૯૪
ઘડપણમાં પરવશતા. ૧૯૪
અને છેવટે યમદેવને વશ. ૧૯૪
૫. દીકરો બાપ થાય છે, બાપ દીકરો થાય છે વિગેરે. ૧૯૫


JAINSITE.com
जैन साइट
જૈનમ્ જયતિ શાસનમ્

કુબેરદત્તાનાં સગપણો. કથા ૧૯૬
મુંઝવી નાખે તેવી વિચિત્ર-
તાઓ. ૧૯૭
૬. દારૂડીઆ જેવી તારી દશા. ૧૯૮
અહીંની અનેક અગવડો. ૧૯૮
માનસિક ઉપાધિનો પાર નહિ. ૧૯૯
છતાં એ સંસારને ચાહીએ
છીએ. ૨૦૦
મધના ટીપાની આશા. ૨૦૦
એ દારૂ પાનાર કોણ? ૨૦૧
૭. કામ તો ધાડપાડુ છે. ૨૦૧
વૈભવની આખર સ્થિતિ. ૨૦૨
૮. ભયને કાપે તેવું સાધન
શોધ. ૨૦૩
જિનવચન ધારણ કર. ૨૦૪
એ અટપટા વિષયની શોધ. ૨૦૫
શમ અમૃતનું પાન કર. ૨૦૫


પર્યાલોચન


મુદ્દાઓનું સંક્ષિપ્ત દર્શન. ૨૦૬
સિદ્ધર્ષિના મામા ભાણેજ. ૨૦૭
પ્રથમ શરીરને ઓળખવું. ૨૦૮
સ્ત્રી, સંતતી અને પૈસા. ૨૦૮
સંસાર ચક્રી. ૨૦૯
અંદરની ઉપાધિનો પાર નથી. ૨૧૦
સંસારને બરાબર ઓળખ્યો
નથી. ૨૧૧
પણ આ સર્વ શેની ખાતર? ૨૧૨
માનેલા સાચા સુખી પણ
કેટલા? ૨૧૨
અને તેમને પણ જવાનું
તો ખરું જ! ૨૧૩
વિચાર કરી આંખ ઉઘાડો. ૨૧૪
સમરાદિત્ય જેવાં ચરિત્રો
વિચારો. ૨૧૪
અવસર ગયા પછી પસ્તાવો
નકામો. ૨૧૫
સંસાર ભાવના અર્થ. ૨૧૬
સકળચંદજીકૃત સંસારભાવના. ૨૧૭


## પ્રકરણ ૪ થું

### એકત્વ ભાવના


પરિચય શ્લોકો ૫ ૨૧૮
સદરનો અર્થ. ૨૧૯
ગેયાષ્ટક. ૨૨૦–૨૨૨
સદરનો અર્થ. ૨૨૧–૨૨૩
સદર પર નોટ. ૨૨૪
૧. પુનરાવર્તન ભાવનામાં
દોષ નથી. ૨૨૫
શુદ્ધ દશામાં આત્મા મેલ
વિનાનો છે. ૨૨૬
આત્મા, કર્મ અને આત્માનું
શુદ્ધત્વ. ૨૨૬
એની વર્તમાન કર્માવૃત્ત દશા. ૨૨૭
એની વિભાવદશા–પર્યાયો. ૨૨૮


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂળ સ્વરૂપ અને લાગેલ કચરો. ૨૨૯
આત્મા સર્વ શક્તિમાન છે. ૨૨૯
આત્માના મૂળ ધર્મો (ગુણો) ૨૩૦
એવો આત્મા વ્યક્તિગતે એકલો છે ૨૩૦
તેની અત્યારની રમતો ક્યાંથી ? ૨૩૧
એ સર્વ મમત્વ છે. ૨૩૨
એ સર્વ કલ્પનાથી ઉપજાવેલ છે. ૨૩૨
ख. આત્મા કેવો પરભાવમાં પડી ગયો છે ? ૨૩૩
પરભાવરમણતાનાં પરિણામો. ૨૩૪
એ જાણકાર છતાં અબુધ છે. ૨૩૪
ग. પરસ્ત્રી સંબંધી વિચાર જેવું એ છે. ૨૩૪
પરભાવરમણ ભય પીડા નોતરે છે. ૨૩૫
છતાં અત્યારે પરભાવ સ્વભાવ થયો છે. ૨૩૬
घ. તને મળેલી અત્યારની સગવડતાઓ. ૨૩૬
પરભવના પડદાને ફેંકી દે. ૨૩૭
આત્મલહરીની શીતળ લહેર ભોગવ. ૨૩૭
છેવટે એને ક્ષણવાર પણ ભોગવ. ૨૩૮
એકવાર તો ચેતનને ભાવી જો. ૨૩૯
આવો અવસર ફરી ફરીને નહિ મળે.
ङ. સમભાવ સાથે એકતા કર. ૨૩૯
સમતા વગરનાં કામો–આરાધના સ્તવન. ૨૪૦
પરમાનંદપદની સંપત્તિ માટે સમભાવ. ૨૪૦
નમિરાજર્ષિ–ચતુર સ્ત્રીઓ. ૨૪૧
એકતાનું ભાન થતાં સજ્વર ઊઠ્યો. ૨૪૨
ધન્ના–શાળિભદ્રની વાતો. ૨૪૨
ખૂનીઓ પણ એકતા સમજી તર્યા છે. ૨૪૩
૧. તારું આ દુનિયામાં શું છે ? ૨૪૩
એ વિચારનારને શું લાગે ? ૨૪૪
૨. એ એકલો જન્મે છે. ૨૪૪
એ એકલો મરે છે. ૨૪૫
એ એકલો કરે છે, એકલો ભોગવે છે. ૨૪૫
વરરાજા તો તું એકલો જ છે. ૨૪૫
બધા જવાબ તારે આપવાના છે. ૨૪૬
૩. પરિગ્રહ વધે તેટલો તે ભારે થાય છે. ૨૪૭
આંચકા આવે ત્યારે પોક મૂકે છે. ૨૪૮
વહાણનું દૃષ્ટાંત. ૨૪૮


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. દારૂડીઆની ચેષ્ટાઓ. ૨૪૯
પરભાવમાં રમણુતાથી ભૂલ્યો.૨૪૯
૫. સુવર્ણ ચોખ્ખું અને
સેળભેળવાળું. ૨૫૦
૬. કર્મની મેળવણીથી એનાં
રૂપો. ૨૫૦
૭. શુદ્ધ કાંચન સ્વરૂપે એ
ભગવાન. ૨૫૨
અનુભવમંદિરે એને સ્થાપ. ૨૫૨
પછી એની સાથે આનંદ કર. ૨૫૪
૮. શમરસમાં મજા કર. ૨૫૫
વિષયાતીત રસમાં તરબોળ
થા. ૨૫૬

## પર્યાલોચન

સંથારા પોરિસી. ૨૫૭
એ વિચારણા કેવી રીતે કરે ? ૨૫૮
સિંહ એકલો જંગલમાં. ૨૫૮
જગમેં ન તેરા કોઇ, ચિદા-
નંદજી. ૨૫૯
મેળવવાની ચાવી. સંયોગ પર
જય. ૨૬૦
આત્માવલોકન, અંતરદૃષ્ટિ. ૨૬૦
હૃદયમંદિરમાં સ્વરૂપે ચેતન. ૨૬૧
હારેલા જુગારીની દશા. ૨૬૨
મહાલક્ષ્મીની ઘોડદોડ
જતાં–આવતાં. ૨૬૨
જ્ઞાનાર્ણવમાં શુભચંદ્રાચાર્ય. ૨૬૨
ભૂલ્યો ફિર ફૂલ્યો ચિદાનંદજી.૨૬૩
ભણવા ગણવાનું પ્રયોજન. ૨૬૪
મળેલ દીવાદાંડીનો ઉપયોગ. ૨૬૪
આખી ભાવનાનું સમુચ્ચય
કરણ. ૨૬૫

## પ્રકરણ ૫ મું

### અન્યત્વ ભાવના

પરિચય શ્લોકો ૫ ૨૬૬–૨૬૮
સદરનો અર્થ. ૨૬૭–૨૬૯
ગેયાષ્ટક. ૨૭૦–૨૭૨
સદરનો અર્થ. ૨૭૧–૨૭૩
સદર પર નોટ. ૨૭૪
૧. આ ભાવનામાં બહાર
જોવાનું છે. ૨૭૫
બહિરાત્મા, અંતરાત્મા,
પરમાત્મા. ૨૭૫
એનાં યંત્ર ઠંડા પડવામાં
સમય લાગે છે. ૨૭૭
પારકાને રોટલો આપવો,
ઓટલો નહિ. ૨૭૭
પારકાને એ બરાબર
ઓળખતો નથી. ૨૭૮
પારકા કર્મોએ એને રંગી
નાખ્યો છે. ૨૭૮
અજાણ્યા પર વિશ્વાસથી
વિકૃતિ. ૨૭૯

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંત જ્ઞાનના ધણીની સ્થિતિ નં. ૧ ૨૭૯

ख. પારકી પંચાતના દાખલાઓ. ૨૮૦

આ તે તારી કેવી સ્થિતિ થઈ! ૨૮૧

નકામી બાબતોની ખટપટ. ૨૮૧

અને ઘરનાં તો ઠેકાણાં નહિ. ૨૮૨

ग. પરકીય શું શું છે તેની ગણના. ૨૮૨

વેપાર, લડાઇ, આનંદ, શોક. ૨૮૩

ઘરની ચીજો ફરનીચર સર્વ પર છે. ૨૮૩

આ સર્વ પરમાં તું ફસાઈ ગયો છે. ૨૮૪

घ. તેં સહેલી પીડાઓ પારવગરની છે. ૨૮૪

તારી મજાઓ પરભાવમાં જ છે. ૨૮૫

પણ તારે સર્વના હિસાબ આપવાના છે. ૨૮૫

ङ. જ્ઞાન, દર્શન, ચારિત્ર. ૨૮૬

ત્રિરંગી વાવટો. ૨૮૬

૧. ચેતનજી! તારું ઘર શોધ. ૨૮૮

સમજુની ફેંકાફેંક કેવી હોય. ૨૮૮

તારા સંબંધીમાંથી તારું કોણ? ૨૮૯

મહાયાત્રામાં સાથી કોણ? ૨૯૦

૨. શરીર સાથેનો તારો સંબંધ. ૨૯૧

૩. તારું ઘર વસાવ્યું તે રહી જશે. ૨૯૨

અંતે સર્વને છોડી જવાનું છે. ૨૯૨

મોટી રમતનો તું તો પ્યાદુ છો. ૨૯૩

૪. આખી રમત પર માટે ગોઠવી છે. ૨૯૩

આત્માને થયેલા વ્યાધિનું નિદાન. ૨૯૪

વ્યાધિ દૂર કરવા માટે કરી કર. ૨૯૪

અને અનુભવરસથી પુષ્ટિ મેળવ. ૨૯૪

અનુભવ પર વિચારણા. ૨૯૫

શું જાણે જગ બ્હાવરો, શું જાણે જીવ અંધ. ૨૯૫

વ્યાધિના નિદાન અને ચિકિત્સા. ૨૯૬

૫. પંથીનો મેળો અને સૌ રસ્તે પડે. ૨૯૬

મુસાફરખાનાનો બે ઘડીનો મેળો. ૨૯૭

૬. એક તરફી પ્રેમમાં સંતાપ. ૨૯૮

લક્ષ્મી કોઇની થઇ નથી. ૨૯૮

પ્રેમનો જવાબ નહિ ત્યાં જનારને સંતાપ. ૨૯૮


જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જર, જમીન, જોરુ. ૨૯૯
૭. સંયોગોને છોડી દે. ૨૯૯
સંથારા પોરિસી. ૨૯૯
સ્વયં ત્યાગનો મહિમા. ૩૦૦
નિર્મળ એકાગ્રતા કર. ૩૦૦
તે ક્યારે અને કેમ થાય? ૩૦૧
ઝાંઝવામાં કાંઇ વળે નહિ. ૩૦૧
૮. આશ્રય કોનો કરવો? ૩૦૨
અમૃતપાનના ત્રણ ગુણો. ૩૦૨

### પર્યાલોચન

તત્ત્વજ્ઞાની જંગ. ૩૦૩
મનુષ્ય જાતિના બે વિભાગ. ૩૦૪
હિન્દના તત્ત્વજ્ઞાની—આંતરદર્શી. ૩૦૪
આલ્ડુઅસ હકસલી. ૩૦૪
દેવશર્માને પ્રતિબોધવા ગએલા ગૌતમસ્વામી. ૩૦૫
મરુદેવાની માતૃવત્સલતા. ૩૦૫
મરુદેવા હાથીની અંબાડીએ. ૩૦૬
મરુદેવાની અન્યત્વ ભાવના. ૩૦૭
શરીરની ચિંતા-તેનું અન્યત્વ. ૩૦૭
સ્ત્રીનું અન્યત્વ—સુરીકાંતા. ૩૦૮
માતાનું અન્યત્વ—બ્રહ્મદત્તની માતા. ૩૦૯
પિતાનું અન્યત્વ—કનકકેતુ. ૩૦૯
પુત્રનું અન્યત્વ—કોણિક. ૩૦૯
સ્નેહની સ્વાર્થપરતા. ૩૧૦
સ્નેહ અને ઘડપણ. ૩૧૦
ધનનું અન્યત્વ—પરકીયત્વ. ૩૧૧
પૌદ્ગલિક સંબંધ. ૩૧૨
ભાવનાઓનું પૃથક્કરણ. ૩૧૩
આત્મભાવનાઓ થઇ ગઈ. ૩૧૪
સકળચંદ્રજીકૃત અન્યત્વ ભાવના. ૩૧૫

## પ્રકરણ ૬ ઠું

### અશુચિ ભાવના

પરિચય શ્લોકો ૫. ૩૧૬–૩૧૮
સદરનો અર્થ. ૩૧૭–૩૧૯
ગેયાષ્ટક. ૩૨૦–૩૨૨
સદરનો અર્થ. ૩૨૧–૩૨૩
સદર પર નોટ. ૩૨૪
क શરીરમાં—એ ગુંથાઇ ગયો. ૩૨૫
શરીરમાં શું ભરેલું છે? ૩૨૬
કોથળી ઉઘાડી મૂકયે કેવી લાગે? ૩૨૬
દારૂ ભરેલા માટીના ઘડાનો દાખલો. ૩૨૭
એવું શરીર છે, એ ઘડો સાફ થાય ખરો? ૩૨૮
ख એવા શરીરની જતના કેટલી? ૩૨૮
એનું ન્હવણ—એને વિલેપન! ૩૨૯
અને કાચમાં જોઇ ચેડાં કાઢવાં! ૩૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ઉકરડા સાફ થયા સાંભળ્યા છે ? ૩૩૦
ग. લસણુને સુગંધીમાં રાખો. ૩૩૦
નાદાન પર ઉપકાર કરો. ૩૩૧
પણ એ સ્વભાવ છોડે નહિ. ૩૩૧
એમ શરીર દુર્ગંધ છોડતું નથી. ૩૩૨
એના ઓડકારને અધોવાયુ દુર્ગંધ જ છે. ૩૨૨
સુગંધી વસ્તુને એ દુર્ગંધી બનાવે. ૩૩૩
એનું ઉત્પત્તિસ્થાન જ અપવિત્ર છે. ૩૩૩
એની પવિત્રતાના દાવામાં મોહ છે. ૩૩૪
ङ. શૌચવાદ અયથાર્થ છે. ૩૩૫
આંતર શૌચ આત્મ-કર્તવ્ય છે. ૩૩૫
૧. શરીરને મલીન ગણવાનાં કારણો. ૩૩૬
શરીરને પ્રેરનાર આંતર વિભૂતિ. ૩૩૭
એ વિભૂતિનું સત્તાગત વર્ણન. ૩૩૭
એનામાં વિચાર વિવેક બને છે. ૩૩૮
૨. શરીરની ઉત્પત્તિ પર વિચારણા. ૩૩૮
મળથી ભરેલાં શરીરમાં શાં સાર વાનાં હોય ? ૩૩૯
એને ઢાંકવામાં આવે તો પણ ઝમ્યા કરે છે. ૩૩૯
આખરે એ કચરાનો કુવો છે. ૩૪૦
૩. એ સારી વસ્તુને બગાડે છે. ૩૪૦
એક મ્હોઢાંનો જ દાખલો વિચાર. ૩૪૧
૪. પવનને પણ એ દુર્ગંધી બનાવે છે. ૩૪૧
એને સુંદર દેખાડવાના પ્રયત્નો. ૩૪૨
૫. પુરૂષનાં નવ અને સ્રીનાં બાર દ્વાર. ૩૪૩
એ દ્વારોવડે નિરંતર અશુચિ વહ્યા કરે છે. ૩૪૩
એ દ્વારોને પવિત્ર કેમ ગણાય ? ૩૪૪
૬. શરીર પવિત્રને અપવિત્ર કરે છે. ૩૪૫
સુંદર ખોરાકને વિષ્ટા બનાવે છે. ૩૪૫
ગાયના દૂધને મૂત્ર બનાવે છે. ૩૪૫
આ સર્વ બાબતો પરથી વિચાર કર. ૩૪૫
૭. શરીર માટે વિચારવાની બાબતો. ૩૪૬
હવે એવા શરીરનું કરવું શું ? ૩૪૬
પણ એનાથી કામ લેવાય તેવું છે. ૩૪૭

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિવસાધનનું એનામાં સામર્થ્ય છે. ૩૪૭
૮. માટે એવા શરીરનો તું લાભ લે. ૩૪૭
ભાંગ્યાના વટાવ કર. ૩૪૮
આ કાયા મોક્ષનું દ્વાર છે. ૩૪૮
એ જળાશયમાંથી શાંતરસ જળ પી. ૩૪૯
કલીષ્ટમાંથી સુંદરની તારવણી. ૩૪૯


## પર્યાલોચન


મલ્લિકુંવરીનું દષ્ટાંત. ૩૫૦
પરણવા આવનારા રાજાઓ દીક્ષિત થયા. ૩૫૧
શરીરના વ્યાધિઓ. ૩૫૧
વૈદકીય ગ્રંથોનો હવાલો. ૩૫૨
એનું ચામડીનું ઢાંકણ કાઢયું હોય તો ? ૫૫૨
આખા શરીરની રચના. ૩૫૩
કપડાં દરરોજ કેમ ધોવાં પડે ? ૩૫૩
પણ આપણો પનારો એની સાથે છે. ૩૫૪
એનો લાભ લેવાથી વસુલાત થાય. ૩૫૪
વિકાસક્રમને માર્ગે. ૩૫૫
સનત્કુમાર અને શરીર. ૩૫૫
અત્યારે ઊલટો રસ્તો લીધો છે. ૩૫૬
સરોવર મળ્યું છે. પી લેવાની તક છે. ૩૫૬
સકળચંદજીકૃત અશુચિ ભાવના. ૩૫૭


## પ્રકરણ ૭ મું

## આશ્રવ ભાવના

### પૂર્વ પરિચય.


કર્મબંધના હેતુઓ. ૩૫૮
મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ. ૩૫૯
આશ્રવનો ભાવાર્થ. ૩૫૯
ઇંદ્રિય, કષાય, અવ્રત. ૩૬૦
યોગ, પચીસ ક્રિયાઓ. ૩૬૧
કર્મને આવવાનાં ગરનાળાં. ૩૬૪
પરિચયના શ્લોકો ૫. ૩૬૬
સદરનો અર્થ. ૩૬૭
ગેયાષ્ટક. ૩૬૮–૩૭૦
સદરનો અર્થ. ૩૬૯–૩૭૧
પરિચય શ્લોકો પર નોટ. ૩૭૨
ગેયાષ્ટક પર નોટ. ૩૭૩
क. મોટા સરોવરની કલ્પના. ૩૭૪
વરસાદમાં નિઝરણાથી તે ભરાય છે. ૩૭૪
કર્મો પ્રાણીને વ્યાકુલ કરે છે. ૩૭૪
આશ્રવો પ્રાણીને ચંચળ બનાવે છે. ૩૭૫


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રવોથી પાણી મેલું થાય છે. ૩૭૫
ख. પ્રત્યેક સમયે કર્મો બંધાય છે. ૩૭૬
એટલે સરવાળે આવક વધતી જાય છે. ૩૭૬
ત્યારે આવાં ગરનાળાં કેમ અટકે ? ૩૭૭
એનો જવાબ મુંઝવણ-ભરેલો લાગે છે ! ૩૭૭
જવાબ આવતી ભાવનામાં મળશે. ૩૭૮
ग. ચાર હેતુ—એ જ આશ્રવો. ૩૭૮
એના સત્તાવન વિભાગો. ૩૭૯
પાંચ મિથ્યાત્વ. ૩૭૯
બાર અવિરતિ. ૩૭૯
પચીશ કષાય. ૩૭૯
પંદર યોગો. ૩૮૦
घ. ઇંદ્રિય, અવ્રત, કષાય, યોગ. ૩૮૦
આશ્રવના ૪૨ ભેદ. ૩૮૦
ङ. એ આશ્રવોને બરાબર ઓળખવા. ૩૮૧
એના પર વિજય મેળવવા પ્રયાસ કર. ૩૮૧
૧. સમજુ એને તજી દે. ૩૮૨
તજવાનો માર્ગ—સમતા. ૩૮૨
અમૂલ્ય ખજાનાનો એ નાશ કરનાર છે. ૩૮૩
૨. મિથ્યાત્વનું પરિણામ. ૩૮૩
અભિગ્રહિક—અનભિગ્રહિક. ૩૮૪
દેવ—ગુરુ—ધર્મ ને મિથ્યાત્વ. ૩૮૪
ક્રિયા અને અજ્ઞાન. ૩૮૫
૩. અવિરતિનું પરિણામ. ૩૮૫
ખાવા પીવાની અવ્યવસ્થા. ૩૮૬
વિષયીના ચાળાનાં પરિણામ. ૩૮૬
પચ્ચખ્ખાણનું મહત્ત્વ. ૩૮૬
અત્યાગદશા કેવી નિરસ છે ? ૩૮૭
સ્વયંત્યાગ અને ફરજીઆત ત્યાગ. ૩૮૭
૪. ઇંદ્રિયોના વિષયો. ૩૮૮
હાથીને પકડવામાં સ્પર્શેદ્રિય. ૩૮૮
માછલું, ભ્રમર, પતંગીઉં, હરણ. ૩૮૯
ચિદાનંદજીનું પદ. વિષય-વાસના. ૩૯૦
૫. કષાયોનું જોર. ૩૯૧
ક્રોધ, માન, માયા, લોભનાં રૂપક. ૩૯૧
નવ નોકષાયનાં વિરસ ફળ. ૩૯૨
૬. યોગનાં આશ્રવો. ૩૯૩
મનડું કેવું રખડે છે ? ૩૯૩
૭. સારા આશ્રવો લોઢાની બેડી છે. ૩૯૩
પુણ્ય અને પાપની સર-ખામણી. ૩૯૪
૮. શાંતસુધારસનું પાન કર. ૩૯૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પર્યાલોચન**

અભિનિવેશનો ત્યાગ કરવો. ૩૯૫
અવ્યવસ્થિત રખડપાટો અટકાવ. ૩૯૫
કર્મનાં ફળો દીર્ઘ અને આકરાં છે. ૩૯૬
અસાધારણ વીર્યવાન સપડે છે. ૩૯૬
પ્રત્યેક આશ્રવ ભયંકર છે. ૩૯૭
એને ખૂબ વિગતથી સમજવા યોગ્ય છે. ૩૯૭
સકળચંદ્રજીકૃત સાતમી આશ્રવ ભાવના. ૩૯૮

## પ્રકરણ ૮ મું

## સંવર ભાવના

### પૂર્વ પરિચય

સંવરનો અર્થ ૩૯૯
પાંચ સમિતિ. ૪૦૦
ત્રણ ગુપ્તિ. ૪૦૧
દશ યતિધર્મો. ૪૦૨
બાર ભાવના. ( અનુપ્રેક્ષા ) ૪૦૩
બાવીશ પરીષહ. ૪૦૩
એ પરીષહોના પ્રેરકો. ૪૦૬
પાંચ ચારિત્ર. ૪૦૭
આશ્રવરૂપ ગરનાળાં બંધ કરનાર સંવરો. ૪૦૯
પરિચય શ્લોકો. ૫ ૪૧૦–૪૧૨
સદરનો અર્થ. ૪૧૧–૪૧૩
ગેયાષ્ટક. ૪૧૪–૪૧૬
સદરનો અર્થ. ૪૧૫–૪૧૭
સદર પર નોંધ. ૪૧૮
क. આશ્રવોથી ગભરાવાનું નથી. ૪૧૯
એનો ઉપાય સંવર ભાવ છે. ૪૧૯
અને એ પ્રયાસ સિદ્ધ છે. ૪૨૦
પ્રયાસ જરૂર કર્તવ્ય છે. ૪૨૦
ख. એને ક્યાં ક્યાં લાગુ પાડવા ? ૪૨૦
અવિરતિનો ઉપાય સંયમ. ૪૨૧
સંયમના સત્તર પ્રકાર. ૪૨૧
મિથ્યાત્વનો ઉપાય સમ્યક્ત્વ. ૪૨૨
આર્ત્તરૌદ્ર ધ્યાનનો ઉપાય મનસ્થિરતા. ૪૨૨
ग. ક્રોધનો ઉપાય ક્ષમા. ૪૨૩
માનનો ઉપાય નમ્રતા. ૪૨૩
માયાનો ઉપાય સરલતા. ૪૨૪
લોભનો ઉપાય સંતોષ. ૪૨૪
घ. યોગનો ઉપાય ગુપ્તિ. ૪૨૫
ङ. રોધ હૃદયથી કરવાનો છે. ૪૨૬
વહાણને સ્થાને પહોંચવા ત્રણ જરૂરીયાતો. ૪૨૬
આત્મવહાણને ત્રણ જરૂરીયાતો. ૪૨૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે હોય તો લક્ષ્ય સ્થાને પહોંચતા વાર નથી. ૪૨૭
૧. આત્મવિકાસનો માર્ગ. ૪૨૮
પ્રથમ નવાં કર્મો રોકવાં. ૪૨૯
સંવર આવતાં કર્મને અટકાવે છે. ૪૨૯
અત્ર દર્શિત સિદ્ધ માર્ગો. ૪૨૯
૨. વિષય દૂર કર, કષાયો પર જય કર. ૪૩૦
વિજય સહેલાઇથી પ્રાપ્ય છે. ૪૩૧
૩. શમરસનો વરસાદ વરસાવ. ૪૩૧
ક્રોધ પર વિજયનો સિદ્ધ ઉપાય. ૪૩૧
ઉપશમ અને વિરાગ. ૪૩૨
૪. તારી નકામી ફિકરો. ૪૩૨
તારાં દુર્ધ્યાનો. ૪૩૩
મનોગુપ્તિની ચાવી. ૪૩૩
૫. કાયાની માયા કરવા જેવી નથી. ૪૩૩
સંયમ યોગમાં નિરંતર પ્રવૃત્તિ. ૪૩૪
મતમતાંતરમાં મુંઝાવું નહિ. ૪૩૫
પણ સત્યની પરીક્ષા કરવી. ૪૩૫
૬. બ્રહ્મચર્ય વ્રતને તું ઓળખ. ૪૩૬
આત્મવિકાસની ત્યાં બારખડી છે. ૪૩૬
બ્રહ્મચર્યમાં સમાતી અનેક બાબતો. ૪૩૭
૭. સર્વનો આધાર પરિણતિ પર. ૪૩૭
આત્મસ્વરૂપની ઓળખાણ. ૪૩૮
૮. તારો ઉદ્ધાર તારા હાથમાં છે. ૪૩૮
શાંતરસનું પાન કરવા જેવું છે. ૪૩૯

## પર્યાલોચન

વિષયોનું પૃથક્કરણ. ૪૩૯
ઉપાયોનું પૃથક્કરણ. ૪૪૦
તે સર્વનો સમુચ્ચય ખ્યાલ. ૪૪૧
કર્મની આવક સામું લશ્કર. ૪૪૨
ભાવનાશાળીની વિચારણા. ૪૪૨
યતિધર્મો અદ્ભુત છે. ૪૪૩
પરીષહો અજબ ચીજ છે. ૪૪૩
સંગમાદિ અનેક ઉપદ્રવો. ૪૪૩
દ્રવ્યસંવર: ભાવસંવર. ૪૪૪
આત્મવિકાસમાં સંવરનું સ્થાન. ૪૪૫
પપ્પા પાપ ન કીજીએ, પુણ્ય કીધું સો વાર. ૪૪૫
જયસોમની સંવર ભાવના. ૪૪૬

## પ્રકરણ નવમું

## નિર્જરા ભાવના

### પૂર્વ પરિચય.

વેદાંતમાં કર્મના ત્રણ પ્રકાર. ૪૪૭
સત્તાગત કર્મો અને નિર્જરા. ૪૪૭

અકામા—સકામા નિર્જરા. ૪૪૮
'કામ' શબ્દનો ભાવાર્થ. ૪૪૮
નિર્જરાનાં કારણો. ૪૪૯
તપના વિભાગ: બાહ્ય, અભ્યંતર. ૪૪૯
બાહ્યતપના ૭ પ્રકાર. ૪૪૯
અભ્યંતરતપના ૭ પ્રકાર. ૪૫૦
પ્રાયશ્ચિત્તના દશ પ્રકાર. ૪૫૧
વિનયના સાત પ્રકાર. ૪૫૧
દશની વૈયાવચ્ચ. ૪૫૨
સ્વાધ્યાયના પાંચ પ્રકાર. ૪૫૨
ધ્યાનના ચાર પ્રકાર. ૪૫૨
આર્ત્તધ્યાનના ચાર પ્રકાર. ૪૫૩
રૌદ્રધ્યાનના ચાર પ્રકાર. ૪૫૩
ધર્મધ્યાનના ચાર પ્રકાર. ૪૫૪
શુકલધ્યાનના ચાર પ્રકાર. ૪૫૪
ઉત્સર્ગનું વર્ણન. ૪૫૫
સંયમ—તપ ઉત્કૃષ્ટ વિભાગમાં. ૪૫૫
પરિચય શ્લોકો. ૭ ૪૫૬—૪૫૮
સદરનો અર્થ. ૪૫૭—૪૫૯
ગેયાષ્ટક. ૪૬૦—૪૬૨
સદરનો અર્થ. ૪૬૧—૪૬૩
સદર પર નોંધ. ૪૬૪
**ક.** કર્મરાશિનું પુર સત્તામાં. ૪૬૫
પ્રદેશોદય—વિપાકોદય. ૪૬૬
કારણે નિર્જરા. ૪૬૭
**ખ.** વહ્નિ એક છતાં ભેદ. ૪૬૭
ભેદ તેના ચેતવનારથી પડે છે. ૪૬૭
**ગ.** આત્મા એક રૂપ છે છતાં. ૪૬૭
નિર્જરા કારણને લઇને બાર પ્રકારની છે. ૪૬૮
**ઘ.** કર્મબંધ વખતની બેદરકારી. ૪૬૮
નિકાચિતકર્મ કેમ બંધાય છે? ૪૬૯
દોરની ગાંઠ પર તેલનું ટીપું. ૪૬૯
એવાં કર્મને કાપનાર તપ છે. ૪૭૦
એવા તપને નમસ્કાર છે. ૪૭૦
**ઙ.** તપનો મહિમા. ૪૭૧
ચાર મહાહત્યા. ૪૭૧
દૃઢપ્રહારી. ૪૭૨
સમ્યક્પ્રકારે કરેલ તપ. ૪૭૨
**ચ.** સોનું અને કાંચન. ૪૭૩
તપથી આત્મા કર્મરજથી મુક્ત થાય છે. ૪૭૩
**છ.** ભરતચક્રવર્તીની ભાવના. ૪૭૪
તપથી લબ્ધિ અને સિદ્ધિ. ૪૭૫
તેનો ઉપયોગ એ પ્રમાદ. ૪૭૫
તપ આંતર શત્રુ પર વિજય કરે છે. ૪૭૬
૧. તપના મહિમાનું ચિંતવન. ૪૭૬
તપાષ્ટકે—શ્રીમદ્યશોવિજયજી. ૪૭૬
એ કર્મોને મોળાં પાડે છે. ૪૭૭
એનાથી કર્મની ચીકાશ ઘટે છે. ૪૭૮


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. ખરવા વાદળાંને વીંખી નાખે છે. ૪૭૯
તેમ તપ કર્મોને શીર્ણવિશીર્ણ કરે છે. ૪૮૦
૩. તપ મનોવાંછિતને નજીક લાવે છે. ૪૮૦
તપથી શત્રુ મિત્ર બને છે. ૪૮૦
અહિંસાપ્રતિષ્ઠામાં વૈરત્યાગ. ૪૮૦
તપ જૈન સિદ્ધાન્તનો સાર છે. ૪૮૧
૪. બાહ્યતપના છ પ્રકાર. ૪૮૧
તે પર સામાન્ય વિવરણ. ૪૮૨
૫. અભ્યંતરતપના છ પ્રકાર. ૪૮૨
તે પર સામાન્ય વિવરણ. ૪૮૩
૬. અપેક્ષા વગરના તપનું ફળ. ૪૮૩
માનસનું એ ક્રીડાંગણ છે. ૪૮૪
૭. સંયમલક્ષ્મીનું એ વશીકરણ છે. ૪૮૫
એ ઉજ્વલ મોક્ષસુખનું બ્હાનું છે. ૪૮૫
૮. એ કર્મવ્યાધિનો ઉપાય છે. ૪૮૬
એ ઓસડનું અનુપાન પણ સાથે જ છે. ૪૮૬
એ શાંતરસનું તું પાન કર. ૪૮૭


**પર્યાલોચન**


વીરપરમાત્મા. ૪૮૭
ગજસુકુમાળ. ૪૮૭
મેતાર્યમુનિ. ૪૮૮
ખંધકમુનિ. ૪૮૮
ધન્ના–શાલિભદ્ર. ૪૮૮
પરવશતા–સ્વવશતામાં ફેર. ૪૮૯
ત્યાગ વગર આરો નથી. ૪૮૯
ત્યાગની શરૂઆત દાનથી. ૪૮૯
નિયમ, વૃત્તિરોધ આદિની મહત્તા. ૪૯૦
કેવો તપ કરવો યોગ્ય ગણાય ? ૪૯૧
યશસોમકૃત નિર્જરાભાવના. ૪૯૨


સમાપ્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુજ્ઞ શ્રીમાન શેઠ

## સર કીકાભાઈ પ્રેમચંદ રાઇચંદ

પ્રત્યે—

આપનો ધર્મપ્રેમ, ઔદાર્ય, શાંતિ અને અભ્યાસકવૃત્તિથી આકર્ષાઈ આ પુસ્તક આપને અર્પણ કરું છું તે આપ સ્વીકારશોજી.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મુંબઇ
તા. ૧-૫-૩૬

ભવદીય,
મોતીચંદ ગિરધરલાલ
કાપડિયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રવેશક

આ જીવન એ એક મહાન વિકટ પ્રશ્ન છે. એનો ઉદ્દેશ શો અને એનું સાફલ્ય કઈ રીતે સાધી શકાય એ બન્ને બાબતનો નિકાલ કરવો એ ઘણો આકરો પ્રશ્ન છે. જીવનની સફળતા સાધવા માટે પ્રાણી અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, અનેક જાતની હીકમતો કરે છે, અનેક જાતની દોડાદોડી કરે છે અને અનેક પ્રકારના પછાડા મારે છે; પણ ઘણીખરી વાર તો તે શેને માટે એ સર્વ કરે છે એનો એના મનમાં ખ્યાલ પણ હોતો નથી. જો માનસવિદ્યાદ્વારા એના મનનું એ પૃથક્કરણ કરે તો એને માલૂમ પડે કે એની દોડાદોડી અને ધમપછાડામાં કાંઇ હેતુ નથી અને કોઇ સાધ્ય પણ નથી. તદ્દન માનવામાં ન આવે એવી વાત છે, છતાં તે તદ્દન સાચી વાત છે કે આ પ્રાણીની સર્વ પ્રવૃત્તિઓની પાછળ રહેલા હેતુને તપાસીએ તો તેમાં તદ્દન અંધકાર અથવા અવ્યવસ્થા માલૂમ પડશે. આપણા અંતરાત્માને પૂછીએ કે આ સર્વ દોડાદોડી શાને માટે ? કોને માટે ? ક્યા ભવ માટે ? કેટલા વખત માટે ? અને પરિણામે મેળવવાનું શું ? તો જવાબમાં એવા ગોટા વળશે કે ન પૂછો વાત ! અને છતાં દોડાદોડી તો ચાલ્યા જ કરે છે, રેંટનું ચક્ર ફર્યા જ કરે છે, અથડાઅથડી થયા જ કરે છે અને છતાં પાછો સવાલ અંતરાત્માને પૂછીએ કે ભાઈ ! આ બધું કયાં સુધી ? અને શા માટે ? તો પાછો જવાબ શૂન્યમાં જ આવશે. અને હજુ એવી વિચારણા પૂરી નહિ થઇ હોય ત્યાં તો મન દોડાદોડી કરવા મંડી જશે. એને શાંતિથી બેસવાની–સ્થિર રહેવાની ટેવ જ નથી. એને એમાં ખરી મજા જ આવતી નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એથી એ સાધ્ય કે હેતુનો વિચાર કર્યા વગર પાછું દોડાદોડીમાં પડી જશે અને અનેક પ્રકારનાં નાટકોમાં ભાગ લેશે. કોઇ વખત વળી જરા વિચારમાં પડી જશે ત્યારે એની દશા ચણા ખાતા ઘોડાના મુખમાં કાંકરો આવતાં જેવી થાય તેવી થશે. એ જરા ચોંકશે અને પાછો વળી ચણા ખાવા મંડી જશે.

પણ આ વાત મૂર્ખ માણસની કહી કે સમજુ—ડાહ્યા—ભણેલા—પાંચમાં પૂછાય તેવા માણસોને પણ એ વાત લાગુ પડે? ઉપર કહ્યું કે એની દોડાદોડીમાં 'હેતુ કે સાધ્ય' નથી, એ વાત મૂર્ખાઓને લાગુ પડે કે લગભગ સર્વને લાગુ પડે? આવો પ્રશ્ન થાય તો તેનો જવાબ એક જ મળે તેમ છે અને તે એ કે સોમાં નવાણુ અથવા હજારે નવ સો નવાણુ માણસો પોતે શેને માટે દોડાદોડી કરે છે તે જાણતા નથી, વિચારતા નથી, સમજતા નથી, સમજવા પ્રયત્ન પણ કરતા નથી. આપણા આત્મ-ગૌરવને આ વિચાર ખરેખર નીચો પાડનાર લાગે તેવો છે, પણ પ્રાણીઓ આત્માને જ ઓળખતા નથી, આત્મગૌરવ શું અને કોનું? તે જાણતા નથી અને ગૌરવ કેમ જળવાય કે પોતાનું કેમ કરાય? તેના સ્પષ્ટ ખ્યાલ વગરના છે તેઓને માટે આ તદ્દન સાચી વાત છે અને એ કક્ષામાં સંખ્યાબંધ માણસો આવે તેમ છે; તેથી તેઓને ઉદ્દેશીને આ હકીકત હોઇ સર્વ મનુષ્યોને એ લાગુ પડી શકે તેમ છે એમ કહેવું એમાં જરા પણ વાંધો જણાતો નથી. આત્માની ઓળખાણ એ બહુ જરૂરી પણ તેટલી જ મુશ્કેલ હકીકત છે અને તેને બરાબર ઓળખનાર તેમજ ઓળખીને એને જ અપનાવનાર માટે અત્ર વક્તવ્ય નથી. આપણી ચર્ચામાં એવા જીવનમુક્ત દશા ભોગવનાર, સંસારમાં રહી સાક્ષીભાવે કાર્ય કરનાર અને વિવેકપૂર્વક સ્વપરનું વિવેચન કરી સ્વને આદરનાર અને પરને તજનાર માટે સ્થાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, પણ એ કક્ષામાં બહુ ઓછા જીવો હોવાથી આપણે તેનો વિચાર કરવાનો નથી. આ વિચારણામાં જ્યાં જ્યાં વિચારણા કરી છે ત્યાં ત્યાં આપણા જેવી સામાન્ય વ્યક્તિને ઉદ્દેશીને છે એમ સમજવું અને સાથે એટલું લક્ષમાં રાખવું કે એ કક્ષામાં લગભગ ઘણાખરા માનવોનો સમાવેશ થાય છે.

દરેક પ્રાણી કોઇક વસ્તુની ઇચ્છા તો જરૂર રાખે છે. એની ક્રિયાને સાધ્ય કે હેતુ હોતા નથી, છતાં ઘણાખરા પ્રાણીઓને પૂછીએ તો એ વાત કબૂલ નહિ કરે. એ જરા ઉંડી વિચારણાની હકીકત હોઇ એનો ખ્યાલ સ્પષ્ટ રીતે દરેકને આવવો મુશ્કેલ જણાય છે અને સ્વીકાર તો લગભગ અશક્ય જ ગણાય. ત્યારે આપણે ઉપર ઉપરનો ખ્યાલ લઇએ તો માલૂમ પડશે કે પ્રત્યેક પ્રાણીની વાંચ્છા 'સુખ' મેળવવાની હોય છે. આ સુખનો ખ્યાલ ઘણીખરી વખત તદ્દન અવ્યવસ્થિત હોય છે. કોઇ ખાવા-પીવામાં સુખ માને છે, કોઇ કોલર નેકટાઇ પહેરવામાં સુખ માને છે, કોઇ ફ્રોક કોટ અને ટોપહેટ પહેરવામાં સુખ માને છે, કોઇ વાયલ અને રેશમી વસ્ત્રમાં સુખ માને છે, કોઇ ભ્રમરની જેમ સ્ત્રીઓમાં રમણ કરવામાં સુખ માને છે, કોઇ રૂમાલમાં સેન્ટ કે માથામાં અત્તર લગાડવામાં સુખ માને છે, કોઇ નાટક-સીનેમા જોવામાં સુખ માને છે, કોઇ હારમોનિયમ, પિયાનો સાંભળવામાં સુખ માને છે, કોઇ દિલરૂબા સતાર સાંભળવામાં મજા લે છે, કોઇ ઉસ્તાદ ગાયકના ગાનમાં મોજ માણે છે, કોઇ સુંદરીના નાચમાં મોજ માણે છે, કોઇ સુંદરી સાથે નાચવામાં આનંદ માણે છે વિગેરે વિગેરે સુખના ખ્યાલો અનેક પ્રકારના હોય છે.

કોઇ પણ 'સુખ' સ્થાયી રહેતું નથી. સુખની મુદ્દત ઘણી ટૂંકી હોય છે અને માનેલ સુખ પણ જ્યારે પૂરું થાય ત્યારે

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

પછવાડે કચવાટ મૂકી જાય છે. દૂધપાકના સબડકા લેનારને માત્ર એથી ચાર સેકંડ સુખ પ્રાપ્ત થાય છે, પણ પછી શું ? અને સુખને માટે બીજી વાત એ છે કે જ્યારે એ દિવસો વહી જાય છે અને તેનાથી ઉલટી સ્થિતિ આવે છે એટલે કે ખૂબ ખાનારને ભૂખમાં દહાડા કાઢવા પડે છે ત્યારે આગળ ભોગવેલ સુખ તેને કાંઇ કામ આવતું નથી, તેનું સ્મરણ ઉલટું દુઃખ આપે છે અને સુખનો વખત સર્વદા તો રહેતો જ નથી. ત્યારે કોઇ પણ પૌદ્ગલિક સુખ કલ્પીએ, એની સ્થિતિ વિચારીએ અને એની ગેરહાજરીમાં થતી મનની દશા વિચારીએ તો એ માની લીધેલા સુખમાં પણ કાંઈ દમ જેવું રહેતું નથી, કાંઇ ઇચ્છવા જેવું રહેતું નથી, કાંઇ એની પાછળ પડી મરવા જેવું રહેતું નથી.

જે સુખ સ્થાયી ન હોય, જે સુખની પછવાડે દુઃખ આવવાની સંભાવના હોય એને સુખ કેમ કહેવાય ? ત્યારે આ તો પાછી ફસામણી થઈ. બીજી રીતે જોઈએ તો શક્તિસંપન્ન માણસ શક્તિનો ઉપયોગ કરી થોડી વસ્તુઓ કે ધન મેળવે, એ ધન કે વસ્તુના સાધનોથી મોજશોખ માણે, મોજશોખને પરિણામે અધઃપાત થાય. આ રીતે તો એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં પડવાનું જ થાય. એમાં કાંઇ છેડો દેખાતો નથી, પાર આવતો નથી, કાંઠો માલૂમ પડતો નથી. ત્યારે હવે કરવું શું ? જવું ક્યાં ? આમ ને આમ ચક્કરમાં ઉપર—નીચે આવ્યા કરીએ અને થોડો વખત મનમાં સુખનાં સ્વપ્નમાં વિચરીએ એ તે કાંઈ વાજબી વાત છે ? કરવા જેવી વાત છે ? ત્યારે કોઇ એવું ‘સુખ’ શોધીએ કે જે હંમેશને માટે ટકી રહે અને એની પછવાડે ઉપર કચવાટ જેવી જે સ્થિતિ વર્ણવી છે તેવી કદિ ન થાય. હંમેશને માટે ‘સુખ’ મળે તો એક ખાડામાંથી બીજામાં પડવાનો ભય મટી જાય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી સ્થિતિસ્થાપકતા એવી જામી જાય કે નિરંતરને માટે આપણે આનંદમાં મજા માણીએ.

આવી મોટી ગુંચવણમાં પડતાં વિચાર જરૂર આવે તેમ છે કે અત્યારની જે રચના છે અને જેમાં પ્રાણી સાચું—ખોટું સુખ માની રહેલ છે તેનું કારણ શું હશે? અને આ એક ખાડામાંથી બીજામાં પડવાની સ્થિતિનો અંત ક્યાં અને કેમ આવે? એ વિચાર—સવાલની સાથે જ ખ્યાલ આવે છે કે ઘણુંખરૂં પ્રાણી સુખ શું છે અને ક્યાં છે? તથા સાચું સ્થાયી સુખ ક્યાં હોઇ શકે? તેનો ખ્યાલ જ કરતો નથી. સ્થૂળ કે માનસિક સુખ હંમેશને માટે બની રહે તે માટે ખાસ વિચારણા જ કરતો નથી અને નાની નાની સગવડ મળે કે તેમાં રાચી જઇ પોતાને 'સુખી' માની લે છે. વળી તેનો છેડો આવતાં પાછો વિષાદમાં પડી જાય છે અને ગુંચવણમાં અટવાઇ જાય છે. એને માથે મરણનો ભય તો ઉભો જ હોય છે અને ધનના સાધનથી જમાવેલી સૃષ્ટિ પાછી છોડી જવી પડશે એ ખ્યાલ તો તેના મગજમાં કાયમ રહે છે. કેટલીક વખત આ ચીજ 'મારી' આ બંગલો 'મારો' આ છૈયાંછોકરાં 'મારાં' આ ફરનીચર 'મારૂં' એવી એવી કલ્પના કરી એ સંસારમાં ખૂબ રસ લઇ દોડાદોડ કરે છે; પણ જરા માથું દુઃખવા આવે છે કે ૧૦૪ ડીગ્રી તાવ આવે છે ત્યારે પાછો વળી એ વિચારમાં પડી જાય છે.

એના મનોવિકારો તો એટલા જબરા હોય છે કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. અભિમાન કરે ત્યારે એ ભિખારી હોય તો પણ પોતાની ભિખ માગવાની કુશળતાનું એ વર્ણન કરશે, પાંચ—પચાસ માણસોનાં મંડળમાં એને કાંઇ હોદ્દો હશે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો કુલાઈ જશે, મેળાવડામાં જશે તો આગળ ખુરશી મળતાં એ મોટો થઇ જશે, પોતાની તદ્દન નાનકડી દુનિયામાં એ કેંદ્ર થવા પ્રયત્ન કરશે, એનો દંભ પાર વગરનો હશે, એની આત્મવંચના એને ખોટો ધર્મી મનાવશે, એનો લોભ એને અનેક પાપમાર્ગોમાં ફેંકી દેશે, એનો ક્રોધ એને રાતોપીળો બનાવશે, એની મમતા એને માલેક બનાવશે, એનો ભય એને શંક–બાયલો બનાવશે, એની ઇર્ષા એને પર–ઉત્કર્ષ જોતાં ઉદ્વિગ્ન બનાવશે, એની વિષયવાંચ્છા એને ધૂળમાં રગદોળશે, એનો શોક એને મોટી પોક મૂકાવશે અને આવી રીતે અનેક અંતર વિકારો એને પરભાવમાં રમણ કરાવશે.

ત્યારે આ સર્વ ન થાય એવી સ્થિતિ ક્યાં ? આવા મનોવિકારોનો અને આવી દોડાદોડીનો હમેશને માટે છેડો કેમ આવે ? ક્યારે આવે ? એને માટે એને કોઇ વાર વિચાર થાય છે, પણ પાછો એ રખડપટ્ટીમાં પડી જાય છે અને અગાઉની જેવી દોડાદોડી શરૂ કરી દે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારે સ્થાયી સુખ મળે તો તે ઇચ્છવાજોગ છે અને પ્રામવ્ય તરીકે તેને માલૂમ તો કોઇ કોઇ વાર પડે છે. એને માટે એણે ખરા ‘ સુખ ’ ને ઓળખવું ઘટે અને તે માટે એણે ‘ સુખ ’ કયું કહેવાય એ ઓળખવું જ રહ્યું. જ્યાંસુધી ખરા સુખને એ ન ઓળખે ત્યાંસુધી એની માની લીધેલા સુખ પાછળ દોડાદોડી તો કાયમ જ રહેવાની. ત્યારે જો ખરૂં ‘ સુખ ’ મળી આવે અને તે શોધવાનો માર્ગ મળે તો પછી આ સર્વ ગુંચવણનો અંત આવી જાય. એ સુખ સાચું સુખ હોવું જોઇએ, એ નિરંતર રહે તેવું હોવું જોઈએ અને એ સુખની પાછળ કોઈ પણ પ્રકારનું દુઃખ ડાકીઆ કરતું હોવું ન જોઇએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ‘ સાચા સુખ ’ના સંબંધમાં ખૂબ વિચાર કરી સુજ્ઞ પુરૂષો નિર્ણય કરી ગયા છે કે ‘ જે આત્મવશ ( પોતાને તાબે ) હોય તે સર્વ સુખ છે અને પરને તાબે હોય છે તે સર્વ દુઃખ છે.’ સુખ–દુઃખનું આ સિદ્ધ લક્ષણ છે. આપણા જેવા વ્યવહારૂ માણસને પણ તે અમુક અંશે તો સમજાય તેવું છે. આપણે દુનિયાદારીમાં કહીએ છીએ કે ‘ આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ. ’ આપણા પોતાના હાથમાં હોય તો તે વાતને આપણે આપણી જ માનીએ અથવા ગમે ત્યારે આપણી કરી શકીએ. એટલે ‘ આત્મવશ હોય તે સર્વ સુખ છે ’ એ વાત તો ઠીક જણાય છે. આપણા ઘરમાં અનાજ હોય તો તેનો ઉપયોગ કરી શકીએ અને ઘરેણાં હોય તો કાળી રાત્રે હોંકારો આપે. એટલે આપણે એ વાત વગર–સંકોચે સ્વીકારીએ. આપણા નામ પર બેંકમાં રકમ હોય તો આપણે ચેક લખી ગમે ત્યારે જોઇતી રકમ મંગાવી શકીએ એટલે એને આપણે આપણા તાબાની રકમ માનીએ અને સુજ્ઞ પુરૂષોએ ‘ આત્મવશ ’ વસ્તુમાં સુખ કહ્યું તે વાત કબૂલ રાખીએ.

પણ રજાને દિવસે નાણાની જરૂર પડે તો શું ? સરકારે ‘ મોરીટોરિયમ ’ જાહેર કર્યું હોય અને આપણે ચાલુ ખરચ માટે નાની રકમ ખાતામાંથી લેવી હોય તો તેનું શું ? ઘરેણું ઘરનું હોય, પણ સેફ કસ્ટડીમાં લેવા જવા જેટલી સલામતી ન હોય તો તેનું શું ? અનાજના કોઠારની ચાવી રસોયા પાસે હોય અને તે આવી શકે તેવી સ્થિતિમાં ન હોય તો શું ? ત્યારે તો પાછા ગુંચવાયા.

‘ પારકાને વશ ’ એ સર્વ દુઃખ એ વાત તો એકદમ કેમ સ્વીકારાય ? આપણી તો ઘણીખરી વાત પારકાને આધીન છે. રસોયો કે સ્ત્રી રસોઇ કરી આપે ત્યારે જમીએ, ઘરાક આવે ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેપાર કરીએ, દરજી કપડાં શીવી આપે ત્યારે પહેરીએ, પાણીનો નળ મ્યુનિસિપાલિટિ ઉઘાડી આપે ત્યારે પાણી મેળવીએ–વિગેરે વિગેરે. ત્યારે આ તો ગુંચવણ વધતી જાય છે અને વધારે વિચારીએ તો શરીર પણ પર છે, પારકું છે, ચિરસ્થાયી નથી, આપણું રહેવાનું નથી, આપણી સાથે આવવાનું નથી, આપણા હુકમમાં નથી, આપણા તાબામાં નથી. ત્યારે શું સમજવું ? આત્મા અને શરીર જૂદાં છે, આત્મા અને શરીરનો સંબંધ થોડા વખતનો છે. ત્યારે તો શરીર પણ 'પર' થયું. એ રીતે તો 'આત્માને વશ' હોય એ જ ચીજો સુખ આપી શકે અને આપણે તો બધી મદાર પુદ્ગળ અથવા શરીર પર બાંધી છે અને પુદ્ગળ ( matter ) યા શરીર પણ 'પર' હોઈ આપણને ખરેખરા સુખનું કારણ કહિ થતું નથી. કદાચ તે દેખાવમાં થોડું સુખ આપતું જણાય છે તો તે સુખ ટૂંકું હોય છે, વિનાશી હોય છે અને પોતાની પછવાડે ગ્લાનિ અથવા દુઃખ મૂકી જનાર હોય છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ વાત ખાસ સમજવા યોગ્ય છે. આત્માથી જેટલું પર તેટલું પારકું જ છે અને પારકાની આશા રાખવી એ સદા નિરાશા જ છે. કદાચ મેગેફોનથી આપણે વધારે સાંભળી શકીએ અથવા ચશ્મા કે દુરબીનથી આપણે વધારે જોઈ શકીએ, પણ મેગેફોન વિસરાઈ ગયું હોય અથવા ચશ્મા ફૂટી ગયા હોય તો આપણી શી દશા થાય ? અને રસોયો રસોઈ ન કરે, રીસાઈ જાય અથવા વગરરજાએ ગેરહાજર રહે ત્યારે આપણે ક્યાં જવું ? એટલે આત્માને વશ હોય તેટલું જ ખરૂં સુખ છે અને પારકા ઉપર–પર ઉપર આશા રાખી બેસવું એ વસ્તુતઃ દુઃખ છે, કદાચ જરા સુખ જેવું લાગે તો પણ અંતે એ દુઃખ જ છે, દુઃખમાં જ પર્યવસાન પામે છે. આ સાથે એ વાત ધ્યાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખવાની છે કે ' આત્મવશ ' કઈ ચીજો કહેવાય અને ' પરવશ ' કઇ ચીજો કહેવાય તેનો આપણે બરાબર ખ્યાલ કરવો જોઇએ, સ્પષ્ટ વિચાર કરવો જોઇએ અને ચોક્કસ નિર્ણય કરવો જોઇએ.

આ નિર્ણય શામાટે કરવો ? કારણ કે આપણને સર્વને 'સુખ' મેળવવું ગમે છે પણ સુખ ક્યાં છે અને કેમ મળે ? તે જાણતા નથી એટલે પછી જે તે મળે તેમાં સુખ માની લઇએ છીએ. હમેશને માટે સુખ મળે એ વિચાર તો આપણને પ્રત્યેકને જરૂર ગમે છે, પણ આપણે ખરા સુખનો કદિ વિચાર કરતા નથી, તેના માર્ગો આચરતા નથી, તેનાં સાધનો શોધતા નથી અને જરા જરા સુખમાં રાચી જઇએ છીએ. આત્મવશ સુખ ઉપર જ આપણે મદાર બાંધીએ અને સર્વ પરભાવ છોડી દઇએ, પરવશ વસ્તુ કે ધન ઉપર કોઇ જાતનો આધાર ન રાખીએ તો સુખની જે વ્યાખ્યા સુજ્ઞ પુરૂષોએ કરી છે તેની પ્રાપ્તિ તરફ આપણું પ્રયાણ થાય. આ તદ્દન સાદી લાગતી વાત કર્તવ્યમાં—ક્રિયામાં મૂકવી સહેલી નથી, તેનું કારણ એ છે કે આપણે સુખનો ખરો ખ્યાલ કદી કરતા નથી, તે ક્યાં અને કેમ મળે તે વિચારતા નથી, તેનાં સાધનોનો અભ્યાસ કરતા નથી, એ સાધનો આચરતા નથી અને સાચા માર્ગની સન્મુખ પણ આવતા નથી.

ત્યારે વાત એ થઇ કે આપણે સાચા સુખને ઓળખવું જોઇએ. એ ઓળખ્યા પછી એ ક્યાં અને કેમ મળે તેનો રસ્તો શોધવો ઘટે. એ વિચારણા માટે આપણે જેને આપણા માનીએ છીએ, આપણે જે ચીજોને આપણી માનીએ છીએ, આપણે જે શરીરને પોતાનું માનીએ છીએ, આપણે જે ધન—ધાન્ય—પુત્ર—પુત્રાદિને પોતાનાં સમજીએ છીએ, આપણે જે થોડો વખત રહેનારા ઘરને ઘરનું ઘર માનીએ છીએ—એ સર્વ વસ્તુતઃ શું છે ? એનો

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આપણો સંબંધ કેવો છે ? અને આપણે જે 'સુખ' મેળવવા માગીએ છીએ તેની સાથે એનો સંબંધ કેવા પ્રકારનો છે ? એ સર્વ બાબતનો વિચાર કરવો ઘટે, એ દરેક વસ્તુ અને સંબંધને એને ખરા આકારમાં પૃથક્કરણ કરીને ઓળખવા ઘટે અને તે માટે આપણા પ્રત્યેક સંબંધ એના વાસ્તવિક આકારમાં કેવા છે તેને માટે ઉપર ઉપરનો ખ્યાલ કરી અટકી ન પડતાં ખૂબ ઉંડા ઉતરવું ઘટે. ટૂંકામાં કહીએ તો આપણે વિચાર કરી વસ્તુઓને ઓળખવી ઘટે અને આપણી ચારે બાજુ કેવું નાટક ચાલી રહ્યું છે તે બરાબર સમજવું ઘટે અને તે નાટકમાં આપણે કેવા પાઠ ભજવી રહ્યા છીએ તેની તુલના કરવી ઘટે.

આ પ્રકારની વિચારણા અથવા તુલનાને 'ભાવના' કહેવામાં આવે છે. ખરા સુખની પ્રાપ્તિને માર્ગે ચઢવા માટે આ આંતરવિચારણાને બહુ અગત્યનું સ્થાન મળે છે. જ્યાં સુધી આપણે શું મેળવવાનું છે તે બરાબર ન જાણીએ અને અત્યારે જેમાં રાચીમાચી રહ્યા છીએ તેનું અનૌચિત્ય ન સમજીએ ત્યાં સુધી આપણી પ્રગતિ અશક્ય છે. કોઇ અસાધારણ પ્રસંગોમાં આંતરપ્રકાશ થઇ જાય તે અપવાદ યોગ્ય બનાવોને બાદ કરતાં બાકી આપણા જેવા સામાન્ય પ્રાણીઓ માટે તો આ સાચી વિચારણા સિવાય બીજો માર્ગ નથી.

આ વિચારણામાં આત્મા છે, આત્મા શાશ્વત છે, એના પર કર્મનાં આવરણો આવી ગયાં છે, પ્રયત્નથી તે દૂર કરી શકાય તેમ છે, આત્માનાં આ પૌદ્ગલિક સંબંધો (કર્મો) દૂર થાય ત્યારે તે એના અસલ મૂળ શુદ્ધ સ્વરૂપે રજુ થાય છે અને એ સ્થિતિમાં ખરા સુખનો સાક્ષાત્કાર થાય છે—આ સર્વ બાબતો સ્વીકારીને ચાલવાનું છે. એ સર્વ બાબતો અનુમાન

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણુથી–દલીલથી સિદ્ધ કરી શકાય તેવી છે, પણ અત્ર તેની હયાતી સ્વીકારીને ચાલવાનું છે. આપણો અત્યારનો વિષય તો આપણે કોણ છીએ? કયાં છીએ? શા માટે છીએ? આપણું મૂળ સ્વરૂપ કેટલું વિકૃત થઈ ગયું છે? એ સર્વનો વિચાર કરવાનો છે અને એ વિચાર બરાબર થાય તો પછી આપણે આગળ વધવાના માર્ગો અને સાધનો તો બરાબર શોધી શકીએ તેમ છીએ; તેથી આપણી પ્રાથમિક ફરજ, આપણા સંબંધો અને આપણાં પોતાનાં નાટકો અને આસપાસનાં નાટકોને ઓળખવાની છે અને એ કાર્ય 'ભાવના' કરે છે.

ભાવનાનું 'ક્ષેત્ર' આપણા સર્વ સંબંધોનું પૃથક્કરણ કરવાનું છે અને તે રીતે એ ભૂમિકાની શુદ્ધિ કરે છે. શુદ્ધ કરેલી ભૂમિકા ઉપર પછી સુંદર ચિત્રામણ થાય છે અને તેના ઉપર જેવી છાપ પાડવી હોય તેવી પડી શકે છે. ભૂમિકાની શુદ્ધિ માટે 'ભાવના' અદ્દભુત સાધન છે. ઘણાખરા તો કાંઈ વિચાર જ કરતા નથી, થોડા વિચાર કરે છે તે મર્યાદિત ક્ષેત્રમાં વિચાર કરી અટકી પડે છે એટલે આપણે અહીં કયાંથી આવ્યા? શા માટે આવ્યા? આપણા જીવનનો ઉદ્દેશ શો? આ સર્વ ધમાલ અને દોડાદોડીનું પર્યવસાન કયાં? એનો કદિ સ્પષ્ટ વિચાર જ થતો નથી અને વિચારણા વગર તો પછી જેવો પવન આવે તેમ આપણે ઘસડાઇએ છીએ. નહિ તો આપણે સારાં કપડાંમાં રાચી જઇએ? દૂધપાક–પુરી કે રસ-રોટલી મળે ત્યાં ખૂબ રસ લઇ સબડકા લેવા મંડી જઇએ? સભામાં બે માણસો ઉભા થઈ માન આપે ત્યાં લેવાઇ જઇએ? છાપામાં નામ વાંચીએ એટલે રાજી–રાજી થઇ જઇએ? આપણું વર્તન જાણે આપણને કાંઈ ભૂત વળગ્યું હોય તેના જેવું લાગતું નથી? પણ એવો વિચાર જ ભાગ્યે આવતો હોય ત્યાં આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત શી ? કોની પાસે ? અને શા માટે ? આ ભાવનાનું ક્ષેત્ર છે. એ આપણા દરરોજના સંબંધને એના ખરા આકારમાં બતાવે છે અને આપણને ઉંડા વિચારમાં ઉતારી દે છે. એનું ક્ષેત્ર આપણી નાની સરખી દુનિયા નથી, પણ આખું વિશ્વ છે. વિશ્વનો અને આપણો પોતાનો ( આત્માનો ) સંબંધ શો છે ? કેટલો છે ? અને કેટલા વખત માટેનો છે ? તે અને આ ચારે તરફ નાટક ચાલે છે, આપણે પણ જેમાં ઉતરી પડ્યા છીએ એને બરાબર સમજવું એ ભાવનાનો વિષય છે. એક વાર આપણે ક્યાં છીએ ? ક્યાં દોડ્યા જઇએ છીએ ? શા માટે દોડ્યા જઇએ છીએ ? અને આપણને કોણ ઘસડે છે ? એ સમજાયું એટલે પછી તો સવાલ માત્ર આચરણમાં મૂકવાનો જ રહે છે.

વસ્તુને યથાસ્વરૂપે ઓળખવી એ પ્રથમ જરૂરીઆતની બાબત છે. વસ્તુને ઓળખ્યા પછી એની સાથે સંબંધ કેટલો રાખવો ? ક્યાં સુધી રાખવો ? અથવા રાખવો જ નહિ તેનો નિર્ણય થઇ શકે છે. વસ્તુને યથાસ્વરૂપે ઓળખ્યા વગર તેને અંગે નિર્ણય થઇ શકે નહિ અને કરવામાં આવે તો તે ટકી શકે નહિ. વસ્તુઓને ઓળખીએ ત્યારે આપણે અત્યાર સુધી કેમ નાચ્યા ? અને કોણે નચાવ્યા ? એ બરાબર ઓળખી–જાણી–સમજી શકીએ, ત્યારે સમજાય કે જેને આપણે આપણાં માન્યા, જે વસ્તુને આપણી માની, જે સંબંધો ખાતર લડ્યા, હસ્યા, પડી મર્યા અથવા અનેકની ખુશામતો કરી એ સર્વ વસ્તુગતે કેવા છે અને આપણે સંબંધ કરવા લાયક છે કે નહિ અને હોય તો તેની ખાતર લડવું કે પડી મરવું પરવડે કે નહિ ? આ જાતની વિચારણાને ‘ **વિવેક** ’ કહેવામાં આવે છે. વિવેક એટલે સાચા અને ખોટા, સ્થાયી અને અસ્થાયી, આપણા અને પારકા,

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આનંદદાયી કે વિષાદકારી—વચ્ચેના તફાવતનું બરાબર ભાન. આવા પ્રકારના જ્ઞાન માટે ખૂબ ઉંડા ઉતરવાની જરૂર પડે છે.

આ ઉંડા ઉતરવાના—વિવેક પ્રાપ્ત કરવાના કાર્યને 'આત્માવલોકન' ( Self-examination ) કહેવામાં આવે છે. જ્યારે ઉંડા ઉતરીએ, પોતાની જાત તરફ જોઇએ, પારકાની ચિકિત્સા કરવાની રીત છોડી દઈએ, ઉપરછલ્લા ખ્યાલને તિલાંજલી આપીએ ત્યારે આપણે ન જાણ્યા કે ન કલ્પ્યા હોય તેવાં પરિણામો તરફ દોરવાઈ જઇએ છીએ. પછી આપણને આપણી વસ્તુનું, આપણા સ્થાનનું, આપણી સ્થિતિનું, આપણી ટૂંકી સમજણનું ભાન થાય છે; પણ એ સર્વ પરિસ્થિતિ નીપજાવવા માટે આપણે ખૂબ અંદર ઉતરવું ઘટે છે. એને પરિણામે કઈ દશા પ્રાપ્ત થાય છે તે વિચારવાનું ક્ષેત્ર ધ્યાન વિભાગમાં આવે. આપણે અત્યારે તો વિવેક કરતાં શીખીએ, અવલોકન કરતાં શીખીએ, ઉંડા ઉતરતાં શીખીએ અને તે દ્વારા જે વિચારો આવે અને જે નિર્ણયો થાય તેને સંગ્રહી રાખીએ. એ થશે એટલે આગળ વધવાના માર્ગો આપણને મળી આવશે, સુઝી જશે અથવા તો આપણે શોધી શકીએ એવી સ્થિતિમાં મૂકાઈ જશું.

આવા પ્રકારનું ભાવનાનું ક્ષેત્ર છે. એનાં પરિણામે આત્મા કઇ સ્થિતિમાં મૂકાય છે તે આપણે આગળ જોશું અને છેવટે તેનો પણ વિચાર કરશું અને સામાન્ય અવલોકન કરી જશું.

શાંતરસને રસ કહી શકાય કે નહિ એ ખૂબ ચર્ચવા જેવું છે, પણ એની ચર્ચામાં સાહિત્યના એક અગત્યના વિષયની અને વ્યાખ્યાઓની વૈજ્ઞાનિક નજરે ચર્ચા કરવાની હોઈ સર્વને તેમાં રસ પડે કે નહિ એ જરા ગુંચવણવાળી બાબત

JAINSITE.com जैनम् जयति शासनम् जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને ગ્રંથના પ્રવેશકમાં બીનજરૂરી છે. આ ગ્રંથની છેવટે પરિશિષ્ટમાં એ વિષય સાહિત્યની દૃષ્ટિએ ચર્ચેલો જોવામાં આવશે.

શ્રી 'શાંતસુધારસ' ગ્રંથમાં બાર ભાવનાનો અવલોકનની દૃષ્ટિએ અને આત્માને ઉદ્દેશીને વિસ્તાર કર્યો છે. એ ભાવનાઓ કઈ છે અને તેનું ઉંડુ રહસ્ય શું છે તે પ્રત્યેક ભાવનામાં કર્તાએ બતાવ્યું છે. દરેક ભાવનાને છેડે વિસ્તારથી અવલોકન અને વિચારણા કરવામાં આવશે. એ ભાવનાનો વિષય અવલોકન કરવાનો છે અને તે પણ જેવું તેવું ઉપરચોટીયું અવલોકન નહિં, પણ ખરેખરૂં અંદર ઉંડાણમાં ઉતરીને કરવાનું છે. આ બાર ભાવનાને વિવેક અને આત્માવલોકન સાથે કેવો સંબંધ છે અને એ બન્ને વસ્તુ આત્મપ્રગતિ કરવા ઈચ્છનાર માટે કેટલી જરૂરી છે તે આપણે કંઈક જોયું. બાકી પ્રત્યેક પ્રસંગે એ વાત પર ધ્યાન ખેંચવાની તક લેવામાં આવશે.

આ સર્વ બાબતમાં મુદ્દો એક જ છે કે વસ્તુને વસ્તુ તરીકે ઓળખી, સ્વપરનો ખ્યાલ કરી સ્વનો સ્વીકાર અને પરનો ત્યાગ કરવો એ પ્રકારના આદર્શને ધ્યાનમાં રાખી, તેને જેમ બને તેમ જલ્દીથી પહોંચી વળવા પ્રયત્ન કરવો. અનેક ઉપદેશનો, શાસ્ત્રગ્રંથોનો અને શ્રવણ–વાચનનો સાર એ છે કે **સ્વપરનું વિવેચન કરવું, પરિણતિની નિર્મળતા કરવી, વિષય-કષાય ઉપર બને તેટલો કાબૂ મેળવવો અને સર્વથા કાબૂ મેળવવાનો આદર્શ રાખી તે સિદ્ધ કરવા પ્રયત્ન કરવો.** આ ચાલુ બાબતને અંગે એક હકીકત કહી આ વિષય પૂરો કરીએ. ભાવના બે પ્રકારની છે: શુભ અને અશુભ. શુભ ભાવનાની વાત આ ગ્રંથમાં આવવાની છે ત્યારે પ્રસ્તુત હકીકત કહેવાશે. **અશુભ ભાવનાઓને** પણ ઓળખવાની જરૂર છે. તેના પાંચ પ્રકાર છે:–

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) **કાંદર્પી** ભાવના: સ્ત્રી-વિષયભોગ માટે વિચારણા અને પ્રવૃત્તિઓ.

(૨) **કૈલ્બિષી** ભાવના: ક્લેશ કરાવે તેવી, ખટપટ કરાવનારી, રાજનીતિ, ધમાલ–તોફાનની હકીકતો.

(૩) **આભિયોગિકી** ભાવના: યુદ્ધ–લડાઇ કરાવે તેવી ખટપટ, તૈયારી, ધમાધમ અને વાતાવરણ.

(૪) **દાનવી** ભાવના: આસુરી ભાવના: મોહ–મદ–મત્સરાદિ મનોવિકારોના ખ્યાલો.

(૫) **સમ્મોહી** ભાવના: રાગ–દ્વેષને વધારનારી, પોષનારી, કુટુંબ ધનમાં મમત્વ કરાવનારી હકીકતો.

આ પાંચે પ્રકારની ભાવનાઓ તજવા યોગ્ય છે. એ વાત પણ એટલી જ ઉપયોગી હોઈ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. શુભ ભાવનાને સમજતાં આ અશુભ ભાવનાઓ પણ સમજવી પડશે. વસ્તુવિવેક કરતાં તે બરાબર સમજાઇ જશે.

આ ગ્રંથમાં કહેલ બાર ભાવનાને 'અનુપ્રેક્ષા' (ભાવના) કહેવામાં આવે છે. એ અનુપ્રેક્ષા શબ્દનો અર્થ જ આત્માવલોકન થાય છે. 'ईक्ष' નો અર્થ જોવું એમ થાય છે અને તેની સાથે अनु અને प्र ઉપસર્ગ મળી એને વધારે મજબૂત અને ચારે તરફ જોનાર બનાવે છે. એ ઉપરાંત એક બીજી હકીકત એ છે કે એ સર્વ ભાવનાઓ ધ્યાનના વિશાળ યૌગિક વિષયની પૂર્વગામિની અને ધ્યાનમાં સ્થિર રાખનાર પણ છે. ધ્યાનનો વિષય ઘણો વિશાળ છે અને તે યોગગ્રંથોમાં ખૂબ ચર્ચાયલો છે. એ ધ્યાનના વિષયને આપણે અહીં ચર્ચી ન શકીએ, કારણ કે તે વિષય વિસ્તીર્ણ છે અને અત્ર અપ્રસ્તુત છે. એ ધ્યાનની હેતુભૂત ચાર ભાવનાઓ યોગી પુરુષોએ બતાવી છે. એ અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય છે. બાર અનુપ્રેક્ષા( ભાવના )ઓ પછી આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર ભાવનાઓ પણ બતાવવામાં આવશે અને યોગપ્રગતિમાં તેમનાં સ્થાનનો પણ ખ્યાલ કરવામાં આવશે.

મતલબ આપણા વિચારોની સ્પષ્ટતા કરવા, આપણે ક્યાં છીએ તે સમજવા, આપણા સંબંધો અને આપણા ભાવોનું પૃથક્કરણ કરવા આ અનુપ્રેક્ષા અને ધ્યાનહેતુભૂત ભાવનાઓને ઘણું અગત્યનું સ્થાન છે અને અત્યારના અતિ પ્રવૃત્તિમય જીવનમાં તો ખાસ સ્થાન છે. આપણે કોઈ જાતનો ઊંડો વિચાર કર્યા વગર દોડ્યા જ કરીએ છીએ અને શું કરીએ છીએ તેનો ખ્યાલ થાય તે પહેલાં તો પ્રમાદમાં પડી જઈએ છીએ. આપણને સ્વપ્નો પણ દોડાદોડીનાં જ આવે છે અને પાછા જાગીએ છીએ એટલે વળી દોડાદોડીમાં પડી જઈએ છીએ. પથારીમાંથી નીચે પગ મૂકીએ ત્યાં દરરોજનું છાપું પડ્યું હોય, ત્યાં આત્મારામનો કે શાંતિનો વિચાર ક્યાંથી આવે?

આ અસહ્ય સ્થિતિ કોઈ પણ રીતે ચલાવવા યોગ્ય નથી. સાધ્ય વગરનું જીવન નિરર્થક છે, આદર્શ વગરનું જીવન સુકાન વગરના વહાણ જેવું છે અને અર્થવગરની દોડાદોડી તદ્દન હાંસી કરાવનાર છે.

આ રીતે આ ગ્રંથના વિષયનો અને તેની ઉપયુક્તતાનો પરિચય કરાવ્યા પછી હવે આપણે ગ્રંથકર્ત્તાની સાથે ચાલીએ. પ્રત્યેક પ્રકાશને છેડે એ વિષય પર અન્ય વિચારકોના વિચારો પણ ગ્રહણ કરશું અને સાથે સાથે બીજી અનેક પ્રાસંગિક વાતો પણ કરશું. શબ્દાર્થ જાણનારની સગવડ જળવાય, માત્ર મૂળ વાંચનારની પણ સગવડ જળવાય એ પદ્ધતિએ આ વિવેચન–વિચારણા કરવામાં આવશે. પરિશિષ્ટમાં મહાબુદ્ધિશાળી ગ્રંથ રચયિતાનું ચરિત્ર ઉપલબ્ધ થશે તે બતાવવા પ્રયત્ન થશે. આટલો પ્રવેશક કરી હવે આપણે પ્રથમ ગ્રંથકર્ત્તા સાથે વિહરીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ परमात्मने नमः

उपाध्याय श्रीविनयविजयविरचित

# श्री शांतसुधारस

JAINSITE.com
जैन साइट

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# प्रस्तावना

शार्दूलविक्रीडित

नीरन्ध्रे भवकानने परिगलत्पञ्चाश्रवाम्भोधरे,
नानाकर्मलतावितानगहने मोहान्धकारोद्धुरे ।
भ्रान्तानामिह देहिनां स्थिरकृते कारुण्यपुण्यात्मभि-
स्तीर्थेशैः प्रथितास्सुधारसकिरो रम्या गिरः पान्तु वः ॥१॥

द्रुतविलम्बित

स्फुरति चेतसि भावनया विना,
न विदुषामपि शान्तसुधारसः ।
न च सुखं कृशमप्यमुना विना,
जगति मोहविषादविषाकुले ॥ २ ॥

यदि भवभ्रमखेदपराङ्मुखं,
यदि च चित्तमनन्तसुखोन्मुखम् ।
शृणुत तत्सुधियः शुभभावना-
भृतरसं[1] मम शान्तसुधारसम् ॥ ३ ॥

---

१ भावनामृतरसं पाठांतर.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવનાનો સામાન્ય અર્થ

૧ જે સંસારરૂપ વન ( જંગલ ) બહાર નીકળવાના રસ્તા વગરનું છે, જે ચારે તરફથી વરસતા પાંચ પ્રકારના [1]આશ્રવરૂપ વાદળા–વરસાદવાળું છે, જે અનેક પ્રકારનાં કર્મોરૂપ લતાઓ (ડાળો)થી ખૂબ ગહન બનેલું છે અને જે મોહરૂપી અંધકારથી વ્યાપ્ત છે તે જંગલમાં ભૂલા પડેલા પ્રાણીઓને સ્થિર કરવાને વાસ્તે કરૂણાભાવથી પવિત્ર થયેલ આત્માવાળા તીર્થાધિરાજોએ સુધારસથી ભરપૂર અને અતિ આનંદને આપનાર વાણીનો વિસ્તાર કર્યો છે–તે વાણી તમારૂં સંરક્ષણ કરો.

૨ ભાવના વગર વિદ્વાનોનાં મનમાં પણ શાંતિરૂપ અમૃતનો રસ ( શાંતસુધારસ ) જાગતો નથી–પ્રગટતો નથી અને આ મોહ તેમ જ સંતાપરૂપ ઝેરથી ભરેલા સંસારમાં એ ( રસ ) વગર લગાર માત્ર પણ સુખ ( જેવું કાંઈ ) નથી.

૩ બુદ્ધિમાનો ! વિચારકો ! આ સંસારમાં રખડપાટો કરવાના થાકથી તમારૂં મન ઉંચું થઇ ગયું હોય અને જેનો કદિ નાશ ન થાય એવું ( અનંત ) અંત–છેડા વગરનું ( સ્થાયી ) સુખ પ્રાપ્ત કરવા સન્મુખ તમારૂં મન થયું હોય તો સુંદર ભાવનાઓથી ભરેલ મારો **શાંતસુધારસ** ગ્રંથ ( શાંત અમૃતરસ ) સાંભળો.

---

૧ **આશ્રવ**—કર્મને ગ્રહણ કરવાના માર્ગો પાંચ છેઃ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. એ દ્વારા કર્મ આત્મા સાથે જોડાય છે. અથવા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ રૂપ પાંચ આશ્રવો છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सुमनसो मनसि श्रुतपावना,
निदधतां द्व्यधिका दशभावनाः ।
यदिह रोहति मोहतिरोहिता-
ऽद्भुतगतिर्विदिता समतालता ॥ ४ ॥

रथोद्धता

आर्त्तरौद्रपरिणामपावक-
प्लुष्टभावुकविवेकसौष्ठवे ।
मानसे विषयलोलुपात्मनां,
क्व प्ररोहतितमां समाङ्कुरः ॥ ५ ॥

वसंततिलका

यस्याशयं श्रुतकृतातिशयं विवेक-
पीयूषवर्षरमणीयरमं श्रयन्ते ।
सद्भावनासुरलता न हि तस्य दूरे,
लोकोत्तरप्रशमसौख्यफलप्रसूतिः ॥ ६ ॥

अनुष्टुब्

अनित्यत्वाशरणते, भवमेकत्वमन्यताम् ।
अशौचमाश्रवं चात्मन्! संवरं परिभावय ॥ ७ ॥
कर्मणो निर्जरां धर्म-सूक्ततां लोकपद्धतिम् ।
बोधिदुर्लभतामेतां, भावयन्मुच्यसे भवात् ॥ ८ ॥

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ સુંદર ચિત્તમંદિરના માલેકો ! વિદ્વાનો ! તમારા કાનોને પવિત્ર કરનાર બાર ભાવનાઓને તમારાં મનમાં ધારણ કરો, જેને પરિણામે સારી રીતે જણાયલી ( સુપ્રસિદ્ધ ) સમતારૂપી કલ્પવેલડી જેનો પ્રસાર અત્યારે મોહરાજે ઢાંકી દીધો છે અને વસ્તુતઃ જેની અદ્ભુત શક્તિ ( ગતિ ) છે તે તમારામાં ઉગી આવે–મૂળ ઘાલીને વધતી જાય.

૫ ઇંદ્રિયના વિષયોમાં ખૂબ લંપટ થયેલા પ્રાણીઓનાં મન–જેમાંથી [1]આર્ત્ત અને રૌદ્ર પરિણામરૂપ અગ્નિથી ભાવનારૂપ વિવેકનું ચાતુર્ય બળી–ઝળી ગયેલું હોય છે તેવા મનમાં **સમતાનો અંકુર ક્યાંથી** મૂળ ઘાલે ? કેમ ઉગી નીકળે ?

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૬ જ્ઞાન અને વિજ્ઞાનને લઇને અતિ નિપુણ થયેલો જે પ્રાણીનો આશય વિવેકરૂપ અમૃતના વરસાદથી અતિ સુંદર થયેલ રમણીયતાનો આશ્રય કરે છે એટલે જ્ઞાનવાન પ્રાણીના આશયમાં વિવેક ભળેલો હોય છે તેવા પ્રાણીઓથી લોકોત્તર પ્રશમ સુખનાં ફળને જન્મ આપનાર સુંદર ભાવનારૂપ કલ્પલતાની વેલડી દૂર દૂર રહેતી નથી–તેની નજીક આવતી જાય છે.

૭–૮ આત્મન્ ! નીચેની ભાવનાઓને ભાવવાથી તું સંસારમાંથી મુક્ત થઇ શકીશ. તે ભાવનાઓ આ પ્રમાણે:—

---

૧ **આર્ત્ત**—ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગનિદાન અને આગામી ચિંતા. **રૌદ્ર**—જીવનાશ, અસત્ય, ચૌર્ય અને વસ્તુસંરક્ષણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) **અનિત્યતા.** (પદાર્થોના સંયોગ–સંબંધ સર્વે થોડા વખત માટેના છે.)

(૨) **અશરણતા.** (પુદ્ગળનો સંબંધ સંકટ હરનાર શરણ આપનાર કે શાંતિ કરનાર નથી.)

(૩) **ભવ (સંસાર).** (ચાર ગતિરૂપ સંસારનું સ્વરૂપ વિચારવું–ભવભ્રમણ સમજવું.)

(૪) **એકત્વ.** (આ પ્રાણી એકલો આવ્યો છે, એકલો જવાનો છે–એ વિચારવું.)

(૫) **અન્યત્વ.** (શરીર આદિ સર્વ આત્માથી પર છે–પારકું છે એવી વિચારણા.)

(૬) **અશૌચ.** (શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલું છે તેનો સાચો ખ્યાલ.)

(૭) **આશ્રવ.** (કર્મબંધનનાં સ્થાનો, તેની પ્રણાલિકા અને તે સંબંધી વિચારણા.)

(૮) **સંવર.** (આવતાં કર્મોને રોકી રાખવાના માર્ગોની વિચારણા.)

(૯) **કર્મનિર્જરા.** (બાંધેલા કર્મોને ભોગવ્યા વગર ખપાવવાના માર્ગો.)

(૧૦) **ધર્મભાવના.** (પરસ્પર અવિરોધીપણે ધર્મસ્વરૂપનું વિશિષ્ટ ચિંતવન.)

(૧૧) **લોકસ્વરૂપ.** (આ વિશ્વની માંડણી, રચના અને સ્થાનનો ખ્યાલ.)

(૧૨) **બોધિદુર્લભતા.** (ધર્મ સામગ્રી–સમકિતની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે તેની વિચારણા.)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

## ( પ્રથમના શ્લોકોનો વિસ્તરાર્થ )

૧ એક મહાન જંગલ છે. ગાઢ અરણ્ય છે. ભયંકર વન છે. એમાં ઝાડીનો પાર નથી. નિરંતર લીલોતરી ઉગતી જાય છે અને નાશ પામતી જાય છે. એ એટલું વિશાળ છે કે એનો પાર આવતો નથી, એનો છેડો દેખાતો નથી, એમાંથી બહાર નીકળવાનો રસ્તો જડતો નથી. એમાં વૃક્ષ, લતા અને છોડવાઓ એવા આડાઅવળા ચોતરફ વીંટળાઇ અંદર અંદર ગુંચવાઇ ગયા છે કે એ દરેક જગ્યાએ ઘણું ગહન ઉંડું દેખાય છે. જ્યાં જોઈએ ત્યાં ઉંડાણ, ઝાડી અને અચોક્કસ રીતે વધતી અને વધતી લીલોતરી દેખાય છે. માથે સખત વાદળાં ચઢ્યાં છે, મેઘાડંબર ગાજી રહ્યો છે, પ્રકાશને અટકાવી રહ્યો છે અને વાદળાંમાંથી અવારનવાર વરસાદ વરસી રહ્યો છે. કોઇ કોઇ વાર છાંટા પડે છે, કોઇ કોઇ વાર મુશળધાર વરસાદ પડે છે, કોઇ કોઈ વાર ઝડીનો વરસાદ પડે છે, આખા જંગલમાં ભયંકર અંધકાર વ્યાપી રહ્યો છે, રસ્તો પણ દેખાય નહિ એવું તિમિર ચોતરફ પસરી રહ્યું છે અને અંદરની દોડાદોડમાં ક્યાં જવું અને કઇ બાજુએ ચાલવું તેની કાંઇ કળ પડતી નથી.

આવા ગાઢ જંગલમાં આ પ્રાણી ભૂલો પડ્યો છે. તેના જેવા અનેક પ્રાણીઓ ચારે તરફ રખડે છે. એ ક્યાં જાય છે? એનું એમને ભાન નથી. એ શામાટે રખડે છે? એનો એને ખ્યાલ નથી. એ અંધકારમાં અહીંથી ત્યાં અને ત્યાંથી બીજે એમ રખડ્યા કરે છે, નવા નવા રૂપો ધારણ કરી નાટકો કરે

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને સાચું સુખ શું છે અને ક્યાં છે તેનો વિચાર કર્યા વગર ક્વચિત્ માન્યતાનાં સુખમાં અને મોટે ભાગે રખડપટ્ટીના ત્રાસમાં નવા નવા વેશ લઇ આંટા માર્યા કરે છે. એને દિશાનું ભાન નથી, એ ક્યાં છે તે સમજતો નથી અને એને નીકળવાનો રસ્તો સૂઝતો નથી—જડતો નથી અને ક્વચિત્ કોઇ વીરલને એવો માર્ગ જડે તેને તેઓ ગાંડો કે બાવરો ગણી એની વાત તરફ ધ્યાન આપતા નથી.

આવા જંગલમાં ભૂલા પડેલા અને કોઈ જાતના ધોરણ વગર ચારે તરફ દોડાદોડ કરનારા પ્રાણીઓને તેઓની દોડાદોડી મટાડનાર કોઇ પુણ્યાત્મા માર્ગદર્શક થાય છે. એ એની અનુપમ વાણીવડે રખડપટ્ટી અટકાવવાના રસ્તા બતાવે છે. એવા મહાપુરુષને પ્રથમ કરુણા આવે છે. એમને મનમાં એમ થાય છે કે આ બિચારા મહાજંગલમાં ખરેખર ભૂલા પડેલા છે અને હેતુ કે સાધ્ય વગર નકામા રખડ્યા કરે છે. આવા પ્રાણીઓ ઉપર સાચી દયા લાવી એ કરુણારસના ભંડાર મહાપુરુષો અમૃત જેવી વાણીવડે એ રખડપાટો અટકે એવા ઉપાયો બહુ પ્રેમભાવે બતાવે છે અને તેમ કરવાનો તેમનો ઉદ્દેશ ભટકનારાની ભટકામણ અટકે અને તેઓનો અચળ સ્થાનમાં સ્થિર વાસ થાય એ જ હોય છે.

ભવાટવીમાં ભૂલા પડેલાને ખરેખર આનંદ ઉપજાવે અને તેમને હંમેશને માટે સર્વોત્કૃષ્ટ સ્થાનકે પહોંચાડે તેવી સુંદર પરિસ્થિતિ આ થઇ. આવી વાણી જો કોઇની હોય તો ખરેખર તે વંદ્ય છે અને આનંદપ્રદ છે. આવી વાણીનો પ્રસાદ જ એવો અપ્રતિહત છે કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. સર્વ રખડપાટો અટકાવનાર આવી વાણી તમારું રક્ષણ કરો!

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંસાર એ ખરેખર અટવી છે. હિંદમાં ગાઢ જંગલો પૂર્વે ઘણાં હતાં. ને માઇલો સુધી એટલાં લાંબાં હતાં કે એક વાર જો મુસાફર એમાં ભૂલો પડે તો એનો પત્તો લાગે નહિ. એ અંદર ને અંદર રખડ્યા કરે—ભમ્યા કરે. એની ગાઢ ઝાડી અને અંદર રહેલા ભયંકર પ્રાણીઓનો એ અનેક રીતે શિકાર બને અને હેરાન—હેરાન થઇ જાય. અત્યારે બહુ થોડાં જંગલો રહ્યાં છે, તેમાં પણ દરેકમાં રસ્તા બનાવ્યા છે; છતાં અટવીની ગાઢતા અત્યારે પણ મુંઝવે તેવી હોય છે. જર્મની અને અમેરિકામાં ઘણાં મોટાં જંગલો હાલ પણ મોજુદ છે.

આ સંસારને અટવી સાથે બરાબર સરખાવી શકાય તેમ છે. ગ્રંથકર્તાએ ચાર વિશેષણો મૂક્યા છે તે સાર્થક છે અને સમજવા યોગ્ય છે. આપણે તે સંક્ષેપથી જોઇ લઇએ. 'નિરંધ્ર' આ સંસાર—અટવીમાંથી બહાર નીકળવાનો માર્ગ જડે તેમ નથી. એ એવી મોટી વિશાળ અટવી છે કે અંદર અંદર આંટા માર્યા જ કરે, પણ એમાંથી નીકળવાનો માર્ગ જ જડે નહિ. 'રંધ્ર' એટલે બહાર નીકળવાનો માર્ગ.

'પરિગલત્ પંચાશ્રવાંભોધરે' વળી એ સંસાર—અટવીને માથે પાંચ પ્રકારના આશ્રવરૂપ વાદળાં નિરંતર વરસ્યા કરે છે. પાંચ આશ્રવો એટલે આત્માની સાથે કર્મને ગ્રહણ કરવાનું કાર્ય કરનાર પ્રસંગો. એ કર્મને આવવાના નળો છે અથવા પરનાળીઆ છે. જેમ કુવામાંથી કાઢેલ જળ, નીક અથવા પરનાળ કે નળ મારફત ખેતરમાં આવે છે તેમ આત્મક્ષેત્રમાં આ આશ્રવોદ્વારા કર્મો આવે છે. એ આશ્રવો બહુ આકરા અને સમજી રાખવા જેવા છે. એના મુખ્ય પાંચ પ્રકાર છે અને ઉપભેદ ૪૨ છે. એનો વિસ્તાર સાતમી ભાવનામાં આગળ ઉપર

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થશે. ૪૨ ભેદ અત્ર ટૂંકામાં કહીએ તો (૧) પાંચ **મિથ્યાત્વ**[1] એટલે અજ્ઞાન (૨) પાંચ '**અવિરતિ**' એટલે ત્યાગ-ભાવનો અભાવ (૩) ચાર '**કષાય**' એટલે ક્રોધ, માન, માયા, લોભ, (૪) ત્રણ '**યોગ**' એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ અને (૫) ૨૫ **ક્રિયા** એટલે શારીરિક વિગેરે પ્રવૃત્તિ કરતી વખત થતા દોષો. આ પાંચ પ્રકારના આશ્રવો સંસાર અટવીને માથે નિરંતર લટકી રહેલા છે. એ ખરેખર વાદળાંનું કાર્ય જ કરે છે. વાદળાંનાં કાર્ય બે છે: વરસવું અને પ્રકાશને અટકાવવો. આશ્રવો આખો વખત આ બે કાર્ય બરાબર બજાવે છે. એ આત્મ-ભૂમિકા ઉપર વરસ્યા જ કરે છે અને વરસીને ભવાટવીને લીલીછમ રાખે છે અને આત્માને કર્મવડે ભારે બનાવે છે. એ એના ભાવને બરાબર ભજવે છે અને આત્મજ્યોતિના પ્રકાશ ઉપર એ અંધકારની છાયા નાખે છે. એ એનું કાર્ય કેવી રીતે કરે છે તે આપણે સાતમી ભાવનામાં વિસ્તારથી જોશું. અત્ર પ્રસ્તુત વાત એટલી છે કે ભવાટવી ઉપર પાંચે આશ્રવો આખો વખત વરસ્યા જ કરે છે. 'પરિ' ઉપસર્ગ મૂકવામાં ભારે ખૂબી કરી છે. પરિ એટલે ચારે તરફ અથવા હમેશાં એટલે એ પાંચે આશ્રવરૂપ વાદળાં કોઇ કોઈ વાર વરસે છે એમ નથી, પણ સદા વરસતા રહે છે અને ચારે તરફ—આખી ભવાટવીમાં વરસ્યા કરે છે.

'નાનાકર્મલતાવિતાનગહને'—વળી એ ભવાટવીમાં આશ્રવોનો વરસાદ વરસે છે એટલે તો નવાં કર્મો આવે છે તેની વાત થઇ, પણ તે પહેલાં તે અટવી અનેક પ્રકારના કર્મરૂપ લતાઓથી ખૂબ ગાઢ—ગહન થઇ રહેલી છે, એટલે કે એમાં

---

૧ આશ્રવતત્ત્વમાં પાંચ પ્રકારના મિથ્યાત્વને બદલે પાંચ ઇંદ્રિયો કહેલ છે અને કર્મબંધના હેતુમાં પાંચ મિથ્યાત્વ લીધેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણીઓની સાથે અનેક પ્રકારનાં કર્મો લાગી રહેલાં છે. કર્મોના પ્રકાર અનેક છે અને એના વિપાક પારવગરના છે. એનું આખું નાટક ચિતર્યું હોય તો પુસ્તકો ભરાઇ જાય. તદ્વિષયક ગ્રંથોથી એ જાણી લેવું. અત્ર વાત એ છે કે—આ સંસાર અટવી ખૂબ ગીચ–ગાઢી થઇ ગયેલી છે, કારણ કે એમાં કર્મનાં જાળાંઓ ખૂબ પથરાઇ ગયા છે અને ચારે તરફ આડાં–અવળાં પડ્યાં છે. એક વડનાં ઝાડની વડવાઇઓની વાત બાજુ ઉપર રાખીએ, પણ એની શાખાઓ જોઇએ અને એવાં અનેક ઝાડો હોય અને એ પ્રત્યેકને શાખા–પ્રશાખા હોય ત્યારે જંગલ કેવું ઘનઘોર અને ગાઢ થઇ જાય તેનો ખ્યાલ જરૂર આવે. આ સંસાર અટવી અનેક પ્રકારની કર્મરૂપ લતાઓથી ખૂબ ગાઢ બનેલી છે.

'મોહાન્ધકારોદ્ધુરે–' વળી આટલેથી વાત પતે તેમ નથી. આખી અટવીમાં ભયંકર અંધકાર વ્યાપી રહ્યો છે. મોહ-રાજાનું કાર્ય અંધારૂં ફેલાવવાનું છે. એ રાગ–દ્વેષની મારફત કષાયો, નોકષાયો અને ઇંદ્રિયોને એટલો અવકાશ આપે છે કે પ્રાણી એની નિદ્રામાં અથવા નશામાં પડી પોતે કોણ છે અને ક્યાં છે એ પણ વીસરી જાય છે અને એનાં વિવેકચક્ષુ નાશ પામી જાય છે. 'આંખ વિના અંધારૂં' થાય તેવી એની દશા થાય છે અને એ અંધકારમાં ફાંફાં મારે છે. એ શું કરે છે અને શું બોલે છે અને શો વિચાર કરે છે એનું પણ એને કાંઇ ભાન રહેતું નથી. અંધારી ઘોર રાત્રિમાં અચાનક જાગી જતાં દરવાજો શોધવા માટે જે ફાંફાં મારવા પડે છે તેવી એની દશા થાય છે. મોહરાજાનો કરેલો અંધકાર એવો પ્રગાઢ હોય છે કે એ અંધકારમાં પ્રકાશની આશા રાખવી એ ઘણી મુશ્કેલ બાબત છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક ભયંકર જંગલ છે: એમાં ઝાડી, લતા, ઝાંખરા, ડાળીઓનો પાર નથી, એમાં ચારે તરફ અંધકાર વ્યાપેલો છે, એમાં માથે વાદળાં ચઢી આવેલાં છે અને નિરંતર વરસ્યા કરે છે. એમાંથી બહાર નીકળવાના રસ્તા દેખાતા નથી. આવી જ સંસાર અટવી છે. એમાં નાના પ્રકારના કર્મની ગીચ ઝાડી છે, એમાં મોહરાજાએ વળી ખૂબ અંધકાર ફેલાવ્યો છે, એની ઉપર આશ્રવરૂપ વાદળો વરસ્યા જ કરે છે અને એમાંથી બહાર નીકળવાના રસ્તા દેખાતા નથી, જડતા નથી, પત્તો લાગે તેવી સ્થિતિમાં સાધારણ રીતે નથી.

આવી સંસાર અટવીમાં આ પ્રાણી–અનેક પ્રાણીઓ રખડ્યા કરે છે, અંધકારમાં ફાંફાં મારે છે, આશ્રવોનો સંગ્રહ કરે છે, એના જળથી કર્મનો વિસ્તાર વધારે છે અને બહાર જવાનો માર્ગ શોધતા નથી, કદાચ સાંપડે તો તેને ઓળખતા નથી અને નિરંતર દોડાદોડ કરી રખડ્યા કરે છે. કોઈવાર ઉપર જાય છે, કોઈ વાર નીચે જાય છે અને કોઈ વાર આડાઅવળા રખડે છે. એ સંસાર અટવી કેવી છે તેનું સ્વરૂપ આપણે આગળ અગ્યારમી ભાવનામાં વધારે જોશું.

આખો વખત–અનાદિ કાળથી આવી ભવાટવીમાં રખડતા ભૂલા પડેલા આપણે સર્વ છીએ. આપણે ચારે તરફ વગર અર્થની દોડાદોડ કરી રહ્યા છીએ અને ચારે તરફ આખો વખત નાચતા ફરીએ છીએ. કોઈ પૂછે કે ક્યાં ચાલ્યા ? તો કાંઈ સમજતા નથી, સમજાય તેવો જવાબ આપી શકતા નથી, પણ પાછી દોડાદોડ ચાલુ રાખીએ છીએ.

વાત એટલી હદ સુધી બને છે કે ઘણાખરા પ્રાણીઓ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રખડીએ છીએ એ વાત પણ જાણુતા નથી, જાણે તો માનતા નથી, સાચું સુખ ઓળખતા નથી, જરા સુખ જેવો ભાસ થાય, કાંઇક સગવડ મળે કે તેને સુખ સમજી તેમાં મોજ માણે છે, અને ઉપર–નીચે આડાઅવળા ચક્કર ચક્કર ફર્યા જ કરે છે.

કોઇ કરૂણારસથી ભરેલા મહાપુરૂષો એની એ સ્થિતિ જુએ છે. તેઓએ પણ અનેક ભ્રમણપરંપરામાંથી પસાર થવા બાદ ખૂબ પ્રયાસ કરી પોતાના આત્માને પવિત્ર બનાવેલો હોય છે. પોતે સાચું સુખ ક્યારે અને કેમ મળે તે બરાબર સમજી ગયેલા હોય છે. એવા મહાપુરૂષોને 'તીર્થંકર' કહેવામાં આવે છે. જેની મદદવડે આ સંસાર–સમુદ્ર તરી શકાય તેવા ધર્મસાધન સમુદ્રને અંગે **તીર્થ** કહેવાય અને એવા તીર્થનું સ્થાપન કરનાર **તીર્થંકર** કહેવાય છે. એ મહાન્ શુદ્ધ સત્ત્વશાળી મહાત્માઓ કરૂણારસથી ભરેલા હોય છે. એમની કરૂણા કેવા પ્રકારની હોય છે તે આગળ પંદરમા પ્રકરણમાં બતાવવામાં આવશે. અસાધારણ વીર્ય અને શક્તિને પ્રભાવે તેઓ વસ્તુસ્વરૂપ જાણી ગયેલા હોય છે અને વસ્તુને ઓળખ્યા પછી તે કરૂણારસની પ્રસાદી તરીકે પોતાને પ્રાપ્ત થયેલી હકીકત પ્રાણીઓને ખરેખરી ભાવદયાથી બતાવે છે.

એ જ્યારે વસ્તુસ્વરૂપનું પ્રકાશન કરે છે ત્યારે શાંતરસની ખરી જમાવટ થાય છે. પ્રાણીઓ પોતાના કુદરતી વૈર પણ વિસરી જાય છે અને આખા વાતાવરણમાં શાંતિ જામે છે. એ અતિ મધુર વાણીવડે જ્યારે પોતાને સમજાયલું સ્વરૂપ જનસમાજ આગળ રજુ કરે છે, ત્યારે શાંતિનો વરસાદ વરસતો હોય છે અને અતિ શાંત પરિસ્થિતિની વચ્ચે તેઓ અતિ મીઠા શબ્દોમાં બોધ આપે તેવી રીતે વસ્તુસ્વરૂપ બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમની વસ્તુસ્વરૂપ બતાવવાની પદ્ધતિને અમૃતરસના પ્રસાર સાથે સરખાવી શકાય. જાણે પરમાત્માના મુખમાંથી અમૃત ઝરતું હોય એવી તદ્દન શાંત વાણી માલકોશ રાગમાં નીકળે છે અને એના પ્રત્યેક શબ્દ અને વાક્ય શ્રોતાને એ શાંતરસમાં ઝબોળી દે છે. મહાત્મા પુરૂષોના સન્નિકર્ષનો પ્રસાદ જેણે અનુભવ્યો હોય એને જ એની વિશિષ્ટતા—ઉત્તમતા અને મહત્તા ખ્યાલમાં આવે તેમ છે. એવા મહાત્મા પાસે જઇએ ત્યારે આપણામાં ગમે તેટલો ઉકળાટ હોય તે દૂર થઈ જાય છે, કચવાટ નાશ પામી જાય છે અને ચિત્ત અનિર્વચનીય દશા અનુભવે છે. સાધારણ મહાપુરૂષો જેને આપણે યોગી તરીકે ઓળખીએ છીએ તેમની પાસે જતાં પણ કાંઈક આવો અનુભવ થાય છે તો ખૂદ તીર્થાધિરાજના સાન્નિધ્યમાં કેવી દશા થતી હશે ? કેવી અખંડ શાંતિ વ્યાપતી હશે ? કેવી અનન્ય સ્થિતિ અંદર અનુભવાતી હશે ? તેની વ્યાખ્યા કરવી અશક્ય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આવી અમૃતરસને વરસાવનારી વાણીમાં અસાધારણ બળ હોય છે. એક સાધારણ સારો વક્તા પણ શ્રોતાસમાજને દોરવી શકે છે તો પછી જ્યાં શમરસના ઘુંટડા ભરાતા હોય, જ્યાં શાંતિ-જળના ફુવારા ઉડતા હોય, જ્યાં શાંત જળનાં જળકણો ચારે તરફ ઉડી રહ્યાં હોય અને જ્યાં આખા વાતાવરણમાં શાંતિ અને શમની વિભૂતિઓ જામી ગઇ હોય ત્યાં શી સ્થિતિ થાય ? એ વાણીનું બળ કેવું હોય ? પાંત્રીશ ગુણ યુક્ત એ વાણી હૃદયની આરપાર ઉતરી જાય અને મનને હલાવી નાખી શાંતિમાં તરબોળ કરે એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી. વળી એ વાણી અતિ ‘ રમ્ય ’ છે, એ સાંભળતાં મનને અને કાનને આનંદ ઉપજાવે તેવી છે, મનને વશ કરી લે તેવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને આખા જીવનને ઝણઝણાટ કરાવે તેવી હોઈ ખૂબ વિનોદ કરાવનારી છે. પ્રાણીને રમ્ય ભાષા સાંભળવી ગમે છે, કર્કશતા હોય તો મજા આવતી નથી. ભગવાન બોલે ત્યારે તુચ્છ ભાષાપ્રયોગ કદી કરતા નથી. એ 'દેવાનુપ્રિય' 'ભવ્ય' આદિ સુંદર શબ્દોનો પ્રયોગ કરી પ્રાણીને ઉપદેશ આપે છે. એમની ભાષા કેટલી પ્રિય–રમ્ય હોય છે તે તેમનો કોઈ પણ ભાષા-પ્રયોગ વિચારવાથી બરાબર સમજાય તેવું છે. વળી દરેક પ્રાણી પોતાને સમજાય તેવી ભાષામાં ભગવાનનો ઉપદેશ સાંભળે એટલે એને તેમાં રસ પડે છે. પરમાત્માની વાણીના પાંત્રીશ ગુણો આ સ્થળે વિચારવા યોગ્ય છે. એ કારણે એ ભાષા ખૂબ 'રમ્ય' વિનોદકારી અને આનંદ આપનારી લાગે છે.

जैन साईट JAINSITE.com

આવી અસાધારણ બળવાળી વાણી પ્રકટ કરવાનું કારણ એક જ હોય છે: ઉપર વર્ણન કર્યું તેવા ભયંકર વન–જંગલમાં ભૂલા પડેલા–રખડપાટે ચઢેલા પ્રાણીઓને સ્થિર કરવા, એમનો રખડપાટો અટકાવવો અને એમને આ ભવપ્રપંચમાંથી મુક્ત કરી નિરંતરની શાંતિ મળે એવી સ્થિતિ સમજાવવી.

આવી વાણી તમારું રક્ષણ કરો! ગ્રંથકર્ત્તા કહેવા માગે છે કે અસાધારણ વીર્યવતી એવી ભગવાન શ્રી તીર્થંકરદેવની વાણી તમારું રક્ષણ કરો. ભાવ એ છે કે–શ્રી તીર્થાધિરાજની એવી સુંદર શાંત વાણી ભવાટવીમાં ભટકવાથી દૂર રહેવાનું તમને બળ આપો!

ગ્રંથના આરંભમાં (૧) આશીર્વાદ (૨) નમસ્કાર અથવા (૩) વસ્તુનિર્દેશ એ ત્રણ અથવા ત્રણમાંની એક બાબત બતાવવાનો શિષ્ટ સંપ્રદાય છે. **आशिर्नमस्क्रियावस्तुनिर्देशो वापि तन्मुखम्** એટલે ગ્રંથની શરૂઆતમાં કાં તો કોઈ

પ્રકારનો આશીર્વાદ અપાય છે અથવા કોઈ ઇષ્ટ દેવને નમસ્કાર કરવામાં આવે છે. અથવા ગ્રંથમાં કયો વિષય છે તેનો પ્રસ્તાવ કરવામાં આવે છે. આ પ્રાચીન આર્ય પદ્ધતિ સર્વથા પૂર્વ-કાળના ગ્રંથોમાં સ્વીકારાયલી જોવામાં આવે છે.

ગ્રંથકાર શ્રી **વિનયવિજયજી ઉપાધ્યાયે** આ ત્રણે બાબતોનો સમાવેશ આ પ્રથમના શ્લોકમાં કર્યો જણાય છે. 'તમારૂં રક્ષણ કરો' એમ કહીને તેઓશ્રીએ હૃદયપૂર્વક આશીર્વાદ મહાપુરૂષ તીર્થાધિરાજને નામે આપ્યો છે. આ આશીર્વાદ થયો.

તીર્થાધિરાજને 'કારૂણ્યપુણ્ય આત્મા' કરૂણાભાવથી પવિત્ર થયેલ આત્માવાળા બતાવીને અને તેઓશ્રીએ કરેલો વાણીનો પ્રસાર રમ્ય છે, આનંદ ઉત્પન્ન કરનાર છે, સાંભળતાં વિનોદ કરાવે તેવો છે અને કાન અને મનને રસમાં તરબોળ કરે તેવો છે એ દ્વારા તીર્થાધિરાજને એમણે હૃદયપૂર્વક નમસ્કાર કર્યો છે અને વસ્તુનિર્દેશ તેમણે 'સુધારસકિર' શબ્દથી કર્યો જણાય છે. આ ગ્રંથમાં શાંતસુધા—શમ અમૃત ભર્યો છે. એનું નામ શાંતસુધારસ છે અને એ વિષય આ ગ્રંથમાં આવનાર છે એનો અત્ર દિગ્દર્શન પૂરતો નિર્દેશ કર્યો છે. આ પ્રસ્તાવનામાં એ હકીકત—વસ્તુનિર્દેશ હજુ વધારે કરવાનો છે, અત્ર તો માત્ર તેને સૂચવેલ જ હોય તેમ જણાય છે. આવી સુંદર રીતે ગ્રંથની શરૂઆત કરવામાં આવી છે. ભવાટવીની વિષમતા બરાબર લાગુ પડતાં ચાર વિશેષણોથી બતાવી તેમાં ભૂલા પડેલાને ઠેકાણે લાવનારનું અદ્ભુત ટૂંકું સુહાસરનું વર્ણન કરી એમની અમૃત સરખી વાણીની પ્રશંસા કરતાં અને એનો પાલનસ્વભાવ બતાવતાં એમણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયનિર્દેશ કરી દીધો છે અને સાથે જણાવી દીધું છે કે પોતે જે શાંતસુધારસ ગ્રંથની રચના કરે છે તે અસાધારણ આત્મબળવાળા અને કરૂણારસના ભંડાર શ્રી તીર્થરાજની અમૃત વાણીને અનુસરે છે અને જે વાણીનો પરમાત્માએ વિસ્તાર કર્યો છે એ જ વાણીને અનુસરી પોતે પણ એના ભાવને બતાવશે. એ સુધારસ—અમૃતરસ કેવી ભૂમિકા ઉપર જામે—જાગે તે હવે બતાવે છે.

૨ આ ગ્રંથનું નામ '**શાંતસુધારસ**' શાંતરસનું રસત્વ સાહિત્યમાં મહાપ્રયાસે સિદ્ધ થયું. એ રસ કાંઇ સાધારણ રમતની ચીજ નથી, એ પ્રાપ્ત કરવો એ કાંઇ બચ્ચાંનાં ખેલ નથી, એ કાંઇ હામજી—ભામજીના કામ નથી. એ શાંતરસ જાગે કેવી રીતે ? કોને જામે ? અને ક્યારે જામે ? એ વાત ગ્રંથકર્તા પોતે જ કહે છે. એને ગ્રંથનો વિષય પ્રતિપાદન કરવો છે એટલે એની સાથેનો સર્વ સંબંધ તેને બતાવવો જ રહ્યો. બહુ ભવ્ય રીતે એ પોતાની હકીકત રજુ કરે છે. તેની પ્રતિપાદન શૈલી પણ ખરેખર વિચારવા યોગ્ય છે.

આ આખો સંસાર મોહ અને વિષાદે ઉત્પન્ન કરેલા ઝેરથી આકુળવ્યાકુળ થઇ ગયેલો છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, કામભોગ વિગેરે મનોવિકારોને પરિણામે પ્રાણીની નિર્ણય શક્તિમાં જે ઉલટભાવ આવે છે અથવા તો નિર્ણય—શક્તિ કુંઠિત થઇ જાય છે તે મોહ—અજ્ઞાનજન્ય છે. આ 'મોહ'નું સામ્રાજ્ય આખા જગત પર ચાલે છે. બુદ્ધિ અને નિર્ણય—શક્તિમાં ભેદ પાડવો એ મોહનું કાર્ય છે. 'હું અને મારૂં' એ એનો મંત્ર છે. 'વિષાદ' પણ મોહને પરિણામે જ આવે છે. માંદા પડીએ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે ખૂબ વિષાદ થાય છે અને જાણે કોઇ દિવસ જન્મ્યા જ ન હોઇએ તેવું લાગે છે. સગા–સ્નેહીના દુઃખથી કે મરણથી પણ વિષાદ થાય છે. આ મોહરાજા રાગ–દ્વેષ ઉત્પન્ન કરે છે, તે બન્ને મળીને ચાર કષાય ઉત્પન્ન કરે છે અને એને લઇને આખા જીવનમાં ઝેર ભરાઈ જાય છે. ખારૂં–ખાટું થયેલું જીવન બુદ્ધિનો વિપર્યાસ કરે છે અને વિષાદ–શોક જીવનને કડવું બનાવે છે. આ મોહ અને વિષાદનું ઝેર આખા જગતમાં ભરેલું છે. માત્ર એની જરા ઉપર જઇ અવલોકન કરીએ તો જ આ ઝેર સમજાય–ઓળખાય તેમ છે.

આવા ઝેરથી ભરેલા સંસારમાં **શાંતસુધારસ** પ્રાપ્ત કરવો ઘણો મુશ્કેલ છે. એનાં સ્વપ્ન આવવાં પણ મુશ્કેલ છે. અરે! ટૂંકામાં કહીએ તો એનો ઝબકારો થવો પણ અશક્ય છે. હવે શાંતરસની પ્રાપ્તિ વગર તો આ દુનિયામાં કાંઇ ખરો રસ પડે તેવું નથી. બાકીના સર્વ રસો તો ક્ષણિક છે, આવીને–ઝબકીને ઉડી જનારા છે અને દુનિયાદારીમાં કહેવત છે કે 'રસના તો ચટકા હોય, કાંઈ કુંડા ન હોય.' એ કહેવતને ખરી કરનારા છે. ચટકા પણ ઉપર ઉપરના અને આવીને ખસી જનારા હોય છે. શાંતરસ જ ખરો, લાંબા વખતનો અને ચિરસ્થાયી અસર મૂકી જનારો છે.

આવો શાંતરસ અંદર જાગે કેમ? જામે કેમ? અને ટકે કેમ? દુનિયાની નજરે ડાહ્યા લાગતા માણસોને બરાબર જોઈએ તો તેઓમાંના ઘણાખરા એક અથવા બીજા મનોવિકારને વશ હોય છે. કોઇ સલાહ લેવા લાયક લાગતા હોય છતાં પોતાનાં ધન કે બુદ્ધિના મદમાં પડેલા હોય છે, કોઇ લોભને વશ હોય છે, કોઈ સ્ત્રીના પાશમાં પડેલા હોય છે, કોઇ 'મરી ગયા–મરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા ' એવું માની નિરંતર કકળાટ કરતા હોય છે. કોઇ ખોટા દંભી હોય છે, કોઇ ધમાલીઆ હોય છે, કોઇ ક્રોધી હોય છે, કોઇ મશ્કરા હોય છે, કોઇ બીકણ હોય છે, કોઇ વાત વાતમાં છીંકી જનારા હોય છે અને કોઇ ઉપરથી સભ્ય જણાતા હોય પણ તેના જીવનનો અભ્યાસ કરતાં અતિ ક્ષુદ્ર—તુચ્છ—પામર માલૂમ પડે છે. આવા માણસોમાં શાંતરસ કેમ જામે ? એ ગમે તેટલું ભણેલા હોય, ગમે તેવા ગ્રેજ્યુએટ થયેલા હોય, વિશ્વવિદ્યાલયની અનેક ઉપાધિઓ ધરાવતા હોય, ન્યાયાસન પાસે અક્કલને ચક્કરમાં નાખી દે તેવી દલીલ કરનારા હોય, મુત્સદ્દીગીરીમાં સામાને થાપ ખવરાવનારા હોય—પણ અંતે એનામાં શાંતરસ જામતો નથી. જામવાની વાત શું કરવી ? એનામાં શાંતરસ સ્ફુરતો પણ નથી, દેખાવ પણ દેતો નથી, ચમકારો પણ કરતો નથી.

વાસ્તવિક હકીકત એ છે કે—આ શાંતરસ વગર આ જગતમાં નામ માત્ર પણ સુખ નથી. આપણે સર્વ સુખને ઇચ્છીએ છીએ અને સુખ પાછળ દોડીએ છીએ અને એને મેળવવાના વલખા મારીએ છીએ, પણ ખરૂં સુખ ઓળખતા નથી અને ક્ષણિક સુખને સુખ માની તેમાં રાચી જઇએ છીએ. ભર્તૃહરિ કહે છે તેમ વ્યાધિના પ્રતિકારને આપણે સુખ માની લઇએ છીએ. કદાચ ખાવામાં દૂધપાક—પુરી કે રસ રોટલી મળે તો તેમાં સુખ શું ? અને હારમોનીયમ, દિલરૂબા, નાચ સાથે ગાયન સાંભળીએ તેમાં સુખ શું ? સ્ત્રી સાથે વિષયાનંદ ભોગવીએ એમાં પણ સુખ શું ? અને ભ્રમરની જેમ ગમે ત્યાં રખડીએ એવા યારીના ધંધામાં પણ આનંદ શો ? આ પ્રાણી ખરા સુખને ઓળખતો નથી અને સમજ્યા વગર સુખના આભાસ પછવાડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોડ્યા કરે છે. વાસ્તવિક સુખ તો આત્મિક આનંદમાં છે. એ ચિરસ્થાયી છે અને પછવાડે કચવાટ વગરનું છે. એ સુખ શાંતરસ વગર નામ માત્ર પણ મળતું નથી. આવું ખરૂં સુખ મેળવવાનો ઉપાય હવે વિચારીએ.

સુખ મેળવવા માટે કોઇ રાજમાર્ગ સાંપડે તો મજા આવે. એ સુખ **ભાવનાથી** સાંપડે છે એમ જેને અતુલ્ય સુખ મળ્યું છે તે અનુભવથી કહે છે. આપણે કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો તેનાં મૂળો શોધવાં પડે છે. ત્યારે આ ભાવના તે શી ચીજ છે? તે બરાબર સમજવું ઘટે. **भाव्यते इति भावना** "સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે મનમાં વારંવાર જેનું સ્મરણ કરવામાં આવે અને તે દ્વારા આ સંસારબંધનથી આત્માને મુક્ત કરવામાં આવે અથવા આત્માને મોક્ષ સન્મુખ કરવામાં આવે તે **ભાવના**."

સમજણ અને જ્ઞાન વગર કોઇ પણ ક્રિયા એના વાસ્તવિક આકારમાં થઇ શકતી નથી. આપણે કોણ છીએ? કયાં છીએ? અને શા માટે છીએ? અને આ આખા નાટકનો ખરો અર્થ શો છે? એ બરાબર વિચારવાનું ક્ષેત્ર ભાવના છે. આપણે પ્રવેશકમાં જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે તેનો જવાબ ભાવના આપે છે. એ ભાવનાને બરાબર વિચારવાનું કારણ એ છે કે એ દ્વારા આપણે સામે જોવાને બદલે અંદર જોતા શીખીએ છીએ. અન્યથા આપણને કોઇ પીડા કરે તો આપણે તેના ઉપર ચીડાઇએ છીએ. એવી રીતે દરેક બાબતમાં ઉપર ઉપરનો ખ્યાલ કરવાની જ આપણને ટેવ છે.

આ ટેવ ભાવનાથી મટે છે. ભાવના આપણને અંદર જોતાં

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીખવે છે. વસ્તુને બદલે વસ્તુનાં કારણ તરફ આપણને લઇ જાય છે. કુતરાને લાકડી પડે એટલે એ લાકડીને કરડવા દોડે છે, એ તેનું અજ્ઞાન છે. લાકડી કયા ગુન્હાને બદલે પડી તે શોધવાનું તેને મન જ થતું નથી. મોહરાજાએ પણ આ જગતમાં એવું અજ્ઞાન ફેલાવ્યું છે કે આપણી દશા તેણે લાકડીને કરડવા દોડનાર કુતરા જેવી જ કરી નાખી છે. જ્યારે આ ગ્રંથમાં કહેવાની ભાવના ઉપર વારંવાર સ્મરણ–ચિંતવન થશે અને વસ્તુ તેમજ સંબંધ બરાબર ઓળખવા પ્રયત્ન થશે ત્યારે શ્વાનવૃત્તિ અટકશે. શાંતરસની જમાવટ બરાબર કરવા માટે આ વૈરાગ્યને ઉત્પન્ન કરનાર અને આત્માને મોક્ષ પમાડનાર ભાવનાઓ ભાવવી ઘટે.

ભાવના વગર વિદ્વાન માણસના મનમાં પણ શાંતરસ જાગતો નથી, ઊઠતો નથી અને જામતો નથી અને શાંતરસ વગર જરા પણ સુખ નથી, તેથી જેને દુનિયાદારીના શૃંગાર, હાસ્ય, વીરરસ કરતાં પણ બહુ આગળ લઇ જનાર શાંતરસનું મહત્ત્વ સમજાયું હોય તેને માટે ભાવના બહુ અગત્યની ચીજ છે. એ ભાવનાઓ વગર વિદ્વાન પણ સંસારમાં રખડી પડે છે, એ વગર ભણેલા માણસો પણ સંસારમાં આંટા માર્યા કરે છે અને એના વગર શાંતરસનો મહિમા એના મગજમાં કે વિચારભૂમિકામાં આવતો નથી.

'ભાવના' આ ગ્રંથનો વિષય છે, એની શક્તિ કેટલી છે તે અત્ર બતાવ્યું. ભાવના વગર શાંતરસ જામે નહિ અને શાંતરસ વગર ખરૂં સુખ મળે નહિં. ભાવનાની આ જીવનમાં કેટલા માટે કેટલી જરૂર છે? સમજુ ભણેલા–ગણેલાને પણ એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે કેટલી ચીવટ રાખવી ઘટે એ બતાવવાની સાથે ગ્રંથકર્તાએ પ્રસ્તાવનામાં ‘ વસ્તુનિર્દેશ ’ કર્યો છે.

૩. વિદ્વાન બુદ્ધિશાળીને ઉદ્દેશીને એ વાત તદ્દન જુદા આકારમાં ગ્રંથકર્ત્તા કહે છે. એમણે ગ્રંથના વિષયની વિશિષ્ટતા બતાવી છે અને શાંતરસ વિદ્વાનોમાં પણ જામે એ એમની આંતરેચ્છા છે.

મારા વિચક્ષણ ભાઇઓ ! બુદ્ધિશાળી મહાનુભાવો ! તમે આ સંસારમાં રખડ્યા કરો છો, આંટા માર્યા કરો છો અને હિસાબ વગરના ચક્કરે ચડો છો. ઘડીકમાં તમે અનેક રૂપે હાથી, ઘોડા, ગાય, બળદ, બકરીના વેશ ગ્રહણ કરો છો, વળી કોઈ વાર મગર કે માછલાં થાઓ છો, કોઇ વખત કાગડા–પોપટ થાઓ છો, વળી કોઇ વાર વનસ્પતિમાં જાઓ છો, કોઈ વાર જળમાં જાઓ છો, કોઇ વાર કીડી, માકડ, મચ્છર થાઓ છો, વળી કોઇ વાર મનુષ્ય થઇ જાઓ છો. તમે આવી રીતે ચોરાશી લક્ષ યોનિમાં આંટા માર્યા કરો છો. તમે આમ ચારે તરફ ચક્કર ચક્કર ફરો છો પણ તેથી તમને ફેર આવે છે–ચક્કર આવે છે ? અને તમને ત્રાસ થાય છે ? આવા ચક્કરથી તમે ખરેખર થાકયા છો ? તમને કાંઇ કંટાળો આવ્યો છે ?

વળી આ સંસારમાં જરા વાર સુખ મળે, પાછો વિયોગ થાય, હેરાન હેરાન થઇ જાઓ, રડો, કકળો, મુંઝાઓ, છાતીના પાટીઆ ભીંસાઇ જાય એવા ત્રાસો થાય અને વળી જરા તમારી માનેલી સગવડ મળે એટલે એને તમે સુખ માનો છો; પણ જે સુખ પછવાડે દુઃખ હોય જ નહીં એવું અનંત સુખ તમારે પ્રાપ્ત કરવું છે કે અત્યારે જે મળે તેમાં મ્હાલવું છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગળ જે થાય તે જોયું જશે એમ ધારી વાત પડતી મૂકવી છે ? તમારા જેવા સમજુની આ ચક્રભ્રમણની દશા હોય ? દોડીદોડીને પાછા પડો છો અને વળી પાછા ત્યાં જ આંટા મારો છો ! તમારા જેવા વિદ્વાન, પાંચ માણસમાં પૂછવા લાયક માણસની આ દશા હોય ? તમારે ખરૂં સુખ ખરેખર મેળવવું છે ? છેડો કદી ન આવે અને સુખ, સુખ અને સુખ અનુભવો એ દશા પ્રાપ્ત કરવી છે ?

જો તમને આ રખડપટ્ટી પર ખરેખર ખેદ આવ્યો હોય અને તમારા મનમાં સાચું સુખ હંમેશને માટે મળે એવી ઇચ્છા તીવ્ર સ્વરૂપે થઇ હોય તો હું તમને તેનો રસ્તો બતાવું. તમે ખરેખર આતુર હો તો મારી પાસે તેનો રસ્તો છે.

ગ્રંથકર્ત્તા કહે છે કે મેં આ મારા **શાંતસુધારસ** ગ્રંથમાં શુભ ભાવનાઓનો રસ ઠાંસી–ઠાંસીને ભર્યો છે. એ તમે બરાબર સાંભળો. એમ કરશો એટલે તમારી જે ખેદ દૂર કરવાની અને અવિનાશી સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે એ સફળ થશે. એ ભાવના કઇ કઇ છે અને તે ભાવવાનું પરિણામ શું આવશે તે આગળ આ પ્રસ્તાવનામાં જ ગ્રંથકર્ત્તા કહેવાના છે.

અહીં મારો આ ગ્રંથ સાંભળો એમ કહેવાનો હેતુ જિજ્ઞાસા જાગૃત કરવાનો છે. મેં આ ગ્રંથમાં શાંતસુધાનો રસ ઠાંસી-ઠાંસીને ભર્યો છે અને એ જેવો 'મેં જાણ્યો કે અનુભવ્યો તે તમારે માટે અહીં સંગ્રહી રાખ્યો છે.'

આ વાક્યમાં કોઇ જાતનું અભિમાન નથી. જેવી ભાવના સિદ્ધર્ષિ ગણિને થઇ હતી કે જ્ઞાન, દર્શન, ચારિત્ર–વિમળાલોક અંજન, તત્ત્વપ્રીતિકર પાણી અને પરમાન્ન ખૂબ આપવું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાને ભવિષ્યમાં મળ્યા કરે તે માટે આપવું. આપેલ મળે છે એ ન્યાયે વિશિષ્ટ સ્વાર્થ સાધવા આપવું, એ જ દશામાં વર્તી **શ્રી વિનયવિજય** ઉપાધ્યાય કહે છે કે તમે આ મારો ગ્રંથ સાંભળો. તમે એ બરાબર સાંભળશો તો તમારા સ્થૂળ સંતાપ નાશ પામી જશે અને તમને અજરામર સુખ અનંત કાળ માટે અવ્યાબાધપણે નિરંતરને માટે મળશે.

ખરી રીતે તો આવા ગ્રંથ સાંભળવા માત્રથી પ્રાણીનો ઉદ્ધાર થઈ જતો નથી, પણ ઉદ્ધારની દિશાએ તેને દોરવાનો ઉપાય તો એ જ છે. આ પ્રાણી જો આવું આવું સાંભળતો થાય અને જરા અંદર ઉંડો ઉતરે તો પછી એનો માર્ગ એને જડી આવે. આ વાત માત્ર માર્ગ ઉપર લઈ આવવા ખાતર કહી છે. પ્રાણી માર્ગ ઉપર આવે તો પછી એને અનેક રસ્તા ઉઘાડા છે અને એ એને શોધી લઈ શકે તેમ છે. ભાવનાઓનું બળ એવું છે કે એક વાર જાગી તો પછી અંદર ઉંડા ઉતારી દે અને પ્રાણી વિવેક પ્રાપ્ત કરી લે તો પછી સમજુ માટે જરા પણ ચિંતા રહે નહિ. માત્ર એ 'હંબગ' ધારી દૂર નાસતો ન ફરે તેટલા પૂરતી આ સાંભળવાની પ્રેરણા છે અને આંતર આશય એમાં રમણ કરાવવાનો છે.

૪. ગ્રંથકર્તા હજુ પણ પોતાની પ્રાર્થના આગળ વધારે છે. બહુ સારા શબ્દોમાં સુંદર રીતે પ્રેરણા કરે છે. ઉપરના શ્લોકોમાં પ્રાણીને બુદ્ધિમાન કહ્યો. બુદ્ધિથી પ્રાણીને વિવેક આવે છે, પણ તે તેનો સદુપયોગ કરે તો. અહીં એ સુંદર બુદ્ધિવાળાના મનના વિચારો પણ સુંદર હોય છે, તેને ઉદ્દેશીને કહે છે. પ્રાણીને સંબોધન કરતાં તેને સુંદર ચિત્તવાળા—સુંદર ચિત્ત-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંદિરના માલેક ! એવા મધુર શબ્દે બોલાવે છે. આ પ્રાણી અત્યારે તો સંસારમાં રખડતો ફરે છે અને બુદ્ધિનો દુરૂપયોગ કરે છે, છતાં ગ્રંથકર્ત્તાનો આશય એને રસ્તે લાવવાનો છે, તેથી એ તુચ્છ શબ્દોમાં આમંત્રણ કરતા નથી, એ એને નરકાધિકારી કે ભ્રમિત ચિત્તવાળા કે વિષયવિષ્ટામાં રમનારા કીડા કહીને બોલાવતા નથી; પણ એને મધુર ભાષામાં કહે છે કે તમે સુંદર મનોમંદિરના માલેક છો, તમે સારાસાર સમજી શકો એટલી બુદ્ધિશક્તિના સ્વામી છો, તમે પરોપકાર સદાચાર નીતિ માર્ગે તમારા વિચારો દોરવી શકો એટલી તમારી બુદ્ધિ છે અને એવા વિચારો તમે કરી શકો તેમ છો. તમે એવા નિર્મળ મનના માલેક છો અને ધારો તો બુદ્ધિનો સારો ઉપયોગ કરી શકો તેવા છો તેથી જ તમને આમંત્રણ કરી, વિજ્ઞપ્તિ કરી, પ્રાર્થના કરી આ અનુભવસિદ્ધ સાચા, સાદા અને તમારા પોતાના માર્ગ પર આવવા તમને પ્રાર્થના કરવામાં આવે છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રાચીન મહાન લેખકો તુચ્છ ભાષામાં આમંત્રણ કરવાની રીત પસંદ કરતા નહોતા. વાચનાર કે સાંભળનાર પ્રથમ દૃષ્ટિએ વિરૂદ્ધ પડી જાય અને ગ્રંથમાં આગળ ન વધે તો લેખકનો પ્રયાસ નિષ્ફળ જાય છે. સુંદર લેખકો કદી લોક-સમાજને અસાધ્યની કોટિમાં ગણતા નથી. પોતાની પાસે સારી વાત હોય છે તે ઘણી મીઠી ભાષામાં મુદ્દો ન ચૂકાય તેવી રીતે સ્પષ્ટ આકારમાં રજુ કરે છે. ભાષાસૌષ્ટવ કદી ચૂકતા નથી અને તેને માટે ખાસ ચીવટ રાખે છે.

ભવ્ય વિચારકો ! સુંદર મનોમંદિરના માલેકો ! આ ગ્રંથમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાની બાર ભાવનાઓ તમે તમારા મનમાં ધારણ કરો. જેમ ધનવાન માણસ પોતાના ગળામાં અમૂલ્ય મોતીની માળા ધારણ કરે છે તેમ આ ભાવનારૂપ મૌક્તિકમાળા તમારા મનોમંદિરમાં ધારણ કરો. હૃદય ઉપર ધારણ કરેલી મોતીની માળા અન્ય જોનારને સુંદર લાગે છે અને પહેરનારની નજરમાં આખો વખત રહે છે તેવી જ આ ભાવનારત્નમાલિકાની સ્થિતિ છે. એ મનમાં ધારણ કરનારને અનંત સુખ આપે છે અને એના વાતાવરણમાં રહેનારને અદ્ભુત શાંતિ આપે છે. એટલા માટે એ ભાવનામાળા તમારા મનોમંદિરમાં ધારણ કરો.

એ ભાવનાઓ કેવી છે? એ 'શ્રુતપાવના' છે. એમાંથી ઘણા ભાવો પ્રાપ્ત થાય છે. (૧) એ સાંભળવાથી કાનને પવિત્ર કરે તેવી છે. ઘણી હકીકત એવી હોય છે કે એ સાંભળતાં કંટાળો આવે, દુઃખ થાય અને એવી વાત ન સાંભળી હોત તો સારું એવી વૃત્તિ થાય છે. આ ભાવનાઓ તો એવી છે કે એ સાંભળતાં અતિશય આનંદ આપે છે.

અહીં એક વાત જરૂર કરવા જેવી છે. એ સંબંધી વિશેષ વિવેચન તો ઉપોદ્ઘાતમાં થશે; કારણ કે એનું સ્થાન ત્યાં છે. ગ્રંથકર્ત્તાએ આ બાર ભાવના તથા ધર્મધ્યાનને અનુસંધાન કરાવનાર બીજી મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ બહુ સુંદર રીતે બનાવી છે. એમણે પ્રત્યેક ભાવના પર આઠ અથવા નવ સુંદર શ્લોકો ભિન્નભિન્ન પ્રચલિત છંદોમાં લખ્યા છે અને તેથી પાઠ કરવામાં સુગમ છે. એની ભાષા હૃદયસ્પર્શી અને વિચાર કરે તો અંતઃકરણમાં આરપાર ઉતરે તેવી છે. વિચાર ન કરે તો પણ કાનને પવિત્ર કરે તેવી તેની શબ્દરચના છે. ત્યારપછી પ્રત્યેક ભાવના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર એમણે એક અષ્ટક ગીત મૂક્યું છે.' એ જો એના ચાલુ રાગમાં ગવાય તો કાનને ખરેખર અપૂર્વ આહ્લાદ આપે તેવો તેનો રાગ છે. એ સુંદર રીતે ગવાય છે અને તાલ સુરની કેળવણી વિનાની પણ ચાલુ દેશીમાં ગાઈ શકે તેવી તેની રચના છે. આ હકીકત પર ચર્ચા તો ઘણી કરવાની છે, તે તેના સ્થાન પર થશે. અત્ર કહેવાની વાત એ છે કે એ વિદ્વાનોની ચર્ચા બાજુએ રાખતાં પણ આ ભાવનાઓ કાનને ખૂબ મજા આપે તેવી છે, આનંદ આપે તેવી છે, પવિત્ર કરે તેવી છે.

એક વખત કોઈ દેશી રાગો જાણનાર પાસે તેના લય જાણી લઈ, તેમાં ગાવામાં આવે તો ખૂબ મજા આપે તેવી છે. એ ગીતો અસલ ઉસ્તાદી રાગોમાં પણ ગવાય તેવા છે અને એના છંદો સાદા સરલ અને ચાલુ હોવા ઉપરાંત એની રચના એવી સરસ છે કે એક બે વખત છંદોનું પુનરાવર્તન કરી ગયા પછી એ કાન સાથે અથડાયા જ કરશે, આંદર ગાન ઉત્પન્ન કરશે અને ભૂલવા પ્રયત્ન કરવા છતાં પણ સ્મરણમાં ચોંટી જશે.

આનું નામ 'શ્રુતપાવન' કહેવાય. (૨) એમાં બીજો પણ ભાવ છે. એ શ્રુત એટલે સાંભળી હોય તો સાંભળનારને પવિત્ર કરે છે. કાન અને કાનનો ધણી એક જ છે, છતાં કાનને પવિત્ર કરવા એ જુદી વાત છે, સાંભળનારને પવિત્ર કરવો એ જુદી વાત છે, તે વિચાર કરવાથી સમજી શકાશે.

(૩) શ્રુત એટલે જ્ઞાન. તીર્થાધિરાજે કહેલું અને ગણધરોએ ગુંથેલું આખું અનુયોગનું શાસ્ત્ર. જૈન શાસ્ત્રમાં એને 'શ્રુત 'જ્ઞાન કહેવામાં આવે છે. એ શ્રુતજ્ઞાનથી આ બારે ભાવના પવિત્ર થયેલી છે. ટૂંકામાં કહીએ તો એ કોઈએ પોતાની

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલ્પનાથી ઉભી કરેલી—જોડી કાઢેલી વાત નથી, પણ શ્રુતનો વિષય થયેલી છે અને સિદ્ધ વસ્તુઓમાંથી સિદ્ધહસ્તદ્વારા સાંભળીને નોંધાઇ ચૂકેલી છે.

(૪) 'અથવા કોઇનું જ્ઞાન બરાબર ન હોય તો તેને બરાબર કરી આપનાર, તેનામાં વિવેક ઉત્પન્ન કરનાર અને તેના ઉપરચોટીઆ શ્રુતજ્ઞાનને યથાર્થ શ્રુત કરી પવિત્ર કરનારા હોઇ એ જાતે પરમ પવિત્ર છે. જ્ઞાન અને અજ્ઞાનનો ફેર અહીં સ્પષ્ટ માલૂમ પડે છે. આવા અનેક અર્થ નીકળી શકે એવો એ શબ્દ છે. ભાવ સમજાય તેવો છે.

આવી શ્રુતને પવિત્ર કરનારી બાર ભાવનાઓ મનમાં ધારણ કરો એમ લેખક મહાત્મા કહે છે. ઉપરના (ત્રીજા) શ્લોકમાં ભાવનાને સાંભળવાની સૂચના કરી, આ (ચોથા) શ્લોકમાં મનમાં ધારણ કરવાની વાત કરી. વાત એ છે કે માત્ર સાંભળવાથી લાભ તો થશે, પણ ખરો લાભ તો એને મનમાં ઉંડી ઉતારી, એને જીરવવાથી થાય તેમ છે. ભાવના જીરવાય કેમ ? એની કળા પણ આ ગ્રંથ વાંચવાથી અને એમાં ઉંડા ઉતરવાથી સાંપડશે.

આવી ભાવનાઓને મનમાં ધારણ કરવાથી લાભ શો ? અને એનું પરિણામ શું ? એ વાત હવે લેખકશ્રી પોતે જ કહે છે.

આ સંસાર અરણ્ય જેનું વર્ણન પ્રથમ શ્લોકમાં કરવામાં આવ્યું તેમાં અનેક જાળાંઝાંખરા વિગેરે છે, પરંતુ એમાં કલ્પ-વેલડીઓ પણ છે. એ શોધવી પડે તેમ છે પણ શોધનારને જરૂર મળે તેમ છે. અને સમતા કલ્પવેલડી તો એવી છે કે એક વખત શોધ કરવાથી એ મળી જાય તો પછી તેની પાસેથી

જૈન સાઈટ JAINSITE.com જૈન જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમતા-શમ-સંવેગ વિગેરે અનેક ફળો મળી શકે તેમ છે. કલ્પવૃક્ષનો એવો સ્વભાવ છે કે એ માગનારને માગ્યા ફળ આપે. સમતા લતા પાસેથી તો ચારિત્રરાજના પરિવારનાં અનેક ફળો મળે તેમ છે. એનાં ફળોનું વર્ણન **ઉપમિતિ ભવપ્રપંચા કથાના** (      ) પ્રસ્તાવમાં વિસ્તારથી કર્યું છે. એ સમતા કલ્પવેલડીનાં ફળો પ્રાપ્ત કરવા માટે એ વેલડીને ઉગાડવી જોઇએ અને ઉગાડવા પહેલાં એને ઓળખવી જોઇએ.

એ સમતા લતામાં અસાધારણ શક્તિ છે. એ કહેવાય છે તો ઠંડી-શાંત, કારણ કે સમતાના વાતાવરણમાં શાંતિ હોય છે, પણ એની ગતિ અદ્ભુત છે. એને અંગ્રેજી ભાષામાં Driving power ( વેગ-શક્તિ ) કહે છે. એ વેગ, એ બળ, એ યદૃચ્છા જેને પ્રાપ્ત થાય એની આત્મિક પ્રગતિ ઘણી વધી જાય છે અને એ કર્મનો તો ચૂરો કરી નાખે છે. એ સમતાના પ્રતાપે પ્રાણી અરિહંત-અર્હંત થાય છે, એ કર્મરૂપ દુશ્મનોનો નાશ કરનાર-કાઢી નાખનાર બને છે અને એ શાશ્વત સુખ પ્રાપ્ત કરનાર થાય છે. આવી અદ્ભુત શક્તિ સમતા લતામાં છે અને તે સારી રીતે જાણીતી છે. કોઇ ખરા યોગીની સન્મુખ જતાં એનો ખ્યાલ આવે છે, મહાત્મા પુરુષોમાં એનો સાક્ષાત્કાર દેખાય છે અને ઋષિમુનિઓમાં એનો પ્રભાવ એમના વર્તન અને વચનોથી જણાઇ આવે છે. જ્યારે માન-અપમાન સરખા ગણવાની ટેવ પડે, જ્યારે પથ્થર અને સુવર્ણ ઉપર સમભાવ થાય, જ્યારે સ્તુતિ કે નિંદા ઉપર એક સરખી વૃત્તિ આવે, જ્યારે સગવડ-અગવડમાં મનની એક સરખી વૃત્તિ ટકી રહે ત્યારે ખરી સમતા-શાંતિ પ્રાપ્ત થાય છે. એનું આબેહુબ વર્ણન યોગીરાજ આનંદઘનજીએ શાંતિનાથજીના સ્તવનમાં કર્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એના પરિણામે કેવી મનોદશા થાય છે તે યોગશાસ્ત્રના પ્રણેતા શ્રી હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રમાં વર્ણવ્યું છે.

આવી અદ્‌ભુત વીર્યવતી સુપ્રસિદ્ધ પરિણામ જણાવનારી સમતાલતા આ ભવ–કાનનમાં પ્રાપ્ય છે, પણ અત્યારે એનો વેગ મોહરાજાએ દબાવી દીધો છે–છુપાવી દીધો છે–દાટી દીધો છે. મોહ કષાય વિગેરે અનેક વિકારોને જન્મ આપે છે. એ વિકારોને પરિણામે પ્રાણી રાગ–દ્વેષમાં પડી જાય છે અને રાગ-દ્વેષ એ સાચી નિર્ણય શક્તિની આડે આવે છે. એટલે વાત એ થઇ કે અસાધારણ ફળો આપનાર અને સુપ્રસિદ્ધ મહિમાવાળી સમતાલતા તમારા સંસાર અરણ્યમાં–ભવ કાનનમાં છે, પણ તે તમારામાં મોહના જોરથી ઉગતી નથી–જામતી નથી–વધતી નથી. અને તે કેમ વધે ? એના મૂળમાં રાગ–દ્વેષ એવું ઝેર રેડે છે કે એનાં મૂળો બળી જાય છે અથવા અરધાંપરધાં બળી જાય છે. કોઇ લતાના મૂળ બળી જાય એટલે એનો પાયો જ નકામો થઇ જાય છે અને એ વધતી અટકી જાય છે.

જો તમારે આ સમતાલતાને ઉગાડવી હોય, જો તમારે એનાં ફળ ચાખવાં હોય, જો તમારે અત્યારની સર્વ ગુંચવણનો અંત હમેશને માટે આણવો હોય તો મહાનુભાવો ! તમે આ કહેવાશે તે બાર ભાવનાઓ મનમાં બરાબર ભાવો, એને તમારા વિચારક્ષેત્રમાં બરાબર સ્થાન આપો અને એને વારંવાર જમાવો, વગર અટકયે જમાવો, એનો નિરંતર અભ્યાસ કરો અને એને મનોમંદિરમાં સ્થાન આપો. વાતનો સાર એ છે કે આ બાર ભાવનાઓ તમે નિરંતર ભાવો.

આ શ્લોકમાં બાર ભાવનાની વાત કરી છે એ વાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારવા જેવી છે. આ ગ્રંથની અસલ યોજના બાર ભાવના સંબંધી ઉલ્લેખ કરવાની હશે અને પછી ચાર ભાવના પછવાડે લખવાનો વિચાર થયો હશે એવું અનુમાન થાય છે—તે સંબંધી ઉપોદ્‌ઘાત જુઓ.

**૫.** એ સમતાલતા પ્રાપ્ત કરવા જેવી તો ખરી, પણ જ્યાં ગામમાં પેસવાના જ વાંધા હોય ત્યાં એ કેમ બને! મોહરાજાએ એની શી સ્થિતિ કરી છે તે આપણે જોયું. હવે એનો અંકુર—એનું બીજારોપણ થવામાં ઘણા વાંધા છે તે બતાવે છે. બધી વાતનો સાર એ છે કે ગમે તેમ કરીને 'સમભાવ' પ્રાપ્ત કરવો જોઇએ. આ જ ગ્રંથના લેખક ઉપાધ્યાય **શ્રી વિનયવિજયજી** ઉપાધ્યાય પુન્ય પ્રકાશના સ્તવનમાં કહે છે કેઃ—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનાં કામ;**
**છાર ઉપર તે લીપણું, ઝાંખર ચીત્રામ;**
**ધનધન તે દિન માહરો.**

એમના સમકાલીન ઉપાધ્યાય **શ્રીમદ્યશોવિજયજી** મહારાજ ક્રોધની સજ્ઝાયમાં કહે છે કેઃ—

**"ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણો રે."**

એ સમ અથવા શમ શું છે એનો ખુલાસો પણ શમાષ્ટકમાં શ્રીમદ્યશોવિજયજી આપે છે. તેઓ કહે છે કેઃ—

**विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।**
**ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः ॥**

" વિકલ્પના વિષયથી ઉતરી ગયેલ અને સ્વભાવના અવલંબનને ગ્રહણ કરનાર જે જ્ઞાનનો પરિપાક તે શમ કહેવાય છે. "

મતલબ સમભાવ વગર સર્વ ક્રિયા વસ્તુતઃ નકામી થાય છે, કચરા ઉપર લીંપણ જેવી થાય છે. શુદ્ધ કરેલી ન હોય તેવી ભીંત ઉપર ચિત્રામણ જેવી થાય છે, એ સમ છે એટલે એમાં કોઇ જાતના વિકલ્પો થતા નથી. આત્મા એના મૂળ સ્વભાવનું અવલંબન કરે છે. ભણ્યાગણ્યાનું—સર્વ જ્ઞાનપ્રાપ્તિનું ફળ છે અને આખા જૈન શાસનનો સાર છે. કોઈ પણ પ્રકારના વિકાર રહિત અને એક સરખા પરિણામ થાય તેને 'સમ' અથવા 'શમ' કહેવામાં આવે છે.

હવે મનનો વિચાર કરીએ તો સાંસારિક પ્રાણીઓના મનમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ચાલ્યા કરે છે. બહુ સંક્ષેપમાં કહીએ તો તે બન્ને ધ્યાનો અપધ્યાન છે અને તે નીચે પ્રમાણે વ્યક્ત થાય છે. આર્ત્તધ્યાનના ચાર પ્રકારઃ—

૧ ગમે તેવી વહાલી ચીજોનો નાશ થાય તે પછી અથવા પહેલાં તેનું ચિંતવન—**ઈષ્ટનાશ.**

૨ ન ગમે તેવી વસ્તુ કે માણસોના સંયોગ—ભૂત કે ભાવીનાં ચિંતવન—ચિંતા—**'અનિષ્ટસંયોગ'.**

૩ વ્યાધિ થઈ ગયો હોય તેની ચિંતા, દવા, વ્યાધિ થવાની કલ્પના, મરણ ભય—**'રોગપ્રતિકાર'.**

૪ મારૂં શું થશે ? હું શેના ઉપર ગુજારો કરીશ ? દુઃખઃ આવશે તો શું થશે ? 'નિદાનકરણ'—**આગામીચિંતા.**

રૌદ્રધ્યાનના ચાર પ્રકારઃ—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ અન્ય જીવને મારી નાખવાના, દુઃખ દેવાના, કદર્થના કરવા-કરાવવાના વિચાર—હિંસાનુબંધી.

૨ જૂઠું બોલવું, છેતરપીંડી કરવી, ખોટો આરોપ મૂકવો વિગેરે વિચાર—મૃષાનુબંધી.

૩ પારકા ધન કે ચીજને ઉપાડવા, તેની રજા વગર ચોરી કરવી, ઘાટ ઘડવા—ચૌર્યાનુબંધી.

૪ લોભને તાબે થઈ તૃષ્ણા વધારવી, પરિગ્રહ આશા—તૃષ્ણાનાં વિચારો કરવા તે—પરિગ્રહાનુબંધી.

આ આર્ત્ત—રૌદ્ર ધ્યાનનું સ્વરૂપ વિસ્તારથી જૈન દૃષ્ટિએ યોગમાં (પૃ. ૧૩૧માં) આપ્યું છે. આવા આર્ત્ત—રૌદ્ર ધ્યાનના પરિણામો—વિચાર ઘટનાઓ—ચાલતી હોય તે ખરેખર અગ્નિ જેવી છે. એ ભાવનાશીલ (ભાવુક) વિવેક—સહસદ્વિચારણારૂપ સુંદર મંદિરને મૂળમાંથી બાળી નાખે છે. જ્યાં આર્ત્ત—રૌદ્ર ધ્યાન એના કોઈ પણ આકારમાં મનમાં વર્તતું હોય ત્યાં ભાવનાશીલ વિવેકરૂપ સૌંદર્યનો નાશ થઈ જાય છે.

જે મનમાં આર્ત્ત—રૌદ્ર ધ્યાન એના એક પણ પ્રકારમાં વર્તતું હોય છે ત્યાં વિવેકનો નાશ થાય છે.

આ પ્રાણી વિષયમાં લોલુપ છે. એને ઇન્દ્રિયોના વિષયોમાં ખૂબ આનંદ આવે છે. એનો અનંત ગુણવાળો આત્મા એટલો બધો વિભાવદશામાં પડી ગયો છે કે એને સ્ત્રીસંગ કે સુંદર ભોજન, નવનવ પદાર્થદર્શન કે સુંદર શ્રવણાદિકમાં રાગ થાય છે, તેમાં એ મસ્ત થઈ જાય છે, તેમાં એ એકરૂપ થઈ જાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા વિભાવદશામાં લપટી ગયેલા આત્માના મનનો વિચાર કરીએ તો એ આર્ત્ત–રૌદ્ર ધ્યાનમાં પડી જઇ એના બળતા અગ્નિમાં ભાન ભૂલી જાય છે, એનો વિવેક નાશ પામે છે અને એ એમાં એટલો લુબ્ધ થઇ જાય છે કે એનામાં સમતા આવતી નથી. અરે! વાત ત્યાં સુધી થાય છે કે એનામાં સમભાવનો અંકુરો પણ ફૂટતો નથી. જ્યાં મૂળીઆને અંકુરો પણ ન ફૂટે ત્યાં ઝાડ ઉગવાની તો વાત શી કરવી? અને નાનો છોડ ઉગવાની પણ આશા કેમ રહે?

કોઇ પણ સાદો દાખલો લઇએ. મનમાં કોઇ ઉપર વેર થયું એટલે પછી શા શા વિચાર આવે? કેવા કારસ્થાનો સૂઝે? કેવી યોજનાઓ ઘડાય? કેટલા ગોટા વળે?

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અથવા માન મેળવવાની આશા થઇ. પછી કેટલા દંભો કરવા પડે? કેવા દેખાવો કરવા પડે? કેટલા ઢાંકપીછોડા કરવા પડે? કેટલા ગોટા વાળવા પડે?

દુનિયાદારીનો એક દાખલો લઇએ. આત્માના વિભાવરમણની એક સ્થિતિ કલ્પીએ. પછી જુઓ તો એમાં ગુંચવણ, ગોટાળા, દંભ, ધમાલનો પાર નહિ રહે. વિષયમાં રમવાની લોલુપતા હોય અને મન વિકારથી ભરેલું હોય, વિવેક બળી ગયો હોય, પછી એમાં સમતા ક્યાંથી આવે? કેમ આવે? કયે રસ્તે આવે?

ધ્યાનમાં રાખવાનું છે કે આ સર્વ વાત વિદ્વાનોને પણ એક સરખી રીતે લાગુ પડે છે. એ ગમે તેટલું ભણેલ હોય, એણે દ્રવ્યાનુયોગ કે ગણિતાનુયોગના ગ્રંથો વાંચ્યા હોય, એણે જ્ઞાન–વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય, પણ જો તે વિષયમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આસક્ત હોય અને એના મનમાં કોઈ પણ મનોવિકાર હોય તો એનામાં સમભાવનો અંકુર પણ ઉગતો નથી.

આ શમાંકુર ઉગાડવા માટે પ્રયત્ન કરવો, એની દિશા સમજાવવી—એ આ ગ્રંથનો ઉદ્દેશ છે. હવે એ શમાંકુર જગાડવા—ઉગાડવા માટે ભાવનાની જરૂર છે એ વાત તો ઉપર બતાવી દીધી છે. ભાવનાના ચાલુ અભ્યાસથી 'શમ' જાગે, એ વાત આ પ્રસ્તાવનામાં કરવાની છે. એ ક્યારે થાય તે સંક્ષેપમાં હવે બતાવી, છેવટે આ ગ્રંથમાં કહેવાની ભાવનાનો નામ–નિર્દેશ કરશે. અહીં વાત એ કરી કે દુર્ધ્યાન કરનાર વિષયાસક્તના મનમાં અતિશય પ્રયત્ન હોવા છતાં સમભાવ મૂળીઆં પણ નાખતો નથી.

૬. ઉપરના શ્લોકમાં વિષયવાસનામાં પડી રહેલાની વાત કરી. એથી ઉલટી રીતે જે જ્ઞાનીનો આશય વિવેક અમૃતનો વરસાદ વર્ષાવનારો થઈ જાય છે તે પ્રાણીના સંબંધમાં લોકોત્તર સુખરૂપ ફળને આપનાર સદ્ભાવનારૂપ કલ્પલતા દૂર રહેતી નથી. મતલબ એવા પ્રાણીને લોકોત્તર સુખ જરૂર પ્રાપ્ત થાય છે. બધી વાતનો આધાર અંદરના આશય ઉપર છે. બાહ્ય દૃષ્ટિએ સમાન ક્રિયા કરનારને ફળમાં ઘણો ફેર પડે છે. બે પ્રાણીઓ દૂધપાક—પુરી ખાતા દેખાય છે. જોનારની નજરે એ બન્ને એક જ ક્રિયા કરે છે, છતાં એક મહામલિન કર્મ બાંધતો હોય છે અને બીજો કર્મનો નાશ કરતો હોય છે. એક આવી પડેલ વસ્તુ ખાતો હોય છે, પણ એ શરીરને ભાડું આપતો હોય છે અને બીજો અંદરથી રસ જમાવી, સ્વાદ કરી, ગૃદ્ધ થઈ, રાચીમાચીને ખાતો હોય છે.

JAINSITE जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલા માટે અંદરનો આશય શું વર્તે છે? મન ક્યાં છે? એ વાત પર ઘણો આધાર રહે છે.

જે પ્રાણીનો આશય ખાસ કરીને જ્ઞાનમય થયેલો હોય, અને જ્ઞાને કરી અંદરના સૂક્ષ્મ ભાવો ઓળખવા જેટલી જેનામાં ચતુરાઇ આવી ગઇ હોય એવો પ્રાણી જો વિવેકામૃતના વરસાદરૂપ પતિનો આશ્રય કરે તો પછી તેનાથી અસાધારણ લોકોત્તર પ્રશમસુખરૂપ ફળને આપનાર સદ્ભાવનારૂપ કલ્પલતા દૂર રહેતી નથી. મતલબ એને પ્રશમ સુખ જરૂર પ્રાપ્ત થાય છે. આમાં ટૂંકામાં નીચે પ્રમાણે વાત થઇ.

૧ અંદરનો આશય જામવો—સ્થિર થવો જોઇએ.

૨ એ આશયમાં જ્ઞાનમય નિપુણતા ભળવી જોઇએ.

૩ એવો નિપુણ આત્મા વિવેકને વરવો જોઇએ.

૪ એવા વિવેકને વરેલા આત્માથી સદ્ભાવના દૂર જતી નથી.

૫ પરિણામે લોકોત્તર પ્રશમ સુખ એને જરૂર પ્રાપ્ત થાય છે.

આ ભાવાર્થ સમજાઇ જાય તેવો છે.

આ શ્લોકનો ભાવ બીજી રીતે પણ બેસે તેમ છે. સદ્ભાવના સુરલતા હોય તો જે પ્રાણીનો આશય વિવેકામૃતના વરસાદરૂપ રમણીય પતિનો આશ્રય લે છે તેને લોકોત્તર પ્રશમ સુખની ફળપ્રાપ્તિ દૂર નથી, એને એવાં ફળની પ્રાપ્તિ તુરત થાય છે. આ અર્થ સમીચીન જણાય છે. ભાવનાથી વિવેક લાવવાનો જે ક્રમ આપણે સમજ્યા છીએ તે પ્રમાણે આ અર્થ ઠીક લાગે છે. એ પ્રમાણે અર્થ કરીએ તો નીચેનો ભાવ બેસે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ સદ્ભાવના હોય, ૨ શુદ્ધ આશય અતિશય જ્ઞાનથી વધેલો હોય, ૩ એવો પ્રાણી વિવેકામૃતનો આશ્રય કરે તો, ૪ એને પ્રશમસુખની પ્રાપ્તિ દૂર નથી.

વાતનો સાર એ છે કે—પ્રશમ સુખ લોકોત્તર છે, પૂર્વ-અનનુભૂત છે અને આત્મિક પ્રગતિ વધારી દેનાર છે. એ સુખ પ્રાપ્ત કરવાનો આપણો આશય છે. એ પ્રાપ્ત કરવા યોગ્ય છે એવો નિર્ણય છે. એ નિર્ણય શ્રુતજ્ઞાનના અભ્યાસ ઉપર રચાયેલો છે. જ્ઞાન અને વિચારણા ઉપર રચાયેલા નિર્ણયો બરાબર ટકી શકે છે. એવા સુંદર મનમાં વિવેક પ્રાપ્ત થઈ ગયો છે એટલે સાચું–ખોટું શું છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. આવી સ્થિતિમાં અસાધારણ વીર્યવાન લોકોત્તર પ્રશમ સુખ પ્રાપ્ત થાય અને થયા પછી ટકી રહે એ તદ્દન સમજી શકાય તેવી વાત છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વિષયલોલુપી પ્રાણીમાં સમભાવના અંકુરો ઉગતા–જામતા નથી, જ્યારે ભાવનાશાળી જ્ઞાની–વિવેકી પ્રાણીમાં પ્રશમ રસ જામી જાય છે. આ રીતે પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં બન્ને વાત કરી દીધી–શમનો અંકુરો ઉગે નહિ તો પ્રશમ ફળોનાં ઢગલા ક્યાંથી થાય ?

૭–૮ સદ્ભાવનાનું સ્થાન શું છે અને તે પ્રાપ્ત કરવાનું ફળ શું થાય તે બતાવ્યું. હવે આ ગ્રંથમાં આપવાની બાર ભાવનાનો નિર્દેશ કરી દે છે. અહીં પણ બાર ભાવનાનાં નામ આપશે તે વાત સૂચક છે. એ ચર્ચા આપણે ઉપોદ્ઘાતમાં કરશું. આ બન્ને શ્લોકોમાં બાર ભાવનાનાં નામો આપ્યાં છે. આ સંસારની રખડપટ્ટીથી તું છૂટી જા તે માટે નીચેની બાર ભાવનાઓ ભાવ. આત્માની સાથે લાગેલાં કર્મોથી અને તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતાં બંધનોથી કંટાળો ઉત્પન્ન થયો હોય તો આ સર્વ વિચારણાઓ કર. અતિ સંક્ષેપમાં તે નીચે પ્રમાણે છે:—

૧ તારો સંબંધ, તારા સંયોગો, તારી ચીજો નિત્ય તારી પાસે રહેવાની નથી, તારૂં શરીર પણ હંમેશનું તારૂં નથી–'**અનિત્ય**'

૨ તને વ્યાધિ થાય તો પીડામાં કોઈ ભાગ પડાવે તેમ નથી, દુઃખમાં કોઈ ટેકો આપી શકે તેમ નથી, તારે તારો જ આધાર છે–'**અશરણ**'

૩ આખા સંસારમાં કર્મરાજા જે નાટક કરાવી રહ્યા છે અને આખો આ ભવપ્રપંચ ચાલી રહ્યો છે તેની વિવેકપર્વતે ઉભા રહી વિચારણા કરવી તે–'**સંસાર**'

જૈન સાઈટ JAINSITE

૪ આ પ્રાણી–એનો આત્મા એકલો જ છે, એનું કોઈ નથી, એ કોઈનો નથી, એ એનો પોતાનો માલિક છે–'**એકત્વ**'

જૈનમ્ જયતિ શાસનમ્

૫ આપણો આત્મા સર્વથી અન્ય છે–ભિન્ન છે, એનું કોઈ સગું નથી, એનું શરીર પણ એનાથી અન્ય છે. આ સ્વ-પરભાવવિચારણા–'**અન્યત્વ**'

૬ માંસ, રૂધિર, મેદ, હાડકાં, લોહી અને ચામડીનું બનેલું આ શરીર અપવિત્રતાની પોટલી છે, એના ઉપર મોહ કરવા જેવું નથી, એનો ખરો ઉપયોગ કરી લેવા જેવું છે–'**અશૌચ**'

૭ જીવ મિથ્યાત્વથી, અવ્રતીપણાથી, કષાયોથી અને મન-વચન–કાયાના યોગથી કર્મો બાંધે છે, ભારે થાય છે અને સંસારમાં રખડે છે–'**આશ્રવ**'

૮ ક્ષમાદિ દશ યતિધર્મો, આઠ પ્રવચનમાતા, બાર ભાવનાઓ,

બાવીશ પરીષહો વિગેરે દ્વારા આવતાં કર્મોને રોકી શકાય છે એ વિચારણા–'**સંવર**'

૯ વૃત્તિ પર અંકુશ, અનશનાદિ બાહ્ય તપસ્યા તથા વિનય-વૈયાવચ્ચ આદિ આંતર તપસ્યાથી લાગેલાં કર્મોની મુક્તિ વગરભોગવ્યે શક્ય છે તે વિચારણા–'**નિર્જરા**'

૧૦ આત્માનું સ્વરૂપ, કર્મસ્વરૂપ, બન્નેનો સંબંધ, મુક્તિમાર્ગ, તેના ઉપાય અને તેનું ઉપાદેયપણું ધર્મમાં બતાવ્યું છે તેની પુષ્ટિરૂપ વિચારણા–'**ધર્મસૂક્તતા**'

૧૧ લોકાકાશનું સ્વરૂપ, લોકનું સ્વરૂપ, તેમાં થતાં આત્માનાં જન્મ–મરણની સ્થિતિ અને એના રખડપાટાનાં સ્થાનોની વિચારણા–'**લોકપદ્ધતિ**'

૧૨ સાચા માર્ગની ઓળખાણ, પ્રાપ્તિ અને સંરક્ષણ મુશ્કેલ છે પણ એ રત્નત્રયીની પ્રાપ્તિ કરવી એ ખાસ કર્તવ્ય છે એની વિચારણા–'**બોધિદુર્લભ**'

આ બાર ભાવના આ ગ્રંથમાં કહેવાની છે.

આપણો ક્રમ નીચે પ્રમાણે રાખશું.

પ્રત્યેક ભાવનાને પ્રકરણ કહેવામાં આવશે. એટલે બાર ભાવનાનાં બાર પ્રકરણ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાનાં ચાર પ્રકરણ એમ સોળ પ્રકરણ થશે.

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ પ્રથમ

## પરિચય :: અનિત્ય ભાવના

પુષ્પિતાગ્રા

वपुरवपुरिदं विदभ्रलीलापरिचितमप्यतिभङ्गुरं नराणाम् ।
तदतिभिदुरयौवनाविनीतं भवति कथं विदुषां महोदयाय ॥क १॥

शार्दूलविक्रीडितम्

आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः सम्पदः,
सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं स्वप्नेन्द्रजालोपमं,
तत्किं वस्तु भवे भवेदिह मुदामालम्बनं यत्सताम् ॥ ख २ ॥

प्रातर्भ्रातरिहावदातरुचयो ये चेतनाचेतना,
दृष्टा विश्वमनःप्रमोदविधुरा भावाः स्वतः सुन्दराः ।
तांस्तत्रैव दिने विपाकविरसान्द्रा नश्यतः पश्यत–
श्चेतः प्रेतहतं जहाति न भवप्रेमानुबन्धं मम ॥ ग ३ ॥

---

૧ **वित्** એટલે વિદ્વાન્ જાણકાર. **भिदुर** એટલે વજ્ર. **अतिभिदुर-यौवनातीतं** Insolent by highly impulsive youth.

૨ **चटुलः** ચંચળ

૩ **विधुराः** એટલે વ્યાપ્ત. **अवदातरुचयः** સુવિશુદ્ધ પ્રકાશવાળા–તેજવાળા. **विपाक** પરિપાકદશા, અંતિમ સ્થિતિ, પક્વદશા. **प्रेत** યમ, નરક. **प्रेतहत** એટલે જેનો વિવેક નાશ પામી ગયો છે એવું. જેને યમ હણે તેની એવી જ દશા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क १ ભાઇ ! આ શરીર આકાશની લીલાનો પરિચય* કરાવનાર હોઇ ખરી રીતે શરીર જ નથી અને વળી મનુષ્યોના સંબંધમાં એનો એક ક્ષણવાર પણ ભરોસો ન કરી શકાય તેવું છે. વળી એ શરીર ભારે આકરા યૌવનથી છકી ગયેલું છે. આવું શરીર સમજુ વિદ્વાન માણસના મહોદયને માટે કઇ રીતે થઇ શકે ?

ख २ ( પ્રાણીનું ) આયુષ્ય પવનના ઉંચાં–નીચાં થતાં મોજાં જેવું ચંચળ છે; સર્વ પ્રકારની સંપત્તિઓની સાથે આપદાઓ વળગી રહેલી છે; પાંચે ઇંદ્રિયનો વિષય થઇ શકે તેવા સર્વે પદાર્થો સવાર–સાંજની સંધ્યાના રંગોની પેઠે ક્ષણવારમાં આવે ત્યાં તો ઉડી જનારા–ચંચળ છે; મિત્રો, પત્ની અને સગાં–સંબંધીઓનો મેળો સ્વપ્નાની સાથે અથવા ઇંદ્રજાળની સાથે સરખાવવા યોગ્ય છે–આ પ્રમાણે છે ત્યારે આ સંસારમાં કઇ વસ્તુ સજ્જન પ્રાણીને–સંત પુરૂષને ટેકો આપનારી અથવા ટેકો લેવા લાયક છે ?

ग ૩ ભાઇ ! આ સંસારમાં અત્યંત પવિત્ર રૂચિ ઉત્પન્ન કરનાર સ્થાવર અથવા જંગમ ભાવો જાતે સુંદર હોઇને સવારના પહોરમાં આખી દુનિયાને મનમાં આનંદ કરાવનારા હોય છે તે જ ભાવો પરિપાકદશા પામતાં વિરસ થઇ જઇને તે જ દિવસે ( દિવસને અંતે–સાંજે ) નાશ પામતાં–ખલાસ થઇ જતાં દેખાય છે; છતાં પ્રેતથી હણાયલું આ મારૂં મન સંસારના પ્રેમની ગાંઠને છોડતું નથી !

* પરિચય કરાવનાર એટલે એને યાદ કરાવનાર, એની રીતે વર્તનાર, એના જેવું. જેવાં વાદળાં અચોક્કસ તેવું આ શરીર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# गेयाष्टक

## ( अनित्य भावना )

मूढ मुह्यसि मुधा मूढ मुह्यसि मुधा,
विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।
कुशशिरसि नीरमिव गलदनिलकम्पितं,
विनय जानीहि जीवितमसारं ॥ मूढ० ॥ ध्रुवपद ॥

पश्य भङ्गुरमिदं विषयसुखसौहृदं,
पश्यतामेव नश्यति सहासं ।
एतदनुहरति संसाररूपं रया-
ज्ज्वलज्जलदबालिकारुचिविलासं ॥ मूढ० ॥ १ ॥

हन्त हतयौवनं पुच्छमिव शौवनं,
कुटिलमति तदपि लघुदृष्टनष्टम् ।
तेन बत परवशा परवशा हतधियः,
कटुकमिह किं न कलयन्ति कष्टम् ? ॥ मूढ० ॥२॥

यदपि पिण्याकतामङ्गमिदमुपगतं,
भुवनदुर्जयजरापीतसारम् ।
तदपि गतलज्जमुज्झति मनो नाङ्गिनां
वितथमति कुथितमन्मथविकारम् ॥ मूढ० ॥ ३ ॥

जैनसाईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### અષ્ટકનો અર્થ:—( અનિત્ય ભાવના )

આ ગેય વિભાગ 'તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી' એ લયમાં બરાબર ગાઈ શકાય છે. એનો અર્થ નીચે પ્રમાણે છે:—

ધ્રુવપદ:—મૂઢ ચેતન ! તારાં (સ્ત્રી, પુત્ર, સગા–સંબંધી) પરિવારનો અને તારી દોલત શેઠાઇ આદિ વૈભવનો વારંવાર વિચાર કરીને તું ફોકટ મુંઝાયા કરે છે. અરે મૂઢ ! તું ખરેખર ફોકટ ફીકર–ચિંતા કરે છે ! અરે વિનય ! પવનથી ફડફડાટ હાલતાં દર્ભ( ઘાસ )ની અણી પર રહેલાં પાણીનાં ટીપાં જેવા ( અસ્થિર ) તારા જીવતરને તું અસાર જાણ.

૧. તું જો ! ઇંદ્રિયજન્ય વિષયસુખની સાથે તારે જે દોસ્તી-સંબંધ છે તે તો ક્ષણવિનાશી છે અને જોતજોતામાં હાથ-તાળી દઈને નાસી જાય તેવો છે, અને આ સંસારનાં સ્વરૂપો છે તે તો ઝબકારા મારતી વીજળીના ચમકારનો બરોબર ખ્યાલ આપે છે–ચમકારાના વેગને અનુસરે છે.

૨. અરે ભાઈ ! આ જોબન( યુવાની ) છે તે તો ખરેખર કુતરાની પુંછડી જેવું ( વાંકું ) છે અને તેવું છતાં વળી જોતજોતામાં ખલાસ થઈ જાય તેવું છે. એવા જોબનીઆને જે પરવશ પડ્યા તે ખરેખર પારકાને આધીન પડી જઇ મંદ બુદ્ધિવાળા થઇ જાય છે. ( એવા પ્રાણીઓ ) કયાં કયાં કડવાં ફળ ન પામે ?

૩. ઘડપણ (જરા) જે ત્રણ ભુવનમાં ન જીતી શકાય–વશ ન કરી શકાય તેવું છે તે શરીરનું સારસાર પી જાય છે અને તેથી આ શરીર તદ્દન રસ વિનાના ખોળ જેવું થઇ જાય છે, તો પણ લાજ–શરમ વગરનું પ્રાણીનું મન અડવા કે સુંઘવા ન ગમે એવા કામદેવના આળા ચસકાને–એના વિકારોને છોડતું નથી !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं,
कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत्तदा वस्तु सांसारिकं,
स्थिरतरं भवति चिन्तय निकामम् ॥ मूढ० ॥ ४ ॥

यैः समं क्रीडिता ये च भृशमीडिता,
यैः समाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयं गतान्,
निर्विशङ्काः स्म इति धिक् प्रमादम् ॥ मूढ० ॥ ५ ॥

असकृदुन्मिष्य निमिषन्ति सिन्धूर्मिव-
च्चेतनाचेतनाः सर्वभावाः ।
इन्द्रजालोपमाः स्वजनजनसङ्गमा-
स्तेषु रज्यन्ति मूढस्वभावाः ॥ मूढ० ॥ ६ ॥

कवलयन्नविरतं जङ्गमाजङ्गमं,
जगदहो नैव तृप्यति कृतान्तः ।
मुखगतान् खादतस्तस्य करतलगतै-
र्न कथमुपलप्स्यसेऽस्माभिरन्तः ॥ मूढ० ॥ ७ ॥

नित्यमेकं चिदानन्दमयमात्मनो,
रूपमभिरूप्य सुखमनुभवेयम् ।
प्रशमरसनवसुधापानविनयोत्सवो,
भवतु सततं सतामिह भवेऽयम् ॥ मूढ० ॥ ८ ॥

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. અનુત્તર વિમાનમાં વસનારા દેવ સુધીનું સુખ સર્વોત્કૃષ્ટ ગણાય, તે પણ સમય પૂરો થાય–કાળ પ્રાપ્ત થાય–આયુ પૂર્ણ થાય ત્યારે પૂર્ણ વિરામ પામે છે, તેથી ભાઈ ! તું ખૂબ વિચાર કરીને જો કે આ સંસારમાં રહેલી કઇ વસ્તુ એથી વધારે સ્થિર છે ? અથવા હોઈ શકે ?

૫. જેની સાથે આપણે રમ્યા–ખેલ્યા, જેની આપણે સારી રીતે પૂજા–સેવા કરી, જેની સાથે આપણે વિનોદ–વાર્તાઓ કરી તેવા તેવા માણસોને રાખમાં રગદોળાતાં આપણે નજરે જોયા અને છતાં આપણને જાણે કાંઇ થવાનું નથી એમ ધારી નિશ્ચિન્ત થઇને ( છાતી કાઢીને ) ઊભા રહીએ છીએ ! આવા પ્રમાદને–આવી મોટી ભૂલને ધિક્કાર છે !

૬. ( આ દુનિયામાં ) ચેતન અને અચેતન સર્વ ભાવો સમુદ્રમાં આવતાં મોજાંઓની પેઠે એક વાર ઊઠે છે–જામે છે અને પાછા તુરત જ શમી જાય છે. (અહીં) સગાસંબંધી અને ધનનો સંબંધ ઇંદ્રજાળ જેવો છે. જે પ્રાણીઓ તદ્દન મૂઢ–મૂર્ખ હોય તે જ એમાં રાચીમાચી જાય છે.

૭. ત્રસ અને સ્થાવર જીવોથી ભરેલા આખા જગતને જમરાજા એક ક્ષણ પણ અટક્યા વગર આખો વખત ગળી જતો જાય છે ( ખાઇ જાય છે–કોળીઓ કરી જાય છે ), પણ કદી ધરાતો નથી. એ કાળ પોતાના મુખમાં આવ્યા તેને હોઇયાં કરી જાય છે ત્યારે તેની હથેળીમાં રહેલા આપણો અંત( છેડો ) કેમ નહિ આવે ?

૮. આત્માનું ચિદાનંદમય રૂપ જોઇને તું એકલા નિત્યસુખનો અનુભવ કર. આ સંસારમાં અહીં પ્રશમરસરૂપ તાજા અમૃત-રસને આકર્ષણ કરવારૂપ ઉત્સવ સંતપુરૂષોને વારંવાર હો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટઃ—

(ધ્રુવપદ) **गलत्** એટલે પડતું, પડું પડું થઈ રહેલું.

**अनिलकम्पितं** પવને હલાવેલું. પવન કુશને હલાવે છે, એ કુશના છેડા પર પાણીનું ટીપું છે તેને પડતા વાર શી ?

**विनय** કર્ત્તા પોતાને સંબોધે છે, મોક્ષાભિલાષી જીવને 'વિનય' કહેવાય. વિનય એટલે વિનિવર્તન. મોક્ષની અભિલાષા વર્તે તે.

૧ **सौहृदं** મિત્રભાવ. મૈત્રી. દોસ્તી. **विलास** નખરાં Freak.
**सहासं** હસીએ એટલી વારમાં. જોતજોતામાં. હાસ્ય કરતું.
**संसाररूपं** મોહરાજાનું નાટક. **रयात्** જોસથી
**जलदबालिका** વાદળાની દિકરી-વીજળી. **रुचि** એટલે કાંતિ.

૨ **हतयौवनं** એટલે હણાયેલું જોબનીયું. **लघु** એટલે શીઘ્ર. જલદી.
**कलयन्ति** ના બે અર્થ છે. પ્રાપ્ત કરે છે અથવા જોઇ જાણી શકે છે:

૩ **पिण्याक** લોચો. ખોળ-તલમાંથી તેલ કાઢ્યા પછીનો કચરો-ઢોરને ખાવાનો ખોળ.
**सार** સત્ત્વ. જરા કેવી રીતે સત્વ પી જાય છે તે લખવાની જરૂર નથી.
**वितथ** ઉલટાને સુલટું બતાવે, સુલટાને ઉલટું બતાવે એવું.
**कुथित** થુંકવું પણ ન ગમે તેવું, ચીડ ઉપજાવે તેવું.

૪ **अनुत्तर** પાંચ અનુત્તર વિમાની દેવોમાં પણ છેલ્લા અનુત્તર વિમાનના દેવો. એનું તેત્રીશ સાગરોપમનું આયુષ્ય હોય છે અને કલ્પી ન શકાય તેવું ઊંચામાં ઊંચું સુખ હોય છે. પલંગ પર પોઢવાનું અને જ્ઞાનાનંદમાં મસ્ત રહેવાનું.

**काल** એટલે છેડો. મરણ. **विराम** એટલે પૂર્ણ વિરામ. અલ્પ કે અર્ધ નહિ.
**निकामम्** ખૂબ. સારી રીતે. અત્યંત.

૫ **ईडिताः** પૂજિત. પૂજા સેવા કરી. **प्रीतिवाद** ઠોળ. મશ્કરી. ચાળાચશકા.
**भस्मभूयं** સ્મશાનમાં રાખોડો થયા. **निर्विशंका** નફકરા. ચિંતા વગરના.

૬ **असकृत्** અનેક વાર. વારંવાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિચય

### અનિત્ય ભાવના—

(ક ૧) પ્રથમ આપણે લેખકમહાશયનો આશય વિચારી જશું. આ પ્રાણીને સર્વથી વધારે પ્રેમ અને પરિચય પોતાના શરીર સાથે છે. આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરીને જ આપણે ચાલીએ છીએ. જ્ઞેય અને જ્ઞાતા એક હોઇ શકતા નથી. આ શરીર છે એમ જાણનાર કોઇ અન્ય વસ્તુ છે અને તે આત્મા છે. એના અસલ સ્વરૂપે આત્મા જ્ઞાનવાન છે, વિદ્વાન છે અને તેથી આ પ્રાણીને સમજુ–વિદ્વાન તરીકે ઉદ્દેશીને લેખકમહાત્મા કહે છે કે:—

ભાઈ ! તું તારા શરીર ઉપર ખૂબ મોહી રહ્યો છે અને એને જરા અગવડ પડતાં ગાંડોઘેલો થઈ જાય છે અને દોડાદોડ કરવા મંડી પડે છે કે બીજાને દોડાદોડ કરાવે છે; તે શરીરને ખરી રીતે જોઇશ તો તને લાગશે કે એ શરીર જ તારૂં નથી, તો તું કોને માટે આ સર્વ દોડાદોડ કરી રહ્યો છે ? જરા જો ! એ શરીર તો આકાશમાં ચઢી આવેલાં વાદળાંની જેવી રમત કરનારૂં છે.

તેં કદી વાદળાંનો અભ્યાસ કર્યો છે ? એને વા( પવન )નું હળ કહેવામાં આવે છે. એક નાનું વાદળું ચોમાસામાં આવે

૭ **जंगमाजंगमं** જંગમ એટલે ત્રસ જીવો. બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળા અને અજંગમ એટલે સ્થાવર જીવો–એકેન્દ્રિય : પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. **कवलयन्** કોળીઆ કરી જતો. **करतल** હથેળી

૮ **नित्यं** એ સુખનું વિશેષણ છે. **चिदानंदमय** વિશેષાર્થ જુઓ. **विनय** લઇ આવવું. પ્રાર્થના ઉત્સવમાં નયનં જરૂર હોય છે. **इह** અહીં. આ ગ્રંથમાં. આ વિચારણામાં.

જૈન સાઇટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પવન સખ્ત આવે તો કાં તો તે વરસી પડે અને કાં તો માઇલના માઇલ ચાલ્યું જાય. એનું કાંઇ ઠેકાણું જ નહિ. એના પર હિસાબ ગણી સટ્ટો કરનારા પણ પાયમાલ થઇ ગયા છે. એનું કાંઇ ઠેકાણું જ નહિ. વાત–વાતમાં વાદળાં ચઢી આવે અને જોતજોતામાં ચાલ્યાં જાય. લોકોક્તિમાં પણ કહેવાય છે કે:—

**આભ ગાભ ને વર્ષા તારા, સ્ત્રીચરિત્ર ને રોતાં બાળા;**
**તેની જેહ પરીક્ષા કરે, સહદેવ જોશી પાણી ભરે.**

એટલે એ વાદળાંનું કાંઈ ઠેકાણું નહિ. એવાં વાદળાંની લીલા બતાવનાર અને એનો ખરો પરિચય આપનાર આ શરીર છે. એ શરીરનું કાંઇ ઠેકાણું નહિ, ધોરણ નહિ, એની ચોકસાઇ નહીં તેથી એના ઉપર આધાર રખાય નહિ.

અથવા સારી રીતે પોષણ કરેલું એ શરીર કોઇ પણ વખતે વાદળાંની પેઠે વીખરાઈ જનાર છે, વરસ્યા વિના પણ ખલાસ થનાર છે. એનો તે ભરોંસો હોય? એના ઉપર ગણત્રી કરાય?

અને વળી એ શરીર એટલું બધું ઠેકાણાં વગરનું છે અને સાથે એ ક્ષણભંગુર પણ છે. એનો નાશ ગમે તે પળે થઇ જાય, એ અટકી પડે અને પછી તને એકલો કરી મૂકી બેસી જાય!

વળી તું વિચાર કર. એ શરીર યૌવનના જોરથી ઉદ્ધત થયેલું છે. માતેલા સાંઢ કે મદઝરતા ગાંડા હાથીનો ભરોસો શો? જુવાની માણસને ગદ્ધાપચીશીમાં નાખે છે ત્યારે ભાન, વિવેક, વિચાર, સૌજન્ય, લાજમર્યાદા કે સભ્યતા ભૂલાવી દે છે. જુવાનીના જોરમાં–કામદેવના સાન્નિધ્યમાં પ્રાણી કેવાં કેવાં કામો–ચાળાઓ કરે છે તે તારે નવું જાણવાનું નથી. કોઇ પણ નવલ લે, એટલે તને જણાઈ આવશે. આવા શરીરને ભરોંસે કેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેવાય ? એ વાદળાની લીલા દર્શાવનાર ક્ષણભંગુર છે અને ચાલે તેટલો વખત જુવાનીના ચાસકામાં નાથ વગરના બળદ જેવું અવ્યવસ્થિત છે.

સમજુ માણસને એ શરીર લાભકર્ત્તા કેમ નીવડે ? પ્રગતિ કરનાર કેમ થઇ શકે ? એને આત્મવિકાસ કરનાર કેમ બનાવી શકાય ? એ વાત શોધી કાઢવી એમાં આ જીવનયાત્રાનું સાફલ્ય છે. શરીર વસ્તુતઃ શરીર જ નથી, તારૂં રહેવાનું નથી, છે પણ નહિ અને જુવાનીની પેઠે અવિનીત છે. એમાંથી સાર કેમ કઢાય ? કાઢવાનો રસ્તો શોધી કાઢે તેનો અવતાર ધન્ય છે. બાકી એવા વાદળીઆ રંગ જેવા અવિનીતને આશરે પડી સબડ્યા કરે, એને પંપાળ્યા કરે–તે ગમે તે હોય, પણ એને વિદ્વાન કે સમજુનું ઉપનામ તો ન જ ઘટે.

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

તને સર્વથી વધારે વહાલા શરીરની વાત થઇ. હવે તું જરા આગળ ચાલ.

( ख २ ) પ્રાણીનું જીવન પવનના અસ્થિર તરંગ જેવું ચંચળ છે. કાળનો ઝપાટો ક્યારે આવશે ? કેટલો ટકશે અને ક્યારે ઉડી જશે ? એ કાંઇ કહી શકાય નહિ. આયુષ્યની દોરી તૂટતા વાર લાગતી નથી. અત્યારે છીએ, કાલે સવારે શું થશે તે કાંઇ કહેવાતું નથી. **न जाने जानकीनाथ । प्रभाते किं भविष्यति ?** એક આડી રાતમાં તો કઇક ચાલ્યા ગયા. હસતા-રમતાને ' હાર્ટફેલ ' થઇ જતાં જોયાં.

સંપત્તિની સાથે વિપત્તિઓ વળગેલી જ છે. આપણે તો દોડાદોડીના જમાનામાં છીએ. જેની મોટરો દોડતી જોઇ એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટ્રામનો આનો મળતો નથી એવા જોયા. કોટિધ્વજને નોકરી કરતા જોયા અને હૃષ્ટપુષ્ટ શરીરવાળાને ક્ષયની બીમારીમાં રગદોળાતા જોયા. ધનની, શરીરની કે કોઇ પણ પ્રકારની સંપત્તિ સાથે વિપત્તિ લાગેલી જ છે. ધનવાન શેઠોને ઇન્કમટેક્સનો ગોટાળો કરતાં જેલની બીક લાગે છે અને વિશ્વાસઘાત ચોરી કરનારને જેલનો ભય માથે છે. સ્થાવરજંગમ સર્વ વિભૂતિ ઉપર ભય રહેલ જ છે. એને મેળવતાં ઉપાધિ, જાળવતાં ઉપાધિ અને જાય ત્યારે કકળાટ. એટલે સંપત્તિ સાથે વિપત્તિઓ પ્રથમથી જ વળગેલી છે.

પાંચે ઇંદ્રિયના વિષયો સંધ્યાસમયે જોવાતાં આકાશના રંગ જેવા છે. આકાશમાં સવાર–સાંજ જુદા જુદા રંગ થાય છે, તે થોડા વખતમાં ખલાસ થઇ (ઉડી) જાય છે. ખાધું અને પેટમાં ગયું એટલે ખલાસ ! જોયું અને ચાલી ગયું એટલે ખલાસ ! એ સર્વ વિષયો ટૂંકો વખત રહી ઉડી જનારા છે અને ગયા પછી હતા જ નહિ એવા થઈ જાય છે. સ્વપ્ન આવ્યું, તેમાં રાજ્ય મળ્યું, શેઠાઇ કરી, આંખ ઉઘડી અને ખેલ ખલાસ ! ઈંદ્રજાળથી નગરો બન્યાં, બાજી ખેંચી લેવાણી એટલે સર્વ ખલાસ ! વિજળીનો ચમકારો થયો, ઝગઝગાટ થયો અને પછી અંધારૂં ઘોર ! મૃગતૃષ્ણાના ઝાંઝવા પાછળ દોડ્યા, સ્થાને જઈને જોયું તો વાતમાં કાંઇ માલ નહિ ! ઇંદ્રિયના વિષયોની આ ખરી સ્થિતિ છે. 'ચાર દહાડાનું ચાંદરડું અને ઘોર અંધારી રાત' એ લોકોક્તિવાળી વાત છે.

પ્રિય મિત્ર, વહાલી સ્રી, સગાંસંબંધીઓ વિગેરે સાથેનો મેળાપ પણ **સ્વપ્ન** સરખો છે, ટૂંકો છે, થોડા વખતનો છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ખસી જનારો છે. એ પણ ઇંદ્રજાળની કલ્પનાથી બનાવેલા નગર જેવો છે.

જ્યારે આ સંસારમાં આયુષ્ય ઘણું ચંચળ છે, સંપત્તિ સાથે આપત્તિ વળગેલી છે, ઇંદ્રિયના વિષયો ચપળ છે અને વહાલાનું મિલનસુખ સ્વપ્ના જેવું છે ત્યારે સમજુ માણસે આમાં આનંદ ક્યાં માનવો? આનંદ માટે આપણે મહેનત કરી ધન મેળવીએ, પણ ત્યાં તો આપત્તિઓ સાથે જ આવે, છોકરાં કે સ્ત્રી વાસ્તે ઘર વસાવીએ ત્યાં તો એ કે આપણે ચાલ્યા જઈએ અને છેવટે આ જીવન પણ ઠેકાણા વગરનું અને ગમે ત્યારે રખડાવી પાડે એવું! ત્યારે આ સ્થિતિમાં આનંદ ક્યાંથી મેળવવો? આનંદ લેવા કોની પાસે જવું? એને ક્યાં શોધવો?

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સુખ ક્યાં છે? તેની શોધમાં આપણે નીકળ્યા છીએ, સુખી થવું એ આપણી મનઃકામના છે; પણ જેનાથી, જેની ખાતર, જેના વડે અને જ્યાંથી સુખ મેળવવા માગીએ છીએ ત્યાં તો દુઃખનો પાર નથી, આનંદનું નામ નથી, સગવડનું ઠેકાણું નથી. ત્યારે આ સર્વ થોડા વખત રહેનારા પદાર્થો અને સંબંધ ઉપર આનંદ માટે આધાર રખાય? આ સંસારમાં કઈ વસ્તુ એવી છે કે જેમાંથી અથવા જેદ્વારા પ્રાણી આનંદ મેળવવા માટે પ્રયત્ન કરે?

શરીરની વાત કરી, સાંસારિક પદાર્થો અને સંબંધોની વાત કરી. હવે સ્થૂળ ભાવોની વાત કરી તેનું અલ્પસ્થાયિત્વ વિચારીએ.

(ગ. ૩) સવારે જે કમળ આનંદ આપે છે તે સાંજે બીડાઇ જતાં આનંદ નથી આપતું. જુવાન બળદ દોડતો હોય ત્યારે જે આનંદ આપે છે તે ઘરડો થઇ જાય ત્યારે પાંજરાપોળે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂકવા યોગ્ય થાય છે. સંપત્તિવાન–ધનવાનના જે પુત્રોને મળવામાં કે તેની ઓળખાણમાં આનંદ કે માન મનાય તેની સંપત્તિ જતાં તેના સામું જોવું ગમતું નથી. નવી ખરીદેલી મોટરની સ્પીડની વાતો કરતાં મલકાનાર બે–ત્રણ વરસે એમાં કચડ કચડ થતું સાંભળે છે ત્યારે એને બદલવાનો વિચાર કરે છે અથવા સ્ક્રેપ-(કચરા)ને ભાવે વેચી નાખે છે. યુવાનીનો રંગ ઉતરી ગયેલ સ્ત્રી સામું જોવું ગમતું નથી. આ સર્વ દરરોજના અનુભવના વિષયો છે. પ્રભાત અને તે જ દિવસ અહીં અલંકારિક ભાષામાં સમજવાના છે. આજે–કાલે, સવાર–સાંજે, ઓણુ–પોર : એવા અર્થમાં એનો ઉપયોગ છે તે સુગ્રાહ્ય છે.

ચેતન પદાર્થોમાં સ્ત્રી, પુરુષ, અશ્વ વિગેરે સમજવાં. અચેતન પદાર્થો તે મોટરગાડી, વસ્ત્ર, અલંકાર સમજવાં. આ ચેતન-અચેતન સ્થાવર–જંગમ પદાર્થો એક વખત અત્યંત આનંદ આપે તેવા હોય, સુંદર મનોહર હોય, કાંતિથી પ્રકાશમાન હોય તે જ પદાર્થો જ્યારે પરિણામે વિરસ થઇ જાય છે, જ્યારે દૂધ ફાટીને લોચા વળે છે ત્યારે એનો નાશ થતો આપણે નજરે જોઇએ છીએ. આવું એક જ દિવસમાં બને છે. કોઈપણ ચરાચર પ્રાણી કે વસ્તુને લઇએ તો આમ જ થાય છે, છતાં આપણું મન સંસારને ચોંટ્યા જ કરે છે, એ એને વળગતું જ જાય છે, એ એને ચાટતું જ જાય છે. ખરેખર, ચેતન તો કોઇ ભારે જબરું છે! એના ઉપર પ્રેત( Devil )ની અસર ખરેખરી જામેલી દેખાય છે. એ નજરે આખો ખેલ જુએ છે, છતાં એના ઉપર કાંઇ અસર થતી નથી અને જાણે દુનિયામાં બીજાને ગમે તેમ થયું પણ પોતાનો ગોટો તો જરૂર ચાલ્યો જ જશે. આવી તુચ્છ ખોટી ભ્રમણામાં પડી જાણી–જોઇને સંસા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રમાં અટવાયા કરે છે, તેને વળગતું જાય છે અને તેમાંથી સાર મળી આવશે એવા વલખામાં લાલચે એ ટંગાઇ રહે છે. એને સંસારનો પ્રેમ છોડવો ગમતો નથી, છોડવાની એની વૃત્તિ નથી અને છોડવાના એના માર્ગો નથી. એ અનિત્ય વસ્તુને ઓળખતું નથી, એનાં ઘરની ચીજોની કિંમત જાણતું નથી, એ આંખ ઉઘાડીને જોતું નથી અને સંસાર સાથે લાગીવળગી રહી તેના ઉપરનો રસ જરા પણ ઓછું કરતું નથી એની સંસારની આસક્તિનો ચિતાર આપ્યો હોય તો એમ જ લાગે કે એને અહીંથી કદી જવાનું જ નથી અને એ તો જાણે અહીં ઘરબાર કરીને બેસી ગયેલ છે. આવું મારૂં મનડું છે. એ મનજીભાઇના તો ઘણા વખાણ કરવાના છે તે આગળ ઉપર યથાસ્થાનકે એકથી વધારે વખત થશે.

હવે જે ગીત શરૂ થાય છે તે અને પછીના સર્વ ગીતો ઘણી દેશીઓમાં ગાઈ શકાય છે. મુખ્યનો નિર્દેશ પ્રત્યેક ગીતની નીચે નોટમાં થશે. એને અસલ રાગ-રાગણીમાં પણ ગાઇ શકાય છે. એની ગેયતા અદ્ભુત છે, રસમય છે અને ન બેસે તો જેને આવડે તેની પાસેથી યાદ કરી લેવા લાયક છે. પ્રત્યેક ગીત બહુ સારી રીતે ચાલુ દેશીમાં ગાઈ શકાય છે. એની સંખ્યા ૧૨+૪=૧૬ની છે અને દરેક અષ્ટક છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેખક મહાશય આ આત્માને એના સર્વ સંબંધો, એના આનંદ ઉત્સવો કેવા છે? કેટલા વખતના છે? અને છેવટે કેવા પરિણામવાળા છે? તે બતાવવા ઇચ્છે છે. તેઓ એ સર્વ વસ્તુઓ અને ખૂદ શરીર પણ અનિત્ય છે એમ બતાવી એને ઉંડો ઉતારી દે છે. તેઓ એ કાર્ય ખૂબ સરસ રીતે ગેયાષ્ટકમાં દર્શાવે છે તે આપણે જોઈએ.

**ધ્રુવપદ**—અરે ભાઇ! તું તારા સગાસંબંધીઓની ચિંતા કર્યા કરે છે, તેઓનું શું થયું હશે? શું થશે? તેનો વિચાર કરી મનમાં મુંઝાયા કરે છે. જેલમાં પડ્યો પડ્યો પણ છોકરાઓ, ભાઈઓ, વડિલો શું કરતા હશે એની ચિંતા કરે છે! અરે! તારી ચિંતાની તે વાત શી કરવી? જરા કોઈનું માથું દુઃખવા આવે ત્યાં તો દોડાદોડ કરી મૂકે છે અને ડોકટરોને ઉપરાઉપરી ટેલીફોનો કરવા મંડી જાય છે. કોઇના લગ્નની, કોઇના સગપણની, કોઈની નોકરીની, કોઈના વ્યાપારની, કોઇના કંકાસની, કોઇની ખટપટની, કોઇની નિંદાની, કોઇના ભવિષ્યની તું ચિંતા કરે છે અને મનમા મુંઝાયા કરે છે.

તારી દુનિયા ઘણી નાની છે. તેની પ્રશંસા-નિંદા માટે નિરંતર ગુંચવાયા કરે છે. તેઓની ચિંતા કરી તું અટવાયા કરે છે અને જાણે તારા વગર દુનિયા ચાલવાની નથી એવો તું ખ્યાલ કર્યા કરે છે; પણ એ તારી મુંઝવણ તદ્દન નકામી છે-ફોકટ છે. શામાટે ખોટી છે? એ આપણે હમણા જ જોશું.

એવી જ રીતે તારા વૈભવની તું ચિંતા કર્યા કરે છે અને તેની ખાતર પાતળો પડી જાય છે. વૈભવ જાણે ચાલ્યો જશે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લુંટાઇ જશે કે વેડફાઈ જશે એવો તને ભય રહ્યા કરે છે. જાણે મોટર કે હવેલી ચાલી જશે અથવા તો વેપારમાં મોટી નુકસાની થશે એવી તારા મનમાં મુંઝવણ થયા કરે છે.

વૈભવને માટે એવું છે કે રાજાને રાજ્યનો વૈભવ મીઠો લાગે તેટલો વેપારીને વેપારનો લાગે છે, અમલદારને અમલદારીનો લાગે છે, મુનીમને મુનીમગીરીનો લાગે છે અને જરા પણ અતિશયોક્તિ વગર કહી શકાય તેમ છે કે ભિખારીને તેના માગવાના ઠીકરાનો લાગે છે. આ વાત બારીક નિરીક્ષણથી બેસે તેવી છે. 'અપને અપને તાનમેં, ગદ્ધા બી મસ્તાન' એ કહેવત સાવ સાચી છે. નિશાળનો માસ્તર, ઓફીસનો આખો દિવસ ઘસડબોરો કરનાર કારકુન, ચોકી કરનાર ભૈયો કે ચોરી કરનાર અઠંગબાજો સર્વ પોતાના તાનમાં મસ્ત રહે છે અને નાની ઓરડીમાં પણ વૈભવ માને છે અને એ એનો વૈભવ ચાલ્યો ન જાય તે માટે ફીકર–ચિંતા કર્યા જ કરે છે.

પૈસાની મુંઝવણની તો વાત જ શી કરવી ? એને મેળવતાં પીડા, જાળવતાં પીડા, વાપરતાં પીડા, ખોતાં પીડા, જતાં પીડા અને સર્વ પ્રકારે એના સંબંધી પીડાનો પાર આવે તેમ નથી; કારણ કે ધનની સ્થિતિ આ પ્રાણીએ કદી વિચારી નથી. કદાચ સહજ ડહાપણ આવે છે તો તે પણ ઘણુંખરૂં વૈભવ ગયા પછી જ.

ભાઇ ! આ પરિવાર અને ધન માટે તું ફોકટ મુંઝાય છે. તારૂં વર્તન જોઇને તને 'મૂઢ' કહેવો પડે છે. મૂઢ એટલે મૂર્ખ, અવિચારી પ્રાણી. તારા જેવો મહાન પ્રાણી થવા યોગ્ય આત્મા તેને મૂઢ કહેતાં ખેદ થાય છે, પણ તું નીચેની હકીકત વિચારીશ ત્યારે તને લાગશે કે એ ઉપનામ તારે માટે

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વથા યોગ્ય છે અને તેથી તે તારા ઉપનામનું પ્રત્યેક ગાથાને છેડે પુનરાવર્તન કરવું પડયું છે.

તું સર્વને 'તારૂં પોતાનું' માનીને–તેને 'મારૂં મારૂં' ગણીને છાતી કૂટયા કરે છે પણ બીજાની વાત બાજુએ મૂક, તારાં પોતાનાં જીવતરને જ તપાસ. તારૂં શરીર કેટલું તારૂં છે? કયાં સુધી તારૂં છે? જરા જો.

એક વન છે, એમાં વનરાજી ફાલીફુલી રહી છે, એમાં દર્ભ(ડાભડો)નું ઘાસ ઉગેલું છે, ઝાકળ પડી છે, ઝાકળના જળનું એક ટીપું એ દર્ભની છેડે વળગેલું છે, પ્રભાતનો પવન ફુંકાય છે–હવે ડાભના છેડા પર રહેલા પાણીના ટીપાને નીચે પડતાં વાર કેટલી? એ કયારે પડશે એ કહેવું તો કરતાં એ કેટલો વખત ત્યાં ટકશે એ વિચારવું જ બાકી રહે છે. એ ટીપા જેવું આ જીવતર છે. એ ટીપાની જેટલી સ્થિતિ કાયમ ગણવાની ધૃષ્ટતા કરાય તેટલી આ જીવનની સ્થિતિ કાયમ ગણવાની ઉદ્ધતાઇ ગણાય. પડું પડું થઈ રહેલું એ ટીપું ગમે ત્યારે પડી જાય એ તો સમજાય તેવી વાત છે, પણ એ ત્યાં અમુક વખત જરૂર ટકશે એવી ગણતરી ગણીને હિસાબ થાય ખરો? એવા ધોરણ ઉપર કાંઇ રચના થાય? અને એવી રચના જે કરે તે કેવો ગણાય? એને માટે આ પ્રાણીને 'મૂઢ' કહેવાની છૂટ લેખકે લીધી જણાય છે. અથવા એ ડાભના છેડા પર પડું પડું થઇ રહેલું જળબિંદુ અસાર છે–સાર વગરનું છે, નિરર્થક છે, દમ વગરનું છે, એની વાતમાં કાંઇ માલ નથી. એવા ટીપાની કદાચ થોડો વખત ટકી રહે તો પણ, ઉપયોગિતા શી? આવશ્યકતા શી? એમાં એને કે કોઇને લાભ શો? એ કયા પ્રકારના લાભની સંભાવના પણ કરી શકે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગળ ચાલતાં વિભવ અને પરિવારની ચિંતામાં રહેલી મૂઢતા વિશેષ પ્રકારે બતાવવાની છે. લેખકશ્રીના લયમાં આગળ વધ્યા જઇએ અને તેમ કરતાં પ્રત્યેક ગાથાની આખરે આ ધ્રુવપદ ફરીફરી બોલીએ.

આ ગ્રંથમાં 'વિનય' શબ્દ ઘણીવાર આવશે. વિનય એટલે વિનિવર્તન. કોઇ આડોઅવળો ગયો હોય તેને ઠેકાણે લઇ આવવો તે 'વિનય' કહેવાય. મોક્ષની અભિલાષા પણ 'વિનય' કહેવાય. આબરૂવાળું વિશિષ્ટ પદ્ધતિસરનું વર્તન **વિનય** કહેવાય. આ ગ્રંથના લેખકશ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે પોતાની સાથે વાતો કરી છે અને પોતાને ઉદ્દેશીને વિનય નામથી સંબોધે છે. એ સુંદર શબ્દનો બહુ સારો ઉપયોગ લેખકશ્રીએ કર્યો છે. આપણે આપણી જાતને વિનય કહીને સંબોધી શકીએ. વિનય શબ્દ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં આ અર્થ પ્રત્યેક સ્થાને સમજી લેવો.

૧. તેં અત્યારે પાંચે ઇંદ્રિયના વિષયો સાથે દોસ્તી બાંધી છે. તને સારૂં સારૂં ખાવાનું મળે ત્યારે તું સુખ માને છે, તું સુંદર સ્ત્રી સાથે વિષય સેવવામાં લહેર માણે છે, તું ભ્રમરની પેઠે જે તે ફૂલ ઉપર બેસી તેનું મધ ચાટવામાં મજા માણે છે, તું દૂધપાક-પુરી કે રસ-રોટલી મળે ત્યારે સબડકા લેતાં અમૃત પીતો હોય એમ ગણે છે, સુંદર રૂપ જોવામાં તારી આંખોનું ફળ મળતું હોય એમ તને લાગે છે, ઓપેરા ચાલતા હોય કે વાજિંત્રના સુર જામ્યા હોય ત્યારે તારા કાન તૃપ્તિ માને છે. આવી રીતે તેં પાંચે ઇંદ્રિયનાં સુખની સાથે ગાઢ સંબંધ માન્યો છે; જો કે એ ઇંદ્રિયના વિષયની સેવનામાં વાસ્તવિક રીતે જરા પણ સુખ જેવું છે જ નહીં એ તને બતાવાય તેમ છે. તેં વિચાર કર્યો હોત તો તને સમજાય તેમ પણ છે, પણ એ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૂધપાક ખાધા પછી કે સ્પર્શસુખ ભોગવ્યા પછી તુરત વિચાર કર્યો હોય તો જ સમજાય તારે માટે હજુ એ વાત આગળ ઉપર હાથ ધરીએ. પણ જેને તેં સુખ માન્યું છે, જે સુખ સાથે તેં દોસ્તી બાંધી છે અને જે સુખ મેળવવા તું હાય–વરાળ કાઢે છે, ધમાધમ કરે છે અને જોખમ ખેડે છે તેને જરા થોડા વખત માટે સુખ માની લઈને ચાલીએ તો પણ તે સુખ કેવું છે ? કેટલું છે ? તે જરા વિચાર કરીને તું જો.

તેં માનેલું કોઈપણ સુખ જો. જરા ઉંડો ઉતરીને–વિચાર કરીને બરાબર તપાસજે. એ સુખ કેટલા વખત સુધી ચાલે તેવું છે તે જ પ્રથમ તો વિચાર. એમાં બે વાત છે: એક તો એ સુખ ઘણું જ થોડા વખતનું છે અને હાથને તાળી દઈએ એટલી વારમાં નાશ પામી જનારૂં છે એ બીજી વાત. દૂધપાક ખાધો, સબડકો લીધો, જીભને દૂધપાક અડ્યો, ગળ્યો લાગ્યો, પેટમાં ઉતરી ગયો–ખેલ ખલાસ ! આમાં મજા શી ? કેટલા વખતની ? અને પેટમાં તો દૂધપાક હોય કે જેલનો જાડો રોટલો હોય એ સર્વ સરખું જ છે. એનાથી પણ વધારે સ્ત્રીસેવનની વાત છે, પણ તેનો ચિતાર આપણે સભ્યતા ખાતર ન ચીતરીએ; પરંતુ એમાં સુખ જેવું કાંઈ નથી અને પછવાડેની સ્થિતિનો ખ્યાલ કરીએ તો અતિ તુચ્છ હીણપતભરેલી સ્થિતિ લાગે તેવી વાત છે. અરે આ તે સમજુની દશા હોય ? પાંચે ઇંદ્રિયના વિષય-સુખો જેની સાથે તેં અત્યારે જીવજાન દોસ્તી બાંધી છે અને જેની ખાતર આખો સંસાર રચ્યો છે તેમાં માલ શો છે ?

ઘોર અંધારી રાત્રી છે, વાદળાં ચઢ્યાં છે, વીજળીના ચમ-કારા થઈ રહ્યા છે. એ વીજળીના ચમકારાને જેટલો વખત લાગે તેટલો વખત તારૂં માનેલું સુખ ચાલે છે, લગભગ ક્ષણિક

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, આવ્યું ને લબકઝબક થઈ પર્યવસાન પામી જાય છે અને નટડી નાચે ને ચાળાચસકા કરે તેમ વીજળીના વિલાસના બરાબર અનુકરણ જેવું તે છે. તેમાં તે તારો નિવાસ હોય? તેમાં તે તારી સ્થિતિ હોય? તેમાં તે ધરકા લેવાય? તું કોણ? ક્યાં આવી ચઢ્યો? અને કેવી ચીજમાં માથાં મારે છે? એ શરીરની અંદરની વસ્તુઓ કઈ છે અને કેવી છે? તેનો ખ્યાલ તને આગળ છઠ્ઠી ભાવનામાં લેખકશ્રી બરાબર આપશે, પણ તારા જેવા સમજુ આવા તુચ્છ ઇંદ્રિયસુખની સાથે મૈત્રી કરે ત્યારે તો પછી તને 'મૂઢ' જ કહેવો પડે. તું બરાબર વિચાર કરીને એ પાંચે ઇંદ્રિયના વિષયોને અને આખા સંસારના નાટકને યથાસ્વરૂપે ઓળખજે અને પછી તેમાં તને કાંઈ સ્થાયી, કાંઇ ગ્રહણ કરવા યોગ્ય, કાંઇ સંઘરવા યોગ્ય જણાય તો મારી સાથે વિચાર કરજે; બાકી અત્યારે આવા ઉપર ઉપરના ચમકારાને જોઇ તું ફસાઇશ નહિ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

વીજળીના ચમકારા સાથે સરખામણીમાં અત્યારના પફ-પાઉડર આદિ કૃત્રિમ સાધનોથી સુશોભિત ( Butterfly or flapper ) બનેલી 'ફેશનેબલ' ગણાતી સ્ત્રીઓ આવી શકે. કામદેવની પુતળીઓ સંસારનું સત્યાનાશ કાઢે છે એ હકીકત હવે તો પશ્ચિમનો વિચારકવર્ગ પણ જોઇ શકે છે, પણ ઉપરચોટીઆ કહેવાતા સુધારાએ આખા ચારિત્રના પ્રદેશને કેટલો શીર્ણવિશીર્ણ કરી નાખ્યો છે તેનો ઇતિહાસ તો હવે પછી લખાશે. હિંદ એ માર્ગે જ ચાલવા લાગ્યું હતું, પણ એને એનો ઇતિહાસ જુદો લખાય એવી સાદાઇ શીખવનાર હતા અને છે. એથી નશીબે એ ઘસારાથી કદાચ બચી જશે એમ લાગે છે.

આ વીજળીના ચમકારાની લાલચમાં ભૂલેચૂકે કોઇ ભૂલ ન

ખાઈ જાય, એ વાત પુનરાવર્તનના ભોગે પણ વારંવાર ઠસાવવા યોગ્ય છે. વીજળીના વિલાસ અને નાચનારીના વિલાસ બરાબર સરખાવવા યોગ્ય છે. મૂળ લયમાં હજુ આગળ વધીએ. ત્યાં એ જ સુરની વાતો હજુ કરવાની રહે છે.

૨. આવી રીતે જીવન અનિત્ય સમજાવ્યું, વિષયસુખની દોસ્તી અનિત્ય બતાવી, આખા સંસારના પ્રપંચને વીજળીના ઝબકારા સાથે સરખાવી ક્ષણસ્થાયી સ્થાપિત કર્યો; પણ આ ભાઈસાહેબને જુવાનીનો તોર છે, એને એ વાતમાં હજુ તો 'હંબગ' જેવું લાગે છે. એ અત્યારે જેને ગદ્ધાપચીશી કહે છે તેમાં છે અને વાંકો ચૂકો ચાલે છે, માથે વાંકી ટોપી મૂકે છે અને જુવાનીના અનેક અત્યાચારો કરે છે. એના ચાળાનાં વર્ણન કર્યાં હોય તો હસવું આવે તેવી વાત છે. એ સમાજમાં કપડાં પહેરી ડાહ્યો-ડમરો થઈને બેઠો હોય ત્યારની વાત જુદી છે, પણ એની જુવાનીના રંગ જ્યારે એ ઘરમાં અથવા રાત્રે રખડીને બતાવે ત્યારે એની વાત, એનો મિજાજ, એનો દમામ ઓર થઈ જાય છે, અને એ સ્ત્રી સાથે એકાંતમાં હોય ત્યારે તો તદ્દન ઘેલો થઈ જાય છે. ત્યારે એ જુવાની શી ચીજ છે એ વિચારીએ.

મોહરાજા 'વસંત'ના મિત્ર તરીકે **યૌવનને** મોકલે છે. એનો દેખાવ મોહક છે પણ એની પછવાડે આપત્તિઓ ભરેલી છે. એ જુવાનીના જોશમાં પ્રાણીને વિવેક, મર્યાદા કે વિચાર રહેતા નથી, એ પોતાની જાતને અમર માની મોજશોખ અને તોફાન કરે છે, જુવાનીના મદમાં અનેક દુષ્કૃત્યો કરે છે, પાપો સેવે છે, સટ્ટા ખેલે છે, દારૂ પીએ છે અને પરસ્ત્રીમાં રમણ કરે છે. એના ખાવાપીવામાં ઠેકાણું રહેતું નથી, વખત-કવખતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમે ત્યાં મુખને સ્વાદિષ્ટ લાગે તેવું ખાય છે અને જાણે શરીરની એ સ્થિતિ કાયમ રહેશે એમ માની તેદ્વારા પાર વગરનાં અત્યાચારો કરે છે;' પણ એ જુવાની ખરેખર કુતરાની પુંછડી જેવી વાંકી જ છે. એના સપાટામાં આવનાર પણ વાંકા ટેડા થઈ જાય છે, પણ 'જોબનીઆનો લટકો દહાડા ચાર જો' એ વાત ખરેખરી બને છે. એ જુવાની તો જોતજોતામાં ચાલી જાય છે અને પછી આંખે ચશમા આવવા માંડે, દાંત હાલવા માંડે, બાલ સફેદ થવા માંડે–ત્યારે આ જીંદગીમાં જુવાનીના જુસ્સામાં કરેલા અત્યાચારોનાં ફળો ભોગવવાં પડે છે. પછી અપચા થાય, દાંતની દવા કરવી પડે, છાતી દુઃખે, ઘસારા થાય વિગેરે. પણ આ ડહાપણ ઘણાખરાને બહુ મોડું આવે છે. જુવાનીને 'દિવાની' એટલા માટે જ કહેવામાં આવે છે, પણ એ આવેલી ચાલી જલ્દી જાય છે અને જરૂર જાય છે.

એ જુવાનીને વશ થઈ પ્રાણી તદ્દન પરવશ બની જાય છે, પોતે કોણ છે? એનું પણ એને ભાન રહેતું નથી, પોતાનું વિશિષ્ટ તત્ત્વ એ ભાળતો નથી અને એની બુદ્ધિમાં પણ એટલો ફેરફાર થઈ જાય છે કે એને સ્વપ્નાં પણ ખોટા માર્ગનાં જ આવે છે, એનાં મનોરાજ્યમાં ચારે બાજુએ યુવતીઓ રાસડા લે છે અને એ સારૂં સારૂં ખાવાનું, સ્ત્રીસેવનનું, રખડવાનું, નાટક-સિનેમા જોવાનું અને ધમાલ કરી દરેક ઇંદ્રિયોને તૃપ્ત કરવાનું જ ચિંતવન કરે છે. આવી રીતે એ ઇંદ્રિયોને વશ કરવાને બદલે પોતાની કલ્પનાશક્તિના દુરૂપયોગથી ઇંદ્રિયોને વશ બની જાય છે અને બધો વખત એની તૃપ્તિનાં વલખાં માર્યા કરે છે. એની નજરની તુમાખી, એની વચનની બીનજવાબદારી, એના વર્તનની અચોક્કસતા એને 'પરવશ' બનાવે છે અને જાણે એનામાં કોઈ જાતનું ભૂત ભરાયું હોય એમ વિચારશીલને જરૂર લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થોડા દિવસ રહેનારી દિવાની જુવાનીને વશ થઈ આવી રીતે વિચિત્ર વર્તન કરનાર કડવાં ફળ કેમ ન પામે? પરભવની વાત બાજુ ઉપર રાખીએ તો આ ભવમાં પણ એને અત્યાચારનાં ફળો કેમ મળ્યાં વગર રહે? અને જુવાનીના શોખ ઘડપણમાં કેવા નાચ નચાવે છે તે કાંઇ આપણું અજાણ્યું નથી. ખાઇ ન શકાય એટલે મનમાં કચવાટ થાય, ખાય તો અપચો થાય અને પછી તો ગાંઠીઆનો ભૂકો કરીને પણ ખાવો પડે અને રાબડી પીને દિવસો કાઢવા પડે! પરવશ પ્રાણી શું શું ન કરે? અને કરે એટલે પછી ફળ તો જરૂર પામે એમાં કાંઈ નવાઇ નથી. અને રસપૂર્વક સેવેલા ઇંદ્રિયના વિષયો પોતાનું વૈર બરાબર લે છે. કેટલાક તાત્કાળિક લે છે અને કેટલાક લાંબે વખતે લે છે. આટલા ઉપરથી જણાય છે કે ચાર દિવસનાં ચાંદરડા જેવી જુવાની પણ દેખીતી રીતે અનિત્ય છે, જોતજોતામાં આવીને નાશ પામી જાય તેવી છે અને જાય ત્યારે પોતાની પાછળ ઘણો કચવાટ મૂકી જાય તેવી છે. એને પરિણામે ગમે તેવાં આકરાં દુઃખો અહીં અને આગળ ખમવાં પડે તેમ છે તે ચોક્કસ સમજાય તેવી વાત છે.

કદાચ સદ્ભાગ્યે કોઇ પ્રાણી જુવાનીમાં પણ ભોજન કે સ્ત્રીના પાસમાં પડતો નથી અને સ્વત્વ જાળવી રાખે છે તેની પણ જુવાની અંતે જરૂર જાય છે. અહીં કહેવાની વાત એ છે કે જુવાની જેવી સ્થિતિ જેના ઉપર અનેક સ્ત્રી–પુરૂષોનો મદાર બંધાયલો હોય છે તે પણ અનિત્ય છે, લાંબો વખત ટકનારી નથી અને જાય ત્યારે પોતાની પછવાડે વધારે ઓછો કચવાટ જરૂર મૂકી જાય છે.

જુવાની કેવો કચવાટ મૂકી જાય છે તે તો વૃદ્ધના–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જરાવસ્થાના બારીક અવલોકનથી બરાબર ખ્યાલમાં આવે તેવું છે. જુવાનીના લટકામટકાવાળી સ્ત્રીઓને બાળ સફેદ થવા માંડે ત્યારે કેવી દશામાં જોવાય છે અને ગુસ વ્યાધિની વાત બાજુએ રાખતાં તેમનાં મનનો પરિતાપ અસહ્ય થઈ પડે છે. યુરોપની જનતામાં એવી પ્રથા છે કે જ્યારે જ્યારે જે કોઇ સ્ત્રી પોતાના રૂપાતિશયના કારણે સર્વ કોઇનું ધ્યાન ખેંચે છે ત્યારે ત્યારે તેને તેનું પદ આપવામાં આવે છે. ગામની, પ્રાંતની, દેશની અથવા તો આખા યુરોપની એક 'રાણી' બે વર્ષ એનો મહિમા ઓર હોય છે. એની છબીઓ, સરઘસો અને ધમાલો ચાલે છે, પણ પછી પાંચેક વર્ષમાં અંધારી રાત આવે છે ત્યારે કોઈ તેની સામું પણ જોતું નથી. પફ પાઉડરના લપેડા અંતે ખલાસ થાય છે. આવા જોતજોતામાં ચાલ્યા જનારા અને માનસિક, શારીરિક ગ્લાનિ પછવાડે મૂકી, જનારા 'જોબન' ઉપર આધાર રાખે તેને ઉપાધ્યાયશ્રી 'મૂઢ' કહે છે અને એની ખાતર પડી મરનારને બીજી વાર **મૂઢ** કહે છે.

૩. આ તો જુવાનીની વાત થઇ. ચાર દહાડાનો ચટકો શું છે તે તમે જોયું, પણ ખરી ખૂબીની વાત તો એ છે કે ઘડપણમાં શરીર તદ્દન ખલાસ થઇ ગયું હોય, માથા ઉપર બાળ સફેદ થઇ ગયા હોય, કપાળમાં કરચલીઓ પડી ગઈ હોય અને ટૂંકામાં કહીએ તો શરીર તદ્દન હાડપિંજર જેવું થઇ રહ્યું હોય, મરવાને વાંકે જીવાતું હોય અને તલમાંથી તેલ કાઢી લેવામાં આવે અને પછી ઢોરને ખવરાવવા યોગ્ય રસકસ વગરના ખોળ જેવું શરીર થઈ ગયું હોય ત્યારે પણ આ પ્રાણી કામદેવના વિકારોને છોડતો નથી. એનું શરીર ન ચાલે તો એ સ્ત્રીઓ સાથે ચાળાચેષ્ટા કરવામાં રસ લે છે, સ્ત્રીઓની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામું જોવામાં મજા માણે છે, કામની કથાઓ કરવામાં આનંદ ભોગવે છે અને જાણે કામદેવના વિકારોને કોઇ પણ પ્રકારે માર્ગ આપવામાં એને જીવનનું સાર્થક્ય લાગે છે.

ભર્તૃહરિ એક બહુ સુંદર રૂપક રજુ કરે છે. કુતરો કાણો હોય, એને આખે શરીરે ખસ થઈ હોય, શરીર પરના બાળ ઉડી ગયા હોય, પૂછડી પણ અરધીપરધી કપાઇ ગઈ હોય, કાને સાંભળી શકતો ન હોય, ઘરઘરના ટૂકડા ઊઠાવતો હોય અને સર્વત્ર હડધૂત થતો હોય—આવો કુતરો પણ કુતરીને દેખી તેની પાછળ દોડે છે! ખરેખર! કામદેવ તો મરેલાને એક વધારે પાટુ મારે છે.

તમે જુવાની ખોઇ બેઠેલા ઘરડા ખખોની વાતો સાંભળી હોય તો તમને ખરેખર વિચારમાં નાખી દે. જેણે જુવાનીમાં રખડવાનો ધંધો કર્યો હોય તે ઘડપણમાં શું કરે એ શિષ્ટ ભાષામાં કહી શકાય તેમ નથી, પણ એ લોકોની વાતો અને વિકારની દશાના કુતરા જ રહે છે. શરીર ન ચાલે ત્યારે મન વધારે ઉછાળા મારે છે. કામદેવનું જોર તો એવું છે કે એની ખાતર ૭૦ વર્ષના ડોસાઓને પણ ડોશી સાથે એકાંતમાં સુવાની ના પાડવામાં આવી છે. એવા ડોસાઓના કેસ પણ કોરટમાં આવ્યા કરે છે. ઘડપણની અસર શરીર ઉપર થાય ત્યારે મનનો માર્ગ કેટલો વધારે મોકળો બને છે તેની ખાતર તો મોટા નાટકો લખાય તેમ છે.

એક પ્રશ્ન વિચારવા જેવો છે. આપણે જુવાનીને 'ગદ્ધા-પચીશી' ઉપર કહી, પણ જીંદગીમાં એથી પણ વધારે ભયનો સમય ચાળીશથી પચાસ વર્ષ લગભગમાં આવે છે. જુવાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માણુસ વિરહ સહશે, પરદેશ ખેડશે અને અગવડો ખમશે, પણ આધેડ વયે માણુસને સર્વ ચાલી જતું–હાથમાંથી સરી જતું લાગે છે. એને આ ભોગવી લઉં કે પેલું ભોગવી લઉં—એમ થનગનાટ થયા કરે છે અને તેથી જુવાની ઉતર્યા પછીની અને તદ્દન ઘડપણ આવી ગયા વચ્ચેની વય વધારે 'જોખમકારક' હોઈ ખાસ સંભાળવા લાયક છે, એવો મત હાલમાં વધારે જોર પકડતો જાય છે.

અહીં આપણે વિચારવાની વાત એ છે કે વિષયો તો જરૂર જવાના છે, છોડી દેવા પડવાના છે, પણ કામદેવ આ પ્રાણીને તદ્દન ખરખર ઓરડી જેવી સ્થિતિએ પહોંચ્યા છતાં પણ નચાવે છે, ફસાવે છે અને તેની પાસે ચાળા કરાવે છે. અનિત્ય પદાર્થ પરની આ રૂચિનું વધારે વર્ણન કરતાં પણ શરમ આવે તેમ છે. વસ્તુસ્વરૂપ સમજવું હોય તેણે આવી મૂર્ખતાભરેલી દશા પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

૪. એક બીજી યુક્તિ રજુ કરી અનિત્યભાવ બહુ સુંદર રીતે લેખકશ્રી રજુ કરે છે. દેવતાઓને રળવા–કમાવાની ખટપટ નથી, અમૃતપાન કર્યા કરે છે, નાટકો જુએ છે, લીલોતરીથી આંખોને તૃપ્તિ આપે છે, અમૂલ્ય રત્નોથી પ્રકાશ પામે છે, એક સરખું સુખ દેવાંગનાઓ સાથે ભોગવે છે અને આખો વખત ક્રીડા, આનંદ અને રળવાની ફીકર વગરનું સુખી જીવન ગાળે છે, દેવોને દુઃખનો ખ્યાલ પણ આવતો નથી, ત્યાં જીવનકલહ નામનો પણ નથી, વળી એમનાં આયુષ્ય પણ ખૂબ મોટાં હોય છે, ભુવનપતિના દેવો પણ એક સાગરોપમ જીવે છે, બાર દેવલોકમાં તેથી વધારે સાગરોપમો અનુભવે છે અને અનુત્તરવિમાનમાં સર્વાર્થસિદ્ધના દેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સાગરોપમ શું તેનો ખ્યાલ કર્યો હોય તો કરોડો, અબજો, ખર્વ અને નિખર્વ વર્ષોએ પણ એનો પાર આવે તેમ નથી. આવું સુખ દેવો આટલા લાંબા વખત સુધી ચાલુ રીતે વગરસંકોચે અને વગર–સ્ખલનાએ ભોગવે છે, પણ એમાં મજાની વાત એ છે કે અંતે તેનો પણ છેડો આવે છે. કરોડો વર્ષ સુખ ભોગવ્યા પછી અંતે ત્યાંથી બીજે મનુષ્ય કે તિર્યંચમાં જવું પડે છે, ગર્ભમાં ઉત્પન્ન થવું પડે છે અને પછી તો એકડે એકથી નવી બાજી મંડાય છે.

હવે તારી સાંસારિક કોઇ ચીજ દેવતાના ઓછામાં ઓછા આયુષ્ય સમય જેટલી પણ ચાલે તેમ છે? અરે! એવું દેવતાનું સુખ પણ અંતે પૂરૂં થઇ જાય છે ત્યારે તું તે શેમાં રાચ્યોમાચ્યો રહે છે? તું જરા ઉંડો ઉતરીને ખૂબ વિચાર કર. આ એક નાનકડી ઓફીસ કે દુકાન મળી કે પાંચ–પચીસ વીઘા જમીન મળી કે નાનું–મોટું રાજ્ય સાંપડ્યું તેમાં વળ્યું શું? અને તે પણ કેટલાં વર્ષ? પછી તો મૂકીને જવું પડે અને પછવાડે લડાઇ, કંકાસ કે કોર્ટના કિસ્સા થાય તેને ખાતર તું પડી મરે છે, સુખે ખાતો નથી, ઉંઘતો નથી, ઠરીને ઠામ બેસતો નથી અને આખો વખત ઉપાધિ કર્યા કરે છે; પણ તે કોને માટે અને કેટલા વખત માટે?

જો તારૂં સુખ–માનેલું સુખ નિરંતર રહે તેવું હોય, તારે એને કદી છોડવું પડે તેમ ન હોય અને તું જ્યાં જા ત્યાં સાથે આવે તેવું હોય–તો તો તું તેની ખાતર ગમે તેટલું કર. બાકી યાદ રાખજે કે દેવતાઓ મોટા આયુષ્યવાળા હોય છે છતાં તેને પણ આયુષ્યના છ માસ બાકી રહે છે ત્યારે વૃથા જન્મ વ્યતીત કર્યા સંબંધી માથાં પછાડી પસ્તાવા કરવા પડે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તને તો એના કરોડમા ભાગનું સુખ નથી અને કરોડમા ભાગ જેટલો વખત ચાલે તેવું પણ નથી—ત્યારે તું તે શેના ઉપર મોહ્યો છે? આ પ્રશ્ન તારે ખૂબ વિચારવા જેવો છે. વળી તારે તો આગળ ગીત ગવાતાં હોય, પડખે બિરૂદાવળી બોલાતી હોય, બે બાજુ ચામર વીંઝાતાં હોય તો તો સંસારમાં માણુ; પણ આ તો વાતમાં કાંઈ માલ નથી. મહામુશીબતે જમે-ઉધારના ટાંટીઆ મેળવનાર તું શેના ઉપર આ સર્વ ધમાલ કરી રહ્યો છે? કઈ સ્થિર વસ્તુ તને મળી છે અને તે કેટલી ચાલશે? જરા વિચાર, ખૂબ વિચાર, ઉંડો ઉતર! વાસ્તવિક રીતે તો તું માને છે તે સુખ જ નથી, પણ હોય એમ માનીએ તો પણ એ કેટલું અને ક્યાં સુધીનું?

૫. હવે તારી આજુબાજુ જો, તો ત્યાં પણ તને ક્ષણભંગુરપણું—અનિત્યભાવ દેખાઈ આવશે. જરા વિચાર, તારાં સ્મરણો તાજાં કર અને ખ્યાલમાં લે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

બાળપણમાં જેની સાથે તેં રમતો ખેલી, જેની સાથે તું ગીલી દંડા (મોઈદાંડીઆ) રમ્યો, જેની સાથે સાત ટાપલીઆ દા લીધા, જેની સાથે લખોટા કે છૂટ દડીના છૂટા ઘા રમ્યો—તેમાંના ઘણાએ સ્મશાનમાં પોઢ્યા, તેં તેમને રાખ થતાં જોયા. તારા વડીલો જેની તેં પૂજા કરી, ભાવભક્તિથી સેવા કરી અથવા તારા ગુરૂઓ જેમણે તને કંઈક જ્ઞાન આપ્યું અને તેં જેમને ભાવથી પંચાંગ પ્રણામ કર્યાં તે પણ ભસ્મ થઈ ગયા. તેઓમાંના કોઈ કોઈની ચિતા તો તેં તારે હાથે સળગાવી (ચેતાવી).

વળી તારા અનેક મિત્રો, દોસ્તો અને સંબંધીઓ જેની સાથે તેં ચર્ચા—વાર્તાઓ કરી, વાતોનાં ગપ્પાં માર્યાં, અલકમલકની કથાઓ કરી, જેમની સાથે તકરાર અને વાદવિવાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યાં, જેમની સાથે ભાષણો કર્યાં, જેમનાં ભાષણો સાંભળ્યા, જેમની સાથે ડીબેટીંગ સોસાયટીના મેંબર ( સભ્ય ) થઈ પ્રીતિપૂર્વક પક્ષવાદ કર્યા—તેમાંના પણ ઘણાખરાને તેં તારે હાથે સ્મશાને પહોંચાડ્યા અને એની બળતી ચિતાના ભડભડાટ અવાજ તેં સાંભળ્યા અને તેને બાળતી અગ્નિની જ્વાળાઓને રાતા-પીળા રંગના ભડકાઓ સાથે તેં આકાશમાં ચઢતી અને તને વ્યાકુળ કરતી અનુભવી.

તારે જેના વગર ન ચાલે એવાં તારાં અનેક સંબંધીઓ ગયા. કઈકની અતિ સુંદર આદર્શ પત્ની ગઈ હશે, કઈક પત્નીઓ વિધવા બની ઝૂરતી હશે, એકનો એક છોકરો ચાલ્યો ગયો હશે, હૃદય ખાલી કરવાનાં સ્થળ જેવાં વિશ્વાસુ મિત્રો ગયા હશે, રળીને રોટલા ખવરાવનાર દીકરા ચાલ્યા ગયા હશે, ઇંદ્રાણીને યાદ કરાવે તેવી પુત્રીઓ ગઈ હશે—કઈક કઈક ગયા હશે અને તેમને લાકડાની ચે ઉપર જાતે મૂકી આવ્યા હશું.

પ્રત્યેક પ્રાણીને અનેક વહાલાનો વિયોગ થયો હશે અને કઈકના સંબંધમાં તો 'દિવસ ગણતાં માસ ગયા, ને વરસે આંતરીઆ; સુરત ભૂલી સાહિબા, ને નામે વિસરીઆ' જેવું પણ બન્યું હશે. અત્યારે ગયેલાના ચહેરા પણ સંભારતાં યાદ આવતાં નહિ હોય અને કૈકનાં નામ પણ ભૂલાઈ ગયાં હશે.

આવા અત્યંત વહાલા, દિલોજાન, પ્રિય, પૂજ્ય કે પ્રતાપી ગયાં, તેમને સ્મશાનમાં મૂકી આવ્યાં, તેમની કાયા અગ્નિમાં જળી અને તેની રાખોડી થતાં જોઇ અને છતાં તું હજુ છાતી કાઢીને, મુછને મોગરો લગાવીને, આંખ પર ચશ્મા ચઢાવીને, કાનમાં અત્તરના પુંભડાં ઘાલીને, ચમચમ અવાજ કરતાં બુટ પહેરીને,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટોપીને વાંકી મૂકીને, હાથમાં સીગારેટ લઇને ચાલે છે અને જાણે કદી મરવું જ નથી, જાણે બીજા સર્વ ગયા પણ તું તો અમરપટ્ટો લખાવી લાવ્યો છે એમ ધારે છે! તને શું કહીએ? તારી ક્યા શબ્દોમાં વાત કરીએ? તારે માટે શો તોલ બાંધીએ?

તું તો જાણે થોડા-ઘણા વૈભવને તારો માની બેઠો છે અને નાનકડી તારી દુનિયાને રમાડવાનો ઇજારો સદાકાળ માટે લઇને બેઠો છે અને તારાં આ સો-પચાસ વરસ માટેના ધર્મ-શાળા જેવાં ઘરને 'ઘરનાં ઘર' માની બેઠો છે અને મનમાં માને છે કે બીજા ભલે ગયા, પણ આપણો તો ગોટો ચાલ્યો જશે. વીશ વર્ષનો થાય ત્યારે ચાળીશ સુધી જીવીશ એમ માને છે, પણ સાઠનો થાય ત્યારે સીત્તેર ઉપર ધ્યાન રહે છે અને મુખેથી જીંદગીની અસ્થિરતાની વાત કરતો જાય છે, પણ ઉંડાણમાં ખાત્રી હોય છે કે પોતે હજુ દશ-વીશ વર્ષ તો જરૂર કાઢી નાખશે. સીત્તેર એંશી વર્ષના પણ એવી જ આશામાં રહે છે. કોઇ પણ વ્યક્તિનો કાર્યક્રમ જોશો તો તેમાં પણ પાંચ-દશ વર્ષની હયા-તીનો હિસાબ જરૂર હોય છે. તાવ આવે ને ઉપડી જતાં અન્યને જુએ, પ્લેગ કોલેરાના કાળા કેર જુએ, ક્ષયના ઘસારા જુએ, લકવાના પક્ષ આઘાત દેખે, હાર્ટફેલ થતાં દેખે પણ એ સર્વ **બીજા** માટે! એને અંદરથી ખાત્રી છે કે આપણને એ વાત સાથે લેવાદેવા નથી. આપણું તો જરૂર આમ ને આમ ચાલ્યું જશે. એ ભાવ વય વધવા સાથે વધતો જાય છે અને ઘડપણમાં તો આખું શરીર ઘરડું થાય છે, પણ जीवनाशा धनाशा च जीर्यतोऽपि न जीर्यति (જીવનની અને ધનની આશા તો ઘરડાને પણ ઘરડી થતી નથી.)

હવે આવી તારી વિચિત્ર માન્યતાને શું કહીએ? આંખો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉઘાડી રાખી હાથે કરી ખાડામાં પડે એવા પઠિતમૂર્ખને શું ઉપદેશ આપીએ ? તેઓ માટે ( ગ્રંથકર્તા કહે છે કે ) એક જ શબ્દ છે–તેઓના આવા પ્રમાદને ધિક્કાર છે !

સમજુ માણસ આથી વિશેષ શું કહે ? તિરસ્કારનો ટૂંકો શબ્દ મૂકી દઇ લેખકે કમાલ કરી છે. તેજી માણસને ટુંકારો હોય, પછી વધારે આકરા શબ્દો તો નકામા છે, બીનજરૂરી છે. કહેવત છે કે 'તેજી( ઘોડા )ને ટુંકારો અને ગધેડાને ડફણાં.'

ચારે બાજુ અનિત્યપણું જોઈ રહ્યો છે તે ઉપર પૂર્ણ વિચાર કર. આ વાત ખૂબ વિચારવા જેવી છે અને વિચારતાં જચી જાય તેવી છે.

૬. આ તો મિત્રો, વડીલો અને સ્નેહીઓની વાત કરી, પણ સર્વ ભાવો એવા જ પ્રકારના છે તે પણ તું જરા જોઇ લે.

એક પ્રાણી આજે રાજા થાય, હાઈકોર્ટનો જજ થાય, વ્યાસપીઠને ધ્રુજાવનાર વક્તા થાય, બજારોને ખળભળાવનાર મોટો વેપારી થાય કે ગમે તે થાય, પણ પછી છેવટે શું ?

કોઇ પાંચ ઇંદ્રિયવાળો થાય, કોઈ ચારવાળો થાય અને એ પ્રમાણે વધતી–ઓછી ઇંદ્રિયવાળા થાય. કોઈ રૂપવાન થાય, કોઈ કીર્તિશાળી થાય, કોઈ પ્રભાવશાળી થાય, કોઇ સીનેમાના 'સ્ટાર' થાય, કોઈ નાટકમાં સાત વાર 'વન્સમોર' કરાવનાર થાય–આ સર્વ ચેતનભાવો છે. હાલતાચાલતા ત્રસ જીવો અને સ્થિર રહેતા એકેંદ્રિયો સારા અથવા ખરાબ વિચિત્ર ભાવો પ્રદર્શિત કરે છે એ પણ સર્વ **ચેતનભાવો** છે.

સુંદર રાજમહેલ, ભવ્ય હવેલી, મૂલ્યવાન ફરનીચર, સોના-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપાના પાત્રો, આકર્ષક ક્રોકરી (રકાબી, પ્યાલા, પ્લેટ વિગેરે), હીરામોતીનાં ઘરેણાં, સોનાનાં અલંકારો, ઝરૂખા, મહેલ કે મઢી, છત્રીપલંગ કે હાંડીઝુમર, છબીઓ કે ચિત્રો, પુતળાંઓ કે રમકડાંઓ—આ સર્વ **અચેતન** ભાવો છે.

એ સર્વ ચેતન અને અચેતન ભાવો દરિયામાં મોજાં આવે તેમ એક વખત ઉછળે છે અને પાછા પડી જાય છે, એમ અનેક વાર ઉછાળા મારે છે અને પાછા મહા-સમુદ્રમાં લય પામી જાય છે. જ્યારે ચઢે છે ત્યારે એ સપાટી ઉપર દેખાય છે અને વાંસ વાંસની ફલાંગો ભરે છે, પણ અંતે થોડા વખતમાં શમી જાય છે અને શમે ત્યારે એનું નામનિશાન પણ રહેતું નથી, એ મોજું ઉછળ્યું હતું એમ કોઇને યાદ પણ આવતું નથી. અનેક મોજાંઓ તો એવાં હોય છે કે એ ઉછળ્યાં અને શમ્યાં એની વાત કોઇ જોતું કે જાણતું પણ નથી. આ દુનિયામાં ધમાલ કરતા અને દેખાવ કરતા ચેતન અને અચેતન સર્વ ભાવોની આ સ્થિતિ છે.

પરમાણુઓ અનેક રૂપ ધારણ કરે છે. પ્રાણી અનેક જન્મો લે છે એ એનાં જુદાં જુદાં રૂપો છે. એક રૂપ મૂકી બીજું લે છે, બીજું મૂકી ત્રીજું લે છે, એમ અનેક વાર ઉપર આવે છે અને પાછાં લય પામી જાય છે.

સ્ત્રીઓ ટોળે મળીને કૂટે ત્યારે ચાર બાઇઓ ટોળાં વચ્ચે આવી થોડી વાર ઘૂમે છે અને પાછી ટોળામાં ભળી જાય છે, તેમ આ પ્રાણી પણ તારાની પેઠે જરા વખત ચમકારો બતાવી, ચોકમાં થોડા પાઠ ભજવી પાછો અસ્ત થઇ જાય છે. ઘણા તો કૂટતાં ન આવડતું હોય તો વચ્ચે આવ્યા વગર પણ વીસરાળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ જાય છે, એ વચ્ચે આવે કે ન આવે પણ એ વીસરાળ થઈ ગયા પછી દુનિયાને બીજી એટલી ખટપટ હોય છે કે એનું શું થયું અને ક્યાં ગયો ? તેની વાત પણ કોઈ યાદ કરતું નથી.

એવી રીતે ભાંગેલા ટેબલને કે સડીને પડી જતાં ઝાડને કોઇ સંભારતું નથી અને ભાંગેલ ફરનીચર 'ભંગાર' ને ભાવે વેચાય છે. કોઇ પણ જીવતાં પ્રાણી કે અચેતન પદાર્થની આ સ્થિતિ છે. હવે એના ઉપર તે મોહ શો કરવો ? અને એની ખાતર બધું હારી કાં જવું ?

આપણા સગાસ્નેહી અને ધનનો સંબંધ છે તે તો નાટક જેવો છે. કોઇ ચમત્કારથી રાજઋદ્ધિ કે નગરઉદ્યાન બતાવે તેને ઇંદ્રજાળ કહે છે. આપણા નાટકો કે સીનેમા પણ એ જ મિસાલના છે. સગાઓ સાથેનો સંબંધ પંખીના મેળા જેવો છે. જુદી જુદી દિશામાંથી આવી રાત્રે એક ઝાડ પર બેઠાં, સવાર પડી કે સૌ સૌને રસ્તે પડી જાય છે. ધર્મશાળામાં વટેમાર્ગુઓ એકઠાં મળે અને વખત થાય એટલે ચાલવા માંડે—એવો આ સર્વ ખેલ છે. એ ખેલ ચાલે તેટલો વખત તો ખોટો છે એ વાત બાજુએ રાખીએ છીએ, પણ કાયમ રહેવાનો નથી એ વાત તમારા ધ્યાન પર અત્ર ખાસ ઠસાવવાની જરૂર છે.

આવા ચેતન, અચેતન પદાર્થો પર કે સ્વજન ધનના સંમિલન પર જે રાચીમાચી જાય, જે એની ખાતર શું શું કરી નાખે, એને રડતાં જોઈ મુંઝાઈ જાય, એને જતાં જોઇ પોક મૂકી રડવા બેસે, એનો નાશ થતો જોઈ નિસાસા નાખે એ તો ખરેખર 'મૂઢ' ગણાય—મૂર્ખ ગણાય. એવા તદ્દન અસ્થિર—થોડા વખત રહેનારાંના તે વળી ભરોંસા હોય ? અને તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર મુસ્તકીમ રહીને તે કોઇ ગણત્રી કરાય ? ગીતની શરૂઆતમાં ' મૂઢ ' શબ્દ આ પ્રાણી માટે વાપર્યો છે તેનો અત્ર ખુલાસો થાય છે. આ પ્રાણી બીજા મનુષ્ય માટે અથવા પદાર્થો માટે પાતળો થઇ જાય છે કે લાલચોળ થઇ જાય છે એ એનું અજ્ઞાન છે. ઓળખવા યોગ્ય વસ્તુને જે ન ઓળખે તેને મૂઢ કહેવામાં આવે છે. આ પ્રાણી સમજવા ધારે તો સમજી શકે એવી તેની સ્થિતિ છે છતાં પણ તે સમજવા માગતો જ નથી, અને તેથી એ પોતાનો મૂઢ સ્વભાવ વ્યક્ત કરે છે. સમજુ પ્રાણી આવા અચોક્કસ ભાવો અને સંગમો પર મદાર બાંધતો નથી.

૭. જીવનની અસ્થિરતા ત્રણ પ્રકારે બતાવી: ( ૧ ) શરૂઆતમાં આયુષ્યને પવનના તરંગ જેવું ચપળ કહ્યું, ( ૨ ) કુશના છેડા પર રહેલા પાણીના બિંદુ સાથે જીવનને સરખાવ્યું અને ( ૩ ) છઠ્ઠા ગેયપદ્યમાં મિત્રો અને સંબંધીને રાખ થતાં જોઇ તેમાંથી અક્કલ લેવા કહ્યું. હવે એ વાત સીધા શબ્દોમાં છેવટની કહી દે છે:—

મરણને જ્યારે પુરૂષાકાર રૂપ આપવામાં આવે છે ત્યારે તેને ' જમ ' અથવા ' યમ ' કહેવામાં આવે છે. સંસ્કૃતમાં એને ' કૃતાંત ' પણ કહે છે. એટલે જે અંતને કરે તે કૃતાંત કહેવાય. એવો કોઇ દેવ કે દાનવ નથી કે જે આ પ્રાણીને મરતી વખતે આવીને, ખેંચીને, દોરીને કાંઇ લઇ જતો હોય, પણ અલંકારની ભાષામાં જાણે કાંઇ તેવું જ બનતું હોય એવો ખ્યાલ આપવામાં આવે છે. મરણના પુરૂષાકારવર્ણનનું અહીં ચિત્ર આપવામાં આવે છે તે વિચારો.

એ જમદેવ આખો વખત પ્રાણીઓનો કોળીઓ કર્યે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે. અજંગમ પ્રાણીમાં સ્થાવરોનો સમાવેશ થાય છે. પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિ એ સર્વ અજંગમ ગણાય છે; જો કે અગ્નિ અને વાયુ ગતિએ કરીને જંગમ છે. જંગમમાં શંખ, જળો વિગેરે બેઇંદ્રિયો, માંકડ, જૂ વિગેરે તેઇંદ્રિયો, વીંછી, ભમરી, તીડ વિગેરે ચઉરિંદ્રિયો તથા છેવટે પંચેંદ્રિયોનો સમાવેશ થાય છે. પંચેંદ્રિય પ્રાણીમાં ચાર મોટા વિભાગ છે. તેમાં પ્રથમ વિભાગ તિર્યંચોનો આવે છે. એમાં માછલાં, મગરમચ્છ વિગેરે જળચર છે, હાથી, ઘોડા, ગાય વિગેરે સ્થળચર છે અને પોપટ, કોયલ, કબૂતર વિગેરે ખેચરો છે. એ ઉપરાંત તેમાં પેટથી ચાલનાર સર્પો (ઉરઃપરિસર્પ) અને હાથથી ચાલનાર નોળીઆ(ભુજપરિસર્પો)નો સમાવેશ થાય છે. આ પંચેંદ્રિય તિર્યંચો થયા. બીજો વિભાગ મનુષ્યનો આવે છે તે મૃત્યુલોકના માનવી—આપણા જેવા છે. મનુષ્યભવમાં કે અન્યત્ર શુભ સામગ્રી એકઠી કરી સુખનો અનુભવ કરે તે ત્રીજા દેવોના વિભાગમાં આવે છે અને અશુભ કર્મબંધ કરી દુઃખનો અનુભવ કરે તે નારકો કહેવાય છે. આ બેથી પાંચ ઇંદ્રિયવાળા સર્વ જંગમ અથવા ત્રસજીવો કહેવાય છે.

જમરાજા આખો વખત આરામ લીધા વગર એ સર્વ જંગમ અને અજંગમ પ્રાણીઓનો કોળીઓ કર્યા જ કરે છે. એક સમયની પણ રાહ જોયા વગર સારોયે વખત પ્રાણીઓને હોઇઆ કરતો જ જાય છે. અનાદિ કાળથી એને એવી લત લાગી છે કે એ પ્રાણીઓને ખાધા જ કરે છે, પણ કદી ધરાતો જ નથી, એને કદી સંતોષ થતો નથી અને કદી એ પેટ પર હાથ ફેરવી હાશ કરતો નથી. એનો સ્વભાવ જ એ છે.

હવે એ જમરાજા પોતાનાં મ્હોમાં આવે એ સર્વને ગળપ કર્યા કરે છે એ વાત તો આપણે દરરોજ જોઇએ છીએ. મુંબઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા શહેરમાં તો એણે કેટલા માણસને ખાધાં તેના આંકડા પણ દરરોજ છપાઇને બહાર પડે છે.

હવે એ તો એનાં મ્હોમાં આવ્યાં તેને જરૂર ખાય છે, પણ તું ક્યાં છે તેનો વિચાર કર્યો? એના મુખમાં આવે એ તો વાત કરતાં બોલતાંચાલતાં બંધ થઈ જાય છે, પણ તારો વારો ક્યારે આવશે તેની તને ખબર છે? તું વિચાર કરીશ તો તને જણાશે કે તું પણ એની હથેલીમાં જ છે. અને કાખ-બગલને અને મ્હોંને આંતરો કેટલો છે તે તો તને કહેવાની જરૂર નથી. આ ચાર-છ ઈંચના આંતરે તું ઉભો છે. ક્યારે એના મ્હોમાં પડીશ તેની તને ખબર નથી અને મ્હોમાં પડ્યો કે ભુક્કા નીકળી જવાના છે એ વાતની જરા શંકા પણ નથી.

તારો અંત એ કૃતાંત (અંત લાવનાર) નહિ લાવે એની કાંઇ તને ગેરંટી (ખાત્રી) મળી છે? તારે ને એને કાંઇ દોસ્તી સંબંધ છે? તારે એની સાથે કાંઇ સગપણ છે? તારા ઉપર એનો કાંઇ પ્રેમ છે? આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે, જગતમાં જાણીતી છે, તારી પાસે પ્રકટ ખડી થઈને ઉભી છે અને તને આમંત્રણ કરીને વિચાર માટે બોલાવે છે. જો તને કોઇ ઉપાય સૂઝ્યો હોય અથવા તને યમરાજે ખાત્રી આપી હોય તો અમારી સર્વ વાર્તા ફોકટ છે, પણ નહિ તો એક દિવસ આ સર્વ છોડી ચોક્કસ જવાનું છે અને અત્યારે માત્ર સવાલ એની હથેળીમાંથી મુખમાં પડવા પૂરતો જ બાકી રહે છે.

આવો અંત ન આવે તેવો ઉપાય યોજ અને યમરાજના પાસમાંથી છૂટવાના દ્વાર શોધી રાખ, પણ તે તો આખો જુદો રસ્તો છે. એના માર્ગો છે, પણ તે તો તારે શોધીને

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૈયાર કરવાના છે; પરંતુ અત્યારે જમરાજા આવે તો તું જવા તૈયાર છે? આમ જમરાજાનું નામ આવે ત્યાં મ્હોં શું કામ બગાડી નાખે છે? જે સ્થિતિ ચોક્કસ થવાની છે તેના નામથી પણ અમંગળિક થતું હોય એવા ઘેલાં શું કાઢે છે? જ્યારે જરૂર જવું જ છે અને એ વાત જીવવા જેટલી જ ચોક્કસ છે ત્યારે પછી આ ફફડાટ શા માટે કરી રહ્યો છે?

એક વાત સમજીને સ્વીકારી લે અને તે એ છે કે યમરાજ કોઇને મૂકતો નથી, કોઇને એણે છોડ્યા નથી અને તું કદાચ એમ માની લેતો હો કે તારા સંબંધમાં એ અપવાદ કરશે તો તું ભારે ગફલતીમાં રહે છે. મોટા માંધાતાને પણ એણે છોડ્યા નથી અને આખી પૃથ્વીને ધણધણાવનાર પણ એની આગળ નમી એના કોળીઆ થઈ ગયા છે. કોઇ અમરપટ્ટો લખાવીને આવ્યું નથી અને તું ખાલી ગર્વ કર નહિ. તારો પણ અંતે એ જ માર્ગ છે એમ સમજી, ગણી, વિચારી તારા જીવનની અનિત્યતા સમજી લે અને તે વાત ધ્યાનમાં રાખી તારી બાજી ગોઠવ.

૮. પોતાના વૈભવ અને પરિવારની ચિંતા નકામી છે, જીવતર ક્ષણભંગુર છે, વિષયસુખ ચાલી જનાર છે, જુવાનીના રંગ થોડા વખતના છે, ઘડપણના ચાળા હસવા જેવા છે, દેવોના સુખ પણ અંતે પૂરા થવાના છે, સાથે રમનારા અને વિનોદ કરનારા પણ ચાલ્યા ગયા છે, સર્વ ભાવો દરિયાનાં મોજાં જેવાં છે અને સ્વજન ધનનો સંબંધ ઈંદ્રજાળ જેવો છે અને જમરાજા તો ગળક કરતો જ જાય છે. ગભરાઈ ગયા, મુંઝાયા, ફસાઇ ગયા! હવે શું કરવું? ક્યાં જવું? કોનો આશ્રય શોધવો? લેખક મહાશય કહે છેઃ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાઇ ! તારૂં પોતાનું આત્મસ્વરૂપ જો, તું ઉંડો ઉતર. એ સચ્ચિદાનંદમય છે. આ શબ્દમાં ત્રણ હકીકત છે. ‘ સત્ ’ ‘ ચિત્ ’ અને ‘ આનંદ. ’ જગત્ સર્વ મિથ્યા છે, સંબંધ સર્વ ખોટા છે પણ આ પરમાત્મ સ્વરૂપ આત્મા સત્ છે. એ ત્રણ કાળ રહેવાનો છે-હતો, છે અને રહેશે. ઉપર જે અનિત્ય ભાવો, સંબંધો અને સંયોગો જોયા તેની બરાબર સામે મૂકાય એવો નિત્ય–સત્ આત્મા એના મૂળ સ્વરૂપમાં છે. માયા, ઇંદ્રજાળ કે સ્વપ્નવત્ જગત સામે આ ખરો ‘ સત્ ’ છે.

એ ત્રિકાળ સત્ નિત્ય છે એટલું જ નહિ પણ ‘ ચિત્ ’ છે, જ્ઞાનમય છે, જ્ઞાનથી ભરેલો છે, પ્રકાશ સ્વરૂપ છે અને ભૂત, ભવત્ તથા ભાવી સર્વ ભાવને જાણનાર છે. એની જ્ઞાન-શક્તિ અત્યારે ઓછી થઇ ગઇ છે—અવરાઇ ગઇ છે પણ અંદર ભરેલી છે અને તે ત્યાં બરાબર છે. આ પ્રકાશમય રૂપ અંદર છે તેને બહાર લાવવાનું છે પણ તે ત્યાં છે અને તેના અસલ સ્વરૂપમાં અજ્ઞાનને–મૂઢતાને સ્થાન નથી એ બીજી વાત કરી.

અને ત્યાં નિરંતર ‘ આનંદ ’ વર્તે છે. પ્રથમ સાંસારિક સર્વ ભાવોને દરિયાના ઉછાળા સાથે સરખાવ્યા એવી વાત અહીં નથી, ત્યાં દોડાદોડ નથી, ધમાલ નથી, દુઃખ નથી, સંપૂર્ણ સાચો નિરવધિ આનંદ છે, મોજ છે, સુખના ધરડકા છે. આ ત્રીજી વાત કરી. પરમાત્મ સ્વરૂપે આત્મા ૧. ‘ સત્ ’ ૨. ‘ ચિત્ ’ અને ૩. ‘ આનંદ ’મય છે. એ એનું સાચું સ્વરૂપ છે. આ સચ્ચિદાનંદ સ્વરૂપ તારૂં પોતાનું જ છે, તારા ઘરનું છે એને પ્રાપ્ત કરવામાં—પ્રકટ કરવામાં તારે કોઇની પાસે યાચના કરવી પડે તેમ નથી, કોઇની પાસે વર માગવો પડે તેમ નથી, કોઇની પાસે હાથ જોડવા પડે તેમ નથી.

www.jainsite.com                For Private & Personal Use Only                info@jainsite.com

આ સચ્ચિદાનંદ સ્વરૂપનો બરાબર ખ્યાલ કરી તું હંમેશને માટે એક અવ્યાબાધ–અપ્રતિહત–નિત્ય સુખ પ્રાપ્ત કર. આ નાનકડાં માની લીધેલાં સુખમાં મુંઝાઇ જઇ એક ખાડામાંથી બીજામાં પડે છે અને વારંવાર મુંઝાય છે એ તારા જેવા સચ્ચિદાનંદસ્વરૂપવાળાને ઘટે નહિ–શોભે નહિ–દીપે નહિ. અનિત્ય વસ્તુઓ, સંબંધો અને શરીરો છોડી તારૂં પોતાનું શાશ્વત સુખ છે અને તારા ઘરમાં જ છે, તારી પાસે જ છે તેનો અનુભવ કર, એ સુખમાં પેસી જા, એનો આનંદ ભોગવ અને હંમેશને માટે સર્વ ઉપાધિનો ત્યાગ કરી ઘુંટડા ભરી ભરીને એ સાચા સુખને ભોગવી લે. એને તું ચાલુ ભોગવ્યા કરશે એ વાતની તને એ માર્ગે ચઢતાં જ ખાત્રી થશે. ‘સચ્ચિદાનંદ’ શબ્દ જ એવો સુંદર છે કે એને સમજતાં એનામાં પ્રાણી આકર્ષણ પામી જાય છે. તું સચ્ચિદાનંદમય છે, પ્રકટ થઇ જા. સંત પુરૂષોને ત્યાં ઉત્સવ હો. અહીં આ સંસારમાં જ હો–એમ ગ્રંથકર્ત્તા મહાત્મા આશીર્વાદ આપે છે. સંત કોણ કહેવાય ? જે સાચે માર્ગે વર્તન કરી રહ્યા હોય તે સંત–સજ્જન કહેવાય. ખાલી વાતો કરનારા નહિ, પણ વાતોને ઝીલનારા–વાતો કરે તે પ્રમાણે વર્તનારા. આમાં દંભને કે ઢોંગને સ્થાન ન હોય.

ઉત્સવમાં પાન વગર ચાલે નહિ, પીણું તો જોઇએ. અહીં પ્રશમ રસ–શાંતસુધારસનું તાજું પીણું ( Drink ) આ ઉત્સવમાં મળવાનું છે. એ અમૃતરસનું પાન કરવા રૂપ ઉત્સવ સજ્જન પુરૂષોને હો. વિનય એટલે આકર્ષણ ( વિનયનં )

આ છેલ્લા ઉદ્‌ગારમાં ગ્રંથકર્ત્તાએ પોતાનું નામ પણ જણાવી દીધું અને ‘સુધારસ’ ગ્રંથનો ઉત્સવ કેવો છે તેનું દર્શન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ કરાવી દીધું છે. પ્રશમરસ—શાંતરસ કેવો છે તેનું વર્ણન પ્રવેશકમાં થઇ ગયું છે.

× × ×

સંસારની અસારતા જણાવવા સારૂ લેખકશ્રીએ ઘણી અગત્યની હકીકતો કહી દીધી છે. તેમણે નાના—મોટા વૈભવ ખાતર ફસાવાની ના કહી, પરિવાર ખાતર મુંઝાઈ જવા સામે ચેતવણી આપી, જીવનને અસ્થિર બતાવ્યું, વિષયસુખ સાથેની દોસ્તી નિરર્થક બતાવી, સંસારનાટક ક્ષણભંગુર બતાવ્યું, જુવાનીનો રંગ અલ્પકાલીન બતાવ્યો, ઘડપણના ચાળા વર્ણવીને બતાવ્યા, સુખની સીમા બતાવી, સાથે રમનારા ગયા એમ બતાવ્યું, સાંસારિક ભાવો ઇંદ્રજાળ જેવા અસ્થિર બતાવ્યા અને યમદેવને સદાનો ભૂખ્યો બતાવ્યો. છેવટે નિત્ય સુખ અનુભવવા ભલામણ કરી.

JAINSITE.com

આ પ્રત્યેક વાત નવીન છે, નવીન નજરે જોવા જેવી છે અને ખૂબ વિચારમાં નાખી દે તેવી છે. નીચેના ત્રણ દાખલાઓ વિચારીએ:—

જુદી જુદી જગ્યાએ ચરી રાત્રી રહેવા માટે એક ઝાડ પર પંખીઓ સાંજે એકઠા થાય છે તેવી રીતે કુળરૂપ વૃક્ષમાં આ જન્મમાં પ્રાણી એકઠા થાય છે. સર્વ પક્ષીઓ સવાર થતાં રસ્તે પડી જાય છે તેમ પ્રાણી આયુષ્ય પૂરૂં થતાં રસ્તે પડી જાય છે. આવો અત્રેનો મેળાપ છે. સવાર ક્યારે પડશે એટલો જ સવાલ છે. આ દૃષ્ટિએ સંસારના મેળાને કદી વિચાર્યો છે?

સવારે જે ઘરમાં મંગળગીત ગવાતાં હોય અને નાસ્તા—ચા—પાણી ઉડતાં હોય ત્યાં બપોરે પ્રાણપોક મૂકાય છે અને

સુખ ને આનંદને બદલે છાજીઆ ગવાય છે. એવા અનેક દાખલા અનુભવ્યા છે પણ તેની અંદરના રહસ્યને વિચાર્યું છે?

જેનો સવારે રાજ્યાભિષેક થાય તે જ દિવસે સાંજ પડતાં ચિતામાં પડતાં અને એ જ ચિતામાંથી એના ધુમાડા નીકળતાં સાંભળ્યાં છે અને છતાં આ જીવનનો મોહ છૂટતો નથી અને સંસાર સાથે વળગવાનું મન થાય છે. એમાં કયો મનોભાવ વર્તે છે તેનો કદી વિચાર કર્યો છે?

વિચાર કરો, સમજો, ખ્યાલ કરો—આપણે શેના ઉપર પડી મરીએ છીએ? કઇ જાતની સ્થિરતા સમજીને આખી રમત માંડી બેઠા છીએ? એ માંડેલી રમત ક્યારે બંધ કરવી પડશે? બંધ થશે ત્યારે આપણને ભાન હશે કે પોઢી ગયા હશું? અને આ સર્વ શું થાય છે? કેમ થાય છે? સમજુનાં લક્ષણ આ હોય નહિ, ચોક્કસ સમજ્યા વગર એ કામ કરે નહિ, દીર્ઘકાલીન લાભ જાણ્યા વગર એ પ્રવૃત્તિ કરે નહિ અને તારી તો આખી રમત ખોટી છે. જેને તેં ઘરનું ઘર ધાર્યું છે તે તારૂં નથી, જેને તેં તારાં સંબંધી માન્યા છે તે તારાં નથી, જેને તેં તારાં સગાં માન્યાં છે તે સ્થાયી રહેવાનાં નથી અને જેની ખાતર તું પાપ સેવે છે, પ્રાણ પાથરે છે, શુંનું શું કરી નાખું એમ ધારે છે તે તારાં નથી. તારૂં શરીર પણ તારૂં નથી. તું એને ગમે તેટલું પોષે તો પણ તે તારૂં રહેવાનું નથી અને તારી સાથે આવવાનું પણ નથી.

આખી બાજી તેં વસ્તુસ્થિતિ સમજ્યા વગર માંડી છે. તું પૈસા અને સ્વજન ખાતર અનેક અગવડો અને પાપો સેવે છે, પણ તે તારી પાસે રહેવાનાં છે? તારાં રહેવાનાં છે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ ખાત્રી મળી છે? મહાવિગ્રહ પછી ઘણાના એક ભવમાં ત્રણ ભવ થતાં તેં જોયા, કઇકનાં મગજ ખસી ગયાં અને કઇકનાં શરીર ઘસાઇ ગયાં—એ તેં નજરે જોયું અને છતાં હજુ તું આંખો બંધ રાખીને ઝૂકે જ જાય છે તે કોના ઉપર? અને શાને માટે? તને વિષયોમાં મજા આવે છે? તું તેનું સ્વરૂપ વિચારી જો. એમાં મજા જેવું કાંઇ નથી. એ તો વસ્તુઓના ઢગલા અને માયાનાં પુતળાં છે. એમાં તારા જેવો અનંત સુખનો ઇચ્છક મજા માણે તે તારા ગૌરવને પણ શોભતી વાત નથી. તું એ પ્રશ્નને સાધારણ દુનિયાદારી નજરથી ન જો. જરા ઉંડો ઉતર. તારા જેવાં ગૌરવશાળી આત્માને આ શોભતી વાત નથી. ક્યાં હાથ નાંખે છે? ક્યાં કાન માંડે છે? ક્યાં નજર દોડાવે છે? એમાં શું સુખ છે? કેટલું છે? ક્યાં સુધી ચાલશે?

જો તને એ સુખ હંમેશ માટે નહિ તો પણ ઘણો વખત ચાલે તેવું લાગતું હોય તો તો તેમાં મજા કરી લે, પણ વિષયનાં સુખ તો એક મીનિટ પણ ચાલે તેવાં નથી. ખાધું એટલે ખલાસ થયું! ગળા નીચે ઉતર્યું એટલે પછી તે દૂધપાક હોય કે ઘેંસ હોય—સર્વ સરખું જ છે. અને તારા જેવો સમર્થ આત્મા આવા કીચડમાં પગ નાંખે છે એ તને શોભતી વાત થાય છે?

જો આવી અવ્યવસ્થિત સ્થિતિમાં ચાલ્યો જઇશ—આગળ વધીશ તો શરીર છૂટશે ત્યાં સુધી આશા તો છૂટવાની જ નથી અને આયુષ્ય પૂરું થશે ત્યાં સુધી પાપબુદ્ધિ જવાની નથી. ત્યારે શું તું આમ ને આમ ચલાવ્યે જ જઇશ? અને અંતે ઘસડાઇ જવાની જ તારી ઇચ્છા છે? ક્ષણિક સુખ ખાતર તું કેટલો ભોગ આપે છે તેનો વિચાર કર. આ મનુષ્યભવ તને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહામુશ્કેલીએ મળ્યો છે તેને અસ્થિર પૌદ્ગલિક પદાર્થો અને મનના માનેલા સંબંધો ખાતર ગુમાવી દેવો યોગ્ય ન ગણાય. કોઈ સ્થાયી ચીજ મળે તે ખાતર–તે માટે પ્રયત્ન કરવો ઘટે. પણ અત્યારે તું શું કરી રહ્યો છે ? જ્યાં તારા જીવનનું જ ઠેકાણું નથી ત્યાં તું શેના ઉપર અને કોને માટે આ સર્વ રચના કરી રહ્યો છે ? અંતે આ સર્વને મૂકીને જવાનું છે એ વાત ચોક્કસ છે. ગમે કે ન ગમે પણ મરવું તો પડશે જ, ત્યારે પછી આટલા ટૂંકા સમયમાં કાંઇ એવું કરી લે કે જેથી આ સર્વ રખડપટ્ટીનો છેડો આવી જાય.

આખા જીવનની ચાવી સમજવાની જરૂર છે, સમજીને છૂટી જવાની જરૂર છે; નહિ તો આ ચક્રવ્યુહ એવો મંડાણો છે કે એમાંથી નીકળવાના પ્રયત્ન કરતાં એમાં તું વધારે વધારે અટવાઇશ. ખૂબ વિચાર કરી સાચો માર્ગ પકડી લઇશ તો જ તને આ ચક્કરમાંથી બહાર નીકળી જવાનો માર્ગ સાંપડશે.

તેનો માર્ગ એ જ છે કે એ ચક્કરને બરાબર ઓળખી જવું. એમાં ઉપર ઉપરના સ્નેહ, ખોટાં પ્રેમાલિંગનો, મોટે મોટેથી રૂદન એ સર્વને ઓળખી જવું, વસ્તુઓ સાથેનો સંબંધ બરાબર વિચારવો અને શરીર પણ ક્યાં સુધી કામ આપશે તેની કિંમત કરી લેવી. શરીરનો બને તેટલો લાભ લેવો, પણ એની ખાતર મુદ્દાનો ભોગ આપવો નહિ.

આ સર્વ સંબંધો, વસ્તુઓ અને શરીર અનિત્ય છે, ક્ષણસ્થાયી છે એ ભાવ જો મનમાં જામી જાય તો આખી ગુંચવણનો નીકાલ થઇ જાય તેમ છે. એને સમજવામાં મુશ્કેલી છે તેના કરતાં પણ એની સાથે કામ લેતાં એ વાત સતત લક્ષ્યમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેવી વધારે મુશ્કેલ છે; પણ એ રીતે જીવવામાં આત્માનંદ છે અને સાથે અમર્યાદિત લહેર છે. એ ભાવને અંતરથી વિચારી જોતાં અનેક મુમુક્ષુઓને માર્ગ પ્રાપ્ત થઇ ગયો છે. ચિદાનંદમય આત્મસ્વરૂપની ઝાંખી કરાવનાર અને આત્માના શાશ્વત સુખને એના સાચા આકારમાં બતાવનાર આ અનિત્ય ભાવના વારંવાર વિચારવા–ભાવવા જેવી છે. પુદ્ગળ સાથેનો સંબંધ એવો તો જકડાઈ ગયો છે કે એનાથી છૂટવાનો પ્રયત્ન કરવાનું એને સૂઝતું નથી અને સૂઝે તો અમલમાં આવતું નથી; પણ અંતે આ સર્વ સંબંધ છૂટવાના છે, છોડવાના છે, ખસી જવાના છે. પરાધીનપણે થઇ ગયેલા ત્યાગની કિંમત નથી, સમજી વિવેક વાપરીને કરેલા ત્યાગની કિંમત છે. એ ત્યાગ પ્રાપ્ત કરવા, એ જીવન જીવવા આંતરવૃત્તિથી નિર્દંભપણે આત્મસાક્ષીએ પ્રયાસ કરે અને આ વિચારણા અમૃતરસના પાન ( પીણાં ) સમાન છે. એ પીણાના નશામાં ચકચૂર થવા આત્માર્થી મુમુક્ષુ યત્ન કરે એવો ઉપાધ્યાય શ્રીમદ્વિનયવિજયજીનો ઉપદેશ છે.

અનિત્ય ભાવનાનો વિષય જ્ઞાનાર્ણવમાં સુંદર રીતે ચર્ચ્યો છે. તેની બે ત્રણ પ્રસાદી જરૂર વિચારવા યોગ્ય છે. શુભચંદ્રાચાર્ય સંસાર–સમુદ્રના સર્વ સંબંધોને વિપત્તિનાં ઘર બતાવી પછી કહે છે કેઃ—**वस्तुजातमिदं मूढ ! प्रतिक्षणविनश्वरम् । जानन्नपि न जानासि ग्रहः कोऽयमनौषधः ॥** તેઓ તો સામાન્ય રીતે જબરો ચાબખો લગાવે છે કે–હે મૂઢ પ્રાણી ! ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુ પ્રતિક્ષણ નાશ પામ્યા જ કરે છે, આ વાત તું જાણે છે છતાં જાણે જાણતો જ નથી. તને તે ઉપચાર ન થઇ શકે એવો ( ઔષધ વિનાનો ) કયો ગ્રહ ( વ્યાધિ ) લાગુ પડયો છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વાત તદ્દન સાચી છે. આપણે જાણતા છતાં પણ જાણતા નથી. આપણું જાણ્યું કામનું શું ? વિનશ્વર જાણવા છતાં સંબંધ, ધન અને વસ્તુને ચાટતા જઇએ એ જ્ઞાન શા કામનું ? ખરેખર આપણો વ્યાધિ આકરો છે, વળગાડ ચીકણો છે અને એનું ઓસડ નજરે પડતું નથી.

એનો દાખલો આપતાં તેઓ કહે છે કેઃ—**वन्हिं विशति शीतार्थं, जीवितार्थं पिबेद्विषम्। विषयेष्वपि यः सौख्यमन्वेषयति मुग्धधीः** 'જે મૂઢ બુદ્ધિવાળા પ્રાણી વિષયમાંથી સુખ મેળવવા ઇચ્છે છે તે ઠંડક મેળવવા માટે અગ્નિમાં પેસે છે અને જીવવા માટે ઝેર પીએ છે.' અગ્નિમાંથી ઠંડક મળે ખરી ? અને ઝેર પીને જીવાય ખરું ? છતાં આપણે મોહઘેલા બરાબર તે પ્રમાણે જ આચરીએ છીએ.

તેઓશ્રી આખા અનિત્ય ભાવનાના વિષયનો ઉપસંહાર કરતાં માલિનીવૃત્તમાં સુંદર ભાવ પ્રકાશિત કરે છે.

**गगननगरकल्पं सङ्गमं वल्लभानाम्,**
**जलदपटलतुल्यं यौवनं वा धनं वा।**
**सुजनसुतशरीरादीनि विद्युच्चलानि,**
**क्षणिकमिति समस्तं विद्धि संसारवृत्तम्॥**

" સ્ત્રીઓનો સંબંધ આકાશનગર ( કલ્પિત ) જેવો છે, યૌવન અને ધન વાદળાનાં રંગ જેવા છે, સગાં છોકરાં અને શરીર વીજળી જેવાં ચંચળ છે અને ટૂંકામાં કહીએ તો આ આખી દુનિયાની સર્વ ચીજો અને ભાવો ક્ષણિક છે." આવો તત્ત્વગવેષકનો મત છે. આપણે ખરી નજરે જોઈએ તો આપણને એ જ આકારમાં સર્વ સંબંધો અને વસ્તુઓ દેખાય છે. વાત

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ છે કે આ પ્રાણીને આંખ આડા કાન કરવા છે અને કાંઇ જણાઇ જાય તો જાણે પોતાનો વારો આવશે ત્યારે ગોટો ચાલ્યો જશે એમ એ મનડાંને મનાવી લે છે અને જ્યારે હાથ નીચા પડે છે અને શરીર અશક્ત બને છે ત્યારે એનો ઉપાય રહેતો નથી. પછી એ 'વીલ' કરીને આવતા ભવ માટે નાણાના રોકાણ કરવા મંડી જાય છે, એમાં પણ એનો ધન પરનો પ્રબળ મોહ છે. એનું ચાલે અને આવતા ભવમાં રૂપીઆના ચાર આના રોકડા મળે તેમ હોય તો છોકરાને રખડાવીને એવી ચીઠ્ઠી પોતાની સાથે લેતો જાય, પણ ઉપાય ન રહે ત્યારે નાણાનું 'રોકાણ' આશાએ કરે છે અને આ આશા એ જ એનો નાશ કરનારી ચીજ છે.

છેવટે આ સર્વ છોડવાનું જ છે, ગમે કે ન ગમે પણ અંતે સર્વ પારકું છે અને તેટલા માટે વીલથી આપેલાં ધનની ખબર છાપામાં આવે છે ત્યાં મથાળે લખેલ હોય છે કે other people's money—'પારકાના પૈસા.' આ વાત ન ગમે તેવી છે, પણ ખરી છે. દલપતરામ ગાઇ ગયા છે કે—

'માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લુંટનારે લુંટી લીધું રે ! આ જીવ જોને.'

આ વાત ખૂબ વિચારવા જેવી છે. એટલા માટે આ પ્રાણીને કહે છે કે જેની ખાતર તું મુંઝાય છે—ફીકર—ચિંતા કરે છે તે સર્વ ફોકટ છે. વસ્તુ કે સંબંધ અલ્પ કાળના છે અને તારી મુંઝવણ અસ્થાને છે. આ રીતે સંસારના સર્વ સંબંધો અને પદાર્થોની અનિત્યતા વારંવાર વિચારવી, એમાં ઉંડા ઉતરવું અને વસ્તુના અને આત્માના પર્યાય ધર્મો બરાબર ઓળખી તેની સાથે તેને યોગ્ય કામ લેવું જેથી અત્યારે 'મૂઢ'માં ગણત્રી થયેલી છે તે

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

ફરી જઇ સમજુમાં ગણાવાની તક મળે અને સાચી સમજણ—વિવેકને ચોગ્ય સ્થાન મળે. અત્યારની દોડાદોડ, તાલાવેલી, ધમાલ અને લમણાઝીક સર્વ ખોટી છે, થોડા વખત માટેની છે અને પરિણામે મોટી આપત્તિ વધારે તેવી છે; માટે ખોટા મુંઝા નહિ, ખોટા ફસા નહિ અને ખોટાની ખાતર રખડ નહિ.

સર્વને અનિત્ય કહેવામાં એક વાત ખ્યાલમાં રાખવાની છે. આત્મા પોતે નિત્ય છે તે તેના ગુણની દૃષ્ટિએ, પણ એના પર્યાયો સર્વ પલટાયા જ કરે છે અને આપણે જે શરીરો જોઈએ છીએ તે તેના પર્યાય છે. તેવી જ રીતે સર્વ ચીજોનાં પરમાણુઓ નિત્ય છે પણ એના આકાર, એના સ્કંધના રૂપો પલટાયા કરે છે અને તે નજરે સર્વ વસ્તુઓ અનિત્ય છે. આપણે શરીર અને વસ્તુઓ, ભાવો અને આવિષ્કારો સાથે સંબંધ છે, તેની વિચારણા કરીએ છીએ અને તેમાં જ મુંઝાઇ જઇએ છીએ, એ વાત ધ્યાનમાં રાખવાની છે.

પણ આ વાત કરતાં ગભરાઇ જવાનું નથી, અનિત્યતા જાણી રડી પડવાનું નથી, અસ્થિરતા વિચારી ગાંડાઘેલા થઈ જવાનું નથી, ક્ષણભંગુરતા સમજી આપઘાત કરવાનો નથી; પણ એનો વિચાર કરી એમાંથી નિત્ય—સ્થાયીભાવ સાંપડે એવો માર્ગ શોધવાનો છે. એ માર્ગ શોધકને મળે છે. ભાવનાનું કાર્ય તો વસ્તુસ્વરૂપ પ્રગટ કરવાનું છે, એ થયું એટલે એનો પ્રદેશ પૂરો થાય છે. પ્રગતિ માટે વસ્તુનું બરાબર ઓળખાણ કરવું એ જરૂરી છે. ગ્રંથકર્ત્તાએ ઉપોદ્ઘાતમાં જણાવ્યું છે તેમ ભાવના વગર શાંતસુધારસ જામતો નથી અને એ રસ વગર જરા પણ સુખ નથી. આ સર્વ હકીકત ધ્યાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખી ખૂબ વિચાર કરો, સારી રીતે ઉંડા ઉતરો અને પ્રયાસ કરી સાચા સુખનો સાદો માર્ગ પકડી લો.

ચિદાનંદજી મહારાજે જંગલો–કાફી રાગમાં આ વાત બહુ અસરકારક રીતે બતાવી છે. તેઓ કહે છે કેઃ—

જૂઠી જૂઠી જગતકી માયા, જિને જાણી ભેદ તીને પાયા. જૂઠી૦
તન ધન જોવન સુખ જેતા, સહુ જાણ અથિર સુખ તેતા;
નર જિમ બાદલકી છાયા, જૂઠી જૂઠી જગત કી માયા. ૧
જિને અનિત્ય ભાવ ચિત્ત આયા, લખ ગલિત વૃષભકી કાયા;
બુઝે કરકંડુ રાયા, જૂઠી જૂઠી જગતકી માયા. ૨
ઈમ ચિદાનંદ મનમાંહી, કછુ કરીએ મમતા નાંહી;
સદ્ગુરૂએ ભેદ લખાયા, જૂઠી જૂઠી જગતકી માયા. ૩

અર્થ સ્પષ્ટ છે. એમાં કરકંડુ રાજાની વાત કરી છે તે મજાની છે. એ પ્રત્યેકબુદ્ધ થયા. જેઓ કોઇ વસ્તુ જોઈને બોધ પામી જાય છે તેને ‘ પ્રત્યેકબુદ્ધ ’ કહે છે. એક વૃષભ–બળદ જુવાન હતો ત્યારે આખા શહેરમાં ફરતો, મ્હાલતો અને કઇકને પાડી દેતો. આખા શહેરમાં એનો ત્રાસ હતો. થોડા વર્ષ પછી એ ઘરડો થયો, દુર્બળ થયો, એના શરીર પર માખીઓ બણબણવા લાગી, એ ચાલતાં લથડવા લાગ્યો અને એનો મદ દૂર નાસી ગયો. એવા પ્રબળ ગોધાની આ દશા જોઇ કરકંડુ રાજાને શરીરની અસ્થિરતા, યુવાનીની છોળો અને મદની ભ્રામકતાનું ભાન થયું અને અનિત્ય પદાર્થ પરનો રાગ ચાલ્યો જતાં રાજપાટ છોડી એણે અંતર આત્માને શોધવા માર્ગ લીધો. આ જુવાનીનો જેવો ચટકો છે એવી જ અસ્થિરતા સાંસારિક સર્વ પદાર્થો, સંબંધો અને ભાવોની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સનત્કુમાર ચક્રવર્તીને શરીરસૌંદર્ય પર ખૂબ મોહ હતો, પણ જોતજોતામાં એ શરીર વિષમય થઇ ગયું. મોટા ચક્રવર્તીઓ પણ ગયા અને કાકિણીરત્નથી ઋષભકૂટપર લખેલાં નામો પણ અંતે ભુંસાઇ ગયાં તો પછી આપણાં તે શાં ગજાં! અને આવી તદ્દન ઉપેક્ષણીય વસ્તુ ખાતર જીવતર બગાડવું અને પોતાનો આખો વિકાસક્રમ ઉથલાવી નાખવો એ મહામુશ્કેલીએ મળેલા મનુષ્યભવને ફેંકી દેવા જેવું છે.

સ્થૂળ વાદમાં મસ્ત થયેલા આ યુગમાં અનિત્યતાની વાતો ઘણાને ગમશે નહિ એ ખરૂં છે, પણ વાત એ છે કે જેને જાણવું જ નથી તેને તો સર્વ સરખું જ છે. બાકી સમજ્યા વગર અત્યારે જે મહારંભો અને મોટી ઉથલપાથલો થઇ રહી છે તેમાં સાધારણ વ્યવહારકુશળ બુદ્ધિને પણ સ્થાન નથી, જાણવા છતાં ઘણા જાણતા નથી અને જાણનારા અનુસરતા નથી–તેથી સાચી વાત બદલાય નહિ. એક તાજા સિવિલીયનને પૂછયું કે–હવે શું કરશો? નોકરી. પછી? અમલદારી. પછી? ડેપ્યુટી કલેક્ટરી. પછી? આસીસ્ટંટ કલેક્ટરી. પછી? કલેક્ટરી. પછી? બઇરી છોકરા વિગેરે. પછી? કમીશ્નર. પછી? એક્ઝીક્યુટીવ કાઉંસીલના મેમ્બર. પછી? હવે જવાબ આપતાં તેનું તદ્દન આવી રહ્યું હતું.

જવાબમાં બોલ્યા 'પછી પછી શું કરો છો? પછી પેન્શન લેશું?'.

પછી? (હવે તે તદ્દન નભરવસ થઇ ગયા.) પછી શું? પછી મરશું!

આમ બોલતાં બોલાઇ તો ગયું, પણ પછી મોટી મુંઝાયો. એને મનમાં થયું કે ત્યારે શું આ સર્વની આખરે અંતે મરવાનું તો ખરૂં જ!!

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વાત તમને નરમ પાડવા માટે કરવાની નથી, મુંઝવવા માટે શોધી કાઢેલી નથી, નવા યુગને ન ગમે તેવું કહેવા શોધી કાઢી નથી, વસ્તુસ્થિતિ આ છે અને પૂર્ણ દીવ્ય જ્ઞાન, અનુભવ અને વ્યવહારકુશળ માણસોએ જોઈ તેવી અને તેવા આકારમાં કહી છે. મૂકી જવાની અને ત્યાગ કરવાની વાત ન ગમે તે બનવાજોગ છે પણ તે ખાતર વસ્તુસત્ય ગોપવવું અશક્ય છે. આ સંસાર સાથે, ધન સાથે, પુત્રાદિ સાથે કામ લેવામાં ઉંડી વિચારણા ન કરી હોય તો આવો વિચાર સ્વાભાવિક છે, પણ તે ઉપરટપકેનો હોઇ કાર્યસાધક નથી.

આપણે કોઇ પૂર્વકાળના સારા કે ખરાબ પ્રાણીને કે જૂના મકાનોને ઉભેલાં જોતાં નથી તે જ તેનો પૂરાવો છે. આપણો જીવનકલહ મૂર્ખતાભરેલો છે, આપણી સંબંધની ગણતરી તદ્દન ખોટી છે અને આપણી આખી રમત ખોટા પાયા ઉપર રચાયલી છે. કેફ કર્યા પછી જે વિચારો આવે તેમાં જેટલી વ્યવસ્થિતતા હોય તેથી વધારે સ્પષ્ટતા આપણી જાળબદ્ધ સ્થિતિની અવસ્થામાં નથી. દારૂ પીનારાનાં મત કેવાં ? અને તેની કિંમત કેટલી ? એ દારૂડીઆ તાળી દઇ ગપ્પાં મારે અને એકબીજાની ટાપસી પૂરે તેવી આપણી વાતો છે. સર્વ અનિત્ય છે એ દેખાય તેવી વાત છે. જોવું હોય તે જોઈ શકે છે અને ન જોવું હોય તે ઘેનમાં પડી રહી શકે છે.

ભાવનામાં પુનરાવર્તન થાય તો ગભરાવાનું નથી. અનિત્યતાની વાર્તા સંસાર ભાવનામાં પણ આવે, એકત્વ બતાવતા સંસાર જોવો જ પડે. ઉપદેશના ગ્રંથમાં પુનરાવર્તન દોષ નથી, અતિશય ઉપયોગી છે અને અનિવાર્ય પ્રગતિવાળી પદ્ધતિ છે. વાત કહેવાની એક જ છે કે લેખન યા લેખકના ગુણદોષ જોવાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બદલે વસ્તુસ્વરૂપ વિચારવું. નિત્ય વસ્તુ જે જણાય તેને જ નિત્ય માનવી અને અનિત્યની ખાતર ઉપાધિમાં પડી પરિણામ વગરનાં રાગ—દ્વેષો કરી પોતાનો વિકાસ માર્ગ બગાડી ન નાખવો. લક્ષ્મી ચંચળ, યૌવન ચંચળ, આદર્શો તદ્દન સ્થૂળ, દાનત ગડપ કરવાની અને પછી છૂટવાની વાતો કરવી એ ચાલે તેમ નથી. હેતુ અને પરિણામ સમજીને જીવન જીવનારને ન ઘટે તેવી રીતે આખી ચકરાવામાં નાખે તેવી રમત માંડીને બેઠો છે અને પછી એમાંથી છૂટવાની આશા રાખે છે તે કેમ બનશે? જરા વિચાર.

પ્રશમ રસને ઓળખ, પ્રશમ રસના પાનને પીછાન, એ પાનની નવીનતા સમજ અને અનિત્યનો ત્યાગ કરી તારામાં આવ, તારાંને ઓળખ અને સચ્ચિદાનંદમય—તારા અસલ મૂળ સ્વરૂપે તારામાં વિલય પામી જા. જગતને ચકરાવે ચઢ્યો તો પછી 'મૂઢ' જેવાં વિશેષણો સાંભળવાં પડશે. તારૂં તારી પાસે જ છે, બાકીનું ક્ષણુવિનાશી છે, અંતે મૂકી જવાનું છે અને **स्वयं त्यक्ता ह्येते शमसुखमनंतं विदधते** એનો પોતાથી સ્વતઃ ત્યાગ કરવામાં આવશે તો તે અનંત સુખ આપે તેમ છે, છોડવા પડશે (પરાણે) ત્યારે ભારે કચવાટ—અકળાટ—ખેદ થશે, પરસેવાની ઝરીઓ વળી જશે, મગજ પર લોહી ચઢી જશે અને છતાં એક થપ્પડ લાગતાં મુકી છૂટી જશે.

નિત્યાનિત્ય ભાવ ખૂબ વિચારી પ્રશમરસના પાનમાં લયલીન થા અને અત્યારની અર્થહીન, આદર્શવિહીન, પરિણામશૂન્ય સ્થૂળ ભાવનાઓને (Ideals) બાજુએ કરી તારા સ્વત્વને સમજ, સમજીને પીછાન અને પીછાનીને તન્મય બની જા.

## इति अनित्य भावना

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૩. સકળચંદજીકૃત અનિત્ય ભાવના

( રાગ રામગ્રી )

મુંઝ મા મુંઝ મા મોહમાં મુંઝ મા, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર તે અથિર તું અથિર તનુ જીવિતં, સમજ મન ગગન હરિ[1] ચાપ પેખી.
મુંઝ મા૦ ૧

લચ્છી સરિયગતિપરે[2] એક ઘર નવિ રહે, દેખતાં જાય પ્રભુ જીવ લેતી;
અથિર સવિ વસ્તુને કાજ મૂઢો કરે, જીવડો પાપની કોડી કેતી.
મુંઝ મા૦ ૨

ઉપની વસ્તુ સવિ કારિમી નવિ રહે, જ્ઞાનશું ધ્યાનમાં જો વિચારી;
ભાવ ઉત્તમ રહ્યા અધમ સબ ઉદ્ધર્યા, સંહરે કાળ દિન રાતિ ચારી.
મુંઝ મા૦ ૩

દેખ કલિ કૂતરો સર્વ જગને ભખે, સંહરી ભૂપ નર કોટિ કોટિ;
અથિર સંસારને થિરપણું જે ગણે, જાણ તસ મૂઢની બુદ્ધિ ખોટી.
મુંઝ મા૦ ૪

રાય મમ રાજની ઋદ્ધિશું પરિવર્યો, અંતે સબ ઋદ્ધિ વિસરાળ હોશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે, દિવસ દો તીન પરિવાર રોશે.
મુંઝ મા૦ ૫

કુસુમપરે યૌવનં જળબિંદુજીવિતં, ચંચલં નરસુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાધરા, કલિયુગે તેહનો પણ વિયોગો.
મુંઝ મા૦ ૬

ધન્ય અનિકાસુતો ભાવના ભાવતો, કેવળ સુરનદીમાંહી[3] લીધો;
ભાવના સુરલતા જેણે મન રોપવી, તેણે શિવનારીપરિવાર રૂંધ્યો.
મુંઝ મા૦ ૭

---

૧ આકાશમાં રહેલ ઇંદ્રધનુષ્ય. ૨ સરિતા—નદીની ગતિની જેમ. ૩ ગંગા નદી ઉતરતાં.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ બીજું

## પરિચય :: અશરણભાવના.

શાર્દૂલવિક્રીડિતઃ—

ये षट्खण्डमहीमहीनतरसा निर्जित्य बभ्राजिरे,
ये च स्वर्गभुजो भुजोऽर्जितमदा मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनैर्निर्दल्यमाना हठा-
दत्राणाः शरणाय हा दश दिशः प्रेक्षन्त दीनाननाः ॥ क१ ॥

સ્વાગતાવૃત્તમ્ઃ—

तावदेव मदविभ्रममाली, तावदेव गुणगौरवशाली ।
यावदक्षमकृतान्तकटाक्षै-र्नेक्षितो विशरणो नरकीटः ॥ख२॥

શિખરિણીઃ—

प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितै-
र्गतं धैर्योद्योगैः श्लथितमथ पुष्टेन वपुषा ।
प्रवृत्तं तद्द्रव्यग्रहणविषये बान्धवजनै-
र्जने कीनाशेन प्रसभमुपनीते निजवशम् ॥ ग ३ ॥

---

क १ **षट्खंड**—છ ખંડ પૃથ્વી. **अहीन**—હલકું નહિ. ખૂબ. **तरस**—બળ અથવા શરીરશક્તિ. **स्वर्गभुजः**—દેવતાઓ, ઇંદ્રો, **भुजोर्जितमदा**—હાથના બળસંબંધી મદવાળા. **मेदुरा**—પ્રેમી. **मेदुः**—લહેર કરતા હતા **रदनैः**—દાંતોવડે **हठात्**—જોરથી. **प्रेक्षन्त**—જુએ છે.

ख २ **मदः**—આઠ છે. જાતિ, કુળ, બળ, રૂપ, ઐશ્વર્ય, વિદ્યા, તપ અને લાભ. એનું અભિમાન. **माली**—સંયુક્ત. વાળો. **गौरव**—ભક્તિ, સત્કાર. **शाली**—વાળો. **नरकीट**—મનુષ્યરૂપ કીડો. **विशरणो**—શરણ વગરનો, ધણી વગરનો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(क १) પોતાના અસાધારણ બળથી જેઓ છ ખંડ પૃથ્વીને જીતીને મ્હાલતા હતા—શોભતા હતા, જેઓ સ્વર્ગ( ના આનંદ)નો ઉપભોગ કરનારા હતા, જેઓ પોતાના હાથના જોરથી થયેલા મદને સારી રીતે અવકાશ આપતા હતા, જેઓ આનંદ—લહેરીના વિલાસની મજામાં—પ્રેમની છોળોમાં રમતા હતા, તેવાઓને પણ જ્યારે મહાક્રૂર જમરાજા પોતાના દાંતથી દળી નાખે છે—સખ્ત રીતે એનો ભૂકો કરી મૂકે છે ત્યારે તેઓ કોઈના આશરા વગરના અને રાંકડા મુખવાળા થઈને શરણુને માટે દશે દિશાએ ચકળવકળ જોયા કરે છે.

(ख २) માથે ધણી—ધોરી વગરનો આ મનુષ્યરૂપ કીડો, કોઇને ન સહન કરનાર જમરાજની વાંકી આંખોની નજર તળે જ્યાં સુધી આવતો નથી ત્યાં સુધી જ તે અભિમાનના ભ્રમમાં ચાલે છે અને ત્યાં સુધી જ તે ગુણના ગૌરવમાં મ્હાલતો દેખાય છે.

(ग ३) મરણ ( જમદેવ ) જેવો આ પ્રાણીને પોતાના પાકા સપાટામાં લે છે કે તે જ વખતે એ પ્રાણીનો પ્રભાવ ચારે તરફથી નાશ પામી જતો જાય છે, તે સર્વ ખલાસ થઇ જાય છે, એનું વધતું જતું તેજ સર્વથા ગળી જાય છે, એના ચિત્તની સ્થિરતા અને ઉદ્યોગો પસાર થઇ જાય છે, એનું સારી રીતે પોષેલું શરીર શીર્ણવિશીર્ણ થઇ જાય છે અને તેના સગાંવહાલાંઓ એનું ધન પોતાનાં ઘરભેગું કરવાની બાબતમાં પ્રવૃત્ત થઇ જાય છે.

---

ग ३ **व्यापन्न**—વિનષ્ટ. ખલાસ થઇ ગયેલું. **उदित**—વધતા જતા. **धैर्य**—ચિત્તની સ્થિરતા. **श्लथित**—જેનો બંધ નરમ પડેલો હોય એવું. **कीनाश**—યમરાજ—મરણ. **प्रसभम्**—જોરથી, ખૂબ. છેલ્લી પંક્તિમાં સતી સપ્તમીનો પ્રયોગ છે.

जैन साहित्य JAINSITE.com जयम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# गेयाष्टक

## ( अशरण भावना )

स्वजनजनो बहुधा हितकामं, प्रीतिरसैरभिरामम् ।
मरणदशावशमुपगतवन्तं, रक्षति कोऽपि न सन्तम् ॥
विनय ! विधीयतां रे, श्रीजिनधर्मः शरणम् ।
अनुसन्धीयतां रे, शुचितरचरणस्मरणम् ॥ १ ॥

तुरगरथेभनरावृतिकलितं,
दधतं बलमस्खलितम् ।
हरति यमो नरपतिमपि दीनं,
मैनिक इव लघुमीनम् ॥ वि० ॥ २ ॥

प्रविशति वज्रमये यदि सदने,
तृणमथ घटयति वदने ।
तदपि न मुञ्चति हतसमवर्ती,
निर्दयपौरुषनर्ती ॥ वि० ॥ ३ ॥

विद्यामन्त्रमहौषधिसेवां,
सृजतु वशीकृतदेवाम् ॥
रसतु रसायनमुपचयकरणं,
तदपि न मुञ्चति मरणम् ॥ वि० ॥ ४ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અષ્ટકનો અર્થઃ—( અશરણુ ભાવના )**

૧ પોતાના સગાંસંબંધી જનો અનેક પ્રકારે હિતની વાંછા કરે અને પ્રેમના રસમાં ( તેને ) તરબોળ કરી નાખે અને સુખના આપનાર પણુ થાય, પણુ જ્યારે મરણુદશાને વશ પ્રાણી પડી જાય છે ત્યારે કોઇ પણુ તેનું રક્ષણુ કરતું નથી, કરી શકતું નથી. એટલા માટે હે મુમુક્ષુ! વિનય! તું જિનધર્મનું શરણુ કરી લે અને મહાપવિત્ર ચરણુ-યુગળના સ્મરણુ સાથે તારૂં અનુસંધાન કર.

૨ મોટા મહારાજાધિરાજ જે ચારે બાજુએ ઘોડા, રથ, હાથી અને મનુષ્યોથી વિંટાયેલ હોય અને જેની પાસે ન રોકી શકાય તેવું લશ્કર હોય અથવા તેનું પોતાનું બળ સામે પડી ન શકાય તેવું ( દુર્ધર્ષ ) હોય તેવાને પણુ જાણે તે તદ્દન રાંકડો ( નમી પડેલો કેદી ) હોય તેમ જેવી રીતે કુલકુલ **નામનું પક્ષી** અથવા મૈનિક—મોટું માછલું નાના માછ-લાને પકડી લે છે તેવી રીતે જમરાજા ઉપાડી જાય છે!

૩ ( પ્રાણી )વજ્રના બનાવેલા ઘરમાં પેસી જાય અથવા તો ( પોતાના ) મ્હોમાં તરણું ધારણુ કરે, પણુ દયા વગરનો પુરૂષાતનમાં નાચી રહેલો અને તિરસ્કાર કરવા યોગ્ય સર્વને સરીખડા ( એક સરખા ) ગણુનાર ( એ યમદેવ કોઇને ) છોડતો નથી.

૪ વિદ્યા, મંત્ર કે મહા ઔષધિઓથી દેવતાઓને વશ કરવાની વાત બનાવે કે બળવૃદ્ધિને કરે તેવા ગમે તેવા ભારે રસાય-ણુનું સેવન કરે—તો પણુ મરણુ છોડતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वपुषि चिरं निरुणद्धि समीरं,
पतति जलधिपरतीरम् ।
शिरसि गिरेरधिरोहति तरसा,
तदपि स जीर्यति जरसा ॥ वि० ॥ ५ ॥

सृजतीमसितशिरोरुहललितं,
मनुजशिरः सितपलितम् ।
को विदधानां भूघनमरसं,
प्रभवति रोद्धुं जरसम् ॥ वि० ॥ ६ ॥

उद्यत उग्ररुजा जनकायः,
कः स्यात्तत्र सहायः ।
एकोऽनुभवति विधुरुपरागं,
विभजति कोऽपि न भागम् ॥ वि० ॥ ७ ॥

शरणमेकमनुसर चतुरङ्गं,
परिहर ममतासङ्गम् ।
विनय ! रचय शिवसौख्यनिधानं,
शान्तसुधारसपानम् ॥ वि० ॥ ८ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ લાંબા વખત સુધી શરીરમાં પવનને થંભાવી રાખે કે દરિયાપાર કોઇ કાંઠા પર જઇને પડાવ નાખે કે દોડાદોડ કરીને પર્વતના શિખર ઉપર ચઢી જાય—તો પણ એ ઘડપણ ( જરા ) થી જીર્ણ થઇ જાય છે.

૬ જે જરા ( ઘડપણ ) કાળા વાળથી સુંદર લાગતાં મનુષ્યના માથાંને સફેત બાલ ( પળીઆં ) વાળું બનાવી દે છે તે જરા શરીરને તદ્દન રસકસ વગરનું બનાવી દે છે, તેનાં તે કાર્યમાં ( તેને તેમ કરતી ) અટકાવવાને કોણ શક્તિવાન થાય ?

૭ મનુષ્યનું શરીર જ્યારે જોસથી આગળ વધતા આકરા વ્યાધિઓવાળું થાય છે ત્યારે તેને સહાય કરનાર કોણ થાય છે ? જુઓ ! એકલો ચંદ્રમા ગ્રહણની પીડાને અનુભવે છે તે વખતે કોઇ તેના દુઃખમાં ભાગ પડાવતું નથી.

જૈન સાઈટ JAINSITE जैनम् जयति शासनम्

૮ ચાર અંગવાળા ધર્મનું શરણ તું સ્વીકારી લે, મમતાની સોબત છોડી દે અને શિવ ( મોક્ષ ) સુખના ભંડાર તુલ્ય આ શાંતસુધારસના પાનને હે વિનય ! તું કર. ( તેનું પાન કર—તે તું પી. )

**એટલા માટે હે મુમુક્ષુ ! વિનય ! તું જિનધર્મનું શરણ કરી લે અને મહાપવિત્ર ચરણના સ્મરણ સાથે તારૂં આત્માનુસંધાન કર.**

---

આ ગેય અષ્ટક અનેક સુંદર રીતે ગવાય છે. ' મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું ' એ લય આ પદ્યને અનુરૂપ ગોઠવાય તેવો છે. દરેક ગાથાની આખરે **વિનય૦** વાળી બન્ને પંક્તિ ફરી ફરી વાર બોલવાની છે. એ ટેક છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટ—

૧ **स्वजन**માં માતપિતા, પુત્ર–પુત્રી, સ્ત્રી, ભાઇ–બ્હેન વિગેરે સગાઓનો સમાવેશ થાય છે.
**सन्तं**–સુખ આપનાર, સુખદ. **चरण**–પગ અથવા ચારિત્ર.

૨ **आवृति**–વિંટળાઇને રહેવું તે. **कलित**–સહિત. **बल**–બળ અથવા લશ્કર. **अस्खलित** Irresistible. **मैनिक** Gull. દરિયાકાંઠે ઉડતાં ધોળા પક્ષી. જમીન નજીક આવે ત્યારે એ ધોળા પક્ષીઓ દરિયા પર દેખાય છે. એનો ખોરાક માછલાં છે. **हरति**–ઉપાડીને લઈ જાય છે, છોડાવીને ખેંચી જાય છે.

૩ **सदन**–ઘર. એનો અર્થ પેટી–પટારો પણ થાય. **घटयति**–લે, ગ્રહણ કરે. **हतसमवर्ती** (સારા–નરસા સર્વને) સરખા ગણનાર પણ એના ખરાબ અર્થમાં એટલે નાના–મોટાનો ભેદ ન રાખનાર. ગમે તેને ખાઇ જવા એ જ વૃત્તિવાળો. એ દુષ્ટ સમાનતા છે. **निर्दयपौरुषनर्ती**–આ યમનું વિશેષણ છે. દયા વગરના પુરૂષાર્થમાં નાચ–ખેલ–રમત કરનારો.

૪ **विद्या**–વિદ્યાદેવીઓ સોળ છે. મોટી શાંતિમાં તેમનાં નામો આવે છે. **मंत्र** મંત્રો જેના ઉચ્ચારથી દેવતા પ્રાચીન કાળમાં હાજર થતા હતા. **महौषधि** મોટી મોટી ખાસ દવાઓ. હિરણ્યગર્ભ વિગેરે. **सृजतु** કરે. **वशीकृतदेवां** એ સેવાનું વિશેષણ છે. દેવતાઓને વશ કરે તેવી (સેવા) **रसायन** પારો, પ્રવાલ, અભ્રક વિગેરે રસઔષધિઓ. ગજવેલ, સોનું, મોતી મારેલાં એ સર્વ રસાયણ કહેવાય છે. આયુર્વેદ જાણનાર એને બનાવવાની અને ખાવાની વિધિ જાણે છે.
**उपचयकरण** (બળનો) વધારો. સંગ્રહ કરવો તે.

૫ **निरुणद्धि** થંભાવે, રોકે, રોધ કરે. **पतति** જાય. **पर** દૂરના. **तरसा** શીઘ્રપણે In haste.

૬ **सृजतीं** બનાવતી. **जरसम्**નું વિશેષણ છે. **असित**–ધોળાં નહિ–કાળાં.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિચય

### અશરણ ભાવના—

(क ૧.) આ પ્રાણીને કોઈના ઉપર આધાર રાખવો ઉચિત નથી, એને વસ્તુતઃ કોઈનો આધાર છે પણ નહીં. એને આ વિશાળ ભવસમુદ્રમાં પોતાના બળ ઉપર જ ઝૂઝવાનું છે. આ પ્રાણી નાની–મોટી બાબતમાં પારકા સામે જુએ છે અને એમ કરતાં એને મનમાં આશા રહે છે કે ક્યાંકથી ટેકો મળશે. આ પારકી આશા હમેશાં નિરાશ કરનારી છે. એનું છે તે એની સાથે જ છે–એની પાસે જ છે એ અત્ર બતાવવાનું છે. પારકાની આશા તદ્દન ખોટી છે, મૃગતૃષ્ણા છે, હવાના બાચકા છે, એ કેવી રીતે છે ? તે આપણે પ્રથમ ગ્રંથકર્તાની સાથે જોઈએ.

આ દુનિયામાં અનેક પ્રકારના પ્રાણીઓ છે. કોઈ સુખી છે, કોઈ દુઃખી છે, કોઈ સારા સંયોગમાં વધતા જ જાય છે, કોઈ ગમે તેવા કુશળ હોય પણ સંયોગને તાબે થઈ દરેક બાબતમાં પાછા પડે છે. આવાં અનેક દ્વંદ્વો ગણી શકાય. એ સર્વને એક દિવસ મરવું તો જરૂર છે. બીજી સર્વ વાતો અચોક્કસ છે. ધન મળે યા ન મળે, છોકરા થાય કે ન પણ થાય,

---

**शिरोरुह** વાળ, બાલ, મવાળા. **सित** સફેત. **पलित** પળિયાવાળું. **भूघन** શરીર. **अरसं** રસકસ–પુષ્ટિ વગરનું.

**उद्यत** વધતા જતાં. વ્યાપતાં. **उग्ररुजा** ભયંકર વ્યાધિવાળી. **विधुः** ચંદ્ર. **उपराग** પીડા ( ગ્રસનની ).

**चतुरंगं** ચાર અંગવાળું. ચાર પ્રકારનું. એ ચાર અંગો પર વિવેચન પરિચયમાં થશે તે જોવું. **सौख्यनिधानं** સુખનો ભંડાર. સુખની ખાણ. **रचय** બનાવ. કર.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

માન—આબરૂ—પ્રતિષ્ઠા જામે કે ન પણ જામે; પણ મરવું એ તો ચોક્કસ વાત છે. કોઇ મરવાથી બચ્યો હોય એવું જાણવામાં નથી; નામ તેનો નાશ જરૂર થાય છે. એમાં કંઈ ડરવાનું નથી. પણ એ વસ્તુસ્થિતિ છે એના પર ધ્યાન આપીએ. બુદ્ધ ભગવાન પાસે ઘરડી ડોસી એકના એક છોકરાના શબને લઈ આવી તેને જીવતો કરવા માગણી કરવા લાગી. ત્યારે બુદ્ધદેવે એને એવા મનુષ્યના ઘરમાંથી પાણીનો લોટો ભરી લાવવા કહ્યું કે જેના ઘરમાં કોઈ મરણ થયું ન હોય તેના ઘરની રાખ લાવ. સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રના મરણની વાત ઇંદ્રે કહી ત્યારે જેના ઘરમાં કોઈ મરણ ન થયું હોય તેના ચુલાની રાખ મંગાવી હતી, પણ એવું એક પણ ઘર ન નીકળ્યું—એ શું બતાવે છે ?

ત્યારે મરવું જરૂર છે એમ જાણ્યા પછી એને અંગે પ્રાણી કેવી રીતે વર્તે છે અને એ આવીને ઉભું રહે છે ત્યારે એની શી દશા થાય છે એનો જરા અભ્યાસ કરીએ. જે પ્રાણીઓ અહીં કોઈ જાતનો આનંદ ન ભોગવી શકતા હોય તેમને પણ મરવું તો ગમતું નથી. વ્યાધિગ્રસ્ત, દીન, દુઃખી, અનાથ કે ભિખારી પણ ગમે તેમ કરીને જીવવા માગે છે. એમને કયા સુખ ખાતર જીવવું ગમતું હશે તે એક આકરો કોયડો છે, પણ તેને મરવું ગમતું નથી એ ચોક્કસ વાત છે. આખા શરીરમાં માત્ર હાડકાં રહ્યાં હોય, કોઇ પાણી આપે તો પીએ તેટલી અશક્તિ હોય, ખાટલામાંથી નીચે પગ પણ મૂકાતો ન હોય અને શરીરમાંથી દુર્ગંધ છૂટતી હોય પણ મરવું ગમતું નથી, મરવાનું નામ પણ ગમતું નથી અને મરવાની ઇચ્છા પણ થતી નથી. આવા છેલ્લી પાયરીના દાખલાઓને પણ હાલમાં એક બાજુએ રાખીએ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ મોટા ચક્રવર્ત્તી હોય, છ ખંડ પૃથ્વીના ધણી હોય, જેની ચાલે ધરા ધ્રુજતી હોય, જેને ડોળે પર્વત ડોલતો હોય, જેના હોકારાએ ગાત્ર ગળી જતાં હોય, જેના બળ આગળ મોટા બડેજાવના માન ગળી જતાં હોય અને જેની જય હાલતા–ચાલતા પોકારાતી હોય તેવાંઓની જ્યારે મરણ નજીક આવે છે ત્યારે શી દશા થાય છે તેનો કદી ખ્યાલ કે અનુભવ કર્યો છે? એ વાત નજરે જોયા વગર બરાબર ગ્રાહ્યમાં આવે તેવી નથી.

છ ખંડ પૃથ્વી સાધનાર મોટા ચક્રવર્ત્તીઓ પણ જ્યારે મરવા પડે છે ત્યારે ટાંટીઆ (પગ) ઘસે છે, ઓયવોય કરી મૂકે છે, દવાદારૂ માટે મોટા રાજવૈદ્યોને બોલાવે છે અને ગમે તેમ કરીને જીવવા માટે પ્રયત્ન કરે છે. મોટા ચક્રવર્ત્તી મરવા પડે ત્યારે કેવી દોડાદોડ થતી હશે તે કલ્પવું મુશ્કેલ નથી. સાધારણ શેઠીઆ માંદા પડે તો મોટી ફીવાળા ડૉક્ટરો બોલાવવામાં આવે, છેલ્લી ઘડી સુધી ઓક્સીજનની બરલો (સીલબંધ કરેલી લોઢાની પેટીઓ) તેના મુખમાં નળી વાટે ઠલવાય, અનેક પ્રકારનાં નાડી પ્રવાહો (Injections) અપાય, હિરણ્યગર્ભ જેવી કે મૃત્યુંજય જેવી દવાઓ અપાય, તો મોટા ચક્રવર્ત્તી માટે તો શું શું ન થાય!! પણ એ વખતે એને જરા પણ શુદ્ધિ (Consciousness) હોય તો તેના મનમાં શું ચાલતું હશે એનો ખ્યાલ આવે. અરે! એ તો માથાં પછાડે, ઉંચો–નીચો થઇ જાય, પલંગ પર પડ્યો પડ્યો ચીસો પાડે પણ તે વખતે એનું બળ, તેજ કે સત્તા સર્વ વ્યર્થ છે, કિંમત વગરના છે, નિરર્થક છે એમ સિદ્ધ કરી બતાવે છે.

પોતાના બળથી છ ખંડ પૃથ્વી સાધનાર અને મોટા મહારાજાઓને પણ નમાવનાર મોટા શહેનશાહો–સમ્રાટોની આ

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

દશા થાય છે અને થઇ છે એમ ઇતિહાસે નોંધ્યું છે ત્યારે શું વિચારવું ? એમાંથી ધડો શો લેવો ? એનું અહીન-અધિકતર વિશિષ્ટ બળ ક્યાં ગયું ? એના વિલાસો ક્યાં ચાલ્યા ગયા ? એના જય પોકારો ક્યાં સુકાઈ ગયા ? એનું મોટું લશ્કર ક્યાં ગયું ? એના મોટા ધન્વંતરીઓ ક્યાં સુઈ ગયા ? અને એ સર્વ હોય, એના હજુરીઆઓ, સચિવો, દાસો, રમણીઓ અને નોકરો હાજર હોય તો પણ એ દીન વદને-નિરાશ ચહેરે ચારે બાજુએ આંખો ફાડીને જોઇ રહે છે અને અંતે એની આંખો ફાટેલી જ રહે છે. એ ઋદ્ધિ, રત્નો કે લશ્કર કાંઇ એની નજરમાં આવતું નથી, કોઈ એને એક ક્ષણ પણ વધારે જીવાડી શકતું નથી અને તે વખતે એના મુખ પર નજર કરી હોય તો ત્યાં નિરાશા, દીનતા અને વલોપાત સિવાય અન્ય કાંઇ દેખાતું નથી. એ વખતે એને કોઇ સહાય કરતું નથી, કરી શકતું નથી અને એની પીડામાંથી જરા પણ અલ્પતા કરતું નથી. પૃથ્વી પણ અહીં જ રહે છે અને સાહ્યબી પણ નકામી થઇ પડે છે.

એવી જ રીતે સ્વર્ગનો વૈભવ ભોગવનારા મોટા દેવો કે દેવોના ઇંદ્ર પણ જ્યારે મરણ નજીક આવે છે ત્યારે તદ્દન હતાશ થઇ રાંકડા-ગરીબ-બિચારા-બાપડા બની જાય છે અને એવા તો દીન બની જાય છે કે એના મોઢા સામે જોવું પણ આકરૂં અને કષ્ટકર થઇ પડે છે. એ વખતે એની અપ્સરાઓ કે વિમાનો, ઇંદ્રાણીઓ કે પરિવાર કોઇ એને ટેકો આપી શકતું નથી.

આ દુનિયામાં પોતાના હાથના બળ પર મુસ્તાક રહેનારા અને સ્વાયત્ત ધનથી મદ કરનારા તો અનેક જોયા છે. થોડા-ઘણા પૈસા આવડત કે કુનેહથી મેળવ્યા એટલે જાણે પોતાના જેવો દુનિયામાં કોઈ નથી એમ ધારી મદમાં મસ્ત રહે છે. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બધી દુનિયાને નિર્માલ્ય ગણે છે, પણ એવા મદાંધ માણસો મરવા પડે છે ત્યારે એની ભારે ખરાબ દશા થાય છે. એ ગમે તેવા ચેડાં કાઢે છે અને દુનિયામાં જીવવાનો પોતાનો હક્ક એક દિવસ બંધ થશે એમ ધારતા ન હોવાથી એ વખતે તે ઘેલા થઈ જાય છે. મરણ વખતે એ જીવવા માટે ફાંફાં મારે છે, પણ સર્વ નકામું નીવડે છે. એનાં ધન વૈભવ અહીં રહી જાય છે, એ પણ એને મદદ કરતાં નથી. અને જે ભુજાઓના બળથી એણે સંચય કર્યો હોય છે એ સંચય પણ અહીં જ રહી જાય છે, એ ભુજાઓ પણ એને કાંઇ મદદ કરતી નથી અને સાથે જતી પણ નથી.

આખી જીંદગી લહેર કરનારા, રંગભંગના લોટા ભરનારા, ભ્રમરની જેમ ભટકનારા, અકરાંતીઆ થઇને ખાનારા, ખાવામાં જ જીવન-સાફલ્ય સમજનારા અને કોઇ પણ પ્રકારની ગાવાની, સાંભળવાની, સુંઘવાની કે ખાવાની વાતમાં મસ્ત બનનારાઓ પણ જ્યારે કાળભૈરવ તેની નજીક આવે છે ત્યારે પોતાના ચેનચાળા ચૂકી જાય છે અને તદ્દન અનાથ જેવા થઇ રાંકડા બની જાય છે.

આ ખરેખરી વસ્તુસ્થિતિ છે. વસ્તુ કે સંબંધનું ખરૂં સ્વરૂપ ન જાણનારને જરૂર શોક થાય તેવી આ સ્થિતિ છે અને જરા પણ અતિશયોક્તિ વગર ઉચ્ચ-નીચ સ્થાનમાં આવી પડેલા લગભગ પ્રત્યેક પ્રાણીની થાય તેવી આ સ્થિતિ છે. મરણ વખતે પ્રાણીનાં મનની જે દશા થાય છે તેનો આપણને અનુભવ ન હોય, પણ કલ્પના અશક્ય નથી. એ વખતે એ હારેલા જુગારી જેવો બની જાય છે. એનું સર્વસ્વ સરી જતું એ નજરે જુએ છે. એ સર્વના ભોગે પણ એ જીવવા ઇચ્છે છે, પણ એના ઉપર યમરાજનો દુર્દાંત હાથ ઘણા જોરથી પડતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેમ તે જોઇ શકે છે એટલે એ તદ્દન નખાઇ જાય છે, હઠી જાય છે, પાછો પડી જાય છે, એને બોલવા–ચાલવામાં વિવેક રહેતો નથી અને એને મુંઝવણમાં કાંઇ રસ્તો સૂઝતો નથી. આ 'રસ્તો' સૂઝતો નથી એ **અશરણતા** છે. અત્યાર સુધી જે જાતની લહેર કે જે જાતના હુકમમાં જીંદગી ગાળી હોય તેનો અત્યારે ઓડકાર આવે છે અને એ પથારીમાં પડ્યો પડ્યો તરેહવાર પછાડા મારે છે. એનું મુખ અને એનું મન–એ બન્ને અત્યારે બરાબર અભ્યાસ કરવા લાયક બને છે.

'ક્રૂર યમરાજના દાંત' માત્ર કલ્પવાના જ છે. મૃત્યુના સપાટામાં આવે તેનું એ રૂપક છે. આવા મોટા શેઠ શાહુકારો, લહેરી લાલાઓ અને ખૂદ શહેનશાહો કે ઇન્દ્રની મરણ સન્મુખતા વખતે આવી દશા થાય છે એને શરણ કોનું? એને આધાર કોનો? એને ટેકો કોનો? આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે.

જૈન સાઇટ JAINSITE .com

(ખ. ૨) અમે ઉંચા! અમને કોઇ અડે તો અમે અભડાઈએ! અમે બ્રહ્માના મુખમાંથી નીકળેલા (**જાતિ મદ**)

અમે કુળવાન! અમે પુરતીઆ! અમે [1]ચોસલાવાળા! અમે અગ્રેસર (**કુળ મદ**)

અમે જાતે રળ્યા! ધન મેળવ્યું! વેળુમાં વહાણ ખેડ્યા! લક્ષ્મીને પગે બાંધી! (**લાભ મદ**)

અમારા મહેલ! અમારૂં ફરનીચર! અમારી ઋદ્ધિ! અમારી ફૈર! અમારી આબરૂ! (**ઐશ્વર્ય મદ**)

---

૧ અમુક શહેરમાં વ્યાખ્યાનશાળામાં અમુક શેઠ માટે રીઝર્વ જગા રહે તેને 'ચોસલું' કહે છે. ત્યાં અન્યથી બેસાય નહિ અને બેઠેલ હોય તો શેઠ આવે ત્યારે ઊઠવું પડે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારૂં બળ ! અમારૂં લશ્કર ! અમારાં હથિયારો ! અમારો કાફલો ! અમારાં એરોપ્લેનો ! ( **બળ મદ** )

અમારૂં તેજ ! અમારાં નાકનો મોરો ! અમારી આંખ ! અમારા બાલ ! અમારો પહેરવેશ ! ( **રૂપ મદ** )

અમારો અભ્યાસ ! અમારો તર્ક ! અમારી દલીલ ! અમારૂં ગ્રેજ્યુએટત્વ ! અમારાં પદકો ! ( **શ્રુત મદ** )

અમારાં માસખમણ ! અમારા ચોવિહારા ઉપવાસ ! અમારા છઠ ઉપર છઠનાં પારણાં ( **તપ મદ** )

આ પ્રકારનાં અભિમાનો—મદો બહુ સામાન્ય છે. વાંચતા હસવું આવે તેવાં છે પણ પ્રત્યેક મનુષ્યમાં ભરેલાં છે. તે બહુ બારીકાઇથી અભ્યાસ કરવા જેવા છે. ભિખારીમાં પણ એની માગવાની કુશળતા માટે મદ જોયેલ છે. મોટા માણસો તે સીફતથી કરે છે, પણ પોતાની નાની—મોટી વાતને એ મોટું કે નાનું રૂપ આપે અને તેની વાતને બીજા જાણી વખાણે એને માટે એને તાલાવેલી લાગેલી જ હોય છે અને બીજાની પાસેથી એ પ્રશંસા સાંભળે ત્યારે જરૂર રાજી થાય છે અને પોતાનો પ્રયાસ ઉગી નીકળ્યો એમ ઉંડાણમાં માને છે.

એક સાધારણ એકાસણું કર્યું હશે તો તે પણ કહી દેખાડે ત્યારે એને મજા આવશે અને ઘણીવાર તો ‘ આપણે તે કોણ ? સાધારણ છીએ ! ’ એમ દેખાડવાની ભીતરમાં એને પ્રશંસા સાંભળવાની રૂચિ હોય છે. ‘ અરે ભાઇ ! અંગ્રેજી ભણેલા તો ઘણા જોયા, પણ તમે ખરા ! તમે ભણ્યા પણ ધર્મસન્મુખ રહ્યા છો. ’ આવી વાત સાંભળવાની એની તૃષ્ણા અને સાંભળતાં થતો તોષ વિચારતાં એને હજી અંદરથી માનની દશા ઓછી

www.jainsite.com                For Private & Personal Use Only                info@jainsite.com

થઇ છે એમ એ માનતો હોય તો તે ખાલી મનમનામણાં છે, મદનો વિભ્રમ છે, પણ એ ક્યાં સુધી ?

એનામાં કાંઇ ગુણ હોય અને તેનું કોઈ ગૌરવ કરે એટલે કે તેનો કોઇ આદર કરે અગર તેની પ્રશંસા કરે ત્યારે આ પ્રાણી લેવાઇ જાય છે. એણે કાંઇ સારૂં દાન આપ્યું, પછી તેને માટે કોઈ માનપત્ર આપે ત્યારે આ ભાઇ પોતાને ઘડીભર કર્ણ જેવો માને છે. એ કોઇ મોટા જલસાને પાર ઉતારે અને પછી એને માનપત્ર મળે એટલે ભાઇસાહેબ દુનિયા ઉપર ઉછળીને ચાલે છે. પોતે કોઇ સંસ્થા સ્થાપે અને એને અંગે પોતાની જાહેર પત્રોમાં પ્રશંસા વાંચે એટલે જાણે પોતે ભવસમુદ્ર તરી ગયા એમ માની લે છે. પોતે જેલમાં દેશસેવા નિમિત્તે ગયા પછી એનો વરઘોડો નીકળે ત્યારે એ મૃત્યુલોકમાંથી દેવ થઇ ગયા માને છે. આવા અનેક પ્રસંગો છે. નાના ભાષણનાં મોટાં રૂપકો છાપામાં આવે એટલે ભાઈશ્રી જહરમાઇ જાય છે. લોકો તો કોઇ પણ કળા કે ચાતુર્ય દેખે ત્યાં ભક્તિ કે આદર જરૂર બતાવે છે, પણ આ ભાઇ તેનો હાર્દ સમજતા નથી અને પોતાની જ મોટાઇ થઈ હોય, પોતાનું ગૌરવ વધ્યું હોય એમ માની ઉંચો-નીચો થઇ જાય છે અને જાણે કે બારણામાં ન સમાય તેટલો પહોળો થઇ ફરે છે. પણ આ ગૌરવ ક્યાં સુધી ? કેટલું ? કેટલા વખત માટેનું ? અને એ ગૌરવશીલતા કેવી ?

આખરે એ ગમે તેવો મોટો હોય, પોતાની જાતને એ ગમે તેટલી મોટી માનતો હોય-પણ એ છેવટે ‘ નરકીટ ’ છે-મનુષ્યરૂપે નાનો સરખો કીડો છે, આખી દુનિયાની નજરે તદ્દન નાનું પ્રાણી છે. એની પોતાની દુનિયા એટલી નાની છે કે એ નાની વાતમાં પોતે જાણે કેવો મોટો હોય તેમ માની લે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરેક પ્રાણી કેંદ્ર થવા મથે છે અને બહુ નાના વિભાગમાં કદાચ સંયોગોને લઇને તેનો સહજસાજ ભાવ પૂછાતો પણ હોય, પરંતુ આખરે તે ઘણો નાનો પ્રાણી છે, બીલકુલ હિસાબ વગરનો તુચ્છ પ્રાણી છે અને જેની અનંત કાળની અપેક્ષાએ કાંઇ ગણના પણ ન થાય એવો એ તદ્દન ધ્યાન ન ખેંચાય તેવો લઘુ છે. આવા મદના વિભ્રમમાં પડેલા અને સાધારણ ગુણના ગૌરવે પોતાને મોટા માનનારા નરકીટની એ દશા ક્યાં સુધી ચાલશે ? કેટલો વખત ચાલશે ?

યમરાજા એવો તો આકરો છે, એવો ભયંકર છે અને એવો તો અક્ષમ છે કે એ કોઇને છોડતો નથી, જતા કરતો નથી, ગણતરી બહાર રહેવા દેતો નથી. જેવી એ દેવની એના તરફ વાંકી આંખ થઇ, જેવું એ દેવે એના ઉપર કટાક્ષ નાખ્યું કે એ ભાઇ ખલાસ ! એના મદો સર્વ પાણીમાં ! એનાં માનપત્રો સર્વ દાબડામાં ! અને એના છાપાનાં નામો તો ક્યારના ખલાસ થઇ ગયા હોય ! એ પાકી ગણતરીવાળા જમરાજ કોઇને છોડે છે ? અને ન છોડે તો તે વખતે જાતિ, લાભ વગેરેના મદો આડા આવશે ? કે માનપત્રો રક્ષણ આપશે ? જવું છે એ ચોક્કસ વાત છે અને તે વખતે આખી જીંદગીના ચિત્રપટો સિનેમાની ફીલમની પેઠે દર્શન દેવાના છે તે ચોક્કસ છે. ત્યારે જ્યારે જમબાપો એક વાંકી નજર ફેંકશે ત્યારે તમારૂં કુળવાનપણું ક્યાં જશે ? અને તમારા અભિમાનો ક્યાં પોષાશે ? અને તમારા માનપત્રો શું આડો હાથ દેશે ? જ્યાં સુધી યમરાજ આવ્યો નથી અથવા તો એણે એક વાંકી નજર ફેંકી નથી ત્યાં સુધી જ આ અભિમાનો અને ગૌરવો છે. આંખો બંધ થઇ એટલે 'આપ મુએ સારી ડુબ ગઇ દુનિયા.' સમજો, વિચારો, ચિંતવો. એ વખતે આધાર કોનો ? એ વખતે શરણ કોનું ? એ વખતે ટેકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોનો ? અને ધ્યાનમાં રાખવું કે આપણું ગમે તેવું સ્થાન આપણે માનતા હોઇએ, પણ યમરાજની નજરમાં તો આપણે એક નાના કીડા છીએ અને એ વાંકી આંખે જુએ તે ઘડીએ એ આપણને ચોળી ચગદી ફેંકી દે એવી સ્થિતિમાં છે અને તે વખતે આપણો આધાર શો એ વિચારવાનું આપણું કામ છે.

(ग ૩) ઉપર બન્ને શ્લોકોમાં જમદેવ આવવાનાં વાજાં વાગે છે ત્યારે પ્રાણીની શી દશા થાય છે અને તે વખતે તેને કોઇ શરણ આપતું નથી, તે હાંફળોફાંફળો બની જાય છે અને મનના ઘોડા દોડાવે છે એ વાત કરી. જ્યારે મરણ એને પોતાના સપાટામાં લે છે ત્યારે એની સર્વ રાજધાનીમાં શું થાય છે અને તેની વસાવેલી દુનિયા કેવી શીર્ણવિશીર્ણ થઇ જાય છે અને તેનો કેવો ઓરકુટો નીકળી જાય છે તે આ શ્લોકમાં બતાવી તેમાંથી સાર એ બતાવે છે કે એની દુનિયાની કોઇ પણ સારી–માઠી ચીજનું એને શરણ રહેતું નથી, તેને તે વખતે એ કાંઇ કામમાં આવતી નથી અને એના તરફથી કોઇ પ્રકારનો ટેકો એને મળતો નથી.

એ ગમે તેવો મોટો પ્રતાપી હોય, એનો પ્રભાવ ગમે તેટલો પરતો હોય, એના પડકારામાં અનેકનાં ગાત્ર ગળી જતાં હોય પણ મરણને એ વશ પડ્યો એટલે એનું મરણ થયું કે એ સર્વ ખલાસ થઇ જાય છે. મોટા અલેકઝાંડર (સીકંદર), પોંપી, સીઝર કે શાહજહાન જેવા શહેનશાહો મરણ પામે છે એટલે એનો સર્વ પ્રતાપ નાશ પામી જાય છે, એના નામે ચાસકો પડતો હોય છે તે ખલાસ થઇ જાય છે અને એના પ્રભાવથી પૃથ્વી ધણુધણતી હોય છે તે સર્વ બંધ પડી જાય છે. આખી બજારને નચાવનારાના હાથ નીચા પડે છે એટલે એનાં નામનો

JAINSITE.com जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચમત્કાર પૂરો થઇ જાય છે. એ કલાક ઉંઘી જાય તો બજારમાં ટકાઓના ફેરફાર થઇ જાય છે તે જ બજારો તેના મરણને દિવસે એક દિવસ બંધ રહે છે; પણ પછી ઘોર અંધારી રાત!

પ્રાણીની સંપત્તિ, એનાં ધન, દોલત, ખજાના, એનું યૌવન અને એનો પડછો એ સર્વનું તેજ ગળી જાય છે. એણે લાખો મેળવ્યા હોય તે નકામા થઈ જાય છે અને એના જુવાનીના ઝબકારા ઠંડા થઇ જાય છે. મરણ પછી તેજોહાનિ એટલી મોટી થાય છે કે થોડા વર્ષ પછી એનું નામ યાદ કરતાં પણ પ્રયાસ કરવો પડે છે અને બીજે યુગ આવે ત્યાં તો એ લગભગ સર્વથા ભૂલાઇ જ જાય છે. મોટા શહેરના યુવકો કે ગામડાંના છેલબટાઉ, તાલીમબાજ કે સેન્ડો જમીન ભેગા થયા કે એની સાથે તેજ કે ચમત્કારમાંથી કાંઈ રહેતું નથી અને એ સર્વ ગળી જાય છે.

પ્રાણીમાં કોઇ જાતનું ધૈર્ય હોય, એણે ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરી હોય કે એવા ગુણો પ્રાપ્ત કર્યા હોય તે પણ મરણને વશ પડતાં ખલાસ થઇ જાય છે. મરણ વખતે પ્રાણી ધીરજ ગુમાવી બેસે છે અને મર્યા પછી તો ધીરજ હતી કે નહિ એ સવાલ પણ નકામો થઇ પડે છે. એણે સારા કે ખરાબ ઉદ્યોગો આદર્યા હોય તો તેના પૂરતા તો તે સર્વ ખલાસ થઈ જાય છે. મોટા કારખાના શરૂ કરનાર, અનેક મીલો ચલાવનાર કે કોઇ વિશિષ્ટ કાર્ય આદરનાર સર્વ અહીં મૂકીને જાય છે. એની નજરે જોતાં ઉદ્યોગો સર્વ ખલાસ થઇ જાય છે, દૂર નાસી જાય છે અને પછી કદાચ ચાલ્યા કરે તો પણ એને તો એ સર્વ ખલાસ જ છે. એને ઘેર એ આવે કે એના કારખાનામાં આવે તો એને 'ભૂત' ગણીને મારી ધકેલી કાઢી મૂકે છે, એને મરચાના ધૂમાડા આપે છે અને કોરડાથી ફટકાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અરે ! બીજી વસ્તુની વાત શી કરવી ? પણ એનું પોતાનું શરીર જેને એણે પંપાળ્યું–પોષ્યું હોય છે, જેની ખાતર એણે ઠંડી, તાપ, અગવડો, ઉપાધિઓ સહ્યાં હોય છે, જેને માટે અનેક દવા–ઉપચાર કર્યા હોય છે, જેને હવા ખવરાવવા અનેક સ્થાનકોએ લઈ ગયેલ હોય છે અને જેને ચાંપી–ચંપાવીને, તેલના માલેસ કરાવીને, સાબુ લગાવીને, ન્હાઈ–ધોઈને સાફ કરેલ–પોષેલ હોય છે તે શરીર પણ તદ્દન સામર્થ્ય વગરનું થઈ જાય છે. એનામાં ભીમ, સેન્ડો કે હરક્યુલીસ જેટલું બળ હોય તો પણ એ મરણને શરણ થાય છે ત્યારે એની સર્વ નાડીઓ તૂટી જાય છે અને એ શરીર કોઈ પણ પ્રકારનો જવાબ આપતું નથી. એના શરીરમાંથી વાયુ એક પછી એક નીકળી જાય છે અને અંતે હૃદય બંધ થાય છે એટલે પ્રાણપોક મૂકાય છે. એની નાડીઓ તૂટે અને એને ડચકાં આવે ત્યારે એના મજબૂત શરીરની અંદર શું શું થતું હશે તે જોનાર જોઈ શકે છે, પણ એનું પંપાળેલું–પુષ્ટ કરેલું શરીર પણ એવા ખરી કટોકટીના સમયમાં તેની બાજુએ ઉભું રહેતું નથી, એને કોઈ પ્રકારનો ટેકો આપતું નથી અને એના સંબંધમાં એણે કરેલી ગણતરીમાંની એક પણ એ સાચી પાડતું નથી, આવી રીતે એના પોતાના શરીરનો પણ એને ટેકો મળતો નથી.

એક ઘણી વિચિત્ર વાત છે તે એ છે કે–આ પ્રાણીની આખી પ્રવૃત્તિ પૈસા મેળવવા, વધારવા અને રક્ષણ કરવામાં ઘણુંખરૂં રોકાયલી હોય છે. એને પૈસાની વાતોમાં ઘણી મજા આવે છે. એ પૈસા પણ એને કોઈ જાતનું રક્ષણ આપતા નથી, કાળના પાશમાંથી એને બચાવતા નથી અને એને કોઈ રીતે જીવાડતા નથી. ઉલટું એના મરણ પછી એના પૈસા મેળવવાની એના બાંધવો ખટપટ કરે છે, દોડાદોડ કરે છે અને મરનારને યાદ કરવાને

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

બદલે એણે કરેલા વીલની ટીકા કરવા માંડે છે. એમાં જો એક છોકરાને વધારે અને બીજાને સહજ ઓછું આપ્યુ હોય તો જોઇ લો મજા! કોર્ટમાં કેટલા એસ્ટેટો આવે છે, ત્યાં મરનારને વીલ કરવાની શુદ્ધિ નહોતી, વીલ કરવાની શક્તિ નહોતી, એના ઉપર અન્ય સંબંધીએ દબાણ કર્યું હતું, એની મિલ્કત વડીલોપાર્જિત હોઇ એને વીલ કરવાની સત્તા નહોતી-વિગેરે ઝગડાઓ ચાલે છે અને જે દ્રવ્યની પાઇએ પાઇ અનેક કષ્ટ કરી, સાચા-ખોટાં કરીને મેળવી હોય છે તે વેડફાઇ જાય છે. મૃતક ઉપર ગીધો પડે તેમ અનેક માણસો એના ઉપર ટાંપી બેઠા હોય છે અને તેને ખેદાનમેદાન કરવામાં મજા માને છે. જે દ્રવ્ય મેળવવા કે જાળવવા ભગીરથ પ્રયાસ કર્યા હોય કે ભૈયાની જેમ ચોકી કરી હોય એ પૈસા એને કોઇ પણ પ્રકારનો ટેકો આપતા નથી, યમદેવને એક ઘડી રોકી શકતા નથી અને બગડતા પરભવને સુધારી શકતા નથી.

JAINSITE
જૈન સાઇટ
જૈનમ્ જયતિ શાસનમ્

અસલના વખતમાં નિર્વંશ જાય ત્યારે સગાઓ માલીક થવા આવતા અથવા રાજા સર્વ ધન લુંટી લેતા અથવા જપ્ત કરતા. તે વખતે કોઇ મરનારના શુભનો વિચાર ભાગ્યે જ કરતું અને અત્યારે કોર્ટ કે દરબારમાં પૈસાનો જે ફેજ થાય છે તેની કર્મકથા જાણીતી છે. એવા પૈસા માટે અર્થ અને પરિણામ વગરનો વીર્ય-વ્યય કોઇ સમજુ કરે નહિ, પણ એ તદ્દન જૂદી બાબત છે. અહીં પ્રસ્તુત વાત એ છે કે એ પૈસા લેવા ભાઇઓ, સગાઓ કે સ્વજનો દોડાદોડ કરે છે, પણ એ પૈસા આ ભાઇશ્રીને કોઇ જાતનું શરણ-આધાર કે ટેકો આપતા નથી. આ પરિચયમાં ઘણી જરૂરી વાત થઇ ગઇ છે તેથી ગીતની વિચારણામાં બહુ લંબાણ ન કરતાં સંક્ષેપમાં પતાવશું.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

૧ માતા પુત્રના દરરોજ ખબર પૂછે છે. એનું માથું દુઃખે તો એ ઓસડ કરવા મંડી જાય છે. માંદો પડે ત્યારે હાંફળી-ફાંફળી થઈ જાય છે. રાત્રે નિરાંતે ઉંઘતી નથી. પુત્ર ઉપર એકાંત પ્રેમ-વાત્સલ્ય બતાવનાર માતા પુત્રના હિતનો જ વિચાર કરે છે. પિતા બાળકો ખાતર રળે છે. ભાઇઓ ભાઇને મળે ત્યારે હિતની સલાહ આપે છે. સ્ત્રીનું હિત તો પતિ સાથે જ જોડાયેલું હોય છે. પુત્રો પિતા ધન કેમ વધારે મેળવે તેનો ખ્યાલ કરી તેનું લાંબું આયુષ્ય ઇચ્છે છે. સગાઓને પણ કુળમાં કોઇ સારો હોય તો કામનો છે એ નજરે પણ એના હિતની આકાંક્ષા રહે છે. આવી રીતે સર્વ સ્વજનો હિતની કામના કરે છે અને હિતના આંદોલનો આપે છે. દુનિયાનો સારામાં સારો અર્થ કરીને આ વિચાર ગ્રંથકર્ત્તાએ બતાવ્યો છે. સર્વથા એમ જ હોય છે એવું નથી એમ આપણે જાણીએ-જોઇએ છીએ પણ એવું હોય ત્યાં પણ અંદરની વાસ્તવિક શી સ્થિતિ છે તે બતાવવા સારો અર્થ લીધો જણાય છે, અને એ સર્વ સ્વજનો આ ભાઈસાહેબ પર એકાંત પ્રીતિ રાખનારા હોય છે. માનો પ્રેમ તો અચૂક હોય છે. છોકરો ખરાબ હોય તો પણ એ તો પ્રેમનો ઝરો કહેવાય છે અને 'છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર કદી થતા નથી' એ સર્વથા તો નહિ પણ બહુધા સાચી વાત છે. પિતા પુત્ર ઉપર પ્રીતિ રાખે જ. એણે તો હાથે પોષેલ એનાં મનનું રત્ન છે. સ્ત્રીની પ્રીતિ હોય તેમાં નવાઇ નથી. આર્યકુળવધૂના સર્વ સુખનો આધાર તેના પતિની પ્રીતિ ઉપર જ છે અને એના સૌભાગ્યનો રક્ષક પણ એ જ છે. બ્હેન તો ઠેશ વાગે તોયે 'ખમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા ભાઈને ! ' કહે છે એની પ્રીતિ જરૂર હોય. બાકી પુત્રો, પુત્રીઓ તો એનાં સામું જ જોનારા એટલે એમની પ્રીતિનો સવાલ શો હોય ? અને સગાઓ તો જરૂર સારામાં જ રાજી થાય, એનો ઉત્કર્ષ દેખી પ્રીતિરસમાં એકલા ન્હાય એમાં નવાઇ નથી. આ સર્વ તો જીવનની ઉજળી બાજુ વર્ણવી છે.

આવી રીતે આખી સારી સૃષ્ટિ જામી હોય, ચારે તરફથી હિતના આશીર્વાદો મળતા હોય, પ્રેમનાં ઓવારણાં લેવાતાં હોય, પરદેશ જાય તો પત્રો પાઠવાતા હોય, જેલમાં હોય તો ઇન્ટરવ્યુ લેવાતા હોય, પાંચ દહાડા સમાચાર ન આવે તો તારથી સુખ સમાચાર મંગાવવાની ઉતાવળ થતી હોય—એવા પ્રાણીને પણ જ્યારે મરણ આવે છે ત્યારે એનું કોઇ રક્ષણ કરી શકતું નથી, એને કોઇનો ટેકો મળતો નથી અને કોઇ એને બદલે પથારીમાં સુતા નથી.

એક વાત છે. એક સાચા ઉપદેશક—સંત સાધુને એક પ્રાણી મળ્યો. ઘરનો સુખી હતો. ગુરૂની વાત સાંભળી સહજ વૈરાગ્ય થયો પણ મોહ ન છૂટે. સંતે ખરો સ્નેહ કેવો હોય છે તે બતાવવા તાકડો રચ્યો. મુમુક્ષુ ( પ્રાણી ) ઘરમાં ઓઢીને સુઇ ગયો. અસહ્ય પેટની વેદનાના ઢોંગ કર્યા. ગામના બાવા, ભુવા, વૈદ્યો બોલાવ્યા. ઉપચાર ચાલ્યા. પણ ઢોંગીની પીડા વધતી જ ચાલી. વ્યાધિ હોય તો મટે ને ! અંતે સંત આવ્યા. ભગવો વેશ અને ટીલાટપકાનો પાર ન્હોતો. એણે તબીઅત તપાસવાનો દેખાવ કરી કષ્ટસાધ્ય કેસ છે એમ જાહેર કર્યું. આખું મંડળ કાંઇક નિશ્ચિંત થયું. સંતે પાણીનો પ્યાલો લીધો. ત્રણવાર તેના શરીર પર ફેરવ્યો અને કહ્યું કે આ પાણીમાં સર્વ વ્યાધિ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉતરી ગયો છે. જે આ પાણી પીશે તે મરી જશે અને ભાઈશ્રી ઊઠશે. અત્યાર સુધી માતા, ભાઈ, પિતા, પુત્ર સર્વ પ્રાણ આપવા તૈયાર થવાની વાતો રડતાં રડતાં બોલતા હતા તે સર્વ ચૂપ થઈ ગયા. સ્ત્રીએ પણ વિચાર્યું કે હું જઈશ તો નવી આવશે ! સંત કહે–ઊઠ, ભાઈ! જોયું ?

આ તો તદ્દન સાદી વાત છે. કોઇ શરણ આપી શકે તેમ નથી અને આપવાના પણ નથી. ગમે તે સ્વજન આવે તે ખાલી પ્રાણપોક મૂકનારા છે, બાકી મરણ કોઈને વશ થતું નથી અને એ આવે ત્યારે તેને કોઇ અટકાવી શકતું નથી. એ પ્રાણી ગમે તેવો સંત–સુખ આપનારો હોય કે ગમે તેવો ભલો કે ભુંડો, વહાલો કે દવલો, રળાઉ કે ઉડાઉ, ભણેલો કે અભણ હોય પણ કોઇ પણ સ્વજન તેને રક્ષણ આપી શકતું નથી અને મરણને થોડી વાર થોભાવી પણ શકતું નથી. આમાં નિરર્થક ટીકા કરનારાં સગાંઓ, બાપના મરવાની રાહ જોતાં બેસી રહેલા ઉડાઉ પુત્રો, ધણીનો પ્રેમ હારી ગયેલી શોકયના શલ્યવાળી ભાર્યા કે એવા કેસોનો સવાલ નથી, ત્યાં તો કોઇ આડો હાથ દેવાનો ખ્યાલ પણ ન કરે; પણ દુનિયાની નજરમાં સારામાં સારા પ્રેમને પાત્ર થવા સર્જાયેલ થોડા આદર્શસુખી-ઓને પણ જ્યારે તેઓ મરણદશાની નજીક જાય છે ત્યારે તેમના આવા જ હાલ થાય છે એ આપણા દરરોજના અનુ-ભવનો વિષય છે. એક પણ સ્વજન મરણથી આ પ્રાણીનું રક્ષણ કરી શકતો નથી એ સિદ્ધ વાત છે.

સર્વ રીતે સુખી ગણાતાની આ સ્થિતિ છે, બાકીના માટે શું હોય તે સમજી લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( **ધ્રુવપદ** ) ત્યારે આવી સ્થિતિમાં કરવું શું ? આ તો ભારે ફસાણા. આ તો ભરોંસાની ભેંસે પાડો જણ્યા જેવી વાત થઇ ! આપણા પોતાના સ્વજનો—ઘરના માણસો ઉપર આધાર ન રાખી શકીએ ત્યારે જવું ક્યાં ? કરવું શું ? આના ઉપર એક ધ્રુવપદ કહે છે. એ પ્રત્યેક ગાથા સાથે બોલવાનું છે. તેનો ભાવ નીચે પ્રમાણે છે:—

આખા ગીતમાં બતાવાશે અને ઉપર શ્લોકોમાં બતાવાઇ ગયું તેમ કોઇ વસ્તુનો, સંબંધીનો કે સગાનો ટેકો આ જીવને અણીને વખતે નથી, એ વાત તો સમજાણી; પણ એમાંથી કોઇ રસ્તો ખરો કે ખાલી મુંઝાઇ મરવાનું જ છે ? આ પ્રશ્ન સ્વાભાવિક છે. આવે વખતે બીજું તે કોણ મદદ કરે ? જ્યાં સગાંવહાલાં તો શું પણ શરીર પણ ઠંડું પડી જાય, નાડીઓ પણ તૂટી જાય ત્યાં બીજા કોણ પાસે આવે ?

ત્યારે **ધર્મ** એના ખરા આકારમાં ટેકો આપે છે. જીવનમાં જેટલી અહિંસા વણી દીધી હોય, ન્યાયમાર્ગે પ્રવર્ત્યા હોઇએ, સાચી સલાહો આપી હોય, ગમે તેટલા જોખમે સત્ય માર્ગ આદર્યો હોય, ભયંકર પ્રસંગોમાં મન પર કાબૂ રાખ્યો હોય, પરસ્ત્રી તરફ નજર પણ ન કરી હોય, વગર હક્કનું લીધું ન હોય, દીન જનોને દાન દીધાં હોય, બ્રહ્મચર્ય પાળ્યું હોય, દંભને દૂર રાખ્યો હોય, માનના પ્રસંગો આડા હાથ દીધા હોય, કપટજાળના ભોગ કોઇને ન કર્યા હોય, ખોટા આળ ન દીધાં હોય, ચાડી ચુગલી ન કરી હોય અને પ્રમાણિક જીવન જીવી જે કોઇ નૈતિક કે આંતરિક પ્રગતિ કરી હોય એ સર્વનો ખરો આધાર તેવે વખતે થાય છે. એ વખતે એ સાચો ટેકો આપે છે અને એ એના ખરા સ્વરૂપમાં તેવે આપત્તિને વખતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બરાબર યાદ પણ આવે છે. એનું શરણ બરાબર થાય છે. કહેવત છે કે 'સુખે સોની ને દુઃખે રામ.' રામ એટલે અહીં પોતાના ઇષ્ટદેવ સમજવા.

ધર્મમાં બે વિભાગ હોય છે: તત્ત્વજ્ઞાન અને નૈતિક વિભાગ. નૈતિક વિભાગમાં આંતર અને બાહ્ય વિભાગ આવે છે. આંતર-મનોરાજ્યમાં સર્વ મનોવિકારોનો સમાવેશ થાય છે. એના પર વિજય મેળવવાની ચાવી આ Ethics નો વિભાગ આવે છે, બાહ્યમાં એને પ્રાપ્ત કરવાની ચાવીઓ—માર્ગો એટલે ક્રિયાઓ હોય છે. એ સાધનધર્મોની ઉપયોગિતા પુષ્કળ છે, પણ ધર્મનો ખરો ઉપયોગી વિભાગ આંતરદશા પર કેટલી અસર થઈ તેમાં આવે છે.

એ ધર્મને અંગે પરીક્ષા કરીને સ્વીકાર કરવાની જરૂર છે. આંતરરાજ્યમાં બહુધા મતભેદ પડતો નથી. શુદ્ધ જીવન જીવવાનો, સત્ય વચનોચ્ચાર કરવાનો, અન્ય જીવની હિંસા ન કરવાનો ઉપદેશ લગભગ સર્વ ધર્મો જુદા જુદા આકારમાં આપે છે. મોહમમત્વ તજી આત્મારામને એના સ્વરૂપમાં ઓળખવા પ્રરૂપણા થતી આવી છે. એ ધર્મ આ પ્રાણીએ કોઈ કોઈ વાર જરૂર સ્વીકાર્યો પણ હોય છે તે તેને શરણ આપે છે, તેને તે ટેકારૂપ થાય છે અને તેના ઉપર આધાર રાખવામાં તે છેતરાતો નથી.

એ ધર્મોનો દર્શનવિભાગ વિચારી જે ધર્મમાં પરસ્પર વિરોધ ન આવતો હોય, જેમાં આગળ પાછળ સત્ય એક સરખું ચાલ્યું આવતું હોય તેનો સ્વીકાર કરવો અને તેનું શરણ લેવું.

વિનયવિજય ઉપાધ્યાય કહે છે કે અમે જૈન ધર્મને સારી

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે તાવી જોયો છે. સોનાની પરીક્ષા જેમ કષ, છેદ અને તાપથી થાય છે તેમ અમે તેની પરીક્ષા કરી છે. તેના વિધિ અને નિષેધના માર્ગો ખૂબ ચકાસી જોયા છે. અમે એના તત્ત્વ-માર્ગમાં પણ ખૂબ ઉંડા ઉતર્યા છીએ અને અમે બારીકીમાં ઉતરી એનાં નય અને પ્રમાણ સત્યો સમજ્યા છીએ, અમને એમાં અપેક્ષાઓ સમજાણી છે અને આખા માર્ગમાં અમે પૂર્વાપર વિરોધ જોયો નથી. એના વિધિમાર્ગોમાં ગમે તેટલા મતભેદો હશે, પણ એના દાર્શનિક વિભાગમાં એક જ મત છે. એનો કર્મનો સિદ્ધાન્ત અવિચળ છે, એની નિગોદની વ્યવસ્થા વિચારણીય છે અને એનું સ્યાદ્વાદ સ્વરૂપ અમને ખાસ આકર્ષક લાગ્યું છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

તમે એ જૈન ધર્મનો આશ્રય કરશો તો તે તમને જરૂર 'શરણ' આપશે એમ અમે ખૂબ વિચારથી કહીએ છીએ. તમે કોઈ પણ ધર્મનું શરણ કરો તે તમારી મરજીની વાત છે, પણ તમે જૈન ધર્મનું શરણ કરશો તો તેમાં છેતરાશો નહિં એ અમે અમારા અભ્યાસ અને અનુભવથી કહીએ છીએ.

ટૂંકામાં ધર્મનું શરણ લેવાનો તેમનો આદેશ છે. તેઓ કહે છે કે તું ધર્મનું શરણ કર, તેમાં પણ પરીક્ષા કરીને જૈન ધર્મનું શરણ કર.

ઉપરાંત એક વાત ખાસ કરવાની છે. વિશિષ્ટ પવિત્ર ચરણ—ચારિત્ર તેનું તું સ્મરણ કર, તેના ઉપર આધાર રાખ અને તેને તારા જીવન સાથે વણી દે. ચારિત્રરાજનાં મંદિરમાં જે ક્ષમા, આર્જવ, માર્દવ, મુક્તિ (લોભત્યાગ), તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ અને બ્રહ્મચર્યરૂપ ધર્મો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તે અથવા શ્રાવકના બાર વ્રતો છે તે તને શરણ આપશે. એનું સ્મરણ પણ તને ટેકો આપશે. એનો નામોચ્ચાર પણ તને અકળામણથી દૂર રાખશે અને એની સાથે આત્માનુસંધાન તને અદ્વિતીય ટેકો આપશે. ચારિત્રનો મહિમા વર્ણવવાનું આ સ્થાન નથી. બાહ્ય સર્વ ક્રિયાઓની અસર વર્તન ( ચારિત્ર ) પર કેટલી થઇ છે તે જ અંતે જોવાનું છે. અંદર ભીનાશ–કુણાશ ન આવી હોય તો બાહ્ય ક્રિયા નકામી તો નથી, પણ તત્ફલાપેક્ષયા અંતે આ આત્માને વધારે દૂર લઇ જતી નથી. મેરૂપર્વત જેવડો ઢગલો થાય તેટલા ઓઘા–મુહ્રપત્તિ આ જીવે કર્યાની વાત સુપ્રસિદ્ધ છે તે આ દૃષ્ટિએ છે. માત્ર તું ચારિત્રનું સ્મરણ કર. માત્ર ક્રિયાની અપેક્ષાએ નહિ, પણ જીવવાની તીવ્ર ઈચ્છાથી એનું સ્મરણ કર. એનું સ્મરણ માત્ર તને ટેકો આપશે, તારો આધાર બનશે અને વિશાળ દરિયામાં તારી પડખે ઉભું રહેશે. એ ચરણ–ચારિત્ર સાથે અનુસંધાન કરી લે, એની સાથે તું એકમેક થઇ જા અને તેનો તારી સાથે એક તાર કરી દે. એ તને ટેકો છે, ખરો આધાર છે.

'ચરણ'નો અર્થ પગ. મહાપવિત્ર પુરૂષોના ચરણયુગનું સ્મરણ કર–એ અર્થ પણ શક્ય છે, પણ વિષયની ઘટના સાથે ચારિત્ર અર્થ વિશેષ અનુરૂપ જણાય છે. પગનું સ્મરણ થતું નથી, પણ તેની પૂજા થાય છે. આ ધ્રુવપદ દરેક ગાથાને અંતે ખાસ બોલવા અને વિચારવા જેવું છે. નિરાશ થતાં આત્માને એ મોટો ટેકો આપે તેમ છે અને એ ટેકાની એને એ વખતે ખાસ જરૂર છે.

૨. નાના પ્રાણી કે મનુષ્યની તો શી વાત કરીએ પણ મોટો રાજા હોય, મોટો રાજાઓનો પણ રાજા હોય, એની ચારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાજુએ ઘોડા, રથ, હાથી અને લશ્કરીઓ હોય, એનું રક્ષણ કરવા એના ખાસ રક્ષકો ( બોડીગાર્ડો ) તૈયાર હોય, એનું લશ્કર દુનિયામાં અજેય ગણાતું હોય, એની સેનાએ કદી હાર ખાધી ન હોય, એની વ્યૂહરચના ઘણી ગુંચવણવાળી હોય, એનું પોતાનું બળ પણ અતિશય પ્રસિદ્ધિ પામેલું હોય અને એવી રીતે એ મોટા કિલ્લાઓથી, શસ્ત્ર–અસ્ત્રોથી અને લડાઈની તથા બચાવની સર્વ સામગ્રીઓથી સુરક્ષિત હોય, એનું એકલાનું જોર સેંકડો સેનાનીઓને પૂરા પડે તેવું બતાવાયું હોય—એવો મોટો છત્રપતિ હોય એને પણ એ યમરાજ એક ક્ષણવારમાં ઉચકી લે છે, એક ઘડીના છઠ્ઠા ભાગમાં જમીન પર રગદોળી નાખે છે અને એમ કરવામાં એને જરા પણ શંકા કે વિચાર થતો નથી.

દરિયાના કાંઠા નજીક એક ગલ અથવા કલકલ પક્ષી થાય છે. એ તદ્દન સફેદ હોય છે. એનો ખોરાક માછલાં હોય છે. એ જેમ માછલાંને પોતાની ચાંચમાં ઉપાડી લે તેમ મોટા રાજા, મહારાજા કે ચક્રવર્તીને યમરાજ ઉચકી લે છે. એ વખતે રાજાનું મોટું લશ્કર કે એના હાથી, ઘોડા, રથ, પાયદળ, પલટન, એરોપ્લેનો કે મશીનગનો કાંઇ કામમાં આવતા નથી, કોઇ એની આડો હાથ દઈ શકતા નથી અને લશ્કરની વચ્ચેથી, વજ્ર કિલ્લાની અંદરથી અને સામગ્રીઓની ભીતરમાંથી ખેંચી એને ઉપાડીને યમરાજ એક ક્ષણમાં ચાલ્યો જાય છે. ( મૈનિક શબ્દ મોટા મત્સ્યવાચક પણ છે. મોટા મત્સ્યો નાના મત્સ્યોને નિરંતર ખાધા કરે છે. )

આ વખતે એ મોટા મહારાજાને શરણ કોનું ? ટેકો કોનો ? આધાર શેનો ? રાણીઓ રડે, વૈદ્યો હાથ ખંખેરે, દાસીઓ રાજીઆ લે, અમાત્ય વર્ગ હાય બળતરા કાઢે, પણ એ સર્વ નકામું નીવડે છે અને એ બધાની વચ્ચેથી ઉપડી જાય છે. વાત એ છે કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાવું છે જી, જાવું છે જરૂર; કાયા તારી કામ ન આવે,
ઝાંખા થાશે નૂર.
ચક્રી સરખાં વહી ગયાં, આકડાનાં તૂર, જાવું છે જી. વિગેરે.

મોટા માંધાતા જેવા રાજાઓ ગયા, વિક્રમાદિત્યો ગયા, સિદ્ધરાજ જેવા ગયા અને આખી મુગલાઇ પણ ઉપડી ગઇ. નેપોલીઅન સેંટ હેલીનામાં ગયો, શાહજહાન કેદમાં મુઓ, ઔરંગઝેબ દક્ષિણમાં ખલાસ થઈ ગયો અને ઋષભકૂટપર કાકિણી રત્નથી નામ લખનાર બ્રહ્મદત્ત, સુભૂમ જેવા ચક્રવર્ત્તીઓ પણ ગયા! એલેકઝાન્ડરને પૃથ્વી જીતવાની બાકીમાં રહેલી ન જડી ત્યારે સમુદ્રને સાધવા ગયો, સુભૂમ બીજો ભરત ખંડ સાધવા ગયો, પણ અંતે સર્વ ગયા! એ દરેકે મરતી વખત પછાડા માર્યા છે અને માથાં પછાડ્યાં છે. ત્યારે તું તે કોણ માત્ર! વિચાર કે એવો અવસર આવશે ત્યારે તું કોનો આધાર લઇશ? તારી છાતી ઉપર હાથ મૂકી નિરાંતનો શ્વાસ લઇ શકીશ? આનંદથી જઈ શકીશ? હજુ પણ સાંભળ. એ મુદ્દા ઉપર ઘણું કહેવાનું છે.

૩. એવા રાજાઓ તો ઉઘાડી રીતે ગયા અથવા તેને યમરાજે ઉપાડી લીધા, પણ પ્રાણી કદાચ સખ્ત લોઢાના ઘરમાં પેસે, તીજોરીમાં ઢંકાઇ જાય, કપાટ બંધ કરીને બેસી જાય કે પટારામાં પેસી જાય અથવા તો દીન-શરણાગતની પેઠે પોતાના મુખમાં તરખલું લઇ યમરાજને વિનતિ કરે કે–' હે દેવ! મને તો છોડો! મને બચાવો! હું તમારે શરણે છું!' (પ્રાચીન સમયમાં રાજાઓ લડતાં પણ દુશ્મન મ્હોંમાં તરખલું લે એટલે છોડી દેતા. અત્યારે પણ સફેત વાવટો બતાવો એટલે લડાઈ બંધ પડે છે અને સુલેહ થાય છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આ યમદેવને તો દયાનો છાંટો આવતો નથી. એ તો દરેકના કોળીઆ કરવામાં મજા માને છે, એને વજ્રમય ઘરમાંથી પકડતાં વાર લાગતી નથી કે એની પાસે મુખમાં તરખલું લઇ કરેલી પ્રાર્થના બર આવતી નથી. જેમ પરમાધામી દેવોને નારકીના જીવોને ત્રાસ ઉપજાવવામાં મજા આવે છે અને તેઓને રડતાં–કકળતાં જુએ ત્યારે એ નીરોની જેમ રાજી થાય છે તેમ નિર્દયતાના પુરૂષાર્થમાં નાચ કરી રહેલ યમદેવ કોઇ પણ પ્રાણીને છોડતો નથી.

વળી એનામાં એક વિશિષ્ટતા અથવા નીચતા એ છે કે બીજા પ્રાણીઓ સારા અર્થમાં સર્વને સરખા ગણે છે અને સર્વને સરખો લાભ આપે છે ત્યારે આ યમરાજ જીવ લેવાની બાબતમાં સર્વને સરખા ગણે છે. એને મન કોઇ મોટો નથી, કોઇ નાનો નથી, એ તો નીચતાની પરાકાષ્ઠાએ જઈ મોટા કે નાનાને–સર્વને શરીરથી છૂટા પાડી, એનાં સગાંસબંધીને રડાવી ખેંચી જાય છે. એના આવા સર્વને સરખા ગણવાના તુચ્છ ભાવ પર લ્યાનત હો! ધિક્કાર પડો! પણ એમ કહેવાથી કાંઇ વળે તેમ નથી–તેને જરા પણ દયા આવે તેમ નથી.

જ્યારે રાજાનો પરિવાર કે તેનું લશ્કર નકામું થાય છે, છુપાઇ જવાના પ્રયોગો નિષ્ફળ જાય છે અને બતાવેલી લાચારી ને કરેલી પ્રાર્થના ઉપયોગ વગરની બને છે ત્યારે એની પાસે શરણ કોનું? આમાંથી બચવાના કોઈ ઉપાય કારગત લાગતા નથી.

હજુ કાંઇ બીજા ઉપાય હોય તો તપાસીએ. આ તો સર્વ પ્રકારે નિરાશા મળે છે. ચાલો, આગળ વધો, કાંઇ કરતાં કાંઇ ઉપાય શોધ્યો મળે છે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. વિદ્યાઓ સિદ્ધ કરવાથી આકાશમાં ઉડી શકાતું, સમુદ્ર તરી શકાતો અને એવાં આશ્ચર્યો થતાં. મંત્ર (રસ) સિદ્ધ કરવાથી સોનું થઇ શકતું, સ્ત્રી–પુરૂષને વશ કરી શકાતાં વિગેરે. મહા ઔષધિઓના ઉપયોગથી આકરા વ્યાધિઓ સુધરી શકતા. આવા અનેક દાખલાઓ કથાનકોમાં નોંધાયલા છે. વિદ્યા અને મંત્રના પ્રભાવથી દેવતાઓ વશ થતા અને દેવતાઓ અનેક કામ કરી આપતા.

આ વાતની સત્યાસત્યતા તપાસવાનું આ સ્થાન નથી. શત્રુંજય યાત્રા બંધ થઇ ત્યારે આવા મંત્ર કે વિદ્યાઓનો ઉપયોગ કેમ નહિ થયો હોય ? એવો ઘણા પ્રશ્ન કરતા હતા. આપણે એ વિષયની ચર્ચામાં ઉતરીએ તો મુદ્દો વિસરી જઇએ. વાત એ છે કે મંત્રથી, વિદ્યાથી કે મહા ઔષધનું આસેવન કરવામાં આવે અને દેવતાઓને વશ કરી દે તેવું તે આસેવન હોય તો તેથી પણ મરણ છોડતું નથી. ગમે તેવી સિદ્ધ ઔષધિઓ મોટા ધન્વંતરી પોતે લાવી આપે અથવા મંત્રોના ઉપરાઉપરી ઉચ્ચાર થયા કરે, વિદ્યાદેવીઓનો કદાચ સાક્ષાત્કાર થાય તો પણ મોત છોડતું નથી, છોડે તેમ નથી.

જ્યારે ડૉકટર કે વૈદ્યનાં મુખ પર નિરાશા દેખાય છે અથવા નજીકના સંબંધીઓને વ્યાધિ ગંભીર અથવા 'હોપલેસ' જણાવવામાં આવે છે ત્યારે પછી ભુવાના પ્રયોગો ઘણીવાર થાય છે, ડાકલાં વાગે છે, શરીર પર ત્રાંબાના પૈસા બંધાય છે, નજરબંધી થાય છે, ખાટલા ફરતા ખીલા ઠોકાય છે, લીંબુ માથા પરથી ઉતારાય છે, બાધાઓ રખાય છે, આખડીઓ લેવાય છે અને કૈક કૈક તોફાનો થાય છે; પણ અંતે પ્રાણપોક મૂકવામાં એ સર્વનો અંત આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવતાને પોતાને પણ મરણ છોડતું નથી તો તેઓ આપણાં શાં દળદર ફીટાવવાના હતા? એ તો માત્ર ડૂબતી વખતે બાચકા ભરવાની વાત છે. મરણ કોઇ દેવને વશ નથી, કોઇ મંત્રને વશ નથી, કોઈ વિદ્યાને તાબે નથી.

શરીરમાં વૃદ્ધિ કરવા માટે ગમે તેવાં રસાયણો ખાવામાં આવે, તામ્રભસ્મ, ગજવેલ, મારેલ પારો, સોનું, રૂપું, વસંત-માલતી, પંચામૃત પરપટી, અબરખ કે બીજી અનેક રસાયણી ચીજોનો ઉપયોગ કરવામાં આવે; પણ મરણ છોડતું નથી. મોટા દેવો, વૈદ્યો, ડૉકટરો કે સરજનો મરણને ફીટાડી શકતા નથી અને એલીકઝીર (Eliczir) મરણજયની દવા શોધવા પાછળ હજારો વર્ષ નીકળી ગયા છે, પણ હજુ સુધી તેવી દવા મળી નથી અને અત્યાર સુધીના વિજ્ઞાનનો વિકાસ વિચારતાં તેવી દવા શોધાવાની શકયતા પણ જણાતી નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી વિનયવિજયજીના વખતમાં વિદ્યા, મંત્ર, મહૌષધિનો મહિમા મોટો મનાતો હશે, અત્યારે સરજનના ચપ્પુ અને ડૉકટરનાં ઇન્જેકશનોનો મહિમા મનાય છે, પણ ગમે તે રીતે જોઇએ પરંતુ મરણ છોડતું નથી. હૃદય ચલાવવા હાઇપોડરમીક ઇન્જેકશન આપીએ કે હિરણ્યગર્ભનો ઘસારો આપીએ, પણ અંતે રડવાનું છે અને ખરખરો કરનારા બોલવાના છે કે–'ભાઇ! ત્રુટી એની બુટ્ટિ નથી' આ સાદી કહેવતમાં સેંકડો વર્ષોનો અનુભવ સમાઇ જાય છે. જ્યાં આયુષદોરી તૂટી ત્યાં દવા, ઉપચાર કે મંત્ર કાંઈ ઉપયોગી નથી. આપણી વાત એ છે કે આ સર્વ કોળાહળ, ધમાલ અને ધૂમાડા પછી પણ ખરખરો તો ઊભો જ રહે છે. એ તો જાણે પછવાડે રહેનારની વાત, પણ જનારને શું? એને ટેકો કોનો? દવામાં ગમે તેટલા મોટા ખરચ

કર્યા એ સર્વ પાણીમાં અને છતાં મરણ પામનારને કેવો ટેકો મળ્યો હશે તેવી સંશયગ્રસ્ત સ્થિતિ ! અહો ! શી દશા !

મરણ વખતે તો કોઈનો ટેકો-કોઈનું શરણ મળે તેમ નથી, મળ્યું જાણ્યું નથી અને નિત્યમિત્ર શરીર તો તદ્દન નકામું જ જણાયું છે. માત્ર પ્રણામ-મિત્રરૂપ ધર્મ જ ટેકો આપે તેમ છે તે તો પ્રત્યેક ગાથાને અંતે આપણે યાદ કરીએ છીએ. હવે જીંદગીના બીજા ખ્યાલો તરફ વળીએ.

૫. મરણભય પછી માણસને સહજ ઉતરતો (બીજે નંબરે) ઘડપણનો-જરાનો ભય લાગે છે. એને કોઈ ઘરડો (old) કહે તો પણ એને અપમાન લાગે છે. એ જુવાની જાળવવા અને પછી જુવાન છે એમ દેખાવા અનેક દવા ખાય છે, કલપ લગાડી ધોળા વાળને કાળાં કરે છે, આંખમાં સુરમા, અંજન આંજે છે અને કૈક ચેનચાળા કરે છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

વિલાયતની તો વાત ન પૂછો ! ત્યાં મોઢાં ઉપરના પફ પાઉડરના થપેડા જોયા હોય તો ચીતરી ચઢી જાય ! બસમાં બેઠા બેઠા પણ [1]વેનીટી બેગ કાઢી હોઠ ઉપર લાલ રંગ લગાડે, મુખ ઉપર રોઝ પાઉડર નાખવા લાગે અને નાના આરિસામાં મુખ જોઈ લે. આ સર્વ જુવાન દેખાવાના ફાંફા છે !

કૈક ત્રાંબુ કે મારેલ પારો ખાય છે, કૈક ગજવેલ ખાય છે, કૈક અખાડામાં કસરતો-કુસ્તીઓ કરે છે અને કૈક મગદળ ફેરવે છે. અનેક પ્રયોગ કરી જુવાની ટકાવવા અને આધેડ વયે જુવાન છે એમ બતાવવા અનેક ચાળા કરે છે. એનું મોટું વર્ણન આપવાની જરૂર નથી. દરરોજ નજરે પડે એવો એ મામલો છે.

૧ સ્ત્રીઓ હાથમાં રાખે છે તેવી નાની ચામડાની કોથળી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથકાર કહે છે કે એ સર્વ ફાંફાં છે, એમાં કાંઇ વળે તેમ નથી. તમે ગમે તેટલા પ્રયત્ન કરો અને ગમે તે ખાઓ પણ આવતી જરાને તમે અટકાવી શકો તેમ નથી. તેની સામે તમને ટેકો મળે તેમ નથી અને તમારા સર્વ પ્રયત્ન નકામા છે—નિષ્ફળ છે—એ બદામના છે.

કેટલાક માણસો એમ માને છે કે શરીરમાં પવનને રોકયો હોય—સ્તંભન કર્યું હોય, એક પ્રકારનો પ્રાણાયામ કર્યો હોય તો તેથી આવતું ઘડપણ અટકે છે. ઉપાધ્યાયશ્રી કહે છે કે તમારે જોઇએ તેટલો પવનનો અટકાવ કરો પણ એમાં કાંઇ વળવાનું નથી. પ્રાણાયામનો ઉપયોગ કાળજ્ઞાન અને શરીર તંદુરસ્તી માટે ગમે તેવો ઉપયોગી હોય, પણ એ આવતી જરાને અટકાવે તેમ નથી.

અરે! તમારે જોઇએ તો તમે દરિયાપાર બીજે તીરે જઇને બેસો કે કોઇ મોટા પર્વતના શિખર ઉપર ચઢી જાઓ, પણ દરિયાની ભરતીના જુવાળની જેમ આવતા ઘડપણને તમે રોકી શકશો નહિ. તમે ગમે ત્યાં નાસી જાઓ, તમારાં ઘરબાર છોડી પાતાળમાં પેસો કે કોઈ મહાન પર્વતના શિખરને છેડે જઇને વાસ કરો; પણ અંતે ઘડપણની અસર લાગ્યા વગર રહે તેમ નથી અને એ આવશે ત્યારે તમે ધીમે ધીમે ઘસાતા જ જશો. દાંતો દુઃખવા માંડે, પીડા થાય, પડી જાય અને ચાવવાની અગવડ પડે, કાનમાં બહેરાપણું આવતું જાય, આંખમાં લોંગ સાઇટ (ઝાંખ—બેતાળા) આવે, બાલ ધીમે ધીમે ફીકા પડતા જાય અને અંતે સફેદ થઈ જાય, શરીર શિથિલ પડતું જાય, હાથ—પગ હુકમ માને નહિ, એવાં અનેક આક્રમણો ધીમે ધીમે પણ ચોક્કસ થતાં જાય છે. પછી તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ઉંબર તો ડુંગર થયા, પાદર થયા પરદેશ; ગોળી તો ગંગા થઇ, અંગે ઉજળા કેશ" એ સર્વ બને છે અને છેવટે હાથમાં લાકડી લેવી પડે છે. વસ્તુત: ત્રણ પગે ચાલવું પડે છે. એ વાતને અટકાવનાર કોણ? એ વાતની આડે આવનાર કોણ? એ હકીકત બને ત્યારે આધાર કોનો?

૬. એ વાત વધારે સ્પષ્ટપણે કહેતાં કવિ વર્ણવે છે કે–નાના બાળકનાં બાલ જોયાં હોય તો તે એકદમ કાળાં લાગે છે, જરા આખા માથાંને પળિયાંવાળું બનાવી મૂકે છે અને શરીરને તદ્દન રસ વગરનું–દમ વગરનું બનાવી દે છે તેમજ ધીમે ધીમે એને તદ્દન નિર્બળ, દુર્બળ અને અબળ બનાવી દે છે. આ જરાને–ઘડપણને અટકાવવાને કોણ શક્તિવાન થાય છે? એને આવતી અટકાવવાનો કોઈ રસ્તો જડ્યો છે?

JAINSITE .com

એક ઘણા પ્રસિદ્ધ વૈદ્યરાજ કહેતા હતા કે પ્રમાદ એ જ મરણ છે ( **प्रमादो हि मृत्युः** ) જો પ્રમાદ ન કરવામાં આવે તો માણસ કદી મરે નહિ અને ઘરડો થાય નહિ. તેઓ પોતે ખૂબ સંભાળ લઇને રહેતા હતા, પણ લગભગ પંચાવન વર્ષની વયે લાકડી લઇને ચાલતા હતા અને છપ્પન વર્ષની ઉમ્મરે લાકડી મૂકીને આ દુનિયામાંથી ચાલ્યા પણ ગયા. આ વાત એટલી સાદી, જાણીતી અને સ્પષ્ટ છે કે એના ઉપર વિવેચનની પણ જરૂર ન હોય. મુદ્દો એ છે કે આ પ્રમાણે ઘડપણ વગર નોતર્યું–માગ્યું–બોલાવ્યું ચાલ્યું આવે ત્યારે આધાર કોનો? શું પ્રાણીના નશીબમાં રાબ પીવાની જ સરજી હશે અને ગાંઠીઆના ભૂકા કરીને ખાવાના ગોટા વાળવાનું એનું પ્રારબ્ધ જ હશે! 'મમ યષ્ટિકા' કહી ઠણુક ઠણુક કરતાં ટેકો આપીને ચાલતાં આંખના તેજ વગર બીજાથી દોરાતાં આ એક વખતના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇશકી યુવકોને જોતાં કેમ વિરાગ ન આવે? અને એમનો કોફ—ધમાલ—દમ અને વાતો વિચારતાં તેમની દયા કેમ ન આવે? તેઓ ‘દયા’ શબ્દ સામે જરૂર વાંધો લેશે, પણ તેઓ પ્રત્યેક પળે દયા માગી રહ્યા છે અને પોતાના ઘડપણને શ્રાપ આપી જુવાનીને યાદ કરતા રહ્યા છે, એ તેમનાં અંતરને પૂછવામાં આવે તો જવાબ આપે. તાત્પર્ય એ છે કે આવે વખતે આધાર કોનો? એ વખતે ક્યાં ટેકો મળે? કઇ બાબતમાં જીવને શાંતિ વળે?

કોઈ વૃદ્ધને પૂછશો તો જણાશે કે એ વ્યવહાર સર્વ કરતો હશે પણ એને કોઇ સ્થાને નિરાંત વળશે નહિ. એ આગેવાન હશે તો એનો દમ નીકળી જતો હશે, એ ઘરનો વડીલ હશે તો એક રાત એને નિરાતે ઉંઘવાની મળતી નહિ હોય. ઓછું ખાવું અને ઘણી ચિંતા કરવી એ ઘડપણની નિશાની છે, પણ જો એ ધર્મનું શરણ લે તો એને મજા આવે. આવડત અને પ્રાથમિક તૈયારી પ્રમાણે એ ધર્મસ્થાનકમાં જઈ વાચન, મનન, ચિંતવન, ઉપાસના કે ધ્યાન કરશે તો તેને ઘડપણમાં કાંઇક ટેકો મળશે. રાસ વાંચવા, ધર્મચર્ચા કરવી, સામાયિક, પૌષધ કરવા વિગેરે સાદી વાતો છે, પણ એમાં એને ‘શરણ’ જમાવેલી સ્થિરતા પ્રમાણે મળે છે અને ટેકો એ વખતે ધર્મનો જ મળે છે, એ બરાબર અવલોકન કરવાથી માલૂમ પડે તેમ છે.

૭. આપણે આ બાબત બીજી રીતે વિચારીએ. મરણ અને ઘડપણને અનેક આકારમાં આપણે તપાસી ગયા. જ્યારે પ્રાણીને ઉગ્ર—આકરો વ્યાધિ આવી પડે છે અને વધતો જાય છે ત્યારે એને શરણ કોનું? આપણે ન્યુમોનીઆના કેસ જોયા છે. શ્વાસ વધ્યે જાય અને બન્ને ફેફસા જવાબ ન આપતાં હોય, સને-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાતનો શોરબકોર ચાલતો હોય અને ઓશીકાં અને ઓછાડ ખેંચાતાં હોય ત્યારે ટેકો કોનો ? ભગંદરની અસાધારણ પીડા થઈ હોય કે હડકવા ઉછળ્યો હોય, કે પેટમાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો હોય કે છાતીનાં પાટીયાં ભીંસાઈ જતાં હોય અગર શરીર બળી જવાની પીડા સહેતું હોય તે વખતે ટેકો કોનો ?

જે વખતે ૧૦૫ ડીગ્રી તાવ આવ્યો હોય, જે વખતે આખું શરીર ગડગુમડથી તવાઇ ગયું હોય, જે વખતે મુખમાંથી લાળો પડતી હોય, જે વખતે માથાનો દુઃખાવો ઉપડ્યો હોય, જે વખતે કેન્સર જેવા વ્યાધિથી ગળું અટકી પડ્યું હોય તે વખતે આધાર માટે ચકળવકળ થતી આંખોને ટેકો કોનો ?

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એ દુઃખમાં કોઇ ભાગ પડાવતું નથી, કોઇ એનો અંશ પણ લઇ શકતું નથી, કોઇ એમાંથી દુઃખ ઓછું કરાવી શકતું નથી—આ સિદ્ધ વાત છે. આકાશમાં ચંદ્રગ્રહણ થાય છે ત્યારે પ્રાચીન માન્યતા પ્રમાણે રાહુ ચંદ્રને ગળવા લાગે છે. એ વખતે કોઈ તારા, ગૃહ કે નક્ષત્ર ચંદ્રની મદદે આવતાં નથી, માત્ર ચંદ્ર જ પોતાની પીડા સહન કરે છે. તમે શું એમ કહો કે એવા વ્યાધિ વખતે ડૅાકટરનું કે વૈદ્યનું શરણ ! આ વાતમાં ભૂલ થાય છે. ડૅાકટરો કહે છે કે તેઓ તો કુદરતને સહાય કરે છે, પણ કુદરત ઉલટી ચાલે ત્યાં તેઓના હાથ પણ હેઠા પડે છે. એ પીડામાં કોઇ ભાગ પડાવતું નથી અને કોઈ એવા આકરા કેસની જવાબદારી પણ લેતું નથી. ડૅાકટર મોટા ડૅાકટરને બોલાવવા સલાહ આપશે અને વૈદ્યો એકઠા થશે તો વિષમ જ્વરના શ્લોકો બોલી પાંડિત્ય બતાવશે; પણ એ વખતે શરણ કોનું ? એવા વ્યાધિગ્રસ્તનાં મનની સ્થિતિ જાણી હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો તે વખતે તે પોતાની અશરણ સ્થિતિ બરાબર અનુભવે છે અને નહિ તો સર્વ લોકો 'એક અરિહંતમાં ધ્યાન રાખજો' એમ કહે ત્યારે એ પોતાની અશરણ—ન ધણિયાતી સ્થિતિનો ખ્યાલ કરે છે. એ વખતે શરણ કોનું ? ધર્મ સિવાય કોઇ એની બાજુએ ઉભું રહેતું નથી. બીજા સર્વ હવાંતીઆં છે. નિમિત્ત-વાસી પ્રાણી છે તેથી એ પ્રયાસ કરે છે, દવાદારૂ કરે છે અથવા અન્ય કરે તેનો લાભ લે છે; પણ તે વખતે તે સર્વ નિરર્થક છે એમ તે બરોબર સમજે છે. અંતે વાત ચોક્કસ છે કે કરેલ કર્મ ભોગવવાં જ પડે છે, ગમે તેટલાં યુગ પસાર થઇ જાય પણ ભોગવવા જ પડે છે અને તે પણ કરનારે જ ભોગવવાં પડે છે. એમાં કોઇ ભાગ પડાવવા આવતો નથી. માત્ર તે વખતે શાંતિ આપનાર આધાર હોય તો તે ધર્મ જ છે અને તેનું શરણ લીધા સિવાય બીજો કોઇ માર્ગ નથી.

૮. આવી રીતે જરાવસ્થામાં કાંઇ ટેકો નથી, મરણ વખતે કોઈનો આધાર નથી અને ભયંકર વ્યાધિઓ પોતે જ સહેવા પડે છે ત્યારે કરવું શું ? આને માટે કવિશ્રીએ ત્રણ ઉપાય આ અષ્ટકને અંતે છેલ્લા પદ્યમાં બતાવ્યા છે.

(૧) પ્રથમ તો ચાર પ્રકારના અંગવાળા ધર્મનું શરણ લેવા ઉપદેશ આપ્યો છે. જે ધર્મનું શરણ લેવાની વાત કરી છે તે ધર્મ ચાર પ્રકારનો છે: દાન, શીલ, તપ અને ભાવ. એ ચાર અંગવાળા ધર્મનું શરણ કર.

અથવા ચાર પ્રકારનાં શરણો છે તેને અનુસર. તે ચાર આ પ્રમાણે છે:—



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

**अरिहंतशरणं, सिद्धशरणं, साहूशरणं, केवलिपन्नत्तो धम्मो शरणम्** એટલે તીર્થંકર મહારાજ, સિદ્ધ, સાધુ અને કેવળીકથિત ધર્મનું શરણુ કરવા ભલામણુ કરી.

પ્રાણી ગમે તે ધર્મને માનતો હોય તેને શરણુ અનુકૂળ ગોઠવી શકાય છે. ધર્મનું શરણુ અનિવાર્ય, તે જ એક રસ્તો છે, એ માર્ગમાં જ પ્રકાશ દેખાય છે, બાકી સર્વત્ર અંધકાર, ગુંચવણુ અને અથડાઅથડી છે.

(૨) મમતા—મારાતારાપણાની વાત જ છોડી દે. જગતને અંધ કરનાર મોહરાજાએ ઉત્પન્ન કરેલી મમતાબુદ્ધિ પ્રાણીને ખૂબ રખડાવે છે અને શરણુ લેવા દોડવું પણુ મમતાને લઇને જ પડે છે, બાકી એને મરણુ, જરા કે વ્યાધિ કોઇ ચીજ નથી. મમતા રાગમાંથી ઉત્પન્ન થાય છે અને પાછી એ રાગ બંધાવે છે. એ મમતા ઉડી ગઇ એટલે પછી શરણુનો સવાલ નહિ રહે. પ્રાણી મમતા રહિત થાય પછી તેનામાં કોઇ જુદી જ હિંમત આવે છે અને શરણુના પ્રસંગોની સાથે એ રમે છે, એ નિર્બળતાની સામે બાથ ભીડે છે અને પૂર્ણુ જુસ્સાથી આગળ વધતો જાય છે. એને મારૂં ધન, મારાં છોકરાં, મારાં અસીલ, મારાં ઘરાક એ દશા જ રહેતી નથી એટલે પછી એ તો નિષ્કંટક રાજ્યનો માલેક થઇ જાય છે અને એનો રસ્તો સીધો, સરળ અને સપાટ થઇ જાય છે.

(૩) તું આ શાંતસુધારસનું પાન કર. એ રસ એવો તો અભિનવ છે કે એની જોડી તને મળે તેમ નથી. બીજા રસો તો ચટકા જેવા છે, અનુભવ્યા અને ઉડી ગયા; પણુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રસ તો અખંડ નિરાબાધ શિવસુખનો મોટો ભંડાર છે. એની શાંતિ ભોગવો તેમ એ વધતી જાય, એનું પાન કરો તેમ મન પ્રફુલ્લ બનતું જાય, એનો સંબંધ કરો તેમ આનંદ ઊર્મિ ઉછળે. શૃંગાર, વીર કે હાસ્ય જેવા એના ચટકા નથી, એ તો એક વાર એનું પાન કર્યું એટલે પછી ગાયા જ કરો કે 'અબ હમ **અમર** ભયે ન મરેંગે' એમાં વીજળીના ઝબકારા અને પાછળ ઘોર અંધારી રાત નથી, ત્યાં તો મણિ–રત્નની ઝળહળતી જ્યોત છે. સદૈવ ચેતતી રહે તેવી એ જ્યોત છે અને એની પછવાડે આનંદ આનંદ અને આનંદ છે. એનું પાન કરતાં ધરાતા નથી, એને પીતાં પીતાં કંટાળો આવે તેમ નથી. એ અલૌકિક શાંતરસનું પાન તમે રચો અને કરો. તે મેળવવાના પ્રયાસમાં, પાન કરવામાં અને કર્યા પછીની સ્થિતિમાં સર્વત્ર નિરવધિ આનંદ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

× × ×

**શ્રી વિનયવિજય** ઉપાધ્યાયે આ અશરણભાવના ગાતાં ખૂબ લહેર કરી છે. તેમણે મરણને એવું ચીતર્યું છે કે પ્રાણી એનો વિચાર કરતાં ઉંડા વિચારમાં પડી જાય. એમણે મોટા ચક્રવર્તીને મરણ વખતે શું થતું હશે તેનાથી શરૂઆત કરી, મરણ પછી શું થાય છે તે બતાવી, છેવટે ગમે તે કરો પણ મરણ છોડતું નથી અને મરણ વખતે કોઇ ટેકો આપી શકતું નથી એ બતાવી, આત્મધર્મને ઓળખી, તેને અનુસરવા વિચારણા બતાવી. ત્યારપછી તેમણે ઘડપણ–જરાને આગળ કરી, પ્રાણીને તેની પાસે તદ્દન પરાધીન બતાવ્યો અને છેવટે આકરા વ્યાધિઓને આગળ કરી તે વખતે પ્રાણીની મનોદશાનો–

અનાથતાનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો. એના વિવેચનમાં પ્રાસંગિક વાત ઘણી કરી નાખી છે. આપણે પ્રથમ અશરણભાવનો વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચાર કરીએ.

આધાર અને આધેય તત્ત્વનો એવો નિયમ છે કે જેને આધારની જરૂર પડે તે ટેકો આપે તેવી વસ્તુનો ટેકો તુરત લઈ લે છે. બાળકોમાં આ તત્ત્વ સહજપણે પ્રતીત થાય છે. એને કપડાં પહેરવામાં, ફરવા જવામાં કે કોઈ પણ કામ કરવામાં આધાર વગર ચાલતું નથી. આવી રીતે સ્ત્રી-પુરૂષનો ઘણીવાર આધાર-આધેય સંબંધ બને છે.

પણ માણસ જ્યારે મુંઝાય છે ત્યારે તો એને ટેકાની બહુ જરૂર પડે છે. એ વખતે એને ટેકો મળે, કોઈ સાચો દિલાસો આપે, કોઈ એના દુઃખમાં ભાગ પડાવે તો તે તેનો સાચો મિત્ર કે સખા સમજવો. કહેવત છે કે Prosperity brings friends and Adversity tries them 'સંપત્તિ મિત્રોને લાવી આપે છે, આપત્તિ તેની કસોટી કરે છે.' આ દૃષ્ટિએ આપણે આપણા સંબંધો વિચારીએ તો ખરી અણીને વખતે તેઓ તદ્દન કસોટીમાંથી નિષ્ફળ નીવડે તેમ છે. આપણે એક બે દાખલા લઈએ. કહેવાય છે કે–નવ નંદરાજાએ સોનાની નવ ડુંગરીઓ બનાવી હતી પણ એ જ્યારે મરવા પડ્યા ત્યારે એ ડુંગરીઓ અહીં જ રહી ગઇ અને કોઈ પ્રકારના ઉપયોગમાં આવી નહિ. મોટા રાજાઓની સ્મશાનયાત્રા નીકળે છે ત્યારે એની આખી રિયાસત પ્રથમ ચાલે છે. એના હાથી, ઘોડેસ્વાર, ચોકીદાર, બંદુકવાળાઓ, આરબો, કોતલના ઘોડા, મ્યાના, પાલખી, ડંકા–નિશાન સર્વ દેખાય છે અને છેવટે એક પાલખીમાં એનું શબ દેખાય છે. એના ઉપર કીનખાબનાં કપડાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેરાવેલાં હોય છે અને હાથ ઉઘાડા હોય છે. આ શું બતાવે છે? આ સર્વ રચાસત હાજર હતી છતાં પણ રાજા–મહારાજાને કોઈ ટેકો આપતું નથી. એ સર્વ છતાં એ ગયા અને ક્યાં ગયા અને કોણ લઇ ગયું? તેની પણ ખબર નથી. એના ઉઘાડા હાથ બતાવે છે કે એ જન્મતી વખત બંધ હાથે આવ્યા હતા અને મરતી વખત ખાલી હાથે–ઉઘાડે હાથે ગયા, ચાલ્યા ગયા અથવા કોઇ તેમને ઘસડી ગયું.

કોઈ શેઠીઆના મરણ વખતે જોયું હોય તો બે લાંબા વાંસડા, વીશેક ખપાટીઆ અને ચાર અથવા એક નાળીએર અને ઉપર ઢાંકેલ એકાદ રેશમી વસ્ત્ર, પણ એની સર્વ ઋદ્ધિ સંપત્તિ અહીં રહી જાય છે અને એને ચિતામાં સુવાડે છે ત્યારે તો ઉપરનું ઢાંકણનું વસ્ત્ર પણ કાઢી લે છે. એનું શેર બજાર, એનું સટ્ટા બજાર, એના લાખોના સરવાળા, એના લાંબાં સરવૈયાં, એના નોકર–ચાકરો અને એની મોટરો, ટેલી-ફોનો અને સેક્રેટરીઓ સર્વ અહીં રહી જાય છે. એની બૈરી પણ અહીં જ રહે છે અને છોકરા છોકરી હિસાબો કરવા અને વીલની શોધમાં પડી જાય છે. આ સર્વ શું? કેવા તોફાન અને કેવા હાલહવાલ? કાંઈ ટેકો? કાંઇ આશરો?

કોઇ સાધારણ માણુસની વાત લઈએ તો ત્યાં પણ એ જ વાત દેખાશે. એને માટે કોઈ આડો હાથ દેતું નથી અને એને કોઇની પર ગણતરી બાંધવાનો હક્ક નથી એટલે આવ્યો તેમ ચાલ્યો જાય છે; પણ મોટા કે નાનાને સર્વને જવાનું તો ખરું જ! એ વાતમાં મીન–મેષ નથી, એમાં શંકા નથી, એમાં અપવાદ નથી.

www.jainsite.com                For Private & Personal Use Only                info@jainsite.com

એના સંબંધમાં એક બહુ સુંદર વિચાર સ્રગ્ધરા વૃત્તમાં જ્ઞાનાર્ણવકારે બતાવ્યો છે, તે ખાસ વિચારવા યોગ્ય છે.

**पाताले ब्रह्मलोके सुरपतिभवने सागरान्ते वनान्ते,**
**दिक्चक्रे शैलशृङ्गे दहनवनहिमध्वान्तवज्रासिदुर्गे ।**
**भूगर्भे सन्निविष्टं समदकरिघटासंकटे वा बलीयान्,**
**कालोऽयं क्रूरकर्मा कवलयति बलाज्जीवितं देहभाजाम् ॥**

“ પ્રાણી પાતાળમાં પેસે, બ્રહ્મલોકમાં જાય, ઇંદ્રના ભુવનમાં આશરો લે, દરિયાને પાર જઈને વસે, જંગલને બીજે છેડે વાસ કરે, દિશાઓના છેડા પર જઈ અટકે, મોટા પર્વતના શિખર પર ચાલ્યો જાય, અગ્નિમાં પેસે, વનમાં છુપાઈ જાય, હિમમાં ઢંકાઈ જાય, અંધકારમાં લપાઈ જાય, વજ્રના ઘરમાં પેસે, તલવારના પહેરામાં રહે, કિલ્લામાં ભરાઈ જાય, પૃથ્વીના ગર્ભમાં ( ખાડો ખોદીને ) ઉતરી જાય, બળવાન હાથીઓની ઘટાની વચ્ચે ઘેરાઈને બેસે પણ ક્રૂર કર્મ કરવાવાળો કાળ પ્રાણીનો કોળીઓ એક ઝપાટામાં અને પૂરા જોરથી કરી જાય છે. ”

આ ગણતરીમાં બાળ તેમ જ વૃદ્ધ, ધનવાન તેમ જ ગરીબ, બળવાન તેમ જ બીકણ, સમર્થ તેમ જ રાંક, વક્તા તેમ જ શ્રોતા, પાટ પર બેસનાર કે સામે બેસનાર, દાન આપનાર કે દાન લેનાર, કૃપણ કે ઉડાઉ–સર્વનો એક સરખી રીતે સમાવેશ થાય છે. કાળ તો સર્વને સરખા ગણે છે.

આ વસ્તુસ્થિતિ છે. અનેક આકારમાં બતાવાય તેમ છે, અનેક સંયોગોમાં જુદા જુદા નામો લઈ તેના પર વિવેચન થાય તેમ છે; પણ વાતનો સાર એ છે કે–‘ એક દિવસ એવો આવશે ’ જ્યારે આપણે જવાનું છે, મરવાનું છે, પ્રયાણ કરવાનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તમે મરવાની વાત સાંભળી ચોંકયા કેમ? તમને એ શબ્દ અપશુકનભરેલો લાગ્યો એટલે? અરે! પણ કાંઇ મરવાનું નામ લેવાથી મરી જવાતું નથી! જરા હિંમત પકડી આ ચોક્કસ આવનારા મરણનો વિચાર કરો. એમાં કાંઈ ગભરાઇ જવાનું નથી અને વિચાર કરવાની ના પાડવાથી પણ એ તમને છોડવાનું નથી.

મરવું એ કર્માધીન વાત છે. પ્રાણી આ સંસારમાં આવે છે ત્યારે તેનું આયુષ્ય નિર્માણ થયેલું હોય છે. આયુ પૂરૂં થાય તે વખતે તેનું કામ પૂરૂં થયું હોય કે ન થયું હોય પણ તેણે જવાનું જ છે. અને કર્મનો સિદ્ધાન્ત છે કે શુભ અશુભ કર્મો ભોગવ્યે જ છૂટકો છે, એટલે મરણની વાતથી ડરવામાં ડહાપણ નથી. મરવાને માટે ત્રણ વાત કરવા જેવી છે. મરણ ઇચ્છવું નહિ, મરણથી ડરવું નહિ અને મરણ માટે હમેશાં તૈયાર રહેવું. આ આખો અલગ વિષય છે. આપણે મરવા તૈયાર છીએ? છાતી પર હાથ મૂકી જવાબ આપવો. એ વાત બહુ જરૂરી હોવા છતાં અત્ર ખાસ મૂળ મુદ્દાની નથી, પણ વિચારવા જેવી તો જરૂર છે જ.

મુદ્દો એ છે કે આપણે મરવા તૈયાર હોઈએ કે ન હોઈએ, મરણથી ડરતા હોઇએ કે ન હોઇએ, પણ જ્યારે તે આવશે ત્યારે આપણે આધાર કોનો લેવો? ડૉકટરો તો હાથ ખંખેરે, છોકરાઓ કે સ્ત્રી રડવા બેસે, નોકર—ચાકરો દુ:ખી થાય અને મિત્રો—સ્નેહીઓ સહાનુભૂતિ બતાવે; પણ કોઇમાં મરણ વખતે શરણ આપવાની તાકાત છે? મોટા રાજા, મહારાજા કે ચક્રવર્તી ગયા તો પછી આપણો તો શો હિસાબ છે? '**જાય છે જગત ચાલ્યું રે એ જીવ! જોને!**' એમાં જ્યાં '**છત્રે જેની છાયા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**થતી, રૂડી જેની હતી રતિ; ક્યાં ગયા કરોડોપતિ રે, એ જીવ જોને !'** વાત કહે છે ત્યાં હદ કરી નાખે છે; પણ એ સર્વ વાતની વચ્ચે એ વખતે આધાર કોનો ? ટેકો કોનો ? આપણે રાવ ખાવા, ફરિયાદ નોંધાવવા, આશ્રય મેળવવા કોની પાસે જવું ? ઘરના રડતાં હોય અને શરીરની નાડીઓ તૂટતી હોય ત્યાં ધન્વંતરીનાં માથાં પણ અક્કલશૂન્ય થઇ જાય છે અને મોટી ફીવાળા ડૉક્ટરો દિલગીરી દર્શાવી, ટોપી માથે મૂકી, ફી ખીસામાં મૂકી રસ્તે પડે છે. ત્યારે તે વખતે આશરો કોનો ?

એકલા મરણની વાત શા માટે કરવી પડે છે ? આ જીવનમાં અનેક પ્રસંગો આશ્રય મેળવવાના આવે છે. જેમણે ગરીબાઇમાં જીવન ગાળ્યું હોય તે ઓશીયાળાપણામાં રહેલ તુચ્છતાથી અને ધનવાનોના તિરસ્કારથી અજાણ્યા ન જ હોય. અંતે આશા કરીને આવેલ યાચક માથા પર કે કપાળે હાથ મૂકીને જાય છે. તે વગર સમજાવ્યો સમજે છે કે અંતે પોતાના કિસ્મત પર આધાર છે. અહીં શરણ કોનું હોઇ શકે તેનો સહજ ખ્યાલ આવે છે. બીજા સર્વ નકામા પ્રયાસ છે એ વાતની કાંઇક ઝાંખી થાય છે.

જ્યાં ઘરનાં ઘર (માનેલાં) છોડીને સદાને માટે જવાનું હોય, જ્યાં ખુદ પાળેલ–પોષેલ શરીર પણ મૂકી જવાનું હોય ત્યાં આધાર કોનો ? એ વખતે મોટરો કામ આવતી નથી, અલુનો ઉપયોગમાં આવતા નથી, ધમાલ સાથ આપતી નથી, બડાઇઓ રસ્તો દાખવતી નથી, ગોટાળા આડા આવતા નથી, ખટપટો હાથ દેતી નથી, પ્રેમ માર્ગ આપતા નથી, એ વખતે શરણ માત્ર સાચો ધર્મ જ આપે છે, આત્મવૃત્તિએ કરેલ ધર્મ એના ગમે તે આકારમાં હોય પણ તેનો આધાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળે છે; બાકી આ દુનિયાની કોઇ પણ ચીજ, કોઇ પણ પ્રાણી કે કોઇ પણ સંબંધી એ વખતે ઉપયોગમાં આવતા નથી, યમને અટકાવતા નથી, દિલાસારૂપ થતા નથી. બાકી મંત્રવિદ્યા કે જાપની વાત શી કરવી? ખૂદ મહાવીર પરમાત્માને ઇંદ્રે આયુષ્ય થોડું વધારવા વિજ્ઞપ્તિ કરી અને તેમાં તેનો આશય શાસનના હિતનો હતો, પણ ભગવાને તેને એક જ ઉત્તર આપ્યો કે 'એ કાર્ય કરવાને દેવેંદ્ર, ચક્રવર્ત્તી કે તીર્થંકર સમર્થ નથી.' છતાં કાંઇ ભગવાન મરણથી ડર્યા નહિ. એમને તો અનંત સુખમાં જવાનું હતું એટલે એમને 'શરણનો' સવાલ જ નહોતો, પણ એમાં અશરણપણાનો જે મુદ્દો છે તે ખાસ વિચારવા યોગ્ય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ન્યાયાધીશ કોઇને ફાંસીની સજા ફરમાવે ત્યારે ગુન્હેગારના મનની શી દશા થતી હશે? એ કંઈક ફાંફાં મારશે, વિલાયત અપીલ કરવા દોડશે, પણ એમાં કાંઇ વળે છે? પ્રાણી પણ આવા બાચકા તો અનેક ભરે છે, પણ એમાં સાર શો?

એકઠા થયેલા સગાસંબંધીઓ નવકાર આપે, શરણાં આપે, દિલાસા આપે—પણ આ જીવની દશા શી વર્તતી હોય? દિલાસો આપવો સહેલો છે તેટલો લેવો સહેલો નથી, પણ એમાં શરણ જેવું તો કાંઇ છે જ નહિ. તે વખતે જીવન શાંત, પ્રમાણિક, નિર્દંભ, સ્વચ્છ ગાળ્યું હોય, સત્યને અહિંસાથી અપનાવ્યું હોય, મનોવિકારો પર કાબૂ મેળવ્યો હોય, વાસ્તવિક અસ્થિરતા સમજાણી હોય, આંતરવૃત્તિથી ધર્મમાર્ગની આરાધના કરી હોય અને ટૂંકામાં ઉચ્ચ જીવનની અવસ્થા અનુભવી હોય તો એ વાત ટેકો આપે છે. કરેલો અને કરવા ધારેલો સાચો **ધર્મ** તે વખતે ટેકો આપે છે, બાકી બીજી કોઇ વાતમાં સાર નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી જ રીતે ચાલી આવતી જરાને કોણ અટકાવી શકે? કલપ લગાડવાથી કાંઇ ઘડપણ અટકે? અને અંતે કપાળે કરચલી અને ગાલમાં ખાડા તો પડ્યા વગર ન જ રહે. એવી રીતે ભયંકર વ્યાધિની વાત જાણીતી છે. એ અને એવા અનેક જીવનપ્રસંગોમાં કોઈ ટેકો આપી શકે તેમ છે જ નહિ. કરેલો ધર્મ આડો આવે, બજાવેલી ફરજો માર્ગ સુઝાડે અને કર્તવ્યભાવના રસ્તા ઉપર રાખે. કહી કહી કરેલો ધર્મ એ જ આવી આપત્તિ વખતે શરણ આપે છે.

**ધર્મ** શબ્દ સંકુચિત અર્થમાં અથવા માત્ર ક્રિયાકાંડના અર્થમાં સમજવાનો નથી. સાચો ધર્મ ઓળખવો જોઇએ, શોધવો જોઇએ અને બહાર આણવો જોઇએ. આત્મધર્મ થવાને સર્વ ધર્મો સરજાયલા નથી હોતાં, પણ જ્યાં આત્મા એના સાચા આકારમાં સાંપડે અને એની પ્રગતિ જરૂર દેખાય ત્યાં તેટલે અંશે ધર્મ છે અને એવો આત્મધર્મ અણીને વખતે શરણ આપે છે. બાકી તો પંખીનો મેળો છે, સવાર થતાં સૌ પોતપોતાને માર્ગે જવાના છે અને સાથે હોય ત્યાં સુધી અમુક પણ અમુક દૃષ્ટિએ પોતાના દૃષ્ટિબિંદુથી કામ કરનારા છે. એ ખરે વખતે ઉભા રહેનારા હોય, તારા ખાટલામાં સુઇ તારી આપત્તિમાં ભાગ પડાવનારા હોય તો તો તું તેમની ખાતર તારો આત્મા હારી જજે, પણ નહિ તો તને જ્યાં શરણ મળે તેમ હોય તેવા તારા પોતાના આત્મધર્મમાં સ્થિર થઇ જજે.

ધન અરૂ ધામ સહુ પડ્યો હિ રહેગો નર,
    ધાર કે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો;
દાન અરૂ પુન્ય નિજ કરથી ન કર્યો કછુ,
    હોય કે જમાઇ કોઇ દુસરો હિ ખાવેગો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૂડ અરૂ કપટ કરી પાપબંધ કીનો તાતે,
ઘોર નરકાદિ દુઃખ તેરો પ્રાણી પાવેગો;
પુન્ય વિના દુસરો ન હોયગો સખાઇ તબ,
હાથ મલમલ માખી જિમ પસતાવેગો.

ચિદાનંદજીએ એક બે સવૈયા ખૂબ સુંદર આ મુદ્દા પર ગાયા છે, તે વિચાર.

અહીં 'જમાઈ' વિશાળ અર્થમાં સમજવો. માખીઓ મધમાખી સમજવી.

માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લુંટનારે લુંટી લીધું રે! ઓ! જીવ જોને.

ત્યાં જે ભાવ છે તે ભાવ અહીં સમજવાનો છે. આ તો મરણ વખતની વાત કરી, પણ અશરણભાવ બતાવતાં તો હદ કરી છે. વિચારો:—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આયકે અચાનક કૃતાંત જ્યું ગહેગો તોહે,
તિહાં તો સખાઈ કોઈ દુસરો ન હોવેગો;
ધરમ વિના તો ઓર સકળ કુટુંબ મિલી,
જાનકે પરેતાં કોઇ સુપને ન જોવેગો.
લટકસલામકે સખાઈ વિના અંત સમે,
નેણમાંહી નીર ભરભર અતિ રોવેગો;
જાનકે જગત એસો જ્ઞાની ન મગન હોત,
અંબ ખાવા ચાહે તે તો બાઉલ ન બોવેગો.

અહીં 'પરેતાં' એટલે મરણ પામેલો જાણીને એમ સમજવું. લટકસલામમિત્ર ધર્મ છે કારણ કે એને તો કોઇ કોઇ વાર જીવનમાં આ જીવ મળ્યો હશે. નિત્યમિત્ર તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેહ--શરીરને અને પર્વમિત્રમાં સગાવહાલાઓને તેં ગણ્યા છે. જો જુહારમિત્ર નહિ હોય તો આંખમાંથી બોર બોર જેવડાં આંસુ તે વખતે પડશે. જ્ઞાની આવા જગતમાં મગ્ન ન થાય. આંબો ( કેરી ) ખાવાની ઇચ્છાવાળો કદી બાવળ વાવે નહિ.

આમાં આખા મુદ્દાનો સમાવેશ થઈ જાય છે.

આ આખી ભાવના રડતાં રડતાં ભાવવાની નથી. 'મારૂં શું થશે ? મારો કોણ ?' એમ મુંઝાવાનું કારણ નથી. જેને મારાં માન્યા છે તેને ઓળખ, તારાં સાચાંને શોધી કાઢ અને જેનાથી તને આધાર મળે તેને પકડી લે. બાકી તું જેને તારાં માની બેઠો છે તેમાં તારો દહાડો વળે કે તે તને અડીભડીને વખતે ટેકો આપે એવા ખોટા ખ્યાલમાં તુ રહીશ નહિ. વાસ્તવિક રીતે વિચારીએ તો આત્માને કોઇના શરણની જરૂર નથી. એ એનો પોતાનો સ્વાધીન સ્વામી છે, પણ વ્યવહારથી આ પ્રાણીને એવી ટેવ પડી ગઈ છે કે ટેકા માટે આધાર રાખ્યા જ કરે. એને નોકરી કરવી હોય, વ્યાપાર કરવો હોય કે કાંઇ કામ કરવુ હોય તો તે ટેકા કેટલાના અને કોના મળશે એની ગણતરી કરશે. આત્માને ઓળખાય, એની શક્તિનું ભાન થાય, એ શક્તિ દબા-યલી હોવા છતાં પોતાની જ છે એ વાત એને ગોચર થાય એટલે એનો પરાશ્રય ભાવ જતો રહે છે અને જેવો તે પોતાની જાત પર ટેકો રાખતા શિખી ગયો અથવા તે માર્ગે ચઢી ગયો એટલે એની સર્વ ગુંચવણ નીકળી જાય છે. એ એકલો છતાં સિંહ છે, એ એકલો છતાં મરદ છે, એ એકલો છતાં ધણીધોરી છે એ વાત આપણે ચોથી ભાવનામાં ખૂબ વિસ્તારથી જોશું; પણ એણે પરાવલંબનવૃત્તિ ગ્રહણ કરી છે તે તદ્દન ખોટી છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણામ વગરની છે, સમજ્યા વગરની છે. એને કોઈ વસ્તુ કે પ્રાણી શરણ આપી શકે તેવી સ્થિતિમાં છે જ નહિ, એ વાત સ્પષ્ટ કરવાનો અને તે દ્વારા તેની આત્મપ્રભુતાનો સાક્ષાત્કાર કરાવવાનો અને એ વાત વારંવાર યાદ કરી ભાવનારૂપે વારંવાર વિચારમાં લાવવાનો અત્ર ઉદ્દેશ છે. પોતે કોણ છે એ સમજવું અને જરા પણ મુંઝાવું નહિ, કોઇ બનાવથી કે કોઈ ભવિષ્યમાં બનવાના બનાવની કલ્પનાથી દોરવાઇ જવું નહિ. તારૂં તારી પાસે છે, પરની આશા સદા નિરાશા છે, એને કાઢી નાખવાનો અભ્યાસ કરવાની જરૂર છે અને તેમ કરી 'આપ સ્વભાવમાં' 'સદા મગ્ન'માં રહેવાનો ઉપદેશ છે. ખરૂં તો પોતાની જાતને, પોતાના તેજને, પોતાના સામર્થ્યને અને પોતાના હક્કને સમજવા—ઓળખવા જેવું છે, એ થશે એટલે આ આશાના પાસો તૂટી જશે અને પોતાના નિરૂપદ્રવ સ્થાને પહોંચી જવાશે. પણ અહીં રહેવાનું થાય ત્યાં સુધી પણ પરાશ્રય તજવો, સ્વાશ્રય કરવો અને સ્વને બરાબર ઓળખવો. મરણથી, જરાથી કે બીજા કોઇ બનાવથી ડરવાનું નથી. એનું નિવારણ કરવું તે તો હાથની બાજી છે. પ્રાણી અજર અમર થઈ શકે છે અને થવાના રસ્તા આવડે તો સહેલાઇ છે અને માર્ગ સરળ છે. તેને શોધો અને સ્વની શક્તિ પીછાનો, એને પ્રકટ કરો અને એના ઉપર આધાર રાખો.

આ વિષય પૂરો કરતાં પુનરાવર્તનના ભોગે પણ છેવટે યાદ આપવાનું છે કે આ ભાવના ભાવતાં ગભરાઇ જવાનું નથી, બિચારા બાપડા થઈ જવાનું નથી, કોઇનો આધાર નથી એવી ચિંતાથી દુભાવાનું નથી. જેનું શરણ છે તે તારી પાસે જ છે, તું પોતે જ છે અને તેને પ્રકટ કરી બતાવનાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ત્રણ લોકને તથા ત્રણ કાળને પ્રત્યક્ષ કરનાર મહા દિવ્ય પ્રકાશ તારામાં જ છે. તારૂં વર્તન અને જીવન સચ્ચારિત્રશીલ થાય એટલે આ તારી અશરણ દશાનો છેડો આવી જશે. અમર થવાની ભાવનાવાળાને જે રમકડાં જોઈએ તે શોધી તેની સાથે રમજે, અપૂર્વ શાંતરસના વરસાદની ઝડીમાં ન્હાજે અને અવર્ણ્ય સ્વાદવાળા શાંતસુધારસનું પાન કરજે. તને શરણ જડી આવશે અને પામરતા દૂર ચાલી જશે. અનંત ઋદ્ધિના ધણીને પામરતા હોય? અને તું! તું કોણ? તારે તે એવા યમરાજ જેવાથી, જરાથી, વ્યાધિથી કે બીજા કોઈ નાના મોટા વિકારોથી ડરવાનું હોય? પણ જો તું સંસાર વ્યવહારમાં પડી રહેવા માગતો હો તો સમજજે કે એમાંનું કોઈ પણ તને ટેકો આપનાર નથી અને અવસર આવશે એટલે તને તાણી ખેંચીને ફેંકી દેશે અથવા ઉપાડી જશે. યમ જેવો કોઈ દેવ નથી, માત્ર આયુષ કર્મનું એ રૂપક છે એ વાત ધ્યાનમાં રાખવી અને આત્મભાવ અસલ સ્વરૂપે વિચારવો. એ માર્ગે ખૂબ આનંદ છે, અનંત સુખસન્મુખતા છે અને સીધે રસ્તે પ્રયાણ છે.

## इति अशरणभावना २



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઉ. સકળચંદજી કૃત બીજી અશરણભાવના

( સાંભળજો મુનિ સંયમરાગી—એ દેશી : રાગ કાલહરો. )

કો નવિ શરણું કો નવિ શરણું, મરતાં કુણને પ્રાણી રે;
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુ રાણી રે. કો નવિ૦ ૧

માતપિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે;
મરણથકી સુરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઇંદ્રાણી રે. કો નવિ૦ ૨

હય ગય પય રથ કોડે વિંટ્યા, રહે નિત રાણા રાય રે;
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે. કો નવિ૦ ૩

મરણભીતિથી કદાપિ જીવો, જો પેસે પાયાલે[1] રે;
ગિરિદરી[2] વન અંબુધિમાં[3] જાવે, તો પી હરીએ કાળે રે. કો નવિ૦ ૪

અષ્ટાપદ જેણે બળે ઉપાડ્યો, સો દશમુખ[4] સંહરિયો રે;
કો જગ ધર્મ વિના નવિ તરિયો, પાપી કો નવિ તરિયો રે. કો નવિ૦ ૫

અશરણ અનાથ જીવહ[5] જીવન, શાંતિનાથ જગ જાણો રે;
પારેવો જેણે શરણે રાખ્યો, મુનિ તસ ચરિત વખાણો રે. કો નવિ૦ ૬

મેઘકુમાર જીવ ગજરાજે, સસલો શરણે રાખ્યો રે;
વીર પાસે જેણે ભવ–ભય કચરો, તપસંયમ શું નાખ્યો રે. કો નવિ૦ ૭

મત્સ્ય પરે રોગે તડફડતા, કોણે નવિ સુખ કરિયો રે;
અશરણ અનાથ ભાવના ભરિયો, અનાથી મુનિ નિસરિયો રે. કો નવિ૦ ૮

૧ પાતાળમાં. ૨ પર્વતની ગુફામાં. ૩ સમુદ્રમાં. ૪ રાવણ. ૫ જીવનું.

જૈન સાઈટ JAINSITE.com

# પ્રકરણ ૩ જું

## પરિચયઃ :: સંસાર ભાવના.

शिखरिणीवृत्त

इतो लोभः क्षोभं जनयति दुरन्तो दव इवो–
ल्लसंल्लाभाम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाक्षाणां तुदति मृगतृष्णेव विफला,
कथं स्वस्थैः स्थेयं विविधभयभीमे भववने ॥ क १ ॥

गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका,
मनोवाक्कायेहाविकृतिरतिरोषात्तरजसः ।
विपद्गर्तावर्ते झटिति पतयालोः प्रतिपदं,
न जन्तोः संसारे भवति कथमप्यर्तिविरतिः ॥ ख २ ॥

---

क १ **इतः** એક બાજુએ, આ બાજુએ. **दुरन्त** જેનો અંત–છેડો ન પ્રાપ્ત થાય, દુઃખે પ્રાપ્ત થાય તેવો. **उल्लसत्** વધતો જતો. **विफला** નિષ્ફળ. **स्वस्थैः स्थेयं** આ ખાસ યોગ પ્રયોગ છે. નિરાંત રાખીને કઈ રીતે રહી શકાય. સ્વસ્થપણે કેમ રહેવાય?

ख २ **गलति** ગળી જાય છે, છેડો આવે છે. **ईहा** ઇચ્છા, અભિલાષા, મનોરથ. **विकृति** વિકારો–ફેરફાર. **रति** ( પાંચ ઇંદ્રિયોના ) વિષયોમાં આનંદ. **रोष** દ્વેષ. **आप्त** પ્રાપ્ત કરેલ. Earned **रजस्** ધૂળ, કર્મરૂપ કચરો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ મોટો ભયંકર દાવાનળ સળગ્યો હોય તેવો, હદ વગરનો લોભ એક બાજુએ સંતાપ કરી રહ્યો છે અને એના ઉપર વધતા જતા લાભ ( નફા ) રૂપ ગમે તેટલું પાણી પડે પણ તેનાથી તે કોઇ પણ રીતે ઠારી શકાય—બૂઝવી શકાય તેમ નથી. બીજી બાજુએ ઇંદ્રિયોની તૃષ્ણા નિષ્ફળ ઝાંઝવાના પાણીની પેઠે હેરાન—હેરાન કર્યા જ કરે છે. આવા અનેક પ્રકારના ત્રાસથી ભયંકર બનેલા સંસારરૂપ વનમાં આકુળવ્યાકુળ થયા વગર કઇ રીતે રહેવું ? ( એમાં ઠરીને ઠામ કઇ રીતે પડી શકાય ? )

૨ આ પ્રાણીને મન, વચન અને શરીરનાં નવા નવા અભિલાષો થાય છે. એને વિકારો થાય છે, એને વિષયનો પ્રેમ થાય છે અને એને દ્વેષ થાય છે. તેનાથી એ કર્મરજને ખૂબ એકઠી કરે છે અને એ પ્રાણી આપત્તિના ઉંડા ખાડામાં પ્રત્યેક ક્ષણે ખૂબ જોરથી પડવાના સ્વભાવવાળો થયો છે. આવા પ્રાણીને એક ચિંતા જરા ઓછી થાય છે ત્યાં એ પૂરી થયેલી ચિંતા કરતાં વળી વધારે મોટી ચિંતા ઉત્પન્ન થઇ જાય છે. એ પ્રાણીની આપત્તિનો છેડો આ સંસારમાં કોઇ પણ પ્રકારે આવતો નથી.

---

**आवर्त** ચક્ર. દરિયામાં થાય છે તેવા. Whirlpool **पतयालोः** પડવાની ટેવ પડી છે જેને તેવાનો ( છઠ્ઠી વિભક્તિ છે. **पत्** ધાતુ ઉપરથી થયેલ છે. ) **प्रतिपदं** દરેક પગલે, ડગલે ને પગલે. **अर्तिविरति** અર્તિ એટલે સંતાપ તેનો છેડો. વિરતિ એટલે અટકાયત, વિરામ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सहित्वा सन्तापानशुचिजननीकुक्षिकुहरे,
ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः ।
सुखाभासैर्यावत्स्पृशति कथमप्यर्तिविरतिं,
जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी ॥ ग ३ ॥

उपजाति

विभ्रान्तचित्तो बत बम्भ्रमीति,
पक्षीव रुद्धस्तपञ्जरेऽङ्गी ।
नुन्नो नियत्याऽतनुकर्मतन्तु–
सन्दानितः सन्निहितान्तकौतुः ॥ घ ४ ॥

अनुष्टुप्

जैन साईट JAINSITE .com

अनन्तान्पुद्गलावर्तानन्तानन्तरूपभृत् ।
अनन्तशो भ्रमत्येव जीवोऽनादिभवार्णवे ॥ ङ ५ ॥

જૈનમ્ જયતિ શાસનમ્

---

**ग** ૩ **अशुचि** અપવિત્ર. મળ, માંસ, મુત્ર. **कुक्षि** પેટ. પડખાં. **कुहर** ગુફા. નાનું જેલખાનું. **प्रचुरतर** ખૂબ. **क्रम** હાર. Series. **हतः** તેનાથી હણાયલો. Smitten. **सुखाभास** સુખનો દેખાવ, મનમાં માની લીધેલાં સુખ, દુન્યવી સુખો આભાસ માત્ર જ છે. વિવેચન વિચારો. **अर्तिविरति** ઉપરનો શ્લોક બીજો, પાદ ચોથું જુઓ. **सहचरी** દોસ્ત, મિત્ર. (બ્હેનપણી શબ્દ ન ઘટે, કારણ કે મૃત્યુ નર છે). સ્ત્રીમિત્ર.

**घ** ૪ **विभ्रान्त** મુંઝાઇ ગયેલો, ગુંચવાઇ ગયેલો. **बंभ्रमीति** રખડે છે. **अङ्गी** શરીરધારી. પ્રાણી. **नुन्नः** પ્રેરિત. **अतनु** નાનાં નહિં. ભારે-મોટાં—આકરાં. **सन्दानित** બંધાયલો. **सन्निहित** બાજુમાં પડ્યા છે. **अन्तक** યમદેવ, મરણ. **ओतुः** બિલાડી, માર્જાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ અશુચિ—અપવિત્ર પદાર્થોથી ભરેલાં માતાનાં પેટરૂપ ગુફામાં અનેક પ્રકારના સંતાપો (પ્રાણી) સહન કરે છે, ત્યારપછી જન્મ પામે છે, ત્યારપછી મોટા મોટા અનેક ભારે કષ્ટોથી અનુક્રમે હેરાન—હેરાન થઈ જાય છે અને જ્યાં ઉપર ઉપરનાં દેખાતાં સુખમાં એ આપત્તિનો છેડો જેમ તેમ કરીને તે મેળવે છે ત્યાં તો મરણ (યમદેવ) ની સહચરી (દોસ્ત—મિત્ર) જરા (ઘડપણ) તેના શરીરનો કોળીઓ કરવા માંડે છે.

૪ આ પ્રાણીને નિયતિ( ભવિતવ્યતા ) ખેંચ્યા કરે છે, મહાભારે—આકરા કર્મના તાંતણાથી એ જકડાઇ ગયેલો છે અને એની બાજુમાં યમરાજરૂપ બિલાડો ગમે ત્યારે હાજરાહજુર થઇ શકે તેમ છે—આવો પ્રાણી પાંજરામાં પડેલા પક્ષીની પેઠે શરીર—પીંજરમાં જકડાઈ જઈ, હાંફળો—ફાંફળો થઇને રવડ્યા કરે છે.

૫ આ જીવ અનંત અનંત રૂપો ધારણ કરીને અનંત પુદ્ગળાવર્ત (કાળ) સુધી આ મહામોટા અનાદિ ભવ-સમુદ્રમાં અનંત વખત ભ્રમણ કર્યા જ કરે છે.

---

શ્લો૰ ૫ **અનન્ત** બહુ મોટી સંખ્યા. વિગત માટે જુઓ કર્મગ્રંથ ૪ થો. **પુદ્ગલાવર્ત** અનંત વર્ષે એ થાય છે. વિસ્તારથી સ્વરૂપ ઉપમિતિ ભ. પ્ર. પ્રથમ પ્રસ્તાવના પરિશિષ્ટ નં. ક્ષ. પા. ૨૪૭ માં છે. ટૂંકામાં વિવેચન જુઓ. **અનન્તાનન્ત** અનંતને અનંતે ગુણતાં અનન્તાનંત થાય છે. **एव** એના ઉપર ખાસ ભાર છે. આ વાત ચોક્કસ છે. એમાં અપવાદ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## गेयाष्टक*

### संसारभावना

कलय संसारमतिदारुणं,
जन्ममरणादिभयभीत रे ।
मोहरिपुणेह सगलग्रहं,
प्रतिपदं विपदमुपनीत रे ॥ कलय० ॥ १ ॥

स्वजनतनयादिपरिचयगुणै-
रिह मुधा बध्यसे मूढ रे ।
प्रतिपदं नवनवैरनुभवैः,
परिभवैरसकृदुपगूढ रे ॥ कलय० ॥ २ ॥

घटयसि क्वचन मदमुन्नतेः,
क्वचिदहो हीनतादीन रे ।
प्रतिभवं रूपमपरापरं,
वहसि बत कर्मणाधीन रे ॥ कलय० ॥ ३ ॥

जातु शैशवदशापरवशो,
जातु तारुण्यमदमत्त रे ।
जातु दुर्जयजराजर्जरो,
जातु पितृपतिकरायत्त रे ॥ कलय० ॥ ४ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ જન્મ–મરણ વિગેરે ભયોથી બ્હી ગયેલા પ્રાણી ! તું સંસારને મહાભયંકર સમજ. મોહરૂપ તારા ભયંકર શત્રુએ તને બરાબર ગળેથી પકડી લઇને ડગલે અને પગલે આપત્તિમાં ધકેલી દીધો છે.

૨ હે મૂઢ ! સગાસંબંધી અને છોકરા–છોકરીના સંબંધોરૂપ દોરાઓવડે તું તદ્દન નકામો અહીં બંધાયા કરે છે. તું ડગલે ને પગલે નવા નવા અનુભવોથી અને અનેક અપમાનોથી ઘેરાયેલો જ રહે છે. ( એવા હે ચેતન ! તું જરા જો. વિચાર કર. )

૩ તું કોઇ વખત ઉન્નતિ ( ચડતી ) ના અભિમાનની ઘટના કરી બેસે છે, કોઇ વખત અધમતા ( ની પ્રાપ્તિના પરિણામ ) થી તદ્દન રાંક બની જાય છે અને કર્મને આધીન થઈને દરેક ભવમાં નવાં નવાં ( જુદાં જુદાં ) રૂપ ધારણ કરે છે.

૪ ( આ ભવમાં પણ ) બાળકની દશામાં હો ત્યારે તદ્દન પરવશ બનેલો હોય છે; જ્યારે જુવાનીના જોરમાં હો ત્યારે અભિમાનથી ઉન્મત્ત–મદોન્મત્ત બની જાય છે; જ્યારે ઘડપણ આવે છે ત્યારે દુઃખે કરીને જીતી શકાય તેવી જરાથી જર્જરિત થઈ જાય છે અને આખરે યમદેવના હાથમાં પડી તેને આધીન થઈ જાય છે.

---

* આ અષ્ટક ગાવામાં આનંદઘનજીના સોળમા સ્તવનનો લય ' શાંતિજિન એક મુજ વિનતિ ' ચાલશે. એ લયમાં અંતરાત્મા નિરવધિ આનંદ અનુભવશે. અન્ય લય મુમુક્ષુ–જિજ્ઞાસુએ શોધી લેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

व्रजति तनयोऽपि ननु जनकतां,
तनयतां व्रजति पुनरेष रे ।
भावयन्विकृतिमिति भवगते-
स्त्यजतमां नृभवशुभशेष रे ॥ कलय० ॥ ५ ॥

यत्र दुःखार्तिगददवल-
वैरनुदिनं दह्यसे जीव रे ।
हन्त तत्रैव रज्यसि चिरं,
मोहमदिरामदक्षीब रे ॥ कलय० ॥ ६ ॥

दर्शयन् किमपि सुखवैभवं,
संहरंस्तदथ सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनं,
कालबटुकोऽयमत्रैव रे ॥ कलय० ॥ ७ ॥

सकलसंसारभयभेदकं,
जिनवचो मनसि निवधान रे ।
विनय परिणमय निःश्रेयसं,
विहितशमरससुधापान रे ॥ कलय० ॥ ८ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ ભાઇ! જો! દીકરો છે તે પિતાપણું પામે છે અને વળી પાછો એ જ પુત્રપણું પણ પામે છે. સંસારની આવી (વિચિત્ર) પરિસ્થિતિ વિચારીને એને જરૂર છોડી દે. હજુ (તારો) મનુષ્ય ભવનો શુભ વિભાગ બાકી છે! (એનો લાભ લઇ લે).

૬ તેં ખરેખર મોહરૂપ મદિરા પીધી છે અને તેના કેફમાં તારી બુદ્ધિ નાશ પામી ગઇ છે. તું જો. જે જગ્યાએ તું દુ:ખ, ઉચાટ અને વ્યાધિના ભડકાની જ્વાળામાંથી હરરોજ બળ્યા કરે છે ત્યાં જ પાછો તું લાંબા વખત સુધી રંજન પામી જાય છે. (આ દારૂડીઆનું જ લક્ષણ છે.)

૭ કાળરૂપ બટુક (ચોર–ધાડપાડુ) અહીંઆ જ થોડા ઘણાં સુખનો વૈભવ બતાવીને પાછું એકાએક સર્વ પાછું લઇ લે છે અને એવી રીતે એ પ્રાણીને બચ્ચાંની માફક લલચાવે છે–છેતરે છે.

૮ સંસારના સર્વ ભયોને કાપી નાખનાર તીર્થંકર મહારાજનું વચન તું ધારણ કર, વિચાર અને હે વિનય! શાંતરસનું અમૃત-પાન કરીને મોક્ષમય થઇ જા–એની સાથે એકતા કરી દે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટ—

૧ **कलय** જો–અવલોક. **रे** ઘણુંખરૂં અધમને સંબોધવા આ અક્ષરનો પ્રયોગ થાય છે. 'ભયભીત' સંબોધન છે. 'ઉપનીત' પણ સંબોધન છે. **सगलग्रहं** ગળાને પકડીને. ડોકીએથી પકડીને ( adv ).

૨ **परिचयगुणैः** સંબંધરૂપ દોરડાઓવડે. **मुधा** વ્યર્થ, નકામો. **परिभवैः** અપમાનોવડે.

આ ગાથામાં **मूढ** અને **उपगूढ** બંને સંબોધન છે. અર્થ કરવામાં વાક્યરચના મેળવવા થોડી છૂટ લીધી છે.

૩ **घटयसि** તું યોજે છે. ઘડે છે, **दीन** ગરીબ, બિચારો, બાપડો.

૪ **जातु** કોઈ વખત. **शैशव** સ્તનપાન કરે તે વખતનો બાલ્યકાળ. **करायत्त** હાથમાં પડેલો. હસ્તને પામેલો ( તું ).

૫ **एष** તે જ ( પિતા થયેલ પોતે ) **भावयन्** ભાવતાં–વિચારતાં. **विकृति** વિકારો. ગોટાળાઓ. **त्यजतमां** જરૂર છોડી દે. **नृभव-शुभशेष**–મનુષ્યભવનો શુભ અવશેષ. બાકીનો ભાગ ( હજુ છે. **अस्ति** અધ્યાહાર. દરમ્યાન ).

૬ **अर्ति** સંતાપ, પીડા, ઉચાટ. **दवलव** દાવાનળના તણખા. **क्षीब** નષ્ટ બુદ્ધિ. એ સંબોધન છે, પણ પ્રથમાના અર્થમાં વપરાયેલ છે.

૭ **सुखवैभव** સુખનો વૈભવ અથવા સુખ અને વૈભવ. **संहरन्** પાછું ખેંચી લેતો. **बठुक** જાહેર રસ્તા પર લુંટનારા. Highway robber અથવા ભિખારી.

૮ **भेदक** ભેદી નાખનાર કાપી નાખનાર. **निबधान** તું ધારણ કર, વિચાર. **परिणमय** જમાવી દે, તદ્રૂપ થા. **निःश्रेयस** કલ્યાણ, મોક્ષ, શિવ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિચય

## સંસાર ભાવના—

( ક. ૧ ) આ સંસાર તો એક મોટું નાટક છે, એમાં પાત્રોનો પાર નથી, એમાં અંકોનો પાર નથી, એમાં પ્રવેશોનો પાર નથી. એમાં અભિનયો, નેપથ્યો, પડદા, સીનેરી, ગાન, સંભાષણ વિગેરે સર્વ છે, પ્રચુર છે, જોતાં કે સાંભળતાં પાર ન આવે તેવડું મોટું તે નાટક છે. એમાં રાજા, રાણી, નોકર, ચાકર, દાસ, દાસી, પુત્ર–પુત્રી વિગેરે સર્વ પ્રકારના પાત્રો છે, એમાં વિદુષકો છે, એમાં રાસડા–ગરબા લેવાય છે અને એમાં આનંદ વૈભવનાં દેખાવો જોવાય છે, એમાં ભયંકર યાતનાના દેખાવો પણ દેખાય છે. એમાં રાગ, રાગણી, પડદા, પાઠ આદિ આવે છે. એ નાટક ખાસ જોવા–સમજવા જેવું છે. પ્રથમ આપણે ઉપાધ્યાયશ્રીના શબ્દો ઉપર લક્ષ રાખી તે વિચારીએ. એને લાક્ષણિક રીતે સર્વાંગ સુંદર જોઈ સાંભળી લેવું હોય તો તો એને પૂરો ન્યાય આપનાર શ્રી સિદ્ધર્ષિના ઉપમિતિભવપ્રપંચ ગ્રંથમાં જવું પડશે. આપણે અત્ર તેનો સહજ ખ્યાલ કરી સંસારભાવનાને હૃદયમાં ઉતારીએ.

આ ગ્રંથના પ્રવેશકના પ્રથમ શ્લોકમાં આ સંસારકાનનને ચાર વિશેષણ આપ્યાં છે. તેનો છેડો મળતો નથી, તેના ઉપર આશ્રવરૂપ વાદળાં ચઢેલાં જ રહે છે, એ કર્મોથી ગહન બનેલું છે અને એમાં મોહનો કરેલો ભયંકર અંધકાર છે. આવા ભયંકર ભવકાનનમાં આ પ્રાણીને નિરાંતે બેસવાનું કેમ થાય? એ કેમ થતું નથી તે પ્રથમ તપાસીએ.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંસારમાં અંતરંગમાં રહેલા મનોવિકારો પ્રાણીને ખૂબ રખડાવે છે, તફડાવે છે અને ગોટે ચઢાવે છે. એની અંદર રહેલ કામ, ક્રોધ, મદ, મત્સર વિગેરે ભાવો એને ઠેકાણે પડવા દેતા નથી. પ્રત્યેક આંતર–વિકાર ભારે નુકસાન કરે છે અને ચેતનને અસ્તવ્યસ્ત કરી નાખી એનું પોતાનું ભાન ભૂલાવી દે છે. એની એટલી હદ સુધીની બેડોળ સ્થિતિ કરી મૂકે છે કે એ પોતાને પણ ઓળખી શકતો નથી, પોતાનાંને પણ ઓળખી શકતો નથી અને પોતાનું ઘરનું સ્થાન કયું છે અને ક્યાં છે તેને પણ એના દૃષ્ટિપથ કે સ્મરણપથમાં આવવા દઈ શકતો નથી. એ આખું ભાન ભૂલી પરવશ બની જાય છે અને પછી દારૂના ઘેનમાં નાચે છે.

એ અનેક મનોવિકારો પૈકી આપણે એકને તપાસીએ. લોભ એ એવો તો ભયંકર અંતર મનોવિકાર છે કે એ સર્વ ગુણોનો નાશ કરે છે. એના પાશમાં પ્રાણી આવી પડે છે ત્યારે પ્રાણીને વિવેક રહેતો નથી, મારા–તારાનું ભાન રહેતું નથી, સભ્યતાના નિયમોનો ખ્યાલ રહેતો નથી અને ગૃહસ્થાઈની કલ્પના પણ રહેતી નથી.

એક મોટું વન–જંગલ કલ્પીએ. એવા વનમાં, મોટો દાવાનળ ફાટી નીકળ્યો હોય અને મોટાં મોટાં ઝાડો ભસ્મીભૂત થઈને તડાતડ જમીન પર પડતાં હોય તે વખતે પક્ષીઓ અને પશુઓ તે વનમાં હોય તેને કેવો ક્ષોભ થતો હશે તેની કલ્પના કરો. કોઈ ચીસ પાડે, કોઈ રડે, કોઈ હાંફળાંફાંફળાં આમતેમ રક્ષણ માટે દોડે, કોઈ બચ્ચાંઓ માતાની પાંખોમાં સંતાય, કોઈ માતા બચ્ચાંને નોધારાં મૂકી સ્વરક્ષણાર્થે નાસી જાય, સર્વ પશુ, પક્ષી અને મનુષ્ય વનમાં હોય તે સર્વમાં મોટી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગડમથલ થઈ જાય છે અને આખું વાતાવરણ મોટા દરિયામાં તોફાન થાય તે વખતે જે સ્થિતિ થાય તેવું ક્ષુભિત થઈ જાય છે.

લોભ જ્યારે પ્રાણી ઉપર સામ્રાજ્ય મેળવે છે ત્યારે તે તેનું આખું વાતાવરણ આવું ક્ષુભિત કરી મૂકે છે. અહીંથી લઉં, આ રસ્તે કમાઉં, આ માર્ગે એકઠું કરૂં—એવા વિચારો એને આવ્યા જ કરે છે અને એ ચારે તરફ હાથ નાખ્યા કરે છે, મનસુબા ઘડ્યા કરે છે અને યોજનાઓ રચ્યા કરે છે. એમાં સર્વથી મોટી દુઃખની વાત તો એ છે કે એને આજે જેટલાં મેળવવાની ઇચ્છા હોય તેટલાં કોઈ પ્રયાસે મળી જાય તો જાણે તેના ઉપર તો પોતાનો હક્ક હતો એમ માની ત્યાંથી આગળ વધવા એ ઇચ્છે છે. આપણી પોતાની જીંદગીની શરૂઆત તપાસો. ત્યાં જેટલેથી સંતોષ ધાર્યો હતો એટલા મળ્યે આપણે બેસી ગયા? કદી નહિ. આજનું સાધ્ય તે આવતી કાલનું આરંભબિંદુ થાય છે. ગરીબ માણુસ દશ હજાર મળે તો કૃત-કૃત્યતા માને તેમ હોય, તેને દશની આસપાસ થવા આવે છે ત્યાં એનું લક્ષ્ય લાખ પર જાય છે અને એ રીતે લાખવાળાને દશ લાખ અને એમ રાજ્ય કે ચક્રવર્ત્તીપણામાં પણ સંતોષ થતો નથી. અંદર એની વૃત્તિ વધારે વધારે ઉત્તેજિત રહે છે અને એ કદી નિરાંતે બેસી શકતો નથી.

એટલા માટે લોભની સરખામણી 'આકાશ' સાથે કરી છે. આકાશનો છેડો જ આવતો નથી તેમ લોભને માર્ગ મળ્યો તો પછી એનો પણ છેડો આવતો નથી. કવિરાજ તેટલા માટે એને 'દુરંત' કહે છે. મતલબ કે એ હદ-મર્યાદા વગરનો છે, માઝા-છેડા વગરનો છે અને અપરિમિત હોઇ દરરોજ વધતો જ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા લોભના સપાટામાં એક વખત પ્રાણી આવ્યો એટલે પછી એ ગોટા ગણવા માંડે છે અને એના મનોરથો ચક્રાવે ચઢે છે. એ તો પછી રાતના બાર વાગ્યા ગણતો નથી, ભૂખ–તરસ ગણતો નથી, દેશ–પરદેશ ગણતો નથી, રાત–દિવસ જોતો નથી, સગાસંબંધીનો સ્નેહ વિચારતો નથી, પૈસાની ગતિ વિચારતો નથી અને સર્વ પ્રકારનો વિવેક મૂકી દઈ ચક્રમાં પડી જાય છે, મોટા મોટા આરંભો કરે છે, ન બોલવાનું બોલે છે, માયા–કપટ કરે છે, ઈચ્છિત વસ્તુ કે ધન મેળવવા અનેક ખટપટો કરે છે.

આવો લોભ લાગ્યો હોય, આવો દુરંત લોભ પ્રાણીના અંતરમાં ક્ષોભ નીપજાવી રહ્યો હોય, તેને ગમે તેટલો લાભ મળે તો પણ તે ધરાતો નથી. જંગલમાં દાવાનળ લાગે ત્યાં પાંચ–પચાસ પાણીના ઘડા ઠલવે તેથી કાંઈ દાવાનળ ઓલવાય? એવો લોભ એક વાર જાગ્યો એટલે લાભના વધારા સાથે એ વધતો જ જાય છે અને લોભ એના અનેક આકારમાં આ સંસારમાં ઘર કરીને બેઠો છે. એ તો અડ્ડો જમાવીને આ સંસારમાં પલાંઠી મારીને બેઠો છે.

આવા મનોવિકાર અંદર જાગ્યા હોય તેવા સંસારમાં આ પ્રાણીને શાંતિ ક્યાંથી વળે? એ મનમાં ધારે કે થોડું મેળવી પછી અટકશું, પણ ત્યાં તો પરણે, પછી છોકરાં થાય, પછી તેનાં સગપણ–લગ્ન કરવાં પડે અને એમ સંસારનું ચક્ર વધતું જાય અને ધારણા ધૂળ મળે. લાભ થાય તેમ લોભ વધે છે. **जहा लाहो तहा लोहो लाहा लोहो पवड्ढइ** એ જાણીતી વાત છે. લાભ થાય તેમ લોભ વધે. બે વાલ સોનું લેવા આવનાર બ્રાહ્મણને વિચાર કરવા સમય મળ્યો તો આખા રાજ્યથી પણ સંતોષ ન મળ્યો. આવો લોભ જે સંસારવનમાં જાગ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય ત્યાં સુખે કેમ રહેવાય? નિરાંતે કેમ જીવી શકાય? અને સુખનાં સ્વપ્નાં પણ એમાં કેમ આવે? દવ લાગે ત્યારે તેનો તાપ ચારે તરફ લાગે છે તેમ લોભ ચારે બાજુએ સંતાપ કર્યા જ કરે છે અને વધતો લાભ થાય, ધારેલો લાભ થાય તો પણઆ પ્રાણીને સંતોષ થતો જ નથી

ઇંદ્રિયભોગોની 'તૃષ્ણા' તો વળી એથી પણ આઘા છોડે છે. જંગલમાં પાણીની તરસ લાગે ત્યારે જેમ બે માઈલ છેટે પાણી—ઝાંઝવાનાં જળ દેખાય છે, પણ ત્યાં પહોંચે ત્યાં જળ તો એટલું જ દૂર દેખાય છે. વસ્તુતઃ જળ છે નહિ ત્યાં તે જળ ધારે છે અને પીવા દોડે છે, પણ એની તૃષા કદી છીપતી નથી અને એ તો હરણની માફક ફાંફાં મારી દોડાદોડ કર્યા કરે છે. એને મનમાં સ્ત્રીભોગની ઇચ્છા થઇ, પછી તે રખડે છે, પ્રાર્થના કરે છે, કાવાદાવા કરે છે; પણ એની વિષયસેવનની ઇચ્છા પૂરી થતી જ નથી અને કદાચ કોઇ વાર વિષય સેવ્યો તો પણ તેમાં તેને તૃપ્તિ થતી નથી. એ તૃષ્ણા તો એવી વિચિત્ર છે કે એ દોડાવ્યા જ કરે, સહજ તૃપ્ત થાય તો વધે છે અને તૃપ્ત ન થાય તો ફાંફાં મરાવે છે.

આ સંસારમાં અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવા માટે લોભ એક બાજુથી તરફડાવ્યા કરે છે અને બીજી બાજુ તૃષ્ણા જ્યાં ત્યાં ડોકીઆં કરાવી આશામાં ને આશામાં રખડપાટો કરાવ્યા જ કરે છે. આમાં નિરાંત ક્યાંથી થાય? લોભનો છેડો આવતો નથી, લાભ થાય તો તે વધે છે, લાભ ન થાય તો કકવરાવે છે અને તૃષ્ણા તો કદી ધરાતી જ નથી. એ બન્નેનો છેડો નજરે દેખાતો નથી. એણે સુભૂમ ચક્રીને છ ખંડ મળ્યા તો બીજા છ સાધવા પ્રેરણા કરી, એણે ધવળશેઠને બાકીનાં (શ્રીપાળને આપેલાં) અરધાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વહાણુ ઘરભેગાં કરવા શ્રીપાળનું ખૂન કરવા લલચાવ્યો, એણે મમ્મણશેઠ પાસે કાળી રાત્રે નદીમાંથી લાકડાં ખેંચાવ્યાં, એણે ધન્નાના બીજા ભાઈઓને અનેક વાર લક્ષ્મીની વહેંચણી કરવા પ્રેરણા કરી, એણે રાવણને સીતાને ઉપાડી લઇ જવાની બુદ્ધિ આપી, એણે માધવને મુસલમાનોને મદદ કરવા પ્રેર્યો, એણે અનેક રજપૂત રાજાઓ પાસે પોતાની દીકરી મુસલમાન શહેનશાહોને અપાવી, એણે સિદ્ધરાજ જયસિંહને પોતાના સગા ભત્રીજાને રાજ્ય ન આપવાની બુદ્ધિથી દેશાંતરમાં રખડાવવા અને પરાશ્રયમાં જોડવા દુર્બુદ્ધિ આપી, એણે અનેક રાજાઓને પ્રેરણા કરી આર્યભૂમિને પારકે હાથ જતી કરાવી, એણે અનેક પ્રધાનો—અમાત્યો—દિવાનો અને કારભારીઓ પાસે મહા રાજખટપટો કરાવી, એણે ભાઈ—ભાઇમાં દ્વેષ કરાવ્યો, એણે પિતા—પુત્રનો સંબંધ છોડાવ્યો, એણે કાંઈ કરવામાં બાકી રાખી નથી. આ સર્વ લોભના ચાળા છે તે ઇતિહાસપ્રસિદ્ધ છે અને આપણે પ્રત્યેક આપણા દરરોજના અનુભવમાં જોઈએ છીએ.

તૃષ્ણાએ તો હદ કરી છે. એ તો વિવેક—વિનય—સભ્યતા અને ભાનને ભૂલાવી ગૃહસ્થાઇ પણ છોડાવી દે છે અને લાખોની ઉથલપાથલ કરનારને રાત્રે રખડતા જોયા હોય તો ચીતરી ચઢે તેવાં કરતુકો તેની પાસે કરાવે છે. આ તો એક મનોવિકારની વાત થઇ. આવા અનેક મનોવિકારો છે અને તે આ સંસારમાં ભરેલા છે. હવે એવા સંસારમાં તે હાશ કરીને બેસવાનો વારો ક્યાંથી આવે? કઈ રીતે આવે?

આ સંસારવનમાં લોભ—તૃષ્ણા ઉપરાંત બીજા અનેક ભયો ભરેલા છે. જ્યાં વિચારીએ ત્યાં અભિમાન, દેખાવ, માયા, દંભ, મત્સર, ક્રોધ, શોક વિગેરે અનેક અંતર વિકારો આપોઆપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાઇ આવે છે. આમાં કેવી રીતે સુખ મેળવવું ? અને કયાં ઠરીને બેસવું ? મોટો દાવાનળ સળગ્યો છે અને જ્યાં જઈએ ત્યાં સર્વ પોતપોતાની ગાયા કરે છે અને નાની વાતને મોટી માનવામાં મગરૂબી લે છે. આમાં નિરાકુળતા કઈ રીતે આવે અને કયાંથી આવે ? આ વિચારણા આખા સંસારનો મહાન પ્રશ્ન ઉભો કરે છે. એ સંસારનાં થોડાં ચિત્રો તપાસીએ.

( ख २ ) સંસારની રચના એવા પ્રકારની છે કે એક ચિંતા પૂરી થાય ત્યાં તેથી પણ વધારે આકરી ચિંતા બાજુએ ખડી થઇ જાય છે. ઘરમાં બૈરી માંદી પડી હોય, અણુઉતાર તાવ આવતો હોય, આખું ઘર સારવારમાં પડી ગયું હોય અને ડૉક્ટરો વીઝીટ આપતા હોય, એને જરા સારૂં થવા લાગે ત્યાં વ્યાપારમાં મોટી ઉથલપાથલ થાય છે. એની અગવડ જેમ તેમ કરી પૂરી કરે ત્યાં તાર આવે છે કે દેશમાં ભાઇને સખ્ત છાતીનો દુઃખાવો થયો છે, કેસ ગંભીર છે. હાય નાખતો ત્યાં જાય ત્યાં અહીં વેપારની કરેલી ગોઠવણો ભાગી પડે છે. વિગેરે વિગેરે દરરોજના અનુભવની વાતો છે.

વાત એ છે કે સંસારમાં વસનારા અને આ ભવને સર્વસ્વ માનનારા પ્રાણીનાં મન, વચન, કાયા—વિચાર, વચન અને પ્રવૃત્તિ, તેની નવી નવી અભિલાષાઓ, તેના વિકારો, તેના આનંદો અને તેના રોષો એવાં તો વિચિત્ર હોય છે કે એ પ્રાણીમાં ભારે તુમુળ યુદ્ધ ઊભું કરે છે. એનાં મન, વચન, કાયાના યોગોને પરસ્પર મીલન જ મળે નહિ; મન મોટા મોટા મનોરથ કરે તો શરીર મોજમજા માગે; એની અભિલાષાઓ એને સંસાર તરફ ખેંચે ત્યારે એના વિકારો એને કોઈ પ્રકારની સરખાઇમાં રહેવા ન દે; એને આનંદ વિષયોમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે અને એનો રોષ વગર પૌરણે આડા આવનાર સામે થાય. આવી રીતે ત્રણે યોગોના વિસંવાદ, મનોરથની અચોક્કસતા, વિકારની પરાધીનતા, રતિની કામેચ્છા અને રોષની નિરંકુશતા એની પાસે ન કરવાનાં કામ કરાવી એને કર્મરજથી ભારે બનાવી દે છે.

આવી રીતે અને આવાં કારણોએ પ્રાણી પોતાને હાથે વિપત્તિનો ખાડો ખોદે છે અને તેને વધારે વધારે ઊંડો બનાવતો જ જાય છે. એ પોતાના સર્વ વ્યવહારની રચના જ એવી વિચિત્ર રીતે કરે છે કે જાણે એને વિપત્તિના ખાડામાં પડવાનું ચેટક લાગ્યું છે એમ જ એને માટે ધારી શકાય.

ડગલે ને પગલે આપત્તિમાં પડવા તૈયાર થયેલા આ પ્રાણીનો ચિત્તનો ઉદ્વેગ કઇ રીતે મટે ? એની પીડાનો છેડો આ જન્મમાં આવે તેવું એક પણ કારણ નથી. એની વિચારણા, એની ઉચ્ચારણા અને એની કાર્યશૈલી એવી જ રીતે ગોઠવાઇ છે કે એમાં એ વધારે ને વધારે આપત્તિઓને નોતરીને બોલાવે છે અને એ ઉંડા ખાડામાં વધારે વધારે પડવાની તૈયારી જ કરતો હોય એમ એનો પ્રત્યેક યોગ સાક્ષી પૂરીને બતાવી આપે છે. એની ચિંતા કદી ઘટતી નથી, એની આધિ કે ઉપાધિ ઓછી થતી નથી અને એના સંતાપોનો છેડો દેખાતો નથી.

પ્રાણીનાં શરીરનો વિચાર કરીએ. એના સ્ત્રી, પુત્ર, પુત્રીનો વિચાર કરીએ, એના વ્યાપાર–ધંધાનો વિચાર કરીએ, એના સગાંસંબંધીનો વિચાર કરીએ, એના મિત્રોનો વિચાર કરીએ, એની આજીવિકા સંબંધી ચિંતાનો વિચાર કરીએ, એના તીજોરી ભરવાના મનોરથોનો વિચાર કરીએ, એના સુખના ખ્યાલો વિચારીએ, એનાં માનેલાં સુખનાં સાધનો વિચારીએ, એની આગામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિંતાઓ વિચારીએ અને ટૂંકામાં એનું આખું વાતાવરણ તપાસીએ તો એક પણ રસ્તે એની આપત્તિનો છેડો આવે તેમ નથી. ત્યારે પછી શાંતિ શી રીતે મળે ?

પ્રથમ પ્રશ્ન તો એ છે કે સંસાર સંબંધી વિચાર કે યોજના કરવાની બાબતને તે અર્તિ–પીડા માનતો જ નથી. એ તો જ્યારે પાછો પડે ત્યારે વળી જરા અચકાય છે. બોરનો ઠળીઓ ગળે અટકે ત્યારે જરા ચોંકે છે પણ અંતે પાછો જ્યાંનો ત્યાં. સ્ત્રીને જ્યારે કસુવાવડ થાય ત્યારે જરા પીડાનો ખ્યાલ આવે છે અને તેલ ને ચોળા ખાય છે, પણ પાછા ઘર દી ને ઘર દહાડા ! આમાં ચિંતામાંથી મુક્તિ કેમ થાય અને આપત્તિનો છેડો કયાંથી આવે ? આ પ્રાણીનો સુખનો ખ્યાલ જ એટલો અવ્યવસ્થિત અને અસ્થાને છે કે એની એ પ્રકારની સ્થિતિમાં એની આપત્તિનો છેડો આવે તેમ નથી અને એને માટે એને સાચી ખેવના ( ચીવટ ) હોય એમ પણ લાગે તેવું નથી. એ તો એક વાર પાસો નાખ્યો એટલે એ સંસારમાં ઘસડાવાનો અને એક ખાડામાંથી બીજામાં અને એ રીતે નાના–મોટા ખાડાઓમાં પડયા જ કરવાનો. એની આ સ્થિતિ અનિવાર્ય છે.

ચિંતા કેવી અને કેટલી થાય છે તેનો સાચો ખ્યાલ કરવો હોય તો કોઇ મોટા વ્યાપારવાળા અથવા મોટા કુટુંબવાળા અને બહારથી સુખી દેખાતા ગૃહસ્થને પૂછવું. ત્યાંથી બરાબર જવાબ મળશે. અત્યાર સુધી એવા સુખી ગણાતા મનુષ્યોમાં કોઇ પણ સાચો સુખી મળ્યો નથી. કોઇવાર બાર આનાની દાડી કરી સાંજે ઘેર પાછા વળતા, ગીતો ગાતા મજુર કે કામદાર વર્ગમાં ઉપરટપકેનું સુખ અથવા સંતોષ દેખાશે, પણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેને ત્યાં તમે પૂરા સુખી માની છકીયું લેવા જાઓ છો તેને તમે ખરા સુખી માનતા હો તો એ વાત ફરી તપાસી જવા યોગ્ય છે. વાત પાછી ત્યાં જ આવે છે. આ પ્રાણીના ઉદ્વેગનો છેડો આ સંસારમાં કોઇ પણ રીતે આવતો નથી, આવી શકે તેવા સંયોગો દેખાતા નથી અને એ બાબતમાં બીજો કોઇ પણ નિર્ણય કરવાનું બની શકે તેમ નથી.

આ આખા વિવેચનમાં સુખ અને અર્તિ એના સાચા તેમજ ઊંડા અર્થમાં સમજવાના છે.

( ग ३ ) અંતર વિકારોમાં લોભ, તૃષ્ણા અને મનનું વલણ બતાવનાર ચિંતાની વાત કરી. આ સર્વ આંતરરાજ્યની વાત થઈ. અંદરની પ્રવૃત્તિ જોતાં કોઇ રીતે ઠેકાણું પડતું નથી. હવે જરા સ્થૂળ દૃષ્ટિએ બાહ્ય સુખની વાતો કરીએ. ત્યાં કાંઇ સુખ દેખાય છે ? જરા અવલોકન કરીને જોઇએ.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

એક પ્રાણીનું આ ભવનું જીવન તપાસીએ. માતાના પેટમાં નવ માસ લગભગ દરેકને રહેવું પડે છે. તે સ્થળનો ખ્યાલ કદી કર્યો છે ? ત્યાં તદ્દન અંધારૂં છે. ચારે તરફ લોહી, મળ, હાડકાં, ચરબી, મુત્ર, આંતરડાં, પરૂ વિગેરે અપવિત્ર પદાર્થોની વચ્ચે નવ માસ દબાઈ–ચંપાઈ આંટા મારવા પડે છે. પછી જન્મ થાય એટલે તો અનેક પ્રકારની ઉપાધિ શરૂ થાય છે. પ્રથમ આંખ પણ ન માંડે, દાંત ન હોય, પરાધીનતાનો પાર નહિ. પછી બાળપણ, તો ત્યાં પણ પરાધીનતા અને વડિલોની સત્તાની ત્રાડો. પછી નિશાળમાં માસ્તરોનો ત્રાસ. પરણવાની ચિંતા. આર્થિક સરખાઈ હોય તો માનસિક ચિંતા. તે સરખાઈ ન હોય તો ઉપાધિનો પાર નહિ. પછી વ્યાપાર–ધંધો કે નોકરી–કમાવાની ચિંતા. પરદેશના રખડપાટા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી આવી તો પાર વગરની વાત છે. એમાં કદાચ સોએ એકાદ ટકાને સરખાઈ મળી જાય, પૈસા, સ્ત્રી, પુત્ર, હવેલી, વ્યાપાર સર્વ અનુકૂળ થઈ જાય અને જો કે એમાંની કોઈ વસ્તુમાં નામ માત્ર પણ સાચું કે સ્થાયી સુખ નથી અને ઉપાધિનો પાર નથી, પણ સહજ સુખ વ્યવહાર દૃષ્ટિએ–પ્રચલિત લોકમાન્યતા પ્રમાણે એવી સરખાઈવાળાને સુખી ગણીએ. એવા માનેલાં સુખમાં એના બે–ચાર વર્ષ જાય ત્યાં તો કાન દુઃખવા લાગે છે, આંખે ચશ્મા આવે છે અને દાંતની પીડાની તો વાત જ કરવી નહિ. ચાળીસ વર્ષની આસપાસ નજળો ઉતરે છે એટલે દાંતની જે પીડા થાય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. અને પછી તો જે સ્થિતિ થાય છે તે આપણે અશરણ ભાવનાના બે શ્લોકો ( ગેયાષ્ટક શ્લોક ૫–૬ )માં જોઈ ગયા છીએ. એ સુખાભાસને–ઉપર ઉપરના સુખના ખ્યાલને–ભૂલાવી દે છે અને પ્રાણીના શરીરને સીધું સપાટ કરી મૂકે છે. સુકલકડી જેવા શરીરે એને જવાબદાર જીંદગી મહાઉપાધિમાં પૂરી કરવી પડે છે. માથે ફરજો મોટી અને ખાવામાં કાંઈ દમ નહિ. મ્હોંમાંથી લાળ પડે, શરીર પરનો અંકુશ જાય અને ઘરના સર્વ અવગણના કરે. આ જરાવસ્થા એ મોતની બ્હેનપણી છે–સખી છે, મિત્ર છે. ઘણીવાર ઘરડા માણસને જીંદગી એટલી બોજારૂપ લાગે છે કે એ મરણને વધારે પસંદ કરે છે. તે વખતે પરાધીનતા એટલી વધી જાય છે કે એક વખતના હુકમ કરનારા અને જોરથી ચાલનારાને એ ભારે આકરી થઈ પડે છે.

આ પ્રમાણે માતાના પેટમાં આવવાથી માંડીને ઘડપણ છેડો ( મરણ ) આવે ત્યાંસુધી સુખ જેવું કાંઈ થતું નથી, ભોગવવાનું નથી અને ભોગવવા જેવું કોઈવાર લાગી જાય છે તો તે લાંબો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખત ટકતું નથી. ત્યારે આ નાટક કયા પ્રકારનું ? અને આમાં સુખના ઘરડકા શા ? આ સર્વ પ્રપંચ શેનો ? કઈ જાતના સુખની પછવાડે આપણે દોડયા જઈએ છીએ ? અને તે કેટલો વખત ચાલશે ? આ સુખનું–માનેલાં સુખનું–આખું નાટક પણ જોવા જેવું છે, વિચારવા જેવું છે, બરાબર ખ્યાલમાં રાખવા જેવું છે. આખા સંસાર–નાટકમાં વાસ્તવિક સુખ જેવું કાંઈ લાગે તેમ નથી. કદાચ લાગી જાય તો તે આભાસ માત્ર સુખ છે અને તેની પછવાડે મહાન બે રાક્ષસી ઉભી છે: જરા અને પછી મૃત્યુ. આ આખા નાટકને ઓળખવું, એને સમજવું અને સમજીને તેને તે તરીકે વારંવાર વિચારવું એ જ એ નાટકની પરીક્ષાના પાઠો છે અને તે ભણાઈ જાય, તો પછી આગળનો રસ્તો જરૂર સૂઝી જાય તેમ છે.

'કોળીઓ કરી જાય છે' એમ જરા–ઘડપણ માટે બરાબર કહેવામાં આવ્યું છે. એ શરીરની જે સ્થિતિ કરી મૂકે છે તેને માટે એ તદ્દન યોગ્ય શબ્દ છે. એક એક કોળીએ એ શરીરને હોઇઆ કરતી જાય છે. ધીમે ધીમે આવતી નબળાઇ ઓળખી આખું નાટક વિચારવું. નાટક સમજો એટલે રસ્તો જડશે.

આમાં કોઇ વાર આપત્તિનો છેડો આવે ત્યાં ભયંકર જરા સામે ડોળા કાઢીને ઉભી રહે છે. મહામહેનતે પરદેશ ખેડી, પૈસા મેળવી માણસ ઘરબાર વસાવે છે કે પરણે છે ત્યાં 'આદર્યાં અધવચ રહે'—એમ થાય છે. આ તો આખું નાટક છે, માત્ર આગળ કયો પાઠ ભજવવાનો છે એનું અજ્ઞાન છે એટલે આશામાં રમતો ચાલ્યા કરે છે, બાકી વાતમાં કાંઇ માલ નથી. પોતાની આખી પાછળની જીંદગી અને તેના

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનોરથો યાદ કરીએ તો મોટું નાટક દેખાય તેમ છે, પણ તે જોવાની અને તેનું રહસ્ય ઉકેલવાની મરજી હોય તેને માટે એ છે.

(ઘ ૪) પાંજરામાં પોપટ પડ્યો છે. એનું પાંજરૂં સોનાનું હોય કે હીરાથી મઢેલું હોય પણ વિશાળ આકાશમાં છૂટથી ફરવાના સ્વભાવવાળા પોપટને તો દુઃખનો પાર નથી. એને તો એક ઝાડેથી બીજે ઝાડે ઉડવાનું અને એના મૂળ વિલાસોમાં રમણ કરવાનું હોય કે પાંજરે પૂરાઈ રહેવાનું હોય ?

ભવિતવ્યતા તેને એક ભવ ચાલે તેવી એક ગોળી આપે છે અને એ ગોળી લઇ એ પાંજરામાં પડે છે. એ પાંજરાની પાસે જમરાજરૂપ બિલાડી બેસી રહે છે. એ એની પાસે–પડખે તૈયાર છે અને પાંજરે પડેલ પંખી જાણતો નથી કે એ ક્યારે ત્રાપ મારશે ? એને એ બિલાડીની ઝડપની બીક સદાકાળ રહે છે. નિયતિ–ભવિતવ્યતા આ પ્રાણીને કેવી રીતે એક ભવસંવેદ્ય ગોળી આપે છે અને પોતાના પતિ પાસે કેવા નાચો કરાવે છે એનો ચિતાર શ્રી સિદ્ધર્ષિગણીએ બહુ સારી રીતે ઉપમિતિ ભવપ્રપંચ ગ્રંથમાં આપ્યો છે. (જુઓ વિભાગ ૧ લો પૃ. ૨૫૬)

પાંજરે પડેલો આ જીવ સારી રીતે સંસારમાં રખડે છે અને એના ચિત્તની વૃત્તિ એટલી ભમી જાય છે કે એ પોતે પાંજરે પડ્યો છે એ વાત પણ જાણતો નથી, અને જાણે એ પાંજરામાં પડવાની સ્થિતિ એની સ્વાભાવિક હોય અને પાંજરૂં ઘરનું ઘર હોય એમ તે માની લે છે તેમજ કોઇ કોઈ વાર તો પડખામાં જમરાજ જાગતા બેઠા છે એ વાત પણ વિસરી જાય છે. જ્યારે મન ભ્રમિત થઇ જાય ત્યારે પછી બીજું શું થાય ? ઉંધી આંખે જોવામાં આવે ત્યારે સાચી વાત દેખાય જ ક્યાંથી ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવિતવ્યતા (નિયતિ) એને કેવી રીતે બાંધી રાખે છે તેનો ખ્યાલ કરવા માટે હાથીને એક નાનકડો તંતુ (જળતંતુ) પાણીમાં પકડે છે ત્યારે એની કેવી દશા થાય છે તે દાખલો યોગ્ય જણાયો છે. આવડો મોટો હાથી એક તાંતણા જેવા તંતુથી પાણીમાં ખેંચાઇ જાય છે અને હાથીનું સ્વાભાવિક બળ (વીર્ય) તદ્દન ખલાસ થઇ જાય છે.

આ સંસારનાટકમાં પડેલા અને ભાન–ભૂલેલા પ્રાણીની આ દશા થાય છે તે ખાસ ખ્યાલમાં રાખી, તેની પંજરગત સ્થિતિ અને તેનાં નિયતિને આધીનત્વ પર ખૂબ વિચાર કરવા યોગ્ય છે. આ વિચારણા એ 'સંસારભાવના' છે. એ પર વિચાર થશે એટલે આખા સંસારનો ખ્યાલ આવશે અને ખ્યાલ આવશે એટલે એના ખરા સ્વરૂપની વિચારણા થશે. એ વિચારણામાં શરીરને 'પાંજરૂં' ગણવાની બાબત ખૂબ વિચારવા યોગ્ય છે, વારંવાર ધ્યાન કરવા યોગ્ય છે, નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે.

(ङ ૫) હજુ એક બીજી પણ અગત્યની વાત વિચારવા યોગ્ય છે. આ શરીર પાંજરૂં છે એટલું જ નહિ પણ આ પ્રાણીએ આવાં અનંત રૂપો કર્યાં છે. એ પૃથ્વીમાં ગયો છે, પાણી થયો છે, અગ્નિકાયમાં ખૂબ રખડ્યો છે, વાયુ તરીકે ઉડ્યો છે, વનસ્પતિમાં ટકાનો ત્રણ શેર વેચાયો છે અને ઉપર મફત પણ અપાયો છે, એ બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળો થયો છે, જળચર, સ્થળચર, ખેચરમાં ખૂબ ભટકી આવ્યો છે, દેવ, નારક થઇ આવ્યો છે અને મનુષ્ય પણ થયો છે.

એ ધનવાન ને નિર્ધન થયો છે, રૂપવાન ને કદ્રૂપો થયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, આબરૂદાર અને આબરૂ વગરનો થયો છે, સારા ને ખરાબ બાંધાવાળો થયો છે, સદ્ભાગી ને દુર્ભાગી થયો છે, રાજા અને ભિખારી થયો છે, દાતા અને યાચક થયો છે–એણે અનેક પ્રકારનાં રૂપો અનંતવાર લીધાં છે. એ ચારે તરફ રખડ્યો છે, અનંતવાર રખડ્યો છે, સાતમે પાતાળ જઈ આવ્યો છે અને ઉપર–નીચે, આડે–અવળે સર્વ સ્થળે આંટા મારી આવ્યો છે. ત્યાં નવાં નવાં રૂપો લીધાં છે અને એ રીતે આ અનાદિ સંસારમાં એણે અનંત પ્રકારના વેશો ધારણ કર્યા છે.

પુદ્ગલપરાવર્ત્ત એ પારિભાષિક શબ્દ છે. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સૂક્ષ્મ અને બાદર એમ આઠ પ્રકારનું થાય છે. એની વિગત ઉપમિતિ ભ. પ્ર. ભાષાંતરના પ્રથમ પ્રસ્તાવની પછી પરિશિષ્ટ નં. બ. માં આપી છે. ( જુઓ પૃ. ૨૪૭ ) મતલબ એ છે કે અનંતા પુદ્ગલપરાવર્તનો એણે કર્યા, અનેક વેશો ધારણ કર્યા, અનેક ગતિમાં રખડ્યો અને અનેક અભિધાનો એણે સ્વીકાર્યાં. આ મહાન્ ચક્રભ્રમણની સ્થિતિનો બરાબર ખ્યાલ કરી આખા સંસારને સમુચ્ચય નજરે વિચારવો અને તેમાં પોતાના ભ્રમણની કલ્પના કરવી એ સંસારભાવના ભાવવાનો એક પ્રકાર છે.

સંસારનું અનાદિત્વ સમજાય, પોતાનો રખડપાટો સમજાય, પોતે ધારણ કરેલાં રૂપોનો ખ્યાલ આવે અને એવાં રૂપો અનંતવાર કર્યાં છે એ સમજાય ત્યારે પ્રાણી પોતાનું આ અનાદિ સંસારસમુદ્રમાં કેવું સ્થાન છે અને પોતે ક્યાં ઘસડાય છે તે બરાબર સમજે. આવા ચક્રભ્રમણનો છેડો લાવવો એવી જો એને જિજ્ઞાસા પણ થાય તો તેને પ્રબળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસંગ આ આખા સંસારને એના અનેક આકારમાં જોઇ જવામાં ખાસ પ્રાપ્ત થાય છે અને તે વિચારણા આંખ ઉઘાડી આગળ–પાછળ, ઉંચે અને નીચે જોવાથી બરાબર થઇ શકે તેમ છે.

હજુ આ સંસાર કેવો છે ? કેવો વિચિત્ર છે ? ત્યાં આ પ્રાણીએ કેવા કેવા નાચ કર્યા છે ? કેવા કેવા વેશો લીધા છે ? અને એ કેવો ઘસડાતો જાય છે ? એ આગળ જોવાનું છે. એ જોઇને વિચારમાં જરૂર પડવા જેવું છે, પણ મુંઝાઇને દબાઇ જવા જેવું કે આપઘાત કરવા જેવું નથી. એવા દારૂણ ભવાર્ણવમાંથી અને આ મહા રખડપટ્ટીમાંથી હમેશને માટે છૂટી જવાના માર્ગો છે. તે અવશ્ય પ્રાપ્ત થઇ શકે તેમ પણ છે, પરંતુ પ્રથમ તો આ આખો સંસાર કેવો છે અને કેવી ઇમારત પર રચાયલો છે તેનો ખૂબ વિચાર કરવો. આખી વિચારણા ખૂબ મજા આપે તેવી, જોવા–સાંભળવા જેવી, વિચારતાં પોતાને ખૂબ શરમાવે તેવી અને આંખો ઉઘાડી નાખે તેવી છે. આપણે હવે ગ્રંથકર્તાનું ગેયાષ્ટક વિચારીએ. એનો રાગ જ શાંત કરી દે તેવો છે. એમાં એમણે મહાન યોગી આનંદઘનજીના અતિ વિશાળ શાંતિનાથના સ્તવનનો લય અનુકરણ કર્યો છે. ગાતાં અંદર ઉતરી જવાય તેવો તેનો લય છે અને ભૂમિકા સુંદર છે. એ ગાનનો ભાવ વિચારીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. સંસારનું આખું નાટક બરાબર જોઈ લે. પછી તને ખાત્રી થશે કે આ સંસાર અતિ દારૂણ ( ભયંકર ) છે. તું જન્મ-મરણાદિ ભયથી ડરી ગયો એમ જરા લાગે છે, પણ સંસાર આખો ભયંકર છે એમ તું સમજ્યો નથી. વાત એમ છે કે આ પ્રાણીએ સંસારને એના ખરા આકારમાં ઓળખ્યો જ નથી અને એ હજુ અચોક્કસ સ્થિતિમાં ફર્યા જ કરે છે. એનું કારણ શું છે તે તપાસીએ. મોહરાજા એનો ખરો શત્રુ છે. એ એને ઉંધા પાટા બંધાવી આખી ખોટી ગણુતરી એની પાસે કરાવે છે. પ્રાણી સમજે છે કે મારી અગવડ વખતે મારા સંબંધીઓ હશે તે કામમાં આવશે અને તેટલા ખાતર એ અનેક અગવડો ખમે છે, એની ખાતર એ પોતાના માન્ય સિદ્ધાન્તોનો અને કરેલ નિર્ણયોનો પણ ભોગ આપે છે અને ગાંડા જેવો બની જ્યાં સુખ નથી ત્યાંથી સુખ શોધે છે.

મૂળ હકીકત એ છે કે આ મારા—તારાનો વ્યવહાર એ મોહરાજાએ જ કરાવ્યો છે. એ મોહરાજાને તું તારો હિતસ્વી સમજે છે અને તે તને સાચો રસ્તો બતાવનાર છે એમ તું જાણે છે; પણ ખરી રીતે તે મોહરાય જ તારો ખરો શત્રુ છે અને તને ફસાવવા તે તદ્દન ખોટા પાટા બંધાવે છે. કદાચ તું એ મોહરાજાને ઓળખતો નહીં હોય તેથી તને ટૂંકામાં એટલું જ કહેવાનું કે 'હું અને મારૂં'નો મંત્ર ભણાવનાર એ મોહરાજા છે અને વધારેમાં વાત એ છે કે એ તારો શત્રુ છે. આ વાતની જો તને ખબર ન હોય તો સમજી લે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એને અંગે બે વાત મુદ્દાની કરવાની છે. એક તો એ કે એ તારા શત્રુ મોહે તને બરાબર ગળેથી પકડ્યો છે, એણે તારી બોચી પકડી છે અને તને બરાબર પોતાના સપાટામાં લીધો છે. તેં મલ્લકુસ્તી જોઇ હોય તો તને માલૂમ હશે કે એક મલ્લ જ્યારે સામા મલ્લનું ગળું પકડે છે ત્યારે તેને છૂટવું ભારે મુશ્કેલ પડે છે, તેનાથી છૂટવામાં ભારે બળની (પુરૂષાર્થની) અપેક્ષા રહે છે. અને બીજી વાત એ છે કે અત્યારે તું એક આપત્તિમાંથી બીજીમાં અને બીજીમાંથી ત્રીજીમાં પડે છે અને એમ ચારે તરફ વિપત્તિથી ઘેરાઇ જાય છે. એ સર્વનો કરનાર એ મોહ છે. તને વારંવાર એ આપત્તિમાં ઘસડી જાય છે અને અત્યારે તને જે આપત્તિઓ દેખાય છે એ સર્વ એ મોહરાજાની બનાવેલી છે અને તે તરફ લઇ જનાર પણ એ જ મહારાજા છે.

આખા સંસારની રચના સામાન્ય રીતે જોવામાં આવે તો મહા અંધકાર ચારે તરફ વ્યાપેલો દેખાશે અને જાણે આપણે માટે એક પછી એક જાળો—ફસામણીઓ (Traps) ગોઠવાયલી હોય એમ લાગે છે. એક ગુંચવણમાંથી ઉપર આવીએ ત્યાં બીજી ઉભી થાય છે અને એમ ને એમ ચાલ્યા જ કરે છે. અંતે જીવનનો અંત આવે છે, પણ ગુંચવણોનો અંત આવતો નથી. સંસારના ચક્રાવામાં પડેલો કોઇ પણ પ્રાણી સર્વ ગુંચવણોનો નિકાલ કરીને જતો જ નથી.

સંસારમાં પડ્યા પડ્યા તો મોહરાજાનું શત્રુપણું અને ડગલે પગલે વિપત્તિ તરફ ઘસડાવાનું વૈચિત્ર્ય સમજાય તેમ નથી અથવા સમજવું મુશ્કેલ છે, કારણ કે એ તો અંદર રહીને ગૂઢપણે કામ કરે છે અને પ્રાણીને મોટા વમળમાં નાખી તેની બુદ્ધિને પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફેરવી નાખે છે. આખા સંસારનો બરાબર ખ્યાલ કરવામાં આવે અને જરા તેના ઉપર જઇ નિષ્પક્ષ દૃષ્ટિએ તેને જોવામાં આવે તો જ મોહરાજાને બરાબર ઓળખાય તેમ છે. બાકી તો એના ચાળા અનેરા છે, એના માર્ગો અનેરા છે અને એનાં સાધનો અગમ્ય છે. એને સમજવા પણ મુશ્કેલ છે, સ્વીકારવા વધારે મુશ્કેલ છે અને તેને બરોબર સમજીને પોતાનો સ્વતંત્ર માર્ગ કાઢવો સર્વથી વધારે મુશ્કેલ છે. સંસારમાં તો ઘણું જોવાનું છે, એનો વિચાર કરતાં તો મહિનાઓ અને વર્ષો થાય તેમ છે, પણ એને ઓળખવામાં સર્વથી વધારે અગત્યનો ભાગ મોહરાજાનો હોઇ તેને ઓળખવો, તેની જીવ સાથેની ખાસ શત્રુતા સમજવી અને તેનાં કાર્યો અને પરિણામો ઓળખવા એ સંસારભાવનાને અંગે મુખ્ય જરૂરી બાબત છે. મોહને યથાસ્વરૂપે ઓળખ્યો એટલે આખા સંસારને ઓળખ્યો એમ કહેવામાં અતિશયોક્તિ લાગતી નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એ મોહરાજાનું જ્યાં શાસન વર્તતું હોય, એ મોહરાજા તારો પાકો દુશ્મન હોય, એ દુશ્મનનાં રાજ્યમાં તારે જીવવાનું અને મરવાનું હોય-તેવા આ સંસારને તું શું જોઈને વળગતો જાય છે ? એ સંસાર કેવો છે તે તું જો, વિચાર, સમજ, એમાં મોહરાજા કેવો છે તે સમજ, એ મોહરાજાનું ત્યાં સામ્રાજ્ય છે એ ધ્યાનમાં લે, એ રાજા તારો દુશ્મન છે તે વાત સ્વીકાર, એ રાજાએ તને ગળેથી પકડ્યો છે એ વાત ધ્યાનમાં લે અને તારી સર્વ મુશ્કેલીઓ એણે ઉત્પન્ન કરી છે તે વાત સમજી લે. એણે શું શું કર્યું છે તે તું જોતો જજે. સંસારભાવના એટલે મોહરાજાના વિલાસોની ઓળખાણ જ છે તે આ ભાવનાને અંતે તારા સમજવામાં આવશે. તું આગળ ચાલ.

૨. પ્રથમ તો તું આ સંસારમાં કેવી રીતે બંધાઇ જાય છે તેનો વિચાર કર એટલે તું એ મોહરાજાની ગોઠવણોનો કાંઇક ખ્યાલ કરી શકીશ. તારે પોતાને ખાવા માટે જોઇએ તેટલી વસ્તુ અથવા રહેવા માટે જોઇએ તેટલી જગ્યા સારૂ તું આ બધા પ્રયાસ કરે છે? તને એમ લાગે છે કે તું ભૂખ્યો રહી જઇશ કે તારે કોઇ ઝાડ નીચે સુઇ રહેવું પડશે? પણ તને તારી ચિંતા નથી. તારી આવડતથી તું એક દિવસમાં એક વર્ષ ચાલે તેટલું ખાવાનું મેળવી શકે છે અને તારે સુવા–બેસવા જોઇએ તેટલી, વરસાદ, તડકો અને ઠંડીથી રક્ષણ આપે તેટલી જગ્યા મળે તો તેથી તને સંતોષ છે?

તારે તો તીજોરીઓ ભરવી છે, સાત પેઢી ચાલે તેટલું દ્રવ્ય એકઠું કરવું છે, ઘરનાં એક ઘરથી તને સંતોષ થવાનો નથી, તારે તો ગામગરાસ એકઠાં કરવાં છે, તારે આખા ગામનું પાણી તારા ઘર તરફ વાળવું છે અને લાખો થાય તો કરોડો કરવા છે અને કરોડ થાય તો છપ્પન્ન ઉપર ભેરી વગડાવવી છે!! અને એ સર્વ કોને માટે તે તું કદી વિચારતો નથી. વિચાર કર તો તો બધું દીવા જેવું લાગે તેમ છે, પણ જ્યાં સહજ સાચી વાતની ઝાંખી થશે એટલે તરત તું ત્યાંથી છટકી જઇશ; કારણ કે તને ઉંધા પાટા બંધાવનાર અખંડ દિગ્વિજયી રાજા તારા હૃદયમાં બેઠો છે તે તને કદી સાચો માર્ગ કે સાચો વિચાર આવવા દે તેમ નથી અને આવી જાય તો ટકવા દે તેમ નથી.

ત્યારે તું તારા છોકરાંઓ માટે આ સંસારમાં બંધાય છે? તને તેનો પરિચય છે અને તારા મનમાં એમ છે કે મારી સંપત્તિ સર્વ એમને આપીશ; પણ તને ખાત્રી છે કે તેઓમાં

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાનમ્ જ્યોતિ શાસનમ્

કમાવાની શક્તિ નથી જ. જો આવડત નહિ હોય તો તારી આપેલી સંપત્તિઓ તેઓ પાસે ટકશે? લડીને ગુમાવશે નહી? કે કોઇ તેને છેતરીને લઇ જશે નહી? જો શક્તિ અને આવડત-વાળાં તે હશે તો તેમને સંપત્તિ આપવી બીનજરૂરી છે. આ રીતે તું છોકરાઓ માટે સંસારમાં બંધાય છે તે તદ્દન નકામું છે, બીનજરૂરી છે, સમજ્યા વગરની વાત છે.

એવી જ રીતે તારા બીજા સંબંધીઓ માટે સમજી લે. તું બીજા ખાતર બંધાઈને હેરાન થતો હો તો તેમાં તારી મોટામાં મોટી ભૂલ છે. તેમના પરિચયથી અથવા પરિચયના પરિણામોથી સંબંધને અંગે તારી ફરજોનો તારો ખ્યાલ જ ખોટો છે. કર્મનું સ્વરૂપ તું જરા સમજ્યો હોત તો તને દીવા જેવું લાગે તેમ છે કે એ સર્વ ફાંફાં છે. એને ગ્રંથકારે દોરડાં (ગુણ) કહ્યા છે તે બરાબર છે. એ મોહરાજાએ સ્વજન છોકરાના પરિચયરૂપ દોરડા ફેલાવ્યા છે, પાથરી દીધા છે અને તેનાથી જ તને બાંધી લીધો છે. તું બંધાઈ ગયો છે એમ તું ધારે છે એ વાત સાચી છે, તને એ જાળમાંથી છૂટવું સૂઝતું નથી—ગમતું નથી એ સર્વ સાચું છે; પણ એ આખું બંધન અને તેને અંગે તારી માન્યતા તદ્દન ખોટી છે. એનો પાયો જ ખોટો છે અને તું નકામો પડી મરે છે.

એ જ મિસાલે સ્ત્રી, ભાઈ, પિતા આદિ સર્વ બંધનોનું સમજવું. ખરી વાત એ છે કે તારે કાંઇ છોડવું નથી, તારે તો નંદરાજાની પેઠે સોનાની ડુંગરીઓ કરવી છે, કંપનીઓમાં નાણાં રોકવાં છે, મારગેજ પર ધન આપવા છે અને જમે બાજુનો સરવાળો જોઇ રાજી થવું છે. એવી વાતમાં કાંઇ સાધ્ય નથી, હેતુ નથી, ઉદ્દેશ નથી, સાર નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તને ડગલે અને પગલે કેટલાય અનુભવો થયા છે. તું જેની ખાતર પડી મરે છે તે તારા તરફ કેવી રીતે વર્તે છે તેનો વિચાર કર. તને પરભવમાં તો અનેક અનુભવ થયા છે પણ તે ઉપરાંત આ ભવમાં તેં કેટલું વાંચ્યું, કેટલું જોયું, કેટલું જાણ્યું અને કેટલું જાતે અનુભવ્યું. એ તારા અનુભવો પછી પણ એનો એ જ રહીશ ? રહી શકીશ ?

વળી તેં અત્યાર સુધીમાં ન ઇચ્છવાજોગ તિરસ્કારો–પરિભવો કેટલાં સહ્યાં છે તે તો વિચાર. ગત કાળમાં તું કેવી કેવી ગતિઓમાં જઇ આવ્યો છે તે વિચાર. ત્યાં તારા શા હાલ થયા હતા તેનો ખ્યાલ કર. તે ન કલ્પી શકતો હો તો આ ભવમાં તારે માથે કેટલી અપમાન–તિરસ્કાર કરાવનારી પરિસ્થિતિઓ આવી ગઇ તે તું સંભારી જા.

(પ્રત્યેક પ્રાણી અહીં પોતાના જીવનને યાદ કરી જાય તો તેને શરમાવે તેવા અનેક પ્રસંગો દરેકને નાના–મોટા અનેક બન્યા હશે !) આવા પ્રસંગો તરફ ધ્યાન ખેંચવાનું ખાસ કારણ છે. દરેક પ્રાણી સંસારમાં ઘણો મસ્ત રહે છે. તે માને છે કે એના જેવો માનયોગ્ય માણસ બીજો કોઇ નથી અથવા બહુ થોડા છે. આ જોશ પર તે દુનિયામાં ચાલે છે અને પ્રાણી પોતાના પરાભવના પ્રસંગો વારંવાર ભૂલી જાય છે. આ સર્વ મોહરાજાના ચાળા છે. આપણો આ ભવનો અનુભવ જ જો બરાબર જોઇ જવાય તો આપણી ઘણી ગરમી ઠંડી પડી જાય તેમ છે, માત્ર વિચારધારા પ્રમાણિક અને દીર્ઘકાલીન જોઇએ. આવા અનુભવોનાં દૃષ્ટાન્તો અહીં નહિ આપીએ. પ્રત્યેક પ્રાણીની પ્રમાણિક વિચારણા પર તે છોડીએ. આ સર્વ મોહરાજાનાં નાટક છે એ સમજી સંસારને એના ખરા આકારમાં સમજ.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. હવે જરા તારી વિચારધારા આગળ ચલાવ. આખરે તું કર્મને આધીન છે અને તે નચાવે તેમ તારે નાચવાનું છે. તું કોઈ કોઇ ભવમાં ઉન્નતિના શિખર પર પણ બેઠો હોઇશ, ભારે ગૌરવથી ખડેજાવ ખડેજાવ થયો હોઇશ, તારી આગળ બિરૂદાવળી બોલાણી હશે અને તને ખમા ખમા થયું હશે. આ એક વાત. વળી કોઇ ભવમાં તું તદ્દન હીન થયો હોઇશ. કોઇ તને અડે તેમાં પણ પાપ મનાતું હશે. તું જાતિચંડાળ થયો હોઇશ. તું નારકીમાં પરમાધામીથી કૂટાગો હોઇશ. તેં શરણ માટે રાડો પાડી હશે. તું શાકને ભાવે વેચાયો હોઇશ, તું જંગલમાં પુષ્પપણે જન્મી કોઇ ન જાણે, ન સુંઘે તેમ મરી ગયો હોઇશ અને તને કોઈએ પગે રગદોળ્યો હશે, કોઇએ ચાંપ્યો હશે અને કોઇએ સુંઘીને ફેંકી દીધો હશે. અનેક ભવોમાં પરિભવનાં સ્થાનો તો અપરંપાર ગણાવી શકાય તેમ છે. આ આખો ખેલ જોવા જેવો છે, જોઇને વિચારવા જેવો છે, વિચારીને ચિંતવવા જેવો છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ભાઈસાહેબ ઇસ્કીટાઈટ થઈને ચાલતા હોય. કપડાં પર ડાઘ પડવા દેતા ન હોય, મ્હોં પર માખી બેસવા દેતા ન હોય અને સ્ટીક, કોલર, નેકટાઇ અને બુટ—મોજામાં, ખીસામાં રૂમાલ, રૂમાલમાં સેંટ અને સેંટની સુગંધમાં મ્હાલતા હોય ત્યારે એ કઈ કઇ સ્થિતિમાંથી પસાર થઈ અહીં આવેલ છે તેનો ભાગ્યે જ ખ્યાલ કરે છે. એનાં મનુષ્ય તરીકેનાં રૂપો વિચારી જઇએ તો પણ એના અભિમાન ઉતારી નાખે એવી વાતો છે અને આ ભવમાં પણ ચાર ચાર મોટર ફેરવનાર અને દરવાજા પર સિપાઇ ખડા રાખનારને ઘેર ઘેર ફરી ભીખ માગતાં, તિરસ્કાર પામતાં, હડધૂત થતાં નજરે જોયા છે. પછી આ નાટક શાં ? અને આ ઠણુકો શેનો ? અને એ કોના ઉપર ?

અનેક વિકૃત, તિરસ્કૃત, ભયંકરરૂપ લેનાર, તિર્યંચોમાં પાદુ અને પરોણી ખાનાર, પારકા મલીદા ઉઘરાવનાર, વિષ્ટા ઉપર બેસનાર, ટુકડો રોટલો ખાનાર, જારના દાણા ચણનાર, ચાબખાના માર સહનાર, ડફણાંના ઘા સહનાર—તું તે કઇ બાબતનો ગૌરવ કરે છે ? શેનું અભિમાન કરે છે ? અને કાચમાં મુખડું નીરખી શેના ઉપર મલકાય છે ? તું તો કર્મને આધીન છે, કર્મપરિણામ રાજાના રચેલા મોટા રાસનો એક નાટકીઓ છે અને કાળપરિણતિ દેવી સાથે બેસી એ રાજા નાટક જુએ છે. તારે તો વેશ—ઉત્તરોત્તર ભજવવાનાં જ છે. ભવિતવ્યતા દેવી ગોળી આપે તે લઈ તારે એક પાઠ તેના હુકમ પ્રમાણે ભજવવાનો છે. તેં તો કૈક પાઠો ભજવ્યા છે, દરવખત નવાં નવાં રૂપ લીધા છે. આમાં તું કોઇ વખત કદાચ તારા મનથી સારૂં ઉન્નતિનું સ્થાન પામ્યો તો તેમાં પણ તારી હુશિયારી કાંઇ નથી. તને તે પાઠ ભજવનારા તો અન્ય છે, તેને તેં ઓળખ્યા નથી પણ તારે ઓળખવાની જરૂર છે અને એને ઓળખીશ એટલે તારૂં આખું નાટક તારા ધ્યાનમાં આવી જશે.

નવાં નવાં રૂપની ગોઠવણ કેવી રીતે થાય છે તેની આખી ઘટનાનું દર્શન ઉપમિતિકારે આબાદ ચીતર્યું છે. તે ત્યાંથી સમજવા યોગ્ય છે, પણ એમાં મલકાવા જેવું કાંઇ નથી. નાટક વિચારતાં આખા સંસારનું દર્શન થાય છે અને તે વિચારણા અત્ર કર્તવ્ય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં ( ગાથા ૩–૪ ) કહ્યું છે કેઃ—

एगया देवलोएसु नरयेसु वि एगया,
एगया आसुरं कायं अहाकम्मेहिं गच्छई ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एगया खत्तियो होइ, तओ चंडाल बुक्कसो,**
**तओ कीड पयंगो य, तओ कुंथु पिपीलिया॥**

" આ જીવ કોઇવાર દેવલોકમાં ઉપજે છે, કોઇવાર નારકીમાં ઉપજે છે, કોઇ વખત ભુવનપતિ આદિમાં અસુર થાય છે. એનાં કર્મ પ્રમાણે એ જાય છે. કોઇ વાર એ ક્ષત્રિય થાય છે, કોઇ વાર ચંડાળ અને વર્ણશંકર ( જુદી જુદી જાતિના માબાપવાળો ) થાય છે, કોઇવાર કીડો થાય છે, કોઇવાર પતંગ થાય છે, કોઇવાર કુંથુઆ થાય છે, કોઇવાર કીડી થાય છે."

હવે ક્યાં દેવ અને ક્યાં કુંથુઆ ? ક્યાં ભુવનપતિ અને ક્યાં પતંગિયો ? આ તે મોહ શો અને ચાળા શા ! તેવી જ રીતે જ્ઞાનાર્ણવકાર કહે છે કે—

**स्वर्गी पतति साक्रन्दं, श्वा स्वर्गमधिरोहति ।**
**श्रोत्रियः सारमेयः स्यात्क्रमिर्वा श्वपचोऽपि वा॥**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

સ્વર્ગનો દેવ રવડતો રવડતો નીચે પડે છે અને કુતરો મરીને ઊંચે સ્વર્ગમાં જાય છે. મોટો શ્રોત્રિય બ્રાહ્મણ ( સ્પર્શાસ્પર્શમાં ખૂબ માનનાર અને કુતરાને કે અસ્પર્શ્ય જાતિને અડી જવાય તો ન્હાનાર ) કુતરો થાય છે, કરમિયો થાય છે અથવા ચંડાળ થાય છે.' આ સર્વ બનવાજોગ છે, એમાં નવાઇ જેવું કાંઇ નથી. સંસારનું નાટક ચાલે છે અને તેના પાત્રો કર્મરાજા નચાવે તેમ નાચે છે અને તે ફરમાવે તેવા વેશ લે છે. નવાં નવાં રૂપ લેવાં તે પણ કર્મને આધીન છે, તેની સત્તાનો વિષય છે અને તેમાં તારે કાંઇ ઊંચા–નીચા થઇ જવાનું નથી. બરાબર નાટક જો અને વિચાર.

૪. આવી રીતે પરભવમાં તેં અનેક રૂપો લીધાં છે તે વાત બાજુએ રાખીએ, તો આ ભવમાં પણ તારી કેટલી દશાઓ થઇ છે તે તું જોઇ લે. બાળક હો ત્યારે સર્વ બાબતમાં ‘ પરવશ ’–ખવરાવે કોઈ, ધવરાવે કોઇ, ન્હવરાવે કોઇ, કપડાં પહેરાવે કોઇ અને પછી જરા ચાલતો થા ત્યારે તું ધૂળમાં રગદોળાયો, તેં ન અડવા યોગ્ય વિષ્ટાઓ ચુંથી, તારા ગાલ પર મેસના થપેડા વળગ્યા, નાકમાં ગુંગા, આંખોમાં ચીપડા, નસકોરામાં શેડા અને મ્હોંમાંથી લાળ ચાલતી તેં અનુભવી અને માતાનું દૂધ ધાવી–ધાવીને તું ઉછર્યો. પછી તું જવાનીઓ થયો એટલે અભિમાનથી ‘મત્ત’ થયો. જાણે ધરણી ઉપર પગ મૂકયા વગર અધર ને અધર ચાલતો હોય તેવો, રંગરાગમાં ઇસ્ત્રીબંધ કપડાં પહેરીને ચાલે ત્યારે જાણે પૃથ્વીનું રાજ્ય તારૂં હોય એવો તે સ્વાંગ ધારણ કર્યો. પછી આવ્યું ઘડપણ એટલે લાકડી લીધી હાથમાં. ઉધરસ ખાતો, શ્વાસ લેતો, દમથી શેકાતો, ડગમગતી ડોકીએ પરાધીન દશામાં જીવતે મુવા જેવો, આંખમાં પાણી અને મુખમાંથી લાળ પડતી હોય ત્યારે પાછો પરાધીન થઇ ઘરના એક ખૂણામાં બેસે છે. છેવટે તદ્દન પરસ્વાધીન થઇ જઇ યમદેવને તાબે થાય છે. સર્વને છોડી ચાલ્યો જાય છે. આ તો આ ભવમાં તારી દશા છે. તું બાલ્યવયમાં પરવશતાનો પાઠ ભજવે છે, પછી મદમસ્તનો પાઠ ભજવે છે, પછી ખરખર બોરડીનો પાઠ ભજવે છે અને છેવટે પાછો પરાધીનતાનો પાઠ ભજવે છે. આ હકીકત પણ તને ઓછી વિચારમાં નાખી દે તેવી–શરમાવે તેવી–મુંઝવે તેવી લાગતી નથી ? શેના ઉપર તારો રોફ છે ? આ સર્વ મસ્તી તું શા કારણે કરે છે ? તારો આ ભવનો તો વિચાર કર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે ગયા ભવોનો ઇતિહાસ વિચારવામાં આવશે કે આ ભવમાં થતી અનેક દશાઓ વિચારવામાં આવશે તો તારા મનમાં કોઈ વાર છતી વસ્તુનું અભિમાન આવશે અથવા તું ઉન્નતિનો દંભ કરતો હોઇશ તે વખત તને જરૂર વિચાર થશે.

આપણે તો આ નાટક જોવાનું છે. પ્રાણીઓ કેવા કેવા વેશ લે છે અને એક ભવમાં પણ કેવી કેવી સ્થિતિએ કેવા કેવા પાઠ ભજવે છે તે વિચારી સંસારને સાચા સ્વરૂપમાં સમજવા જેવો છે અને સમજીને તે પરથી ધડો લેવાનો છે.

**૫.** આ સંસારની એક બીજી પણ વિચિત્રતા જોવા જેવી છે. આ સંસારમાં જે પિતા થયેલ હોય છે તે પુત્ર થાય છે અને પુત્ર પિતા થાય છે. આવી રીતે સ્ત્રી બ્હેન થાય છે, માતા થાય છે અને માતા સ્ત્રી થાય છે. જુદા જુદા ભવોમાં આ પ્રમાણે બને છે.

અનંત ભવોની વિચિત્રતા દિવ્ય જ્ઞાનથી જોઇને વિશિષ્ટ જ્ઞાની કહી ગયા છે કે આ જગતના સર્વ જીવો અરસ્પરસ માતાપણે, પિતાપણે, ભાઇપણે, બ્હેનપણે, સ્ત્રીપણે, પુત્રપણે, પુત્રીપણે અને પુત્રની સ્ત્રી તરીકે થયા છે અને તે પણ અનેક વખત થયા છે. એ જ રીતે એકબીજાના વહાલા અને દુશ્મન પણ થયા છે. આખા સંસારની રચના જોવામાં આવે તો આમાં કાંઇ નવાઇ જેવું લાગતું નથી. **કુબેરસેના**એ વેશ્યાકૃત્ય કરી યુગલને જન્મ આપ્યો. માતાના આગ્રહથી બન્નેને પેટીમાં મૂકી નદીમાં છોડી દીધા. વેશ્યાએ બન્નેના હાથમાં વીંટી પહેરાવી. એક પર નામ લખ્યું **કુબેરદત્ત**, બીજી પર **કુબેરદત્તા.** નદીમાં ઘસડાતી પેટી દૂર ગઇ. બીજે ગામે બે વાણીઆના હાથમાં આવી. એકે દીકરો લીધો, બીજાએ દીકરી લીધી. બન્ને મોટા થયા. બન્નેના માબાપે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બંનેને જ પરણાવ્યા. પતી–પત્ની રમતા હતા ત્યાં એકની અંગુઠી નીકળી પડી. બન્નેએ સરખાવી જોઈ. એક કારીગરની બનાવેલી જાણી વિચારમાં પડ્યા. બાપાને પૂછ્યું. ભાઈ–બ્હેન છીએ એમ સમજાયું. ખેદ થયો. કુબેરદત્ત ઘર છોડી ચાલી નીકળ્યો. દુર્ભાગ્યે કુબેરસેના માતાને ગામે જ આવ્યો. માતા તો હજુ વેશ્યા જ હતી. પૈસા કમાઈ કુબેરદત્ત વેશ્યા તરીકે તેની પાસે ગયો. ફસાયો. તેનાથી એક છોકરો થયો. પરસ્પર એક બીજાને ઓળખતા નથી.

કુબેરદત્તાએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તે જ ગામે આવી. કુબેરસેનાને ઘેર ઉતરી. નાનો છોકરો રડવા લાગ્યો. તેને તેણે છાનો રાખતાં નીચેનાં સગપણ બતાવ્યાં:–( પુત્રની સાથે સગપણ. )

૧ તારી માતા ને મારી માતા એક છે એટલે તું મારો ‘ ભાઈ ’

૨ મારા પતિ કુબેરદત્તનો તું પુત્ર છે તેથી તું મારો ‘ પુત્ર ’

૩ મારા પતિ કુબેરદત્તનો નાનો ભાઈ એટલે મારો ‘ દીયર ’

૪ મારા ભાઈ કુબેરદત્તનો પુત્ર એટલે મારો ‘ ભત્રીજો ’

૫ કુબેરદત્ત મારી માનો પતિ–તેનો તું ભાઈ એટલે મારો ‘ કાકો ’

૬ કુબેરસેના મારી શોક્ય. કુબેરસેનાનો દીકરો કુબેરદત્ત તેનો તું પુત્ર એટલે મારો અને કુબેરસેનાનો તું ‘ પોતરો ’ (પૌત્ર) ( કુબેરદત્તની સાથેના સંબંધ ) તેને ઉદ્દેશીને બોલી:—

૭ આપણી બન્નેની માતા એક જ છે એટલે તું મારો ‘ ભાઈ ’

૮ મારી માતાનો તું પતિ એટલે તું મારો ‘ પિતા ’

૯ આ બાળક મારો કાકો ( નં. ૫ ) તેનો તું બાપ તેથી તું મારો ‘ દાદો ’

૧૦ આપણે પરણ્યા હતા તેથી તેટલા વખત માટે તું મારો ‘ પતિ ’

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧ કુબેરસેના મારી શોક્ય તેનો તું પુત્ર માટે મારો પણ 'પુત્ર'
૧૨ આ છોકરો મારો દીયર(નં. ૩) તેનો તું બાપ માટે મારો 'સસરો'

(કુબેરસેના સાથેનો સંબંધ) તેને ઉદ્દેશીને બોલી:--

૧૩ મને જન્મ આપનાર તું તેથી તું મારી 'માતા'
૧૪ કુબેરદત્ત મારો પિતા (નં. ૮) તેની તું માતા માટે 'મારી દાદી'
૧૫ કુબેરદત્ત મારો ભાઇ તેની તું પત્ની એટલે મારી 'ભાભી'
૧૬ મારી શોક્યના પુત્ર કુબેરદત્તની તું પત્ની તેથી મારી 'પુત્રવધૂ'
૧૭ મારા પતિ કુબેરદત્તની તું માતા તેથી તું મારી 'સાસુ'
૧૮ મારા પતિ કુબેરદત્તની બીજી સ્ત્રી તેથી તું મારી 'શોક્ય'

ત્રણ દૃષ્ટિએ આ અઢાર સંબંધો [1] ખૂબ વિચારવા યોગ્ય છે અને આ જીવે આવા સંબંધો ભવપ્રપંચમાં તો અનેક વખત કર્યા છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

સંસારની આ વિચિત્રતા વિચારીને હજુ તારો મનુષ્યભવ બાકી છે ત્યાં સુધીમાં એ સર્વને તું તજી દે. તને આવી વિચિત્રતા જોઇ આ સંસાર પર ચીતરી ચઢતી નથી? તું ક્યાં મોહ કરી રહ્યો છે? કોના ઉપર મોહ પામ્યો છે? એ કોણ છે? એના પૂર્વ સંબંધો તારી સાથે શા છે? એ સર્વ જરા વિચાર અને હવે બાકી રહેલા આયુષ્યના ભાગમાં એ સર્વ વિચિત્રતાઓ છોડી દે અથવા એવી વિચિત્રતાઓ વધે નહિ એવો માર્ગ શોધ.

સંસારની અનેક વિચિત્રતા તેં અત્ર (આ ભાવનામાં) જોઇ, પણ તેમાં આ વિચિત્રતા તો શિખરે ચઢે એવી છે, એનો વિચાર કરતાં ત્રાસ આપે તેવી છે અને મગજને મુંઝવી નાખે તેવી છે; પણ સાચી હોઇ મગજને ઠેકાણે લાવે તેવી અને તે દ્વારા તને

---

૧ આ પ્રમાણે બીજા ત્રણને પણ ૧૮-૧૮ સંબંધ થયા છે, તેથી કુલ ૭૨ સંબંધો શ્રી પ્રશ્નચિંતામણિમાં સવિસ્તર બતાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માર્ગ પર લઈ આવે તેવી પણ છે. પુનરાવર્તનને ભોગે તને કહેવાની જરૂર છે કે સંસારની આ મહા વિચિત્રતા ખૂબ વિચારજે અને વિચારીને નરભવના બાકીના ભાગને સારા ઉપયોગમાં લેજે.

અહીં જે વાર્તા લખી છે તે જરા નવાઈ જેવી લાગે તેવી છે, પણ વિચિત્ર સંસારચક્રમાં બનવાજોગ છે અને અનંત સંસારમાં સર્વ વિચિત્ર સંબંધો થાય છે તેની દિવ્યજ્ઞાનવાળા સાક્ષી આપે છે. ખૂબ વિચારવા જેવી આ વાત છે. એની વિચારણામાં સંસાર પર જય છે અને ઉપેક્ષામાં સંસારનો તારા પર જય છે એ વાત તું ખૂબ ધ્યાનમાં રાખજે. ન ગમે તેવું સત્ય હોય પણ જ્યારે વિચારણા કરવા બેઠા ત્યારે એને એના નગ્ન આકારમાં રજુ કરવું જ રહ્યું અને આ તો ન ગમે તેવી પણ બહુ મુદ્દાની વાત હોઈ ખાસ વિચારવા યોગ્ય છે.

૬. મોહરાજાએ આ પ્રાણીની કેવી દશા કરી છે તે જોવા જેવું છે. એક માણસ દારૂ પીવે અને પછી એવડાની કેફમાં લડથરીઆં ખાય, ગટરમાં પડે, પોતાનાંને પણ ન ઓળખે અને તદ્દન ગાંડો થઈ ગમે તેમ વર્તે તેના જેવી આ પ્રાણીની દશા મોહરાજાએ કરી દીધી છે, એને તદ્દન મુંઝવી નાખ્યો છે અને એની વિચારણાશક્તિ, પૃથક્કરણશક્તિ અને સદસદ્વિવેક-શક્તિ પર હડતાળ લગાવી છે. આ પ્રાણીનું વર્તન જોઈએ એટલે એના પર મોહની કરેલી કેફની અસર કેટલી થઈ છે અને તેથી એ 'ક્ષીબ'—તદ્દન પરાધીન, બુદ્ધિહીન, વિચારણા-શૂન્ય કેવો થઈ ગયો છે તેનો ખ્યાલ આવશે.

આ જીવનમાં જોવામાં આવશે તો ઉપાધિનો પાર નથી, દુઃખનો અંત નથી અને અગવડોનો પાર નથી. જીવનકલહ એટલો આકરો છે કે એની ખાતર પ્રાણી કંઈક પાપો સેવે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આઘાતો ખમે છે, પારાવાર મુશ્કેલીઓમાંથી પસાર થાય છે. એ ભૂખ સહે છે, પરદેશ વેઠે છે, તર્કટો કરે છે, સાચાં-ખોટાં કરે છે અને આખો વખત જાણે પેટ ભરવા જ જન્મ્યો હોય એમ વર્તે છે. એને સગાંનાં મરણોનાં દુઃખ, એને મિત્રો ખોઇ બેસવાનાં દુઃખ, એનાં શેઠીઆઓનાં હોકારા, એના અમલદારોના ત્રાસ, બીજા ઉઘરાવનારાઓનાં દુર્વચનોનું શ્રવણ વિગેરે દુઃખો તો જાણે દરરોજના થઇ પડ્યા છે. શરીરના ત્રાસો ઓછા નથી, એને ઠંડા કે ગરમ થતાં વાર લાગતી નથી અને એ અનેક પ્રકારે બોજારૂપ થયા કરે છે. આવાં તો પારવગરનાં ' દુઃખો ' આ સંસારમાં સામાન્ય રીતે ભરેલાં છે અને તે ઉપરાંત અંગત દુઃખોનો તો હિસાબ નથી.

એની માનસિક ' અર્તિ '-ઉચાટોનો સરવાળો કરીએ તો તો પાર ન આવે તેવું છે. મનના સંતાપો અને ઉચાટોથી આ સંસાર ભરેલો છે. એક દિવસ ઉચાટ વગર જતો નથી. કેટલાક સાચા, કેટલાક કલ્પિત અને કેટલાક ઉભા કરેલા ઉચાટો આ જીવને હેરાન કર્યા જ કરે છે અને તે દરરોજ જાણે આ પ્રસંગોમાંથી નાસી છૂટી, જંગલમાં ભાગી જવા ઇચ્છે છે.

વ્યાધિઓની ઉપાધિઓ કહી-કથી જાય તેમ નથી. મહારોગો જોયા કે અનુભવ્યા હોય તો એનો સાચો ખ્યાલ થાય, પણ મોટા વ્યાધિની શી વાત કરવી? શરીરમાં એક નાનું સરખું ગુમડું થયું હોય તો આખું ધ્યાન તેના તરફ જ રહે છે અને જાણે આખું શરીર એ એક જ જગ્યાએ આવી પડ્યું હોય તેમ સણકા મારે છે. દાઢની પીડા, બગલમાં બાંબલાઈ કે નાકમાં એક નાની સરખી ગુમડી ( માલણ ) થઇ હોય તો

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેન પડવા દેતી નથી અને ક્ષય, અતિસાર, ભગંદર, કોઢ કે એવા મહાવ્યાધિ થયા હોય ત્યારે તો ઉપાધિને પાર રહેતો નથી.

આખો સંસાર તપાસીએ તો તેમાં ઉપરનાં અને બીજાં અનેક ( ૧ ) દુઃખો, ( ૨ ) ઉચાટો અને ( ૩ ) વ્યાધિઓ ભરેલાં છે. કોઇ માંદો પડે ત્યારે આપણે જોવા—ખબર પૂછવા જઇએ છીએ અને આપણો વારો આવે ત્યારે તે ખબર પૂછી વિદાય થાય છે. આવી ઉપાધિઓથી ભરેલા સંસાર સાથે આપણે કામ લેવાનું છે. દરરોજ આપણે દુઃખ, અર્તિ અને વ્યાધિમાં સબડીએ છીએ, એનાથી બળી—જળી રહીએ છીએ અને એનાથી કંટાળી હેરાન—હેરાન થઇ જઇએ છીએ.

છતાં આશ્ચર્યની વાત એ છે કે એ સંસારને આપણે ચાટતા જઇએ છીએ. આપણને ગમે તેટલો કડવો અનુભવ થાય, આપણે ઠેકાણે ઠેકાણે પાછા પડીએ, આપણો કાંઈ પત્તો ન લાગે, આપણી કાંઈ ગણતરી ન થાય, આપણને અનેક વ્યાધિઓ વળગેલા હોય અને નિરાંતે કદી ઉંઘતા ન હોઇએ, ઉંઘમાંથી ફફાળા ઊઠી જતા હોઈએ; છતાં પણ એ સંસારને આપણે વળગતા જઈએ છીએ. જ્યાં પાર વગરની ઉપાધિ ખમી ત્યાંથી જ આપણે સુખ મેળવવાના ફાંફાં મારીએ છીએ અને ઉપરથી એકાદ મધનું ટીપું પડી જશે એવી આશામાં પડું પડું થઈ રહેલી ડાળને વળગતા જઇએ છીએ. આ દશા દારૂડીયાની હોય કે કોઇ સમજુ પ્રાણીની હોય ? જ્યાં અપમાન, ઉચાટ અને સંતાપ મળતાં હોય ત્યાં સમજુ પ્રાણી તો જાય નહિ. દારૂના કેફમાં વિવેક ભૂલી એ સંસારમાંથી આનંદ મેળવવાના ખોટા પ્રયાસો છે, એમાં જરા પણ માલ નથી અને જ્યાં સાચું ચિરસ્થાયી સુખ નથી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાંથી તે મેળવવાના વલખાં છે. દારૂડીઆ વગર એ ધંધો કોઇ સમજુ તો કરે જ નહિ.

જીવને એ મદિરા પાનાર મોહરાજા છે. એનું આ સંસાર પર સામ્રાજ્ય છે. એનો માર્ગ વિષમ છે, અતિ ઉંડાણમાં છે અને ચિત્તવૃત્તિ અટવીમાં આવેલો છે. એના એજન્ટો એટલા બધા છે કે એક યા બીજી રીતે પ્રાણીને કેફમાં જ રાખે છે અને એની વિવેકબુદ્ધિને તદ્દન નિર્જીવ બનાવી દે છે. આવો આ સંસાર છે! અને તેમાં તારે રંજન થવું છે, તારે તેમાંથી કસ કાઢવો છે, તારે તેમાંથી ઉપભોગ મેળવવા છે! ધન્ય છે તારી વિવેકબુદ્ધિને! વિચારણાને!! પરીક્ષક શક્તિને!!!

સંસારના આ ચિત્રમાં જરા પણ વધારે પડતી વાત નથી. પોતાનો અનુભવ જ એ માટે પૂરતો છે. માત્ર લાંબી નજરે પોતાનો જીવનક્રમ વિચારી જવામાં આવે તો એમાં સાર જેવું કાંઇ નીકળે તેમ નથી. વિચાર, જો, સમજ, અવલોકન કર, ઉંડો ઉતર.

૭. આ ભવનું એક ચિત્ર જરા વિચારી લે. કર્મપરિણામ રાજા કાળપરિણતિ રાણી સાથે બેસી ભવનાટક જુએ છે. એ કાળપરિણતિ રાણીને અત્ર બટુકનું રૂપક આપ્યું છે. બટુક એટલે લુંટારો અથવા ભિખારી. આપણે "કાળ" નું સ્વરૂપ વિચારીએ. એ યથાયોગ્ય કાળે વસ્તુનો કે પ્રાણીઓનો આપણને સંયોગ કરાવે છે. વખત પૂરો થાય ત્યારે તે વસ્તુનો વિયોગ કરાવે છે. વસ્તુ પોતે બગડે, પડે, સડે અને ગંધાઇ જાય કે નકામી થઇ જાય તે પણ કાળ જ કરે છે, એનાથી અમુક વૃક્ષને અમુક કાળે ફળ આવે છે, વિગેરે. કાળને તેટલા માટે છ દ્રવ્યમાં એક દ્રવ્ય ગણવામાં આવેલ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એ કાળરૂપ ચોર, ધાડપાડુ આ પ્રાણી સાથે કેવી રમત રમે છે તે જુઓ. તે કોઇ વખત જરા સુખ દેખાડે, છોકરા ન હોય તેને છોકરાં આપે, ઘર ન હોય તેને ઘર વસાવી આપે, નોકરી ન મળતી હોય તેને ઠેકાણે પાડે અને પ્રાણી સમજે કે હું સુખી થયો. એવી જ રીતે ઘણા થોડાને એ વૈભવ મેળવી આપે, પોતે મોટો શેઠીયો કે માલીક બની જાય; પણ પાછો થોડો વખત થાય ત્યાં એ નીચેની ઇંટ ખેંચી લે છે. એકનો એક છોકરો ચાલ્યો જાય છે, પછવાડે વિધવાને મૂકતો જાય છે, ધન પગ કરીને ચાલ્યું જાય છે અને બુધવારિયામાં નામ નોંધાવવાના દહાડા આવે છે, સગવડો સર્વ ખેંચાઈ જાય છે અને ઉપરાઉપરી આફતો આવતી જાય છે. સાંસારિક સર્વ સુખો—કલ્પનાથી માની લીધેલાં સુખો અને વગર જરૂરીઆતે એકઠા થયેલ વૈભવોની આ સ્થિતિ થાય છે અને છેલ્લા મહાવિગ્રહ પછી તો આપણે આ સર્વ વાત નજરે જોઇ છે.

કાળ ચોરટો એવી સિફતથી કામ લે છે કે એ જરા જરા ઉપર ઉપરનાં સુખો આપી આ પ્રાણીને લલચાવે છે અને પછી ધકેલી મૂકે છે. નાના બાળકને સેવ ને મમરા ગોળનો લાડવો આપી તેની કડલી કાઢી લેવામાં આવે તેવું કાળબટુકનું આ પ્રાણી સાથે વર્તન છે. આ ભવમાં પણ આ પ્રાણીની—આપણી પોતાની સાથે કાળબટુક આવી ચેષ્ટા કરે છે અને અનેક પ્રકારના ચેડાં કાઢે છે. તે જાણે તદ્દન અણુસમજુ નાનો બાળક હોય તેમ તેની સાથે વર્તે છે, પછી અહીંના કર્મથી ભરેલા પોટલાઓ ઉપડાવીને જીવને એ બીજે લઇ જશે. ત્યાં તો તેના કેવા સંસ્કાર કરશે એ તો આખો જુદો જ વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત વિચારવાની એ છે કે કદાચ જરા માન્યતાનાં સુખ કે વૈભવ મળી જાય તો પણ તે ક્યારે સંહરાઈ જશે અને તેની સાથેનો સંબંધ ક્યારે પૂરો થશે તે આપણે કદી પ્રથમથી જાણતા નથી, પણ કઇકનાં સુખ–વૈભવો થોડા વખતમાં લેવાઇ જતાં આપણે નજરે જોયાં છે તેથી કદાચ તને વ્યવહારથી થોડાં સુખ–સમૃદ્ધિ કે વૈભવ મળ્યાં હોય તો પણ તેના ઉપર કેટલો વિશ્વાસ રાખવો તે તું વિચારજે. આખા સંસારનો ખ્યાલ કરીશ તો તને એમાં કાળબટુકની રમત જ દેખાશે. આ રમત સમજવી એ સંસારભાવના છે.

૮. આવો સંસાર છે! એના ગોટાળાનો પાર નથી, એમાં મોહરાજા અથવા કર્મરાજા તથા કાળબટુકના વિચિત્ર પ્રયોગો થાય છે, એમાં પ્રાણીને નિરાંતે બેસવાની તક પણ મળતી નથી અને એમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ ભરેલાં છે. ટૂંકામાં સંસારને ઓળખવા ઘણી વાતો કરી દીધી. એ પરથી તારે શું કર્તવ્ય પ્રાપ્ત થાય છે તે પણ તું જોઇ લે એટલે આ વિચારણા નકામી તણાઈ ન જાય.

આને અંગે બે બાબત ખાસ ભલામણ કરવા યોગ્ય છે. એક તો ઉપર જણાવ્યા તેવા પાર વગરના ભયોને કાપી નાખે, એનો સર્વથા નાશ કરે, એવા કોઈ આશ્રયનું સ્થાન હોય તો તેનો આશ્રય કરવો. આ પ્રાણીને મોહરાજાએ ગાંડો બનાવી દીધો છે, ફેરી બનાવી દીધો છે, અક્કલશૂન્ય બનાવી દીધો છે, એને સંતાપ, ઉપાધિ, રખડપાટા, અપમાન, નવાં નવાં રૂપો અને વિવિધ નાટકો ભજવીને જ્યાં ત્યાં કૂટાવાનું છે; પણ એને ઠરીને ઠામ બેસવાનો વારો આવતો જ નથી. જરા ઠેકાણે પડે કે બાજુમાં બગડે, નવ સાંધે ત્યાં તેર તૂટે એવી એની દશા છે અને હમેશાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનું કોણ લઇ જશે અને એને પોતે કયારે ખોઇ બેસશે એની એને સદૈવ ચિંતા રહે છે. કીર્તિનાશ, ભય, રાજ્ય ઉપદ્રવ, અકસ્માત વિગેરે અનેક ભયોથી ઘેરાયલો પડ્યો છે અને એની છાતી બેસી જાય એવી એની વિચાર કરે તો દશા છે.

આ સર્વ ભયોને ભય તરીકે ઓળખાવનાર કોઇ હોય અને તેમાંથી પ્રાણીને ઉપર આવવાનો માર્ગ બતાવનાર જો કોઈ આશ્રયસ્થાન હોય તો તેનો માર્ગ બતાવવાની ગ્રંથકર્ત્તાની ફરજ છે. માત્ર ભયનાં નામો ગણાવવાથી કાંઇ દહાડો વળે તેમ નથી.

ગ્રંથકર્ત્તા કહે છે કે–તીર્થંકર મહારાજે એ મોહને જીત્યો છે, એના ઉપર એમણે સામ્રાજ્ય મેળવ્યું છે અને એમણે એ રાજાને બરાબર પારખી લઈ ઉઘાડો પાડ્યો છે અને તેના તાબામાંથી નીકળી જવાના, તેના અધિકારમાંથી દૂર ખસી જવાના રસ્તા બતાવ્યા છે. એમના ધ્યાનમાં એવું સ્થાન આવ્યું છે કે જ્યાં મોહ, કર્મ કે કાળ કોઇનું આધિપત્ય ચાલતું નથી. વળી ત્યાં જવાના માર્ગો પણ તેમણે જોઈ, જાણી, અનુભવી, બતાવી રાખ્યા છે અને એ માર્ગ લેવાથી ઉપર જણાવેલા સર્વ ભયોનો ભેદ થઈ જાય એવી આશા છે. એ આશા તે મોહરાજાની જાળ જેવી દંભી કે ગોટાવાળી નથી, પણ બરાબર અનુભવથી સિદ્ધ થયેલી એ વાત છે. એ માર્ગ એમની વાણી અને એમની રચનામાં છે. એમણે મોહરાજાનો બરાબર પત્તો મેળવ્યો છે અને એનો પીછો લીધો છે. એમનાં વચનને તું બરાબર તારા મનમાં ધારણ કર.

મોહરાજાનું સ્થાન કયાં આવ્યું છે? તેની સંસાર પર શી અસર છે? તેના પંજામાંથી નીકળવાના કયા રસ્તા છે? એ સર્વ બાબતની આખી શોધ એ જિનપ્રવચને કરી છે. રાગ–દ્વેષને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીતનાર ‘ જિન ’ કહેવાય છે. મોહના બે પુત્ર : રાગ–દ્વેષ. તેમને જીતનાર હોવાથી તે ‘ વીતરાગ ’ કહેવાય છે, સંસારમાં રહી પુરૂષાર્થ કરી મોક્ષ સાધનાર હોવાથી ‘ અર્હત્ ’ કહેવાય છે, અને એ મોહરૂપ મોટા દુશ્મનને અને ખાસ કરીને કર્મોરૂપ દુશ્મનોને સામાન્ય રીતે હણનાર હોવાથી ‘ અરિહંત ’ કહેવાય છે. એના વચનોને તું મનમાં ધારણ કર, ગોઠવ અને તે પર સારી રીતે વિચાર કર. સંસારનું આખું સ્વરૂપ તે તને બતાવી માર્ગે ચઢાવી આપશે.

બીજી કોઈ જગ્યાએથી તને સંસારની બરાબર ઓળખાણ થતી હોય તો તે વચન સ્વીકારવાનો અત્ર નિષેધ નથી. લેખકશ્રી કહે છે કે એમણે અનેક પ્રકારની પરીક્ષામાંથી જિનવચનને તાવી–તપાસી–ચકાસી જોયું છે અને તે સ્પષ્ટ અને સંસારને ઓળખાવનાર હોઈ તારી આ પ્રકરણમાં કહેલી સર્વ ગુંચવણોનો નિકાલ કરે તેવું છે. ગમે તે રીતે તેને તું ઓળખ એ મુદ્દો છે, પણ ઉપરઉપરની વાતોથી વળવાનું નથી. એને મનમાં ધારણ કરી તે પર ખૂબ વિચાર કરવાનો છે.

બીજી વાત એ છે કે શમામૃતનું પાન કરીને તું મોક્ષ સાથે તન્મય ભાવ કરી દે. તને સંસાર અનેક ઉપાધિથી ભરપૂર, ચિંતાનું સ્થાન લાગ્યો છે તો તારે મોક્ષ મેળવવો જ રહ્યો. સંસારથી છૂટવું એનું નામ જ **મોક્ષ** છે. તને આખી વિચારણા–ભાવના વિચાર્યા પછી એમાંથી નાસી છૂટવું જરૂરી લાગતું હોય તો શાંતરસનું પાન કરવા મંડી જા, લોટા ભરી ભરીને એને પી અને તે રીતે મુક્તિ સાથે તારી એકતા તું સ્થાપ. વિનય ! તું ખરો વિનીત હો, તારે સાચે માર્ગે ચઢવું જ હોય અને આ સંસારથી તું ખરો કંટાળી ગયો હો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો તારે આ બન્ને વાત કરવી ખાસ અગત્યની છે અને આ સંસારભાવના ભાવવાનું એ સાચું ફળ છે.

વિનયને ઉદ્દેશીને કહેલી આ આખી વાર્તા, આ ચિત્રપટ વિનયવિજય ઉપાધ્યાયે પોતાની જાતને ઉદ્દેશી લખ્યું છે, પોતાને જ કહ્યું છે અને તે દ્વારા પોતાનું નામ પણ જણાવી દીધું છે.

સંસાર આખાનું સ્વરૂપ, એની પ્રત્યેક પરિસ્થિતિનું સ્વરૂપ, એની અંદરના આવિર્ભાવો, મનોવિકારો અને ભાવો સંક્ષેપમાં ચીતરવા એ બહુ મુશ્કેલ કાર્ય છે. સંસારનું ચિત્ર ચીતરવામાં તો ગ્રંથ ભરાય તો પણ વાતો પૂરી થાય તેમ નથી. ગ્રંથકર્ત્તાએ તેટલા માટે ઘણી મુદ્દાની વાત કરી, બીજી સમજીને વિચારી લેવા શ્રોતાની બુદ્ધિ ઉપર રાખ્યું હોય એમ જણાય છે. સંક્ષેપમાં તેમણે નીચેના મુદ્દાઓ નિર્દેશ્યા છે:—

( ૧ ) મનોવિકારો બહુ ક્ષોભ કરે છે. લાક્ષણિક દૃષ્ટાંત તરીકે લોભ અને તૃષ્ણા.

( ૨ ) ચિંતા વધતી જ જાય છે અને સંસારમાં પાત થાય છે ત્યારે પીડાનો છેડો આવતો નથી.

( ૩ ) પ્રાણી માતાની કુખમાં આવે ત્યારથી તે વૃદ્ધ થાય ત્યાં સુધી કષ્ટ, કષ્ટ અને કષ્ટ જ પામે છે.

( ૪ ) આ પ્રાણી પાંજરામાં પડ્યો છે અને ભ્રમિતની પેઠે ભમ્યા કરે છે, એની સામે મરણ ખડું છે.

( ૫ ) એણે અનેક રૂપો લીધાં, અનંત આકારો લીધા અને અતિ લાંબા કાળથી એ ભમ્યા જ કરે છે.

( ૬ ) મોહરાજાએ એને બરાબર ગળેથી પકડ્યો છે અને વિપત્તિ તરફ એને તે ઘસડી જાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૭ ) જે સ્વજન–સંતતિ ખાતર એ સંતાપ કરે છે, તે સમજ્યા વગરની વાત છે, ખોટી ફસામણ છે.

( ૮ ) કોઇવાર ઉન્નતિને શિખરે ચઢે છે તો કોઇવાર અધમાધમ થાય છે. કર્મથી નવાં નવાં રૂપો લે છે.

( ૯ ) નાનપણથી માંડીને મૃત્યુ પામવા સુધી એ દરેક બાબતમાં પરવશ છે. એના હાથમાં કોઇ રમત નથી.

(૧૦) સગપણની વિચિત્રતા મુંઝવે તેવી છે. મા સ્ત્રી થાય છે વિગેરે વિચારી જવા જેવી વાત છે.

(૧૧) સંસાર દુ:ખ, સંતાપ અને રોગથી ભરેલો છે અને ત્યાંથી સુખ મેળવવું છે !

(૧૨) કાળ જરા સુખ બતાવી પાછો સંહરી લે છે. એના ઉપર વિશ્વાસ શો ?

આ મુખ્ય મુદ્દાઓ છે. બાકી સંસાર–રચનાનો વિશાળ ખ્યાલ કરવો હોય તો શ્રી ઉપમિતિભવપ્રપંચા કથામાં શ્રી સિદ્ધર્ષિગણિએ **સંસારી જીવનું** જે ચરિત્ર આપ્યું છે તે આખું વિચારવા યોગ્ય છે. એમાં પણ ચોથા પ્રસ્તાવમાં વિમર્શ અને પ્રકર્ષ–મામા ભાણેજ રસનાનાં મૂળની શોધ કરવા નીકળ્યા છે. પછી ભવચક્રપુરમાં જાય છે અને ત્યાં જે જે દેખાવો જુએ છે તે સર્વ ખાસ વિચારવા યોગ્ય છે. ચિત્તવૃત્તિ અટવીને છેડે મોહરાજાનો આખો મંડપ ચીતરી અને વિપર્યાસ સિંહાસન ઉપર તેને બેસાડી જે કમાલ કરી છે તે આખા સાહિત્યમાં અલંકારરૂપ હોવા સાથે લાક્ષણિક, મર્મસ્પર્શી અને વિચારણીય છે. મોહરાજાનો આખો પરિવાર વિચારવા યોગ્ય છે, એની શક્તિ, કાર્યપદ્ધતિ અને કામ લેવાની આવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડત વિચારવા યોગ્ય છે. એના રાગ–દ્વેષ છોકરાં અને સોળ નાનાં બાળકો ખૂબ સુંદર રીતે ચીતર્યાં છે. એ જ પ્રસ્તાવમાં વિવેક પર્વત પર ચારિત્રરાજનો આખો પરિવાર ચીતર્યો છે તે પણુ એટલો જ આકર્ષક છે.

આ આખો સંસાર જેની આસપાસ આપણે તાપણી તાપી બેસી રહ્યા છીએ અને જેમાં અનેક વખત પાછા પડીએ છીએ, અપમાન ખમીએ છીએ, મુંઝાઇએ છીએ, છટકી જવાના સંકલ્પો કરીએ છીએ અને અંતે જે મળ્યું હોય તેટલાથી ચલાવી વધારે મેળવવાની આશામાં ગુંચવાઇએ છીએ તેનો વિસ્તારથી ખ્યાલ કરવાની જરૂર છે. જરા વિચારીએ. પ્રથમ આ શરીરમાં આપણે ગુંચવાયા છીએ. એ શરીર કેટલાં વર્ષ ચાલશે ? એ આપણું નથી, સદા સાથે રહેવાનું નથી, તે તો આપણે અનેક પ્રસંગે જોઈ ગયા. પછી આપણે સ્ત્રી કે પતિમાં ગુંચવાઇએ છીએ. જેઓ સંસારમાં એટલા પૂરતા ન પડ્યા હોય તેમને આ વાત લાગુ ન પડે, પણ બીજા સર્વને પ્રથમ પંક્તિએ પોતા પછી સ્ત્રી બહુધા આવે છે. એની ખાતર સંસારમાં પડી રહેવું ઉચિત છે ? એમાં નૈસર્ગિક પ્રેમ છે કે વિષયાન્ધતા છે એનો કદી વિચાર કર્યો છે ? એમાં પરસ્પર સાચો રાગ છે કે ક્રીડાનાં સ્થાનો માત્ર છે એ વિચાર્યું છે ? બહુ ઉંડા ઉતર્યા વગર આ વાતનો ખ્યાલ નહિ આવે. પછી પુત્ર–પુત્રીઓ આવે. તેઓ શક્તિ કે આવડત વગરના છે એમ ધારી તેમને અન્યાય સમજુ માણસ તો ન જ કરે અને એની ખાતર અનંત ભ્રમણનો સ્વીકાર તો સાદી બુદ્ધિવાળો પણ ન જ કરે. આ ઉપરાંત સગાંસંબંધી કે માતા–પિતાના માની લીધેલા સ્નેહને પણ સમજુ માણસ વિવેકદૃષ્ટિએ વિચારે. એની ખાતર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારમાં કોઈ પણ પડતું નથી અને પડવાની ભ્રમણા લાગે છે તે કલ્પિત કોઈ તદ્દન ખોટી છે, માત્ર માન્યતામાં છે તે બરાબર પૃથક્કરણ કરતાં જરૂર સમજાય તેમ છે. જો ઘરબાર કે પૈસાનો ચોથો ભાગ પણ પરભવમાં સાથે લઈ જવાતો હોય તો કોઈ છોકરાંઓને વારસો પણ ન આપે.

આ પ્રાણીને ધન ઉપરનો સ્નેહ છે એ તો ભારે આકરો છે. એને ધનના વિચારમાં મજા આવે છે, ધનની વાતોમાં ખૂબ રસ પડે છે, ધન કમાવા માંડે ત્યારે તે એક રસ થઈ જાય છે તેમજ ધન અને ધનની ઝંખનામાં એ વિવેક પણ ભૂલી જાય છે. પોતાની જરૂરીઆત કેટલી તેનો એ કદી સરવાળો કરતો નથી અને એના કૂટ ખ્યાલ પ્રમાણે એને સંતતિ માટે કેટલું જુદું રાખવું ઘટે એ કદી વિચારતો નથી. એ તો જમેના સરવાળા કરવામાં અને સરવૈયા જોવામાં એટલો ઉંડો ઉતરી જાય છે અને પછી તેને અંગે એનો એવો પાત થાય છે કે એની વાત કરવી નહિ. ન્યાય કે અન્યાય, નીતિ કે ધર્મ, સર્વને બાજુએ મૂકી એ તો ધન પાછળ દોડે છે અને હેતુ કે અર્થ વગર સંસારને વધારી મૂકે છે.

આવો આ સંસાર છે. એમાં બાહ્ય ઉપાધિઓનો પાર નથી. સર્વનાં મન જાળવવાં અને કર્મીમાં ખપવું એ એટલી મુશ્કેલ વાત છે કે એમાં ઘસડબોરાનો પાર નથી અને છતાં વાસ્તવિક રીતે કોઈ આભાર માનતું પણ નથી. એકનો એક દીકરો બાપ પહેલાં ચાલ્યો જાય, સ્ત્રી હૃદયનો પ્રેમ રાખે નહિ અને મિત્રો દ્રોહ કરે, સગાંઓ એણાં દીધાં કરે, પરોક્ષમાં નિંદા કરે— આ સર્વ દરરોજ દેખાય છે. એનાં સુખ માત્ર માન્યતામાં છે અને તે પણ સોએ નેવું ટકા તો સંસારની ચક્કી પર દળાવાનું જ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. પ્રાણી મહાઆપત્તિમાં જીવન ઘસડે છે અને મરવાની ઇચ્છા કરતાં સંસારને વળગતો જાય છે. આમાં જીવન જેવું કશું નથી, હેતુ જેવું કાંઈ નથી, સાધ્ય કે સાધનનો છાંટો પણ નથી.

આવી બાહ્ય ઉપાધિઓની વાત તો આપણે ઘણી કરી, પણ અંદરની ઉપાધિનો હિસાબ કરીએ તો મગજ ઠેકાણે રહે તેમ નથી. વિચાર કરતાં કાંઠો હાથ લાગે તેમ નથી અને જાણે આપણે ભરદરિયે રખડી પડ્યા હોઈએ એવી ગંભીર સ્થિતિમાં આવી પડીએ છીએ. આપણને અંદરના મનોવિકારો કેવી રીતે ત્રાસ આપે છે તેનો જરા વિચાર કરીએ તો એક એક વિકારના નાના આવિર્ભાવો આપણને મુંઝવવા માટે પૂરતા થાય તેમ છે. એના લાક્ષણિક દૃષ્ટાંત તરીકે આપણે લોભને લઇએ. લોભનો છેડો નથી, એ વધતો જ જાય છે. જેમ જેમ લાભ મળે તેમ તેમ વધારેની આશા થાય છે અને મનોરથો કદી સંપૂર્ણ થતાં જ નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં એને 'આકાશ' સાથે સરખાવેલ છે. એનો પાર જ—છેડો જ આવતો નથી. લોભ અનેક પાપનું મૂળ છે. શાસ્ત્રકાર કહે છે કે લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. એ જ રીતે માયા—દંભ પણ અંદર રહીને ગોટા વાળે છે. મનમાં કંઇ રમત હોય, બોલવું બીજું અને વર્તન વળી તદ્દન ત્રીજા પ્રકારનું. ક્રોધ અને માન તો વ્યવહારથી પણ મહા અહિત કરનાર અને દેખીતા દુર્ગુણો છે.

એ ઉપરાંત બીજા આંતર વિકારોનો પાર નથી. મત્સર કરી પારકાનું અહિત ચિંતવવું, હાસ્યમાં બીજાની મશ્કરી કરવી, ઇંદ્રિયના વિષયોમાં આનંદ માનવો, મોજશોખમાં સુખ માણવું, જરા ઓછું પડે ત્યાં અરતિ કરવી, નાની નાની બાબતમાં કે કોઇનાં વિયોગ કે મરણે શોકથી તપી જવું, અનેક જાતના સાચા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ જ કલ્પિત ભયોથી ગભરાવું, આંખને ન ગમે તેવી ચીજ કે માણસને જોઈ દુગંચ્છા કરવી, ધૈર્ય ન રાખવું, પ્રમાણિકતા પર પાણી ફેરવવું, કૂટ વ્યવહાર કરવો, મનની વિશાળતાનો ત્યાગ કરવો, પરસ્ત્રી તરફ પ્રેમ કરવો, કુછંદે ચઢી જવું, જુગટાં ખેલવાં, ખોટાં આળ આપવા, અદેખાઇ–ઇર્ષ્યા કરવી, કલહ કરવો, નિંદા કરવી વિગેરે અનેક મનોવિકારો છે અને તેનાથી આ સંસાર ભરેલો છે. એમાંથી જાણે ક્યારે છટકી જવાય એવું થયા કરે છે છતાં છટકી જવાતું નથી એ સાચી વાત છે, કારણ કે સંસારને એના ખરા આકારમાં આ પ્રાણીએ કદી ઓળખ્યો નથી અને ઓળખવાનો વખત આવે ત્યારે આ પ્રાણી આંખો બંધ કરી દે છે. એ વસ્તુતઃ સંસારને બરાબર ઓળખતો જ નથી અને નકામો તણાઇને હેરાન થયા કરે છે.

આખા સંસારનો ખ્યાલ કરવો તો મુશ્કેલ છે. આ ભાવનામાં એની રૂપરેખા સારી ચીતરી છે. આપણે આખા સંસારનો વિચાર કરીએ ત્યારે તેનો છેડો દેખાતો નથી અને જાણે આપણી આસપાસ શું બને છે તેનો કાંઇ ખુલાસો મળતો નથી. જ્યાં નવ સાંધીએ ત્યાં તેર તૂટે છે અને જાણે આપણે તો આખો ભવ સાંધવાનો જ ધંધો માંડચો હોય એમ અહીં તહીં મેળ મેળવવા દોડીએ છીએ, અને છતાં કોઇ જગ્યાએ સરખાઈ આવતી નથી. પૈસા હોય તો છોકરાં ન હોય, છોકરાં હોય તો સ્ત્રી ચાલી જાય, શરીરનો ભરોસો નહિ, નિરોગીપણાનું ઠેકાણું નહીં, વ્યાપાર કરનારા સર્વ લાભ લેવા ધારે પણ છોકરા–સ્ત્રીની સરખાઈ હોય તો વેપારનો પત્તો નહિ, દુશ્મનોની ઉપાધિ, સગાંઓની ઇર્ષ્યા, પૈસા હોય તો ચાલી જવાનો ભય, વ્યાપારની અસ્થિરતા અને આવા આવા પારવગરનાં ઉપાધિસ્થાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારમાં ભરેલાં જ છે અને કોઈ રીતે ઉપર ઉપરની શાંતિ પણ રહેવા દેતાં નથી. અને તે સર્વની ઉપર મરણનો ભય તો માથે ઉભેલો જ રહે છે. સૃષ્ટિ વસાવીએ ત્યાં તો બાજી સંકેલાઈ જાય છે અને વસાવેલું સર્વ અત્ર પડ્યું રહે છે.

આમ ચારે તરફથી જાણે ઘેરાઈ ગયા હોઈએ અને મુંઝાઈ ગયા હોઈએ એમ આપણે રખડીએ છીએ અને આપણી એક પણ રીતે થાપ લાગતી નથી. અને એ સર્વમાં નવાઈની વાત એ છે કે આપણે એ સર્વ હકીકત અનુભવીએ છીએ છતાં સંસારને વળગતાં જઈએ છીએ અને જાણે કોઈએ આપણને પકડી રાખ્યા હોય તેમ માનીએ છીએ. જ્યારે કાળનો સપાટો આવે ત્યારે સર્વ છોડીને ચાલ્યા જવાનું છે એમ જાણવા છતાં આપણે તો અમરપટ્ટો લખાવી આવ્યા હોઈએ એવી રીતે નિરંકુશ વર્તન કરીએ છીએ અને એ સંસારની ઉપર જવાનો ખરો વિચાર કદી કરતા નથી. આપણે સારામાં સારો દાખલો લઈએ તો તેવા સુખી દેખાતા માણસને પણ ઉપાધિનો પાર હોતો નથી એ ઉઘાડી વાત છે. ખરો સુખી તો લાખમાં એક ભાગ્યે જ દેખાય છે. ત્યારે બાકીના પ્રાણીઓ શેની ખાતર સંસારમાં તરવરતા હશે એ એક મોટો પ્રશ્ન છે જેનો નીકાલ થઈ શકે તેમ નથી.

સર્વ પ્રકારે સુખી મનુષ્યનો દાખલો મળવો મુશ્કેલ છે, છતાં ધન, ઘરબાર, મોટર, પુત્ર, પુત્રી, પરિવાર, દાસ, દાસી, સ્ત્રી વિગેરેની પ્રાપ્તિને સુખ માનવામાં આવે છે. પ્રથમ તો તેવી સર્વ સામગ્રીવાળા માણસો કેટલા ? તેમને મળીને પૂછ્યું હોય તો તેવા માણસો પોતાને ઉપાધિથી ભરપૂર બતાવશે અને છતાં એવા એકાદ ટકાવાળાને બાદ કરીએ તો બાકીના ૯૯ ટકાને આ સંસારમાં સબડાવાનું તો કાંઈ કારણ નથી અને છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરેક હાયવોય તો કર્યા જ કરે છે એ આપણે જોઇએ છીએ. ભર્તૃહરિ કહે છે કે આગળ ગીત ગવાતાં હોય, પડખે ચામર વીંઝાતાં હોય, માથે છત્ર ધરાતાં હોય તો તો કદાચ સંસારમાં પડ્યો રહે, નહિ તો હિમગિરિના શાંત ઝરણાંઓ વચ્ચે બેસી કોઇ નિર્વિકલ્પ સમાધિ સાધે. આ પ્રાણીને તો 'ન મળ્યા રામ કે ન મળી માયા' જેવું થાય છે.

ઉપર જે એક ટકાના સુખી લાગતાં માણસો જણાવ્યા તેમની ઉપાધિનો પણ પાર નથી. માત્ર તેઓનાં હૃદય વાંચી શકાતાં હોય તો જ તેમનાં દુઃખનો ખ્યાલ આવે, અને છતાં આ આખી રમત કેટલાં વર્ષ માટે? સોએ સો વર્ષ પૂરાં થાય તો પણ અંતે તો ચાલ્યા જવાનું જ અને અનંતકાળથી ચાલી આવતી આ સૃષ્ટિમાં સો વર્ષ શા હિસાબમાં છે? અંતે તો ઘોર અંધારી રાત્રી જ છે. આપણા મનથી તો 'આપ મુએ સારી ડૂબ ગઈ દુનિયા' એ સાચી વાત છે, પણ આને તો અંધારામાં પણ ગોથા ખાવાનું જ છે.

આખા સંસારનો ખ્યાલ કરો. ઘોડાની જીંદગી જુઓ. એની પરાધીનતા વિચારો. આપણે થોડા માસ માટે જેલમાં આવ્યા ત્યાં વિચારમાં પડી જઇએ છીએ. ઘોડાની શી દશા? એની પરાધીનતા કેટલી? એને અનેક તરંગો થતા હશે, પણ એકે કામ એ સ્વાધીનતાથી નહિ કરી શકે. મન ન હોય ત્યારે પણ જોડાવું પડશે અને ફરવાનો શોખ થાય ત્યારે ખીલે બંધાવું પડશે. એવી સર્વ તિર્યંચોની દશા છે. અને ઇયળ, ડાંસ, માખી, માકડ એવાં એવાં પાર વગરનાં જીવોના જીવનો કેવાં છે? એ સર્વમાં તું જઈને અહીં કોઇ મહાપુણ્યયોગે આવ્યો છે. તેં નારકીમાં પરમાધામીની વેદના સહી છે, ત્યાં ક્ષેત્રનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુઃખો, ગરમી, ઠંડી અને અગ્નિની ભયંકર યાતનાઓ ખમી છે. અત્યારે તું એ સર્વ વિસરી ગયો છે, કારણ કે આ સંસારનો તેં કદી ખ્યાલ કર્યો નથી, વિચાર કર્યો નથી અને ખાલી માથાકૂટમાં પડી તને પ્રાપ્ત થયેલી અનેક સગવડોનો તું સદુપયોગ કરવાને બદલે એને વેડફી રહ્યો છે.

ખૂબ વિચાર કરવાનો આ સમય છે, આખા સંસારને સ્પષ્ટ સમજી લેવાની આ તક છે. એમાં જે સ્વાધીનતા તને મળી છે તેટલી પણ અન્યત્ર અપ્રાપ્ય છે તે વિચારી તેને બરાબર ઓળખ અને ઓળખીને તેના ઉપર ચાલ્યો જવાનો માર્ગ શોધ. આ ભવમાં મોક્ષ નહિ જઇ શકીશ તો પણ તારા વિકાસ (Evolution)ને સરસ ઝોક તો જરૂર આપી શકીશ.

સંસારનો વિચાર કરતાં તારે આ વિકાસ માર્ગ ખૂબ ધ્યાનમાં રાખવાનો છે. કાંઇ નહિ તો તેને સારો ઝોક આપવાથી પણ આ ફેરો સફળ થશે. પ્રત્યેક પ્રાણી કર્માધીન છે, પણ ઝોક આપવા પૂરતો પુરૂષાર્થ પ્રત્યેક જરૂર કરી શકે તેમ છે અને તે ખાસ કર્તવ્ય છે.

સમરાદિત્યના ભવો તેં વિચાર્યા હશે. ભુવનભાનુનું આખું ચરિત્ર મનનપૂર્વક વિચારી જજે. અનાથી મુનિએ પોતાને માથે કોઇ નાથ નથી એનું જે આબેહુબ ચિત્ર શ્રેણિકરાજાને બતાવી આપ્યું છે તે વિચારી જજે અને છતાં તને સંસાર પર રાગ થતો હોય તો ભલે કરજે; પણ વિચારજે કે આ ચોરાશી લક્ષ યોનિમાં અનેક વાર ફરી, અનેક રૂપો લઇ, અનેક નાટકો કરી અત્યારે તું અહીં આવ્યો છે અને હજુ પણ એવાં જ ચક્રભ્રમણનો તને શોખ હોય તો તું તે કરી લેજે, કિન્તુ એટલું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્યાનમાં રાખજે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવનાં કારણે આ આખો સંસાર દુઃખથી ભરેલો છે અને જો કે એનો આખો પ્રપંચ સમજવો મુશ્કેલ છે પણ અશક્ય નથી અને આવી તક અનંત કાળે કોઈક વાર જ હાથમાં આવે છે. એ તક ગુમાવી બેસવી હોય તો કોઇ આડે આવનાર નથી અને આડે આવે તો તેનું તું માનનાર પણ નથી, પરંતુ અવસર ગયા પછીનો પસ્તાવો નકામો થશે અને તને કચવાટ ઘણો થશે. આવો અવસર ફરીને હાથ નહિ આવે એ ધ્યાન પર લેજે.

આ સંસારમાં પરિભ્રમણ કરતાં તારે માથે થવામાં બાકી રહી નથી. વેદના, ઉપાધિ, સંતાપ, રખડપટ્ટી અને મૃગતૃષ્ણા વિગેરે અનેક સ્થિતિઓમાં તું જઈ આવ્યો છે અને હજુ તે જ ગમતું હોય તો તારી મુનસફીની વાત છે; પણ તારે એક વાત યાદ રાખવાની છે કે તારે બદલે કોઈ સૂવાનું નથી અને તને ફરવાનો ઉમંગ હોય તો સ્થાનોનો પાર નથી. એને માટે જીવાયોનિ ચોરાશી લાખ છે. એ સર્વ બજારમાં-નાટકના તખ્તા પર નવા નવા વેશ લેતો ફરજે અને ત્યાં માન, મદ, પ્રતિષ્ઠા મૂકી દઇ ફેરા માર્યા કરજે કે જેથી એ સર્વ સ્થાનકે તું જઈ આવ્યો છે તેનો અનુભવ તાજો થશે.

અહીંથી નીકળી જવા ધારીશ તો પણ મોહરાજા એકદમ તને છોડે તેમ નથી. તેના અનેક કામદારો અને પરિવારના માણસો છે તે એક અથવા બીજા આકારે તને સંસારમાંથી ખસવા દેશે નહિ. ખસ્યો હોઇશ તો ખેંચીને તને સંસારમાં લઈ આવશે અને ઉપર ઉપરનું સુખ બતાવી તને ઉંડા પાતાળમાં ફેંકી દેશે. ચેત, સાવધ થા, હોશિયાર થા અને સંસારને બરાબર ઓળખ.

જૈન સાઈટ JAINSITE જૈનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંસારનું ચિત્રપટ તારી પાસે સકારણ રજુ કર્યું છે. ભાવનાનું કાર્ય શું છે તે અત્ર એક વાર ફરી વખત કહેવાની છૂટ લેવાની આવશ્યકતા છે. **भाव्यते भववैराग्यादिसमुत्पादनाय पुनः पुनर्मनसि स्मरणेनात्मा मोक्षाभिमुखी क्रियते यया सा भावना।** ભાવનાનું આ કાર્ય છે. સંસાર (ભવ) ઉપર વિરાગ ઉત્પન્ન કરવા માટે વારંવાર મનમાં જેનું સ્મરણ કરવામાં આવે અને તે દ્વારા આત્માને મોક્ષ સન્મુખ જેનાથી કરવામાં આવે તે **ભાવના.** આ ભાવનાનું વર્ણન ખૂબ વિચારવા જેવું છે. મોક્ષ સન્મુખ થવું હોય તો સંસારને બરાબર ઓળખવા જેવો છે અને ઓળખીને એ વિચારણાને સન્મુખ રાખી વારંવાર એનું સ્મરણ કરવા જેવું છે. એમાં પુનરાવર્તનના દોષની ચિંતા રાખવા જેવું નથી. એ સંસાર सृ ધાતુ પરથી આવે છે. सृ ( To spread ) 'પાથરવું, વહેવું' એ એનો આશય છે. એ સંસારને તમે મોકળો મૂકો તો તેલનું ટીપું પાણીમાં પડતાં જેમ ફેલાઈ જઈ અનેક લીલાં-પીળાં કુંડાળાં કરી નાખે એવો આ સંસાર છે. એને માર્ગ આપ્યો કે એ તો ચારે તરફ પથરાઈ જઈ લાંબો ને લાંબો થવા માગશે. આપણે સંસારને તપાસીએ તો આપણો એ જ અનુભવ થશે એમાં શંકા જેવું નથી. આ ભાવનામાં આખા સંસારનો, તેના જન્મ-મરણનો, તેની અંદરની ઉપાધિઓ-આપત્તિઓ અને દુઃખોનો વિશાળ નજરે વિચાર કરવાનો છે, સંબંધની ઘેલછા અને સ્વાર્થના સંધકો સમજવા યોગ્ય છે અને ખાસ કરીને આ પ્રાણીની અત્યાર સુધીની રખડપટ્ટીનો ખૂબ ખ્યાલ કરવા યોગ્ય છે, અને એની આખી ચાવી તરીકે મોહરાજાને એના પરિવાર સાથે ખૂબ ઓળખી લેવાનો છે. બીજાં કર્મો ગૌણ છે, સર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાનો ભાવ ભજવે છે પણ મોહરાજા ખરેખર સર્વનો રાજા છે. એને ઓળખી વારંવાર એના સંબંધી ચિંતવન કરતાં વૈરાગ્ય–વિરાગ થયા વગર રહે તેમ નથી. આત્માને મોક્ષાભિમુખ કરવા માટે એ મહારાજાને ઓળખવાની બહુ જરૂર છે. એને એના ખાસ આકારમાં ઓળખી લીધો એટલે સર્વ અગવડો–રખડપાટીઓ અને દુઃખ–પીડા તથા વ્યાધિઓનો નાશ સ્વતઃસિદ્ધ છે.

## इति संसारभावना ३

## ઉ. સકળચંદજીકૃત ત્રીજી સંસાર ભાવના.

(રાગ–કેદારો)

સર્વ સંસારના ભાવ તું, સમ ધરી જીવ સંભાર રે;
તે સવે તેં પણ અનુભવ્યા, હૃદયમાં તેહ ઉતાર રે. સર્વ૦ ૧
સર્વ તનુમાં વસી નીસર્યો, તેં લીયા સર્વ અધિકાર રે;
જાતિ ને યોનિ સબ અનુભવ્યા, અનુભવ્યા સર્વ આહાર રે. સર્વ૦ ૨
સર્વ સંયોગ તેં અનુભવ્યા, અનુભવ્યા રોગ ને શોગ રે;
અનુભવ્યો સુખ દુઃખ કાળ તેં, પણ લિયો નવિ જિન યોગ રે. સર્વ૦ ૩
સર્વ જન નાતરાં અનુભવ્યા, પહેરિયા સર્વ શણગાર રે;
પુદ્ગળા તેં પરાવર્તીયા, નવિ નમ્યા જિન અણગાર રે. સર્વ૦ ૪
પાપના શ્રુત પણ તેં ભણ્યા, તેં કર્યા મોહના ધ્યાન રે;
પાપના દાન પણ તેં દિયા, નવિ દિયા પાત્રમેં દાન રે. સર્વ૦ ૫
વેદ પણ તીન તેં અનુભવ્યા, તેં ભણ્યા પરતણા વેદ રે;
સર્વ પાખંડ તેં અનુભવ્યા, તિહાં ન સંવેગ નિર્વેદ રે. સર્વ૦ ૬
રડવડ્યો જીવ મિથ્યામતિ, પશુ હણ્યા ધર્મને કાજ રે;
કાજ કીધાં નવિ ધર્મના, હરખિયો પાપને કાજ રે. સર્વ૦ ૭
કુગુરૂની વાસના ડાકિણી, તેણે દમ્યા જીવ અનંત રે;
તિહાં નવિ મુક્તિ–પંથ ઓળખ્યો, તેણે હવો નવિ ભવ અંત રે. સર્વ૦ ૮

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૪ થું

## એકત્વ ભાવના

स्वागता

एक एव भगवानयमात्मा ज्ञानदर्शनतरङ्गसरङ्गः ।
सर्वमन्यदुपकल्पितमेतद्व्याकुलीकरणमेव ममत्वम् ॥ क० १ ॥

प्रबोधता

अबुधैः परभावलालसालसदज्ञानदशावशात्मभिः ।
परवस्तुषु हा स्वकीयता विषयावेशवशाद्धि कल्प्यते ॥ ख० २ ॥
कृतिनां दयितेति चिन्तनं, परदारेषु यथा विपत्तये ।
विविधार्तिभयावहं तथा, परभावेषु ममत्वभावनम् ॥ ग० ३ ॥
अधुना परभावसंवृतिं हर चेतः परितोऽवगुण्ठितम् ।
क्षणमात्मविचारचन्दनद्रुमवातोर्मिरसाः स्पृशन्तु माम् ॥ घ० ४ ॥

अनुष्टुप्

एकतां समतोपेतामेनामात्मन् विभावय ।
लभस्व परमानन्दसम्पदं नमिराजवत् ॥ ङ० ५ ॥

---

क १ **सरङ्गः** વિલાસી. **उपकल्पित** ઉપજાવી કાઢેલું. માનેલું. ઉભું કરેલું.
ख २ **आलसत्** લસી પડતાં. **कल्प्यते** કર્મણિ પ્રયોગ છે. અબુધો-વડે કલ્પાય છે એટલે અબુધો—અલ્પજ્ઞો—અપંડિતો કલ્પે છે.
ग ३ **कृतिन्** સમજુ. ડાહ્યો. આબરૂદાર. **दयिता** સ્ત્રી, પત્ની. **आर्ति** કદર્થના. પીડા. **वहं** પ્રાપક. લઇ આવનાર, નોતરનાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क ૧ આ આત્મા એક જ છે, પ્રભુ છે, જ્ઞાન–દર્શનના તરંગોમાં વિલાસ કરનારો છે, એ સિવાય બીજું છે તે સર્વ મમત્વ માત્ર છે, કલ્પનાથી ઉભું કરેલું છે અથવા આગંતુક છે અને એને નકામું મુંઝવનારૂં જ છે.

ख ૨ અહાહા! પરભાવોની લાલસામાં લસી પડવાને લીધે થયેલા અજ્ઞાન–મૂર્ખતાની દશાને વશ પડેલા અપંડિત પ્રાણીઓ ઇંદ્રિયના વિષયોએ કરેલા આવેશને તાબે થઇને પરવસ્તુમાં પોતાપણાની કલ્પના કરી લે છે.

ग ૩ સમજુ માણસને માટે પારકી સ્ત્રીના સંબંધમાં જાણે તે પોતાની પત્ની છે એવો વિચાર કરવો તે પણ જેમ (અનેક પ્રકારની) આપત્તિઓ (વહોરવાને) માટે થાય છે તેવી જ રીતે પરભાવોમાં મારાપણાની બુદ્ધિ અનેક પ્રકારની પીડાઓ અને ભયને નોતરનાર છે.

घ ૪ ચારે તરફથી વીંટળાઈ રહેલા હે મન! પરભાવરૂપ આવરણને (પડદાને) દૂર છોડી દે; તું છૂટું થા! જેથી આત્મવિચારરૂપ ચંદનવૃક્ષના પવનની ઊર્મિમાળાઓનો રસ ક્ષણવાર મને સ્પર્શ કરે.

ङ ૫ આત્મન્! સમાનપણાની બુદ્ધિ સાથે એ એકતાને તું ભાવ. નક્કી કર અને નમિરાજાની પેઠે પરમાનંદપણાની સંપત્તિને પ્રાપ્ત કર.

---

घ ૪ **संवृति** ગુંચળું. **परितः** ચારે તરફ. **क्षणं** ક્ષણવાર. **वातोर्मि** પવનના તરંગ.

ङ ૫ **समता** સમપણું. ઓછાવધતાથી રહિતપણું. **उपेत** સાથે, સહિત. **तां** એ. જેનું વર્ણન કાંઇક થયું છે અને અષ્ટકમાં થવાનું છે તે 'એકતા' **नमिराज** દૃષ્ટાંત છે. રાજાનું નામ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# गेयाष्टक*

## एकत्व भावना

विनय चिन्तय वस्तुतत्त्वं,
जगति निजमिह कस्य किम् ।
भवति मतिरिति यस्य हृदये,
दुरितमुदयति तस्य किम् ॥ विनय० १ ॥

एक उत्पद्यते तनुमा-
नेक एव विपद्यते ।
एक एव हि कर्म चिनुते,
सैककः फलमश्नुते ॥ विनय० २ ॥

यस्य यावान् परपरिग्रहो,
विविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या,
पतति तावदसावधः ॥ विनय० ॥ ३ ॥

स्वस्वभावं मद्यमुदितो,
भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात्,
पतति विलुठति जृम्भते ॥ विनय० ॥ ४ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અષ્ટકનો અર્થ—( એકત્વ ભાવના )

૧ વિનય ! તું વસ્તુઓનાં વાસ્તવિક સ્વરૂપ બરાબર ચિંતવ. જો આ દુનિયામાં કોઇ ( પણ પ્રાણી ) ની પોતાની કોઇ ચીજ છે ? એનું પોતાનું કાંઇ છે ? અને આવી બુદ્ધિ જેનાં હૃદયમાં થઇ આવે તેને કોઇ જાતનાં દુઃખો કે પાપો પ્રકટ થાય ખરા ?

૨ આ સંસારી–શરીરધારી પ્રાણી એકલો ( જ ) ઉત્પન્ન થાય છે, એ એકલો જ મરણ પામે છે, એ એકલો જ કર્મોને બાંધે છે–એકઠાં કરે છે ( અને તેવી જ રીતે ) તે એકલો જ ( એનાં–કર્મોનાં ) ફળોને પામે છે.

૩ જુદા જુદા પ્રકારની મમતાઓથી ભારે થયેલા પ્રાણીને જેટલો જેટલો પર ( વસ્તુઓનો ) પરિગ્રહ હોય છે તેટલો દરિયામાં મૂકેલા વહાણની ઘટના પ્રમાણે તે નીચો જાય છે–નીચો પડે છે.

૪ દારૂના ઘેનની લહેરમાં પડેલો માણસ પોતાનો કુદરતી સ્વભાવ છોડી દઇને–વિસરી જઇને જમીન પર આળોટીને વિચિત્ર ચેષ્ટા–ચાળાઓ કરે છે તે જુઓ. એ પરભાવની ઘટનાથી પડે છે, લોટે છે અને બગાસાં ખાય છે. ( પ્રાણી-પણ પરભાવ ઘટનાને લઇને પાતને પામે છે, રખડપાટે ચઢે છે અને તદ્દન શૂન્ય મનનો–વિચાર વગરનો થઇ જાય છે. )

---

* આ પદ્યનો રાગ બહુ પ્રચલિત છે. ‘ હો સુણ આતમા ! મત પડ મોહપિંજર માંહી માયાજાળ રે ’ એમાં જરા ફેર કરવાથી બરાબર લય આવે છે. ‘ રામ રાજા રામ પરજા, રામ શેઠ શાહુકાર હે. ’ એ ચાલુ લય એને બરાબર બંધ બેસે છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पश्य काञ्चनमितरपुद्गल-
मिलितमञ्चति कां दशाम् ।
केवलस्य तु तस्य रूपं,
विदितमेव भवादृशाम् ॥ विनय० ॥ ५ ॥

एवमात्मनि कर्मवशतो,
भवति रूपमनेकधा ।
कर्ममलरहिते तु भगवति
भासते काञ्चनविधा ॥ विनय० ॥ ६ ॥

ज्ञानदर्शनचरणपर्यव-
परिवृतः परमेश्वरः ।
एक एवानुभवसदने,
स रमतामविनश्वरः ॥ विनय० ॥ ७ ॥

रुचिरसमतामृतरसं क्षण-
मुदितमास्वादय मुदा ।
विनय ! विषयातीतसुखरस-
रतिरुदञ्चतु ते सदा ॥ विनय० ॥ ८ ॥

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ જો! બીજા પદાર્થો સાથે મેળવણી કરવામાં આવેલ સોનાની કેવી દશા થાય છે? અને તે જ્યારે તદ્દન ચોખ્ખું હોય ત્યારે તેનું રૂપ કેવું હોય છે એ તો તમારા જેવાના જાણવામાં છે જ.

૬ એ જ પ્રમાણે આત્મા જ્યારે કર્મને વશ પડે છે ત્યારે તેનાં અનેક પ્રકારનાં રૂપો થાય છે, પણ જ્યારે એ મહાપ્રભુ કર્મ–મળ રહિત હોય છે ત્યારે એ શુદ્ધ કાંચન–સોના જેવો પ્રકાશ કરે છે.

૭ તે પરમેશ્વર (પરમાત્મા) સદા શાશ્વત અને જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાયથી પરિવૃત (ઘેરાયેલા) છે અને તે એક જ છે. એવા પરમાત્મા (મારા) અનુભવ–મંદિરમાં રમો.

૮ મનોહર સમતા–સુધાનો રસ જે તારામાં અચાનક જાગી ઊઠ્યો છે તેને જરા ક્ષણેકવાર (થોડા વખત–થોડી મીનિટ) અત્યંત આનંદપૂર્વક ચાખી જો (જેથી) હે વિનય! વિષયથી અતિ આગળ વધી ગયેલ (વિષયાતીત) સુખના રસમાં તને સદાને માટે આનંદ–પ્રેમ જાગો અને વધો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોટ—**

૧ **निजम्** પોતાની. એ **कस्य** ને લાગે છે. **दुरित** પાપ, દુઃખ. **उदयति** ઊઠે, થાય, પ્રકટે.

૨ **तनुमान्** શરીરધારી. અપેક્ષિત વચન છે. (વિવેચન જુઓ). **एककः** એકલો જ. **अश्नुते** ખાય છે, ભોગવે છે.

૩ **यावान्** જેટલો. **पीवधः** ભારવાળો. **युक्ति** ઘટના. પ્રમાણે. **तावद्** તેટલો. **असौ अधः** તે નીચે.

૪ **मद्यमुदित** દારૂની લહેરમાં રાજી થયેલો. **विलुप्य** છુપાવીને, ગુમાવીને. **पतति** શ્લેષઃ (૧) દારૂડીઓ પડે છે; (૨) પ્રાણીનો અધઃપાત થાય છે. **विलुठति** શ્લેષઃ (૧) દારૂડીઓ લોટે છે. (૨) પ્રાણી ભવો-ભવમાં લોટ્યો જાય છે.

**जृंभति** શ્લેષઃ (૧) દારૂડીઓ બગાસાં ખાય છે; (૨) પ્રાણી શૂન્ય મનનો થઈ જાય છે.

૫ **मिलित** ભેળસેળ કરેલું. પ્રથમ માટી સાથે મળેલું, પછી ત્રાંબુ આદિ ધાતું નાખેલું. **दशां** અહીં વિરૂપપણું. **केवल** એના ચોખ્ખા રૂપમાં.

૬ **कर्ममलरहिते** આ સતિ સપ્તમીનો પ્રયોગ છે.

૭ **पर्यव** પર્યાય. પ્રકાર. **अविनश्वरः** શાશ્વત.

૮ **रुचिर** મનોહર. મધુર. **अमृत** (રોગને હરી લે તેવું) અમૃત–સુધા. **उदित** આવિર્ભાવને પામેલ. જાગૃત થયેલ. **क्षणम्** જરા વખત. એનો સંબંધ આસ્વાદય સાથે છે. **आस्वादय** આ એટલે જરા ચાખ. જરા ચાટી જો.

**मुदा** (નવીન પ્રાપ્તિનો) ઉત્સાહ–આનંદપૂર્વક. **विषयातीतः** વિષયથી આગળ વધેલું. વિષયસુખોથી વધારે એને ભૂલાવી દે તેવું. **रति** પ્રીતિ. **उदञ्चतु** વૃદ્ધિ પામે. જાગે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિચય

## એકત્વ ભાવના—

( ક્ર ૧. ) ભાવનાની વિચારણાને અંગે એક હકીકત શરૂઆતમાં ચોખ્ખી કરવી ઉચિત જણાય છે. એમાં પુનરાવર્તન જરૂર આવવાનું જ છે. એનું કારણ એ છે કે એ પ્રત્યેક ભાવનાનો વિષય પરસ્પર ભિન્નાભિન્ન છે. અનિત્ય ભાવનાના વિચારો સંસાર-ભાવનામાં જરૂર આવે, કારણ કે અનિત્ય ભાવનામાં સાંસારિક સંબંધો અને વસ્તુની જ અનિત્યતા બતાવવાની હોય છે. એ જ પ્રમાણે એકત્વ અને અન્યત્વ ભાવના આત્માને અંગે એક જ જાતનો પણ સહજ તફાવતવાળો પ્રસંગ વ્યક્ત કરનાર છે. આ ભાવનામાં આત્માની એકત્વતા ભાવવાની છે, કારણ કે તેના સિવાય સર્વ સંબંધો અને વસ્તુઓ અન્ય છે તે જ આત્માને પદાર્થોનું અનિત્યપણું ચિંતવવાનું છે. આ રીતે વિચાર અને વિષયોનું પુનરાવર્તન અનિવાર્ય છે. બનતાં સુધી તે દૂર કરવા પ્રયત્ન થયો છે, છતાં વૈરાગ્ય, ઉપદેશ અને આયુર્વેદ ( દવા–ઉપચાર ) માં પુનરાવર્તન દોષ ગણાતો નથી એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એકત્વ ભાવનામાં કેંદ્રસ્થ વિચાર એ છે કે આ પ્રાણી આત્માની નજરે એકલો જ છે, સ્વતંત્ર છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે અને પોતાનાં કૃત્યોનો સ્વતંત્ર કર્તા, હર્તા અને ભોક્તા છે. એ ભાવનાને અંગે પ્રાપ્ત થતી વિચારણામાં હવે ઉતરી જઇએ.

સોનું જ્યારે ખાણુમાં હોય છે ત્યારે તે માટી સાથે મળેલું હોય છે, છતાં તે વખતે પણ એનામાં શુદ્ધ કંચનત્વ તો જરૂર રહેલું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને છતાં એ સ્થિતિમાં કોઈ એને જુએ તો એ સોનું છે એમ માનવાની પણ ના પાડે.

આત્માની પણ એ જ દશા છે. એની શુદ્ધ કરેલી–થયેલી દશામાં એ કચરા–મેલ વગરનો છે, જાતે તદ્દન શુદ્ધ છે અને અનેક વિશિષ્ટ ગુણોથી ભરેલો છે. જેમ સોનાનું કંચનત્વ ખાણમાં હોય ત્યારે માટીથી ઘેરાઇ ગયેલું હોય છે તેમ છતાં તે તેનામાં છે, તેવી જ રીતે આત્મા ગમે તેટલો ખરડાયલો હોય છતાં તે વખતે પણ તેના અંતરમાં–તેનામાં શુદ્ધ આત્મભાવ જરૂર રહેલો છે તે ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે.

આત્મા શરીરથી ભિન્ન છે તે તો સાબીત કરવાની જરૂર રહેતી નથી. મૃત દેહમાં પાંચે ઇંદ્રિયો હોય છતાં તે તદ્દન હાલ્યાચાલ્યા વગર પડી રહે છે, એને જે અંદરથી ચલાવનાર હતો તે નીકળી ગયો છે. 'આ મારૂં શરીર છે' એમ કહેવાથી શરીર જ્ઞેય થાય છે અને જ્ઞેય કરતાં જ્ઞાતા જુદો હોવો જ જોઇએ. જ્ઞાતા અને જ્ઞેય કદી એક હોઈ શકતા નથી. આવો આત્મા સંસારમાં રહી સારાં–ખરાબ કર્મો કરે છે તેના સંસ્કારો પોતાની આસપાસ એકઠાં કરતો જાય છે. તેને કર્મ કહેવામાં આવે છે. એ કર્મથી આવૃત્ત હોય ત્યારે સોના અને માટીના સંબંધ જેવો તેનો સંબંધ થઇ જાય છે. અહીં યાદ રાખવાની બે હકીકત છે. સોનું અને માટી જુદા હોવા છતાં બન્ને સાથે હોય ત્યારે વિરૂપ આકાર સોનાને જરૂર મળે છે, એ એક વાત થઇ અને બીજી વાત એ છે કે તે વખતે પણ સત્તાગતે સોનામાં સોનાપણું જરૂર છે, એ સોનાપણું પ્રકટ કરવાના સર્વ પ્રયાસ છે. આત્મા માટે પણ તેમ જ છે. એ આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય એટલે આત્માની મિથ્યા વાસનાઓ જાય છે, રખડપાટો જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, ઉપાધિઓ જાય છે અને એ સચ્ચિદાનંદ સ્વરૂપે શુદ્ધ કાંચન જેવો પ્રકટ થાય છે. આ એકત્વ ભાવનામાં આપણે આત્માને આ બન્ને પ્રકારની પરિસ્થિતિમાં જોશું અને તેનો સાચો આકાર કયો છે? તેનું સાચું સ્થાન કયાં? છે અને અત્યારે તેની કેવી વિકૃત દશા થઈ ગઇ છે? એ વાત બતાવીને એની સાચી સ્થિતિ પ્રાપ્ત કરવા તરફ પણ આડકતરી રીતે ધ્યાન આપશું.

આત્મા કર્મથી ઘેરાઇ જાય છે ત્યારે એ બહુ વિચિત્ર પ્રકારના આકારો ધારણ કરે છે. સોનું ખાણમાંથી નીકળે ત્યારે જોયું હોય તો એ તદ્દન માટી જ લાગે. એને લોકભાષામાં 'તેજમતુરી[1]' કહે છે. તે વખતે તો કોઇ ખરો પરીક્ષક હોય તે જ તેને સોનું જાણે, બાકી અન્ય તો એને માટી જ કહે. આત્માની પણ એ જ દશા વર્તે છે. એ સંસારમાં ભટકતો હોય અને નવા નવા વેશ ધારણ કરતો હોય ત્યારે એ અનંત ગુણોનો ધણી હશે એમ તો માત્ર પરીક્ષક હોય તે જ કહી શકે છે. બાકી સામાન્ય રીતે તો તેની એવી દશા થઇ ગઇ હોય છે કે કેટલાક તો એના ગુણોની વાત તો શું? પણ એનું 'આત્મત્વ' પણ સ્વીકારવા ના પાડે છે. હલકી વસ્તુનો સંબંધ જ આવો હોય છે. એ એના સંસર્ગમાં આવનારને એવો તો ફેરવી નાખે છે કે એના મૂળ સ્વરૂપને પણ ભૂલાવી દે છે અને એનું વ્યક્તિત્વ લગભગ ખલાસ કરી નાખે છે. પૃથ્વી વિગેરેમાં જોઇ લ્યો.

પણ એ સર્વની વચ્ચે આત્મા અત્યારે આવી પડેલો છે. એના અસલ સ્વરૂપે એનામાં જે ગુણો હોય છે તે એનો મૂળ સ્વભાવ છે. (સોનું સો ટચનું હોય ત્યારે એનામાં સુવર્ણત્વ, પીળો

---

૧ તેજમતુરી એ એક જાતની માટી છે. તેનું અમુક પ્રયોગવડે સુવર્ણ બની શકે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રંગ, મૃદુતા, સ્વચ્છતા, પ્રકાશમયતા, ચીક્કટતા વિગેરે હોય છે.) એ જ્યારે પરવસ્તુ સાથે મળેલો હોય ત્યારે એના અનેક વિકારી પ્રાદુર્ભાવો થાય છે, તેને 'વિભાવો' કહેવામાં આવે છે. આત્માના સહભાવી ધર્મો એની સાથે હમેશાં રહેનારા હોય છે તેને 'ગુણ' કહેવામાં આવે છે અને પરવસ્તુના સંબંધથી એના વિકારવાળા આવિર્ભાવો થાય છે તેને 'પર્યાય' કહેવામાં આવે છે. ગુણ ફરતા નથી, પણ દબાઇ—અવરાઈ—કચરાઇ જાય છે પરંતુ એનામાં પ્રકટ થવાની ભારે સત્તા છે. પર્યાયો નિરંતર ફર્યા જ કરે છે અને પ્રાદુર્ભાવને માટે પરવસ્તુઓ—બહારની વસ્તુઓ ઉપર આધાર રાખે છે.

ગુણ અને પર્યાયની આ હકીકત ધ્યાનમાં રહેશે તો આખા સંસારનો ગુંચવાઇ જતો કોયડો એકદમ ખુલ્લો થઇ જશે. અનંત શક્તિવાળા સિંહથી વધારે સામર્થ્યવાળો આત્મા અત્યારે પાંજરામાં પડી ગયો છે અને તેથી તેની શક્તિ સર્વ કુંઠિત થઇ ગઈ છે, પણ અંદર શક્તિ ભરેલી છે. એને એની શક્તિનું ભાન થવું જોઇએ અને એ શક્તિ પ્રકટ કરવાના રસ્તા છે, એ એને જણાવવું જોઇએ. વિકૃત દશામાં તો તે તદ્દન પરાધીન થઇ ગયો છે અને જન્મથી પાંજરે પડેલો હોવાને કારણે એણે આકાશની સ્વતંત્ર હવા પાંજરે પડેલા પંખીની પેઠે ખાધી નથી. આ સર્વ બતાવવા માટે એકત્વ ભાવના છે. એ ભાવના વિચારતાં એ પોતાનું મૂળ સ્વરૂપ ઓળખી જાય તો પછી એને પ્રાપ્ત કરવાના માર્ગો એ પોતે શોધી શકે તેમ છે. આપણે આ એકત્વ ભાવ વિચારીએ. વિચારનાર એ પોતે છે, પણ એની દશા ઘણે અંશે પરાધીન થયેલી છે. એણે દારૂ પીધો છે અથવા એને કોઇએ દારૂ પાયો છે. આવી ગુંચવણવાળી સ્થિતિમાં એ મૂળ સ્વરૂપે કોણ છે અને આજુબાજુ નિંદણ ( નકામા છોડવા )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલું વ્યાપી ગયું છે અને એના પર કચરો કેટલો ચઢી ગયો છે તે સર્વનું કાંઇક પૃથક્કરણ અને બનતું પર્યાલોચન કરીએ.

મૂળ સ્વરૂપે જોઇએ તો પ્રત્યેક આત્મા એક સરખા છે. એ તદ્દન સ્વતંત્ર સ્વાધીન વ્યક્તિ છે. અનુભવ કરવાથી, વિચાર કરવાથી, ચર્ચા કરવાથી અને એને બરાબર સમજવાથી એ તદ્દન સ્વતંત્ર વ્યક્તિ છે એમ જણાઇ આવે તેમ છે.

પ્રત્યેક આત્માનું વ્યક્તિત્વ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. એની મૂળ કે વિકારવાળી દશામાં તેનું વ્યક્તિત્વ કદી જતું રહેતું નથી અને મોક્ષમાં સર્વ કર્મથી વિમુક્ત થઈ જાય ત્યાં પણ એનું વ્યક્તિત્વ રહે છે, તેથી આત્મા એક જ છે એમ ભાર મૂકીને અત્ર કહેવામાં આવ્યું છે અને તે પ્રત્યેક આત્માને લાગુ પડે છે. આખા વિશ્વનો એક આત્મા છે એ વાત ન્યાયની કોઇ પણ કોટિથી બંધબેસતી નથી, પરંતુ એ બાબતમાં ચર્ચા કરવા જતાં વિષયાંતર થઇ જાય તેથી વસ્તુસ્વરૂપ બતાવી આગળ વધીએ.

એ આત્મા પોતે જ ભગવાન્ છે–પ્રભુ છે–માલેક છે–સર્વ સત્તાધિકારી છે અને તદ્દન સ્વાધીન છે. એની વિકૃત દશામાં એ પોતાનાં કર્મોનો કરનાર અને તેનો ભોક્તા હોઈને તે કુલ માલેક છે અને એની મૂળ દશામાં અનંત ગુણોનો અધિકારી હોઇ આદર્શની નજરે પ્રભુ છે. ભગ શબ્દના અનેક અર્થ છે પણ ટૂંકામાં કહીએ તો એ સર્વ શક્તિમાન છે.

એ આત્મા જ્ઞાન દર્શનના તરંગોમાં વિલાસ કરનાર છે. જ્ઞાન એટલે વસ્તુનો વિશેષ બોધ. દર્શન એટલે સામાન્ય બોધ. આ માણસ છે એમ બોધ થાય–જણાય તે દર્શન[1] કહેવાય. તે

---

૧ દર્શનમાં આ કરતાં પણ અવ્યક્ત બોધ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવદત્ત છે, અમુક નગરનો રહેનાર છે વિગેરે વિશેષ બોધ થાય તે જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન અને દર્શન આત્માના મૂળ ગુણો છે, એના સહભાવી ધર્મો છે. માત્ર એના પર આવરણ આવી ગયેલ હોઇ એનો બોધ ઓછો થયેલ છે. દીવા ફરતું કપડું રાખીએ તો પ્રકાશ ઓછો થાય, પણ અંદર પ્રકાશ તો છે જ. એ રીતે જ્ઞાન-દર્શન અંદર મૂળ સ્વભાવે એનામાં ભરેલા છે અને એના તરંગોમાં વિલાસ કરવો એટલે કે દેખવું અને જાણવું એ એનો ખાસ ગુણ છે, એ એનું લક્ષણ છે અને સર્વકાળે સર્વદા એ એની સાથે રહેનાર ધર્મ હોઇ એ એના તરંગમાં સર્વદા ઓછો-વધતો મ્હાલતો જ હોય છે.

આવો આત્મા છે. એ એકલો જ છે (વ્યક્તિત્વવાળો છે). એ પોતાની જાતનો માલેક છે અને એ જ્ઞાન-દર્શનના તરંગોમાં વિહાર કરનારો છે. એની અસલ સ્થિતિમાં એ સર્વ વસ્તુ, સર્વ ભાવો અને સર્વ હકીકતને દેખનાર અને જાણનાર છે, આવો આત્મા એના અસલ સ્વરૂપમાં છે. ભગવાન એ પોતે છે, એ વાત ખાસ વિચારવા જેવી છે. એને પોતાની સાચી સ્થિતિ હજુ પ્રાપ્ત કરવાની છે, પણ એ એની પોતાની સ્થિતિ હોઇ જે જેનું હોય અથવા પ્રયાસસિદ્ધ હોય તે તેનું જ કહેવાય એ અપેક્ષાએ એને પોતાને જ ભગવાન કહેવામાં આવ્યો છે. એ એનું ભગવાનપણું એના ધ્યાનમાં રહે તે ખાતર તે કોઇ ભગવાનને આદર્શ તરીકે નમતો હોય તો તેને આ એના પ્રયાસપ્રાપ્તવ્ય મૂળ ગુણ સાથે વિરોધ આવતો નથી. વાત એ છે કે એ પોતે જ ભગવાન છે અને મહેનત કરે તો પૂજ્ય (ભગવાન) થઇ શકે તેમ છે.

ત્યારે અત્યારે તો એ રગદોળાય છે, રખડે છે, ચક્કરમાં પડી ગયેલ છે અને ક્યાંનો ક્યાં ઉંડો ઉતરી ગયો છે એ સર્વ શું?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એનો ખુલાસો શો ? એનો જવાબ આપતાં સુજ્ઞ વિચારકો કહે છે કે જ્ઞાન–દર્શનના તરંગમાં વિલાસ કરનાર આત્માને તો જ્ઞાન–દર્શનની જ વાતો હોય, તેને બદલે અત્યારે શું થઈ ગયું છે?

આપણે સંસારભાવનામાં અનેક પ્રસંગો જોયા તે પ્રમાણે આ પ્રાણી અનેક નાટકો કર્યાં જ કરે છે. જે જેલમાં પરિચયના આ અક્ષરો લખાયા છે ત્યાં આખા ઇલાકાના ભયંકર ગુન્હેગારોને રાખવામાં આવે છે. ૨૫ વર્ષ તેમજ ૧૮ વર્ષની કેદવાળા, પાંચ સાત વખત જેલમાં આવેલા અનેક છે અને જો કે અમને તેમનાથી અલગ રાખવામાં આવેલ છે છતાં, તેમની જે વાતો સીધી કે આડકતરી રીતે પ્રસંગોપાત જાણી તે પરથી મનુષ્યો કેટલા પાપમાં ઉતરી જાય છે તેનો ખ્યાલ આવ્યો. ખૂન, છેતરપીંડી, બળાત્કાર, વિશ્વાસઘાત, ચોરી અને તેવા બીજા અનેક ગુન્હાઓ કરાય છે અને તે કરનારને પણ આત્મા છે!

તેનો આત્મા–તે પ્રત્યેકનો આત્મા શુદ્ધસ્વરૂપે ઉપર વર્ણવ્યો તેવો છે. ત્યારે આ સર્વ રમતો દેખાય છે તે શી? આવી ક્યાંથી? એનો જવાબ એક જ છે અને તે ચોથી તથા પાંચમી ભાવનામાંથી શોધી લેવાનો છે. આત્મા પોતે તો એકલો જ છે, એક જ છે, જ્ઞાન–દર્શનના તરંગમાં રમનાર છે અને જાતે પોતે પ્રભુ છે, મહાન્ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

તદુપરાંત જે સર્વ દેખાય છે, જે આખી રમત મંડાયલી છે અને જેના બંધનથી બંધાઇ આખી રમત માંડેલી દેખાય છે તે ખાલી મમત્વ છે, ખોટી મમતા છે, વિનાકારણ છાતી ઉપર વળગાડેલ પથ્થર જેવી એ વાત છે.

સચેતન અચેતન કુલ પદાર્થો અને ભાવો આત્મા સિવા-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ આત્માતિ શુદ્ધનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચના હોઇ તે મમતામાંથી જાગે છે. એ સર્વની પાછળ મમતા બેઠેલી છે અને એ સર્વને પ્રેરનારી એ જ રાક્ષસી છે. એ સર્વ મમત્વ ખાલી કલ્પનાથી ઉત્પન્ન થાય છે, પ્રાણીને પોતાને વશ કરી લે છે અને વશ કરીને ન અટકતાં આત્માને આકુળવ્યાકુળ કરી મૂકે છે, બ્હાવરો બનાવી દે છે, લગભગ ગાંડા જેવો બનાવી દે છે.

કલ્પના કેટલું કામ કરે છે તે જણાવવા જેવું છે. આપણા સ્નેહીઓનો પત્ર ન આવે ત્યાં કેટલી કલ્પના ઉભી કરી દઇએ છીએ ? કલ્પનાનાં ચિત્રોનો અનુભવ જેલમાં ખૂબ થાય છે, કારણ કે B કલાસમાં એક મહિને એક પત્ર અહીં મળે છે. વાત એ છે કે આપણે કલ્પના કરી આખો સંસાર ઉભો કરીએ છીએ અને પછી તેમાં ગુંચવાઈ–અટવાઈ જઇએ છીએ અને એ જ મમતા આત્માને તદ્દન બ્હાવરો બનાવી મૂકે છે. એ (આત્મા) પછી શું કરે છે અને શાને સારૂ કરે છે એ સર્વ વિસરી જાય છે અને નકામા આંટા મારે છે, અર્થવગરની ખટપટો કરે છે, પરિણામવગરની દુરંદેશીઓ કરે છે અને ઠેકાણાવગરની યોજનાઓ ઘડે છે, દુનિયામાં વહેવાર કે ડહાપણવાળો ગણાવા માટે ખોટું ડોળાણ કરે છે.

એને મોહરાજા સાથે એવો તો સંબંધ બંધાઇ ગયો છે કે તે પોતાનું ન હોય તેને પોતાનું માની, અનિત્યમાં નિત્યપણાની બુદ્ધિ કરી પાસા ખેલ્યો જાય છે, જીતે તો વધતો જાય છે અને હારે તો બેવડું ખેલે છે અને એમ ને એમ તણાતો જ જાય છે. જેને વેદાંતીઓ ‘ માયાવાદ ’ કહે છે તે માન્યતાથી ઉભી કરેલ સૃષ્ટિ છે. એ માયા એ જ મમતા છે એમ એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે કહી શકાય. મમતા કર્મજન્ય, વિકૃત, અધઃપાત કરનારી આત્માની વિકારદશામાં પરભાવ સાથેના સંબંધને લઈને થયેલી દશા છે અને એને બરાબર ઓળખતાં આત્માની વિભાવદશા અને ત્યાંનાં તેનાં દૃશ્યો બરાબર દેખાય તેમ છે. એ આવી મમતાને લઇને કલ્પનાઓ કરે છે અને નકામો આકુળવ્યાકુળ થઇ ભટકયા કરે છે, કદી ઠરીને ઠામ બેસતો નથી. એ એની મૂળ દશા નથી, પણ ખાલી મમતા છે અને કર્મસંબંધથી થયેલી વિકારદશા છે. પરાધીન થયેલ, વ્યાકુળ થઇ ગયેલા આત્માને આ કલ્પનાથી ઉભી કરેલી પરિસ્થિતિ બંધનમાં પાડે છે, પણ એ એનો મૂળ સ્વભાવ નથી. એ કર્મના સંબંધથી પોતાને ભૂલી ગયો છે અને ખોટા નામે ઓળખાય છે. તે કેમ થાય છે તે જુઓ.

(ख्र ૨.) આત્મા ખરેખર અત્યારે કલ્પનાની જાળમાં ગુંચવાઇ ગયો છે, એને મોહરાજાએ એવો તો નશો કરાવ્યો છે કે એ રાગને વશ પડી પાંચે ઇંદ્રિયોના વિષયો તરફ ઢળી જાય છે, એ પોતાનું પ્રભુત્વ વિસરી જાય છે અને પરભાવમાં પડી જઈ પોતાની જાતને ખોઇ બેસે છે અથવા ગુંચવી નાખે છે.

આત્માથી વ્યતિરિક્ત સર્વ પરભાવ છે, છતાં આ પ્રાણી શરીરને, ઘરને, પુત્ર–સ્ત્રી વિગેરે સંબંધીને, કામધંધાને પોતાનાં માને છે, ઇંદ્રિયના ભોગો ભોગવવા એ પોતાનો વિલાસ માને છે, પરિગ્રહ એકઠો કરવો એ પોતાની હીકમત માને છે, અભિમાન કરવામાં સ્વમાન સમજે છે, ક્રોધ કરવામાં ગૃહસ્થાઇ ગણે છે, કપટ–દંભ કરવામાં ચાતુર્ય માને છે, ઠઠ્ઠા–મશ્કરી કરવામાં આનંદ માને છે અને એવી રીતે એ અનેક પ્રકારના પરભાવમાં લલચાઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પરભાવની લાલસા—સ્પૃહા એટલી આકરી હોય છે કે એમાં પ્રાણી લપસી પડે છે અને તેને લઇને પોતાની વસ્તુ કઇ છે તેનું જ્ઞાન વિસારી મહાઅજ્ઞાનદશાને પામી ન કરવાનું કરી બેસે છે, ન બોલવાનું બોલે છે અને ન વિચારવાનું વિચારે છે.

આવી સ્થિતિમાં અજ્ઞાનદશામાં પડેલો તે જાણકાર છતાં અબુધ—મૂર્ખ બનેલો પરભાવ દશામાં આથડતો આત્મા વિષ-ચના આવેશમાં પારકી વસ્તુમાં પોતાપણાનો—તે વસ્તુ આદિ પોતાની હોવાનો આરોપ કરે છે અને પછી તેની સાથે એવો ઓતપ્રોત થઇ જાય છે કે જાણે પરવસ્તુમય જ તે હોય તેવો દેખાય છે. એનો શરીર સાથેનો સંબંધ અને એનાં સુખદુઃખ વખતે તેનાં મનમાં થતી સ્થિતિ, એ પરભાવમાં કેટલો રમણ કરે છે તે બતાવી આપે છે. આ સર્વ બાબત પરવસ્તુમાં પોતાપણાની કલ્પનાથી ઉત્પન્ન થાય છે અને એ મમત્વબુદ્ધિથી ઉત્પન્ન કરેલી કલ્પના સિવાય બીજું કાંઇ નથી. આની આખી માન્યતા તદ્દન ખોટા પાયા પર—પરવશતાથી થયેલી છે અને તેવી કલ્પના તેને હોવાથી તે ખરેખર અબુધ જ છે. એને આત્મભાન નથી તેથી તે ગમે તેટલું જાણતો હોય તો પણ અજ્ઞ જ છે.

( ग ૩.) દુનિયાદારી સમજનાર સમજુ માણસ પારકી સ્ત્રીને અંગે તે પોતાની છે એવો વિચાર કરે તે પણ વિપત્તિ માટે થાય છે. પરસ્ત્રી સાથેનો સંબંધ તો અનેક ઉપાધિ લાવે છે, એના પતિ કે અન્ય સગાંઓ સાથે વૈર થાય છે અને રાજ્યદંડ—સજા થાય છે; પણ આવા પ્રકારનો વિચાર કરવો એ પણ અનેક પ્રકારની આપત્તિઓનું કારણ બને છે. પરસ્ત્રીના વિચારમાં પડ્યો એટલે એને મનની શાંતિ રહેતી નથી, એને અનેક

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાવાદાવા કરવા પડે છે અને પછી માનસિક પાપની હદ રહેતી નથી. પરદારાલંપટ માણસનું મન સ્થિર રહેતું નથી, એની એક પણ યોજના સાંગોપાગ હોતી નથી અને પાર ઉતરવાના માર્ગોથી એ ભ્રષ્ટ થઇ જાય છે. એક આપત્તિ અનેક ઉપાધિઓનો પ્રાદુર્ભાવ કરે છે અને પ્રાણીને એની ભૂમિકા પરથી નીચે ઉતારી મૂકી એને ભ્રષ્ટ કરે છે. ગંગા સ્વર્ગથી ભ્રષ્ટ થઈ પછી કેટલી નીચે ઉતરી એનું દૃષ્ટાંત જાણીતું છે. ( એ સંબંધમાં ભર્તૃહરિનો શ્લોક જાણીતો છે. )

આવી રીતે પરભાવમાં મમત્વ કરવો—પરવસ્તુને પોતાની માનવી, પરભાવમાં સ્વાત્મબુદ્ધિ કરવી એ અનેક પ્રકારની પીડા અને ભયને પ્રાપ્ત કરી આપે છે. જ્યાં પોતાનું કાંઇ નથી, રહેવાનું નથી, સાથે આવવાનું નથી, તેને પોતાનાં માની તેની ખાતર મમત્વબુદ્ધિએ અધઃપાત થાય ત્યારે પછી તેનાં પરિણામો જરૂર ચાખવાં પડે, તેમાં કાંઇ નવાઈ જેવું નથી. આ આખો સંસાર મમત્વ ઉપર મંડાયો છે અને એ મમત્વ પરવસ્તુઓમાં છે એટલે એ સંબંધ અનેક પ્રકારની પીડાનું કારણ થાય તે તેનું અનિવાર્ય પરિણામ છે અને ભયોને માટે તો પછી સવાલ જ શો રહે ? એક વસ્તુ પ્રાપ્ત કરવા પ્રાણી દરિયાપાર જાય છે, મૂર્ખની ખુશામત કરે છે, સાચું–ખોટું કરે છે અને પછી પરિણામે કેવાં કેવાં દુઃખો સહે છે તે હવે નવું જણાવવાનું રહેતું નથી. અને ભય તો પરભાવમાં ભરેલો જ છે. એક વસ્તુ લેવા જતાં અને પછી એને માટે યોજનાઓ ઘડતાં અને તેનો અમલ કરતાં પ્રાણી કેટલો પરવશ બની જાય છે અને કેવાં જોખમો ખેડે છે તે દરરોજના અનુભવનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે મમત્વભાવ વિવિધ પ્રકારની પીડા અને દુઃખ કરનાર અને તેને વહોરનાર—લાવી આપનાર હોઇ પરભાવને બરાબર ઓળખવાની જરૂર છે. આત્માને એના મૂળ સ્વરૂપે એની સાથે કાંઇ લેવાદેવા નથી. એ તો પારકાને વશ પડી પોતાની જાતને ભૂલી જઇ નકામો ફસાય છે અને હાથે કરીને ઉપાધિ અને ભયને નોતરાં આપે છે. પરભાવરમણુતાની આ સ્થિતિ છે ! અને આ પ્રાણી અત્યારે તો તેને આંગણે ઉભો છે અને તેમાં એવો લુબ્ધ થઇ ગયો છે કે એ પોતાની જાતને ઓળખે છે કે નહિ એ પણ વિવાદગ્રસ્ત સવાલ થઇ પડેલ છે.

સમજુ હોવા છતાં આવી રીતે પરભાવમાં રમણ કરવાની ટેવ પડી ગયેલા અને એ રીતે માર્ગભ્રષ્ટ થયેલા આત્માને હવે જરા પ્રેમપૂર્વક સમજાવે છે, તેની પાસે ખોળો પાથરી તેને માર્ગ પર આવવા વિજ્ઞપ્તિ કરે છે. આ વિજ્ઞપ્તિ કરનાર કોણ ? અને કોની પાસે કરે છે ? એ શોધી કાઢવામાં આવે તો આત્માનો એકત્વભાવ સમજાય. એ કાર્ય આપણે વિચારકની બુદ્ધિ—શક્તિ પર છોડશું.

( ધ્ર ૪. ) અત્યારે હે ચેતન ! તને ઘણી સગવડો મળી છે. મનુષ્યભવ અત્યંત મુશ્કેલીએ મળે છે તે તો જાણીતી વાત છે, પણ આત્મસન્મુખ બુદ્ધિ, સદ્વિચારસામગ્રી, શુદ્ધ—સાચા તત્ત્વની ઓળખાણ વિગેરે સગવડો મળવી તે તો તેથી પણ વધારે મુશ્કેલ છે. નિરોગી શરીર, રીતસરની ધનસંપત્તિ, વડિલવર્ગની શિરછત્રતા, પુત્રોની વિપુળતા, અભ્યાસની સગવડ, પૃથક્કરણ કરવાની સમુચિત આવડત વિગેરે વિગેરે અનેક સગવડો તને મળી છે. ખાસ કરીને વસ્તુસ્વરૂપને બતાવે તેવા તત્ત્વજ્ઞાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંચુપ્રવેશ કરવાને સગવડ પણ તને મળી છે. તેં ગુરૂચરણ સેવ્યા છે. તને વડિલો આત્મસાધન કરી લેવા સતત ઉપદેશ આપી રહ્યા છે. આ સર્વ સગવડો મળી છે તો તેનો બરાબર લાભ લે. આમ હતાશ થઇને ખોટાં ડોળાણો શા માટે કરી રહ્યો છે? તારી વિચારણા અન્ય માટે છે કે તારે માટે છે? ઉપર ઉપરની વાતો છે કે હૃદયને સ્પર્શેલી કર્ત્તવ્યપરાયણ માન્યતા છે? આનો વિચાર કર અને કાંઇક વ્યવહારૂ પરિણામ બતાવ.

જો! તારી આસપાસ પરભાવરમણતાનો કાળો પડદો ફરી વળ્યો છે, એ પડદાએ તને ઘેરી લીધો છે અને તું ખરેખર તેને વશ પડી ગયો છે. આ પડદાને ચીરી નાખ, આ પરભાવ-રમણતાને ફેંકી દે, આ પરભાવરૂપ ઝભાને દૂર કર. અત્યારે તું જેમાં રાચી રહ્યો છે, જેમાં મોજ માણે છે, જેની ખાતર મુંઝાય છે તે સર્વ પરભાવ છે. તે સર્વને અત્યારે જરા છોડી દે. કૃપા કરીને એ બાહ્યભાવ, બહિરાત્મભાવને દૂર કર અને એ તારાં નથી, એને તારી સાથે ચિરકાળ સંબંધ નથી, એનાથી તને કોઇ જાતનો લાભ નથી એમ બરાબર માન અને માન્યતા પ્રમાણે કામ કર. અત્યારે કર્મપરિણામ રાજા તારા ઉપર પ્રસન્ન થયો છે અને તને ખૂબ અનુકૂળ સંયોગોમાં મૂકયો છે તે તકનો પૂરતો લાભ લે અને આ પરભાવના વિલાસને છોડી દે.

છેવટે થોડા વખત માટે તો પરભાવરમણતાને દૂર કર, જેથી આ મનુષ્ય ભવમાં ચંદનના વૃક્ષમાંથી નીકળતા શીતળ પવનની લહરીનો રસ તને જરા સ્પર્શે. એ ચંદનવૃક્ષ તે **આત્મવિચાર** છે. આત્મવિચારમાં પ્રાણી પડે ત્યારે એને એવી શાંતિ થઇ જાય છે કે જેવી શાંતિ સુખડના વૃક્ષોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પર્શ કરીને વહેતા પવનની શીતળ લહરીના સ્પર્શ વખતે થાય છે. મમત્વ કે પરભાવની રમણતા ગરમી લાવે છે. તમે ક્રોધ કે લોભ કરી જુઓ, આંખ લાલ થઈ જશે, છાતી થડક થડક થશે. જ્યારે આત્મવિચારણા થશે ત્યારે અંદર અને બહાર સાચી શાંતિ જામશે, ઉપર જણાવી તેવી શાંતિ થશે.

હિમાલય પર્વત પર ચંદનના ઝાડ પરથી પવનની જે શીતળ લહેર આવે છે એનું વર્ણન કરવું અશક્ય છે. માથું દુઃખે તો ચંદનના જરા લેપથી શાંતિ થાય છે તો પછી જ્યાં ચંદનના મોટા ઝાડોને સ્પર્શી પવનના તરંગો આવે તેનો સ્પર્શ કેવો સુંદર હોય? તેની સાધારણ કલ્પના કરવી હોય તો પારસીની અગિયારી નજીક સુખડની દુકાન પાસેથી જરા પસાર થઈ જવું. આ ભવ્ય શાંતિ તને જરા સ્પર્શી જાય—એક ક્ષણવાર પણ તને મળી જાય એટલું એક વાર હાલ થવા દે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

એક ક્ષણવારની આ માગણી હેતુસરની છે. એક વાર આ આત્મવિચારના રસનો શોખ આને લાગ્યો તો પછી એને કાંઇ કહેવાની જરૂર પડે તેમ નથી. જેમ દારૂનો શોખીન પીઠું શોધી કાઢે છે અને કીડી મીઠાઇ શોધી કાઢે છે તેમ એ ચંદનની સુગંધીમાં રસ પડ્યા પછી જ્યાંથી તે મળશે ત્યાંથી શોધી કાઢશે, શોધવાના માર્ગો મેળવશે અને મેળવીને ગમે તે અગવડે ત્યાં પહોંચશે.

આત્મવિચારણામાં આત્માનું અસંગીપણું, જ્ઞાન—દર્શન—ચારિત્રમયપણું, એકત્વ, અવિનાશીત્વ વિગેરે આત્મિક સર્વ બાબતોનો સમાવેશ થાય છે અને આનુષંગિક બાબત તરીકે અનાત્મ વસ્તુ—પરભાવોની વિચારણા થાય છે. પ્રથમની ઉપાદેય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપે અને બીજી હેયરૂપે થાય છે, પણ એક વાર ચેતનને ભાવી જુઓ, એનામાં ઉતરી જાઓ, એનામાં તન્મય થઈ જાઓ, અંદર ઉતરી જાઓ, એનું જ ચિંતવન કરો, જાણે આપણે સર્વથી અસંગ—અલિપ્ત હોઇ દૂર અથવા ઉપર ખડા છીએ અને આખો તમાસો જોઇએ છીએ એવો અનુભવ કરો. ખૂબ મજા આવશે, પૂર્વે કદી નહિ અનુભવેલ શાંતિ થશે અને ચંદનવાતની ઊર્મિઓ અંદર ઉછળશે. એ રસ ક્ષણવાર અનુભવાશે, જરા સ્પર્શીને ચાલ્યો જશે તો પણ જીવન ધન્ય થઇ જશે અને પછી શું કરવું તે અત્ર જણાવવાની જરૂર નથી. તમારો ચેતનરામ તેને શોધી લેશે અને તેનો પ્રયાસ હશે તો તે તેને મળી આવશે. એક વાત ધ્યાનમાં રાખશો કે આવો અવસર ફરી ફરીને વારંવાર નહિ મળે. અત્યારે મળેલી અનુકૂળતાઓ બહુ ભારે છે અને મોંઘેરા મૂલ્યની છે, એનું એવું મૂલ્ય આપવાની તમારી પાસે તાકાત સર્વદા હોતી નથી, રહેતી નથી. એ ખાસ ધ્યાનમાં રાખશો.

(ઙ ૫.) એટલા માટે હે ચેતન! તું સર્વ આળપંપાળ મૂકી દે, તારા નિજસ્વભાવમાં મગ્ન થઇ જા અને તારી **એકતા** જેનું વર્ણન નીચેના અષ્ટકમાં કરવામાં આવશે તેની ભાવના કર, તેનો વારંવાર વિચાર કર અને તે વિચારણામાં તન્મય થઈ જા. એ એકતાનો વિચાર સમતા સાથે કર. સમતા વગરની એકતા તો તને મુંઝવી નાખશે, તને ગભરાવી મૂકશે, તને બાપડો—બિચારો બનાવી દેશે. સમતા એટલે સમભાવ, અખંડ શાંતિ, આત્મસ્વરૂપ સાથે એકરૂપતુલ્યતા. વિનયવિજય ઉપાધ્યાયે આરાધનાના સ્તવનમાં કહ્યું છે કે—

જૈનસાઈટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યના કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.
ધન ધન તે દિન માહરો.

જમીન કચરાવાળી હોય તેને સાફ કર્યા વગર—ભૂમિકાની શુદ્ધિ કર્યા વગર ગાર કરવામાં આવે અથવા ખાવાં વળગેલ કાબરચીતરી ભીંતને સાફ કર્યા વગર તે પર ચિત્રામણ કરવામાં આવે તો તે સર્વ નકામું થાય છે તેમ સમતા વગર કરેલ સર્વ કરણી કે વિચારણા નિરર્થક થાય છે. મનની શાંતિ, વાતાવરણમાં શાંતિ, અંતરની વિશુદ્ધિ એ એકત્વભાવનાની વિચારણાને અંગે ખાસ જરૂરી છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એવી રીતે સમતાપૂર્વક એકત્વ ભાવના ભાવ એટલે તને પરમાનંદ પદની સંપત્તિ જરૂર મળશે. તું થોડા વખતની સંપત્તિના કોડ હવે છોડી દે અને આ પરમાનંદ પદના આનંદને મેળવ. એ તો ઉત્કૃષ્ટ આનંદ છે, નિરવધિ આનંદ છે, અનિર્વાચ્ય આનંદ છે, અક્ષય આનંદ છે, અમિશ્ર આનંદ છે. નીચેની વાર્તા વિચાર.

અઢળક લક્ષ્મીનો સ્વામી, સેંકડો ગામનો રાજા નમિ આજે હેરાન થઈ ગયો છે. એના શરીરમાં દાહજ્વર ઉપડ્યો છે. આખા શરીરમાંથી અંગારા ઊઠે છે. જાણે મહાભયંકર અગ્નિની વચ્ચે બેઠા હોય તેમ આખું શરીર બળું બળું થઈ રહ્યું છે. એને પથારીમાં ચેન પડતું નથી. જમણેથી ડાબે પડખે અને ડાબેથી જમણે પડખે પછાડા મારે છે અને હાય—બળતરા કરે છે.

તે રાજાને પાંચશે સ્ત્રીઓ છે. રાજાના ઉગ્ર દાહજ્વરને શાંત કરવા સર્વ તત્પર છે. સર્વ સ્ત્રીઓ સુખડના કટકાઓ લઈ તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘસવા લાગી ગઇ છે. પાંચશેં સ્ત્રીઓના સૌભાગ્યનો આધાર આ એક જીવ પર હતો. ખૂબ પ્રયત્ન કરી જોરથી સર્વ કામ કરવા લાગી ગઇ અને જેમ બને તેમ જલ્દી બાવનાચંદનનાં કચોળાં ભરી પતિનાં શરીર પર લગાડવાની ગોઠવણ કરવા આતુર બની; પણ રાજાની પીડા આકરી હતી. બાવનાચંદનના વિલેપનથી તે શમી નહીં. તેનો દાહ વધતો જ ચાલ્યો અને ગરમી વધતી જ ગઇ.

માંદા માણસને જરા અવાજ થાય તો પણ કંટાળો આવે છે. પાંચશેં સ્ત્રીઓ એક સાથે બાવનાચંદન ઘસે ત્યારે તેના હાથનાં કંકણો ( બલોયાં, ચૂડીઓ કે બંગડીઓ ) કેટલો અવાજ કરે ? અને તેમાં વળી મારવાડનો પ્રદેશ એટલે ચૂડા મોટા હોય. એનો અવાજ રાજાને અસહ્ય થઇ પડ્યો. દાહની બળતરામાં અવાજના ધમધમાટે વધારો કર્યો. દાહની બફમમાં નમિરાજાએ બૂમ મારી: 'આ અવાજ બંધ કરો. મારું માથું ફરી જાય છે. આ સર્વ ઘોંઘાટ શો ?'

સ્ત્રીઓ ચતુર હતી. તેમણે વધારાના ચુડા ઉતારી માત્ર એક સૌભાગ્ય–કંકણ રાખ્યું. પાછી ફરી ચંદન ઘસવા લાગી ગઇ. નમિરાજા બે મિનિટમાં પાછા બોલ્યા:–'અવાજ કેમ બંધ થયો ?' વૃદ્ધ વૈદ્યરાજે જવાબ આપ્યો: 'આપની પાંચશેં સ્ત્રીઓ આપને લેપ કરવા માટે બાવનાચંદન ઘસતી હતી તેનો એ અવાજ હતો.'

નમિરાજા–'ત્યારે શું તે ઘસતી બંધ પડી ગઇ ?'

વૈદ્યરાજ–'ના સાહેબ ! તે ઘસે છે, પણ તેમણે કંકણો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ કાઢી દૂર મૂક્યા છે, માત્ર **એક** સૌભાગ્યસૂચક કંકણ જ હરેકે રાખ્યું છે તેથી અવાજ થતો નથી.'

નમિરાજા—' અહો ! ત્યારે અનેકનો જ અવાજ છે, **એક**માં જ ખરી શાંતિ છે. મારા માથા ઉપરથી અત્યારે મોટો બોજો ઉતરતો જણાય છે તે **એક** કંકણને જ આભારી છે. ત્યારે મજા તો ખરી '**એક**'માં જ છે. વધારે થાય ત્યાં તો ખડખડાટ જણાય છે ત્યારે આ **એકમાં** તો આનંદ છે.

આમ બોલતાં બોલતાં એને **એકતાનું** ભાન થયું. થતાંની સાથે એ ઉભો થયો. પોતે એકલો છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. જે ખડખડાટમાં પોતે પડ્યો છે તે અનેકને લઈને જ છે.

આ વિચારમાં એનો દાહ ચાલ્યો ગયો. એ વિચારની અંદર ઉતરી ગયો. સમજ્યા તેવા જ રાજેશ્રી ઉઠ્યા અને ઉઠીને મુનિપણું ધારણ કરી એકતાનો અનુભવ કરવા લાગ્યા. રાજ્ય છોડ્યું, વૈભવો છોડ્યા, અલંકારો છોડ્યા, સ્ત્રીઓ છોડી અને સર્વ છોડી એકતામાં લીન થઈ અંતે પરમાનંદ સંપદાને પામ્યા. એ પ્રત્યેકબુદ્ધ થયા અને રાજર્ષિ કહેવાયા. અનિત્ય ભાવનામાં કરકંડુનું દૃષ્ટાન્ત આવ્યું હતું તેવા આ બીજા પ્રત્યેકબુદ્ધ થયા. વિચારકની આ દશા હોય. એ રાજ્ય ભોગવે, પાંચશેં સ્ત્રીઓ સાથે વિલાસ કરે; પણ સાચી વાત સમજે એટલે ચાલી નીકળે. પછી ધન્નાની જેમ ખેળભરેલું શરીર હોય તો પણ શું ? અને ચિલાતીપુત્રની પેઠે હાથમાં મનુષ્યના માથાની ખોપરી હોય તોયે શું ? એ તો તજવી ત્યારે એક એક શું તજવી ? શાલિભદ્રને ધન્નો કહે કે ' ચાલ ! આમ વાતો કર્યે કાંઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દહાડો વળે ?’ આ દશા વિચારકની હોય. હાથમાં માથાની ખોપરી હોય પણ ‘ઉપશમ, વિવેક, સંવર’ એટલા શબ્દો સાંભળે ત્યાં સ્થિતિ બદલાઇ જાય છે અને ખૂની માણસ એ જ ભવમાં મોક્ષ સાધે છે. એ દશા વિચારકની હોય. તેટલા માટે જો એક વાર સમતાપૂર્વક ખરો એકત્વભાવ સમજાય તો પછી દશા ફરતાં અને પરમાનંદ પદ પ્રાપ્ત કરતાં વખત લાગતો નથી. ત્યારે એ એકત્વ ભાવના કેમ ભાવવી તેનું સ્વરૂપ હવે ઘણા સંક્ષેપમાં વિચારી જઇએ. ઉપોદ્‌ઘાતમાં ઘણી વાત થઇ ગઇ છે તેથી અષ્ટકમાં સંક્ષેપ કરી બાકીની વિચારણા વાચકની વિચારશક્તિ પર છોડવી ઠીક લાગે છે.

---

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## એકત્વ ભાવના— : : ગેયાષ્ટક પરિચય—

૧. ખૂબ શાંતિથી પૂર્ણ શાંત વાતાવરણમાં ગાવા યોગ્ય આ અષ્ટક છે. એની ઢળક બહુ સુંદર છે. વિનય ! ચેતન ! તું વસ્તુસ્વરૂપનો બરાબર વિચાર કર. ઉપર ઉપરના ખ્યાલ પડતા મૂકી વસ્તુની આંતરરચનાના મૂળ સુધી પહોંચી જા. તને માલૂમ પડશે કે એ વિચારણામાં તેં કદી નહિ કલ્પેલ ભવ્ય સત્યો પડેલાં છે. જેનો સ્પર્શ પણ તને શાંત કરી દેશે અને તારી આસપાસ શાંતિનું સામ્રાજ્ય જમાવી દેશે.

આ દુનિયામાં તારૂં પોતાનું શું છે ? આ સીધો સવાલ છે. તેનો તું વિચાર કર. જો તું તારા શરીરને તારૂં માનતો હો તો તે તારૂં નથી તે આપણે જોઇ ગયા. નથી તારૂં ઘર, નથી તારાં વાડીવજીફા, નથી તારી સ્રી, નથી તારાં છોકરાં, નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારો ધંધો, નથી તારા મિત્રો, નથી તારા સગાં. કોઈ તારૂં છે? હોય તો કહે. અનેક જીવો છે તેમાં તારાં કોણ? અનેક ચીજો છે તેમાં તારી કઈ? અને કોણ કોનું? આ સવાલનો જવાબ આપીશ એટલે તને જણાશે કે આ તો ફોકટના ફસાઇ મર્યા!

આટલો વિચાર આવે એટલે પછી એને કોઈ જાતનું દુઃખ થાય ખરૂં? અથવા એનાથી કોઇ પાપાચરણ બને ખરૂં? દુઃખ કોને લાગે? જ્યાં કિં નિજં–પોતાનું શું? એ સવાલ થયો એટલે દુઃખ શેનું? કોનું અને કોને લાગે?

આવો સવાલ જેના મનમાં હૃદયસ્પર્શી થાય તેને પાપ કરવાની બુદ્ધિ કદી પણ થાય ખરી? એવા પ્રાણીને રાજમહેલ કે જંગલ સરખું જ લાગે. એને મન જેલ કે મહેલ સરખા જ દેખાય. એને ધનિક કે નિર્ધન અવસ્થા સરખી લાગે. એને માન–અપમાન સર્વ પાર્થિવ લાગે. એને અભિમાન બચ્ચાના ખેલ લાગે. એને આવી ભવચેષ્ટા બાળકના કરેલાં ધૂળના ઘર જેવી લાગે. ટૂંકામાં એને દુઃખ કે ખેદ લાગે નહિ અને કદાચ દુઃખ બાહ્ય નજરે દેખાય તો તેને તે મોજમાં ભોગવી લે. તેને પણ એ માણે, તેમાં પણ આનંદ પામે. એને પાર્થિવ કોઇ ચીજ અસર ન કરે. એ તો 'નિજં કિં'નો જ વિચાર કરે અને એ વિચારણા દુરિતના ઉદયને દૂર કરવા માટે પૂરતી છે. એવો સવાલ જેના મનમાં ઊઠે તેની વિચારણા કેવી હોય તે જુઓ:—

૨. આ પ્રાણી એકલો ઉત્પન્ન થાય છે. તે જ્યારે જન્મે છે ત્યારે તદ્દન એકલો જ હોય છે. તેને જેના પર મોહ હોય તેવાં તેનાં સ્ત્રી–પુત્રાદિ તેની સાથે જન્મતાં નથી.

અને જ્યારે યમરાજ એને ઉપાડી જાય છે ત્યારે એ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકલો જ જાય છે. કોઇ એની સાથે મરતું નથી અને એની ચિતામાં એને બદલે અન્ય કોઇ સૂતું નથી. નાનપણમાં કરેલી એક સજ્ઝાયમાંથી નીચલું પદ્ય યાદ રહ્યું છે. તેમાં લખ્યું હતું કેઃ—

"ડેહલી લગે સગી અંગના, શેરીઅ લગે સગી માય;
સીમ લગે સાજન ભલો, પછે હંસ એકીલો જાય.
જીવ! વારૂં છું મોરા વાલમા."

તે વખતે હંસ એકલો કેમ જતો હશે તેની જે કલ્પના કરેલી તે અત્યારે યાદ આવે છે. શેરી સુધી મા વળાવવા આવે, સ્મશાન સુધી સગાંઓ આવે-પણ પછી? અરે! હવે તો સમજ્યા કે એમાં પછીનો સવાલ જ નથી. હંસ તો ક્યારનો ઉડી ગયો છે! શું ભવ્ય કલ્પના છે! પણ વાત એ છે કે હંસ અંતે એકલો ઉડી જાય છે અને જવાના વાર, તારીખ કે મુહૂર્ત્તને જોતો નથી. એક બીજી સજ્ઝાયમાં 'એક રે દિવસ એવો આવશે' એમાં કરેલું કલ્પનાસ્પર્શી વર્ણન પણ બાળનજરે ખડું થાય છે. એમાંની 'ખોખરી હાંડલી એના કર્મની' એ વાક્ય હજુ પણ કરૂણારસ ઉત્પન્ન કરે છે. કાંઇક વિષયાંતર થાય છે. વાત એ છે કે આ પ્રાણી એકલો જાય છે. આપણે એકલાંને સ્મશાનમાં પોઢતાં જોઇ આવ્યા છીએ. 'એકલા' જવાનું છે એ વાતમાં જરા પણ શક પડતો નથી, છતાં અંદર ખાત્રી તો છે ને? કદાચ આપણા માટે દુનિયાનો ક્રમ-સિદ્ધ નિયમ ફરી જશે એમ તો નથી લાગતું ને?

આ પ્રાણી એકલો કર્મ કરે છે અને એના ફળ પોતે જ ભોગવે છે. તે પોતાની ખાતર કર્મ કરતો હોય કે ગમે તેની ખાતર કરતો હોય, પણ સારાં કે માઠાં આચરણનાં ફળો તેણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકલાએ જ ભોગવવાનાં છે. ધનમાં ભાગ પડાવવા ઘણા આવશે, ઉજાણી જમવા સેંકડો આવશે, વરઘોડામાં સાજનમાજનની શોભામાં વધારો કરવા ઘણા આવશે; પણ વરરાજા તો તું એકલો જ છે અને ઘરસંસાર તો તારે જ ચલાવવાનો છે. તું માનતો હો કે તારી રમતમાં ભાગ પડાવનારા, તારા પાપના કે પુણ્યના ભાગીદાર થવાનું કબૂલ કરશે તો તું ભૂલ ખાય છે. એ તો જેના પગ પર કોશ પડે તેને જ તેની પીડા ભોગવવાની છે. તેમાં બીજા કોઇ ભાગ પડાવવાના નથી. એને અંગે તારે ખૂબ વિચાર કરવાની જરૂર છે. એક વિશિષ્ટ લેખક કહે છે કે 'જેમ વનને દાવાનળ લાગે ત્યારે પક્ષીઓ ઉડી જાય છે તેમ ધનની વહેંચણી વખતે તારા આશ્રયમાં રહેનાર, તારા છત્રની પ્રશંસા કરનાર પણ જ્યારે તારે જવાબ આપવાં પડશે ત્યારે પક્ષીઓની જેમ નાસી જશે અને પછી તું કોઇની આશા રાખતો નહિ.' યાદ રાખજે કે નાનાં-મોટાં, સારાં-ખરાબ તારાં સર્વ કૃત્યોનો જવાબ તારે જ આપવો પડશે, માથું નીચું કરીને આપવો પડશે અને ગમે કે ન ગમે પણ બરાબર આપવો પડશે તેમજ તે તારે એકલાએ જ આપવો પડશે. વળી બીજું પણ યાદ રાખજે કે કર્મપરિણામ રાજાને મંદિરે સો મણ તેલના દીવા બળે છે. ત્યાં જરા પણ પોલ ચાલી જાય કે ગોટા વળાય તેવું નથી. ત્યાં તારે એકલાએ હાજર થઇ સર્વ કર્મોનો બદલો લેવાનો છે, ભોગવવાનો છે અને સરવૈયાં ત્યાં નીકળવાનાં છે. તારા ખાતાની અત્યારે ખતવણી ચાલે છે. ગભરાઇશ નહિ, પણ વાત બરાબર ધ્યાનમાં રાખજે. ત્યાં તારૂં ખાતું અલગ છે અને જમે તથા ઉધાર સર્વનાં ફળ તારે એકલાને જ ભોગવવાનાં છે. એમાં એક બાજુમાંથી બીજી બાજુ બાદબાકી થતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. (ખાતાનો આ આખો હિસાબ કર્મસામ્રાજ્યની પદ્ધતિને અલંકારિક ભાષામાં બતાવે છે તે ખૂબ વિચારવા યોગ્ય છે.) એ સર્વ ફળો તારે એકલાંએ જ ભોગવવાના છે એ વાત અત્ર ખાસ પ્રસ્તુત છે. આ વિચારણા વિચારવાની છે.

૩. આ પ્રાણી અનેક પ્રકારની મમતાઓને તાબે થઈને જેટલો પરિગ્રહ વધારે છે, જેટલો માલદાર બનતો જાય છે તેટલો તે ભારે થતો જાય છે અને વહાણ કે સ્ટીમરમાં જેટલો ભાર ભરે તેટલી તે પાણીમાં ઉંડી ઉતરતી જાય છે તે પ્રમાણે પરિગ્રહના ભારથી તે જેટલો લદાય છે તેટલો તે ઉંડો ઉતરતો જાય છે. આમાં યાદ રાખવાનું એ છે કે એની પોતાની સ્ટીમર જ તેટલી ઉંડી ઉતરે છે, બીજાનાં વહાણને એની અસર નથી. જેમાં ભાર ભરવામાં આવે તે સ્ટીમર જ ભારના પ્રમાણમાં તેટલી પાણીમાં ઉતરે એ તદ્દન સ્વાભાવિક છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મમતાની વિવિધતા હવે વિચારવાની બાકી રહે છે. તે તો આપણે પ્રથમથી જોતા જ આવ્યા છીએ. આ પ્રાણીને સંસારનો એવો મોહ લાગ્યો છે કે એ ચેટકનો કાંઇ છેડો દેખાતો નથી. ધનની, પુત્રની, સ્ત્રીની, માબાપની મમતા તો જાણીતી છે, પણ એ ઉપરાંત એના બીજા ઉછાળા પણ જોવા જેવા છે. એને દુનિયામાં નામ કાઢવાની ચીવટ ઓછી નથી, નામમાં કાંઇ માલ નથી એમ એ સમજે તો પણ એને એનો મોહ ઓછો થતો નથી. એને મારૂં મારૂં કરીને આખી દુનિયાનું પાણી પોતાનાં ઘરબાર તરફ વાળવું છે. એને કપડાંની મમતા છે, ખાવાની મમતા છે, મોટરમાં ફરવાની મમતા છે, છત્રી પલંગમાં સૂવાના કોડ છે, સંસ્થાઓમાં જોડાઇને નામ કાઢવું છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમે તેમ કરીને પોતાનું વ્યક્તિત્વ પ્રકટ કરવું છે અને પછી એના આંચકા આવે ત્યારે પોક મૂકીને રડવું છે. જ્યાં પરભાવમાં રમણતા થઇ અને તેને અંગે આત્મવિચારણા દૂર થઇ ગઇ તો પછી મમત્વ બંધાય છે અને એનાં ચક્કરમાં ચડ્યો એટલે એ ભારે થતો જ જાય છે અને ખાસ કરીને લોકપ્રશંસામાં આત્મભાવ વિસર્યો તો એની સ્ટીમર જરૂર ભારે થઇ જવાની એ નક્કી વાત છે. વિચારપરવશતા, અસ્પષ્ટ વિચાર, ધ્યેયની અસ્પષ્ટતા અને કર્તવ્યનિષ્ઠાનો અભાવ એ જાહેર સેવાને અંગે પણ પરભાવમાં રમણતા કરાવે છે અને સાપેક્ષ દૃષ્ટિ ધ્યાનમાં ન હોય તો સ્ટીમરને જરૂર ભારે બનાવે છે. જાહેર સેવા કરનારે આ વાત ખૂબ ધ્યાનમાં રાખવાની છે. પ્રમાણિક કર્તવ્ય-બુદ્ધિ હોય અને લોકપ્રશંસા તરફ ઉપેક્ષા હોય અથવા તેની સ્પૃહા ન હોય તો આ નાના જીવનમાં ઘણાં કાર્ય થઇ શકે છે, પણ આવડત અને આત્મલક્ષ ન હોય તો સ્ટીમરને ખૂબ ભારે કરી દેવાનો અને અધઃપાત મોટો થઇ જવાનો ત્યાં પણ ભય છે એ વાત ધ્યાનમાં રાખવી. ખાસ લક્ષ્યમાં રાખવાનું કે ‘જીસ ઘર બહોત વધામણા, ઉસ ઘર મોટી પોક.’

વહાણનું દૃષ્ટાન્ત ખૂબ વિચારવાનું છે અને તેમાં ખાસ મુદ્દો એ ધ્યાનમાં રાખવાનો છે કે જેનાં વહાણમાં માલ ભરાય તે જ વહાણ ભારે થાય છે અને ભારના પ્રમાણમાં તે જ માત્ર નીચું બેસે છે. મમતાની વિવિધતા વિચારી લેવી અને આપણું વહાણ આ ભવમાં વધારે ડૂબાડીએ છીએ કે તેને કાંઇ ઉપર લઇ આવીએ છીએ તેની માપણી, માપકયંત્ર (થરમોમીટર) દ્વારા જાતે ખૂબ વિચાર કરીને કરી લેવી.

૪. દારૂડીઆને તો જરૂર જોયા હશે. રાત્રે દશ–બાર વાગે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમાંનો કોઇ બહાર ફરવા નીકળશે તો ગમે તેમ લવારો કરતો જશે. એ પોતાનો અસલ સ્વભાવ તદ્દન મૂકી દઇને એવી એવી ચેષ્ટાઓ કરશે કે તે જોઈ-જાણી હોય તો હસવું આવે. એ પોતાની જાત ઉપરનો કાબૂ ખોઇ બેસશે અને પછી ગમે તેમ વર્તશે. એની જાત પર એને કાબૂ નહિ રહે. એ ગટરમાં પડશે, ગોથાં ખાશે, બગાંસાં ખાશે અને એવું વર્તન કરશે કે જાણે એ માણસ જ ફરી ગયો. તમે એને દારૂના ઘેનમાં તદ્દન જુદો જ જોશો. એનું કારણ દારૂનું ઘેન છે અને દારૂ એને પીવા યોગ્ય ચીજ ન હોઈ પેય પદાર્થને અંગે એને માટે એ પરવસ્તુ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્રનો ધણી પણ જ્યારે પરભાવમાં પડી જાય છે ત્યારે એ પોતાનું મૂળ રૂપ તજી દઈ અત્યંત વિચિત્ર ચેષ્ટાઓ કરે છે. દારૂ પીનારો જેમ ગાવા, નાચવા, હસવા મંડી જાય છે તેમ આ પ્રાણી સંસારનાં નાટકો ભજવવામાં પડી જાય છે. એ મારૂં મારૂં કરી નાટકો કરે છે અને દારૂડીઆની પેઠે પોતાની જાત પર કાબૂ ખોઈ બેસી અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે છે. પછી એ પરભાવને વશ થઈ અનેક કષ્ટોમાં પડે છે, એક ખાડામાંથી બીજામાં અને એક ભવમાંથી બીજામાં ગબડે છે અને સંસાર પર પ્રેમ કરી ઇષ્ટવિયોગાદિ પ્રસંગે તદ્દન શૂન્યચિત્તવાળો થઈ બગાસાં ખાય છે.

પરભાવરમણતાને લઇને એ પોતાનો સ્વભાવ વિસરી જાય છે અને મોહમમત્વમાં પડી જઇ અનેક ન કરવા યોગ્ય કાર્યો કરી બેસે છે અને ભારે ગોટાળામાં પડી જાય છે. એ દારૂની અસર તળે એને જોયો હોય તો કોઈ માને પણ નહિ કે એ જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોનો ધણી હશે અને એના મૂળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વભાવમાં એ તદ્દન નિર્લેપ, એકલો ફરનારો અને અનંત સુખનો ભોક્તા હશે. દારૂની અસર આવી છે! પરભાવરમણતાના લ્હાવા આવા છે!

દારૂડીઆના પતન સાથે સંસારમાં અધઃપાત સરખાવવો.

દારૂડીઆના લોટવા સાથે ભવોભવની રખડપટ્ટી સરખાવવી.

દારૂડીઆનાં બગાસાં સાથે દુઃખપ્રસંગે થતી હૃદયશૂન્યતા સરખાવવી.

ચેતન **એકલો** છે, છતાં **પારકાની અસર તળે** એના કેવા હાલ થાય છે તે વિચાર્યા.

**૫.** સોનામાં અન્ય ધાતુ મેળવી હોય ત્યારે તે કેવું લાગે અને જ્યારે એ તદ્દન ચોખ્ખું સો ટચનું સોનું હોય ત્યારે તે કેવું લાગે તે તો તમારા જેવા દુનિયાદારીના માણસોને (Worldly man) જણાવવાની જરૂર ન જ હોય. સોનું ચોખ્ખું હોય ત્યારે એનો પ્રકાશ, એનો રંગ, એનું સ્નિગ્ધત્વ, એનો દેખાવ, એનો ભાર (ગુરૂત્વ) ખરેખર ચિત્તાકર્ષક તમને લાગ્યો જ હશે. પછી તેમાં જ્યારે અન્ય ધાતુની સેળભેળ કરવામાં આવે ત્યારે તેનો રંગ જાય, રૂપ જાય અને તેમાં જો વધારે પડતો ભેગ થઇ જાય તો કોઇ તેને સોનું માનવાની પણ ના પાડે. સોનામાં જેટલો ભેગ થાય તેટલું તેનું સુવર્ણત્વ ઓછું થાય છે.

૬. આત્મા—ચેતનની જ્યારે કર્મ સાથે મેળવણી થાય છે ત્યારે એનાં પણ અનેક રૂપ થાય છે, એનો મૂળ સ્વભાવ દબાઇ જાય છે અને પછી તો એ અનેક નાટકો કરે છે. એ ચારે ગતિમાં ભટકતો ફરે છે અને નવાં નવાં રૂપો ધારણ કરી કોઈ વાર ઉત્તમ અને કોઇવાર જોવો પણ ન ગમે તેવો અધમ પાઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભજવે છે. એ ભીખારી થઇ ભીખ માગે છે, એ રાજા થાય છે, એ હાથીના હોદ્દા પર બેસે છે, એ ગધેડા પર બેસે છે, એ હુકમ કરનાર થાય છે, એ હુકમ ઉઠાવનાર થાય છે, એ વક્તા થાય છે, શ્રોતા થાય છે, લુલો-લંગડો થાય છે, આંધળો-બેરો થાય છે, રોગી થાય છે, દીન થાય છે, પ્રતાપી થાય છે, લશ્કરનો સરદાર થાય છે, વેપારી થાય છે, દલાલ થાય છે અને ટકાનો ત્રણ શેર વેચાય તેવો પણ થાય છે. સંસારભાવનામાં જોઇ ગયા તેવા અનેક રૂપો તે લે છે, પણ એ સર્વ એના ભેળનાં રૂપો છે, એના શુદ્ધ કાંચનત્વમાં એબ લગાડનારાં રૂપો છે. જેટલો ભેળ એનામાં કર્મનો ભળે છે તેટલો તે અસલ સ્વરૂપમાંથી દૂર ને દૂર ખસતો જાય છે. એ મૂર્ખ દેખાય તો તેમાં પણ ભેગ છે અને દુઃખી દેખાય તો તેમાં પણ ભેગ છે. એને સંસારમાં ગમે તે સ્થિતિમાં જોવામાં આવે તે સર્વમાં ઓછો-વધતો ભેગ જરૂર છે.

પણ જ્યારે એનું શુદ્ધ કાંચનમય સ્વરૂપ હોય, જ્યારે એ પ્રાપ્ત કરે, પ્રકટાવે અને કર્મનો ભેગ દૂર કરે ત્યારે એ **ભગવાન** થાય છે, સચ્ચિદાનંદ સ્વરૂપ થાય છે, પરબ્રહ્મ થાય છે, સિદ્ધ થાય છે, અજરામર થાય છે, શાશ્વત સુખનો ભોક્તા થાય છે, અનંત જ્ઞાન-દર્શનમય થાય છે, અનંત ગુણોમાં વિહરનાર થાય છે, વિશિષ્ટ ગુણાપન્ન સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઇ આત્મધર્મમાં અનંત કાળ સુધી વિલાસ કરનારો થાય છે અને પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે.

એકલો આવનાર અને એકલો જનાર આત્મા કર્મના સંબંધના ભેગથી કેવો થઇ જાય છે, એ ન હોય ત્યારે એની કેવી સુંદર દશા હોય છે અને એ કેવો સ્વભાવગુણમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીન હોય છે તેનો ખ્યાલ કરી એનું એકત્વ ખૂબ વિચારવાની જરૂર છે. એ એકત્વભાવવાળો આત્મા પરભાવરૂપ દારૂના કેફમાં કેવો કથોરે ચઢી ગયો છે તેનો બરાબર ખ્યાલ કરવાનો છે.

૭. આ શુદ્ધ કાંચન સ્વરૂપ ભગવાન કેવા છે તે જરા જોઇ લે. અનંત જ્ઞાન–દર્શન–ચરણના પર્યાયોથી વ્યાપ્ત છે.

આ દુનિયા, એની અંદરના સર્વ પદાર્થો, સર્વ ભાવો એના ભૂત, ભવત્ અને ભાવી આકારમાં જે બતાવી આપે, તેનો બોધ કરાવી આપે તે ‘ જ્ઞાન ’.

સર્વ પદાર્થોનો સામાન્ય બોધ આપે તે ‘ દર્શન. ’ જ્ઞાનમાં વિશેષ બોધ થાય છે, દર્શનમાં સામાન્ય બોધ થાય છે. અથવા થયેલા બોધમાં દૃઢ શ્રદ્ધા થવી તે દર્શન અથવા સમ્યક્ત્વ.

આત્મપ્રદેશની સ્થિરવૃત્તિ અને ગુણમાં રમણતા એ ‘ચારિત્ર.’ ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી કહે છે કે **चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते** એટલે સિદ્ધમાં–મુક્ત જીવોમાં પણ સ્થિરતારૂપ ચારિત્ર હોય છે. નિજ ગુણમાં સ્થિર રહેવું, અચળ આત્મપ્રદેશ રહેવા એ સર્વ અનંત ચારિત્રના વિભાગમાં આવે છે.

આત્મા આવા અનંત ગુણોથી એના મૂળ સ્વભાવમાં વ્યાપ્ત છે. એનામાં આ સર્વ ગુણો ઠાંસી ઠાંસીને ભરેલા છે અને એ એના સહભાવી ધર્મો છે.

સહજાનંદવિલાસી આત્મા મહોદયને પ્રાપ્ત કરી એના શુદ્ધ સ્વરૂપે પરમાત્મા થાય છે અને ત્યાં પણ એનું વ્યક્તિત્વ રહે છે. ગુણની નજરે સિદ્ધના સર્વ જીવો એક સરખા હોવાથી તેમાં ‘અભેદ’ પણું શક્ય છે, પણ પ્રત્યેક આત્માનું વ્યક્તિત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતું નથી, કોઇમાં તે ભળી જતું નથી, કોઇ મય તે થઇ જતું નથી. આ રીતે ભેદાભેદને સમજવો બહુ જરૂરી છે.

આવો આત્મા ખરેખર પરમેશ્વર છે, પૂજ્ય છે, ધ્યેય છે, વિશિષ્ટ છે અને વંદન, નમન, સેવનને યોગ્ય છે. આત્મા મૂળ સ્વરૂપે આવો છે, ભગવાન છે, પરમેશ્વર છે, જ્યોતિસ્વરૂપી છે, અનંત જ્ઞાનનો ધણી છે અને નિરંતર નિશ્ચળ રહી, સર્વ રખડપટ્ટીઓથી રહિત થઇ એક સ્થાને વસનાર છે. બહિરાત્મભાવ મૂકી, અંતરાત્મભાવ પ્રકટ કરી, એનું એકત્વ સમજી આ વિચારણા કરવામાં આવે તો પરમાત્મભાવ પ્રકટ છે, સિદ્ધ છે, પ્રાપ્ય છે અને પોતાની પાસે જ છે.

ચેતનજી ! તમારા અનુભવમંદિરમાં આ એક આત્માને બેસાડો. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે આવો એક પરમાત્મા જે જાતે અવિનશ્વર–શાશ્વત છે તે તમારા અનુભવમંદિરમાં વસો.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

આપણે જરા આગળ જઇને એમ કહીએ કે તમારો પોતાનો જ આત્મા, તમે પોતે જ આ અનંત જ્ઞાન–દર્શન–ચારિત્રમય પરમેશ્વર છો. તમારા મંદિરમાં બીજા બહારના આત્માને લઇ આવવો પડે કે બેસાડવો પડે તેમ પણ નથી, માત્ર આદર્શ તરીકે તમારી પાસે પરમેશ્વર અને ભગવાનની વાત કરી છે; બાકી તમે પોતે જ તે છો અને તે તમને બેસાડતા આવડે અને અંદરથી દશા પલટાય તો તમને તે મહાસિંહાસન પર બેઠેલ દેખાશે. હાલ તુરત તમારા અનુભવમંદિરમાં એ પરમેશ્વરને સ્થાપન કરો અને એના જેવા બનવા ભાવના કરો.

અનુભવ–મંદિર એ કાંઇ જેવી તેવી વસ્તુ નથી. એ જ્ઞાનસ્વભાવ ભુવન છે, અનેક ભવના વિકાસને પરિણામે પ્રાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચયેલ આત્માની શુદ્ધ દશા છે અને એ મહામંદિરમાં જેને તેને સ્થાન ન જ હોય. ખૂબ વિચારણાને પરિણામે અનુભવ થાય છે અને એ અનુભવ આખા ભવના કરેલ આંતર નિદિધ્યાસનનું અમૃત તત્ત્વ છે. એ અનુભવ પ્રાપ્ત કરવા યોગીઓ મથ્યા છે અને એની ખાતર એમણે જંગલો સેવ્યા છે. એ અનુભવમંદિરમાં મહારાજ્યસ્થાન પર આ અચળ મૂર્ત્તિ અવિનશ્વર પરમેશ્વરને સ્થાપો. પછી જે આનંદ થશે તે વચનથી અકથ્ય છે. જેમ [1]સાકરનો સ્વાદ કેવો લાગે તેનું વર્ણન ન કરી શકાય, પણ ખાવાથી સમજાય તેવો આ અનુભવ છે. એના મંદિરમાં એક વખત પરમાત્મસ્વરૂપને બરાબર સ્થાન મળ્યું અને એમાં કોઇ જાતનો ભેળસેળ ન રહ્યો તો પછી રસ્તો સીધો અને સરળ છે.

આવા અનંત જ્ઞાનાદિ ગુણ યુક્ત પરમેશ્વરને તમારા અનુભવ–મંદિરમાં બરાબર સ્થાન આપો, પછી એની સાથે વાત કરો અને તેની સાથે તમારી એકતા ભાવો. યાદ રાખો કે એ પરમેશ્વર એક જ છે, એક સ્વરૂપે જ છે અને તમે પોતે એક રીતે તેનાથી જુદા નથી. તે મય થઇ શકો છો, માત્ર એક જ શરતે કે અંદર જે કચરો પેસી ગયો છે તેને દૂર કરી નાખો. ઘણા પ્રયત્ન કરવાની કે જ્યાં ત્યાં દોડાદોડ કરવાની જરૂર નથી. અનુભવ જ્યારે નાથને જગાડશે ત્યારે સર્વ આવી મળશે, માટે અનુભવમંદિર વાળી–ઝાડીને સાફ કરો અને ત્યાં મોટા સિંહાસન પર પરમેશ્વરને ગોઠવી દો. ત્યાંથી તમને સર્વ મળશે, તમારાં ઇચ્છિત સિદ્ધ થશે અને આખા રખડપાટાનો છેડો આવી જશે.

---

૧ સાકર કરતાં ઘૃતનો સ્વાદ ન કહી શકાય એ વધારે ઠીક લાગે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ તો ગ્રંથકર્તા કહે છે કે તમે પરમેશ્વરને હૃદયમંદિરમાં સ્થાન આપો. બાકી તેને સ્થાન આપવાનું તમારા હાથમાં છે. સો ટચના સોનાનો શોખ હોય તો તો આ એક જ રસ્તો છે અને ભેળસેળ ગમતી હોય, ગોટા વાળવા હોય તો તમારી મરજીની વાત છે. તમે પોતે એ જ સ્થાને બેસી શકશો તે સમજવા જેવી વાત છે.

૮. છેવટે એક વાત કરવાની છે. ભાઇ વિનય ! ચેતન ! અત્યારે અમૃતરસ તારામાં જાગ્યું છે. સંયોગવશ ચેતન છે. તેં અત્યારે જે વાંચ્યું કે વિચાર્યું તેથી અથવા અત્યારે તું જે સંયોગોમાં શાંતિસ્થાનમાં આવી અમુક અંશે ઉપાધિમુક્ત થયો છે તેથી તારામાં સમતાનો અમૃતરસ કાંઇક જાગી ગયો છે.

એ ઉપરાંત અનેક પ્રાણીઓ આ મનુષ્યભવની પ્રસિદ્ધ સગવડો મેળવી સમતાને જરૂર ઓળખી શકે છે. એ સર્વ શમરસના ચટકા છે. એને સંઘરીને ઉગાડવામાં આવે તો એમાં ખૂબ વધારો થઇ શકે એવો આ નરભવ છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

વળી એ શમરસ બહુ મનોહર છે, પ્રીતિને જમાવનાર છે અને જે એની અસર તળે આવે તેના પર આશીર્વાદ વરસાવનાર છે.

ભાઇ ! ચેતન ! જરા ચેત ! અને એ સમતારસનો સ્વાદ અત્યંત પ્રેમપૂર્વક એક ક્ષણવાર જરૂર કરી લે. ઉપર આ જ ભાવનાના ઉપોદ્‌ઘાતના ચોથા શ્લોકમાં કહ્યું છે તેમ એ રસ એક ક્ષણવાર પણ ચાખી જો, એની લીજત જરા તપાસી લે, એનો ઘુંટડો પી જા. અરે ઘુંટડો પૂરો ભરીને પીવાનું ન મળે તો એના થોડાં ટીપાંનો પણ સ્વાદ લઇ લે. તને આગ્રહ કરીને કહેવામાં આવે છે કે એ રસને જરા આસ્વાદી લે.

તું એનો ખૂબ પ્રેમથી સ્વાદ લેજે, અંતરંગના હર્ષથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એને જરા ચાખી લેજે અને પછી એની તારા પર કેવી અસર થાય છે તે તું જોજે.

શાંત વાતાવરણ, શુભ સંયોગો, જ્યોત્સ્નાવાળી રાત્રિ, ઢળક સાથે ગાન કરેલ લય અને સદ્ગુરુનું સાન્નિધ્ય એ સર્વ હવાને ચોખ્ખી કરી નાખશે અને આખું વિશ્વ નવા આકારમાં, નૂતન સ્વાંગમાં દેખાશે. પછી તને અંદર પેસવાનું, આંતરવિચારણા કરવાનું મન થશે. માત્ર સહાનુભૂતિથી પ્રેમભાવે, આદરભાવે, શિષ્યભાવે, ખપી જીવને શોભે તેવી રીતે આ શમામૃત એક વાર ચાખવામાં આવે તો પછી તને એની લગની લાગશે અને તારું જીવતર સફળ થશે.

તું એક વાર એને ચાખ. પછી ગ્રંથકર્તા તને આશીર્વાદ આપે છે કે 'તારામાં સુખરસનો આનંદ વૃદ્ધિ પામો.' તારામાં સુખરસનો આનંદ તો છે, પણ અત્યારે તને ઇંદ્રિયોનાં સુખમાં લયલીનતા છે, તેમાં રતિ–પ્રીતિ છે. તને હવે માલૂમ પડ્યું છે કે એ રસ તો અલ્પસ્થાયી અને પરિણામે દુઃખ કરનાર છે. હવે તને જે સુખમાં રત થવાનો કર્તા આશીર્વાદ આપે છે તે સુખ વિષયાતીત છે, વિષયથી દૂર છે, અકલ્પનીય છે, અનનુભૂત છે અને મહા અદ્ભુત હોઈ અપૂર્વ છે. તું એ રસનો સ્વાદ કર અને એ વિષયાતીત સુખરસમાં તારી પ્રીતિ દિવસાનુદિવસ ક્રમે ક્રમે વધતી જાઓ.

શમામૃત તે ભાવના છે, એ શરૂઆતથી આપણે જોતા આવ્યા છીએ. ભાવના ભાવવી, ઊંડા ઉતરીને તન્મય થવું અને તન્મય થઇ તેને જીરવવાનો નિશ્ચય કરવો એ શમામૃતનો આસ્વાદ છે. એ ચાખતાં આંતરચક્ષુઓ ઉઘડી જશે અને એક વખત અંતરાત્મભાવનો સ્પર્શ પણ થયો તો ગાડું રસ્તે જરૂર ચઢી જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેતનની—તારી પોતાની—પ્રત્યેક આત્માની એકતા તેટલા માટે વિચાર અને વિચારીને તેને જીરવવા પ્રયત્ન કર. તેના છાંટા મળે તો વધારે મેળવ અને તે રસમાં તરબોળ થઇ જઇ આ સત્ય વિચારણાને વ્યવહારૂ રીતે સફળ કર.

એવી રીતે એકત્વ ભાવની વિચારણા શ્રીમદ્વિનયવિનયજી ઉપાધ્યાયે પ્રખર શબ્દોમાં ગાઇ. સંથારાપોરિસીમાં દરરોજ રાત્રે સૂતાં પહેલાં આપણે વિચારીએ છીએ કે:—

**एकोऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्स इ।**
**एवं अदीणमनसो, अप्पाणमणुसासइ ॥**

અને

**एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ।**
**सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥** વિગેરે

એનો અક્ષરાર્થ કરીએ તો—“ હું એકલો છું. મારૂં કોઇ નથી. હું કોઇ બીજાનો નથી. આવી રીતે દીનતા રહિત મનવાળો થઇને આત્માને અનુશાસન કરે. ( પછી વિચારે કે—) મારો આત્મા એક છે, શાશ્વત છે, જ્ઞાન—દર્શનથી સંયુક્ત છે, બાકીના સર્વ બાહ્ય ભાવો છે અને તે સંયોગથી ઊભા થયેલા છે.”

પછી એ વિચારે કે—‘ સંયોગમાં જેનું મૂળ શોધી શકાય છે એવી અનેક દુઃખોની હારની હારો આ પ્રાણીએ પ્રાપ્ત કરી છે, તેથી એ સર્વ સંયોગોને હું વોસિરાવી દઉં છું— તેનો સર્વથા પરિહાર કરૂં છું. ’

આ દરરોજ વિચારવાની વાત છે, રાત્રે સૂતી વખત ચિંતવવાનો અભેદ્ય ઉત્કટ શાંત—વાહિતાનો અમૃત રસ છે. એમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મા પોતે પોતાને અનુશાસન કરે છે, પોતાની જાતને ઉપદેશ આપે છે, પોતાની સાથે વાત કરે છે, પણ એ વાત કરતાં દબાઈ જતો નથી, ગભરાઇ જતો નથી, ગરીબ, બાપડો, બિચારો બની જતો નથી. એ સ્પષ્ટ શબ્દોમાં ત્રણ વાત કરે છે. (૧) હું એકલો છું; (૨) મારૂં કોઇ નથી; (૩) હું બીજા કોઇનો નથી. આ ત્રણ વાત થઇ. ઘણી ટૂંકી વાત છે; પણ એ વાત કરતાં એને મનમાં ઓછું આવી જતું નથી, એ લેવાઇ જતો નથી, એ રડવા બેસતો નથી. મોટા જંગલમાં સિંહ એકલો હોય, પણ એની ફાળ જબરી અને એની ત્રાડ પણ જબરી જ હોય છે. એને કદી એમ થતું નથી કે અરેરે! આવડા મોટા ભયંકર જંગલમાં મારૂં કોણ? આ સવાલ જ સિંહને ન હોય. એમ આત્મા પોતાને અનુશાસન કરે ત્યારે એનામાં—એના મનમાં—જરા પણ દીનતા આવતી નથી. એ એના મનોરાજ્યમાં મ્હાલ્યા જ કરે છે. આવું અનુશાસન કરીને પછી વિચાર કરે છે કે:—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મારો આત્મા એક જ છે. એનું વ્યક્તિત્વ સ્વતંત્ર છે. એ જ્ઞાનદર્શનથી યુક્ત છે. બાકીના સર્વ ભાવો સંયોગથી થયેલા છે અને આ સંયોગો જ પ્રાણીને સંસારમાં રખડાવે છે પણ તે તેના મૂળ ગુણના નથી, પરંતુ આવી પડેલા છે, પરભાવમાં રમણતા કરીને એણે મેળવેલા છે અને એનો સર્વથા ત્યાગ કરવો એ એનું કર્તવ્ય છે.

સંથારાપોરિસીમાં સ્પષ્ટ કરેલી આ વાત એકત્વ ભાવનાની છે અને તેને જો અદીનપણે, પૂર્ણ ઉત્સાહથી, સાધ્યને લક્ષીને વિચારવામાં આવે તો શમામૃતનું પાન જરૂર થાય અને પરભાવરમણતાનો ત્રાસ છૂટી જાય. આમાં કોઇ જાતની દીનતા ન હોવી જોઇએ એ વાત ફરી ફરીને લક્ષમાં લાવવા જેવી છે.

સંયોગને વશ પડી પોતાનો ચેતનભાવ વિસરી જઇ પ્રાણી કેટલો પરભાવમાં રમણ કરી રહ્યો છે તે ઉપર વિશેષ વિવેચન કરવું બીનજરૂરી છે. એ પર એક ઘણું સુંદર પદ્ય શ્રીમચ્ચિદાનંદજીએ લખ્યું છે તે અત્ર નોંધી લઈ એ વિષય પર સહજ આલોચના કરીએ. તેઓશ્રી ગાય છે—

( રાગ—જંગલો કાફી )

જગમેં ન તેરા કોઈ, નર દેખહુ નિહચે જોઈ. ટેક
સુત માત તાતા અરૂ નારી, સહુ સ્વારથકે હિતકારી;
બીનસ્વારથ શત્રુ સોઇ, જગમેં ન તેરા કોઇ. ૧
તું ફિરત મહા મદ–માતા, વિષયન સંગ મૂરખ રાતા;
નિજ અંગકી સુધ બુધ ખોઇ, જગમેં ન તેરા કોઈ. ૨
ઘટ જ્ઞાનકલા નવ જાકું, પર નિજ માનત સુન તાકું;
આખર પછતાવા હોઇ, જગમેં ન તેરા કોઇ. ૩
નવિ અનુપમ નરભવ હારો, નિજ શુદ્ધ સ્વરૂપ નિહારો;
અંતર મમતા મલ ધોઈ, જગમેં ન તેરા કોઇ. ૪
પ્રભુ ચિદાનંદકી વાણી, ધાર તું નિહચે જગપ્રાણી;
જિમ સફલ હોત ભવ દોઈ, જગમેં ન તેરા કોઈ. ૫

અર્થ સ્પષ્ટ છે. એમાં કેંદ્રસ્થભાવ ‘ જગમેં ન તેરા કોઇ ’ એ છે. અને આવો અનુપમ નરભવ મળ્યો છે તેને તું એવી રીતે આકાર આપ કે અંતે તારે પસ્તાવું ન પડે અને તેટલા સારૂ સગપણ–સંબંધનું આંતર રહસ્ય વિચાર અને પારકાંને પોતાનાં માનવાની તારી ટેવ છોડી દે. આ સમજવાનો ભાવ છે. જેના અંતરમાં જ્ઞાનકળા જાગી છે તે એવા ઉંધા રસ્તાઓ કરતા જ નથી અને એ સાચો માર્ગ નથી. એમ ધારવામાં વિલંબ કરીશ તો ઘણો મોડો મોડો પસ્તાવો થશે, પણ પછી આ તક ચાલી જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે પરભાવરમણતા દૂર કરી, આવો સુંદર અવસર મળ્યો છે તેનો લાભ લઇ લેવાની આવશ્યકતા અત્ર બતાવી છે.

એ કેમ મળે ? એનો એક રાજમાર્ગ છે. આપણે તેને સાધવા પ્રયત્ન કરીએ તો તે મળે તેમ છે. એની ચાવી ઉપર બતાવવામાં આવી છે ત્યાંથી શોધવાની છે. આ પ્રાણીને જે જે કાંઇ ઉપાધિઓ લાગી છે તે સર્વ આગંતુક છે. જો એ સર્વ સંજોગો ઉપર જય મેળવે અને આજુબાજુના વાતાવરણને ભૂલી જાય, તેને આધીન–તેમાં આસક્ત ન થાય તો એનો રસ્તો થાય તેમ છે. અનંત ગુણવાળો આત્મા કેવો થઇ ગયો છે તે ચિદાનંદજીએ બતાવ્યું છે. તું મદમાતો થઈને ફરે છે, ચાલતી વખત ધરણી પર પગ મૂકતો નથી અને વિષયનો કીડો થઇને 'મૂરખ' નું સંબોધન મેળવે છે છતાં હજુ તારે એ જ વિષયો ચાટવા છે ? એમાં જ રસ લેવો છે ? અને આજુબાજુના જે સંયોગો તેં એકઠા કર્યા છે તેના ઉપર વિજય મેળવવાની તારી તાકાત છે ? તું એને ભૂલી શકીશ ? તું એનાથી ઉપરવટ થઇ શકીશ ? પ્રથમ બેના જવાબ નકારમાં અને છેલ્લા ત્રણના હકારમાં હોય તો રસ્તો પ્રાપ્ય, સીધો સુતરો અને ભૂલાવો ન ખવરાવે તેવો છે.

આ આખી ભાવનાનું રહસ્ય 'અંદર' જોવામાં છે. એકત્વ ભાવના અંદર જોવા માટે છે. એકત્વ ભાવના એટલે Intro-spection—આત્મ–નિરીક્ષણ, તાત્ત્વિક દૃષ્ટિએ આંતર–વિચારણા. અન્યત્વ ભાવના હવે પછી આવશે તે બહારની વિચારણા છે. તે Circumspection કહેવાય. એકત્વભાવના આંતર ચક્ષુને માટે છે, અન્યત્વભાવના બાહ્ય ચક્ષુ માટે છે. પ્રથમની Subjective છે, બીજી Obejective છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મનિરીક્ષણ કેમ થાય ? તે સમજવાની બહુ જરૂર છે. શાંત સ્થાનમાં, નિરવ વાતાવરણમાં, શાંત સમયે જરા સારો વખત લઇ ચેતનની સાથે વાતો કર. તું કોણ ? ક્યાંથી આવ્યો ? કોની સાથે આવ્યો ? તારૂં કોણ ? ક્યાં જઇશ ? આ સર્વ ધમાલ શેની માંડી બેઠો છે ? કોના સારૂ આ સર્વ પ્રપંચ-જાળમાં ફસાયો છે ? આ સર્વ ક્યાં સુધી ચાલશે ? અને એ સર્વને તું ક્યાં સુધી ચલાવ્યા કરીશ ? તારે તારા વાતા-વરણમાં જ ભમવું છે કે કોઇ નવું વાતાવરણ ઉભું કરી ચિરં-તન શાંતિ મેળવવી છે ? તને જરા થાક પણ લાગતો નથી ? તું કેટલો ઘસડાઈ ગયો તેનો તો વિચાર કર. અને આ સંયોગો તેં જ ઉભા કર્યા છે તેનો વિચાર કર. આવી આવી વિચારણા કરી, સંયોગોને બરાબર ઓળખી લઇ તેના પર વિજય મેળ-વવા પ્રયત્ન કરવાની આ ચાવી છે. આત્મ-નિરીક્ષણ કરો અને ચેતનને એના મૂળ સ્વરૂપમાં શોધી કાઢી એને બહુલાવો-અને આદર્શ તરીકે તમારા હૃદય-મંદિરમાં એવા વિશુદ્ધ આત્માને મૂળ સિંહાસને સ્થાપો અને પછી વિચારો કે તું પણ એ જ છે, એવો જ છે, એવો થવાની તારામાં શક્તિ છે, માત્ર તારે પરભાવના વિલાસ છોડી દેવાના છે.

જો ! વિચાર કર. તેં જુગારીને રમતા જોયા છે, ખેલતા જોયા છે. તે જ્યારે દાવ માંડે છે ત્યારે તો ખૂબ ઉત્સાહમાં હોય છે. એને એમ જ હોય છે કે સર્વ રમત પોતે જીતશે. પછી એ ખૂબ જુસ્સાથી દાણા નાખે છે અને પૈસા પહોંચે ત્યાંસુધી ખેલે જાય છે. પછી એ હારી જાય તે વખતે એનું મ્હોઢું જોયું હોય તો ખરેખર ખેદ થાય. એના હોશકોશ ઉડી જશે, એના બારે બૂડી જશે, એ અર્ધમરેલ જેવો જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘોડાની શરતને દિવસે મહાલક્ષ્મીના સ્ટેશનેથી સાંજના કોઇ તમારા ડબ્બામાં બેસે અને તે રેસમાં ગુમાવીને આવ્યા હોય (અને ઘણુાખરા હારીને જ આવે છે) તે વખતે તેનાં મુખ જોયાં હોય તો ખ્યાલ આવે. આવી રીતે આવે મ્હોઢે છેડા છોડીને હારેલ જુગારીની જેમ તારે જવું છે કે હસ્તે ચહેરે? "અબ હમ ચલતે હૈં, ઔર સબકી પાસ ક્ષમા મંગતે હૈ" એવા આનંદધ્વનિ સાથે ખમતખામણા કરતાં આનંદથી જવું છે? ખૂબ મજાની વાત છે. મોટા મોટા રાજ્ય છોડીને જનાર હારેલ જુગારીની જેમ જ ગયા છે અને મોટા ખજાનોની ઉથલપાથલ કરનાર અંતે ખાલી હાથે જ ગયા છે. આંતર દૃષ્ટિએ ઉંડા ઉતરીને ખૂબ વિચાર કરીને બોલજે, ન બોલ તો કાંઇ નહિ, પણ વિચાર તો જરૂર કરજે. અંતે છાતી પર હાથ મૂકી, બે હાથ જોડી, હૃદયમાં અષ્ટદળ કમળની સ્થાપના કરી બ્રહ્મરંધ્રમાંથી અનંત આકાશમાં ઉડ્ડયન થાય એવી તારી વિચારણા, વાચા અને ક્રિયા છે? જો હોય તો તને આનંદ છે અને નહિ તો આ ભવ માત્ર ફેરો થયો એમ ગણજે, અને હજુ પણ જે કાંઇ સમય બાકી રહ્યો છે તેમાં સુધારવાનો અવકાશ છે. આ રસ તો એવો છે કે એક વાર એક ક્ષણ પણ ચખાઇ જાય તો જમાવટ કરી દે અને કાંઈ નહિ તો વિકાસક્રમ (ઉત્ક્રાન્તિ) તો જરૂર સુધારી દે.

બાકી તારી એકતાના સંબંધમાં તો વારંવાર શું કહેવું? શુભચંદ્રાચાર્ય જ્ઞાનાર્ણવમાં એકત્વ ભાવનાનો ઉપસંહાર કરતાં કહે છે કે:—

एकः स्वर्गी भवति विबुधः स्त्रीमुखाम्भोजभृङ्गः,
एकः श्वभ्रं पिबति सलिलं छिद्यमानः कृपाणैः ।
एकः क्रोधाद्यनलकलितः कर्म बध्नाति विद्वान्,
एकः सर्वावरणविगमे ज्ञानराज्यं भुनक्ति ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આ આત્મા **એકલો** જ સ્વર્ગમાં જાય છે અને ત્યાં જઇ દેવાંગનાના મુખકમળ ઉપર ભ્રમરરૂપ થઈ ભોગ ભોગવે છે. એ **એકલો** જ અધોલોક—નરકમાં જાય છે અને લોહી પીએ છે અને તરવારોથી કપાય છે. એ અંદરથી ક્રોધથી સળગી ઉઠીને **એકલો** જ કર્મ બાંધે છે. એ જ્ઞાની–પંડિત થઇ જ્યારે સર્વ આવરણનો નાશ કરે ત્યારે **એકલો** જ જ્ઞાન-સામ્રાજ્યનો ઉપભોગ કરે છે." મતલબ કહેવાની એ છે કે સારાં ફળ પણ તેને એકલાને જ ભોગવવાનાં છે અને મહાયાતના પણ તેણે એકલાએ જ સહેવાની છે. મુદ્દાની વાત એ છે કે એ સર્વ બાબતમાં **એકલો** છે અને મોક્ષે પણ એ **એકલો** જ જાય છે. ત્યારે હવે તેં શું ધાર્યું છે? તેં નમિરાજર્ષિ જેવા પ્રત્યેકબુદ્ધની વાત સાંભળી, વાંચી. તેં જોયું કે મોટા અલેકઝાંડર જેવા શહેનશાહો પણ હાથ ઘસતાં ચાલ્યા ગયા, તેં જોયું કે મોટા શાહસોદાગરો રૂ બજાર, ચાંદી બજાર, શેર બજાર મૂકી ચાલ્યા ગયા, અને તેં જોયું કે અનેક ખટપટ કરનાર પણ અંતે તદ્દન નાગા પોઢ્યા! ત્યારે તારો વિચાર શો છે? કાંઈ વિચાર કર. જો તારા વિચાર માટે ચિદાનંદજી લખી ગયા છે કેઃ—

ભૂલ્યો ફિરે ફૂલ્યો મોહ મદિરાકી છાક માંહિ
ધાર્યો નહિ આતમ અધ્યાતમ વિચારકું,
પંડિત કહાયો ગ્રંથ પઢી આયો નાંહિ
સાચો ભેદ પાયો અરૂ ધાયો દેહકે વિકારકું;
પ્રભુતાઈ ધારે નવિ પ્રભુકું સંભારે મુખ
જ્ઞાન તો ઉચ્ચારે નવિ મારે મન જારકું,
ખોટો ઉપદેશ દેવે અતિ અતિચાર સેવે
તે તો નવિ પાવે ભવ ઉદધિકે પારકું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તું પંડિત કહેવાયો, તું ગ્રંથો પઢ્યો, પણ તું સાચો ભેદ પામ્યો નથી અને ભણીગણીને અંતે વિકારો તરફ દોડ્યો જાય છે. આ તે કાંઇ રીત છે? ભણવાગણવાનું પ્રયોજન શું? અંતરમાં ઉતર, આત્માનો વિચાર કર અને તારી જાતને ઓળખ. મન માર્યા વગર અને અંદરની હકીકત સમજ્યા વગર કાંઇ છેડો આવે તેમ નથી. ખૂબ આત્મ–વિચારણા કર, બને તેટલો વિચાર કર અને જે પ્રશ્નોનો નિકાલ ન થઇ શકતો હોય તે પર ખૂબ ચિંતવન કર, વારંવાર વિચાર કર. તું ખાસ ધ્યાનમાં રાખજે કે તારે અંતે એક દિવસ આ સર્વ છોડીને ચાલ્યા જવાનું છે. તેની તને પ્રથમથી નોટિસ મળવાની નથી, તે વખતે તું શુદ્ધિમાં હોઇશ કે નહિ તે પણ કહી શકાય નહિ; તો પછી આ સર્વ ઘડભાંજ કરીને અંતે શું કરીશ? અને કદાચ શુદ્ધિ હશે તો પણ તારે માથાં પછાડવાં પડશે 'આખર પછતાવા હોઇ' એ વાતને તું સિદ્ધ કરીશ.

એટલા માટે મળેલ સામગ્રીનો લાભ લઇ આત્માને ઓળખી લે. એનું એકત્વ સમજી લે અને એને ખૂબ બહલાવ. એ એટલે તું. અને પોતાની જાતને તે કાંઇ વારંવાર ભલામણ કરવાની હોય? ગમે તેમ કરીને આ ભવોદધિનો તો પાર પામવો જ ઘટે. આવે ભરદરિયે ઝોલાં ખાતાં રહેવામાં મજા શી આવે? એક વાર પ્રયત્ન કરીને ચેતનરામને સાધી લે અને આગળ ધપે જા. આ મનુષ્યદેહમાં પ્રયત્ન કરીશ તો તને દીવાદાંડી સાંપડશે, નહિ સાંપડે તો તેનો માર્ગ તો મળશે અને અત્યારે જેવું મોજું આવે તેવું ઘસડાવાનું અને તરફડાવાનું તો બંધ થઇ જશે. એક વાર દીવાદાંડી દૂરથી દેખાય તો કાંઠો હાથ જરૂર લાગશે. તારી જાતને, તારા ગુણોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓળખી તું જ્યાં ત્યાં કચરામાં હાથ નાખવાનું હવે મૂકી દે અને સાચા સોનાને પકડ. તું ટંકશાળમાં જઈ સોનાને શોધાવે છે તેવું કાંચનમય આત્મતત્ત્વ આ મનુષ્ય ભવમાં જ તને લભ્ય છે અને આવો વખત ફરી ફરીને નહિ મળે. તું વારંવાર યાદ રાખજે કે '**एगोऽहं**' 'હું એકલો છું' અને તેની સાથે એ પણ યાદ કરી લેજે કે '**नत्थि मे कोइ**' 'મારૂં કોઈ નથી.' આટલું સમજ્યો તો તારો બેડો પાર છે, પણ સમજ્યો ક્યારે કહેવાઈશ તે સાથે સમજી લેજે. પુસ્તકમાં કે વ્યાખ્યાનપીઠ પર કે મીઠી વાતોમાં એ વાત કરી પરવારવાનું નથી, એ તો જીવન જીવવાનું છે, એ મિસાલે જીવનક્રમ ઘડવાનો છે અને ઉપરોક્ત દીવાદાંડીના દીવા દેખવા છે. એ દેખ્યા વગર તારો આરો નથી અને આરો ન મળે તો દરિયાને ધક્કેલે ચઢવાનું છે. સમજુ પ્રાણી પોતાની જાતને બરાબર ઓળખે અને ઓળખીને ચેતનરામને સારી રીતે વિકસાવે. વિકાસશીલ આત્મા એક વાર સાચે રસ્તે ચઢ્યો એટલે એને દિશા સૂઝી જાય છે અને પછી ધીમે ધીમે એને કાંઠો પણ દેખાતો જાય છે. તું છેવટે યાદ રાખજે કે આ સર્વ રમતનો વરરાજા તું છે અને તે તું **એકલો** છે, તારે તારા પોતાના વિકાસની સર્વ યોજના કરવાની છે અને અંતે તે સર્વનાં પરિણામ તારે **એકલાએ** જ ભોગવવાનાં છે. આ પ્રમાણે તારા ચેતનરામને અનુશાસન કર.

**इति एकत्वभावना.**

# પ્રકરણ ૫ મું

## અન્યત્વભાવના

उपजातिः—

परः प्रविष्टः कुरुते विनाशं,
लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुभिरस्य किं किं,
ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥ क १ ॥

स्वागता—

खिद्यसे ननु किमन्यकथार्तः,
सर्वदैव ममतापरतन्त्रः ।
चिन्तयस्यनुपमान्कथमात्म-
न्नात्मनो गुणमणीन्न कदापि ॥ ख २ ॥

शार्दूलविक्रीडितम्—

यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे,
यद्यच्छोचसि यद्यदिच्छसि हृदा यत्प्राप्य पेप्रीयसे ।
स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे,
तत्सर्वं परकीयमेव भगवन्नात्मन्न किञ्चित्तव ॥ ग ३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क १. પારકાને ઘરમાં દાખલ કર્યો હોય તો તે વિનાશને કરે છે—એવી જે લોકવાયકા છે તે મને લાગે છે કે ખોટી નથી. આ જ્ઞાનથી ભરેલા આત્મામાં કર્મનાં પરમાણુઓએ દાખલ થઇને એને કયા કયા કષ્ટો નથી આપ્યા ?

ख २. હે ચેતન ! મમતાને આધીન પડી જઈને બીજાઓની વાતો—બાબતોની ઉપાધિ કરી તું શા માટે નકામો ખેદ પામે છે ? અને તારાં પોતાનાં અનુપમ ગુણરત્નોનો કદી વિચાર પણ તું કેમ કરતો નથી ?

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ग ३. હે ચેતન ! જેને માટે તું હાલા હલાવી રહ્યો છે ( પ્રયત્નો કરી રહ્યો છે ), જેનાથી તું ભય પામ્યા કરે છે અથવા જેની ખાતર તને ભય લાગે છે, જ્યાં તું નિરંતર આનંદ પામે છે, જેની પછવાડે અથવા જેને માટે તું શોક કરે છે, જે જે તું હૃદયપૂર્વક ઇચ્છી રહ્યો છે, જેને પ્રાપ્ત કરીને તું ખૂબ લહેરમાં આવી જાય છે અને તારા મહાનિર્મળ આત્મસ્વભાવને કચરી નાખી જે વસ્તુ ઉપર પ્રેમ-રાગથી રંગાઈ જઇ તું ગાંડાઘેલાં ચેડાં કાઢે છે, એ સર્વ પારકાં છે—અનેરાં છે અને હે ભાગ્યવાન આત્મા ! એમાંનું એક પણ તારૂં નથી—કાંઇ પણ તારૂં નથી—જરા પણ તારૂં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दुष्टाः कष्टकदर्थनाः कति न ताः सोढास्त्वया संसृतौ,
तिर्यङ्नारकयोनिषु प्रतिहतच्छिन्नो विभिन्नो मुहुः ।
सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा,
रज्यन्मुह्यसि मूढ ! तानुपचरन्नात्मन्न किं लज्जसे ॥ घ ४ ॥

अनुष्टुप्—

ज्ञानदर्शनचारित्रकेतनां चेतनां विना ।
सर्वमन्यद्विनिश्चित्य यतस्व स्वहिताप्तये ॥ ङ ५ ॥

---

क १. **परः** પારકો, બહારનો. **लोकोक्तिः** જનવાયકા અનુભવના સૂક્ષ્મ સૂત્રો. **समपादि** પ્રાપ્ત કર્યું.

ख २. **कथाः** વાર્તા સંબંધી ચર્ચા. **परतन्त्र** પરવશ. **आत्मनः** તારાં પોતાનાં. **गुणमणीन्** ગુણરૂપી મણિઓ—રત્નો.

ग ३. **यत्** નો ઉપયોગ સુંદર છે. **यद् यद् शोचसि** જેને જેને (માટે) શોક કરે છે. **पप्रीयसे** પ્રેમવાળો થઇ જાય છે, રંજન પામે છે. **स्निग्धः** પાતળો, પ્રેમાધીન. **निर्लोड्य** કચરી નાખીને. **लालप्यसे** ગમે તેવું, એલફેલ બોલે છે.

घ ४. **दुष्टाः** ભયંકર, દુઃખરૂપ અને દુઃખ ફળ આપનારી. **कष्टकदर्थनाः** મહાપીડા. ભયંકર યાતના. **संसृतौ** સંસારમાં. **प्रतिहतः** માર ખાધો. **विभिन्नो** ભેદાયો. **तेषु** તેમાં—પરકીય વિલાસોમાં. **रज्यन्** આસક્તિ કરતાં. **उपचरन्** આચરતાં.

ङ ५. **केतन** ચિન્હ, ત્રિરંગી વાવટો. **स्वहिताप्तये** પોતાના હિતની પ્રાપ્તિને માટે.

JAINSITE.com जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘ ૪. ચેતનજી ! આ સંસારમાં મહાદુઃખ ઉપજાવે તેવી કઈ પીડાઓ—વિડંબનાઓ તેં સહન નથી કરી ? તું તિર્યંચ ગતિમાં અને નારકીની ગતિમાં ગયો. ત્યારે તેં માર ખાધાં છે, તું છેદાયો છે, તું ભેદાયો છે અને તે પણ (એક વાર નહિ પણ) વારંવાર. એ સર્વ પારકી વસ્તુઓનો જ દુર્વિલાસ છે. એ સર્વ ભૂલી જઇને પાછો તે જ પરવસ્તુઓ ઉપર આસક્તિ રાખે છે અને તે જ કર્યા કરે છે ! અહાહા ! મૂર્ખ ! (આવી મૂર્ખાઇ કરતાં) તને કોઈ જાતની શરમ પણ નથી આવતી ?

ઙ ૫. જ્ઞાન—દર્શન—ચારિત્રના ત્રિરંગી ચિન્હવાળી ચેતના વગરની સર્વ વસ્તુઓ પર છે—પારકી છે—અન્ય છે, એમ મનમાં નિરધાર કરીને પોતાના હિતની પ્રાપ્તિ માટે પ્રયાસ કર.

जैन साईट
JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## गेयाष्टक*

विनय! निभालय निजभवनं (२)

तनुधनसुतसदनस्वजनादिषु,
किं निजमिह कुगतेरवनम्? ॥ विनय० ॥ १ ॥

येन सहाश्रयसेऽतिविमोहा-
दिदमहमित्यविभेदम्।
तदपि शरीरं नियतमधीरं,
त्यजति भवन्तं धृतखेदम् ॥ विनय० २ ॥

जन्मनि जन्मनि विविधपरिग्रह-
मुपचिनुषे च कुटुम्बम्।
तेषु भवन्तं परभवगमने,
नानुसरति कृशमपि सुम्बम् ॥ विनय० ॥ ३ ॥

त्यज ममतापरितापनिदानं,
परपरिचयपरिणामम्।
भज निःसङ्गतया विशदीकृत-
मनुभवसुखरसमभिरामम् ॥ विनय० ॥ ४ ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અષ્ટકનો અર્થ—( અન્યત્વ ભાવના. )

૧. વિનય ! તારાં પોતાનાં ઘરની સારી રીતે ભાળ કાઢ–શોધ કર. ( અને વિચાર કે– ) આ ભવમાં તારૂં શરીર, તારૂં ધન, તારાં છોકરાં, તારાં ઘર અને તારાં સંબંધીઓ પૈકી દુર્ગતિમાં જતાં તારૂં કોઈએ રક્ષણ કર્યું ? કોણ તને રક્ષણ આપે તેવું છે તે શોધી કાઢ.

૨. આ ( શરીર ) તો હું પોતે જ છું એટલો બધો જેની સાથે અભેદ–એકતા માનીને તું જેનો આશ્રય કરે છે તે શરીર તો ચોક્કસ ચંચળ છે અને તને ખેદ ઉપજાવીને છોડી દે છે અથવા જ્યારે તારામાં શિથિલતા આવે છે ત્યારે તને તજી દે છે.

૩. તું દરેક ભવમાં અનેક પ્રકારની ચીજો ધન આદિનો સંગ્રહ ( પરિગ્રહ ) કરે છે, વધારે છે અને કુટુંબ જમાવે છે; પણ જ્યારે તું પરભવમાં ગમન કરે છે ત્યારે તેઓમાંનો એક તલનો તેરમો ભાગ પણ તારી પછવાડે આવતો નથી.

૪. મમતા અને દ્વેષમાં જેનું મૂળ છે એવા પારકી વસ્તુ સાથેના પરિચયના પરિણામને તું તજી દે અને જાતે અસંગ થઈને અત્યંત નિર્મળ થયેલ મનોહર અનુભવ સુખના રસને ભજ–સેવ.

---

* રાગ–મારવાડી લોકો શત્રુંજય પર બોલે છે તે ' ભલી સોરઠીઆ રે સારી સોરઠીઆ ' ના લયમાં મૃદંગ સાથે ગાવામાં આવે તો મસ્ત રાગ ચાલે છે. ' વિનય નિભાલય નિજ ભવનં ' એ પદ દરેક ગાથાને અંતે બે વખત બોલવાનું છે. બાકી સુંદર લય ગોઠવી લેવો. પ્રતમાં શ્રીરાગ જણાવે છે. દેશી માટે ' તુંજ ગુણ પાર નહિ સુઅણો ' એમ જણાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पथि पथि विविधपथैः पथिकैः सह
कुरुते कः प्रतिबन्धम् ?
निजनिजकर्मवशैः स्वजनैः सह,
किं कुरुषे ममताबन्धम् ? ॥ विनय० ॥ ५ ॥

प्रणयविहीने दधदभिष्वङ्गं,
सहते बहुसन्तापम् ।
त्वयि निःप्रणये पुद्गलनिचये,
वहसि मुधा ममतातापम् ॥ विनय० ॥ ६ ॥

त्यज संयोगं नियतवियोगं,
कुरु निर्मलमवधानम् ।
न हि विदधानः कथमपि तृप्यसि,
मृगतृष्णाघनरसपानम् ॥ विनय० ॥ ७ ॥

भज जिनपतिमसहायसहायं,
शिवगतिसुगमोपायम् ।
पिब गदशमनं परिहृतवमनं,
शान्तसुधारसमनपायम् ॥ विनय० ॥ ८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. જુદા જુદા અનેક પંથોમાં વચ્ચે વચ્ચે જે જે વટેમાર્ગુઓ મળે તે દરેકની સાથે પ્રતિબંધ (દોસ્તી સંબંધ) કોણ કરે ? દરેક સગાસંબંધી પોતપોતાના કર્મને વશ છે તે દરેકની સાથે તું મમતાનું બંધન શા માટે કરે છે ?

૬. જેનો આપણી તરફ પ્રેમ ન હોય તેને વળગતા જવામાં આવે તો તેવો પ્રેમ કરનાર અનેક સંતાપો સહન કરે છે. આ પુદ્ગળનો સમૂહ (જેના ઉપર તું પ્રેમ કરી રહ્યો છે તે) તારા તરફ બીલકુલ પ્રેમ–આકર્ષણ વગરનો છે અને તું તદ્દન નકામો મમતાની ગરમી ધારણ કરી રહ્યો છે.

૭. જેનો અંતે વિયોગ જરૂર થવાનો છે એવા સંયોગ–સંબંધને (પ્રથમથી જ) તજી દે અને તું મેલ વગરની એકાગ્રતા કર. મૃગતૃષ્ણાના જળનું–ઝાંઝવાના નીરનું તું ગમે તેટલું પાન કરીશ પણ તેનાથી તને કોઇ પણ પ્રકારે તૃપ્તિ થવાની નથી, તું તેથી કદી ધરાવાનો નથી.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

૮. જેને કોઇનો આધાર કે ટેકો ન હોય તેને સહાય કરનાર જિનપતિ–તીર્થંકર દેવને તું ભજ. મોક્ષગતિ પ્રાપ્ત કરવાનો એ સહેલો ઇલાજ છે અને તું **શાંતસુધારસ** (અમૃતપાન) ને પી; કારણ કે એ રસ વ્યાધિઓને શમાવનાર છે, વમન (વોમીટ) ને દૂર કરનાર છે અને વિનાશ વગરનો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટ:—

૧. **विनय** ચેતન. **निभालय** સારી રીતે શોધ, જો, ભાળી લે. **अवनं** રક્ષણ.

૨. **आश्रयसे** માને છે. આશ્રય કરે છે. **अविभेदम्** અભેદભાવે. એકતારૂપે. **नियतम्** ચોક્કસ ( અવ્યય ). **अधीरं** ચંચળ, અલ્પકાળ રહેનાર. **धृतखेदं** શોક કરાવીને એ **भवन्तं** નું વિશેષણ છે.

૩. **जन्मनि जन्मनि** પ્રત્યેક જન્મમાં—ભવમાં. **उपचिनुषे** તું એકઠું કરે છે, વસાવે છે. **कृशाम्** નાનામાં નાનો ભાગ. **सुंबम्** રૂનું પુમડું.

૪. **निदानम्** મૂળ હેતુ. **परिणामम्** એનું છેવટ. **निसङ्गतया** અસંગપણાપૂર્વક. **अभिरामम्** મનોહારી. હૃદયને વશ કરે તેવું.

૫. **पथि पथि** રસ્તે રસ્તે, માર્ગમાં. **प्रतिबन्धम्** અટકાયત. પ્રેમ સંબંધ, સહકારિત્વ. **ममताबन्धम्** મારા તરીકેનો સંબંધ.

૬. **प्रणयप्रीति** Love-making **आश्लिष्टं** ભેટવું તે, વળગવું તે. Embracing. **निःप्रणये** પ્રેમ વગરનામાં.

૭. **नियत** ચોક્કસ, જરૂર. **अवधानम्** એકાગ્રતા. Concentration. **कथमपि** કોઇપણ પ્રકારે. **घन** ખૂબ, પ્રચુર. **विदधानः** કરતો.

૮. **असहायसहायं** ગરીબનો—નિરાધારનો બેલી. **गद** વ્યાધિ. **वमनं** વોમીટ, ઉલટી. **अनपायम्** અપાય—પીડા વિનાશથી રહિત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિચય

### અન્યત્વભાવના—

(ક. ૧.) આગલી ચોથી ભાવનામાં અંદર જોવાનું હતું, આત્મનિરીક્ષણ કરવાનું હતું; આ ભાવનામાં બહાર જોવાનું છે, અવલોકન કરવાનું છે. એ સર્વનો આધાર અને એનું લક્ષ્ય તો અંદર જ જવામાં છે, પણ જુદાં જુદાં દૃષ્ટિબિન્દુ છે. બન્નેનું પરમ ધ્યેય આત્માની પ્રગતિ, તેનો વિકાસ છે અને તે પ્રાપ્ત કરવા માટે એનો બહારનો સંબંધ તપાસવા યોગ્ય છે.

અહીં જરા પીઠિકા કરવાની આવશ્યકતા જણાય છે. જ્યાં સુધી આત્મસ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી પરમાત્મ તત્ત્વનો સાચો ખ્યાલ કદી થતો નથી, કારણ કે આત્માનું સ્વરૂપ ન જાણનાર આત્મામાં અવસ્થિતિ કરી શકતો નથી. જ્યાં સુધી દેહ, દેહી—આત્મા અને પરને સમજવામાં ન આવે ત્યાં સુધી એને મુંઝવણનો પાર રહેતો નથી અને અવ્યવસ્થિત સ્થિતિમાં એનો વિકાસ અટકી પડે છે. આટલા માટે આત્મા કોણ અને પર શું તેનો નિરધાર કરવા માટે આત્માના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે. તે ત્રણ પ્રકાર તે **બહિરાત્મા, અંતરાત્મા** અને **પરમાત્મા.** આ ત્રણની સ્પષ્ટ વ્યાખ્યા જ્ઞાનાર્ણવમાં શુભચંદ્રાચાર્યે કરી છે (પ્રકરણ ૩૨) તે તપાસી જઈએ.

શરીર વિગેરેમાં ભ્રમ થવાને પરિણામે આત્મબુદ્ધિ થાય અને મોહરાજાએ ઉત્પન્ન કરેલી પ્રમાદરૂપ નિદ્રાથી અંદર ચેતના ઊંઘી જાય તે બહિરાત્મભાવ. આ દશામાં શરીરને પોતાનું માનવામાં આવે છે અને વિગેરે શબ્દમાં સ્ત્રી, ઘર, છોકરા, માલ, મિલ્કત,

જૈન સાઈટ JAINSITE જૈન સાહિત્ય
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સગાં વિગેરેને પોતાનાં માનવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. **બહિરાત્મા**ની આ દશા હોય છે.

ઉપર જે બાહ્યભાવ બતાવ્યો તેને કુદાવી જઇ માત્ર આત્મામાં જ આત્મત્વનો નિશ્ચય કરવો તેને જ્ઞાની પુરુષો **અંતરાત્મભાવ** કહે છે. અહીં આત્મા સિવાય સર્વને અન્ય સમજવાની વાર્તા છે અને એમાં બાહ્યભાવનો સર્વથા નિષેધ થાય છે.

જે કર્મના લેપ વગરનો હોય, જેને શરીરનો સંબંધ ન હોય, જે જાતે તદ્દન શુદ્ધ હોય, જે ગુણનિષ્પન્ન હોય, જે સર્વથા નિવૃત્ત હોય અને જે વિકલ્પ રહિત હોય એવા શુદ્ધ આત્માને પરમાત્મા કહેવામાં આવે છે. એ દશા **પરમાત્મભાવ** છે.

આ અન્યત્વ ભાવનામાં બહિરાત્મભાવ કેવો વર્તે છે? તે બતાવવામાં આવશે અને તેનું અંતિમ ધ્યેય અંતરાત્મભાવમાં ઉતરી પરમાત્મભાવ પ્રકટ કરવાનું રહેશે. આ આત્માના ત્રણ પ્રકાર ખૂબ ધ્યાન રાખીને સમજવા યોગ્ય છે. એ સમજતાં જે મોટી ધમાલ આ પ્રાણી માંડી બેઠો છે તેનો તે ગ્રાહ જરૂર છૂટી જાય તેમ છે. આ ભાવનાની વિચારણામાં પ્રથમ આપણે ગ્રંથકર્ત્તા સાથે આગળ વધીએ.

બાહ્યભાવ—બહિરાત્મભાવ શું છે તેનું સ્વરૂપ આ ભાવનામાં વિચારવાનું છે. આ પ્રાણી બહિરાત્મભાવમાં એટલો બધો એકરસ જામી ગયો છે કે એમાં તેને કાંઇ નવાઇ જેવું લાગતું નથી અને એ ખેલો ખેલે જ જાય છે. એને તો કેંક શોધો કરવી છે, આકાશના તારાઓના હિસાબ કરવા છે, ચંદ્ર અને મંગળના ગૃહે પહોંચવું છે અને નાના જીવનમાં કેંક કેંક કરી નાખવું છે. એને એક ઘડી શાંતિથી વિચાર કરવો નથી,

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરામ લેવો નથી અને મળે તો માણવો નથી. સ્ત્રી, ધન અને બીજી અનેક દુન્યવી ખટપટોમાંથી એને નિરાંતે બહિરાત્મા કોણ અને અંતરાત્મા કોણ? એનો વિચાર કરવાનો સમય પણ મળતો નથી. એને નથી ખાવાનું ભાન, નથી બોલવાનું ભાન, નથી વિચાર કરવાની તાલીમ અને મોડી રાત્રે પણ એની ખટપટ એટલી ચાલતી હોય છે કે એ ઉંઘે ત્યારે પણ અડધી કલાક તો એનાં ચાલતા યંત્રોને ઠંડા પડવામાં જાય. આ જાતની ધમાલ માંડી બેઠો હોય તેને બહિર અને અંતર આત્માની વાતો કેમ સૂઝે? ક્યારે સૂઝે?

પણ આ બધી રમત મંડાણી કેમ? આત્મા એના અસલ સ્વરૂપે તો જ્ઞાનમય છે, જાતે જ ચૈતન્ય છે અને અનંત ગુણથી ભરેલો છે. એ અત્યારે ધન માટે રખડે, સ્ત્રીની પાસે કાલાવાલા કરે, ખાવા માટે ભિખ માગે, વ્યાધિઓ માટે ઉપચાર કરે, અનેક વખત નિઃસાસા મૂકે, વારંવાર પાછો પડે, એનું વ્યક્તિત્વ દબાઈ-કચરાઇ જાય અને એ જાણે ગાંડાની હોસ્પીટલમાં પડી અસ્તવ્યસ્ત લવારો કરતો જણાય અને જ્યાં ત્યાં માથાં માર્યાં કરે-એવી એની બૂરી દશા શા કારણે થઇ?

દુનિયાદારીમાં કહેવત છે કે 'અજાણ્યા માણસને રોટલો આપીએ, પણ ઓટલો ન આપીએ.' આ વાત યોગ્ય છે કે નહિ? તેના ગુણ-દોષની વિચારણા અત્ર કરવાની નથી; પણ એવી એક કિંવદન્તિ છે તે સુપ્રસિદ્ધ છે.

માણસો નોકર રાખે છે તો ત્યાં તે પણ જાણે છે કે ઘરનાં તે ઘરનાં અને પર તે પર. પારકી માનો દિકરો રળી ન આપે. અંતે એનો જમણો હાથ એના મ્હોં તરફ જ વળે. ટૂંકામાં

www.jainsite.com                For Private & Personal Use Only                info@jainsite.com

વાત એ છે કે પારકા—અજાણ્યાને ઘરમાં દાખલ કર્યો તો તે જરૂર નુકશાન કરે છે—વિનાશ કરે છે—સત્યાનાશ કાઢે છે.

આટલા માટે માણુસો નોકરને રાખવામાં, રસોયા ચાકરને રાખવામાં ખૂબ સંભાળ રાખે છે. અને હરામી માણુસો કેટલું નુકશાન કરે છે તે વાત નવી જાણુવાની નથી. આત્મામાં એવી રીતે ' **પર** ' બહારના કર્માણુઓ ઘુસી ગયા છે. સારામાં સારૂં દૂધ હોય પણ તેમાં ખટાશ કે ફટકડી પડે તો તુરત ફાટી જાય છે તેમ આત્મા જેવી મહાસુંદર ચૈતન્યઘનમૂર્ત્તિ અનંત જ્ઞાનપ્રકાશવાન હોવા છતાં એનામાં કર્મપરમાણુઓ ઘુસી ગયા છે અને એ પરમાણુ પર છે, બહારના છે એને આત્મા બરાબર પરપણે ઓળખતો નથી.

એ કર્મ પરમાણુઓએ આત્મામાં પ્રવેશ કરી એની ખરાબી કરી છે, એની પાસે અનેક નાચો કરાવ્યા છે, એની પાસે નવાં નવાં નાટકો કરાવ્યાં છે, એનો જ્ઞાનગુણુ ઢાંકી દીધો છે, એને મોહમદિરા પાઇને ઘેનમાં નાખી દીધો છે, એને સદ્‌ગુણુના ધામને બદલે કષાયનું પુતળું બનાવી દીધેલ છે, એને વ્યાધિનો પિંડ બનાવી દીધો છે અને એ એને ચારે ગતિમાં રખડાવે છે, એને લુલો, લંગડો, આંધળો, ખોડ—ખાંપણુવાળો બનાવે છે, એની પાસે ભીષણુ આકૃતિ ધરાવે છે, એને શ્રુતિકટુ સ્વરવાળો કરે છે, એને કાળો કે લાલ બનાવે છે, એને વામનજી—કુબડો બનાવે છે, એને નાગો રખડાવે છે, એને ભૂખ્યો રખાવે છે, એને તરસ્યો રાખી મુંઝવી દે છે, એને પેટ ખાતર વેઠ કરાવે છે, એને ચોર, લબાડ, ઉઠાવગીર, વિશ્વાસઘાતી, ખૂની બનાવે છે, એને રાજા બનાવે છે, અમાત્ય બનાવે છે, પ્રમુખ બનાવે છે,

જૈનसाईट JAINSITE .com जनम् जयति शासनम्

એનાં ભાષણો પર તાળીઓ પડાવે છે અને એને હાસ્યસ્થાન પણ ઠરાવે છે, એને શોકથી પોક મૂકતો કરે છે, એને સ્ત્રીના શૃંગારમાં ભાનભૂલો બનાવે છે અને એને વિષયનો કીડો બનાવે છે.

દુનિયામાં જે કાંઈ વિરૂપ, સારૂં કે સાધારણ દેખાય છે તે સર્વ આ પારકા–અંદર ઘુસી ગયેલા અથવા ઘુસવા દીધેલા કર્મપરિણામ મહારાજાનો પ્રતાપ છે. જ્ઞાનવાન આત્માની આ બહારના ઘુસી ગયેલા મહારાજાએ શી દશા કરી છે ? કેદી જેવી કફોડી દશામાં એને મૂકી દીધો છે. અજાણ્યાનો પરિચય કરવાનું અને તેને અવકાશ આપવાનું આ પરિણામ છે.

આઠ કર્મો, તેની ઉત્તરપ્રકૃતિ ૧૫૮, તેનો સ્વભાવ અને તેમાંની પુણ્ય તથા પાપ પ્રકૃતિઓનું સ્વરૂપ અહીં વિચારવું. એ કર્મોનો ચમત્કાર સમજવો. તેનો આત્મા સાથે અત્યારે તો એવો તાદાત્મ્ય સંબંધ થઈ ગયો છે કે એ જ જાણે તેનો સ્વભાવ હોય એવું લાગે છે. આવા પ્રકારનું આવરણ કરનાર પણ એ જ કર્મમહારાજા છે. એનું સ્વરૂપ સમજી એને બરાબર ઓળખવા જેવા એ રાજા છે. એને સમજી બરાબર ઓળખવાથી સંસારની સર્વ વિડંબનાઓનું મૂળ કારણ હાથમાં આવી જશે. જ્ઞાનવાન આત્માની આ દશા હોય ? પણ કર્મનું જોર અત્યારે તો તેના પોતાના જોર કરતાં વધી ગયું છે. ચારે બાજુએ જુઓ, બહાર જુઓ, ચરિત્રો વાંચો, નૉવેલો (કથાઓ) વાંચો, નાટકો જુઓ, સિનેમા જુઓ–જ્યાં જશો ત્યાં કર્મ–મહારાજાની જમાવટ માથે જડેલી જણાશે અને એણે આત્માને એટલો બધો દબાવી દીધેલો જણાશે કે એ છે કે નહિ ? અને હોય તો એની કાંઈ શક્તિ હશે કે નહિ ? તે બાબતમાં પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શંકા પડી જાય એવું ઉપલક નજરે પ્રથમતઃ જરૂર લાગશે. આ અનંત જ્ઞાનના ધણી આત્માની એક કથા થઈ.

( સ્વ ૨. ) ચેતન ! કર્મરાજાના મુખ્ય સેનાપતિ મોહરાજાએ મૂકેલી મમતાને પરાધીન થઈને તું પારકી પંચાત કેટલી કરે છે તેનો વિચાર કર. તું એમ સમજે છે કે આખા ગામના કજીઆ તારે પતાવવાના છે અને તું ત્યાં દાખલ થઇ જાય છે. કોઇની વાતો, કોઇની ચિંતા, કોઈની નિંદા, કોઇ પર ગુસ્સો એ સર્વ અન્યને માટે જ જાણે તેં જાળવી રાખ્યાં છે. તને યુરોપમાં શું થયું તે વિચાર કરવા અને તેની વાતો કરવા સમય મળે છે, તારે રાજા કર્ણની વાતો કરવી છે, સગાંઓનાં મ્હોં જાળવવાં છે, કોઇ દૂરનું મરી જાય તો એક કલાક પછી લૌકિકે જઇ ખોટી રીતે આ આ કરવું છે, તને લાગેવળગે નહિ તેવાની વાતોમાં કલાકો કાઢવા છે, તારાં ઘરનાંની ચિંતામાં અરધા થઇ જવું છે, તારે અન્ય કોઇની નોકરી ગઈ તેની વાતો કરવી છે, તારે અમલદારોના ગુણ–દોષ પર વગર આધારે ગપ્પા મારવા છે, તારે વિના કારણે આજે 'પ્રીચર' કેટલા આવ્યા તેની વાતો કરવી છે, તારે ફોજદારી કોર્ટમાં અતિ તુચ્છ મનુષ્યોનાં કે ખાસ કરીને નટી જેવી સ્ત્રીઓનાં કેસો ચાલતાં હોય તે સાંભળવા કે વાંચવા છે અને આવી આવી તદ્દન નકામી અથવા તારી નજરે કોઇવાર કામની લાગતી વાતો કરવી છે અને 'કાજી દુબલે કયું' કે સારા શહેરકી ફીકર' જેવો વેશ કરવો છે.

મમતાની પરતંત્રતા, સાપેક્ષ દષ્ટિનો અભાવ, આદર્શની ગેરહાજરી, વ્યવસ્થિત સંકળનાની ખામી અને અતિ કેફ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( મોહની મસ્તી ) ની અસર તળે તારા આવા હાલહવાલ થયા છે, તું વિના કારણ પરની ચિંતા કરે છે, પરની વાતો કરે છે, પર સંબંધી ઘાટો ઘડે છે અને ઘાટ જામે નહિ ત્યારે વિમાસણ કરે છે. નિંદા, કુથળી, આત્મશ્લાઘા અને ભોજનાદિની કથામાં તું કેટલો વખત કાઢે છે અને સ્ત્રી સંબંધી વાત નીકળી તો તો જોઈ લેજો ચમત્કાર. અનંત જ્ઞાનના ધણીની આ દશા હોય ? અને તારા જેવા અનંત ગુણના સાગરને આવી નિર્માલ્ય બાબતોમાં હાથ ઘાલવો ઘટે ? તું આખો દિવસ કેવી કેવી વાતો, ચિંતાઓ અને ઉપાધિઓ કરે છે તેનો વિચાર કર, તેની તુલના કર, તેનો સરવાળો કર. અને તું કોણ ? અનુપમ ગુણોનો ધણી, જ્ઞાન-દર્શન-ચારિત્રમય, સચ્ચિદાનંદ સ્વરૂપ, શાશ્વત સુખનો અધિકારી-તે આવી દશાએ ઉતરી ગયો ! તારામાં અનુપમ ગુણરત્નો છે તેની ચિંતા કર, તેને ઓળખ અને તેને પ્રકટ કરવાનો વિચાર કર, તે મય થઇ જા. તારે આવી કુથળી અને પારકાની કથા કરવાની તે હોય ? તારે તારૂં પોતાનું કરવાનું ક્યાં ઓછું છે કે પારકી ચિંતાથી હેરાન થાય છે ? દુબળો થાય છે ? અસલ ચિંતામણિ રત્ન કે જેથી ઈચ્છે તેવા પદાર્થો મેળવી શકાતાં, કામઘટ-ઘડો ઇચ્છિત વસ્તુ આપતો અને કલ્પવૃક્ષોની નીચે ઉભા રહેતાં ઉપરથી માગેલી વસ્તુઓ પડતી; એ સર્વને ટપી જાય તેવા ગુણરત્નો તારામાં ભરેલાં છે, તું તે મય છે અને તે પ્રયત્નસાધ્ય છે.

ત્યારે આવા ગુણરત્નોનો વિચાર કરતો નથી અને પારકી વાતો શા માટે કરે છે ? જે મનુષ્યો તારાં નથી, જે રાજકારણ સાથે તારે સંબંધ નથી, જે સંબંધીઓ તારી સાથે આવવાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી તેની ચિંતા કરવી છોડી દઈ, તારો પોતાનો જ વિચાર કર અને તારા ગુણોને ઓળખ. પારકી વાતોમાં તારૂં કાંઈ વળવાનું નથી અને કોઇ અહીં બેસી રહેવાના નથી. થોડો વખત તાળીઓ પડી તો પણ શું અને ન પડી તો પણ શું ? અને તાળી પાડનારા પણ જવાના છે અને તું પણ જવાનો છો. ત્યારે એવી નકામી લપન્નછપન્ન મૂકી દે અને તારાં ગુણરત્નોની ચિંતા કર. તારે જે જોઇએ છે તે તારી પાસે છે, તારામાં છે, તેને શોધી કાઢી પ્રકટ કરવું એટલું જ બાકી છે. ખેદની વાત છે કે ઘરની વસ્તુની કિંમત ન કરતાં તું પરવાતોમાં દોડ્યો જ જાય છે અને અંદર જોતો નથી, પોતાનાં ગુણોને પીછાનતો નથી અને પીછાનાઈ જાય તો તેનું બરાબર મૂલ્ય કરતો નથી. નકામો ખેદ—મમતાવશ થઇને જે કરે છે તે છોડી દે અને અનુપમ આત્મગુણોની ચિંતા કર.

અન્યની **ચિંતા** કર તેનો વાંધો નથી, પણ માત્ર દિશા ફેરવવાનો ઉપદેશ છે. અત્યારે તું પરની—બહારની—બહારનાંની ચિંતા પોતાનું માનીને કરે છે તેને બદલે સ્વની—અંદરની—અંદરના ગુણોની ચિંતા કર. પ્રશ્ન એ છે કે એની ચિંતા તું કદાપિ કેમ કરતો નથી ? તું અત્યારે શું કરી રહ્યો છે તે હવે જો. આ તો એક ચિંતવનની વાત થઇ, પણ તારા સર્વ પ્રયત્નો—કાર્યો કઈ દિશાએ વહે છે, તું શેમાં જોડાઇ ગયો છે અને કેવો ફસાઇ પડ્યો છે તે બરાબર સમજ. જો ! જરા આગળ વધ.

(ग ३.) તેં અત્યારે જે મોટી ધમાલ આદરી છે તે કોના માટે છે ? તારે પોતાને તો સાડાત્રણ હાથ જમીન સૂવા જોઇએ અને ખાવા માટે થોડો ખોરાક જોઇએ. પાણીની તો કુદરતે વિપુલતા પૂરી પાડેલ છે. ત્યારે આ સર્વ પંચાયત શેની ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેં મોટાં કારખાનાં, કારસ્થાનો કે વેપારો માંડ્યા છે તે કોને માટે? એનાથી ભંડારો કે તિજોરીઓ ભરીશ તે કોના?

તું ચોરથી, પશુથી, દુશ્મનથી ડર્યા કરે છે તે શેની ખાતર? જીવવા માટે કે તારા પોતાની ચિંતા માટે? અગર છોકરા છોકરી માટે?

તારો આનંદ શેમાં છે? ઘરનાં મળે ત્યારે આનંદ, ખાવાપીવામાં આનંદ, પૈસા રળે ત્યારે આનંદ? પણ એ કઇ વસ્તુઓમાં? સર્વ પારકું, પારકામાં અને પરથી.

તું શોક કરે છે—રડવા બેસે છે તે કોને? કોઈ સગાં કે મિત્રને? તે પણ પારકાં જ છે. તારી ઇચ્છા શું મેળવવાની રહે છે? જે હશે તે સર્વ તારાથી પર, પરને માટે, અપરદ્વારા-પ્રાપ્ય. વળી કોઇ વસ્તુ તને મળી જાય ત્યારે તું રાજી રાજી થઈ જાય છે તે શું છે? તને નોકરી મળે, ધન મળે, પ્રમાણ-પત્ર મળે, પ્રશંસા મળે એટલે તું કુદવા મંડે છે; પણ એ સર્વ પર છે, તારાથી અલગ છે, અનોખા છે, બાહ્ય છે.

તારો પોતાનો નિર્મળ સ્વભાવ છે તેના ઉપર પગ મૂકીને તું અનેક વસ્તુઓ ઉપર રાગ ધારણ કરે છે. સારૂં ફરનીચર, સારો ડ્રોઇંગરૂમ, સારાં વસ્ત્ર, સારાં અલંકાર, સારૂં ઘડિયાળ—આ સર્વ પર છે, તારાથી અપર છે—અવર છે.

ભાઇ! આ સર્વમાં તારૂં કાંઇ નથી. તું જેટલાં હવાતીઆં મારે છે, તોફાન કરે છે, દરિયા ડોળે છે અને તારી નાની દુનિયાને માથે લે છે તે સર્વ પારકું છે, પારકા માટે છે, પડી રહેવાનું છે, થોડા વખત માટેનું છે અને મેળવતાં, જાળવતાં તેમજ સંયોગનો વિયોગ થતાં અનેક ઉપાધિ કરાવે એ ઉપરાંત તારી સાથે અતિ અલ્પ—સંબંધવાળું છે અને કર્મપરમાણુજન્ય તેમ જ જાતે પૌદ્ગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લિક હોઇ તારા કામનું નથી. જે આત્મિક છે તે પૌદ્‌ગલિક ન હોય અને જે પૌદ્‌ગલિક હોય તે પર છે, તારાથી અવર છે અને તારી સાથે કદી મેળ ન ખાય તેવું છે. તારા જેવા• પરવસ્તુ– પરભાવ–પારકાની ચીજોમાં–પરવસ્તુમાં રખડે એ તે સારી વાત કહેવાય ? અને જે પરમાણુની એ ચીજો બનેલી છે તે તારાં નથી, જેની ખાતર તું ધમપછાડા કરે છે તે તારાં નથી અને જ્યાં તારૂં પૌદ્‌ગલિક મન અત્યારે મોહ પામે છે તે પણ તારૂં નથી. આવી રીતે તું પરવસ્તુ–પરકીય ભાવમાં ફસાઇ ગયો છે. અને તેં ઉપર જોયું છે કે જ્યાં પારકો પેઠો ત્યાં સત્યાનાશની પાટી બેઠી, મહા આપત્તિના ગણેશ મંડાયા, ઉતરતા દિવસની ધાત શરૂ થઇ.

( ઘ ૪. ) વળી આ સંસારમાં તેં કઇ પીડાઓ સહન નથી કરી ? તું કપાયો છે, દળાયો છે, દબાયો છે, વેરાયો છે, ચીરાયો છે–તારે માથે થવામાં બાકી રહી નથી. નારકીના જીવોનાં દુ:ખનું વર્ણન વાંચતાં તો કાળજાં તૂટી જાય તેવું છે. ત્યાંની ઠંડી અને ગરમી એવાં હોય છે કે અહીંનો સહેરાના રણનો તાપ કે હિમાલયની ઠંડી કાંઇ ગણતરીમાં નહિ. મનુષ્યપણામાં વ્યાધિઓ પાર વગરનાં છે અને તિર્યંચોને ખમવો પડતો મુંગો માર તો અકથ્ય છે.

આવી રીતે તું અનેક વાર છેદાયો, ભેદાયો અને હણાયો તેનું કારણ એક જ : પારકામાં વિલાસ, પરમાં આનંદ.

બહુ નવાઇની વાત તો એ છે કે આટલું તત્ત્વજ્ઞાન તારા જાણવામાં આવ્યા છતાં હજુ પણ તને એમાં જ આનંદ આવે છે. સુંદર વિચારમાં મગ્ન હોય ત્યાં દાદરે કોઇના પડવાનો અવાજ સાંભળી ચમકી જાય છે પણ એ તો છોકરૂં નહીં, કોઇ ભિખારી માગવા આવ્યો હતો તેનો પગ લપસ્યો જાણી હાશ કરી બેસે છે ! મારાં–તારાંનો આ કેવો ભાવ ! તને આનંદ ખાવા–

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પીવામાં આવે, તને મજા નાટક સિનેમા જોવામાં આવે, તને લહેર નાચપાર્ટીના જલસામાં આવે, તને વૈભવ સ્ત્રીઓની આંખોમાં દેખાય, તને મજા વેપારની વાતોમાં આવે, તને એકાગ્રતા કોભાંડ રચવામાં, કારસ્થાનો કરવામાં, અન્યને છેતરવામાં થાય ત્યારે તને તે શું કહેવું ? જે કારણે તું કદર્થના સહેતો આવ્યો છે તે જાણ્યાં છતાં પાછો તેમાં જ રસ પામે છે ત્યારે તેં ધાર્યું છે શું ? તને જરા લાજ પણ આવતી નથી ? તું પીડા થાય ત્યારે પોક મૂકીને રડવા બેસે છે અને વળી પાછો તેના તરફ જ દોડતો જાય છે ત્યારે આને તારી અક્કલ કહેવાય કે તારી હુંશિયારી ગણાય કે મૂર્ખાઈ ગણાય ?

તને જો ભયંકર યાતનાઓ સહન કરવી ગમતી હોય તો ખુશીથી પરભાવમાં રમણ કર, પણ લેખક મહાશય તારૂં મન જાણે છે. તેઓને ખબર છે કે તને કષ્ટ કે કદર્થના જરા પણ ગમતાં નથી. ત્યારે જે કારણે એ પીડા થાય છે તે જાણ્યા છતાં તે જ કારણો ફરી ફરીને સેવી રહ્યો છે ત્યારે તારી ઇચ્છા અને તારા કાર્યને કેટલો વિરોધ છે તેનો તું વિચાર કર. આ પરભાવની બાળરમત ક્યાં સુધી રમ્યા કરીશ ? અને છતાં તેનાં પરિણામ દૂર કરવાની તીવ્ર ઇચ્છા છોડી શકતો નથી. તું યાદ રાખજે કે તારે દરેક નાનાં–મોટાં કાર્યના હિસાબ આપવાના છે. હજુ પણ વિચાર અને તારી પરભાવરમણતાથી શરમા. તારા જેવા મુમુક્ષુને આ પરભાવરમણતા ન શોભે. જો હજુ આટલું નાચે છે ત્યાં તારૂં મન ક્યાં દોડી જાય છે તે તપાસી જોજે અને જરા ઉંડો ઉતરજે. આવું શરમભરેલું–પોતાની જાતને હલકા પાડે તેવું વર્તન કેટલો વખત ચલાવી લઈશ ? અજ્ઞાન અને મોહદશાને પરિણામે તારી શરમ ઉડી ગઇ છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ એ સર્વ પરભાવમાં વિલાસ છે અને તારા જેવા મહત્ત્વાકાંક્ષીને શરમાવનાર છે.

( ૪ ૫. ) પારકાને ઘરમાં પેસાડ્યો તે વિનાશ કરે છે. આ પ્રાણી પારકી ચિંતા કરે છે, એના સર્વ પ્રયાસ ઈચ્છા અને આદર્શો પરકીય છે અને એને જે અનેક પીડા—ઉપાધિ થાય છે તેનું મૂળ પરકીય વિલાસ છે. આ ચાર મુદ્દા સ્પષ્ટ થયા.

હવે બહુ મુદ્દાની વાત છેવટે કહી દે છે. પરભાવમાં રમણ, પરમાં વિલાસ, પરનો ઉપભોગ અને પરમાં વૃદ્ધિ એ તો ખૂબ થઈ, પણ તું કોણ ? તારૂં શું ? એ વાત સમજી લે એટલે એ જ્યાં ન હોય તે સર્વ પારકું છે એટલું પૃથક્કરણ થઇ જાય. આખા શાસ્ત્રનો સાર કાઢીને બધી વાતનું રહસ્ય બહુ ટૂંકામાં કહી દે છે કે:—

“ જ્ઞાન ૧, દર્શન ૨ અને ચારિત્ર ૩ એ ત્રિરંગી ચિન્હવાળી ચેતના વગરની સર્વ વસ્તુઓ પર છે—અન્ય છે.”

જ્યાં આ ત્રિરંગી વાવટો ન હોય ત્યાં ચેતનજી ! તું નથી. એ ત્રણ સિવાયની સર્વ ચીજો અન્ય છે. આ વાત તું સમજી લે. **જ્ઞાનમાં** પણ જેને હરિભદ્રસૂરિ વિષય—પ્રતિભાસ જ્ઞાન અથવા આત્મપરિણતિમત્ જ્ઞાન કહે છે તે નહિ પણ જેને તેઓશ્રી **તત્ત્વસંવેદન** જ્ઞાન કહે છે એ એનું પ્રથમ ચિહ્ન છે[1] જેને શ્રી સિદ્ધર્ષિ ગણિએ **વિમળાલોક અંજન** કલ્પ્યું છે તે.

૧ હારિભદ્રી અષ્ટકમાં આઠમું અષ્ટક જ્ઞાનાષ્ટક છે તેમાં એ ત્રણે પ્રકારના જ્ઞાનની સમજણ આપી છે. આત્મપરિણતિમત્ જ્ઞાન સમકિત દૃષ્ટિને હોય છે પણ તેમાં હેયોપાદેય પ્રત્યે પ્રવૃત્તિ નિવૃત્તિ ન હોવાથી તેને પણ સ્વીકાર યોગ્ય ગણ્યું નથી. તત્ત્વસંવેદન જ્ઞાનમાં હેયોપાદેયની સમજણ સાથે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ ચારિત્ર હોય છે તેથી તે જ્ઞાન જ અનંતર કે પરંપર મોક્ષને આપનાર છે. તત્ત્વપરિણતિમત્ જ્ઞાન પરંપર મોક્ષદાતા થાય તેમ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દર્શનમાં** શુદ્ધ માર્ગનો સાચો ખ્યાલ અને તે ધોરણે જે માર્ગ ન પહોંચે તેને છોડી દેવાનો દૃઢ સંકલ્પ.

**ચારિત્રમાં** વિશિષ્ટ વર્તન, સદ્ગુણોનું ગમે તે ભોગે આસેવન અને ભવચેષ્ટાનો ત્યાગ.

દર્શનને શ્રી સિદ્ધર્ષિએ '**તત્ત્વપ્રીતિકર જળ**' નામ આપ્યું છે અને ચારિત્રને '**મહાકલ્યાણ ( ક્ષીર ) ભોજન**' નું નામ આપ્યું છે.

આ ત્રણ ચીજ જ્યાં હોય ત્યાં ચેતન! તું છે, એ ત્રણ મય તું જ છે. એ સિવાય સર્વ અન્ય છે, પર છે, તારાથી જુદું છે, પારકું છે, દૂરનું છે. પારકાએ તારા ઘરમાં પેસીને તારા કેવા હાલહવાલ કર્યા છે તે તેં જોયું.

પારકાને સમજુ માણસ ઘરવાસ કરાવે નહિ. તેમાં પણ જે ચોર હોય, ભરાડી હોય, ઘર ફાડનાર હોય, દગાબાજ હોય, ઘરધણીને ઉંઘતો વેચનાર હોય તેનો તો કદી વિશ્વાસ થાય જ નહિ. અને તું જાણે છે કે 'પારકી આશ સદા નિરાશ.' ઘરનાં મૂલ્યવાન રત્નો છોડી પારકા રોટલા ને બચકા ભરવા જવું એ તો શ્વાનવૃત્તિ કહેવાય. મહામૂલ્યવાન રત્નોના માલેકને એ શોભે નહિ, છાજે નહિ, ઘટે નહિ.

ત્યારે તારૂં શું છે અને પારકું શું છે તે તારા સમજવામાં આવ્યું. તું ખાલી ભરમાઇ જઇ કેફ કરી મુંઝાઇ ગયો છે, છતાં મહાતિમિરમાં પણ તારી આંખે સાચી વાત દેખાણી છે, સાચી વાત સમજાણી છે, તારાં પોતાનાંની તને પીછાન થઇ છે અને પર તે પર છે તે સમજાણું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે તારૂં હિત થાય તેને માટે પ્રયત્ન કર. જે રસ્તે તને પ્રગતિ લાગે તે માર્ગ પકડી લે અને તારા પોતાનાં હોય તેને તારાં કરી લે અને તારી આસપાસ અત્યારે જે કચરો જામ્યો છે તેને બરાબર દૂર કરી નાખ અને તારી પોતાની ઇષ્ટ સિદ્ધિ જ્યાં તને જણાય ત્યાં તું પ્રયત્ન કર. પસંદગીનો તને અવકાશ છે અને તે માટેનું સાહિત્ય તને સાંપડ્યું છે. ઊઠ, જાગ્રત થા અને સાચે માર્ગે લાગી જા.

## અન્યત્વભાવના— :: ગેયાષ્ટક પરિચય—

૧. ઉપોદ્ઘાત કરી દીધો. વિગતવાર મુદ્દાઓ રજુ કર્યા. હવે ચેતનજી ! તું તારૂં ઘર તપાસ. તારી પાસે માલપુંજી કેટલી છે તેનાં સરવૈયાં કાઢ. તું બરાબર સાચા સરવાળા કરજે અને બાદબાકી મૂકવામાં પણ જરાએ પાછો પડીશ નહિ કે સંકોચ કરીશ નહિ. ઘણા પારકી પંચાત કરનારા માટે કહેવાય છે કે 'પંચાતીઆના છોકરાં ભૂખે મરે.' તું એવો ડાહ્યો, દોઢ ડાહ્યો થઇશ નહિ. સમજુ માણસ પોતાનું ઘર સંભાળી બેસે છે અને એ આખી દુનિયા દિવાની થાય તો સર્વની સાથે સામાનની ફેંકાફેંક કરે છે પણ એની ફેંકાફેંકમાં દક્ષતા હોય છે: બીજા ઘરમાંથી માલ બહાર ફેંકે ત્યારે એ બહારનો સામાન ઘરમાં ફેંકે છે. તારામાં આવું ડહાપણ આવશે ત્યારે તું તારૂં ઘર સાજું કરી શકીશ; તેથી તારૂં ઘર શોધ, એની સંભાળ લે. એના ખૂણા ખાંચરાઓમાંથી પણ કચરો કાઢી નાખ અને તારાં પોતાનાં સામાનની યાદી કર. ઘરનો વીમો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉતરાવવો હોય ત્યારે જેટલી વિગત તૈયાર કરે છે તેટલી બારીકીથી તારૂં ઘર જોઇ જજે.

જો ! પ્રથમ તો તપાસ કર કે તારૂં શરીર, તારા પૈસા, તારાં છોકરાં, તારાં ઘર, તારાં સગાં અને વિગેરેમાં તારી સ્ત્રી, તારા મિત્રો અને તારા સંબંધીઓ કે જેની ખાતર તું અનેક ઉન્માદ કરી રહ્યો છે તેમાંથી કોણ તારૂં છે ? એની કસોટી એક બતાવીએ. જ્યારે તું અહીંથી ઉચાળા ભરીને મોટા ગામતરે જઇશ, જ્યારે તું મહાપંથે પડી જઈશ, જ્યારે તું મહાનિદ્રામાં પડીશ, જ્યારે તું મહાયાત્રાએ નીકળીશ ત્યારે તને કુગતિમાં પડતાં એમાંનાં કોણ રક્ષણ આપશે ? તે વખતે તારા જમે બાજુએ કરેલા સરવાળાની રકમો કે તારી તિજોરીમાં પડેલાં ઘરેણાંઓ કે તારા સ્ત્રી પુત્ર પરિવારમાંથી કોઇ આડો હાથ આપશે ?

અરે ! પરભવની વાત જરા થોડો વખત બાજુએ મૂકીએ તો અહીં પણ એ સ્નેહ સ્વાર્થ સુધીનો જ છે એ વાતમાં શંકા રહે તેમ નથી. ઘરડાં માબાપ તરફ પુત્રો કે પુત્રવધૂઓ કઇ નજરે જુએ છે તે ઉપર ઉલ્લેખ કરવાની જરૂર ન હોય. સાત–સાત દીકરે ડોસાઓને અકળાઇ જવું પડે છે અને એને જમવાના ‘ વારા ’ કરવા પડે છે એ અજાણી વાત નથી. આ કદાચ આકરી વાત હોય તો નોંધાયલા દાખલાઓનો પણ પાર નથી; પરંતુ એક વાત તો સિદ્ધ છે કે એમાંનાં કોઇ પણ પરભવમાં સાથે આવનાર નથી અને દુર્ગતિમાં પડતાં રક્ષણ કરનાર નથી.

જો ! તેઓ ખાતર તેં ઉજાગરા કર્યા, ચિંતાઓ કરી,



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE જૈન સાઇટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મત્યાગ કર્યો, ભોગો આપ્યા અને તેની ખાતર રજ્યો, એનો ભાગ વહેંચવા સર્વ આવશે, પણ અંતે તારી મહાયાત્રા નીકળશે ત્યારે તારી સાથે કોઈ આવનાર છે? તારી કરણી કેવી છે તે તો તું જાણે છે અને તેને પરિણામે તારી ગતિ કેવી થવી જોઈએ તે તું કલ્પી શકે તેવી બાબત છે, તો ત્યાં તને કોઇ બચાવી શકશે? કોઈ તને રક્ષણ આપશે? આ રીતે તારૂં ઘર તપાસ અને તારી ચીજોનો હિસાબ મુદ્દામ આંકડાસર મૂક. સ્ત્રી, પુત્ર, ભાઇ, દિકરા વિગેરેનો સ્નેહ કેવો છે તે સંબંધે નોંધાયલા દાખલાઓ અંતિમ અવલોકનમાં નોંધવામાં આવશે ત્યારે તને વિચાર થઇ પડશે કે પરભવમાં તો કોઇ રક્ષણ આપે તેમ નથી; પરંતુ આ ભવમાં પણ તેં માની લીધેલા સ્નેહીમાં માત્ર સ્વાર્થ સિવાય બીજું કાંઇ નથી તે વાત પણ હવે પછી થશે. અત્યારે લાંબી નજરે જોતાં તારાં કર્મ તારે જ ભોગવવાનાં છે અને કોઇ તારી વતી આડું સૂનાર નથી તે તું યાદ રાખજે.

૨. તું કોણ? તું દેવચંદ! તારા હાથ, પગ, મ્હોં એમાંનું કોઇ દેવચંદ છે? ત્યારે તું કોણ? જે શરીર અત્યારે હાલેચાલે છે, ખાય-પીએ છે તે થોડા વખત માટે છે અને તે તું નથી. જો અમુક પરમાણુઓના સંચયને 'દેવચંદ' નામ અપાયું હોય તો જે દિવસે એ ઠંડું પડી જશે તે દિવસે એને જેમ બને તેમ જલ્દી ઠેકાણે પાડવાની–એને બાળી મૂકવાની કે ભૂદાહ કરવાની ત્વરા થશે. એ તું છે? અત્યારે તું એને પંપાળે છે, ચોળે છે, ચાંપે છે, મર્દન કરે છે, સાબુથી ન્હવરાવે છે, મૂલ્યવાન મસાલા અને વસાણાં ખવરાવી પુષ્ટ કરે છે તે તારૂં નથી, તારી સાથે આવવાનું નથી, તારા નિરંતર વિશ્વાસમાં રહેવાનું પણ નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારે તું એ શરીરને તારૂં પોતાનું માનીને આ સર્વ શું કરી રહ્યો છે ? એને જરા તાવ આવે તો ડૉકટરોને ટેલીફોન ઉપર ટેલીફોન કરી મૂકે છે અને જરા શરદી થાય તો ગળે ગરમ રૂમાલ લપેટે છે અને જરા હાથ–પગ દુઃખે ત્યાં પછાડા મારવા મંડી જાય છે ! આ સર્વ હકીકત ઉચિત થાય છે કે કેમ ? તે તું વિચાર.

સર્વથી વધારે નજીક તારૂં શરીર છે. એને તો તું જરૂર તારૂં પોતાનું માને છે, પણ એને પોતાનું માનવાની ભૂલ કરીને તું નકામો હેરાન થાય છે. જો ! જ્યારે તારામાં માંદગી આવશે, તારા સાંધાઓ તૂટવા માંડશે ત્યારે એ તને છોડી જશે. આવા શરીરનો વિશ્વાસ કેટલો કરવાનો હોય ? એને પોતાનું માનવાની ભૂલ તો ભારે જબરી સ્ખલના ગણાય. તારી આખી માન્યતા કેટલી ખોટી છે તે તને આ ઉપરથી જણાશે. તારૂં શરીર જ તારૂં નથી, પછી આગળ તે કેટલી વાત કરવાની હોય ? પહેલે કોળીએ જ માખી આવે છે ત્યાં વાત ક્યાં સુધી જશે તે તું સમજી જા.

આનું નામ પરભાવરમણતા, પરને પોતાના માનવાની ભૂલ અને એને પરિણામે ઉભું કરેલું કલ્પનાજાળનું તોફાન. અન્યત્વ ભાવના ક્યાંથી શરૂ થાય છે તે અત્ર બરાબર વિચારવું.

૩. હવે જરા આગળ ચાલો. ઘર વસાવ્યાં, સુંદર ફરનીચર લીધું, ઠામ–વાસણ વસાવ્યાં, બસો–પાંચ સો માણસને જમાડવા જેટલાં તપેલાંઓ લીધા, ફ્રેંચપોલીસ કરાવ્યા, પલંગો મંડાવ્યા, મચ્છરદાનીઓ ચઢાવી, ઈલેકટ્રીક ફીટીંગ્ઝ કરાવ્યાં, બાથરૂમોમાં ટાઇલ્સ જડાવ્યાં, કઇક કઇક સગવડો કરી. કપડાં કરાવ્યાં, કપાટો ભર્યાં, નાની નાની સગવડો ગોઠવી, થોડો વખત ઝૂકવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે ઝરૂખા કર્યા, નાની–મોટી લાઇબ્રેરી કરી, બેસવા માટે સગવડો કરી, ખાવાપીવા માટે સામાન વસાવ્યો, સ્ટોરરૂમ અલગ કર્યો, દાણા ભરવાનાં ઠામો વસાવ્યાં.

ઉપરાંત વ્યાપાર, પૈસા, વ્યાપારની ચીજો, નાણાની કોથળીઓ, તિજોરી વિગેરે અનેક ચીજો વસાવી; પણ એ સર્વ મૂકીને અંતે ચાલ્યા જવું પડશે. '**જે જહાંની તે તહાં રહી રે, કોઈ ન આવી સાથ તો.**' જે જ્યાં હતું તે ત્યાં રહી ગયું. આ સર્વ પરભાવની રમણતા, પરને પોતાનાં માનવાની ભૂલોનાં પ્રાયશ્ચિત્ત, અવિશ્વાસ્ય ઉપર વિશ્વાસ કરવાનાં દારૂણ પરિણામ.

કોઈના દીકરા થયા, કોઇના ભાઇ થયા, કોઈના પિતા કહેવાયા, કોઇના ભત્રીજા થયા, કોઇના ભાયાત થયા, કોઇના જ્ઞાતિજન થયા અને અંતે એ આખા કુટુંબને છોડી '**છેડો છોડી રે ચાલ્યા એકલા, હાર્યો જેમ જુગારી રે**' એવી વાત થશે. જે પોતાનાં નથી, જેમાં સ્વ જેવું કાંઇ નથી, તેને પોતાનાં માન્યાં, તેને ઘરનાં ગણ્યાં એનાં એ સર્વ વિપાક છે.

એનો સાર એ છે કે એવી રીતે એકઠો કરેલો પરિગ્રહ કે કુટુંબ કોઈ પછવાડે આવતાં નથી. એ તો જ્યાં હોય ત્યાં પડ્યા જ રહે છે. કોઈ પણ પ્રકારનું અનુસરણ એનું થતું નથી એ આપણે અહીં પણ જોઇએ છીએ. જેઓ મોટી મિલ્કત મૂકી જાય છે તેને પણ ચાર કે એક જ નાળીએર બંધાવે છે અને એનું આખું કુટુંબ અહીં જ રહી જાય છે. તું એવી જ રીતે પછવાડે અનેક કુટુંબને રડાવીને અહીં આવ્યો છે. આ સર્વ જાળ છે, રમત છે, વિલાસ છે. આવી અતિ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘૃણાસ્પદ રમતનો તું એક પ્યાદુ થઇ પડ્યો છે. ઘર માંડે છે, છોડે છે અને વચ્ચે ઉઠી જા ત્યારે બાજીમાંથી નીકળી જાય છે. આ તે તારી દશા હોય? તું કોના જેવી રમત રમી રહ્યો છે? અને કેવા પરભાવમાં રમી રહ્યો છે તેનો વિચાર કર.

આવી રીતે શરીર પણ પર છે, ધનમાલ–ખજાના પણ પર છે અને કુટુંબના સર્વ માણસો પર છે એટલી હદ સુધી આપણે આવ્યા. એમાં જે રમણતા તે પરભાવરમણુતા કહેવાય. એ એક વાર સાચી સમજ્યા એટલે બેડો પાર છે!

૪. આ ઉપર કહેલી વાત બરાબર સમજી જઈને તું પારકાના પરિચયરૂપ પરિણામને છોડી દે. પરિણામ એટલે પરિણુતિ અથવા છેવટ. અત્યારે તારૂં સર્વ લક્ષ્યબિન્દુ પર ઉપર છે. તું વિચાર કરે છે ધનના, તું વાત કરે છે નોકરી કે વ્યાપારની, તું ચર્ચા કરે છે રાજ્યની, તું ઘાટ ઘડે છે દુનિયામાં યશ મેળવવાના, તું વાંચે છે, વિચારે છે, બોલે છે સર્વ પરને માટે, પરમાં તારા શરીરનો પણ સમાવેશ થઇ જાય છે તે વાત આ ભાવનામાં ખૂબ યાદ રાખજે. તને મોહ મદારીએ દારૂ પાઇને એવો મસ્ત બનાવી દીધો છે કે તારૂં આખું ધ્યાન પરમાં છે, પર માટે છે, પર પરત્વે છે.

આવી રીતે પર–પરિચયની પરિણુતિમાં અથવા પર–પરિચયના પરિણામોમાં તું આખો વખત રમ્યા કરે છે અને એ પર–પરિચયનો મૂળ હેતુ મમતામાં તેમજ પરિતાપમાં છે. તને પર ઉપર એવી તો મમતા લાગી છે કે તું તારાં કુટુંબ, તારા વ્યાપાર અને તારા ઘરબારને તારા માનીને, એટલી નાની તારી દુનિયાને આખી દુનિયા ગણી તું બંધાયા કરે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ જાળને ઉકેલવા જતાં નવ જગ્યાએથી જરા છૂટે છે ત્યાં તેર જગ્યાએ બંધાય છે. આ આખો **પરનો પરિચય** મમતા-માંથી ઉભો થાય છે અને એ અંદરનો સંતાપ છે. જેમ તાવ આવે ત્યારે માણસને શુદ્ધિ ઓછી થાય છે તેમ મમતા માયાથી તને અંદર તાવ આવ્યો છે અને એ સંતાપમાં પર–પરિચયનું નિદાન છે. મમતા અને અંતર–તાપ એ નિદાન છે.

વૈદ્ય દવા કરે ત્યારે પ્રથમ વ્યાધિનું નિદાન કરે છે. નિદાન એટલે વ્યાધિના મૂળની શોધ. પછી દવા કરે તેને ચિકિત્સા કહે છે. મમતા અને પરિતાપ એ આત્માને વળગેલા વ્યાધિ છે અને એનું નિદાન થાય છે ત્યારે સમજાય છે કે એનું પરિણામ પરિચયમાં જ આવે છે. વ્યાધિના ચિહ્નો ( Symptows ) માં પરિચય છે. એનું નિદાન કરતાં એનો મૂળ હેતુ જડ્યો. એ નિદાન મમતા અને પરિતાપ છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ પરપરિચયને તું છોડી દે. તારી સર્વ ઉપાધિઓ આ પરપરિચયથી થઇ છે અને તેનું મૂળ મમતા અને પરિતાપ છે. એને તું છોડી દે. તારે તારાપણું પ્રકટ કરવું હોય તો આ કચરાનો ત્યાગ કર. વ્યાધિની દવા કરવી હોય તો કરી તો જરૂર પાળવી પડશે અને એ કરીમાં પરપરિચયનો ત્યાગ પ્રથમ સ્થાને આવે છે અને એક બીજી વાત પણ એ કરી ( Diet ) માં આવે છે તે પણ સમજી લે.

એ કરવાનું કહે છે. તજવાનું શું તે ઉપર કહ્યું. પરંતુ વૈદ્ય અમુક ચીજો ન ખાવાનું કહે તેની સાથે અમુક ખાવું એમ પણ કહે છે. તે પ્રમાણે અનુભવરસના સુખને ભજ. અનુભવ એટલે આત્મસ્વરૂપ-રમણતા. જરા શાંતિ મેળવીને અનુભવરસનો આસ્વાદ કરી લે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ નિઃસંગતાથી નિર્મળ થાય છે. નિઃસંગતા એટલે પરવસ્તુના સંસર્ગથી રહિત દશા. જ્યારે પરભાવદશાથી રહિત દશા એ અનુભવને નિર્મળ કરે છે ત્યારે તે બહુ મનોહર થાય છે, ખૂબ હૃદયંગમ થાય છે. આવા અનુભવસુખના રસને સેવવો, વ્યાધિ દૂર કરવા માટે પરપરિચયની પરિણતિ છોડવી અને ઉક્ત સ્વરૂપવાળો અનુભવરસ પીવો, આ ચિકિત્સા બતાવી.

અનુભવ એ મહાવસ્તુ છે. અનુભવ એટલે આત્મસ્વરૂપનું પ્રત્યક્ષીકરણ. આત્મસ્વરૂપમાં રમણતા થાય, આત્માનો વિચાર કરાય, આત્મજ્યોતિ જગાવાય, આત્માનું અસંખ્ય પ્રદેશત્વ સમજાય, એનું અમરત્વ જણાય, એનું નિરંજન–નિરાકારત્વ ગ્રાહ્યમાં આવે એ સર્વનું સંક્ષિપ્ત નામ **અનુભવ** છે. આ અનુભવને આનંદઘનજીએ ખૂબ ગાયો છે, ચિદાનંદજીએ એને ખબ બહલાવ્યો છે, યોગીઓ એની સાથે રમ્યા છે અને એને પ્રકટ કરવા માટે અનેકે જંગલ સેવ્યા છે, અનેકે આતાપનાઓ લીધી છે, અનેકે અનશન કર્યા છે અને અનેકે એવા દિવ્ય પાન પીધાં છે. એ વસ્તુ સમજાવી શકાય તેવી નથી. આનંદઘનજી કહે છે કે **'આતમ અનુભવરસિક કો, અજબ સુન્યો વિરતંત'** આવો અનુભવ છે. એક વખત આ અનુભવ કરવા વિચાર થાય તો તદ્દન જુદા જ પ્રકારની સ્થિતિ થઈ જાય છે. **'તું જાણે જગ બ્હાવરો, તું જાણે જગ અંધ'** દુનિયા એવા માણસને બાવરો–ગાંડો કહે છે અને એ દુનિયાને આંધળી જાણે છે. જ્યાં માર્ગો જ ફરી જાય ત્યાં પછી એકવાક્યતા ક્યાં થાય? મેળ ક્યાં મળે? દુનિયા ગાંડો કહે–ભંગડભૂત કહે તેના ઉપર યોગીનું લક્ષ્ય જ હોતું નથી. એને દુનિયાની પરવા હોતી નથી. એ દુનિયાને પરભાવમાં લેખે છે, છતાં એને કરૂણા ખૂબ હોય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે આપણે આગળ જોશું. અત્ર કરૂણાની વાત અપ્રસ્તુત છે. આત્મરમણતાના અનુભવની પરભાવત્યાગ એ બીજી બાજુ છે.

એ અનુભવરસ ખૂબ મજાનો છે. એમાં રસ પડે ત્યારપછી દુનિયાદારી ચાલી જાય છે, એના આનંદનાં વિષયો, સ્થાનો, પ્રવાહો સર્વ અલગ થઈ જાય છે અને એની જમાવટ તદ્દન જુદા જ પ્રકારની બની જાય છે. નિઃસંગપણાથી જ્યારે એ અનુભવજ્ઞાન નિર્મળ થાય ત્યારે એની ખરી મોજ આવે છે અને ત્યારે એ ખરો અભિરામ—મનોહર રસ થાય છે. એ રસનો જેને સાચો પ્રેમ લાગે તે પ્રાણી અંદર જ રમણ કરે છે. એના વિલાસમાં વિકાર હોતો નથી, એના આનંદમાં આત્મસાક્ષાત્કાર હોય છે અને એના મહોદયમાં પવિત્ર શુદ્ધ શાંત વાતાવરણ હોય છે. કોઈ ખરા નિઃસંગ મહાત્માનો પરિચય થાય છે ત્યારે એના વાતાવરણમાં રહેલ શાંતિનો સાક્ષાત્કાર થાય છે. આવા અનુભવરસને તું ભજ, એને પ્રત્યક્ષ કર, તારા આત્મામાં નિમજ્જન કર, તે મય થઈ જા, તેને માટે જ વિચાર કર.

સાચા અનુભવજ્ઞાનમાં પરભાવત્યાગ સહજ છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. વ્યાધિનું નિદાન અને ચિકિત્સા અત્ર રજુ કરી. હવે એક-બે પ્રાસ્તાવિક વાત કહી, છેવટે સત્યમાર્ગનું પ્રકાશન બતાવી, આ ભવ્ય ભાવનાનો વ્યવહારૂ આકાર બતાવશે.

**૫.** રેલવેમાં બેઠા, બે-ચાર અજાણ્યા માણસો મળ્યા, વાતો કરી, સાથે ખાધું; પણ પછી એ ઓળખાણ લાંબો વખત ટકતી નથી. મુસાફરીના અનુભવવાળાને આ નવું નથી. ઘણા રસથી વાતો કરે; પણ પોતાનું સ્ટેશન આવે એટલે સૌ પોત-

જૈન શાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાને રસ્તે પડે છે. રસ્તે મળનાર દરેકની સાથે કાંઈ સહચાર થતો નથી અને તેનામાં કાંઈ પ્રતિબંધ પણ થતો નથી. પંથે મળ્યા, વાતો થઈ અને માર્ગ જુદા પડ્યા એટલે સૌ પોતપોતાને રસ્તે પડી જાય છે.

એવી રીતે મુસાફરખાના જેવા ઘરમાં આપણે સગાંસંબંધી એકઠા થયા. જેને તેડું આવે તે રસ્તે પડી જાય છે અને એના કર્મ એને જ્યાં લઈ જાય ત્યાં એ જાય છે. એમાં મમતા શી કરવી? એમાં રડવું કોને? અને રડનારા પણ ક્યાં બેસી રહેનાર છે? અત્યારે જે બંધન માનીને મુસાફરો સાથે પ્રતિબંધ કરવામાં આવે છે અને તેના ઉપર રાગ કે આકર્ષણ થાય છે તે મોહજન્ય છે, મમતામય છે અને સ્વાર્થજન્ય છે. ઘરડાં માણસ જાય ત્યારે તેનામાં સ્વાર્થ ઓછો હોવાથી કોઈ રડતું નથી. ત્યારે આમાં સ્વાર્થ સિવાય બીજું કાંઈ નથી.

મુસાફરખાના–ધર્મશાળામાંથી બે વટેમાર્ગુ સાથે ઘણી ગમત કરી હોય પણ જ્યારે એ પંથે પડે ત્યારે કોઈ રડવા બેસતું નથી. 'આવજો, આવજો' કરે છે. એ મિસાલે કુટુંબનો પરિચય સમજવો. એ સર્વ પોતપોતાનાં કર્મને વશ છે અને એમાં કાંઈ બંધન કરવા યોગ્ય તત્ત્વ નથી. એ સર્વ પરભાવ છે, બાહ્ય ભાવ છે, સર્વથા ત્યાજ્ય છે.

૬. એક બીજો દાખલો વિચારવા યોગ્ય છે. પરસ્પરનો જ્યાં પૂરો પ્રેમ હોય ત્યાં પરસ્પરનો ઉન્માદ સમજી શકાય તેમ છે. એકને જરા પણ ઊર્મિ ન હોય અને બીજો પ્રેમ પાછળ પ્રાણ આપતો હોય ત્યારે શી દશા થાય છે તે વિચારો–કલ્પો. પ્રેમનો જ્યારે જવાબ મળતો નથી ત્યારે એકતરફી પ્રેમ કરનારને માત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંતાપ જ થાય છે. પતંગીઆ પેઠે પ્રણયની જ્વાળામાં ભસ્મ થનારના દાખલા પણ થોડા નથી. આ વાત પર વિવેચનની કે ચિત્રની જરૂર ભાગ્યે જ હોય.

હવે તને ઘર, ઘરેણાં, માલ, વ્યાપારની ચીજો, ચોપડા વિગેરે પર પ્રેમ થાય છે પણ તે એકતરફી છે, તારા પૂરતો જ છે અને સામેના જવાબ વગરનો છે. એ લક્ષ્મી કે એ પરમાણુના થપ્પા તે કોઈના કોઇ દિવસ થયા છે કે તે તારાં થાય? લક્ષ્મી તો વેશ્યા જેવી છે. આજે તારે ત્યાં બેઠી હોય, કાલે બીજાનું ઘર માંડે. આ સર્વ બાબતો દુનિયામાં દરરોજ જોઈએ છીએ. અને ઘરનાં ઘર એ શું? કોનું ઘર? અને કોના ઘરનું ઘર? આ સર્વ ફાંફાં છે અને એ જ રીતે શરીર પણ પુદ્ગળનો સમૂહ છે અને તેના ઉપરનો પ્રેમ પણ એકતરફી છે. એની સાથે મમતા કરવી એ નિષ્પ્રાણ્યી ઉપર પ્રેમ કરવા બરાબર છે, તદ્દન એકતરફી છે અને ખાલી સંતાપ કરનાર છે. આ બાબતમાં જરા પણ શંકા હોય તો એ સર્વ બહારની વસ્તુઓ અને ખૂદ શરીર વારંવાર કેટલી તસ્દી આપે છે અને એ તમામ અનેક વાર કેવાં વાંકાં થઇ બેસે છે તેનો ખ્યાલ કરી લે.

જે પ્રણય વગરના હોય, સામો જવાબ મળતો ન હોય ત્યાં વળગતાં જવું એ ડહાપણવાળા પ્રાણીનું કાર્ય ન જ ગણાય. એથી મનનો ઉકળાટ, નકામી ચિંતા અને અંદરનો કલેશ જ થાય છે અને પરિણામે હાથમાં કાંઇ આવતું નથી. સર્વ પૌદ્ગલિક વસ્તુ જેમાં તારા શરીરનો પણ સમાવેશ થાય છે તેના ઉપરનો તારો સ્નેહ આ પ્રકારનો છે. હવે તને યોગ્ય લાગે તો તે કર અને નકામો સંતાપ વહોરી લે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુનિયાદારીમાં કહેવાય છે કે '**જર જમીન ને જોરૂ, એ કજીયાના છોરૂ**' કજીયો એટલે સંતાપ અને એ જર (લક્ષ્મી), એ જમીન (ખેતર, ઘરબાર) અને એ જોરૂ એટલે સ્ત્રી અને સર્વ કુટુંબ એ સર્વ પર છે, તારાથી અવર છે અને મહાસંતાપ કરાવનાર છે અને પ્રેમનો પ્રતિધ્વનિ કરનાર નથી એ તું સમજી લેજે.

આ બન્ને શ્લોકના વ્યવહારૂ દાખલાઓ ખાસ વિચારણીય છે અને પરભાવને બરાબર સમજાવે તેવા અને તને ખાસ લાગુ પડનારા છે.

૭. તેટલા માટે કર્ત્તા સર્વ વાતને ટૂંકામાં કહી દે છે કે ભાઇ! અત્યારે ઉભા કરેલા સંયોગોને તું તજી દે, તેં અગાઉ જોયું છે કે સંજોગરૂપ મૂળથી જ આ પ્રાણીએ દુઃખની પરંપરા પ્રાપ્ત કરી છે. જે સંબંધોની ખાતર તું સર્વ હારી બેસે છે અને જેની ખાતર તું તારો પોતાનો વિચાર પણ કરતો નથી એ સર્વ સંયોગોને તજી દે. એ સંબંધો પર છે, પરની સાથેના છે અને વળી તેનો વિયોગ નિશ્ચિત છે. જે વસ્તુ સાથેનો વિયોગ જરૂર થવાનો હોય તેની ખાતર પડી મરવું ઘટે નહિ, શોભે નહિ, વાસ્તવિક ગણાય નહિ. સંથારાપોરસિમાં કહ્યું છે કે **संजोगमूला जीवेण, पत्ता दुःखपरम्परा । तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरियं** એની આગળની એ ગાથા આપણે એકત્વભાવનામાં વિચારી હતી. (જુઓ પૃ. ૨૫૭) 'આ પ્રાણીએ સંયોગને કારણે અનેક દુઃખની પરંપરા પ્રાપ્ત કરી છે. તેટલા માટે સર્વ સંયોગ-સંબંધને મન-વચન-કાયાથી વોસિરાવું છું-તેની સાથેનો સંબંધ અત્ર પૂરો કરૂં છું.' આ ખરી આંતર-આત્મદશા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયોગ શબ્દ જ વિયોગને સૂચવે છે. એ અકુદરતી છે, ઉભો કરેલ છે અને જે સ્વાભાવિક ન હોઈ ઉભું કરેલું હોય તેનો વિયોગ કોઈ કાળે તો જરૂર થાય જ. અને થાય ત્યારે મુંઝવે; માટે તારે હાથે સ્વેચ્છાથી જ તેનો ત્યાગ કરી દે. **स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधते** એનો સ્વયં—જાતે ત્યાગ કર્યો હોય તો ખૂબ આનંદ—શાંતિ આપે છે. અંતે છોડવાનાં જ છે, ન ગમે તો પણ આખરે છૂટી જવાનાં છે ત્યારે શા માટે એના ત્યાગનો આનંદ મ્હાણુતો નથી ? શમરસની મજા મ્હાણી લે. સંયોગ—સંબંધને સ્વયં ત્યજવાની આ પ્રથમ વાત કરી.

એક બીજી વાત. ચેતન ! તું એકાગ્રતા કર. અત્યારે અનેક કાર્ય કરવાને કારણે તારી શક્તિઓ વેડફાય છે અને તું એક બાબત ઉપર શાંતિથી વિચાર પણ એકધારો કરી શકતો નથી. ચપળ ચિત્ત જ્યાં ત્યાં રખડે છે અને વાત એવી વિચિત્ર બને છે કે તારામાં કોઈ પ્રકારની શાંતિ આવતી નથી. પછી અહીંથી રળું કે અહીંથી લઇ લઉં કે આને ત્યાં જઉં કે પણે ભાષણ કરૂં—એવા એવા વિચારો થાય છે, પણ એક બાબતમાં ચિત્ત લાગતું નથી અને એકવિષયના ગુણ—દોષ પર કદી પૂરતો વિચાર થતો નથી અને એના લાભાલાભ કદી તપાસાતા નથી. એકાગ્રતાને અભાવે પ્રાણી જ્યાં ત્યાં અવ્યવસ્થિતપણે ભટકયા કરે છે; પણ જ્યારે એકાગ્રતા થાય છે ત્યારે મનમાં શાંતિ અને સ્થિરતા થાય છે. એમાં પણ એ એકાગ્રતા જ્યારે નિર્મળ હોય ત્યારે ઓર આનંદ આવે છે.

જ્યારે લોકેષણા જાય, જ્યારે કીર્તિની ચાહના ન હોય, જ્યારે ફરજનો સ્પષ્ટ ખ્યાલ હોય અને જ્યારે આત્મપ્રગતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાનું સ્પષ્ટ ધ્યેય હોય ત્યારે જે એકાગ્રતા થાય છે તે નિર્મળ—દોષ વગરની કહેવાય છે. આ એકાગ્રતા ધ્યાનનો વિષય છે અને તે ભાવનાને પરિણામે પ્રાપ્ત છે, પણ અહીં તેને પ્રાપ્ત કરવાની ભલામણ કરવાનો હેતુ એ છે કે જ્યાંસુધી પ્રાણી ચિત્તની સ્થિરતા કરી વસ્તુસ્વરૂપ અને તેનો સંબંધ વિચારતો નથી ત્યાંસુધી એ અન્યત્વભાવ બરાબર જમાવી શકતો નથી અથવા જાણેલ વાત તુરત ખસી જાય છે. એટલા માટે નિર્મળ અવધાન કરી, વસ્તુને ઓળખવાની અને તેનો આત્મા સાથેનો સંબંધ વિચારવાની ખૂબ જરૂર છે અને તેને પરિણામે પ્રગતિ ચોક્કસ છે.

આ બન્ને હકીકત ન બને તો યાદ રાખજે કે સખ્ત ગ્રીષ્મકાળમાં તું ફાળ મારીને ગમે તેટલું મૃગતૃષ્ણાનું પાણી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશ તો પણ તને કદી તૃપ્તિ થવાની નથી. ઝાંઝવામાં પાણી છે જ નહિ, છતાં દોડાદોડી કરી તું કોઈ જગ્યાએથી જરા જળ મળ્યું છે એમ માનીશ તો પણ તારી તરસ છીપશે નહિ અને તારી દોડાદોડી તો જરૂર ઉભી જ રહેશે. તું આમ ને આમ ક્યાં સુધી દોડ્યા કરીશ? તને હજુ દોડાદોડીનો થાક લાગ્યો નથી? એ મૃગતૃષ્ણા કેવી છે તેનું વર્ણન કરવું પડે તેમ નથી. હરણીઆ એની શોધમાં હેરાન હેરાન થઈ દોટ મૂક્યા જ કરે છે. તારી ધનાદિ માટેની દોડાદોડી એવા જ પ્રકારની છે. ધન ગમે તેટલું મળશે તો પણ સંતોષ થશે નહિ અને નહિ મળે તો વિષાદનો પાર રહેશે નહિ; માટે એને પ્રેરનાર સંયોગ—સંબંધને તજી દે અને નિર્મળ એકાગ્રતા કર. આ ભાવનાનું આ અતિ વિશિષ્ટ પરિણામ છે. ખૂબ વિચાર કરીને એને વ્યવહારૂ આકાર આપજે અને પરભાવરમણતા છોડી દેવા યત્ન કરજે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮. છેવટે ભલામણ કરે છે કે જેને કોઈ જાતનો આશરો ન હોય તેને ટેકો આપનાર, નિરાશ્રિતના આશ્રિત, અનાથના બેલી શ્રી તીર્થંકરદેવને આશરે જા. તેં શરૂઆતમાં જ જોયું છે કે શરીર, ધન, પુત્રો, ઘર કે સ્વજનમાંથી કોઇ તને દુર્ગતિમાં પડતાં રક્ષણ આપી શકે તેમ નથી. આવી રીતે ચારે તરફ ઘોર ઘનઘટા છવાઈ હોય છે ત્યારે પણ તને તીર્થંકર મહારાજ સહાય કરનાર છે એટલો એક જ તારે આશરો છે; કારણ કે એ તીર્થંકર દેવ સાચા ધર્મની પ્રાપ્તિ કરી આપીને તને સદ્‌ગતિએ જવા યોગ્ય સર્વ રસ્તા બતાવે છે, અને તું વધારે પ્રયત્ન કર તો તને સર્વ ઉપાધિથી સર્વથા મુક્તિ મેળવી આપી તારો આ ચક્રભ્રમણનો છેડો લાવી આપે તેમ છે. એવો એ સુંદર આશ્રય છે, કાળાં વાદળાંમાં રૂપેરી દોરી છે અને તને અખંડ શાંતિનું સ્થાન છે. મતલબ તું એ તીર્થંકર મહારાજે બતાવેલા ધર્મનો આશ્રય કર અને તે દ્વારા તારી પ્રગતિ સાધ. એનો હેતુ એ છે કે મોક્ષગતિએ જવાનો એ સહેલો ઉપાય છે, એ અનાયાસે સિદ્ધ છે અને પરિણામ ચોક્કસ નીપજાવનાર છે.

તું શાંતસુધારસનું ખૂબ પાન કર. એનાથી તારું આખું શરીર ભરી દે અને એ મય થઈ જા. એ અમૃતપાનમાં ત્રણ ગુણો છેઃ—

(૧) એ વ્યાધિને શમાવનાર છે. અમૃત હોય છે ત્યાં વ્યાધિનો સદ્‌ભાવ ન જ હોય. એ સર્વ વ્યાધિને હરનાર એક દવા છે. **भवरोगार्त्तजंतूनामगदंकारदर्शनः** ભવરોગથી પીડાયલા પ્રાણીને અંગે એ વૈદ્યનું કામ કરે છે. શાંતરસ ભવવ્યાધિને શમાવી દે છે. અગદંકાર એટલે વૈદ્ય તીર્થંકર પરમાત્મા છે.

(૨) વમન–વાંતિ ( ઉલટી ) ને દૂર કરનાર છે. આ પ્રાણીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતર વિકારો થયા જ કરે છે પણ શાંતસુધાનું પાન કરે તો એવા વિકારો દૂર થઇ જાય છે, એ સ્વપરને ઓળખે છે અને એના વિકારો શમી જાય છે.

(૩) વળી એ રસ વિનાશ રહિત છે. અપાય એટલે પીડા કે વિનાશ એ જ્યાં ન હોય ત્યાં ભારે મજા આવે છે. માથે વિનાશનો ભય લટકતો હોય ત્યાં સુધી કામ કરવામાં મજા આવતી નથી. શાંતરસ અને વિનાશને ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેવો સંબંધ છે.

આવો શાંત અમૃતરસ જે સર્વ વ્યાધિને શમાવનાર છે, વાંતિને દૂર કરનાર છે અને વિનાશ રહિત છે તેને પી.

આ ગાથામાં શિવગતિનો સરળ ઉપાય બતાવ્યો અને શાંતવાહિતામાં સ્નાન કરવાની ભલામણ કરી. આ રીતે પાંચમી અન્યત્વ ભાવના લેખકશ્રીએ પૂરી કરી. વિનય નામનું રટણ આપણે પણ પ્રત્યેક ગાથાને અંતે અષ્ટકમાં કર્યું.

* * *

એ રીતે અન્યત્વ ભાવનાની હકીકત રજુ કરી. અન્યત્વ ભાવનામાં બહાર જોવાનું છે અને બહારનો–પરનો સંબંધ આત્મા સાથે કેવો છે તેનો બરાબર ખ્યાલ કરવાનો છે. જંગ ( Jung ) નામના તત્ત્વજ્ઞાનીએ મનુષ્ય જાતિના બે વિભાગ પાડ્યા છે. એકને તે Introvert કહે છે, બીજાને તે Extravert કહે છે. એક્સટ્રાવર્ટ ( બાહ્યદૃષ્ટિ ) નું માનસિક બંધારણ બાહ્ય વસ્તુ તરફ હોય છે અને તે તેનું સર્વ ધ્યાન અને લાગણી રોકે છે. ઇન્ટ્રોવર્ટ ( આંતરદૃષ્ટિ ) પોતાની અંદર જુએ છે, દુનિયામાંથી એ લગભગ દૂર જાય છે અને તે દુનિયાને પોતાની વિરોધી ગણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'આંતરસ્પર્શી' વસ્તુઓ કરતાં પોતાના વિચાર, કલ્પના અને લાગણીને વધારે પ્રાધાન્ય આપે છે જ્યારે બાહ્યદર્શી વસ્તુઓ ઉપર ધ્યાન આપે છે. જ્યાં જ્યાં ધર્મનું પ્રાધાન્ય હોય છે ત્યાં બહુધા આંતરસ્પર્શી તત્ત્વજ્ઞાનીઓની વિપુલતા હોય છે. જ્યાં સ્થૂળવાદ–ભૌતિકવાદ ( Meterialism ) પર વધારે ભાર હોય છે ત્યાં બાહ્યદર્શી તત્ત્વજ્ઞાનીનું સામ્રાજ્ય હોય છે.

હિંદના લગભગ સર્વ તત્ત્વજ્ઞાનીઓ આંતરદર્શીની કોટિમાં આવે, છતાં ચોથી અને પાંચમી ભાવનાને અંગે જોવામાં આવ્યું હશે કે આંતરદર્શી તત્ત્વજ્ઞાનીઓએ આત્મનિરીક્ષણ ચોથી ભાવનામાં કર્યું છે તો પાંચમીમાં પદાર્થનો અંતર આત્મભાવ સાથેનો સંબંધ કદી વિસરી ગયા નથી.

મારા મતે સ્યાદ્વાદપ્રરૂપક જૈન તત્ત્વજ્ઞાનીઓ આંતરદર્શી અને બાહ્યસ્પર્શી બરાબર રહી શકે છે. સાથે એ પણ કહેવું જોઈએ કે ઢાલની બન્ને બાજુ તેઓ રજુ કરવામાં સફળ થયા છે છતાં તેઓમાં વિપુળતા તો આંતરદર્શીત્વની જ છે અને આત્માની હયાતી સ્વીકારનાર આ સિવાય બીજો તત્ત્વવિચારણાનો માર્ગ લઈ શકે એ અશક્ય છે. મારૂં મંતવ્ય એ છે કે જૈન તત્ત્વજ્ઞાનીઓ એકાંત માયાવાદ (Illusion) માં માનનાર ન હોવાથી તેઓ વસ્તુ સાથેનો આત્માનો સંબંધ બરાબર ઝળકાવી શક્યા છે. તેઓની ગણના તો બહુધા ઈન્ટ્રોવર્ટ ( આંતરદર્શી ) ની કક્ષામાં જ આવે.

( આને અંગે એ હકસલીની પ્રોપર સ્ટડીઝ [ Proper studies by A [ Dous Huxley ] માંથી Varities of Intelligence નો નિબંધ જરૂર જોવા અને સરખાવવા યોગ્ય છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજથી ૨૪૬૨ વર્ષ પહેલાં આસો વદિ અમાસ્યાની સવારે મહાવીર ભગવાને પોતાના મુખ્ય શિષ્ય ઇંદ્રભૂતિ **ગૌતમને** બાજુના ગામમાં દેવશર્મા નામનો બ્રાહ્મણ રહે છે તેને ઉપદેશ આપવા માટે જવા કહ્યું. આજ્ઞાંકિત શિષ્ય તુરત ત્યાં ગયા. ઉપદેશ આપ્યો. રાતના બાર વાગવાનો સમય થયો હશે ત્યાં આકાશમાં દેવતાઓને અમુક દિશા તરફ જતા જોયા. શું છે? એમ પ્રશ્ન થયો. તપાસ કરતાં જણાયું કે મહાવીરસ્વામી મોક્ષે ગયા અને ભાવઉદ્યોતનો નાશ થતાં દેવો દ્રવ્યઉદ્યોત કરી રહ્યા છે અને ભગવાનનો દેહ અપાપાપુરીમાં પડ્યો છે ત્યાં નમન કરવા જાય છે.

ગૌતમસ્વામી વિહ્વળ થઇ ગયા. એને વિચાર થયો કે દુનિયાનો ક્રમ છે કે એવા વખતે માણુસ છોકરાઓને પાસે બોલાવે, બહારગામ હોય તો તેડાવી મંગાવે અને ભગવાને તો મને ઉલટો દૂર કર્યો! મારા ઉપર શું તેમનો સ્નેહ જ નહિ હોય? આવું તે હોય? આ પ્રમાણે ખૂબ ખેદ કર્યો. પછી વિચાર્યું કે ખરેખર એ વીતરાગ હતા! હું કોનો? અને તેમને ને મારે શો સંબંધ? ભગવાન તો નિઃસ્પૃહ જ હોય. એને પોતાનાં તેમજ પારકાં ન હોય. હું ભૂલ્યો. એમ અન્યત્વ ભાવનો વિચાર કરતાં ખૂબ આત્મનિમજ્જન કરી કૈવલ્ય ઉપજાવ્યું, સંપૂર્ણ જ્ઞાન થયું અને લોકાલોકના ભૂત–ભવિષ્ય–સાંપ્રત ભાવો જ્ઞાનનજરે જોયા. આ અન્યત્વ ભાવના.

રડી રડીને માતા **મરૂદેવાએ** આંખો ખોઇ. મારો 'ઋષભ' શું કરતો હશે? શું ખાતો હશે? એ ક્યાં પોઢતો હશે? એને અડચણ પડે તો કોણ એનું નિવારણ કરતું હશે? આખી રાત જંપ નહિ. ભરત બાહુબળ પગ ચાંપવા બેસે ત્યારે પણ એ જ



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઝંખના 'મારો ઋષભ શું કરતો હશે ?' તમે એની સંભાળ જ લેતા નથી. એ પ્રમાણે બોલતાં આંખમાંના આંસું વર્ષો ગયાં પણ સુકાયાં નહિ. માતાનો પ્રેમ તદ્દન નિર્મળ અને આ માતામાં તો જુગળીઆની ભદ્રિકતા હતી, ત્રીજા આરાની સરળતા હતી, અસાધારણ વાત્સલ્યની પરાકાષ્ઠા હતી. એ તો દરરોજ રડે, રાત્રે રડે અને હાલતાં–ચાલતાં પણ નિઃસાસા મૂકે, જેથી આંખ ઉપર પડળ વળી ગયાં પણ એનું રડવું અટક્યું નહિ.

ભરત મહારાજ માતાને ગમે તેટલું આશ્વાસન આપે, બાહુબળી એના પગ ચાંપે પણ માતાનો સ્નેહ તો એના ઋષભને જ ઝંખે. એવી રીતે ૧૦૦૦ વર્ષ વ્યતીત થયા. એક દિવસ પ્રભાતે સમાચાર આવ્યા કે 'શ્રી ઋષભદેવને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે અને નગર બહાર દેવોએ સમવસરણ રચેલ છે.' તુરત જ બીજા સમાચાર આવ્યા કે 'આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' બન્ને સમાચાર લગભગ એક સાથે આવ્યા. ક્ષણવાર ભરત મહારાજ વિચારમાં પડ્યા–'**તાત ચક્ર ધૂર પૂજ્ય, ચિંતા એહ હુઈરી**' પિતાની પ્રથમ ઉપાસના કરૂં કે ચક્રરત્નની ? બીજી જ ક્ષણે નિરધાર કર્યો કે તાતની જ પૂજા પ્રથમ ઘટે. ચક્ર તો આ ભવનું સાધન છે, અંતે પર છે. તાત જગત્પૂજ્ય છે, સંસારથી મૂકાવનાર દેવાધિદેવ છે.

મરૂદેવા માતાને હાથી પર બેસાડ્યા. પોતે મ્હાવતને સ્થાને બેઠા. દૂરથી દેવદુંદુભિનો અવાજ સાંભળ્યો. 'માતા ! તમારા પુત્રની ઋદ્ધિ જુઓ ! આ દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે, ત્રણ ગઢવાળું સુંદર સમવસરણ છે, અશોકવૃક્ષ ડોલી રહ્યું છે, ચામર વીંજાય છે, ભામંડળ ઝળકે છે.' વિગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માતા તો સાંભળીને ડઘાઈ ગયા. 'અરેરે! હું તો વર્ષોથી 'ઋષભ, ઋષભ' કરતી હતી અને આ તો મજામાં પડેલ છે. આ તે કોના છોકરા ને કોની માતા?', હર્ષનાં આંસુ આવ્યાં. પડળ દૂર થઈ ગયાં. સમવસરણાદિ જોયું તેથી મનમાં અન્યત્વ ભાવના જાગી. તે રગે-રગે પ્રસરી ગઈ. અત્યંત હળુકર્મી ભદ્રિક જીવ હતો. હાથીના હોદ્દા પર કેવલ્યજ્ઞાન થયું. આ અન્યત્વ ભાવના.

એકત્વ ભાવનાને અને અન્યત્વ ભાવનાને ખૂબ નજીકનો સંબંધ છે. એકમાં અંદર જોવાનું છે અને બીજામાં અંદરની અપેક્ષાએ બાહ્યને તોળવાનું છે. આ તુલના કરવાનો આ ખરે-ખરો પ્રસંગ છે અને એનો બનતો ઉપયોગ થાય તો ભાવના ભાવવાનું સાર્થક્ય છે.

પ્રથમ સર્વથી અગત્યની બાબત આ શરીર છે. એની ખાતર અનેક અગવડો સહેવામાં આવે છે, એને પોષણ આપ-વામાં આવે છે અને એનું જતન કરવામાં પૂરતું ધ્યાન આપ-વામાં આવે છે છતાં એ કોઈ પણ વખત સરખો જવાબ આપતું નથી. એને શરદી-ગરમી લાગતાં વાર લાગતી નથી અને જ્યારે એની ખૂબ સંભાળ લેવામાં આવે છે ત્યારે એ ઉલટું વધારે ત્રાસ આપતું જાય છે. એને ખવરાવવાની ચિંતા, એને ખવરાવેલું બહાર કાઢવાની ચિંતા, એને સાફ રાખવાની ચિંતા અને એને સરખાઈમાં રાખવાની ઉપાધિનો પાર નહીં. એ સર્વની નિત્યનોંધ રાખી હોય તો એનું લીસ્ટ ભારે જબરૂં થાય અને છતાં એ તો પરાયાની જેમ જ વર્તે છે. એનામાં શું ભર્યું છે એ વાત તો હવે પછી વિચારવાની છે (છઠ્ઠી ભાવ-નામાં), પણ જેવું છે તેવું એ પર જ છે અને પરાયાની જેમ જ તે પ્રાણી સાથે વર્તે છે. પરત્વ-અન્યત્વ એનાથી શરૂ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે છતાં શરીરને પરાયું માનવાની વાત સમજવી બહુ મુશ્કેલ છે અને મુશ્કેલ છે માટે ખૂબ વિચારવા યોગ્ય છે. એના સંબંધમાં ઘણું લખાઇ ગયું છે. અત્યારે કોઇ છાપું હાથમાં લેશો તેમાં ૭૫ ટકા જાહેર ખબર દવાની હશે. સ્વર્ગમાંથી કોઈ તે વાંચે તો મનુષ્યલોકમાં કોઇ વ્યાધિનો ઉપાય શોધવો હવે રહ્યો નહિ હોય તેવી તેમાં જાહેરાતો હોય છે અને છતાં આપણે શારીરિક બાબતમાં સુધર્યા છીએ એમ તો લાગતું જ નથી. આ સર્વ શરીરનો મોહ છે, અસ્થાને મૂકેલા વિશ્વાસનું પરિણામ છે અને પરભાવરમણતાનો પ્રતિધ્વનિ છે. શરીરને અંતે મૂકી જવું પડે છે એ તો સંદેહ વગરની વાત છે.

સગાંઓનો સ્નેહ એ પણ પરભાવમાં રમણતા છે એમાં કશો સંદેહ નથી. એ સગાંઓ પરભવમાં સાથે આવતા નથી કે ત્યાં કોઇ પ્રકારની સહાય કરી શકતા નથી એ વાત તો આપણે વિગતથી જોઇ ગયા. સ્વાર્થ પૂરતો જ સ્નેહ છે. એના અનેક દૃષ્ટાન્તો નોંધાયલાં છે. તેનું સંક્ષિપ્ત અવલોકન કરી જોઇએ.

**સુરિકાન્તા,** એ સ્ત્રીના પ્રેમનું દૃષ્ટાન્ત પૂરું પાડે છે. એ પરદેશી રાજાની મહારાણી થાય. રાજા સાથે એણે ખૂબ વિલાસ કર્યો. રાણી વિષયાસક્ત હતી અને તે પૂરતો તેનો રાજા પર સ્નેહ હતો. એક વખત રાજાને કેશીગણધરનો મેળાપ થયો. તેમના ઉપદેશથી એની નાસ્તિકતા દૂર થઇ. એ ધર્મ સમજ્યો. દુનિયાની અસ્થિરતા તેના ધ્યાનમાં આવી. એ રાણી તરફ શિથિળ પ્રેમવાળો થયો. રાણીને એ ન ગમ્યું. એની ઇચ્છા તૃપ્ત ન થતાં એ પિંગળાની જેમ પરપુરૂષ સાથે સહચાર કરવા લાગી. રાજાનો ભય લાગ્યો અને અંતે પ્રેમીના લેબાસમાં રાજાને વિષ દઇ, ગળે નખ મારી રાણીએ એના પ્રાણ લીધા. આ સ્ત્રીનો પ્રેમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બ્રહ્મદત્ત ચક્રવર્ત્તીની માતા,** વિધવાવસ્થામાં પરપુરૂષ-(દીર્ઘરાજા)લંપટ થઈ. પ્રથમાવસ્થામાં જે પુત્ર ગર્ભે આવ્યો ત્યારે પોતે ચૌદ સ્વપ્ન જોયાં હતાં તેવા ચક્રવર્ત્તી થનાર પુત્રને મારી નાખવા તે જ માતાએ લાખનું ઘર બનાવ્યું અને ત્યાં પુત્રને સૂવા મોકલ્યો. માતાએ પોતે જ એ ઘરને આગ લગાડી. એ ચક્રવર્ત્તી થનાર પુત્ર એના મિત્ર પ્રધાનપુત્રની કુશળતાથી બચ્યો, પણ સ્વાર્થસંઘટ્ટન વખતે માતા પણ કેટલી હદ સુધી જાય છે તે ખાસ વિચારવા જેવું છે.

**કનકકેતુ** રાજાને રાજ્યનો એટલો બધો લોભ હતો કે એ પોતાના પુત્રોને કાણા, લુલા, પાંગળા, આંધળા અને બીજી ખોડખાંપણવાળા કરી રાજ્યને અયોગ્ય કરતો હતો. નિયમ પ્રમાણે એવા પુત્રને રાજ્ય મળતું નથી. પિતા કેટલી હદ સુધી સ્વાર્થ વખતે પુત્ર સાથે પણ ક્રૂર થાય છે તે આ દાખલામાં વિચારવા જેવું છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પુત્રના સ્નેહમાં કોણિકનું દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે. એ શ્રેણિક રાજાનો પુત્ર થાય. એનું નામ કૂણિક પણ કહેવાય છે. એણે રાજ્યલોભે પિતાને કેદમાં પૂર્યા, પાંજરામાં નાખ્યા અને રાજ્ય પોતાને તાબે કર્યું. એણે પાંજરામાં પણ પિતાને ચાબખા મરાવ્યા. તે પુત્ર બાલક હતો ત્યારે તેનો અંગુઠો પાક્યો હતો. પિતા પરૂથી ખરડાયલા એ અંગુઠાને સ્નેહવશ થઈને પોતાના મુખમાં રાખતા હતા. તે પુત્રે પિતાના સ્નેહનો બદલો આપ્યો! ઇતિહાસમાં ઔરંગઝેબે એના પિતા શાહજહાનને અને ભાઈ દારાને કેદમાં નાખ્યાના દાખલા સારી રીતે જાણીતા છે. સ્વાર્થ એ એવી જ ચીજ છે. સગા ભાઈઓને લડવાના કેસો કોરટમાં ઘણા જાણીતા છે.

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

સ્નેહની સ્વાર્થપરતા કેટલી છે તે માટે બહુ દાખલાઓ આપવાની જરૂર પડે તેમ નથી. આપણા દરરોજના અનુભવનો તે વિષય છે. ભાઈઓ લડે ત્યારે એક બીજાના ગોળાના પાણી હરામ થાય છે. આ સંસારમાં તો સર્વ પ્રકારનાં દૃષ્ટાન્તો મળી આવે છે, પણ એ સર્વમાંથી એક વાત બરાબર સિદ્ધ થાય છે કે આ દુનિયામાં ખરા સ્નેહ જેવી એક પણ ચીજ નથી. જો ખરો સ્નેહ હોય તો સ્નેહીના વગર જીવી શકાય નહિ, છતાં જેના વગર એક દિવસ ન જાય તેના વગર વર્ષો વહી જાય છે તે આપણે વારંવાર અનુભવીએ છીએ અને છતાં સ્નેહ પાછળ ઘસડાઈએ છીએ. આ સ્થિતિ વિચારશીલ દીર્ઘદૃષ્ટિની તો ન હોય.

પ્રેમ—સ્નેહ એ એવી ચીકટ વસ્તુ છે કે એક વાર એને અવકાશ આપ્યા પછી એમાં વિવેક, સભ્યતા કે મર્યાદાને સ્થાન રહેતું નથી. પછી આખા ગામમાં રૂપાળામાં રૂપાળો છોકરો શોધવા મોકલવામાં આવે તો ગામના કનૈયા કુંવરો પર નજર ઠરતી નથી, પણ પોતાના હબસી જેવા છોકરા તરફ જ આંખો ઠરે છે. આ સભ્યતાનો નમૂનો છે. સ્નેહ કેટલો પક્ષપાત કરાવે છે તે વિચારવાનું આ સ્થાન છે.

સ્ત્રી, પુત્ર કે અન્ય સગાં પર સ્નેહ કેટલો વખત ટકે છે તેનો ખ્યાલ ઘરડા માણસને થાય છે. એનામાં સ્વાર્થ ન રહેતાં એનું જીવન ઘણીવાર બહુ આકરૂં—અકારૂં થઈ પડે છે. એના દાખલા પણ નજરે જોયા છે. પરભવમાં એ સ્નેહીમાંનો કોઈ જરા પણ કામમાં આવતો નથી એ વાત તો બરાબર સ્પષ્ટ થઈ ગઈ છે.

પરવસ્તુઓના સ્નેહમાં ધન ઉપરની ગાંઠ સર્વથી આકરી છે. એના પાસમાં જુદી જુદી કક્ષાએ સર્વ આવી પડેલા છે. એની ચીકાશ એટલી આકરી છે કે એ મરતાં સુધી છૂટતી નથી. મરતી વખત પણ એમાં વાસના રહી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમાં કાંઈ ધ્યેય પણ હોતું નથી. એમાં મર્યાદા રહેતી નથી. એમાં સગપણ–સ્નેહ–સંબંધ કાંઇ જોવામાં આવતું નથી. સીત્તેર વર્ષની વયના માણસોને પુત્ર–પુત્રી ન હોય તો પણ ધનની પાછળ ગાંડા થતાં આપણે નજરે જોયા છે. એ શેની ખાતર અજંપો અને ઉજાગરા કરતા હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે, પણ છતાં તેઓ તો પોતાની ધન પાછળની ચોકી, સાચા–જૂઠા કરવાની પદ્ધતિ અને અનેક ગોટાળા વૃદ્ધ વયે પણ કર્યા જ કરે છે. ધનનો મોહ અજબ છે અને પૃથક્કરણને માટે અશક્ય છે. ન સમજાય તેવો છે અને ઠેઠ સુધી હેરાન કરનાર છે, સમજ્યા છતાં પણ એ છૂટતો જ નથી.

ધન તો પર વસ્તુ છે એ સિદ્ધ કરવાની કાંઈ જરૂર નથી. એ શરીર જેટલું નજીક પણ નથી અને સગાં જેટલું સમીપ પણ નથી, પરંતુ એને કેટલાક વ્યવહારના અનુભવીઓ 'અગીઆરમો પ્રાણ' કહે છે. પ્રાણીને પાંચ ઇંદ્રિય, મન, વચન, કાયાના યોગો, શ્વાસોશ્વાસ ને આયુ એ દશ પ્રાણ હોય છે, પણ ધન એ અગિયારમો પ્રાણ બની જાય છે અને ઘણીવાર તો એનો ગ્રાહ એવો આકરો બને છે કે એ દશ પ્રાણને મૂકાવે છે. મહાવિગ્રહ પછી વ્યાપારની અસ્તવ્યસ્ત સ્થિતિ થતાં, કેટલાએ વ્યાપારીને નુકશાન થતાં, શરીરે તારાજ થતાં જોયા છે, કેકને ગાંડા થઈ જતાં જોયા છે અને કેટલાઓને અંતે ઘસાઇને મરણ પામતા જોયા છે. ધનનો અપરંપાર મહિમા છે. એના પરની આસક્તિ પ્રાણીને કેટલી હદ સુધી લઇ જાય છે તે પર વધારે વિવેચનની ભાગ્યે જ જરૂર હોય. પરભાવમાં રમણ કરવાની ટેવનું એ અનિવાર્ય પરિણામ છે.

ધન સિવાય અન્ય વસ્તુઓ પરનો પ્રેમ પણ ઓછો–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધતો બદલો જરૂર આપે છે. આપણાં ફરનીચર પર આપણને કેટલો રાગ હોય છે! નાતમાં જમવા ગયા હોઈએ અને એક કળશો જો બદલાઈ જાય ત્યાં કેટલા ચીડાઈ જઈએ છીએ! અને એક સારું આલબમ બનાવ્યું હોય તો કેટલાને બતાવીએ છીએ! કોઈને પીકચરનો શોખ, કોઈને ઘડીયાળો પર મોહ, કોઈને કપડાં પર આદર, કોઈને જોડાં પર આસક્તિ, આવાં અનેક નામો લઈ શકાય; પણ તે બીનજરૂરી છે. પાર્થિવ કોઈ પણ ચીજ પર આસક્તિ નિરર્થક છે, કચવાટ કરાવનાર છે અને અંતે સર્વને છોડવાની છે એમાં શક નથી. જેલમાં એક થાળી, બે વાટકા અને બે ધોતર, બે બંડી અને એક ઓછાડ (ચાદર) તથા બે બ્લેંકેટથી ચલાવી શકાય છે અને ઘેર કપાટ ભરીને કપડાં હોય અને પેટી ભરીને ઠામવાસણ હોય તો પણ ઓછાં પડે છે. આપણી જરૂરીઆત આપણે વધારીએ છીએ અને પછી નકામા મુંઝવણમાં પડી અંધારામાં ગોથાં ખાઈએ છીએ.

વિચારવાનું એ છે કે આ ચીજોમાંથી કોઈ સ્થાયી નથી, કોઈ આપણી નથી, આપણી સાથે આવવાની નથી, એને છોડતાં અંદરથી જીવાત્મા અમળાઈ જવાનો છે અને એને જ રાજીખુશીથી છોડતાં શાંતિની ધારા ચાલે તેમ છે, અખંડ વિનોદ થાય તેમ છે અને ફરજ બજાવવાના ખ્યાલમાં મસ્તતા આવે તેમ છે.

આવી રીતે આપણે આત્મિક વિચાર કર્યો. પ્રથમ ભાવનામાં સંસારની અનિત્યતા, પદાર્થોની અનિત્યતા આત્માની નજરે વિચારી, બીજી ભાવનામાં આ પ્રાણીને—આત્માને કોઈનું શરણ નથી એ જોયું, ત્રીજી ભાવનામાં સંસારનું આખું ચિત્ર રજુ કર્યું, ચોથી ભાવનામાં આત્મા એકલો જ છે, એકલો આવ્યો છે અને એકલો જનારો છે એ વિચાર્યું અને આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છેલ્લી પાંચમી ભાવનામાં આત્મા સિવાય સર્વ પદાર્થો અન્ય છે અને અન્ય હોઇ તેની ખાતર પડી મરવું એ અજ્ઞાન છે એ બતાવતાં ખાસ કરીને પોતાનું શરીર પણ અન્ય છે એ બાબત પર ભાર મૂક્યો. પ્રથમની પાંચ ભાવનાઓ આત્માને અંગે છે. હવે પછી આવનારી છઠ્ઠી ભાવના શરીરને અંગે છે, સાત આઠ, નવ એ ત્રણ ભાવના કર્મનો સંબંધ જુદા જુદા દૃષ્ટિબિન્દુથી ચર્ચનાર છે, દશમી ભાવના ધર્મની આવશ્યકતા સમજાવે છે, અગ્યારમી ભૌગોલિક છે અને બારમી સમ્યક્ત્વની દુર્લભતા બતાવનાર છે. એના વિભાગો નીચે પ્રમાણે પાડી શકાય.

૧ થી ૫ ભાવના. આત્મિક. આત્માનો સંબંધ બતાવનાર.

૬ ઠ્ઠી ભાવના. શારીરિક. શરીરની અંદર શું છે તે બતાવનાર.

૭ થી ૯ ભાવના. કાર્મિક. કર્મનો સંબંધ બતાવનાર.

૧૦ થી ૧૨ ભાવના. પ્રકીર્ણ વિષયક. જુદા જુદા ધર્માદિ વિષય પ્રકટ કરનાર.

એટલે હવે અહીંથી આપણી લાઇન બદલાય છે. અંતે તો સર્વ ભાવનાનો આત્મા સાથે સંબંધ છે એ વાત સાચી છે, પણ આ પ્રથમની પાંચ ભાવનામાં આત્મા કેંદ્ર સ્થાને છે. એક આત્માને બરાબર ઓળખ્યો તો સર્વ ઓળખી લીધું એ વાત ધ્યાનમાં રાખવાની છે. આત્માને માટે આ સર્વ રમત છે, એને પ્રકટ કરવો અને એને એના મૂળ સ્વરૂપમાં લઈ આવવો એને માટે આ સર્વ ઉપદેશ છે અને એ સંબંધમાં કદાચ કોઇ વિચાર બેવડાયા હોય, કોઈ વાતનું પુનરાવર્તન થયું હોય તો તેને ક્ષંતવ્ય ગણી આત્માને ઓળખવો એ આપણું પ્રધાન કર્તવ્ય છે.

અનંતશક્તિનો ધણી, અનંતગુણનો નાયક, ભૂતભાવી દૃષ્ટા

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અનંત સુખમાં રમણ કરનાર એ આત્મા અત્યારે કઇ સ્થિતિએ ઉતરી ગયો છે એ વિચાર કરતાં ખેદ થાય તેમ છે. એની ઉપાધિઓ પાર વગરની છે અને એની ગુંચવણો પણ મુંઝવે તેવી છે, છતાં એ સર્વની ઉપર આવવાનું તેનામાં વીર્ય છે અને તે પ્રકટ કરવા આ ભવમાં જે સામગ્રીઓ મળી છે તે વિપુળ છે. એનો લાભ ન લેવામાં આવે તો પાછું એનું એ જ ચક્રભ્રમણ ચાલુ રહેવાનું છે. એમાં જીવનની અસ્થિરતા આદિ વિચારી નાસીપાસ થઇ લમણે હાથ મૂકીને રડવાનું નથી; પણ કમ્મર કસીને લડવાનું છે અને લડતાં માર્ગ મળી જાય તેવું છે. વિકાસક્રમમાં મરૂદેવા જેવા સુસાધ્ય જીવો તો થોડા જ આવે, પણ કષ્ટસાધ્ય જીવોએ પણ ગભરાવાનું કાંઇ કારણ નથી. આપણો મોક્ષ આપણા હાથમાં છે અને તે માટે સીધો માર્ગ પકડી લેવાનો આ અવસર છે. પોતાનું હોય તે ઉપર ખૂબ ભાર મૂકવો, માનસિક ઉચ્ચ ઉડુયન કરવા અને પરનો ત્યાગ કરવો. એટલું થાય તો રસ્તો હાથ લાગી જશે અને વધારે પ્રગતિ થાય તો બહુ સારી વાત છે, પણ તેમ ન બને તો સાચે રસ્તે અવાય તો પણ વિકાસક્રમના રસ્તા પર તો જરૂર આવી જવાશે.

આ ભાવનાઓ વિચારી સત્ય સ્વરૂપ સમજવાનું છે, આદરવાનું છે, ગતિમાં મૂકવાનું છે. એ વિચારી જરા પણ ગભરાઇ જવાનું કારણ નથી, એ વાત વારંવાર લક્ષ્ય પર લેવાની છે. આપણો મોક્ષ આપણે કરી શકીએ તેમ છે અને તે માટે જ આ વિચારણા છે. પરમાત્મા આ **શાંતસુધાનું** પાન એના સાચા આકારમાં કરવાની સર્વને સદ્‌બુદ્ધિ આપો.

**ઇતિ અન્યત્વ ભાવના. ૫.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩. સકળચંદ્રજીકૃત અન્યત્વભાવના

( રાગ—કેદારો-ગોડી. )

ચેતના જાગી સહચારિણી, આળસ ગોદડું નાંખી નાંખી રે;
હૃદય ઘરે જ્ઞાન દિવો કરો, સુમતિ ઉઘાડી આંખી રે. ચે૦૧
એક શાતા અધિક અઠાવના, મોહ રણિયા ઘરમાંહિ રે;
હું સદા તેણે વિંટયો રહું, તુજ ન ચિંતા કેસી નારી રે. ચે૦
જઈ[1] મુઝ તે અળગા કરે, તો રમું હું તુઝ સાથે રે,
તેહથી હું અળગો રહું. જો રહે તું મુઝ સાથે રે. ચે૦૩
મન વચન તનુ સવે ઇંદ્રિયા, જીવથી જૂજુઆ હોય રે;
અપર પરિવાર સબ જીવથી, તું સદા ચેતના જોય રે. ચે૦૪
તનુ વચન સવે ઇંદ્રિયા, જીવથી જૂજુઆ જોય રે;
જો રમે તું ઇણ ભાવના, તો તુઝ કેવળ હોય રે. ચે૦ ૫
સર્વ જગ જીવ ગણ જૂજુઆ, કોઈ કુણનો નવિ હોય રે;
કર્મવશે સર્વ નિજ નિજતણે, કર્મથી નવિ તર્યો કોય રે. ચે૦
દેવ ગુરૂ જીવ પણ જૂજુઆ, જૂજુઆ જગતના જીવ રે;
કર્મવશ સર્વ નિજ નિજતણે, ઉદ્યમ કરે નહીં કલીવ[2] રે. ચે૦
સર્વ શુભ વસ્તુ મહિમા હરે, કલિયુગો દુષ્ટ ભૂપાળ રે;
તિમ દુકાલોપિ જનને હરે, અવરની આશ મન વાળ રે. ચે૦
ચિંત કરે આપ તું આપણી, મમ કર પારકી આશ રે;
આપણું આચર્યું અનુભવ્યું, વિચારી પરવસ્તુ ઉદાસ રે. ચે૦
કો કિણે જગ નવિ ઉદ્ધર્યો, ઉદ્ધરે આપણો જીવ રે;
ધન્ય જે ધર્મ આદર કરે, તે વસે ઇંદ્ર સમીવ રે. ચે૦ ૧૦
જૂજુવે જૂજુવા આતમા, દેહ ધન જનથકી ધ્યાન રે;
તે ગઈ[3] દુઃખ નવિ ઉપજે, જેહને મને જિન જ્ઞાન રે. ચે૦૧૧

---

૧ યદિ. ૨ નપુંસક. ૩ તે જાય તો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૬ ઠું.

## અશુચિ ભાવના.

शार्दूलविक्रीडितम्—

सच्छिद्रो मदिराघटः परिगलत्तल्लेशसंगाशुचिः,
शुच्यामृद्य मृदा बहिः स बहुशो धौतोऽपि गङ्गोदकैः ।
नाधत्ते शुचितां यथा तनुभृतां कायो निकायो महा-
बीभत्सास्थिपुरीषमूत्ररजसां नायं तथा शुद्ध्यति ॥ क १ ॥

मन्दाक्रान्ता—

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भि-
र्वारंवारं बत मलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते,
नो शुध्यन्ते कथमवकरः शक्यते शोद्धुमेवम् ॥ ख २ ॥

---

**क १ सच्छिद्रो** નાના કાણાંવાળો. **परिगलत्** ગળતાં, ઢળતાં. **तल्लेश** તેનાં અવયવો, ટીપાં. **संगाशुचिः** સંબંધથી અપવિત્ર. **शुच्या** પવિત્ર; સારી **मृदा आमृद्य** માટીવડે મર્દન કરીને. **तनुभृतां** માણસોનાં. **निकायः** ઢગલો. **पुरीष** વિષ્ટા. **रजस्** રૂધિર, લોહી.

**ख २ स्नायं स्नायं** ન્હાઇને ન્હાઇને. **मलतनुं** મળથી ભરેલું શરીર. **अपमला** મેલ વગરનાં, પવિત્ર. **अवकरः** ઉકરડો (જ્યાં આખા મહોલ્લાનો કચરો એકઠો થાય છે તે જગ્યા.) **एवम्** એ પ્રમાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક. ૧. કાણું પડેલો દારૂનો ઘડો ગળતો હોય અને ચારે તરફ ઢળતા મદિરાનાં ટીપાંઓથી અપવિત્ર થયો હોય તેને બહારના ભાગમાં સારી મજાની માટીથી મર્દન કરવામાં આવે અને ગંગાના પાણીથી અનેક વાર ધોવામાં આવે પણ તે (ઘડો) જેમ પવિત્રપણું ધારણ કરતો નથી તે જ પ્રમાણે અતિ અળખામણાં હાડ, મળ, મુત્ર અને લોહીના ઢગલા જેવું આ મનુષ્યનું શરીર પવિત્ર થતું નથી.

ખ. ૨. મૂઢ પ્રાણીઓ વારંવાર ન્હાઈ ન્હાઇને આ મળથી ભરેલા શરીરને ચોખ્ખા પાણીથી પણ સાફ કરે છે અને પછી એના ઉપર ચંદન–સુખડનાં વિલેપન કરે છે અને પછી પોતે જાણે મેલ વગરનાં થઇ ગયાં છે એમ મનમાં માની રાજી થાય છે; પણ તેઓ કદી શુદ્ધ થતાં નથી. ઉકરડાને તે કેવી રીતે શોધ્યો જાય? એને કેમ શુદ્ધ કરી શકાય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

शार्दूलविक्रीडितम्

कर्पूरादिभिरर्चितोऽपि लशुनो नो गाहते सौरभं,
नाजन्मोपकृतोऽपि हन्त पिशुनः सौजन्यमालम्बते ।
देहोऽप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां,
नाभ्यक्तोऽपि विभूषितोऽपि बहुधा पुष्टोऽपि विश्वस्यते ॥ग ३॥

उपेन्द्रवज्रा

यदीयसंसर्गमवाप्य सद्यो, भवेच्छुचीनामशुचित्वमुच्चैः ।
अमेध्ययोनेर्वपुषोऽस्य शौच-संकल्पमोहोऽयमहो महीयान् ।घ४।

स्वागता

इत्यवेत्य शुचिवादमतथ्यं पथ्यमेव जगदेकपवित्रम् ।
शोधनं सकलदोषमलानां धर्ममेव हृदये निदधीथाः ॥ङ ५॥

जैन साईट JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**ग ३ कर्पूरादि** કર્પૂર વિગેરે. વિગેરેમાં બરાસ, કસ્તૂરી, અમર આદિ સુગંધી ચીજો. **लशून** લસણ, ઘણું દુર્ગંધી હોય છે, એ કંદમૂળ છે. **गाहते** વ્યાસ થાય છે. **न आजन्मा उपकृतो** આખો જન્મ–આખો ભવ ઉપકાર કર્યો હોય તો પણ નહિ. **पिशुनः** ખળ, લુચ્ચો માણસ. **विस्रता** દુર્ગંધીપણું. **अभ्यक्तो** Besmear વિલેપન કરેલો ( સુગંધી અત્તર તેલ વિગેરેથી ) **विभूषित** શણગારાયેલો. **पुष्ट** પોષેલો, ખાઇ ખાઇને જાડો બનાવેલો. **विश्वस्यते** વિશ્વાસ કરાય.

**घ ४ सद्यः** એકદમ. **उच्चैः** ખૂબ. **अमेध्ययोनेः** યોનિ એટલે ઉત્પન્ન થવાનું સ્થાન. અપવિત્ર વસ્તુઓનું ઉત્પત્તિ સ્થાન. **महियान्** મોટો.

**ङ ५ अवेत्य** સમજીને. **अतथ्य** અસત્ય, ખોટો. **शुचिवाद** નોટ જુઓ. ન્હાવા વિગેરેથી પવિત્ર થવાય છે એવો ઉપદેશ. **पथ्य** હિતકારક. **निदधीथाः** તું ધારણ કર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ग. ૩. લસણને કર્પૂર બરાસ આદિ સુગંધી પદાર્થોની વાસ આપી હોય તો પણ તે સુગંધી થતું નથી. નાદાન હલકા માણસ ઉપર આખા જન્મ સુધી ઉપકારો કર્યા હોય તો પણ તેનામાં સજ્જનતા આવતી નથી. તે જ પ્રમાણે મનુષ્યોનો દેહ પણ એની સ્વાભાવિક દુર્ગંધીને છોડતો નથી. એ ( દેહ ) ને ગમે તેટલાં તેલો ચોળવામાં આવે, એના પર ગમે તેટલાં ઘરેણાં ઘાલવામાં આવે અને એને ગમે તે પ્રકારે પુષ્ટ કરવામાં આવે તો પણ એનો ભરોંસો કરાય નહિ.

घ. ૪. જે શરીરનો સંબંધ થવાથી પવિત્ર વસ્તુઓ પણ તુરતજ મહા અપવિત્ર થઈ જાય છે અને જે શરીર અમેધ્યયોનિ-અપવિત્ર વસ્તુનું ઉત્પત્તિસ્થાન છે તેના સંબંધમાં શૌચ (પવિત્રતા) ની કલ્પના કરવી એ પણ મોટો મોહ છે—મહાઅજ્ઞાન છે!

ङ. ૫. આ પ્રમાણે સમજીને ‘ શુચિવાદ ’ અયથાર્થ છે અને સકળ દોષોને શોધનાર અને આખા જગતમાં માત્ર પવિત્ર ‘ ધર્મ ’ પ્રાણીને હિત કરનાર છે એમ સમજી એ ધર્મને તારા હૃદયમાં ધારણ કર.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# गेयाष्टक*

भावय रे वपुरिदमतिमलिनं,
विनय विबोधय मानसनलिनम् ।
पावनमनुचिन्तय विभुमेकं,
परममहोमयमुदितविवेकम् ॥ भावय० ॥ १ ॥

दम्पतिरेतोरुधिरविवर्ते,
किं शुभमिह मलकश्मलगर्ते ।
अशमपि पिहितं स्रवति विरूपं,
को बहु मनुतेऽवस्करकूपम् ॥ भावय० ॥ २ ॥

भजति सचन्द्रं शुचिताम्बूलं,
कर्तुं मुखमारुतमनुकूलम् ।
तिष्ठति सुरभि कियन्तं कालं,
मुखमसुगन्धि जुगुप्सितलालम् ॥ भावय० ॥३॥

असुरभिगन्धवहोऽन्तरचारी,
आवरितुं शक्यो न विकारी ।
वपुरुपजिघ्रसि वारंवारं,
हससि बुधस्तव शौचाचारम् ॥ भावय० ॥ ४ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. આ શરીર અતિ મેલવાળું–મલિન છે એમ હે ચેતન! ભાવ–વિચાર. તારાં મનોમય કમળને ઉઘાડ અને સમજ. ત્યાં જે સર્વવ્યાપી એક પ્રકાશવાન, વિવેકવાન, મહાપવિત્ર ( અંતર્યામી–આત્મતત્ત્વ ) છે તેનો વિચાર કર, તેનું ધ્યાન કર.

૨. સ્ત્રી–પુરૂષના વીર્ય અને શુક્રનાં ચક્રમાં પડેલા એ મળ અને કચરાના ખાડામાં તે સારાં વાના શું હોય? એને વારંવાર ખૂબ ઢાંકી દેવામાં આવે તો પણ તેમાંથી અત્યંત ખરાબ બિભત્સ પદાર્થો ઝર્યા જ કરે છે! કયો ડાહ્યો માણસ કચરાથી ભરેલા કુવાને સારો ગણે?

૩. મ્હોંમાંથી ( સામાને ) અનુકૂળ પવન બહાર નીકળે તેટલા માટે એ સુંદર પાનમાં સુગંધી બરાસ વિગેરે નાખીને ખાય છે; પણ સુખડું પોતે સુગંધી રહિત છે અને કંટાળો આપે તેવી લાળથી ભરેલું છે. તેનામાં પેલી કૃત્રિમ સુગંધી કેટલો કાળ રહે?

૪. તારા શરીરની અંદર વ્યાપી રહેલો વિકારવાળો દુર્ગંધી પવન ( ઉચ્છ્વાસ ) ઢાંકી શકાય તેવો નથી ( અન્ય પદાર્થથી મઢી શકાય તેવો નથી ) અને તું તો તારાં શરીરને વારંવાર સુંઘ્યાં કરે છે–ચાટ્યા કરે છે. તારા શરીરને પવિત્ર બનાવવાની આ તારી રીતિ જોઇને ડાહ્યા માણસ હસે છે. તારી એ રીતિ તરફ મશ્કરી કરે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्वादश नव रन्ध्राणि निकामं,
गलदशुचीनि न यान्ति विरामम् ।
यत्र वपुषि तत्कलयसि पूतं,
मन्ये तव नूतनमाकूतम् ॥ भावय० ॥ ५ ॥

अशितमुपस्करसंस्कृतमन्नं,
जगति जुगुप्सां जनयति हन्नम् ।
पुंसवनं धैनवमपि लीढं,
भवति विगर्हितमति जनमीढम् ॥ भावय० ॥ ६ ॥

केवलमलमयपुद्गलनिचये,
अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिन्तय परमिह सारं,
शिवसाधनसामर्थ्यमुदारम् ॥ भावय० ॥ ७ ॥

येन विराजितमिदमतिपुण्यं,
तच्चिन्तय चेतन नैपुण्यम् ।
विशदागममधिगम्य निपानं,
विरचय शान्तसुधारसपानम् ॥ भावय० ॥८॥

*આ અષ્ટકનો રાગ બહુ સુંદર છે. સ્ત્રીઓ ગુંહલી ગાય છે ત્યારે 'પાટે બેઠા રે સૂરીશ્વર ગચ્છરાયા.' એ રાગને જરા ઠમક આપવાથી આખું અષ્ટક સારી રીતે ગવાશે. ચારે પદો એક સરખા બોલવાના છે અને તેની આખરે 'ભાવય રે વપુરિદમતિમલિનં'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. જે શરીરમાંથી બાર ( સ્ત્રીનાં ) અને નવ ( પુરૂષનાં ) દ્વારો આખો વખત અપવિત્ર વસ્તુઓને બહાર કાઢ્યાં જ કરે છે અને જરા વખત પણ વિરામ લેતાં નથી તે શરીરને તું પવિત્ર માને છે! ખરેખર! આ તો તારો તદ્દન નવો જ બુદ્ધો છે—અભિનવ તર્ક છે એમ મને લાગે છે.

૬. અનેક સુંદર ચીજોવડે સંસ્કાર પામીને તૈયાર કરેલું અન્ન ખાવાથી હન્ન ( વિષ્ટા ) થઈને આ દુનિયામાં નકામી ગ્લાનિ કરે છે, દુગંછા ઉપજાવે છે અને ગાયનું સુંદર દૂધ મૂત્રરૂપ થઈને અતિ નિંદાને પાત્ર બને છે.

૭. આ શરીર માત્ર મળથી ભરેલા અણુઓનો ઢગલો છે અને સુંદર રસદાર ભોજન અને સારાં કપડાંને અપવિત્ર બનાવનાર છે, પણ એ શરીરમાં અતિ વિશિષ્ટ સર્વ દુઃખ ક્ષયરૂપ 'શિવ'—મોક્ષ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય છે અને તે તેનો પ્રધાનભાવ છે તેનો તું વિચાર કર, તેની પર્યાલોચના કર.

૮. આ ( વા શરીર ) ને મહાપુણ્યવાન તરીકે બીરાજમાન કરી શકાય તેવી નિપુણતા—કુશળતાનો તું વિચાર કર—તેનું તું ચિંતવન કર. મહાપવિત્ર આગમરૂપ જળાશયને પ્રાપ્ત કરીને તું **શાન્તસુધારસનું** પાન કર, એ ઓવારેથી પાણી પી તારી તરસને તું છીપાવ.

---

ને ઝોક આપવાનો છે 'રે' ઉપર જરા વધારે ભાર મૂકવાથી રાગ આવી જશે. પ્રતમાં 'આસાવરી' રાગ જણાવે છે. ત્યાં દેશી 'કાગા રે તનુ ચુનિ ચુનિ ખાવે' જણાવેલ છે.

जैन साईट JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટ.

૧. **भावय**–વિચાર, ચિંતવ ( તું આજ્ઞાર્થ ). **विबोधय**–ઉઘાડ, સમજ. **मानसनलिनं**–મનમયકમળ, હૃદયકમળ. **पावनं** પવિત્ર. **विभु**–સર્વવ્યાપી. **एकं**–એક. Individuality જેને છે તેવો એક. **महोमयं**–પ્રકાશવાન, તેજસ્વી. **उदितविवेकं**–જેનામાં સાચા–ખોટાનું ભાન જાગૃત થયું છે તેવો.

૨. **दम्पति**–સ્ત્રીપુરૂષ. **रेतस्**–વીર્ય. **विवर्त**–ઉદ્ભવ. **किं शुभं**–એમાં સારૂં શું હોય ? **कश्मल**–કચરો. **गर्त**–ખાડો. **विरूपं**–ખરાબ, બિભત્સ. **बहुमनुते**–મોટું, સારૂં માને. **अवस्कर**–કચરો. **कूपम्**–પાણી વગરનો કચરો નાખવાનો કુવો.

૩. **सचन्द्रं**–કર્પૂર જેવા સુગંધી દ્રવ્યો સાથે. **शुचितांबुलं**–પવિત્ર પાનપટ્ટી. **मुखमारुत**–મ્હોંના શ્વાસ. **जुगुप्सितलालम्**–જેની લાળ તદ્દન જુગુપ્સા ઉપજાવે તેવી છે તેવું (મુખ). **तिष्ठति**–ટકે, રહે.

૪. **गन्धवहो**–પવન. ( એ હમેશાં ગંધને લઇ જનાર છે તેથી. ) **अन्तर**–અંદર. **विकारी**–સારાને વિરૂપ–ખરાબ કરનાર, બગાડનાર. **उपजिघ्रसि**–ચાટે છે, સુંઘે છે. **शौचाचारम्**–શૌચનો આચાર. પવિત્ર કરવાની રીતિ. કેટલાક એ આચારને ધર્મ માને છે તેનો પારિભાષિક શબ્દ છે.

૫. **रन्ध्राणि**–કાણાં, દ્વારો ( નોટ જુઓ ). **निकामं**–વારંવાર, અટક્યા વગર. **गलत्**–ઝરતાં. **नूतन**–નવો, અભિનવ. **आकूतं**–અભિપ્રાય, બુદ્ધિ.

૬. **अशित**–ખાધેલું. **उपस्कर**–સામગ્રી. ( ઘી મસાલા આદિ ) **संस्कृत**–સંસ્કાર કરેલું, પકાવેલું. **हन्नम्**–વિષ્ટા. **पुंसवनं**–દૂધ. **धेनवं** ગાયનું. **लीढं**–ચાટેલું, ખાધેલું. **मीढं**–મૂત્ર.

૭. **मल** વિષ્ટા. **अशुचीकृत**–જે પવિત્રને અપવિત્ર કરે તેવું. **सिचय**–સુંદર કપડાં. **उदारम्**–શ્રેષ્ઠ.

૮. **विराजितम्**–ગોઠવ્યું, ચઢાવ્યું. **अतिपुण्यं**–મહાપુણ્યશાળી, ઇપ્સિત **नैपुण्य**–હુશિયારી. **निपान**–જળાશય, ઓવારો.

જૈન સાઇટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ક્ર. ૧.) શરીર અને આત્મા જુદાં છે એ વાતનો વિચાર ખૂબ થઇ ગયો. એ બન્નેનો ભિન્નભાવ હવે દર્શાવવાની જરૂર રહે તેમ નથી, છતાં કર્મ–જંજીરમાં પડી આ જીવ–આત્મા શરીરમાં એટલો ગુંથાઈ ગયો છે કે આત્મા અને શરીર જાણે એક જ હોય એમ માની એ (આત્મા) શરીરને ખૂબ પંપાળે છે, એની આળપંપાળ હદ બહાર કરે છે અને એ જરા દુબળું પડે તો પોતે પણ દુબળો પડી જાય છે. જેલમાં દર પખવાડિયે તોલ લેવાય છે ત્યાં પણ એ બે–પાંચ રતલ ઓછો થાય તો અનેક પ્રકારની ફરિયાદ કરે છે અને વધારે દૂધ વિગેરે મેળવવા યત્ન કરે છે. એ શરીર ખાતર અનેક દવા ખાય છે અને ઘણીવાર તો જે વસ્તુને અડતાં પણ પાપ લાગે અને જેનાં નામો બોલતાં ઉલટી આવે એવી અતિ તુચ્છ હિંસાપ્રાય દવાઓ ખાય છે. કેટલાક ભસ્મો–રસાયણો ખાય છે અને શરીરની ખાતર કૈં કૈં કરી મૂકે છે. એને હવા ખવરાવવા બહારગામ લઇ જાય છે અને એની ભક્તિ કરવામાં કાંઇ મણા રાખતા નથી. એ ડૉક્ટર પાસે જાય તો અનેક વાર છાતી તપાસાવે છે અને ઘણીવાર ઘેલા–ઘેલા પ્રશ્નો પૂછી ડૉક્ટરને પણ કંટાળો આપે છે.

શરીર માટે એને ભય પણ અંદરખાનેથી બહુ હોય છે. એ ઉપર ઉપરથી બેદરકારી બતાવે છે, પણ સાથે જાણે છે કે એ કાચની કાયા છે. એને ભાંગી જતાં વાર લાગતી નથી. માત્ર એ એક જ વાત ભૂલી જાય છે કે '**કાચની કાયા રે છેટવ છારની.**' શરીર માટે આમાંની કેટલીક વાતો અનિત્ય, એકત્વ અને અન્યત્વ ભાવનામાં આવી ગઈ છે એટલે હાલ વધારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારણા છેવટના ઉપસંહાર પર રાખી એ શરીર પોતે કેવું છે તે પર વિચાર કરીએ. એ શરીરમાં શું ભરેલું છે? એ સારા પદાર્થોને પણ કેવું ખરાબ રૂપાન્તર કરી આપે છે અને એની ગમે તેટલી શુશ્રૂષા કરવામાં આવે તો પણ એની નૈસર્ગિક અપવિત્રતા જઇ શકતી નથી એ મુદ્દા પર ખાસ ધ્યાન ખેંચવાનું છે. આ વિચારણા કરતાં શરીરમાં કઇ કઇ વસ્તુઓ છે તે વિચારી જવું. એમાં ખાસ કરીને માંસ, લોહી, હાડકાં, મેદ, વીર્ય, ચામડી આદિ ભરેલાં છે. એને નખ, બાલ ઉગે છે એ વાત ધ્યાનમાં રાખવી, અને એમાં એવી વસ્તુઓ ભરેલી છે કે જો ઉપર મઢેલી ચામડી કાઢી નાખી હોય અથવા અંદરની કોથળીમાં ભરેલી ચીજોનું બહાર પ્રદર્શન કર્યું હોય તો આ પ્રાણી તેની સામું જુએ નહિ; એટલું જ નહિ પણ એ પ્રત્યેક ચીજ જોઇ એને સુગ ચઢે, ઉલટી આવે અને એ મુખમાંથી થુંકે. આવી ઘૃણા ઉપજાવે તેવી ચીજો શરીરમાં ભરેલી છે.

આ ભાવના શરીરને એના ખરા આકારમાં બતાવનાર—રજુ કરનાર છે. તેમાં ન ગમે તેવી વાતો પણ આવશે, પણ વસ્તુસ્થિતિ બતાવવાની હોય ત્યાં સંકોચ કર્યો પાલવે નહિ. શરીરને જ્યાં સુધી સાચા આકારમાં સમજવામાં ન આવે ત્યાં સુધી એને પંપાળવામાં પ્રાણી પાછો પડે તેમ નથી, તેથી એને ખરા સ્વરૂપે ચીતરવાની ખાસ આવશ્યકતા છે.

આ ભાવના બીજી સર્વ ભાવનાથી જુદી પડી જાય છે. એ દેહાશ્રિત છે અને દેહને ચીતરનાર છે એ વાત ધ્યાનમાં રાખવી. આત્માને અનિત્યતા બતાવતાં કે એકત્વ અગર અન્યત્વ ભાવ બતાવતાં જે વિચાર થાય તેમાં અધિકારી આત્મા છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આ ભાવનામાં અધિકારી દેહ છે એ વાત ખાસ લક્ષ્યમાં રાખવી. હવે આપણે ગ્રંથકર્ત્તા સાથે ચાલીએ.

એક માટીનો ઘડો હોય, તેમાં દારૂ ભર્યો હોય, તે ઘડામાં નાનાં–મોટાં કાણું હોય અને એમાંથી દારૂ આગળ–પાછળ ઝમ્યા કરતો હોય. આવા ઘડાની કલ્પના કરો. હવે એ ઘડાને શુદ્ધ કરવો હોય–સાફ કરવો હોય તો કેમ થાય? એને બહાર માટી લગાડવામાં આવે પણ માટીના ઘડામાં તો નાનાં–મોટાં છિદ્રો પારવગરનાં હોય છે. આખો ઘડો જ છિદ્રવાળો (pourous) હોય છે. એને બહાર માટી લગાડવામાં આવે અને અંદરનો ભાગ શુદ્ધ ગંગાજળથી સાફ કરવામાં આવે તો પણ દારૂનો ઘડો સાફ થાય ખરો?

એવી જ રીતે આ શરીરમાં અતિ બીભત્સ હાડ, વિષ્ટા, મૂત્ર અને લોહી ભરેલાં છે. તેને ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે શુદ્ધ થઇ શકે નહિ. એને સાફ કરવા માટે બહારથી ગમે તેટલા પદાર્થો લગાડવામાં આવે અથવા અંદરથી સાફ કરવા રેચ લેવામાં આવે તો પણ એ એવા–એવા પદાર્થથી ભરેલ છે કે દારૂના ઘડાની પેઠે એને સાફ કરવાના–એને પવિત્ર બનાવવાના સર્વ પ્રયત્ન તદ્દન નકામા નીવડે છે. શરીરની અંદર કેટલાક પદાર્થો તો એવા ભરેલા છે કે જે બહાર નીકળી શકે તેમ પણ નથી. દારૂના ઘડામાંનો દારૂ તો કદાચ ફેંકી દઇ શકાય, પણ હાડકાં કે લોહી, ચરબી કે નસો કાંઇ દૂર કરી શકાય તેમ પણ નથી. આથી એ શરીરને પવિત્ર કરવાનું કાર્ય વધારે મુશ્કેલ બને છે. દારૂનો ઘડો સાફ થઇ શકતો નથી, પવિત્ર બનાવી શકાતો નથી; તો પછી આ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરની અંદર તો સુંઘવી કે જોવી ન ગમે તેવી વસ્તુઓ ભરેલી છે તેને કઇ રીતે શુચિ (પવિત્ર) બનાવી શકાય?

શરીરમાં કઇ કઇ ધાતુઓ ભરેલી છે તેનો પૂરો વિચાર કરવાથી એને પવિત્ર બનાવવાના કાર્યની અશકયતા ધ્યાન પર આવશે. મુંબઇની ગટરો સાફ કઇ રીતે થઇ શકે? અને સાફ કરવા માંડે ત્યાં તો બીજો કચરો પડતો જતો હોય ત્યાં સાફ થવાનો સવાલ ક્યાંથી આવે? અને કચરામાંનો અમુક ભાગ જ્યારે કાઢી શકાય તેવું ન જ હોય ત્યારે તો પછી સાફ કરવાનો પ્રશ્ન ભારે અગવડમાં આવે છે. તાત્પર્ય એ છે કે– શારીરિક દૃષ્ટિએ આ શરીર શુદ્ધ થઇ શકે તેવું નથી.

(ख. २.) ઉપર પ્રમાણે હકીકત હોવા છતાં આ પ્રાણી પોતાનાં શરીર સાથે કેવાં ચેડાં કાઢે છે તે ખરેખર જોવા જેવું છે. આ પ્રાણી વારંવાર ન્હાય છે. ચોખ્ખા પાણીથી વળી ફરી વાર ન્હાય છે. દિવસમાં એક વાર અથવા એકથી વધારે વખત સ્નાન કરે છે અને સ્નાન કરવા પવિત્ર પાણી–મીઠું જળ વાપરે છે. ખારૂં પાણી કે ગંદું પાણી એ શરીરને સાફ કરવામાં વાપરતો નથી. એને શરીરને સાફ કરવા માટે ખૂબ તજવીજ રાખવી પડે છે. વળી સ્નાન કરે ત્યારે નવયુગનો હોય તો સાબુ વાપરે છે, પુરાણકાળમાં ખારો–ભુતડો વાપરતા હતા. કોઇ વખત એ માથાનાં બાલ સાફ કરવા કંકોડી વાપરે છે, શરીરે પીઠી ચોળી ન્હાય છે, કોઇ વખત કેસુડાના જળથી ન્હાય છે. આવી રીતે ન્હાવાના અનેક પ્રકારના પ્રયોગ કરીને શરીરને સાફ કરવા પ્રયત્ન કરે છે, છતાં એ આખો વખત તેના મનમાં ખાત્રી હોય છે કે આ શરીર મળથી ભરેલું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળ શબ્દમાં ખાસ કરીને વિષ્ટા અને ઉપચારથી મૂત્ર વિગેરે અનેક અપવિત્ર પદાર્થોનો સમાવેશ થાય છે. શરીરમાં પસીનો (પ્રસ્વેદ) એટલો થાય છે કે ઉન્હાળાના દિવસોમાં ન્હાયા પછી, બે ઘડી પછી, ન્હાયા ન ન્હાયા જેવું જ થઇ રહે છે.

વળી શરીરે સ્નાન કરીને પછી તેના ઉપર ચંદન લગાડવામાં આવે છે. અગાઉ શરીર ઉપર ચંદન લગાડવાનો રિવાજ હશે એમ જણાય છે. હાલ તો ન્હાયા પછી બાલ સાફ કરવા માથામાં તેલ નાખવાનો રિવાજ જાણીતો છે. વળી તે પહેલાં ટુવાલથી શરીરને ખૂબ ઘસવામાં આવે છે. એટલે ઉપરનો કચરો નીકળી જાય અને લાગેલ પાણી સાફ થઈ જાય એ એમાં અપેક્ષા હોય છે.

આવી રીતે ન્હાઇ, ધોઇ, સાફ થઇ, શરીર પર દેશાચાર પ્રમાણે અથવા વ્યક્તિગત પદ્ધતિ પ્રમાણે ઉપચાર દ્રવ્યો લગાડવામાં આવે છે અને પછી આ ભલો ભોળો પ્રાણી એમ માને છે કે આપણો મેલ દૂર થઈ ગયો અને પછી એને શરીર તરફ પ્રેમ થાય છે. પછી એ પોતાનું મુખડું કાચમાં જુએ છે અને કાચમાં જોતી વખતે જો અન્ય કોઈ એને જોતું નથી એમ એની ખાત્રી હોય તો તે મુખડાં સાથે એવાં ચેડાં કાઢે છે કે જરૂર હસવું આવે. ગમે તેવો ડાહ્યો માણસ કાચમાં જુએ અને કાંઇ ચાળા ન કરે એ બનવું મુશ્કેલ છે. એ જીભ બહાર કાઢશે, ભવાં ચડાવશે અને કંઇક નખરાં કરશે. આ સર્વ ખાલી ભ્રમ છે, ખોટો ઉન્માદ છે, મૂઢતાનું ખાલી પ્રદર્શન છે, મશ્કરી કરવા યોગ્ય બાળચેષ્ટા છે.

જ્યાં આખા મહોલ્લાનો કચરો નખાય તે જગ્યાને ઉક-

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

રડો ' કહે છે. એ ઉકરડો અભ્યાસ કરવા જેવી ચીજ છે. એમાં ટોપલા ભરીને કચરો પડ્યો જ જાય છે અને કચરો વિધવિધ વસ્તુઓનો બનેલો હોય છે. કોઇ એ ઉકરડાને સાફ કરવા માગે તો તેને ધોવાથી તે સાફ થતો નથી. એને તો હજાર સાબુએ ધુવે તો પણ તે ઉકરડો તે ઉકરડો જ રહેવાનો છે. એને સાફ કરતા જાઓ તો વધારે કચરો જ નીકળે. ઉકરડો ધોવાથી કે એના ઉપર સુગંધી દ્રવ્ય નાખવાથી એ કદી સાફ થઇ શકતો નથી. ઉકરડાને પવિત્ર કરવાનો રસ્તો પાણીથી સાફ કરવાનો નથી કે એના ઉપર સુગંધી દ્રવ્ય નાખવાનો નથી. એ જ રીતે શરીરને ગમે તેટલી વાર સાફ કરવામાં આવે કે એના ઉપર ગમે તેટલા સુગંધી દ્રવ્યો લગાડવામાં આવે, એને ચંદનથી લેપવામાં આવે કે એને બરાસ લગાડવામાં આવે, પણ કોલસાને લગાડેલ સાબુની જેમ એ સર્વ નિષ્ફળ પ્રયાસ છે. એ પ્રયાસમાં કાર્યસિદ્ધિ અશક્ય છે. એનામાં અંદર અને બહાર એટલો મળ ભરેલો છે કે એને સાફ કરવાની તજવીજ અજ્ઞાનતામૂળક છે અને એના તરફ પ્રીતિ કરનારને ' મૂઢ 'ની સંજ્ઞા મળે છે.

(ग ३.) ' લસણુ ' નામનું એક કંદ આવે છે. તેનામાં એટલી દુર્ગંધી હોય છે કે એ ખાધા પછી કલાકો સુધી એની વાસ શ્વાસદ્વારા પણ બહાર પડે છે. એ ખાનાર જાહેરમાં—સભ્યસમાજમાં કલાકો સુધી ભળી શકતો નથી. આવા લસણુને કપૂર સાથે રાખવામાં આવે કે એને બરાસમાં રાખવામાં આવે કે તેના પર કસ્તૂરી લગાડવામાં આવે પણ એની વાસ જતી નથી અને એ કસ્તૂરી, કપૂર, બરાસ કે એવા બીજા કોઇ પણ સુગંધી પદાર્થની વાસ લેતું નથી. સાધારણ વસ્તુ આવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીવ્ર સુગંધી પદાર્થોની વાસ ગ્રહણ કરે છે, પણ લસણ તો કદી સુગંધીથી વ્યાપ્ત થતું જ નથી. એ બીજા અનેક પદાર્થને બગાડે ખરું પણ પોતાની તીવ્ર દુર્ગંધ કદી છોડતું નથી અને બીજા તીવ્ર સુગંધી દ્રવ્યની વાસ લેતું નથી. આ એક વાત થઈ.

ખળ–લુચ્ચા માણુસ ઉપર ગમે તેટલો ઉપકાર કરવામાં આવે પણ તે સુજનતાને ધારણ કરતો નથી. ઘણા પ્રાણીઓ એટલા ઊતરી ગયેલા હોય છે કે એને ગમે તેટલો લાભ કરો, એની મુશ્કેલીમાં એને મદદ કરો, એને ખાવા–પીવાની સગવડ કરી આપો કે એને ધંધે વળગાડી આપો, પણ એ પોતાનું પોત પ્રકાશ્યા વગર રહેતા નથી. જીવતરનું દાન કર્યું હોય, આબરૂ જતી બચાવી હોય અને પૈસાની મદદ કરી હોય છતાં એ સર્વ ભૂલી જઇ અણીને વખતે ઉપકાર કરનાર ઉપર જ એ નૈસર્ગિક ખળ પુરૂષ આઘાત (અપકાર) જ કરે છે. ધવળશેઠને રાજદંડથી ઉગારનાર, દાણચોરીના ગુન્હામાંથી બચાવનાર અને એનાં અટકેલાં વહાણ તરાવી આપનાર શ્રીપાળનો અંતે એણે જીવ લેવા પણ પ્રયત્ન કર્યો. અન્યની લાગવગથી અમલના સ્થાન પ્રાપ્ત કરનાર ઉપરી અધિકારી ઉપકાર કરનારને કેવા બદલા આપે છે તેના દાખલા અજાણ્યા નથી. જે પ્રાણી સ્વભાવથી હલકો હોય છે તેના પર આખો જન્મ ઉપકાર કરવામાં આવે તો પણ તે સૌજન્ય બતાવતો નથી. પોતાને મદદ કરી ભણાવનાર સંસ્થાને વિસરી જનાર અને તેની અણઘટતી ટીકા કરનારના અનેક દાખલા મોજુદ છે. મતલબ એ છે કે જેમ સજ્જન પોતાનો સ્વભાવ છોડતો નથી તેમ દુર્જન પણ પોતાનો સ્વભાવ છોડતો નથી.

એવી જ રીતે આ શરીર ઉપર ગમે તેટલા ઉપકાર કર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વામાં આવે તો પણ તે પોતાની સ્વાભાવિક દુર્ગંધતા છોડે તેમ નથી. એને ગમે તેટલા સુગંધી દ્રવ્યોથી સુગંધિત કરવામાં આવે, એને ઘરેણાં અને ઝવેરાતથી શોભાવવામાં આવે કે એને ન ખાવા યોગ્ય પદાર્થો ખાઈને અથવા ઘૃતાદિ પદાર્થોનો ઉપયોગ કરીને પુષ્ટ કરવામાં આવે તો પણ એનામાં સ્વાભાવિક દુર્ગંધી એટલી બધી ભરી છે કે એ સર્વ વિલેપનો, અલંકારો અને પૌષ્ટિક પદાર્થોની દરકાર ન કરતાં એ તો દુર્ગંધી જ રહે છે, પોતાની દુર્ગંધ કદી તજતું નથી.

શરીરની પુષ્ટિ માટે માણસો કેવા કેવા પદાર્થો ખાય છે અને કેટલી જાતના પ્રયત્નો કરે છે! વસંતમાલતી, અભ્રક, લોહ આદિની વાત તો અન્ય સ્થાને કરી છે, પણ ન ખાવા યોગ્ય દવાઓ પણ શરીરપુષ્ટિ માટે અનેક મનુષ્યો લે છે. તે વખતે શરીરની આખર સ્થિતિ જરા પણ ધ્યાનમાં રહેતી નથી. એ ઉપરાંત એને શરીરપુષ્ટિ માટે નિરંતર ચિંતા રહ્યા કરે છે અને છતાં શરીરની વક્રતા તો એ દરરોજ અનુભવે છે.

આવી જાતનું શરીર છે! એમાં વાયુઓ પણ એવા પ્રકારનાં ભરેલાં છે કે એને ઓડકાર આવશે તો તેમાં પણ ખરાબ ગંધ આવશે અને અપાન વાયુ નીકળશે તો તેમાં તો દુર્ગંધ આવશે જ અને પરસેવો પણ ગંધવાળો થશે. એની આંખમાંથી ચીપડાં ( પીઆં ) નીકળશે તો તે પણ દુર્ગંધી જ હશે. નાકનો શ્લેષ્મ પણ દુર્ગંધી અને એના મળ–મૂત્ર સર્વ દુર્ગંધી નીકળશે. આવી રીતે સ્વાભાવિક દુર્ગંધી એનામાં એટલી બધી ભરેલી છે કે એના પર ગમે તેટલાં સંસ્કાર કરવામાં આવે પણ તે પોતાની દુર્ગંધ છોડે તેમ નથી, કારણ કે એ દુર્ગંધ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વાભાવિક છે અને જેમ લસણુ સુગંધી થતું નથી કે દુર્જન કદી સજ્જન થતો નથી તેવી એની સ્થિતિ છે.

( ઘ ૪. ) જે વસ્તુ છ આને શેર મળતી હોય અને મીઠાઇ વેચનારની દુકાન શોભાવતી હોય તેને ઘેર લાવી ખાધા પછી તેની કિંમત શી થાય ? એના શેરના કોઇ છ આના તો ન જ આપે, પણ એને દૂર ફેંકાવાના પણ દામ આપવા પડે. દરેક મ્યુનિસિપાલીટી હલાલખોર કર લે છે તે સારા પદાર્થોને ખરાબ કર્યાનો બદલો જ છે અને તે તેની કિંમત છે.

આ શરીર એવું છે કે એના સંબંધમાં ગમે તેવી પવિત્ર વસ્તુ આવે તે થોડા કલાકમાં અપવિત્ર બની જાય છે. બત્રીસ શાક અને તેત્રીશ ભોજન મળે પણ તે પેટમાં ગયા પછી શું બને છે ? દૂધપાક કે ઢોકળાં કે જેને જે ગમે તેવી ચીજ ખાય તેની ચાર–છ કલાક પછી શી દશા થાય છે ! એ સર્વ વસ્તુઓ અદર્શનીય, અસ્પર્શનીય અને અનીચ્છનીય બને છે.

એનું કારણ એ છે કે આ શરીર અમેધ્યયોનિ છે. યોનિ એટલે ઉત્પત્તિ સ્થાન. અમેધ્ય એટલે અપવિત્ર. એ શરીર અપવિત્ર વસ્તુઓનું ઉત્પત્તિસ્થાન છે અને એનું આખું યંત્ર એવી જ રીતે ગોઠવાયલું છે કે એ ગમે તેવી પવિત્ર તેમજ સુંદર વસ્તુ હોય તેને પણ અપવિત્ર બનાવી દે. જેમ કાપડ બનાવવાનાં સાંચાકામમાંથી કાપડ બને તેમ અપવિત્ર વસ્તુ ઉત્પન્ન કરનાર સાંચાકામમાંથી અપવિત્ર વસ્તુઓ જ બનીને નીકળે. એમાં તમે દૂધ ભરો, ઘી ભરો, સાકરથી એને ગળ્યું કરો, પણ એ અમેધ્યયોનિ છે એટલે એ સરસ વસ્તુઓ પણ અતિ અપવિત્ર થઇ એમાંથી એવી જાતની થઇને બહાર પડશે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એના સામું જોવું પણ નહિ ગમે. એના સ્પર્શ માત્રથી સરસ વસ્તુ કેવી વિરૂપ થઇ જાય છે તેનું દૃષ્ટાંત દૂધ પૂરૂં પાડે છે. દૂધને પીધા પછી તુરત જ વમન થાય તો તે વખતે જે દૂધ બહાર નીકળશે તે ફોદા ફોદાવાળું અને સ્પર્શને નાલાયક બની જશે. દૂધ જેવા સુંદર પદાર્થને એક ક્ષણવાર શરીરનો સંબંધ થાય ત્યાં એ કેવું બની જાય છે? તે ખાસ વિચારવા જેવું છે.

આવા શરીરને માટે 'શૌચ'નો સંકલ્પ કરવો એ મૂઢતા છે. એને ન્હવરાવવાથી કે એના પર સુગંધી દ્રવ્યો લગાડવાથી એ પવિત્ર થઈ જાય છે એમ માનવું એ તો સરિયામ અજ્ઞાન છે. એને ગમે તેટલું ન્હવરાવો અને ગમે તેટલી વાર એને પખાળો પણ એ તો ગટર સાફ થાય તો તે સાફ થઇ શકે. જ્યાં આખું વાતાવરણ જ અપવિત્ર હોય ત્યાં પવિત્રતાનો દાવો કરવો એ તો મહામોહ સિવાય બીજાનું કાર્ય ન હોય!

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શૌચવાદ કોઇ મતવાળાને માન્ય પણ હોય છે. એ અન્ય સાધ્યની અપેક્ષા વગર બને તેટલી વખત ન્હાવામાં—સ્નાન કરવામાં જ પુણ્ય માને છે. આ અજ્ઞાન છે. કોઇ વિશિષ્ટ હેતુને અવલંબીને સ્નાન કરવાની બાબત જુદી છે, પણ માત્ર ન્હાવાથી શૌચધર્મ પળાય છે એ અજ્ઞતા છે. આંતરશૌચનો આખો પ્રશ્ન તદ્દન જુદા જ પ્રકારનો છે. એનો સમાવેશ દશ યતિ-ધર્મમાં છે. તેને અત્ર સ્થાન નથી. અત્ર તો બાહ્ય સ્થૂળ શૌચના પ્રશ્નનો આપણે વિચાર કરીએ છીએ એ વાત ધ્યાનમાં રાખવી. કેટલીક વાર ઇંદ્રિયોની તૃપ્તિ માટે અને વિકારોની શાંતિ માટે આવા ખ્યાલો થાય છે તે મોહ—અજ્ઞાનજન્ય હોઇ નિરર્થક છે અને અંતે આત્માનો અધઃપાત કરાવનાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ટુ. ૫ ) ઉપર જણાવેલી વાત સમજીને એટલું મનમાં બરાબર વિચારી લેવું કે શૌચવાદ–સ્થૂળ શારીરિક પાવિત્ર્યનો ઉપદેશ યથાર્થ નથી. જે શરીર સ્થૂળ નજરે કદી પવિત્ર થઈ શકતું નથી તેને પવિત્ર કરવાના ઉપદેશદ્વારા એને વગર સાધ્યે ધાર્મિક સ્વરૂપ આપવાની માન્યતા કરાવવી એ અજ્ઞાન છે અને મોહજન્ય અવિવેક છે.

આ જગતમાં જો કોઇ ચીજ પવિત્ર હોય તો તે ધર્મ છે. એ આત્મધર્મ છે. આત્મસન્મુખતા એ કર્તવ્ય છે, કારણ કે એ સર્વ મળને શોધનાર છે. આ શરીરમાં અંતર્ગત રાગ–દ્વેષ જેવાં મહામોહો પેસી ગયાં છે. એ આત્માને અનેક પ્રકારે દૂષિત કરનારા છે અને ધર્મ એને શોધી શોધી–વીણી વીણી છૂટા પાડે છે અને એને એના ખરા આકારમાં સ્પષ્ટ રીતે બતાવી આપે છે. અનેક પ્રકારના દોષોને શોધનાર–અંતરથી શૌચ કરી આપનાર તો ધર્મ જ છે. સ્નાન કરવાથી કાંઇ શૌચ ( પવિત્ર ) થવાય તેમ નથી.

તેટલા માટે જો તારે અંદરથી પવિત્ર થવું હોય તો મળનું શોધન કરનાર ધર્મને તારા મનમાં ધારણ કર, તારા હૃદયમાં એને સ્થાન આપ, તારામાં જે મળો અંદર ઘુસી જઈ તને હેરાન કરે છે તેને શોધી તે તને સાફ કરી આપશે. ગમે તેટલી વાર સ્નાન કરીશ એથી તો બાહ્ય મળ પણ જનાર નથી, પણ જો તારે તારા અંતરનો મળ કાઢવો હોય તો ધર્મને હૃદયમાં કોરી દે, એને અંદર ચોંટાડી દે અને એના ઉપર આધાર રાખ. તે તારૂં કર્મમાલિન્ય કાપી નાખશે અને તને મળ વગરનો કરશે. એ જગતમાં મહાપવિત્ર છે અને અંદ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રના દોષોને શોધનાર છે. બાકી શૌચવાદ જેવા ભૂલાવો ખવ-રાવનારા ઉન્માદમાં પડી નકામો હેરાન થવાનું છોડી દે. અંતે એ ધર્મ તને ટેકો આપશે. એનું સ્વરૂપ દશમી ભાવનામાં વિચારવાનું છે તેથી અત્ર ધર્મપરત્વે નામનિર્દેશથી જ સંતોષ ધરીએ. એ અજબ વિભૂતિ છે.

## અશુચિભાવના. :: અષ્ટકપરિચય—

૧. બહુ સંક્ષેપમાં ગેયની ભાવના કરી જઈએ. એ અષ્ટક બહુ સુંદર ભાવથી ભરેલું છે. આ **શરીરને** અતિ મલિન તરીકે ચિંતવ. એને મલીન ગણવાનાં કારણો છે તેમાંનાં કેટલાંક નીચે પ્રમાણે છે.

( ૧ ) એ મળમાંથી ઉત્પન્ન થાય છે.
( ૨ ) એ ચારે તરફ રહેલા મળમાં ઉછરે છે.
( ૩ ) એનામાં મળમૂત્ર ભરેલાં છે.
( ૪ ) એના સર્વ ભાગો અતિ દુગંછા ઉત્પન્ન કરાવનાર છે.
( ૫ ) એ પવિત્ર પદાર્થોને અપવિત્ર કરનાર છે.
( ૬ ) એના સંસર્ગ માત્રથી સુંદર પદાર્થો ફેંકવા યોગ્ય થાય છે.
( ૭ ) એની કોઇ પણ પ્રકારે શુદ્ધિ થવી શકય નથી.
( ૮ ) એમાંથી અનેક સ્થાનકેથી અપવિત્ર પદાર્થો વહ્યા કરે છે.
( ૯ ) એના ઉપરની ચામડી ઉતારી હોય તો અંદરનો ભાગ બિભત્સ દેખાય છે.

વિગેરે કારણો જેનું વિવેચન આ ભાવનામાં થયું છે અને થશે તે ખ્યાલમાં રાખી, એને મલિન–અતિ મલિન તરીકે વિચાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને છતાં તેમાં કાંઇ લાભ લેવો હોય તો તારૂં મનરૂપ કમળ ઉઘાડ અને તેની અંદર ઊંડો ઊતરીને જો. તું ઉપર ઉપરનો વિચાર છોડી દઇને અંદર ઊતર. તને ઘણું જાણવા-સમજવા જેવું ત્યાં મળશે.

આ તારા શરીરને પ્રેરનાર, મનકમળને વિકસાવનાર અંદર એક મહાપવિત્ર વિભૂતિ બેઠી છે. એ કેવી છે તેનો ખ્યાલ કર. એ પવિત્ર છે, એ વિભુ છે, એ એક છે, એ મહાતેજોમય છે અને એ જાગૃતવિવેક છે. એ તું પોતે જ છે, પણ તું એવી ગડબડમાં પડી ગયેલ છે કે તારા પોતાના સ્વરૂપને તું ભૂલી ગયેલ છે. જો તે આ પ્રકારે છેઃ—

તારૂં અંતરાત્મસ્વરૂપ પ્રકાશે ત્યારે તું મહાપવિત્ર છે. તારામાં પરમાત્મદશા પ્રાપ્ત કરવાની સત્તા છે. માત્ર તારી પોતાની શક્તિનો ઉપયોગ કરવાથી તે પ્રાપ્ય છે, પરંતુ તું ખરેખર શુદ્ધ-નિર્મળ છે, મહાપવિત્ર છે અને તારામાં અનંત જ્ઞાન ભરેલું છે. અનંત જ્ઞાનથી તું સર્વ પદાર્થને જોઇ શકે તેટલી તારામાં શક્તિ છે. એ દૃષ્ટિએ તું સર્વવ્યાપી છે અને તેથી કરીને તું **વિભુ** છે. વિભુ એટલે સર્વવ્યાપી, જ્ઞાનદૃષ્ટિએ તું ખરેખર વિભુ છે. જ્ઞાન સર્વ જ્ઞેય વસ્તુને જાણી શકે છે અને તેથી તું સર્વત્ર જ્ઞાનની નજરે છો. તું પોતે **એક** છે. તારૂં વ્યક્તિત્વ બરાબર સ્પષ્ટ છે. તારા અસંખ્ય પ્રદેશો છે તેને એક તરીકે બતાવનાર છે. જ્ઞાયક તરીકે તારા સર્વ અસંખ્ય પ્રદેશમાં તું ફરી વળેલ ( પરિણત ) છે. તારૂં વ્યક્તિત્વ સર્વદા સિદ્ધ છે.

વળી સર્વ વસ્તુનું તારે અંતરદર્શન થાય છે-તારે માટે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે શક્ય છે તેથી તું મહાતેજોમય છે. એ કેવળદર્શન મહાપ્રકાશમય છે, તેજસ્વી છે, ઉજ્જ્વળ છે અને તને ભેદજ્ઞાન શક્ય છે. તારામાં અત્યારે પણ તારું શું છે અને પર શું છે? તે વિચારવાની શક્તિ છે. એ વિવેક જ્યાં જાગે ત્યાં ખરો રસ્તો પ્રાયઃ હાથ લાગી જાય છે. વર્તન પહેલાં વિવેક થાય ત્યારે વર્તનમાં આનંદ આવે છે. આથી તું **જાગૃતવિવેક** છે.

આવાં આવાં અનેક રત્નો તારામાં ભરેલાં છે અને તું તેથી તન્મય છે. તું તારા શરીરનો વિચાર કરે છે, પણ તે તો મળથી ભરેલું છે અને મહાપ્રયત્ને પણ શુદ્ધ થઈ શકે તેવું નથી. તું તેટલા માટે તારો પોતાનો જ વિચાર કર અને તું કેવો છે તેની ચિંતવના કર. જે અંતે પોતાનું નથી, મહાદગાબાજ છે અને હોય ત્યાં સુધી જે અનેક નકામી ઉપાધિઓ ઊભી કરે છે તેનો વિચાર તું છોડી દે અને તારો વિચાર કર, તારો **પોતાનો** વિચાર કર.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તું શરીરનો મોહ છોડી શકતો ન હોય તો તું નીચેની હકીકત વિચાર અને તેટલું છતાં પણ તને શરીર પર મોહ થાય તો તું જાણ; પણ જો તું જરા પણ વિવેકપૂર્વક વિચાર કરીશ તો બીજું પરિણામ નહિ આવે. જો તારા શરીર સંબંધમાં નીચે પ્રમાણે વિચારો છે તે તપાસી જો, બરાબર ઊંડો ઉતરજે અને પછી નિર્ણય કરજે.

૨. પ્રથમ તું તપાસ કરીને જોઈશ તો સમજાશે કે શરીરની ઉત્પત્તિ જ એવી રીતે થાય છે કે એમાંથી તું કાંઈ સારી આશા રાખ એ સર્વથા ફોકટ જ છે. પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું રૂધિર એ બન્ને ભેગાં થાય ત્યાં એ શરીરની ઉત્પત્તિ થાય છે. પછી એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનમાં—માતાનાં પેટમાં શું ભરેલું હોય છે તે તું જો. એના ઉત્પત્તિસ્થાનની બાજુમાં મૂત્રાશય, આંતરડાં, માંસ, મેદ, વિષ્ટા, હાડકાં વિગેરે ભરેલાં હોય છે. આવું એનું ઉત્પત્તિસ્થાન છે અને ત્યાં એ લગભગ નવ માસ પર્યંત રહે છે. એની આસપાસ મળ હોય છે અને એ મળથી વિંટાયેલ હોય છે. વળી એ શરીર પોતે મળ અને કચરાનો જ પિંડ છે. શરીરમાં મળનો તો પાર નથી. એમાં મૂત્ર, વિષ્ટા, શ્લેષ્મ, કફ, પિત્ત, પસીનો આદિ ભરેલાં છે એટલે એ મળનો તો ખાડો છે તેમજ કચરાનો પણ ખાડો છે; કારણ કે એ ખરાબ પુદ્ગળોનો સમૂહ છે. એમાં એ સિવાય બીજું કાંઈ પણ નથી.

એવા ઉત્પત્તિસ્થાનવાળા અને એવા મળ—કચરાથી ભરેલા શરીરમાં તે સારી વાત શી હોય? તેમાંથી તું કઇ વસ્તુની અપેક્ષા રાખે છે? જેનાં જેવાં મૂળ તેવી તેમાંથી ઉત્પત્તિ થાય છે. આકડો વાવીને આંબાની ઉત્પત્તિની આશા રાખવી એ કેવળ મૂઢતા છે. વીર્ય અને શુક્રમાં વિવર્ત થાય, તેમાંથી જે શરીર ઉપજે એમાં પ્રેમ ઉત્પન્ન કરે એવી શી ચીજ હોય? અને કેમ હોઇ શકે?

એને ગમે તેટલું ઢાંકવામાં આવે, એના ઉપર ગમે તેવાં લુગડાં કે ઘરેણાં પહેરાવવામાં આવે પણ એમાંથી અતિ બીભત્સ વસ્તુ વારંવાર ઝર્યા કરે છે. કપાળ ઉપર દામણી બાંધી હોય કે હાથ બંગડીઓથી, વીંટીઓથી, ઝવેરાતથી ભરી દીધા હોય અને ગળામાં નવસર મોતીની કે લીલમની માળા પહેરી હોય અને ઉપર મૂલ્યવાન વસ્ત્રો પહેર્યાં હોય તો પણ સુંઘવી કે જોવી ન ગમે તેવી વસ્તુઓ તે શરીરમાંથી ઝર્યા જ કરે છે. હવે આવાને માટે તે દાખલો પણ શો આપવો?

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તું જો ! કોઈ કુવા કચરાના હોય છે. દેશમાં એને ખાળકુવા કહે છે. એમાં મળ અને મૂત્ર એકઠાં થાય છે. એ કુવાને સારો કોણ માને ? જેની વાત કરતાં ભવાં ચઢી આવે અને નજીક જતાં નાક આડો રૂમાલ રાખવો પડે તેને સારો કોણ ગણે ? એની વાત પણ કોણ વિચારે ? અને એના સંબંધમાં માનપૂર્વક વિચાર તો કોણ જ કરે ?

આવો દેહ છે ! જેને માટે પ્રાણી કૈક કૈક કરી નાખે છે તે દેહ આવો છે, તેનાં મૂળ આવાં છે અને તેનાં પરિણામ આવાં છે. માત્ર એ બાબત તરફ આંખમીંચામણાં કરીને એ વાતને રાળીટાળી નાખવામાં આવે તો તો કાંઈ કહેવા જેવું નથી, બાકી એમાં એક પણ ભલી વાત હોય એમ જણાતું નથી.

૩. પોતાની પાસે આવનારા પદાર્થોને શરીર કેવાં બનાવી દે છે તેનો એક દાખલો જુઓ. પોતાનું મુખ સુંદર લાગે અને અંદરનો પવન સુગંધી જણાય તેટલા માટે પ્રાણી પાન ( તાંબૂલ ) ખાય છે. પાનનાં બીડામાં તે એલચી, લવીંગ, બરાસ વિગેરે અનેક સુગંધી પદાર્થો નાખે છે અને પછી તે પાનને કાથા–ચુના સાથે ખાય છે. આવા માણસની પાસે નીકળો તો તેના મુખમાંથી સુગંધી નીકળતી જણાશે, પણ સવાલ એ છે કે એ સુગંધી કેટલો વખત ટકશે ? પાન ચવાઈ રહ્યું અને એક–બે પીચકારી મારી કે પાછું એ ભગવાન એના એ. આ સ્થિતિ શું બતાવે છે ? વાત એ છે કે મુખ પોતે અસુગંધી છે. અંદર જ્યારે પવન જાય છે ત્યારે તો તે શુદ્ધ હોય છે, પણ અંદરથી દુર્ગંધ ( Carbon ) નીકળે છે. બહાર નીકળતો પવન એ દુર્ગંધ લઈને નીકળે છે. અરે !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એની લાળ પણ કેવી હોય છે! કોઇ એને (લાળને) અડી જાય કે એ કોઇ વસ્તુને અડી જાય તો તે વસ્તુ અભડાય છે. મનુષ્ય બનતા સુધી કોઇનું એઠેલું પાણી પીતો નથી, કોઇએ ચાખેલ અન્ન ખાતો નથી, કારણ કે લાળમાં અનેક જાતિના પુદ્ગલો ભરેલ હોય છે અને તે ચેપથી રોગોને પણ મોકલી આપે છે. એ લાળનો આકાર અને રંગ પણ સૂગ લાવે તેવા હોય છે. કોઇએ મ્હોં અણાવ્યું હોય તો તેની પાસે ઊભા રહેવું પણ ગમે નહિ એવી લાળ દિવસો સુધી નીકળે છે.

શરીરની આ સ્થિતિ છે! એક મુખની વાત કરી ત્યાં આટલી ઘૃણા આવે છે તો એના પ્રત્યેક વિભાગની વાત કરવામાં આવે તો તો શું શું થાય? વાત એ છે કે તાંબૂલવાળા મુખની સુગંધી પૂરી પાંચ–પંદર મિનિટ પણ ટકતી નથી અને અંતે અસલ સ્થિતિ આવી જાય છે. બહારના ઉપચારથી કરેલ સારો દેખાવ તે કેટલો ટકે?

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૪. ખરી વાત એ છે કે શરીરમાં જે પવન જાય છે તે ત્યાં એવા પદાર્થોના સંબંધમાં આવે છે કે એ અસુગંધી થઇ જાય છે, વિકારવાળો થઈ જાય છે અને સુગંધી પદાર્થોને મુખમાં રાખીને એ દુર્ગંધને છૂપાવવાનો પ્રયત્ન કરવામાં આવે તે નિરર્થક થાય છે.

આવા તો અનેક નિષ્ફળ પ્રયત્ન પ્રાણી વારંવાર કરે છે. એ શરીરની અંદરની દુર્ગંધી છૂપાવવા માટે કૈક કૈક પ્રયત્ન કરે છે. એના ખોરાકમાં, એના સ્નાનમાં, એના પીણામાં, એના કપડાંમાં, એના ઘરેણામાં એ પ્રયત્ન વારંવાર દેખાય છે, પણ છતાં એ એક પણ પ્રયત્નમાં લાંબો વખત સફળ થતો નથી અને સફળ ન થવા છતાં એ નવા નવા પ્રયોગો કર્યા જ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અત્યારે તમે કોઈપણ ચિત્રવાળા છાપા વાંચશો તો તેમાં સૌંદર્યશાળી કેમ દેખાવું તેના અનેક પ્રયોગો જોશો. ત્યાં તમે જાહેર ખબરના થોકડા વાંચશો. એક બાલ કેમ સાફ રાખવા એને માટે સેંકડો વાતો જોશો. મુખ પર લગાડવાના પફ પાઉડર, ક્રીમ ઓઈન્ટમેન્ટ સ્નો અને તેના ડાઘા દૂર કરવાની જાહેરાતોની હારની હાર જોશો. અંદરનો કચરો દૂર કરવાની પદ્ધતિ અને પ્રયોગો પર ઉલ્લેખ કરવામાં આવે તો પૃષ્ઠો ભરાય તેમ છે. આ સર્વ નિષ્ફળ પ્રયત્ન છે, અયોગ્યને વધારે પડતી અપાતી અગત્ય છે અને સમજણ વગરની બાળચેષ્ટા છે. આ નવયુગની વાત પ્રસંગોપાત થઈ ગઈ, પણ જે વખતે આ મૂળ પુસ્તક લખાયું ત્યારે પણ શરીરનો મળ દૂર કરવાના નિષ્ફળ પ્રયત્નો અનેક પ્રકારના થતા હતા. યુગે યુગે પદ્ધતિ ફરે છે, પણ મુદ્દો તો એકનો એક જ રહે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આવા શરીરને તું વારંવાર ચાટ્યા કરે છે અને એને સુંઘ્યા કરે છે ! તારી આવી ચેષ્ટાઓ જોઈને સમજુ–વિચારક માણસો મનમાં હસે છે. તેઓને એમ થાય છે કે આ માણસ આખો વખત શરીરને ઘસ્યા કરે છે અને પવિત્ર કે સુંદર બનાવવા મથે છે એ તે કાંઇ ડહાપણની વાત ગણાય કે ?

અનેક વાર ન્હાવાથી શૌચધર્મ પળાય છે એ માન્યતામાં વિચાર કરવો ઘટે છે. જે શરીર અપવિત્ર વસ્તુથી જ ભરેલું છે તેને બાહ્યશૌચ કરવાનો પ્રયત્ન નિષ્ફળ છે. વિશિષ્ટ હેતુ–પૂર્વક સ્નાનાદિની વાતને અત્ર સ્થાન નથી, પણ માત્ર બાહ્ય-શુદ્ધિ ( શૌચ ) માં જ પર્યવસાન સમજનાર શરીરનો ધર્મ સમજે, એની અંદરની વસ્તુઓને વિચારે, એ વસ્તુઓની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપવિત્રતા ખ્યાલમાં લે અને એ વસ્તુ દૂર કરવા જતાં શરીર જેવું કાંઇ બાકી રહી શકે તેમ નથી એ વાત જો એક વાર લક્ષ્યમાં લે તો આ નકામા પ્રયત્નને બાજુએ મૂકી પોતાના પ્રયત્નો બીજે માર્ગે લગાડે. આ મહામૂલ્યે મળેલ જીવન મોંઘેરૂં છે, સાધ્ય સધાવી શકનાર છે, એને બહારથી પવિત્ર રાખવાના પ્રયાસમાં વેડફી નાખવા જેવું એ નથી. આ બાબત સ્પષ્ટ સમજવા આ સર્વ હકીકત વિચારવા જેવી છે.

૫. વળી એક બાબત ખાસ વિચારવા યોગ્ય છે. પુરૂષનાં નવ અંગોમાંથી આખો વખત શું નીકળે છે તે વિચારી જુઓઃ—

૨ કાનમાંથી કચરો, કેટલાકને પરૂ નીકળ્યાં કરે છે.

૨ આંખોમાંથી જેટલી વાર પટપટાવીએ તેટલી વાર પાણી, કોઇવાર ચીપડા અને અનેક મળ નીકળ્યા કરે છે.

૨ નાકના દ્વારમાંથી શ્લેષ્મ (શેડા), ગુંગા વિગેરે નીકળ્યા કરે છે. નાક છીંકે ત્યારે ખાસ સંભાળ લેવી પડે છે.

૧ મુખમાંથી લાળ નીકળે છે. ઉપર તેનું વર્ણન થઇ ગયું છે. દુર્ગંધી પવન અને ઉલટી થાય ત્યારે કાચું અન્ન અને પીત્ત નીકળે છે.

૧ પુરૂષચિન્હમાંથી પેશાબ. એનું વર્ણન કરવાની જરૂર ન હોય.

૧ ગુદામાંથી વિષ્ટા. વર્ણન અશકય અને બીનજરૂરી છે.

આવી રીતે પુરૂષનાં સદરહુ નવ દ્વારોમાંથી અપવિત્ર પદાર્થો બહાર નીકળ્યા જ કરે છે અને તે કદી વિરામ પામતા નથી. એમાં અલ્પવિરામ કે અર્ધવિરામ આવે, પણ પૂર્ણવિરામ કદી આવતું નથી. એ સર્વમાંથી જે પદાર્થો નીકળે છે તે સર્વ દુર્ગંધી, ખરાબ વર્ણ, રસ અને સ્પર્શવાળા જ હોય છે, ભારે કંટાળો આવે તેવા હોય છે અને દૂર નાસી જવું પડે એવા હોય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ શરીરમાં ઉપરોક્ત નવ દ્વારોમાંથી એટલા જ ખરાબ પદાર્થો નીકળે છે. એ ઉપરાંત સ્ત્રીઓને બે સ્તનો અને યોનિ[1] એ ત્રણ અંગોમાંથી પણ અપવિત્ર પદાર્થો નીકળે છે.

આવાં નવ અને બાર દ્વારો અનુક્રમે પુરુષ અને સ્ત્રીનાં વહેતાં હોય એ શરીરને તું જો પવિત્ર માનતો હોય, ધારતો હોય, કલ્પતો હોય તો અમારે તો એ તારી માન્યતા, ધારણા કે કલ્પના માટે માત્ર એટલી જ ટીકા કરવી પડશે કે એ તારો વિચાર ખરેખર ' નવો ' છે, અભિનવ છે અને વિચિત્ર છે. કોઇપણ નવો વિચાર બતાવે તેમાં અમારે વાંધો નથી, પણ સમજુ માણસો એની કસોટી કરે તો જ ગ્રાહ્ય થાય તેમ છે. તું કોઇ સમજુ માણસને પૂછ કે ' જે શરીરમાંથી આખો વખત નવ અથવા બાર દ્વારે મલિન પદાર્થો નીકળતાં હોય તેને તેઓ કદી ' પવિત્ર ' ગણી શકશે ? '

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અમને લાગે છે કે આ તારો નવો વિચાર ભૂલભરેલો છે, મોહજન્ય છે અને તને ફસાવનાર છે. જે શહેરની ગટરમાં કચરો ચાલ્યા કરતો હોય અને જેમાં નવો કચરો પડ્યા કરતો હોય તેને પવિત્ર કહેવા જેવી તારી આ વિચિત્રતા છે. કફ, મળ, મૂત્રના ભંડારરૂપ આ શરીરમાંથી એક પણ સારી ચીજ નીકળતી નથી. તેવા શરીરને તું પવિત્ર કહે તો પછી તારા એ નૂતન વિચારને વિવેકી પ્રાણી ' દેવાનાં પ્રિય ' ( મૂર્ખ–મૂઢ ) ના અભિપ્રાય તરીકે લેખે છે, માટે તારો જે વિચાર જણાવ તે સમજી–વિચારીને જણાવ. આવા ખોટા ખુદ્દા ઉઠાવીને તારી કિંમત કરાવ નહિ.

૬. વળી તું વિચારીશ તો જણાશે કે તું ભોજન કરવા

---

૧ ત્યાં બે દ્વાર જુદા જુદા હોય છે તેથી ફરીને ગણેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે કેટલી તૈયારી કરે છે. એક શાક બનાવવું હોય તો તેમાં ધાણા, જીરૂ, મીઠું, મરચાં, તેલ આદિ અનેક પદાર્થો નાખે છે. મીઠાઈ બનાવવી હોય તો મોટી ખટપટ કરી મૂકે છે. સાકરની ચાસણી, પદાર્થોની વિપુળતા અને તૈયાર કરવાનાં તથા ઉપર ચઢાવવાનાં અનેક સામાન લાવે છે. ઉપર વળી ઘી તથા બદામ, પીસ્તા, ચારોળી વિગેરે નાખે છે.

અનેક સામગ્રીઓથી તૈયાર કરેલું અન્ન ખાધા પછી પેટમાં જાય છે. ત્યાં ચાર કલાક બાદ એ સર્વનું શું થાય છે? એની વિષ્ટા થાય છે, તેને જોઇ તું થુંકે છે, તેને કાઢવા પ્રયત્ન કરે છે અને તેના તરફ સૂગ લાવે છે. એક સુંદર થાળમાં અનેક સુંદર રસોઇની ચીજો, મીઠાઇઓ, શાકાદિ હોય તે પેટમાં ગયા પછી આ દશા પામે છે.

તેં ગાયનું દૂધ વાપર્યું હોય અને તેના ઉપર સાકરાદિના પ્રયોગ કર્યા હોય તેનું અંતે મૂત્ર થાય છે અને તેનો ક્ષેપ કરતાં પણ તારે વિવેક રાખવો પડે છે અને નહિ તો તારો દંડ થાય છે. ગાયના મૂત્રનો તો ઉપયોગ પણ થાય છે, પણ એના દૂધનો તેં ઉપયોગ કર્યો તો પછી તેનું જે મૂત્ર તારા શરીરમાં થાય છે તે તો અતિ નિંદનીય બને છે. તારા મૂત્રની કિંમત ગાયના મૂત્ર જેટલી પણ નથી એ ધ્યાનમાં રાખજે.

આ સર્વ દાખલા ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે તારૂં શરીર તો સારામાં સારા પદાર્થોને ખરાબ કરનાર છે અને તારા શરીરમાંથી કચરો જ બહાર નીકળે છે. આવી શરીરની બાહ્ય સ્થિતિ છે. એ સારાને બગાડે છે, સુંદરને વિરૂપ કરે છે, સ્પૃશ્યને અસ્પૃશ્ય કરે છે, સંબંધમાં આવનારને વિકારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવે છે અને એ જે શરીર કહેવાય છે તેને તું પવિત્ર માને છે. તારે તારા વિચારને ફરી વાર તપાસી જવાની જરૂર છે અને એમ કરીને તારી વિચારણામાં વિવેકને સ્થાન આપવાની ખાસ જરૂર છે. હવે તું વગર લગામે ક્યાં સુધી ચાલ્યા કરીશ તેનો ખ્યાલ કર.

૭. આ શરીરને માટે નીચેની બાબતો વિચારી જો.

( ક ) એ પુદ્ગળનો સમૂહ છે.

( ખ ) એ મળથી ભરેલું છે.

( ગ ) એમાં માત્ર કચરો છે અને કોઇ સારી વસ્તુ નથી.

( ઘ ) એ સારા પદાર્થોને ખરાબ કરનાર છે.

( ઙ ) એ સુંદર કપડાંને દુર્ગંધી બનાવનાર છે.

આમાંની કોઇ પણ બાબતને માટે ખુલાસાની ખાસ જરૂર હવે રહેતી નથી. શરીર પુદ્ગળનો ઢગલો છે એમાં કાંઇ સંદેહ જેવું નથી. એની અંદરની સર્વ વસ્તુઓ સ્થૂળ છે એમાં કોઈ જાતની શંકાને સ્થાન નથી અને એ સારી વસ્તુને બગાડી મૂકે છે તે તો આપણે ઉપર જોઈ ગયા છીએ.

ત્યારે શું એ શરીરને ફેંકી દેવું? એનો ઉપયોગ કાંઇ કરવો કે એને ફગોળી દેવું? એ વિચારવા જેવી વાત છે. કેટલાક એને મોજશોખનું સાધન માને છે, કેટલાક એનાથી ખાવાનો શોખ પૂરો કરે છે, કેટલાક એને સુગંધી લેવાનું સ્થાન માને છે, કેટલાક એનાથી સારાં રૂપો, સ્ત્રીઓ, ચિત્રો જોવામાં સાર્થક્ય માને છે, કેટલાક એમાંથી સારાં ગાન સાંભળવામાં લાભ માને છે, કોઇ એને ચુંબન કરવાનું અથવા તો

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આલિંગન દેવાનું સાધન માને છે, કોઇ એને પુષ્ટ કરવામાં જીવન ધન્ય માને છે—આ સર્વ નકામું છે. જે પુદ્ગળનો ઢગલો હોય, જે મળથી ભરેલ હોય અને સારાં ખોરાક કે કપડાંને તુચ્છ બનાવનાર હોય, જે અંતે છોડી દેવાનું હોય તેને માટે આવાં લાડપાડ શોભે નહિ.

પણ તેનાથી એક કામ થાય તેમ છે. આ સર્વ ઉપાધિ છોડી હંમેશને માટે કલ્યાણ કરવું હોય તો તેની તૈયારી કરવાનું સામર્થ્ય ત્યાં છે અને તે મહાઉદાર કાર્ય છે, પરમ શ્રેષ્ઠ કાર્ય છે અને તે જો થાય તો તારા આ ચોરાશી લાખના ફેરા અને આ તારી રખડપટ્ટી દૂર થઇ શકે તેવું છે.

ત્યારે આ તો બહુ મજાની વાત થઇ. એને થોડું થોડું ભાતું—પોતું આપી તેની દ્વારા જો શિવસાધન થઇ શકતું હોય તો તે કામ પાર પાડવા પ્રયત્ન કરવા જેવો છે. હમેશની આ લમણાઝીક મટી જાય, નિરંતરનું સુખ થઇ જાય. એવો રસ્તો જો એનાથી થાય તો તે કરવાજોગ છે. ત્યારે આવા શરીરમાં અનેક અવગુણ છે પણ શિવસાધનનું સામર્થ્ય પણ તેનામાં છે એ વાત વિચારી, તેની ચિંતવના કર અને તારા સાચા ઉદ્ધારના માર્ગે લાગી જા.

૮. શરીર કેવું છે? શેનું બનેલું છે? તેમાં શું ભર્યું છે? અને તેનો ક્યાં સુધી વિશ્વાસ કરી શકાય તે તો તેં જાણ્યું? પણ હવે કાંઇ એવી હુશિયારી કરી બતાવ કે જેથી આવા શરીરનો પણ તું પૂરતો લાભ લઇ શકે અને એ ઇચ્છનીય, પુણ્યશાળી અને અભીષ્ટ બને. અત્યારે જે શરીરનું વર્ણન કર્યું તેવું શરીર તો કોઇ મેળવવા ઇચ્છે નહિ. આ તો ઉઘાડી વાત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તારે તો શરીર સાથે પાનાં પડ્યાં છે, ત્યારે હવે કાંઇ એવું કર કે અત્યારે તને જે ખરાબ લાગે તેવું પ્રાપ્ત થયું છે તેમાંથી પણ તું લાભ મેળવી લેવા શરીરને પણ તું દુર્ગંછનીયને બદલે શ્રેષ્ઠ બનાવી શકે. તારા હાથમાં રસ્તો છે. તારામાં ખરી હુશિયારી હોય તો તું તેવો રસ્તો લઇ શકે તેમ છે. એ શરીરની અંદરની અપવિત્રતા તો તું દૂર કરી શકે તેમ નથી, પણ તારી પાસે એક બીજો કીમિયો છે તે અજમાવ. આ તારા શરીરને શિવસાધનમાં જોડી દે, કારણ કે એની દ્વારા એ લાભ તું લઈ શકે તેટલું સામર્થ્ય તારી દ્વારા તેનામાં છે તે ઉપર જોયું તું ગણતરીબાજ સમજુ પ્રાણી છે. તું વ્યાપારી છે તો તારે છેવટે ભાંગ્યાના વટાવ તો જરૂર કરવા ઘટે અને આ તો અણધાર્યો લાભ છે. તારો વિકાસ તું એટલો બધો વધારી શકે તેમ છે કે તું એ શરીરથી પૂરતો લાભ મેળવી શકશે અને તું એવું કાર્ય કરી શકીશ કે ત્રિદિવેશ્વર જેવાં પણ તારા શરીરની–મનુષ્યભવની ઇચ્છા કરશે. આ દાખલો ખરેખર તારે બેસાડવા જેવો છે. નહિ તો પછી આવ્યો તેવો ચાલ્યો જઇશ અને અંતે એ શરીરને પૈસા ખરચીને બાળવું પડશે કે જમીનમાં દાટવું પડશે.

**' ચેતન ચાર ગતિમેં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે;**
**કરત કામના સુરપણ યાકી, જિસકું અનર્ગલમાયા રે. '**

આવી તારી કાયા છે, માટે ગભરાવાનું કારણ નથી; પણ તું મલકાઈ ન જતો. એ કાયાની કિંમત એટલા માટે જ છે કે એ મોક્ષદ્વાર છે, પણ જો તેને તું વેડફી નાખ તો નરકદ્વાર પણ એ જ છે. તારો વિકાસક્રમ સુધારવાનો આ અવસર છે, માટે નિપુણતા દાખવીને, સ્વસ્વરૂપ નિષ્પાદન કરીને એને તું અતિ પવિત્ર બનાવી દે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પવિત્રતા પ્રાપ્ત કરવા માટે તને સુંદર જળાશય મળ્યું છે. તળાવે જઈને તરસ્યો આવે તે તો નિપુણ ન જ ગણાય. તને પવિત્ર આગમરૂપ જળાશય મળ્યું છે તેના કાંઠા ઉપર બેસીને તું કોણ છે? તારૂં સ્થાન શું હોઇ શકે? તું ક્યાં આવી ચઢ્યો છે? અને શા માટે આ હેરાફેરા કરી રહ્યો છે? તે સર્વ વિચાર. એ જળાશયમાં તારી સર્વ જિજ્ઞાસાને તૃપ્તિ મળે એટલું પાણી ભરેલું છે. તું વિનાસંકોચે એ પાણીનું પાન કર, તારી જાતને ઓળખ અને તારૂં પોતાનું સ્થાન સમજી લઇને તે પ્રાપ્ત કરવાના માર્ગો શોધી લે. અને તારી ઘણા વખતની તૃષા છે તેને તું છીપાવી લે.

ખાસ કરીને એ જળાશયમાં **શાંતસુધારસ** ભરેલું છે તે અમૃતનું પેટ ભરી ભરીને પાન કરી લે. આવો અવસર ફરી ફરીને મળશે નહિ. માટે '**અવસર પાય ન ચૂક ચિદાનંદ**' એ વાત ધ્યાનમાં રાખ. શાંતરસ–અમૂલ્ય અમૃતનો દરીયો તને મળી ગયો છે તેનો તું બને તેટલો લાભ લે અને પેટ ભરી ભરીને એ રસને પી લે. આ તકનો લાભ લે. આવાં જળાશય જ્યાં ત્યાં મળતા નથી અને મળે ત્યારે ઓળખાતાં નથી. તેં અત્યારે જળાશય જોયું છે અને તારા પર દયા કરીને પાણી પાનાર પણ મળી ગયા છે તો હવે તેનો બને તેટલો લાભ લે.

આ ભાવનામાં શરીરની સ્થૂળ રચવાની ક્લિષ્ટ બાજુ બતાવવા સાથે આ કાયાને મોક્ષદ્વાર પણ બનાવી શકાય છે, એ વાત કરીને શરીરના બન્ને ઉપયોગ બતાવવામાં કર્તાએ બહુ કુશળતા બતાવી છે. તદ્દન સામાન્ય વસ્તુનો ઉપયોગ કરતાં આવડે તો નુકશાનમાંથી પણ લાભ પ્રાપ્ત કરી શકાય છે અને

JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાચી આવડત હોય તો દીર્ઘ લાભ પ્રાપ્ત કરી શકાય છે. આ 'શાંતવાહિતા'માં એ અમૃતનું પાન કરવાનું છે. પ્રથમ કડવો ઘુંટડો પાઇને વિવેકી મહાશયે કેવી યુક્તિથી શાંતસુધાનું પાન છેવટની દોઢ ગાથામાં કરાવ્યું છે તે ખાસ વિચારણીય છે. સુજ્ઞ એ અમૃતપાન જરૂર કરે.

× × ×

મલ્લિકુંવરીનું રૂપ અદ્ભુત હતું. એનાં રૂપ–લાવણ્યની વાતથી આકર્ષાઇ સાકેતપુર (કોશલદેશ)ના પ્રતિબુદ્ધ રાજાએ, ચંપાનગરી (અંગ) ના ચંદ્રચ્છાય રાજાએ, સાવથ્થી નગરી (કુણાલદેશ) ના રૂપી રાજાએ, વાણારસીનગરી (કાશીદેશ) ના શંખ રાજાએ, હસ્તિનાપુર (કુરૂદેશ) ના અદિનશત્રુ રાજાએ અને કંપિલપુર (પાંચાલદેશ) ના જિતશત્રુ રાજાએ એ કુંવરી સાથે લગ્ન કરવા માગણી મોકલી. વિદેહાધિપતિ કુંભરાજાએ પોતાની રાજધાની મિથિલામાં એ માગણીનો અસ્વીકાર કર્યો. છએ રાજાઓ લડવા આવ્યા. લડાઈ ચાલવાની હતી ત્યારે અમોઘ વીર્યશાળી મલ્લિકુંવરીએ આધ્યાત્મિક માર્ગે લડાઇ જીતવા નક્કી કર્યું. એણે અશોકવાડીમાં પોતાના શરીરપ્રમાણ સુવર્ણની પુતળી બનાવી. તેના મધ્ય ભાગમાં પોલાણ રાખ્યું. જમ્યા પછી એક કોળીએ અનાજ તેમાં દરરોજ નાખવા લાગી. એ વાડીમાં પ્રવેશ કરવાના છ રસ્તા કરાવ્યા. છએ રાજાને બોલાવ્યા. જુદા જુદા બેસાડ્યા. દરેકને મલ્લિકુંવરીને મેળવવાની આશા હતી. વચ્ચે પ્રતિકૃતિ જેવી પુતળી જોઇને રાજાઓ છક થઇ ગયા. છએ રાજા છ સ્થાને બેઠા હતા. મલ્લિકુંવરીએ જાતે આવી પુતળીનું દ્વાર (ઉપરનું ઢાંકણ) ઉઘાડ્યું. ગંધથી મહેલ ભરાઇ ગયો. રાજાઓ તો નાક પર રૂમાલ ધરવા મંડી ગયા. પછી યોગિની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવીએ સમજાવ્યું કે—'હું જે ખાતી હતી તેનો માત્ર એક કોળીઓ દરરોજ આમાં નાખતી હતી. તેની આવી ગંધ છે અને આ શરીરમાં એ વસ્તુઓ જ ભરેલી છે. એના ઉપર તે મોહ ઘટે ? આ તો એક કવળનું પરિણામ છે અને હું તો ઘણા કવળો ખાઉં છું—વિગેરે.' પછી પૂર્વભવની મિત્રતા યાદ કરી રાજાઓ ચેત્યા. લડાઇ બંધ થઈ. અધ્યાત્મજ્ઞાન પ્રસર્યું. વિચારણા થઈ. રાજાઓ રાજ્ય છોડી મલ્લિકુંવરી પાસે દીક્ષિત થયા. સંસાર છોડી કૃતકૃત્ય થયા અને શરીરનો પૂરતો લાભ લીધો.

આ શરીર કેવા અપવિત્ર પદાર્થોથી ભરપૂર છે તે સંબંધી લેખકશ્રીએ ખૂબ લખ્યું છે. એના પર વિશેષ વિવેચનની અપેક્ષા નથી. એના સ્રવતાં દ્વારો અને એનાં વર્ણનો વાંચીને પણ જો પ્રાણીની આંખો ન ઉઘડે તો તો પછી નશીબની વાત છે.

जैन साइट JAINSITE.com

એક—બે બાબત પર ખાસ ધ્યાન આપીએ. આ શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલ છે એ વાત તો થઇ. એની ઉત્પત્તિ વિચારતાં જ ખેદ થાય તેવું છે. ગર્ભવાસમાં નવ માસ સુધી ચારે તરફ રહેલા મળની વચ્ચે ઊંધે માથે લટકવું પડે છે એવું નિકૃષ્ટ જેનું ઉત્પત્તિસ્થાન હોય ત્યાં સુગંધીની આશા રાખવી એ તો વેળુમાંથી તેલની અપેક્ષા રાખવા બરાબર છે. આવા શરીરની પુષ્ટિ કરવી એ સુજ્ઞને શોભે તેવી વાત નથી, પણ એ ઉપરાંત એક ઘણી ધ્યાન આપવા જેવી વાત છે. એ શરીરમાં લાખો વ્યાધિઓ ભરેલા છે. ચામડીના વ્યાધિઓ, પેટના વ્યાધિઓ, ગર્ભાશયના વ્યાધિઓ, આંતરડાના વ્યાધિઓ, છાતીના વ્યાધિઓ, હૃદયના વ્યાધિઓ, નાકના, ગળાના, મ્હોંના, આંખના, કાનના, માથાના વિગેરે વ્યાધિઓનો પાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. એ પાતળું પડે તો ક્ષયરોગની ચિંતા થાય છે, એ જાડું થઇ જાય તો પક્ષઘાત કે હૃદયના વ્યાધિની ચિંતા થાય છે, એને હાલતાંચાલતાં શરદી લાગી જાય છે, એને અનેક જાતના શસ્ત્રપ્રયોગો Operations કરાવવા પડે છે, એની અંદરની યંત્રવ્યવસ્થા એટલી ગુંચવણવાળી છે કે સેંકડો વ્યાધિઓનું એ ઘર છે અને એને અટકી જતાં, તરડાઇ જતાં અને ખલાસ થઇ જતાં વાર લાગતી નથી. કોઇ દમવાળાની પીડા જોઇ હોય તો ધમણ ચાલતી લાગે અને ઉધરસ ખાતાં કે બડખા પાડતા જોયા હોય તો ચીતરી ચઢે. આ વાત લંબાવીએ તો ક્યાં અટકવું તે સૂઝે તેમ નથી. આવી રીતે અનેક વ્યાધિનું ઘર એ શરીર છે અને તેને માટે અનેક ગ્રંથો લખાયા છે જે વૈદકીય ગ્રંથો કહેવાય છે, કોઇ એને આયુર્વેદ પણ કહે છે. શરીરના વ્યાધિઓ પર ગ્રંથો, એનો અભ્યાસ, એનો ધંધો અને એ સંબંધી આટલી વિચારણાઓ !

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ઉપરની ચામડી ન હોય તો આ શરીરની અંદર એક પણ વસ્તુ એવી નથી કે જેના ઉપર મોહ થાય. એના કયા વિભાગને ઉઘાડ્યો હોય તો પ્રાણી થુથુ ન કરે? એ જ એકલો પ્રશ્ન રહે છે અને છતાં મોહરાજાએ આને એવો તો દારૂ પાયો છે કે એ એને ચુંબનો ભરવા મંડી જાય છે! એ એના સ્પર્શમાં સુખ માને છે. એના અભિષ્વંગમાં લીલા કરે છે. એ જ ઘડીએ જો ઉપરની ચામડી ખરી પડે તો આ ભાઇશ્રી ત્યાં એક મિનિટ પણ ઊભો રહે ખરો? અને એનું નામ જ કેફ, એ જ મોહની મદિરા, એ જ વિવેકબુદ્ધિનો નાશ ! કોઈ વખત માંદા માણસ પાસે જવાનું થાય અને તેને ઉધરસ આવતી હોય, પાસે બડખા નાખવાનું વાસણ પડયું હોય, આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખતે મનમાં શો વિચાર આવે છે? દુર્ભાગ્યે એવા વખતના વિચારો કાયમ રહેતા નથી એટલે આ પ્રાણી પાછો ધંધે વળગી જાય છે અને પોતાને જાણે એવા શરીર સાથે સંબંધ જ નથી એવી બેદરકારીમાં દોડ્યો જાય છે.

આખા શરીરની રચના જુઓ! એની અંદર નાડીઓ, લોહીનું વહન, શિરાઓ વિગેરેનો વિચાર કરો. આંતરડાના મળનો ખ્યાલ કરો અને સારામાં સારા અન્ન, દૂધ અને પાણીની થતી અવદશા વિચારપૂર્વક ધ્યાન પર લો તો ઘણો મોહ ઓસરી જાય તેમ છે. શરીરના પ્રત્યેક ભાગનો આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો બહુ જાણવા જેવું મળે તેમ છે એમાં કશો સંદેહ નથી.

એક બીજી વાત. આપણાં કપડાં દરરોજ શા માટે ધોવા પડે છે? શું એને બહારની રજ લાગે છે એટલા માટે જ? ના. શરીરમાં સાડાત્રણ કરોડ દ્વાર (રોમરાજી) છે. તે પ્રત્યેકમાંથી દુર્ગંધ અને અપવિત્ર રજ—પરસેવો વિગેરે નીકળે છે. એ સારામાં સારાં કપડાંને પણ અપવિત્ર બનાવે છે. એવા શરીરની આસનાવાસના કરવી કેમ પાલવે? અને એને ચાટવું તે વાત શોભાસ્પદ ગણાય ખરી! જે ખાધેલ ખોરાકને તુચ્છ બનાવે, વસ્ત્રોને મેલવાળાં બનાવે, લગાડેલ પદાર્થને દુર્ગંધવાળા બનાવે અને જરા પડે તો ખડી જાય, હાડકાં ભાંગે તો દિવસો સુધી પથારી કરાવે અને દરરોજ અનેક પ્રકારની ચાકરી માગે તેવા શરીરની સાથે કેમ કામ લેવું તે સમજણથી વિચાર કરવા જેવું છે.

આવી રીતે અનેક કારણે શરીર અપવિત્ર પદાર્થોથી ઉપજ્યું છે, અપવિત્ર પદાર્થો વચ્ચે વધ્યું છે, અપવિત્ર પદાર્થોથી



જૈન साइट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરેલું છે અને સારામાં સારા પદાર્થોને ખરાબ કરનારૂં છે એ વાત વિચારી શરીરની અપવિત્રતા ધ્યાવવી.

પણ આપણો પનારો એની સાથે પડ્યો છે, તો એનાથી કાંઇ લાભ લેવાય તો લઈ લેવો એ આપણું કર્તવ્ય છે; માટે હવે લેખક મહાશય કહે છે તેમ માનસનલિન—હૃદયકમળને ઉઘાડો અને ત્યાં અભેદ્ય મૂર્તિને સ્થાપી એને અપનાવો. **એ એટલે તમે પોતે.** શરીર તમારૂં નથી; તમે શરીર નથી. શરીર તમારી સાથે આવનાર નથી પણ ત્રણ કાળે **તમે પોતે તો તમે જ રહેવાના છો.** એનું એટલે તમારૂં પોતાનું કાંઇ સુધરે, કાંઇ માર્ગે ચઢવાનું થાય એવો રસ્તો કરો અને તે માટે અંતરથી સાચો વિચાર કરો. અત્યારસુધી ઉપર ઉપરથી તો ઘણી વાતો કરી છે અને કોઈવાર ચેતન ચેતન કરી સ્વને અને પરને ઠગ્યા છે. એમાં કાંઇ વળે નહિ. આ માર્ગે કાંઇ જયવારો થાય નહિ. હવે તો હૃદયકમળને ઉઘાડી ત્યાં જે અત્યારે મોહરાજા પેસી ગયો છે તેનો આખો મંડપ તોડી પાડો અને ત્યાં વિભુ પવિત્ર મહોમય ચેતનરાજને બેસાડો. એ રીતે એ શરીરનો પૂરેપૂરો લાભ લો. જે પદ્ધતિએ મલ્લિકુંવરીએ અધ્યાત્મવાદની સ્થાપના કરી લડાઇ અટકાવી અને પરણવા આવનાર છ રાજાઓને પ્રતિબોધ્યા, અનેકનો સંહાર અટકાવ્યો તે રીતે આ અપવિત્ર વસ્તુના પોટલાને એના સાચા આકારમાં ઓળખી ખૂબ આનંદ માણો અને જે કાયા અપવિત્ર—દુર્ગંછનીય પદાર્થોથી ભરેલી છે અને જે તમને વારંવાર ચિંતા કરાવી વૈદ્ય ડૉક્ટરના બીલ ભરાવે છે તેને જ મોક્ષદ્વાર બનાવો. આ મનુષ્યદેહ મોક્ષદ્વાર છે જ, પણ એને એ તરીકે અપનાવીએ તો, નહિ તો અનેક ભવ કર્યા છે તેમાં એકનો વધારો કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તણાઈ જવાશે. અને ક્યાં જવાનું થશે તે તો પ્રત્યેકે વિચારી લેવાનું છે. ત્યાં આ શરીર આવવાનું નથી એ પણ ચોક્કસ છે અને અહીં કરેલાં સારાં-ખરાબ કૃત્યો વિચારો કે ભાષાપ્રયોગો કાંઈ અહીં ને અહીં અટકી જાય એવી આશા રાખવી એ તો ફોકટ છે.

માટે કોઇ રીતે વિકાસ વધે, પ્રગતિ થાય, રસ્તો પ્રાપ્ત થાય તેવા માર્ગો આદરી, આ શરીરનો લાભ લ્યો. વિકાસક્રમનો એવો મહિમા છે કે એક વખત જો ગાડું રસ્તે ચઢી જાય તો પ્રત્યેક પગલે આગળ ધપાય છે અને તે રસ્તો પ્રાપ્ત કરવા જેટલું સામર્થ્ય, આવરણ, અનુકૂળતાઓ, સગવડો એ સર્વ અત્ર લભ્ય છે. મલ્લિકુંવરીના મિત્રો વિચારશીલ હતા, રાજા હતા; વળી ગયા ભવમાં આત્મવિકાસ કરીને આવ્યા હતા. તેમણે શરીરનો ધર્મ સમજાતાં સાચો રસ્તો જોયો અને જોવાની સાથે જ ચેતી ગયા. આનું નામ વિકાસક્રમની પ્રાપ્તિનો લાભ કહેવાય.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

સનત્કુમાર મહાન્ ચક્રવર્ત્તી રાજા હતા. એને શરીર પર ખૂબ મોહ હતો. એનો ગર્વ પણ ખરો! પણ જ્યારે એણે દેવતા પાસેથી શરીરમાં વિકારો થયેલા જાણ્યા ત્યારે એ રડવા ન બેઠા. એણે છ ખંડ પૃથ્વી છોડી દીધી. સંયમ લઇ આરાધના કરી. ઔષધ કરવા આવનાર દેવવૈદ્યો પાસે અંતરના વ્યાધિની વાત કહી પણ બહારના વ્યાધિની દરકાર ન કરી અને અંતે એક માસની સંલેખના કરી ત્રીજે દેવલોકે ગયા. આનું નામ તે વિકાસદશા કહેવાય! કાંઇ શરીરનું અપવિત્રપણું વિચારી ગભરાઇ જવાનું નથી, સનત્કુમાર જેવું સામર્થ્ય વાપરી રસ્તે ચઢી જવા માટે આ ભાવના છે. એના જેટલું બળ ન હોય તો જેટલો બને તેટલો વિકાસ તો સાધવો એ ખાસ જરૂરી ગણાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે શરીરની અશુચિ સંબંધી વિચાર કરવા સાથે એનાથી શિવસાધન પ્રાપ્ત થાય છે એ પણ ધ્યાનમાં રાખવું. એના મોહમાં ન પડી જવું, એની ખાતર પડી ન મરવું અને એનો બનતો લાભ લેવો.

વિકાસક્રમ ( Evolution ) નો એક મુખ્ય નિયમ એ છે કે એને માર્ગે પડી જવાય તો કામ સુલભ થઇ જાય. અત્યારે તો અમદાવાદ જવું છે અને જી. આઇ. પી. ને માર્ગે ચાલ્યા જઈએ છીએ. એમાં માત્ર ગતિ થાય, પણ પ્રગતિ ન થાય. ધ્યાનમાં રાખવું કે સર્વ ગતિ એ કાંઇ પ્રગતિ નથી. વિચારપૂર્વક વિકાસનો માર્ગ હાથ કરવામાં આવે તો જરૂર પ્રગતિ થાય, તેથી વાત એ છે કે આ ભવમાં શિવ સુધી પહોંચી ન શકાય, તો પણ એને રસ્તે તો ચઢી શકાય. અને વિકાસક્રમ સુતરો કરવો એ તો શરીરપ્રાપ્તિનો ખરો ઉપયોગ છે. એ માર્ગપ્રાપ્તિમાં તરતમતા તો ઘણી છે, પણ જેટલું આગળ વધાય તેટલું લાભકારક છે. છેવટે પાછા ન હઠાય તો પણ લાભમાં ગણવું.

માટે શરીરની ખોટી લાલનાપાલના ન કરવી, એની અશુચિ અને ક્ષણભંગુરતા, એમાં અવિશ્વાસ્ય તથા વ્યાધિ-ગ્રસ્તત્વ વિગેરે વિચારવાં અને એની સાથે જ એનો લાભ લેવાના પ્રસંગને જરાપણ જતા ન કરવા. અશુચિ વિચારણા હકીકતરૂપે તદ્દન સત્ય અને તથ્ય છે. એનો ઉદ્દેશ બાહ્યભાવમાં ગૃદ્ધિ ઓછી કરાવી અંતરાત્મ દશામાં દાખલ થવાના સૂચવન-રૂપે છે. આ ભાવનાના આ બન્ને પ્રકાર વારંવાર ભાવવા. જળાશય મળ્યું છે, પાન કરતા આવડે તો પી લેવું. આવો અવસર ફરી-ફરીને મળશે નહિ, મળવો ઘણો મુશ્કેલ છે; માટે તેનો લાભ લેવો.

**ઈતિ અશુચિભાવના. ૬**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રીસકળચંદ્રજી ઉપાધ્યાયવિરચિત
## છઠ્ઠી અશુચિ ભાવના

( રાગ—કેદારો—ગોડી )

મંસ મળ મૂત્ર રૂધિરે ભર્યા, અશુચિ નરનારી દેહ રે;
વારૂણીકુંભપરે ભાવિયે, અંત દિયે જીવને છેહ રે. મં૦ ૧
અશુભ બહુ રોગ કફ નિતુ વહે, એ ભખે ભક્ષ્ય અભક્ષ્ય રે;
દેહને જાણ જોખમ ઘણા, દેહ બહુ જીવનો ભક્ષ્ય રે. મં૦ ૨

**ભાવાર્થ**—હે આત્મા ! સર્વ સ્ત્રી—પુરૂષોના શરીરો માંસ, મળ, મૂત્ર અને રૂધિર જે લોહી તદ્રૂપ અશુચિથી—અપવિત્ર પદાર્થોથી ભરેલા છે. તે દેહને મદિરાના ઘડા જેવો અપવિત્ર માન—સમજ. વળી એવો અપવિત્ર હોવા ઉપરાંત અંતે તે જીવને છેહ આપે છે અર્થાત્ તેનાથી જુદો પડી જાય છે. તેનું ગમે તેટલું લાલનપાલન કર્યા છતાં તે તો આયુસ્થિતિ પૂર્ણ થયે જીવને કહે છે કે—'તું મને છોડીને ચાલ્યો જા.' એવો એ કૃતઘ્ન છે.

વળી તે દેહ અશુભ છે, બહુ પ્રકારના રોગોથી ભરેલો છે અને તેમાંથી કફ વિગેરે અશુચિ પદાર્થો નિરંતર વહ્યા જ કરે છે. એમ છતાં આ જીવ તે દેહને પ્રસન્ન કરવા ભક્ષ્ય અભક્ષ્ય—ખાવા યોગ્ય કે ન ખાવા યોગ્ય અનેક પદાર્થોનું ભક્ષણ કરે છે—તેમાં વિવેક જાળવતો નથી; પરંતુ તું સમજજે કે આ દેહને માથે અનેક પ્રકારના જોખમો રહેલા છે અને તે દેહ અનેક જીવોનું ભક્ષ્ય બનવાનો છે. ૧—૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આશ્રવ ભાવના

## પૂર્વપરિચય:—

અહીં જરા ક્રમ ફેરવીને પ્રાથમિક વિવેચન કરવું આવશ્યક જણાય છે. પ્રથમની ૭ ભાવનામાં આપણે જીવ અને અજીવનો પોતાનો અને પરસ્પરનો સંબંધ વિચાર્યો. તેને અંગે અનિત્યતા અને અશુચિ ભાવનામાં લગભગ અજીવનો જીવના સંબંધી તરીકે વિચાર કર્યો. સંસારમાં જીવ અજીવનાં વિવર્તો જોયાં, જ્યારે અશરણ, એકત્વ અને અન્યત્વમાં ચેતનાના આવિર્ભાવો વિચાર્યા અને એના પૃથક્ પૃથક્ ચિત્રો જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી તપાસ્યા.

હવે પછીની ત્રણ ભાવનામાં આપણે કર્મના પ્રદેશમાં જઇએ છીએ. એ ભાવના ભાવતાં પહેલાં આપણે પ્રત્યેકનું સ્વરૂપ યથાસ્થાને વિચારીએ. હેતુઓને પ્રાપ્ત કરીને જીવથી જે કરાય તે 'કર્મ' **किरइ जीएण हेउहिं जेणंतो भन्नए कम्मं॥** કર્મબંધનના **હેતુઓને** પ્રાપ્ત કરીને જીવ **કર્મ** બાંધે છે. એ પરિણામ છે, એના કારણ 'હેતુ' છે. એ હેતુ જ્યાં હોય ત્યાં આત્મા તેટલાં પૂરતાં કર્મો એકઠા કરે છે. એ કર્મ પરમાણુઓના સ્કંધરૂપ છે, તે આત્મા સાથે ચોંટી જાય છે. એ ચોંટે તે વખતે એની ચાર બાબતો મુકરર થાય છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ: 'પ્રકૃતિ' એટલે એનો સ્વભાવ, એનું કાર્ય શું વિગેરે. 'સ્થિતિ' એટલે એ કેટલા વખત માટે છે. 'રસ' એટલે એનામાં ગાઢતા કેટલી છે અને 'પ્રદેશ' એટલે એ કર્મ કેટલી કર્મવર્ગણાનું—કર્મના પ્રદેશોનું બનેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે જે કર્મબંધ થાય છે તે બંધહેતુઓથી થાય છે. એ બંધહેતુઓ એટલે કર્મબંધનનાં કારણો. એના મુખ્ય ચાર પ્રકાર છે: મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

**મિથ્યાત્વ**—એટલે વસ્તુઓનું વિપરીત દર્શન. શુદ્ધ દેવ—ગુરૂ—ધર્મ ઉપર શ્રદ્ધાનનો અભાવ અને અન્ય તરફ આદર. સંશય, અભિનિવેશ અને વિપર્યય એ સર્વનો સમાવેશ મિથ્યાત્વમાં થાય છે. એ અજ્ઞાન છે અને વિવેક વગરના જ્ઞાનીને પણ શકય છે.

**અવિરતિ**—ત્યાગભાવ. દોષોથી પાછા હઠવાના નિશ્ચયનો અભાવ. પચ્ચખ્ખાણ રહિત દશા.

**કષાય**—ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા, સ્રીવેદ, પુંવેદ, નપુંસકવેદ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**યોગ**—મન—વચન—કાયાનું પ્રવર્તન.

આના અનેક ભેદ—ઉપભેદ છે. એ કર્મબંધનના હેતુઓ છે.

હવે આપણે આશ્રવની વાત કરીએ. જે માર્ગેએ કર્મો આવે, કર્મનું આશ્રવણ થાય તે રસ્તાઓને 'આશ્રવ' કહે છે. એક મોટા સરોવર—તળાવમાં પાણી આવવાનાં ગરનાળાંને આશ્રવ કહેવાય. એક મોટા મહેલમાં હવા આવવાના બારીબારણાં હોય તે આશ્રવ કહેવાય. એક પાણીનો અવાડો હોય અને તેમાં જે નળદ્વારા જળ આવે છે તે નળને આશ્રવ કહેવાય. એક કોઠારમાં અનાજ ભરાતું હોય અને બીજી બાજુ નીકળતું હોય એ ભરવાના માર્ગોને આશ્રવ કહેવાય. કર્મ આવવાના માર્ગોના નીચે પ્રમાણે વિભાગ પાડી શકાય છે. સંક્ષેપ વર્ણન જ અત્ર કરાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ **ઇંદ્રિય**—એનાં પાંચ પ્રકાર છે. સ્પર્શન, જીહ્વા, નાસિકા, ચક્ષુ અને કર્ણ. આ ઇંદ્રિયની રાગદ્વેષ યુક્ત પ્રવૃત્તિ એ આશ્રવ છે. ઇંદ્રિયોની પ્રવૃત્તિ રાગદ્વેષપૂર્વક હોય તો જ તે આશ્રવ થાય છે એ ખાસ ધ્યાનમાં રહે. એની પ્રવૃત્તિ રાગ–દ્વેષ વગરની હોય તો એ ગરનાળું બંધ થાય છે.

૨ **કષાય**—સંસારનો લાભ ( વૃદ્ધિ ) જેનાથી થાય તેવા ક્રોધ, માન, માયા અને લોભ. આ ચાર એના મુખ્ય ભેદ છે.

એની ગાઢતા પ્રમાણે એના વિભેદો પણ થાય છે અને તેમના પેટામાં હાસ્યાદિ નોકષાયોનો સમાવેશ થાય છે. કર્મનો રસ અને સ્થિતિ મુકરર કરવામાં આ કષાયો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

૩ **અવ્રત**—અવિરતિપણું. એના પાંચ વિભાગ છે.

( ક ) પ્રમાદથી થતો પ્રાણવધ તે **પ્રાણાતિપાત.**

( ખ ) અસત્ય ભાષણ તે **મૃષાવાદ.**

( ગ ) વગર દીધેલ વસ્તુ લેવી તે **અદત્તાદાન.**

( ઘ ) જાતીય સંબંધ. કામરાગથી સ્ત્રી–પુરૂષનો શરીર સંબંધ તે **મૈથુન.**

( ઙ ) સ્વામીત્વસ્થાપન, પદાર્થો ઉપર મૂર્છાવૃત્તિ એ **પરિગ્રહ.**

આ પાંચને અંગે ઘણો વિસ્તાર છે અને તે સમજવાની જરૂર છે. અવિરતિને કારણે પ્રાણી અનેક પાપો સમજણ વગર વહોરી લે છે.

૪ **યોગ**—મન, વચન, કાયા. એની પ્રવૃત્તિ શુભ અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશુભ. એ પ્રવૃત્તિથી કર્મોનું આગમન થાય છે. જેવી પ્રવૃત્તિ તેવાં કર્મ. રસબંધ અને સ્થિતિબંધમાં કષાય સાથે આ યોગો પણ એટલા જ ઉપયોગી ભાવ ભજવે છે.

આવી રીતે ૫ ઇંદ્રિયો, ૪ કષાયો, ૫ અવિરતિઓ અને ૩ યોગ એમ ૧૭ ભેદ થયા. અને નીચે ૨૫ ક્રિયાઓ બતાવીએ છીએ તે મળીને કર્મ આવવાનાં ૪૨ માર્ગો—રસ્તાઓ—ગરનાળાંઓ છે. એના ઉપવિભાગો તો પાર વગરના થાય અને વળી દરેકમાં તરતમતા પણ ઘણી હોય. હવે આપણે ૨૫ ક્રિયાઓને સમજી લઇએ.

**૨૫ ક્રિયાઓ**—( બહુ સૂક્ષ્મ દૃષ્ટિએ સમજવા યોગ્ય છે. )

૧. દુષ્ટભાવ યુક્ત થઇ કામવાસના વિગેરે માટે પ્રયત્ન કરવો—શરીરને અયતનાપૂર્વક પ્રવર્તાવવું તે '**કાયિકી** ક્રિયા.'

૨. હિંસાના સાધનોને ગ્રહણ કરવાં—તલવાર, બંદુક, બોંબ, ટોરપીડો વિગેરે તૈયાર કરવાં, વાપરવાં અને એની યોજના કરવી તે '**અધિકરણકી** ક્રિયા.'

૩. જે ક્રિયામાં દ્વેષ—ક્રોધને વિશેષ સ્થાન મળતું હોય તે '**પ્રાદોષિકી** ક્રિયા.'

૪. અન્યને હેરાન કરવાની—ત્રાસ આપવાની ક્રિયા તે '**પારિતાપનિકી** ક્રિયા.'

૫. જીવને મારી નાખવાની—તેના પ્રાણો જુદા કરવાની ક્રિયા તે '**પ્રાણાતિપાતિકી** ક્રિયા.' મરણ એટલે પાંચ ઇંદ્રિય, મન, વચન, કાયબળ, આયુ અને શ્વાસોશ્વાસ—તેનો આત્માને

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિયોગ કરાવવો તે. આત્મા મરતો નથી પણ પ્રાણુથી જુદો પડે છે તે ધ્યાનમાં રાખવું.

૬. નાના–મોટા આરંભ કરવા, ભાંગફોડ કરવી, છકાય જીવનો વધ થાય તેવી ઉત્પત્તિ કરવી–કરાવવી એ '**આરંભિકી** ક્રિયા.'

૭. ધનધાન્યાદિ પરિગ્રહ મેળવવો, રક્ષણ કરવું, તેના ઉપરની મૂર્છાને અંગે જે જે ક્રિયાઓ–આચરણો કરવામાં આવે તે '**પારિગ્રહિકી** ક્રિયા.'

૮. અન્યને ઠગવા માટે જે ક્રિયા કરવામાં આવે, જેમાં કપટ–માયાને મુખ્ય સ્થાન હોય તે '**માયાપ્રત્યયિકી** ક્રિયા.'

૯. મિથ્યાદર્શનમાં સવિશેષ સ્થિર થવાની ક્રિયા, કુદેવ, કુગુરૂ, કુધર્મમાં દૃઢ થાય તેવી ક્રિયા, સર્વ ધર્મ સરખા છે એવા અભિનિવેશ આદિથી જે ક્રિયા કરવામાં આવે તે '**મિથ્યાદર્શનપ્રત્યયિકી** ક્રિયા.'

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧૦. અવિરતિને કારણે ત્યાગ–પચ્ચક્ખાણ કર્યાં વગર ચલાવ્યા કરવાથી જે ક્રિયા લાગે, વિના કારણે દોષના ભાગી થવાય, સંયમવિઘાતક કર્મના ઉદયથી પાપવ્યાપારથી નિવૃત્ત ન થતાં જે ક્રિયા લાગે તે '**અપ્રત્યાખ્યાનિકી** ક્રિયા.'

૧૧. રાગપૂર્વક અશ્વ, સ્ત્રી કે અજીવ પદાર્થોને જોવા તે '**દ્રષ્ટિકી** ક્રિયા.'

૧૨. રાગપૂર્વક અન્ય વસ્તુનો સ્પર્શ કરવો, સ્ત્રીનો સ્પર્શ કરવો, બાળકના ગાલનો સ્પર્શ કરવો, ઘોડાને પંપાળવો વિગેરે '**સ્પૃષ્ટિકી** ક્રિયા.'

૧૩. જીવ અજીવ પર રાગ–દ્વેષ થાય અથવા અન્યનું ઐશ્વર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઇ અસૂયા થાય અથવા સ્વીકૃત અધિકરણને લઇને ક્રિયા થાય તે '**પ્રાતિત્યકી** ક્રિયા.'

૧૪. '**સામંતોપનિપાતિકી**' ક્રિયાના બે અર્થ સંભવે છે.

સર્વ દિશાઓએથી આવનાર જનારને ઉપતાપન થાય તેવી ક્રિયા. દાખલા તરીકે જાહેર રસ્તા પર મળમૂત્રાદિ કરવા, અથવા ઘી તેલનાં ભાજન ઉઘાડાં મૂકી દેવાં, તેમાં જીવો પડે તેથી દોષ લાગે. Public nuisance નો અહીં સમાવેશ થાય છે.

૧૫. પાપી પ્રવૃત્તિ માટે અનુમોદના આપવી, રાજાના હુકમથી શસ્ત્ર ઘડાવવાં, તળાવો ખોદાવવાં એ '**નૈસૃષ્ટિકી**-અથવા **નિસર્ગિકી** ક્રિયા.'

૧૬. બીજાને કરવાનું કામ હોય તે ક્રોધ કે અભિમાનથી પોતાને હાથે કરવું, નોકરનું કામ કરવા લાગવું એ '**સ્વહસ્તકી** ક્રિયા.'

૧૭. જીવ અજીવને હુકમ કરી કાંઇ મંગાવવું અથવા તીર્થંકરદેવની આજ્ઞાની વિરૂદ્ધ પ્રરૂપણા કરવી તે '**આજ્ઞાપનિકી** અથવા **આનયનિકી** ક્રિયા.'

૧૮. જીવને વિદારવા અથવા અન્યનાં પાપને જાહેરાત આપવી, અન્યની પૂજાનો નાશ કરવો તે '**વિદારણિકી** ક્રિયા.'

૧૯. ઉપયોગ રહિતપણું તે અનાભોગ. શૂન્યચિત્તે વસ્તુ લેવી મૂકવી, જોયા સાફ કર્યા વગરની જગ્યાએ શરીરને રાખવું તે '**અનાભોગિકી** ક્રિયા.'

૨૦. શાસ્ત્રમાં કહેલી વિધિનો અનાદર કરવો અથવા ધૂર્ત-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તાનો આશ્રય લઈ આલોક પરલોક વિરૂદ્ધ આચરણ કરવું તે '**અનવકાંક્ષાપ્રત્યયિકી** ક્રિયા.'

૨૧. મન–વચન–કાયાના યોગોની સકષાય પ્રવૃત્તિ કરવી–દ્રોહ, ઈર્ષા, અભિમાન, મનોવ્યાપાર, હિંસાપ્રેરક જૂઠો વાગ્-વ્યાપાર, ચાલવું દોડવું તે કાયવ્યાપાર–તેથી થતી ક્રિયા તે '**પ્રાયોગિકી** ક્રિયા.'

૨૨. ઇંદ્રિયોની પ્રવૃત્તિ એવા જોસપૂર્વક કરે કે જેથી આઠે કર્મો એક સાથે તીવ્રપણે બંધાય તે '**સામુદાનિકી** ક્રિયા.'

૨૩. માયા અને લોભથી પ્રેરાઈ રાગવચન બોલે, રાગની વૃદ્ધિ કરે તે '**પ્રેમકી** ક્રિયા.'

૨૪. ક્રોધ અને માનથી ગર્વવચન બોલી દ્વેષ ઉપજાવે તે '**દ્વેષકી** ક્રિયા.'

૨૫. માત્ર કાયાના હલનચલન વિગેરે પ્રવૃત્તિથી જે ક્રિયા લાગે તે '**ઇરિયાપથિકી** ક્રિયા.' આ ક્રિયા અપ્રમત્ત સાધુ તથા કેવળીને પણ લાગે.

આ પ્રમાણે આશ્રવની હકીકતનો ખ્યાલ સ્પષ્ટ કરવા કહ્યું. એ કર્મને લાવવાના ધોરી માર્ગો છે, મોટાં ગરનાળાં છે અને તે દ્વારા શુભ તથા અશુભ બંને પ્રકારનાં કર્મો આવી, તેલ ચોળેલા શરીર પર જેમ રજ લાગે છે તેમ તે કર્મો આત્મા સાથે ચોંટી જાય છે. શુભ કર્મો પણ ભોગવ્યા વગર ચાલતું નથી. એના ઉદય–વિપાકને પુણ્ય કહેવામાં આવે છે. એ સોનાની બેડી જેવાં છે પણ એનું સુવર્ણત્વ વિચારમાં રાખવાનું નથી, એનું બેડીત્વ–શૃંખલાત્વ લક્ષ્યમાં રાખવા જેવું છે. પચીશે ક્રિયાઓનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂક્ષ્મ નજરે વિચાર કરવામાં આવશે તો તે દરેકમાં મન–વચન–કાયાના યોગો અને કષાયો ખૂબ કામ કરતાં દેખાશે અને એક રીતે વિચારીએ તો એ નાનાં ગરનાળાંઓ અંતે યોગ અને કષાયના મોટાં ગરનાળામાં થઈને સરોવરમાં કર્મપ્રવાહની ભરતી કરે છે. આ આશ્રવોને ખૂબ સમજવાની જરૂર છે. એનો બાહ્ય અને અંતર વ્યાપાર બરાબર ખ્યાલમાં લીધા વગર આ ભાવના ભાવી શકાય તેમ નથી. આ પ્રાણી આ આશ્રવમાં રાચ્યોમાચ્યો રહે છે અને એની પ્રત્યેક ક્રિયા પ્રાયઃ આશ્રવરૂપ થઇ જાય છે. તેનાથી કેવી રીતે ચેતવું તે એની ભાવના છે. અહીં તો આશ્રવ સમજવા પૂરતી હકીકત ઉપોદ્ઘાતરૂપે લખી છે. એની ભાવના માટે લેખકશ્રી સાથે ચાલીએ અને સહજ વક્તવ્ય આ પ્રકરણની આખરે કરવા ઇચ્છા રાખી, હવે ગ્રંથકર્તા સાથે પૂર્વ પદ્ધતિએ આગળ વધીએ.

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૭ મું.

## આશ્રવભાવના

॥ भुजंगप्रयातं ॥

यथा सर्वतो निर्झरैरापतद्भिः, प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।
तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी, भवेद्व्याकुलश्चञ्चलः पङ्कि-
लश्च ॥ क १ ॥

॥ शार्दूलविक्रीडित ॥

यावत्किञ्चिदिवानुभूय तरसा कर्मेह निर्जीर्यते,
तावच्चाश्रवशत्रवोऽनुसमयं सिञ्चन्ति भूयोऽपि तत् ।
हा कष्टं कथमाश्रवप्रतिभटाः शक्या निरोद्धुं मया,
संसारादतिभीषणान्मम हहा मुक्तिः कथं भाविनी ॥ ख २ ॥

॥ प्रहर्षणी ॥

मिथ्यात्वाविरतिकषाययोगसंज्ञा-
श्चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभि-
र्बध्नन्तो भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥ ग ३ ॥

॥ रथोद्धता ॥

इन्द्रियाव्रतकषाययोगजाः पञ्च पञ्च चतुरन्वितास्त्रयः ।
पञ्चविंशतिरसत्क्रिया इति नेत्रवेदपरिसंख्ययाप्यमी ॥ घ ४ ॥

॥ इंद्रवज्रा ॥

इत्याश्रवाणामधिगम्य तत्त्वं निश्चित्य सत्त्वं श्रुतिसन्निधानात् ।
एषां निरोधे विगलद्विरोधे सर्वात्मना द्राग्यतितव्यमात्मन् ।ङ ५।

* આ શ્લોકના કઠણ શબ્દની નોટ ગેયાષ્ટક પછી આપેલી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क ૧. જેવી રીતે ચારે તરફથી આવતાં નિઝરણાઓ દ્વારા એક સરોવર પાણીથી તુરત ભરાઇ જાય છે તેમજ આ પ્રાણી આશ્રવોદ્વારા કર્મોથી ભરાઈ જાય છે અને પછી તે આકુળ-વ્યાકુળ થાય છે, અસ્થિર થાય છે અને મેલવાળો થાય છે.

ख ૨. જ્યાં જેમ તેમ ઉતાવળ કરીને જરા જરા થોડાં કર્મોને ભોગવીને અહીં એને છૂટા કરીએ છીએ ત્યાં તો આશ્રવરૂપ શત્રુઓ પ્રત્યેક સમયે બીજાં કર્મોથી ફરીવાર સીંચીને ( મને ) ભરી મૂકે છે. આ તો ભારે આપત્તિ થઇ ! મારે તે આ આશ્રવ શત્રુઓનો વિરોધ કેવી રીતે કરવો ? અને આ ભયંકર સંસારમાંથી મારો છૂટકો—મારી મુક્તિ કઇ રીતે થવાની ?

ग ૩. પ્રવર પુણ્યશાળી મહાપુરૂષોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ નામના ચાર આશ્રવો કહ્યાં છે, બતાવ્યા છે. એ સુપ્રસિદ્ધ આશ્રવોદ્વારા દરેક સમયે કર્મોને બાંધીને પ્રાણીઓ ખોટા ભૂલાવાને વશ થઇ ( સંસારમાં ) રખડે છે.

घ ૪. ( એ આશ્રવો ) ઇંદ્રિય, અવ્રત, કષાય અને યોગમાંથી ઉત્પન્ન થાય છે. એ પ્રત્યેકની સંખ્યા અનુક્રમે પાંચ, પાંચ, ચાર અને ત્રણ છે અને પચીશ અસત્ક્રિયા સાથે મેળવતાં એની કુલ સંખ્યા બેંતાળીશની થાય છે.

ङ ૫. એ પ્રમાણે આશ્રવોનું તત્ત્વ જાણીને અને શાસ્ત્રાભ્યાસથી સત્ત્વનો ( શક્તિનો ) નિરધાર કરીને હે આત્મન્ ! એમના ( આશ્રવોના ) વિરોધ વગરના નિરોધ માટે સર્વ પ્રકારનો ઉદ્યમ કરીને જલદી સખ્ત પ્રયાસ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## गेयाष्टक*

परिहरणीया रे, सुकृतिभिराश्रवा,
हृदि समतामवधाय ।
प्रभवन्त्येते रे, भृशमुत्शृङ्खला,
विभुगुणविभववधाय ॥ परि० ॥ १ ॥

कुगुरुनियुक्ता रे, कुमतिपरिप्लुताः,
शिवपुरपथमपहाय ।
प्रयतन्तेऽमी रे क्रियया दुष्टया,
प्रत्युत शिवविरहाय ॥ परि० ॥ २ ॥

अविरतचित्ता रे, विषयवशीकृता,
विषहन्ते विततानि ।
इहपरलोके रे, कर्मविपाकजा–
न्यविरलदुःखशतानि ॥ परि० ॥ ३ ॥

करिझखमधुपा रे, शलभमृगादयो,
विषयविनोदरसेन ।
हन्त लभन्ते रे, त्रिविधा वेदना,
बत परिणतिविरसेन ॥ परि० ॥ ४ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. પોતાનું શ્રેય ઇચ્છનાર સમજુ પ્રાણીઓએ કર્મબંધનના હેતુભૂત આશ્રવોને, હૃદયમાં સમતા ધારણ કરીને, છોડી દેવા જોઇએ–તજી દેવા જોઇએ. એને જો મોકળા મૂકી દીધા હોય તો તે સર્વવ્યાપી ગુણરૂપ મહાન્ વૈભવનો સારી રીતે–તદ્દન નાશ કરનારા થાય છે.

૨. ( મિથ્યાત્વ ) કુગુરૂઓએ પ્રવર્તાવેલા–યોજેલા પ્રાણીઓ અથવા પોતાની કુમતિથી ચંચળ થયેલા પ્રાણીઓ મોક્ષનો સાચો માર્ગ છોડી દઇને અશુદ્ધ ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે અને ઊલટા મોક્ષનો વિરહ વધારનારા બને છે.

૩. ( અવિરતિ ) ત્યાગ તરફ જેનું ચિત્ત લાગેલું નથી તેવા ( અવિરત ) પ્રાણીઓ ( ઇંદ્રિયના ) વિષયોને વશ પડીને આ લોકમાં અને પરલોકમાં કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલા મહાન્ સેંકડો દુઃખો નિરંતર સહન કરે છે.

૪. ( ઇંદ્રિય ) હાથી, માછલું, ભમરો, પતંગિયું અને હરણ વિગેરે વિષયવિલાસના પ્રેમને લીધે અહાહા ! અનેક પ્રકારની વેદનાઓ સહન કરે છે અને એ વિનોદરસ પરિણામે ભારે આકરો થઇ પડે છે.

---

* એનો મારૂ રાગ છે. ત્રીજી ભાવના એણી પરે ભાવીએ રે–એ રાગમાં જરા લ્હેંકો ફેરવવો પડશે. ‘ ત્રીજી ભાવના રે ’ એમ બોલીએ તો આ અષ્ટકનો રાગ આવી જશે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उदितकषाया रे, विषयवशीकृता,
यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे, नियतमनन्तशो,
जन्मजरामरणेषु ॥ परि० ॥ ५ ॥

मनसा वाचा रे, वपुषा चञ्चला,
दुर्जयदुरितभरेण ।
उपलिप्यन्ते रे, तत आश्रवजये,
यततां कृतमपरेण ॥ परि० ॥ ६ ॥

शुद्धा योगा रे, यदपि यतात्मनां,
स्रवन्ते शुभकर्माणि ।
काञ्चननिगडांस्तान्यपि जानीयात्,
हतनिर्वृतिशर्माणि ॥ परि० ॥ ७ ॥

मोदस्वैवं रे, साश्रवपाप्मनां,
रोधे धियमाधाय ।
शान्तसुधारसपानमनारतं,
विनय विधाय विधाय ॥ परि० ॥ ८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. ( કષાય ) જેનામાં કષાયોની જાગૃતિ થઈ જાય છે તેવા પ્રાણીઓ કોઈપણ વિષયને વશ પડી જઈને મહાનરકમાં જાય છે અને કોઇપણ જાતના અપવાદ વગર અનંત જન્મ–જરા–મરણમાં રખડપાટીએ ચઢે છે.

૬. ( યોગ ) મનથી, વાણીથી અને શરીરથી ચપળ પ્રાણીઓ મહા આકરા પાપના ભારથી ભારે થઈને કર્મરૂપ કાદવથી ચારે તરફ ખરડાઇ જાય છે. તેટલા માટે આશ્રવ ઉપર જય મેળવવાનો પ્રયત્ન કર. બીજા કામથી સર્યું.

૭. સંયમવાન વિશુદ્ધ આત્માઓના શુદ્ધ યોગો ( મન–વચન–કાયા ) સારાં ( શુભ ) કર્મોને સ્રવાવે છે–મોકલી આપે છે તેને પણ સોનાની બેડીઓ જાણવી. એ શુભ કર્મો પણ મોક્ષના સુખનો પ્રતિબંધ કરે છે.

૮. હે વિનય ! આશ્રવરૂપ પાપાત્માનો રોધ કરવામાં બુદ્ધિને રોકીને અને વારંવાર અનેક વખત **શાંતસુધારસનું** પાન કરી કરીને ( એ પ્રકારે ) આનંદ પામ–લહેર કર.

Jain Site .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રારંભના પાંચ શ્લોકના કઠણ શબ્દના અર્થ

क १. **सर्वतः** સર્વ બાજુઓથી, દિશાવિદિશા આદિ. **निर्झर** નિર્ઝરણાં. પર્વતમાંથી વહેતાં પાણી, ધોધો, નીકો વિગેરે સર્વ. **सम्भृत** ભરાયેલો, બંધાયેલો. **व्याकुल** (૧) પીડાથી મુંઝાયલો પ્રાણી (૨) પાણીથી સંક્ષુબ્ધ સરોવર. **चञ्चल** (૧) અસ્થિર પ્રાણી (૨) સરોવર પક્ષે હાલતુંચાલતું. **पंकिल** (૧) કર્મમળથી લેપાયલો પ્રાણી (૨) કચરા કાદવવાળું સરોવર. આ ત્રણે શબ્દો શ્લેષ છે. પ્રાણી અને સરોવર બન્નેને લાગુ પડે છે.

ख २. **किञ्चिदिव** કાંઇ કાંઇ જેવું. સહજ. **तरसा** ઉતાવળથી. **निर्जीर्यते** ભોગવીને દૂર કરાય છે. **समय** કાળસૂક્ષ્મ વિભાગ. **निरोद्धुं** સામા થવાને. **मुक्ति** છૂટકારો-મોક્ષ. **भाविनी** થવાની.

ग ३. **सुकृति** નશીબદાર, પુણ્યશાળી, ભાગ્યવાન. **प्रदिष्टाः** કહ્યા, બતાવ્યા. **स्फुट** પ્રસિદ્ધ. **भ्रम** ભ્રાંતિ.

घ ४. **अव्रत** અવિરતિ. **असत्क्रिया** ૨૫ ક્રિયા ( ઉપર જુઓ ) **नेत्र** આંખ. બેની સંખ્યા. **वेद** ચાર વેદ. ચારની સંખ્યા. સંખ્યા ઉલટી લેવી. એટલે ૪૨ થશે.

ङ ५. **तत्त्वं** પરમાર્થ. **सत्त्वं** સામર્થ્ય-શક્તિ. **श्रुति** શાસ્ત્રાભ્યાસ. **विगलत् विरोधं** જે કાર્યમાં વિરોધ resistance ન રહે—ગમી જાય તે રીતે. **सर्वात्मना** સર્વ ઉદ્યમે. સર્વ રીતે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગેયાષ્ટકની નોટ—

૧. **परिहरणीया**—તજી દેવા યોગ્ય. હેય વર્ગના. **सुकृति**—નશીબદાર. પંડિત, સમજુ. **भृशं**—ખૂબ—સારી રીતે. **उच्छृंखला**—બેડી વગરના, છોડી દીધેલાં, છૂટા કરેલા. **विभु** સર્વવ્યાપી ( જ્ઞાન—દર્શનાદિ ). **वध**—નાશ—વિનાશ.

૨. **नियुक्ता**—યોજાયલા—પ્રવર્તેલા. **परिप्लुत**—ચંચળ થયેલા. **दुष्टया**—દોષવાળી—અશુદ્ધ. **प्रत्युत**—ઉલટા.

૩. **अविरत**—વિરતિ—પચ્ચખ્ખાણ—ત્યાગમાં મન વગરના. પચ્ચખ્ખાણ વગરના. **विषहंते**—સહે છે, ખમે છે. **विततानि**—વિસ્તીર્ણ. **विपाक**—પરિપાક, પરિણામ, પાકી જવું તે. **अविरल**—આંતરા વગર, નિરંતર. **शतानि**-સેંકડો, અનેક.

૪. **झस**—માછલું. Fish. **वेदना**—દ્વિતીયાનું બહુવચન છે. **परिणति**—**विरसेन**—એ વિનોદ રસનું વિશેષણ છે. પરિણામે ભારે, આકરા પડી જાય તેવા.

૫. **उदित**—જાગૃત. માર્ગ આપેલ. **विषय**—ક્રોધ ઇંદ્રિયોના વિષય Subject matter. **नियतं**—ચોક્કસ.

૬. **चञ्चल**—ચપળ. **दुरितमर**—પાપનો બોજો. **उपलिप्यते**—ચારે તરફ ખરડી નાખે છે. **कृतमपरेण**—બીજી વાતથી સર્યું, બીજું કામ રહેવા દે.

૭. **यतात्मनां**-જે પોતાના આત્માને યોજી રહેલ હોય તેને—સંયત પુરૂષને. **स्रवंते**—Percolates. મોકલે. **निगड**—પગે બાંધેલી બેડી. **निवृत्ति**-મોક્ષ. **हत**—આનું વિશેષ્ય શુભકર્માણિ છે,

૮. **मोदस्व**—પ્રમોદ કર. આનંદ ભોગવ. મજા કર. **आश्रवपाप्मन्**—આશ્રવરૂપ પાપાત્માઓ. આશ્રવો. **धियं**—બુદ્ધિને. **विधाय विधाय**—કરી કરીને—વારંવાર કરીને. **अनारतं**—આંતરા વગર ( નૈરંતર્ય યોગના અર્થમાં ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(क. १.) આશ્રવનું પૂર્વ પરિચયમાં આપણે સ્વરૂપ વિચાર્યું. એ કર્મને આવવાની પ્રનાલિકા છે, મોટા નળો છે, વિસ્તીર્ણ ગરનાળાં છે. એક મોટા સરોવરની કલ્પના કરીએ: તાનસા જેવું અથવા બોળતળાવ જેવું સરોવર હોય, એની ચારે બાજુએ પર્વતો હોય, મોટો વરસાદ પડતો હોય અને ઢોળાવ એવી જાતનો હોય કે સર્વ જળ સરોવરમાં આવતું હોય. મારમાર વરસાદ પડતો હોય ત્યારે એ સરોવર થોડા વખતમાં ભરાઈ જાય એમાં કાંઇ નવાઇ નથી. કોઇવાર છલકાઈ પણ જાય.

એવી જ રીતે આશ્રવો–ઈંદ્રિય, કષાય, અવિરતિ, યોગો અને અસત્ક્રિયાઓને કોઈ જાતના પ્રતિબંધ વગર મોકળા મૂકયા હોય તો તે કર્મોથી પ્રાણીને ભરી દે છે. પ્રત્યેક આશ્રવ એવા ભયંકર છે કે એનું ગરનાળું ઉઘાડું મૂક્યું હોય તો ધડાધડ પાણીથી ભરચક્ક કરી મૂકે છે. એમ ગરનાળાંને બારણાં હોય છે અને તે બંધ કરી શકાય છે. તેની હકીકત આગળ આઠમી ભાવનામાં વિચારવાની છે. અત્ર તો એ ગરનાળાંને ખુલ્લાં મૂકયાં હોય ત્યારે પ્રાણીની કેવી દશા કરે છે તે પ્રસ્તુત હકીકત છે. એને માટે ત્રણ વિશેષણો લેખકશ્રીએ બતાવ્યાં છે, તે ત્રણે ખૂબ વિચારવા જેવાં છે. એનાથી પ્રાણી વ્યાકુળ, ચંચળ અને પંકિલ થાય છે. આપણે તે વિચારીએ. એ શબ્દો શ્લેષ (દ્વિઅર્થી) હોઈ સરોવરને પણ લાગુ પડે છે તે ધ્યાનમાં રાખવું.

'વ્યાકુલ' કર્મો જ્યારે ખૂબ મોટી સંખ્યામાં આવી પડે છે ત્યારે પ્રાણી અત્યંત વિહ્વળ થઈ જાય છે, એ હાવરોબાવરો બની જાય છે, કર્મના ભારથી ભારે થાય છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગામી પીડાની નજરે અત્યંત વિહ્વળ થાય છે એ એની આકુળતા છે. સરોવરમાં પાણી ભરાય ત્યારે તે પણ ખૂબ હાલતુંચાલતું કલ્લોલવાળું થઇ જાય છે. આશ્રવો પ્રાણી અને સરોવરને વ્યાકુળ બનાવે છે.

આશ્રવના જોરથી પ્રાણી 'ચંચળ' થાય છે. સ્થિરતાનો અભાવ એ ચંચળપણું છે અને આશ્રવો એને એક ઠેકાણું સ્થિર રહેવા દેતા નથી. ભવોભવમાં ભ્રમણ કરાવનાર એ કર્મો અસ્થિરતાને ખાસ પોષે છે. નવા જળના આગમનથી સરોવર કેટલું ચંચળ થાય છે, તે તો આપણી દૃષ્ટિનો વિષય છે. પાણી હાલકલોલ થઇ જાય છે.

વળી આશ્રવોના જોરથી પ્રાણી 'પંકિલ'–મળવાળું થાય છે. કર્મ મેલ જ છે. એ શુદ્ધ સ્ફટિક આત્માને મેલો બનાવે છે અને એનું શુદ્ધ સ્વરૂપ બગાડી નાખે છે. સરોવરમાં નવું પાણી આવે ત્યારે રગડો થાય છે, ધૂળ–માટી સાથે મળેલ પાણી સરોવરને કાદવકચરાવાળું કરે છે. નવું પાણી રગડાવાળું જ આવે છે, એ અશાડ માસમાં નળના પાણીના જોનારને સમજાવવું પડે તેવું નથી.

આવી રીતે આશ્રવોને મોકળા મૂકી દીધા હોય ત્યારે તે આ ચેતનને ચારે બાજુએથી ભરી મૂકી એની મૂળ સ્થિતિમાં મહાવિપર્યાસ કરી મૂકે છે. ખ્યાલમાં રાખવું કે કર્મ શુભ કે અશુભ ગમે તેવાં હોય તો પણ તે પૌદ્ગલિક છે અને આત્મા અરૂપી, નિરંજન, નિરાકાર એના મૂળ સ્વરૂપે છે. આશ્રવો આ પ્રકારે ચેતનજી ઉપર અસર કરે છે. સારાં કે ખરાબ સર્વ કર્મો ભોગવવાં જ પડે છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૨. ) આપણાં પ્રત્યેક કાર્યમાં કોઇ ને કોઇ અસત્ક્રિયા લાગે છે, યોગો પ્રવૃત્તિ કર્યા જ કરે છે, કષાય-નોકષાયની ધમાલ ચાલ્યા જ કરે છે અને અનેક બાબતમાં અવિરતિપણું હોય જ છે.

આંખ મીંચીને ઉઘાડીએ તેમાં અસંખ્ય સમય થાય છે. પ્રકાશ ( Light ) એક સેકન્ડમાં ૧૮૦૦૦૦ માઇલ ચાલે છે. વીજળી એક સેકન્ડમાં ૨૮૨૦૦૦ માઇલ ચાલે છે. પ્રત્યેક પ્રદેશ પર તે પસાર થઇ જાય છે. એટલે સમય કેટલો નાનો હોઇ શકે તે આ વિજ્ઞાનના યુગમાં સમજવું મુશ્કેલ નથી. એવા પ્રત્યેક સમયે પ્રાણી જે ક્રિયા કરે છે તે અનુસાર તે શુભ અથવા અશુભ કર્મ બાંધે છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પ્રાણીનો આખો વખત વિચારીએ. તેનું મન વિચાર કર્યા કરે છે, મુખ બોલ્યા કરે છે, શરીર કામ કર્યા કરે છે, કષાયો-મનોવિકારો અંદરથી ઉછળ્યાં જ કરે છે. આવી રીતે એ અનેક કારણે કર્મોને એકઠાં કર્યાં જ કરે છે અને તેને આત્મા સાથે જોડ્યા જ કરે છે.

મોટી વિચારવા જેવી વાત છે. ગ્રંથકર્ત્તા પોતે જ આ મુશ્કેલી બતાવે છે. તેઓ કહે છે કે મહામુશીબતે કર્મનાં ફળનો અનુભવ કરીને થોડાં કર્મો ખેરવી નાખું છું ત્યાં તો આશ્રવ શત્રુઓ પ્રત્યેક સમયે આ પ્રાણીને કર્મથી સીંચી દે છે, એને ભરી મૂકે છે. એક દાખલો લઇએ. કર્મના જોરથી પ્રાણીને તાવ આવે, એ તાવ ભોગવે અને તેમ કરીને તાવ આવવાનાં કર્મોને જીર્ણ કરીને ( ભોગવીને ) દૂર કરે, પણ એ દરમ્યાન તો અસંખ્ય સમયો થઇ જાય અને પ્રત્યેક સમયે શુભાશુભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મો બંધાયા જ કરે. ત્યારે આ તો જરા હળવા થવાનું બની આવે ત્યાં તો પાછું એક બીજી બાજુનું ગરનાળું ઉઘડી જાય છે. તળાવમાં આવક તો ચાલુ જ રહે છે. ઘણીખરી વખત જાવક કરતાં આવક વધારે થાય છે. આ તો ભારે આપત્તિની વાત થઈ. સારાં-ખરાબ કર્મો તો વધ્યાં જ કરે છે અને આત્મા ભારે થતો જાય છે.

એમાં મોટી ગુંચવણની વાત એ છે કે આ આશ્રવો-ગરનાળાંઓને કેવી રીતે બંધ કરવાં? એ આશ્રવ શત્રુઓ સામે કઇ રીતે થવું? અને આ પ્રમાણે ચાલે તો મુક્તિ કેવી રીતે થાય? એક બાજુએથી ઘટાડો અલ્પ થાય અને નવી આવક ચાલુ રહે તો તેમાંથી છૂટકારો ક્યારે થાય? અને આ આવક શી રીતે અટકે?

આવી મોટી ગુંચવણવાળો પ્રશ્ન છે અને એ એટલો આકરો છે કે એનો જવાબ આપતાં કોઇ પણ સંસારી જીવ મુંઝાઇ જાય તેમ છે. એશઆરામમાં જીવન ગાળનાર, ઉપરચોટીઆ ધર્માનુષ્ઠાન કરનાર, સંસારને વિલાસનું સ્થાન માનનાર, વ્યાપાર અને ધનને જિંદગીનો છેડો માનનાર, નાની દુનિયાની પ્રશંસામાં રાચી જનાર, આખો વખત ઉશ્કેરાયલી સ્થિતિમાં જીવન ગાળનાર, આત્માની સાથે બે-ચાર ઘડી વાત પણ ન કરનાર, બહિરાત્મભાવમાં રમણ કરનાર આપણામાંના ઘણાખરાને આ પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ છે, મુંઝવી નાખે તેવો છે. આશ્રવોનાં દ્વારો ખુલ્લાં મૂક્યાં હોય તો તો કોઇ રીતે આરો આવે અને આ કર્મની ઝડપમાંથી મુક્તિ મળી શકે તેવું જણાતું નથી. આશ્રવો આ પ્રાણીની સાથે એવી રીતે લાગી ગયા છે કે એનું થાળું ભરાયા જ કરે છે.

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગુંચવણવાળા પ્રશ્નનો ઉત્તર શક્ય છે. આવતી બે ભાવનામાં એનો જવાબ આપશું, પણ આશ્રવનો વિચાર કરતાં તો આ પ્રાણી મુંઝાઈ જાય તેમ છે. જ્યારે શુભ અશુભ સર્વ કર્મોનો નાશ થાય ત્યારે મુક્તિ–મોક્ષ થાય, પણ અહીં તો થોડાં દૂર કરીએ તેટલા વખતમાં તો પાછા ભરાતાં જઈએ છીએ. ટાંકી ખાલી કરવા માંડી તેની સાથે આવકનો નળ પણ ઉઘાડો હોય ત્યાં પત્તો ક્યાં ખાય ?

વસ્તુસ્વરૂપે આશ્રવોનો વિસ્તારથી વિચાર કરતાં પ્રાણીને મુંઝવી નાખે એવી સ્થિતિ દેખાય છે. ચેતન ! તું આમ ને આમ ક્યાં સુધી ચલાવ્યા કરીશ ? વેપારી નજરે તારે ત્યાં (કર્મની) આવક વધારે છે, નિકાશ ઓછો છે તો તારી પેઢી કર્મધનમાં તો માલદાર રહેવાની, પણ તું એમાંથી ઊંચો ક્યારે આવીશ ? તે માટે ખૂબ વિચાર.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

( ग ૩. ) તું વિચાર કરી જો. મહાપુણ્યશાળી પુરૂષોએ કહ્યું છે કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો આ ચાર આશ્રવો છે. તેમણે પોતાના સર્વગ્રાહી જ્ઞાનનો ઉપયોગ મૂકીને સમજાવ્યું છે કે એ ચારે મોટાં આવકના ચિલાઓ છે, પરદેશી માલ ઉતારવાનાં મોટા ડક્કાઓ છે, માલ ભરવાનાં મોટાં ગોડાઉનો છે, કર્મોને ખેંચી લાવવાનાં મહાન આકર્ષકો છે, નાણા જમે કરવાની મોટી બેંકો છે.

દરેક સમયે એ આશ્રવદ્વારા કર્મો બાંધતાં પ્રાણીઓ ખોટા ભ્રમમાં પડીને સંસારમાં રખડ્યા કરે છે. એ વિચિત્ર વિચારણાને વશ થઇ મનને રખડાવ્યા કરે છે, ગમે તેવું બોલે છે, શરીરનો ઉપયોગ કામ કરવામાં કર્યા કરે છે અને તે જ પ્રકારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાત્વને વશ પડી સાચા દેવ–ગુરૂ–ધર્મને ઓળખતો નથી, ત્યાગ કરતો નથી અને ક્રોધ, માન, માયા, લોભમાં રમ્યા કરે છે.

કર્મબંધનના આ ચાર હેતુઓ છે. એના વિભાગો ૫૭ છે. એ અત્ર જરા ધ્યાનમાં લઈ લઈએ.

## ૫. મિથ્યાત્વ.

( ૧ ) અભિગ્રહિક. ખોટી વાતનો દુરાગ્રહ.

( ૨ ) અનભિગ્રહિક. અસત્યને સત્યની કોટિમાં મૂકવું તે ( બધા ધર્મને સરખા ગણવા. )

( ૩ ) અભિનિવેશ.સાચા અર્થને ગોપવી કુયુક્તિની સ્થાપના.

( ૪ ) સાંશયિક. લાજભયથી જાણકારને ( Expert ) ન પૂછતાં શંકાશીલ રહેવું.

( ૫ ) અણાભોગ. કેફી માણસની પેઠે સારાસારનું અજ્ઞાન.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## ૧૨ અવિરતિ.

૫ ઇંદ્રિયોના વિષયથી પાછા ન હઠવું.

૧ મનને બાહ્ય ભાવમાં રખડાવવું.

૬ છકાય–પૃથ્વ્યાદિ પાંચ તથા ત્રસકાય જીવોને રક્ષણ ન આપવું.

## ૨૫ કષાય.

ક્રોધ, માન, માયા, લોભ. તે દરેકના ચાર ચાર ભેદ છે.

પ્રત્યેક અનંતાનુબંધી યાવજ્જીવ રહે, અપ્રત્યાખ્યાની એક વર્ષ રહે, પ્રત્યાખ્યાની ચાર માસ રહે, સંજ્વલન પંદર દિવસ રહે–એટલે ૧૬ કષાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હાસ્ય** હસવું તે. **રતિ**–સુખમાં આસક્તિ. **અરતિ**–દુઃખમાં કંટાળો. **શોક**–દિલગીરી. **ભય**–બીક. **દુગંછા**–અન્યની જુગુપ્સા. **સ્રીવેદ–પુરૂષવેદ–નપુંસકવેદ** એ ૯ નોકષાય.

**૧૫ યોગ.** મન–વચન–કાયાના યોગોના જુદા જુદા ભેદો.

આ સત્તાવન બંધહેતુઓને લઇને પ્રાણી કર્મબંધ કરે છે અને સાચા માર્ગની પ્રાપ્તિને અભાવે ભ્રમમાં પડી જઇ સંસારમાં રખડ્યા કરે છે. અનાદિ કાળથી એને રખડવાની ટેવ પડી ગઇ છે અને હમેશાં સંસારમાં રખડ્યા કરે છે છતાં થાકતો નથી.

આ સત્તાવન બંધહેતુઓ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કર્મબંધન થાય તે વખતે એના પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ પણ મુકરર થઇ જાય છે. એમાં રસ અને સ્થિતિને અંગે કષાય અને પ્રકૃતિ તથા પ્રદેશને અંગે યોગો મુખ્ય ભાગ ભજવે છે.

JAINSITE.com

(ઘ ૪.) આશ્રવો પૈકી ઇંદ્રિયો પાંચ છે–સ્પર્શેંદ્રિય વિગેરે. **અવ્રતો** પાંચ છે–પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ. **કષાય** ચાર છે–ક્રોધ, માન, માયા, લોભ. **યોગ** ત્રણ છે–મન, વચન, કાયા અને **ક્રિયાઓ** પચીશ છે. એનું વર્ણન ઉપર સંક્ષેપથી થઇ ગયું છે.

એટલે આશ્રવનાં ૪૨ ભેદ થયા.

નેત્ર એ બે (૨) અને વેદ એટલે ચાર (૪)ની સંખ્યા. સંજ્ઞાથી સંખ્યા બતાવવી હોય ત્યારે ઉલટો ક્રમ લેવો એટલે નેત્ર વેદ એમ સૂચવ્યું હોય ત્યારે બે અને ચાર એમ નહિ, પણ ચાર અને બે એટલે ૪૨ બેંતાળીશ ભેદ આશ્રવના થયા.

બંધહેતુઓ અને આશ્રવો એક રીતે એક જ છે. બંધ–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેતુને લઇને પ્રાણી કર્મો બાંધે છે અને આશ્રવો કર્મ આવવાના માર્ગો છે છતાં બંધહેતુઓનો સંબંધ કર્મબંધ સાથે છે અને આશ્રવો ગરનાળાં છે એ વાત ધ્યાનમાં રાખવી. બન્ને તત્ત્વો જુદાં છે, પણ પરિણામે હેતુ એ જ માર્ગ થઈ જાય છે. બંધ વખતે એની કારણ તરીકે ગણના થાય છે અને આશ્રવ વખતે એની માર્ગમાં–ગરનાળામાં–પ્રનાલિકામાં ગણના થાય છે. દૃષ્ટિ–ભેદ નયાપેક્ષિત છે, પણ વ્યવહારૂ રીતે તેનું પરિણામ આત્માને ભારે કરવામાં આવે છે એ ધ્યાનમાં રાખવું.

( ૫. ) આ આશ્રવોનું તત્ત્વ બરાબર સમજીને એનો ભાવ હૃદયમાં ઉતારવો. એને બરાબર ઓળખવા. એ હેય–ત્યાગ કરવા યોગ્યની કક્ષામાં આવે છે અને તેટલા માટે તેને ખૂબ સમજવા જેવા છે. એને સમજીને ગભરાઇ જવા જેવું નથી. એના ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય ચેતનમાં છે તે જ્ઞાનીનાં પાસાં સેવીને સમજી લેવું. મનમાં નિશ્ચય કરવો કે એના ઉપર વિજય મેળવવાની શક્તિ તારામાં છે.

આવી રીતે આશ્રવ તત્ત્વને સમજીને સર્વ પ્રકારે એનો નિરોધ કરવાને પૂરતા જોસથી પ્રયાસ કરવો. તારામાં તો અનંત શક્તિ છે. એ આશ્રવોને જગાડનાર તું છે, પણ તેને દાબી દેવાની શક્તિ પણ તારામાં જ છે, માટે જરા પણ વિરોધની ગુંચવણ રાખ્યા વગર એના પર વિજય મેળવવા માટે પ્રયત્ન કર. અનંત શક્તિનો ધણી તું એની પાછળ પડીશ અને તેનો નિરોધ કરવાનો સાચો રસ્તો તને જડી આવશે તો તું રસ્તે આવી જઇશ. અને ઉપર તને મોક્ષ કેમ મળે? એવો પ્રશ્ન થયો હતો તેનો જવાબ પણ મળી જશે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

માટે ઊઠ, જાગ્રત થા અને તારૂં ભવિષ્ય સુધાર. એ સુધારવું તારા હાથમાં છે, અને તારામાં એ મોટા આકરા દુશ્મનોને જીતવા જેટલું અપરંપાર બળ છે. તૈયાર થઇ જા., ખૂબ વિચાર, સમજ અને અત્યારની તકને સારો ઉપયોગ કર. અત્યારે પ્રાપ્તકર્તવ્ય આશ્રવોને ઓળખવાનું છે. તે તું બરાબર વિચાર. કોઇ પણ શત્રુ પર વિજય મેળવવાની ચાવી એ છે કે એને સર્વાંગ ઓળખવા જોઇએ. એના ભેદ, ઉપભેદ, એના સહાયકો અને એનું બળ બરાબર સમજાય ત્યારે એની સામે થવાનું બળ પ્રાપ્ત કરવાની સંકલના કરી શકાય. આપણે તેને કાંઇક ઓળખ્યા. હવે એનો વધારે પરિચય કરીએ.

## ગેયાષ્ટકઃ— પરિચયઃ—

૧. જે પ્રાણી સમજુ હોય, દીર્ઘ વિચારવાન હોય, દક્ષ હોય, કુશળ હોય તેણે આશ્રવોને તજવા જોઈએ. સાત તત્ત્વોમાં કેટલાંક જ્ઞેય (જાણવા લાયક) છે, કેટલાંક હેય (તજવા યોગ્ય) છે અને કેટલાંક ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે. પ્રથમ કક્ષામાં જીવ અને અજીવ આવે છે, હેય કક્ષામાં આશ્રવ અને બંધ તત્ત્વો આવે છે, ઉપાદેયમાં સંવર, નિર્જરા અને મોક્ષ આવે છે. આપણે જેનો હાલ વિચાર કરીએ છીએ તે હેય છે. એ પ્રાણીને હેરાન-હેરાન કરી એને ભારે બનાવે છે માટે એને તજવાની જરૂર છે. સારા (શુભ કર્મના) આશ્રવો પણ તજવા યોગ્ય છે તે આગળ બતાવવામાં આવશે.

તેને તજવાનું કામ મનમાં સમતા ધારણ કરીને કરવાનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાલી ' તજો તજો ' એમ બૂમો પાડવાથી કાંઇ વળે તેમ નથી. મનની સ્થિતિસ્થાપકતા રાખી, એનો બરાબર અભ્યાસ કરી એને ઓળખવા ઘટે. મન અસ્થિર હોય તો એ કાંઈ સરખો વિચાર કરતું નથી અને ઉશ્કેરાયલી સ્થિતિમાં કરેલા વિચારો ટકતા નથી, માટે સર્વ સંયોગોમાં મનને સ્થિર રાખવું, એની ચંચળતા દૂર કરવી અને એને એકાગ્ર કરવું. એનો મુખ્ય ઉપાય મૈત્રી આદિ ભાવના છે તે ગ્રંથને અંતે વિચારવામાં આવશે.

જો એનો ત્યાગ–પરિહાર કરવામાં ન આવે, જો એને રોકવામાં ન આવે તો એ તારા પોતાના અપાર ગુણવૈભવનો નાશ કરનાર થાય છે. આત્મામાં જ્ઞાન દર્શનની નજરે સર્વવ્યાપી શક્તિ છે. એ સર્વ જ્ઞેય વસ્તુભાવો અને અવસ્થાઓને જાણી દેખી શકે છે અને જે એનો સર્વવ્યાપી ગુણ છે તે એનો સાચો વૈભવ છે. અમૂલ્ય અને અપરિમિત છે અને એ એનો સાચો ખજાનો છે, એની સ્વમાલેકીની મિલ્કત છે.

JAINSITE.com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

આવા અમૂલ્ય વૈભવનો આશ્રવો નાશ કરે છે. આશ્રવોથી પ્રાણી કર્મથી ખરડાઇ જાય છે એટલે એનામાં જે અનંત જ્ઞાનની શક્તિ છે તેના ઉપર આવરણ આવી જાય છે. આશ્રવોને જો મોકળાં મૂકયાં હોય, એના પરનો અંકુશ છોડી દીધો હોય, તો એ મોટા ખજાનાનો નાશ કરે છે, એને વેડફી નાખે છે. પ્રાણીને હીન, અજ્ઞ, અવાક્ અને મૂઢ બનાવી દે છે; માટે આશ્રવોને તજી દેવા ઘટે. એ આશ્રવો બહોળતાએ કેવા છે તે જરા જોઈ લઈએ. વિગતથી વિભાગવાર તું તેને તપાસજે.

૨. પ્રથમ **મિથ્યાત્વ**ની વાત વિચારીએ. પ્રાણીને સાચો માર્ગ મળવો મુશ્કેલ છે. ઘણાખરા તો અનાદિ વાસનાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારના રંગરાગમાં મોહી જાય છે. એવા પ્રાણીઓમાં વિચાર નથી, શ્રદ્ધાન નથી, વિવેક નથી. એ અનભિગ્રહિક છે. વળી કેટલાકને સાચો ઉપદેશ ન મળે તેથી અથવા અશ્રદ્ધાથી જેમને ખોટો માર્ગ મળે છે તેઓ અભિગ્રહિક છે. પ્રથમમાં વિચાર નથી; બીજામાં શુદ્ધ શ્રદ્ધાન નથી. કોઈક વળી સાચું સમજે છતાં અભિનિવેશ કરી પોતાની માન્યતામાં ચુસ્ત રહે છે અને કસોટીમાંથી પસાર થવા સાફ ના પાડે છે.

શુદ્ધ દેવને ઓળખવા, અને એને ઓળખાવે એવા સુગુરૂનો યોગ મેળવો એવા ગુરૂ સાચો ધર્મ બતાવે ત્યારે જ આ અજ્ઞાનદશા–મિથ્યાત્વ દૂર થાય છે. ત્યાં સુધી પ્રાણીઓ કુગુરૂના ઉપદેશથી અથવા પોતાની બુદ્ધિશક્તિ ઉપર ખોટો આધાર રાખી, આખી દુનિયાના ડહાપણના દાવા નીચે મોક્ષનો માર્ગ છોડી, પોતાના આત્માને કર્મભારથી ભારે કરનારી મિથ્યાક્રિયામાં પડી જાય છે અને ઉલટા આત્મકલ્યાણને દૂર કરે છે. ઘણા તો સાચું સમજતા જ નથી અને જ્યાં ત્યાં માથાં માર્યા કરે છે. ઘણા એ તરફ બેદરકાર રહે છે અને ઘણા પોતાની રસવૃત્તિમાં એટલા આસક્ત બની જાય છે કે એને ‘ધર્મ’ હંબગ લાગે છે. કેટલાક તો સાંસારિક ક્રિયામાં નિમગ્ન થઈ ભારે થાય છે અને કેટલાક હિંસામાં ધર્મ માની નિરર્થક ક્રિયા કરે છે.

જ્યાં સુધી વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ ન થાય ત્યાં સુધી મોક્ષનો રસ્તો છોડીને પ્રાણી સંસારને માર્ગે આગળ વધે છે. યોગ્ય ક્રિયા ન કરનાર પણ સાધ્યને રસ્તેથી પાછો પડે છે અને અયોગ્ય ક્રિયા કરનાર પણ એ માર્ગેથી દૂર ભાગે છે. આ સ્થિતિમાં વસ્તુધર્મનું અજ્ઞાન રહે છે અને એવાં

મલીન કર્મો દૃઢપણે બંધાય છે કે એનો વિચાર કરતાં પણ ત્રાસ થાય. કર્મ સંબંધ અજ્ઞાન–મિથ્યાત્વ દશામાં સર્વથી વધારે થાય છે. કર્મબંધન હેતુમાં 'મિથ્યાત્વ' ને તેટલા જ માટે અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. મિથ્યાત્વ કાં તો બુદ્ધિને ચાલવા જ દેતું નથી અથવા તેનો વિપર્યાસ કરી નાખે છે. જ્યાં પડળ જ ઉલટાં થઇ જાય ત્યાં પછી સાચું દર્શન જ ન થાય અને મોક્ષ યોગ્ય સાચા વર્તનને ત્યાં સ્થાન જ રહેતું નથી. કર્મબંધનો આ મહાન હેતુ મિથ્યાત્વ એના સર્વ પ્રકારોમાં ખાસ સમજવા યોગ્ય છે.

ક્રિયામાં અજ્ઞાન હોય છે ત્યારે તો તદ્દન નકામી અને પાછા પાડનારી ક્રિયાઓ થાય છે. એવી ક્રિયાઓને વિષક્રિયા અને ગરલક્રિયા કહે છે. વિષ તુરત મારે છે, ગરલ ધીમું ઝેર છે. એ ઉપરાંત કુગુરૂ ખોટે રસ્તે ચઢાવી દે તો પણ દુષ્ટ ક્રિયા થાય છે. જ્યારે નિષ્કામ વૃત્તિએ આંતર–ભાવથી આત્મ-સાક્ષાત્કાર કરવા સારૂ પ્રેમભાવપૂર્વક 'અમૃતક્રિયા' કરવામાં આવે ત્યારે જ આશ્રવો આવતાં અટકે છે. મયણાસુંદરી સાસુને સાંજે વાત કરે છે ત્યારે પણ એને પૂજામાં થયેલો આનંદ ઉભરાય છે. એવી આંતરભાવની ક્રિયા કરવા તરફ આદર રાખવો યોગ્ય છે. અહીં તો અજ્ઞાન–મિથ્યાત્વયોગે કુમતિની પ્રેરણાથી ગમે તેવી ક્રિયા કરવાથી શિવપુરનો રસ્તો છોડી ઉંધે રસ્તે જવાય છે અને ગરનાળાં ઉઘાડાં રહે છે તેટલી વાત પર ધ્યાન ખેંચી ભાવના રજુ કરી છે.

૩. સમજણ–જ્ઞાનનું ફળ **ત્યાગ** છે. **नाणस्स फलं विरई।** અને તે ત્યાગ પણ નિશ્ચયપૂર્વકનો હોવો જોઇએ. કરેલ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્ણયનો ગમે તે ભોગે નિર્વાહ કરવો એ ત્યાગ છે. એનાથી ઉલટી દશા એ **અવિરતિ.** ત્યાગનો અભાવ. જ્યારે આ પ્રાણી પોતાની જાતને મોકળી મૂકી દે છે ત્યારપછી એને કોઇ જાતનો વિવેક રહેતો નથી. ગમે ત્યારે ગમે તે ખાવું, ગમે તે પીવું, ગમે ત્યાં રખડવું, ગમે તેવું બોલવું અને અવ્યવસ્થિત ચર્ચા કરવી એ સાધ્ય વગરનું જીવન છે. એવા જીવનને જેમ પવન લાગે તેમ તે દોરવાય છે.

વિષયને વશ પડેલો આ પ્રાણી કેવા ચાળા કરે છે તેનાં ચિત્રો ઘણાં અપાઈ ગયાં. વાત એ છે કે એ જ્યારે એ માર્ગે એક વાર ચાલવા માંડે છે ત્યારપછી એને કાંઈ અંકુશ રહેતો નથી. એ સર્વનાં પરિણામો અંતે ભોગવવાં પડશે એ પણ એ ભૂલી જાય છે. એ તો ગાંડા હાથીની પેઠે ઝૂલ્યા જ કરે છે અને ભૂખ્યા જનાવરની પેઠે જ્યાં ત્યાં ત્રાપ મારે છે. આવાં પ્રાણીને કર્મબંધ પાર વગરનો થાય છે અને પછી એ કર્મો જ્યારે પરિપાક દશાને પામે છે ત્યારે એણે સેંકડો દુઃખો ખમવા તૈયાર રહેવું પડે છે.

આ ભવમાં જીવોને દુઃખો કેટલાં પ્રાપ્ત થાય છે તે આપણે જોઇએ છીએ. જુવાનીના અત્યાચારો ઘડપણને કેટલું વિરસ બનાવી દે છે અને દુરાચારીઓ જેનાં નામો પણ આ પુસ્તકમાં લખવાં ન ઘટે તેવા ભયંકર વ્યાધિઓ ખમે છે તે પર ઉલ્લેખની જરૂર ન હોય. અને પરભવમાં આવા પ્રાણીઓ ક્યાંનાં ક્યાં તણાઇ જાય છે અને ત્યાં જે અપરંપાર દુઃખો પામે છે તે કલ્પનાતીત છે.

અહીં પ્રસંગોપાત પચ્ચખ્ખાણની—ત્યાગની એક વાત જરૂર સૂચવવા યોગ્ય છે. સાચા ઉપદેશની અસર તળે અથવા શાંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકાગ્રતામાં સારા નિશ્ચયો થાય તે વખતે સુંદર જીવન-ધોરણ મુકરર કરી નાખવું અને તેને ગમે તેટલી અગવડે કે ભોગે વળગી રહેવું એનું નામ 'પચ્ચખ્ખાણ' કહેવાય છે.

સુંદર ક્ષણો જીવનમાં બહુ વાર સાંપડતી નથી. ખૂબ વિચાર કરી એવા પ્રસંગે જે ધોરણ નિર્ણિત થાય તેને વળગી રહેવાથી જીવન એકધારૂં અને લાભપ્રદ થાય છે.

ત્યાગ ન કરવાને કારણે આ જીવ નકામો પાપસંચય પણ બહુ કરે છે. એને ઓસ્ટ્રેલીયાનાં ફળ કે અમેરિકાનાં શાકો અહીં મળવાનાં નથી, પણ સમજણપૂર્વક એનો ત્યાગ ન કરે ત્યાં સુધી એ તો ખુલ્લો રહે છે, વિના કારણે અપ્રાપ્યનો ત્યાગ કરતો નથી અને તેનાં પુણ્યથી વંચિત રહે છે. એ ઉપરાંત કેટલાક ત્યાગો તો એને ઐહિક લાભ કરનારા પણ હોય છે. એ પરવશપણે માંદો થાય ત્યારે ઘણું છોડી દે છે, પણ એવા જ ત્યાગ જો સમજણપૂર્વક સ્વેચ્છાથી થાય તો એથી એને ખૂબ લાભ મળે. સમજણનો ઉપયોગ ત્યાગમાં પરિપૂર્ણપણે થાય તો જ્ઞાન શોભે છે, નહિ તો એનો કાંઈ લાભ મળતો નથી.

માટે સમજુ પ્રાણીએ અવિરતિ—અત્યાગદશામાં ન રહેતાં જેમ બને તેમ ત્યાગ કરવા નિશ્ચય કરવો ઘટે—પણ જો પાપ કર્મનાં ગરનાળાં ખુલ્લાં મૂકવાં હોય તો વિપાકદશા પ્રાપ્ત થાય ત્યારે પછી હાય—વોય કરવી ન ઘટે. પસંદગી કરવાનો અત્ર અવકાશ છે. સાથે એ પણ ધ્યાનમાં રહે કે ત્યાગમાં ઘસારો કદી પડવાનો નથી. આ શરીરને તો મોકળું મૂકવામાં આવે તો એ અનેક ઘસારાને તાબે થાય છે. ત્યાગની મજા શી છે એનો ખ્યાલ જેલ—જીવનમાં કાંઈક થાય છે. સ્વવશ હોય ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી જ રીતે રહેવાતું હોય તો આ ચેતનની કેટલી પ્રગતિ થાય તે અન્ય પ્રસંગે વિચારવાની તક લેવાશે. વાત એ છે કે પરવશતાથી ત્યાગ થાય તે વિરતિની કક્ષામાં ન આવે. આપણે તો સમજણપૂર્વક ઘસારો ખાઈ ત્યાગની ખાતર ત્યાગ કરવો ઘટે અને પ્રાણાંત કષ્ટે એ નિયમ–નિશ્ચયથી પાછા હઠવું ન ઘટે.

અવિરતિનું દ્વાર ખુલ્લું મૂક્યું હોય તો પારવગરની આપત્તિ કરાવે તેવાં કર્મો આ પ્રાણી એકઠાં કરે છે અને તેમાં વધારો કરતો જાય છે.

૪. આશ્રવો–કર્મગ્રહણના માર્ગોનો એક મોટો વિભાગ ઇંદ્રિયોદ્વારા પ્રાપ્ત થાય છે. એ પણ ભારે વિષમ છે. આપણે ઇંદ્રિયોને તો એટલી મોકળી મૂકી દઈએ છીએ કે 'એશઆરામ' એ જ આ યુગનું સાધ્ય બનતું જોવામાં આવે છે. આપણું ફરનીચર પણ એવું જ થતું જાય છે. આપણા ખાવાનાં કોડ એવા જ, આપણી આંખોનો ઉપયોગ કટાક્ષ કરવામાં, રૂપ જોવામાં, નાટક સિનેમા જોવામાં, આપણા કાન ગાન સાંભળવામાં અને સ્પર્શની તો વાત જ શી કરવી ?

અનંત જ્ઞાનનો ધણી ક્યાં રમી રહ્યો છે ! કેવા કીચડમાં એ ભરાઈ બેઠો છે ! એને શેમાંથી માની લીધેલું સુખ મળે છે !

હાથીને કેવી રીતે પકડે છે ? એક મોટો ખાડો બનાવવામાં આવે છે, તેને ઘાસથી ઢાંકવામાં આવે છે અને ઢાંકણ ઉપર હાથીને લોભાવવા માટે કાગળની હાથણી મૂકવામાં આવે છે. મસ્ત હાથી ગાંડો થઈ હાથણીનો સ્પર્શ કરવા જતાં ખાડામાં પડે છે. સ્પર્શસુખની લાલસામાં એને ભાન રહેતું નથી તેથી બાકીની આખી જિંદગી પરાધીનતા વેઠે છે. સ્પર્શેન્દ્રિયને વશ પડવાનું આ પરિણામ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોઢાના વાંકા કાંટાને છેડે મીઠી ગોળી બાંધી પાણીમાં નાંખે છે. માછલું તેને ખાવાને લોભે દોડી આવે છે. ખાવાનું મળે છે પણ હૂક ગળામાં પરોવાઇ જાય છે તેથી મરણ પામે છે. એક રસેન્દ્રિયને વશ પડવાનું આ પરિણામ !

કમળની ગંધથી આકર્ષાઈ ભ્રમર તેના પર બેસે છે. સાંજ થાય ત્યાં કમળ બંધ થઇ જાય છે. અંદર રહેલો ભ્રમર ગુંગળાઈ મરે છે. નાસિકા–ઘ્રાણને વશ પડી એ પ્રાણ આપે છે !

દીવાની જ્યોતથી આકર્ષાઈ પતંગીયું દીવામાં પડે છે. દીવાની શગમાં બળી મરે છે અથવા તેલમાં ડૂબી મરે છે અને પ્રાણ મૂકે છે. ચક્ષુને વશ પડી પ્રાણની આહૂતિ આપે છે.

સુંદર અવાજ સાંભળવા લલચાઇ આવેલું હરણ પારધીની જાળમાં ફસાઇ, પકડાઇ જાય છે અને કર્ણેન્દ્રિયને વશ પડી પ્રાણ ગુમાવે છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આવી રીતે એક એક ઇન્દ્રિયને વશ પડીને જનાવરો તેમજ જીવડાઓ પ્રાણ આપે છે. વિષય–વિનોદનો રસ પરિણામે કેવો આકરો પડી જાય છે તેના આ જ્વલંત દાખલાઓ છે. એની વેદનાઓનો ખ્યાલ તો આખી જિંદગી કેદમાં રહેવું પડે (હાથી પેઠે) કે ગળામાં હૂક ભીડાય ( માછલા પેઠે ) અગર હરણની જેમ ચીરાઇ જવાય ત્યારે આવે, પણ મનુષ્યોનો ઇંદ્રિય પરનો રાગ અને એની તૃપ્તિનાં તુચ્છ સાધનોનો વિચાર કરીએ તો કંપ થઇ જાય તેમ છે. આ ઇંદ્રિયોદ્વારા એટલાં બધા કર્મો આવી પડે છે કે એનો સરવાળો ભારે મોટો થઇ જાય છે. આ મોટું ગરનાળું છે અને એને એના સાદા સ્વરૂપમાં, સાચા આકારમાં સમજવાની ખૂબ જરૂર છે. આપણને સગવડ ન પડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે આંખ આડા કાન કરી નાખીએ છીએ એ વાત આ વિશુદ્ધ વિચારણામાં ન ઘટે. અહીં તો ચોખ્ખો હિસાબ છે. જોઇએ તો ગરનાળાં ખુલ્લાં મૂકો અને હાથી વગેરેની પેઠે પરવશતા કે મરણ જેવાં દુઃખો સહન કરવા તૈયાર થાઓ અથવા એના પર નિયંત્રણ મૂકો. બન્ને વાત એક સાથે અશક્ય છે.

આ નોટ અહીં પૂરી કરી નવા શ્લોક પર લખવા જતો હતો ત્યાં ચિદાનંદજીનું ૪૧ મું પદ વાંચ્યું. ખૂબ રસથી એને મારી કોટડીમાં બેઠા બેઠા ગાયું. બહુ આનંદ થયો. પદ સુપ્રસિદ્ધ છે.

વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે. એ ટેક.
તપ જપ સંજમ દાનાદિક સહુ, ગિણતી એક ન આવે રે;
ઇંદ્રિય સુખમેં [1]જ્યૌં લૌં એ મન, વક્ર[2] તુરંગ જિમ ધાવે રે. વિ૦૧
એક એકકે કારણ ચેતન, બહુત બહુત દુઃખ પાવે રે;
દેખો પ્રકટપણે જગદીશ્વર, ઇણવિધ [3]ભાવ લખાવે રે. વિ૦૨
[4]મન્મથ વશ [5]માતંગ જગતમેં, પરવશતા દુઃખ પાવે રે;
રસના વશ હોય [6]ઝખ મુરખ, જાળ પડ્યો પિછતાવે રે. વિ૦૩
[7]ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા, [8]સંપુટમાંહે બંધાવે રે;
તે સરોજસંપુટ સંયુત ફુન, [9]કરટીકે મુખ જાવે રે. વિ૦૪
રૂપ મનોહર દેખ પતંગા, પડતા દીપમાં જાઈ રે;
દેખો યાકું[10] દુઃખકારનમેં, નયન ભયે હૈ સહાઈ[11] રે. વિ૦૫
શ્રોત્રેંદ્રિય આસક્ત [12]મિરગલાં, [13]છિનમેં શીશ કટાવે રે;
એક એક[14] આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવે રે. વિ૦૬

૧ જ્યાંસુધી. ૨ અવળી ચાલનો ઘોડો. ૩ સમજાવે. ૪ સ્પર્શેન્દ્રિય. ૫ હાથી. ૬ માછલું. ૭ નાક. ૮ બીડાયલું કમળ. ૯ હાથીના. ૧૦ એને. ૧૧ મદદગાર. ૧૨ હરણ. ૧૩ ક્ષણમાં. ૧૪ ઇંદ્રિય—અધ્યાહાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચ [1]પ્રબળ વર્તે નિત્ય જાકું, તાકું કહા જ્યું કહીએ રે;
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીએ રે. વિ૦૭

લગભગ એ પદનો ભાવ ઉપર આવી ગયો છે, પણ પદ ઘણું માર્મિક હોવાથી ખાસ ઉતારી લેવું યોગ્ય ધાર્યું છે. એ ઈંદ્રિયોને સાચા આકારમાં દેખાડે છે.

**પ.** આટલેથી આશ્રવો પૂરા થતા નથી. હજુ પણ બળવાન આશ્રવોનો વિચાર કરવાનું બાકી છે. **કષાયો** તો કર્મની ઉપર ભાત પાડે છે. ક્રોધના આવેશમાં, માનના ચઢાણ પર, માયાની ગંદી વૃત્તિમાં, લોભના તાબામાં આ પ્રાણી ભારે કર્મો બાંધે છે અને તેના ઉપર વજ્રલેપ કરે છે. કષાયના ઉદયથી દુનિયા પર મોટા સંહાર થયા છે, લોહીની નદીઓ ચાલી છે, માયાને અંગે અનેક પાપો છુપી રીતે કરે છે અને લોભથી રાતદિવસ દેશ–પરદેશ રખડે છે. તે પ્રત્યેકના લક્ષણો વિચારીએ.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ક્રોધ આત્મજ્ઞાનને અટકાવે છે, સંયમનો ઘાત કરનાર છે, નરકનું દ્વાર છે, પાપનો પક્ષપાત કરનાર છે, ઉપશમનો વૈરી છે. અહીં ચંડકોશીઆ સર્પનું દૃષ્ટાંત વિચારવું.

માનને પર્વત સાથે સરખાવવા યોગ્ય છે. એ નિર્મળ જ્ઞાનને રોકે છે. વિનય, શ્રુત, તપ, શીલ અને ત્રિવર્ગને હણનાર છે, વિવેકનો નાશ કરનાર છે. અહીં સ્થૂલભદ્રનું દૃષ્ટાંત વિચારવું.

માયા અતિ નીચ છે. ખોટો દેખાવ કરવાની વૃત્તિ દૂર કરવી વધારે મુશ્કેલ છે. નિષ્કપટી થવાનો ઉપદેશ એકાંતે ભગવંતે કહ્યો છે. અહીં કુસુમપુરે રહેલા બે સાધુનું દૃષ્ટાંત વિચારવું.

---

૧ જોરવાળી છુરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભ ભયંકર દોષ છે, સર્વ ગુણનો નાશ કરનાર છે, વૃદ્ધિ પામતો ભયંકર દુર્ગુણ છે. છેડો ન આવે તેવો પાતકી દોષ છે. અહીં બ્રહ્મદત્ત, સુભૂમ ચક્રવર્તી આદિ પારવગરનાં દાખલા છે.

કષાયનો ઉદય થાય છે ત્યારે કોઈપણ હેતુ મનમાં રાખીને પ્રાણી ખૂબ ખરડાય છે અને પછી નારકીમાં જઈ પડે છે અને જન્મ-મરણના એવા મોટા ચક્કરમાં પડી જાય છે કે એ જલ્દી ઊંચે આવી શકતો નથી. આવો પ્રાણી જરૂર અનંત ભવપરિપાટીમાં પડી જઈ ત્રાસ પામે છે, હેરાન થાય છે અને પોતાની પ્રગતિ ગુમાવી બેસે છે.

એવી જ રીતે હાસ્યાદિ નોકષાયો પણ સંસારમાં પ્રાણીને ખૂબ રખડાવે છે. કર્મબંધન વખતે જે રસ પડે છે તેમાં મુખ્ય ભાગ કષાયો ભજવે છે. સમાન ક્રિયા કરનારની કર્મસંપત્તિમાં જે મોટો ભેદ પડે છે તેની ગાઢતા કષાયો પર આધાર રાખે છે. જેમ કષાયોનું જોર વધારે તેમ કર્મો વધારે ચીકણાં બંધાય છે. આ કષાયો આંતરરાજ્યમાં પ્રવર્તે છે અને એ પ્રત્યેક ખૂબ સમજવા જેવા છે. કષાય ઉપર સંસારનો એટલો બધો આધાર છે કે એનો અર્થ કષ એટલે સંસારનો આય એટલે લાભ એમ કરવામાં આવે છે. એ જેટલા વધારે તેટલો સંસાર લાંબો થાય છે. એને સમજવા માટે આંતરસૃષ્ટિમાં ઉતરવું પડે તેમ છે એ ધ્યાનમાં રહે.

૬. મન–વચન–કાયાના **યોગો** પણ આસ્રવો છે. મનના વ્યાપારથી, વાણીના પ્રયોગથી અને કાયાની પ્રવૃત્તિથી પ્રાણી કર્મો બાંધે છે અને તેથી તેઓ પણ ગરનાળાં છે. મન–વચન–કાયા જો ચંચળ હોય તો ભયંકર પાપના ભારથી ચેતન ખરડાઈ જાય છે. શરીરની પ્રવૃત્તિ કેવી કેવી ક્રિયાઓ કરાવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તેનું વર્ણન આગળ થઇ ગયું છે. વિચાર વગર, કારણ વગર બોલવાનું કામ કરનાર મહા ઉપાધિઓ વહોરી લે છે અને મન તો ખરેખર મર્કટ જ છે. એ તો જ્યાં ત્યાં દોડ્યા કરે છે. સામાયિકમાં બેઠા હોઇએ ત્યાં એ અમેરિકા દોડી જાય છે અને જેલમાં હોઇએ ત્યાં વિનાકારણ હાઇકોર્ટમાં આંટા મારે છે. એને ઠેકાણે લઇ આવવું વધારે મુશ્કેલ છે. આનંદઘનજી જેવા યોગીઓ ફરિયાદ કરે છે કે '**મનડું કિમહી ન બાઝે હો કુંથુજિન !**' અને પછી કહે છે કે '**જેમ જેમ જતન કરીને રાખું, તેમ તેમ અળગું ભાજે.**' આવું મન છે અને એની સાથે–એની મારફત કામ લેવાનું છે.

આ પ્રમાણે હકીકત હોવાથી આશ્રવો પર વિજય મેળવવા પ્રયત્ન કર. કોઇ પણ પ્રકારે મિથ્યાત્વ હોય તો દૂર થાય તેમ કર, વિરતિભાવ આદર, ઇંદ્રિયોનો સંયમ કર, કષાયો પર વિજય મેળવ, યોગોને કબજામાં લાવ, ગરનાળાં બંધ કર, નહિ તો વાત મારી જશે અને તું ખરેખર રખડી પડીશ. નકામી આળપંપાળ છોડી દે અને અનુભવજ્ઞાન પ્રાપ્ત કર, એનો લાભ લે અને આશ્રવોને બરાબર ઓળખી લે.

૭. એક બાબત ગેરસમજુતી થાય તેવી છે તે પણ કહી દેવાની જરૂર છે. યોગોનો શુદ્ધ ઉપયોગ થાય તો તેથી શુભ કર્મોનો બંધ થાય છે. સારી ક્રિયા કરવાથી શુભ કર્મબંધ થાય છે અને તેથી સાતાવેદનીય, દેવગતિ, દીર્ઘ આયુષ્ય, સુંદર શરીરાદિ મળે છે, પણ વિશેષ ઊંડી નજરે જોતાં એ પણ બંધન છે. સોનાની બેડી પણ આખરે બેડી છે અને મોટા મહેલમાં કેદ રાખે તો પણ તે આખરે જેલ જ છે. એમાં કાંઇ રાચવા જેવું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવહારૂ નજરે પુણ્ય ઠીક છે પણ તે માત્ર પાપની અપેક્ષાએ જ તેમ ગણી શકાય. વસ્તુતઃ શુભકર્મો પણ ભોગવ્યાં વગર છૂટકારો થતો નથી અને કેટલીક વાર તેની ખાતર સંસારમાં અટકવું પડે છે. મોક્ષના અવ્યાબાધ સુખની નજરે એ પણ બંધન જ છે અને સમજુઓ તો તેને પણ એ જ નજરે જુએ છે. એ નિર્વૃત્તિ ( મોક્ષ ) ના સુખની આડે આવનાર છે અને ઉચ્ચ ભૂમિકાએથી જોતાં એવાં સુખો પણ સત્ત્વ વગરના છે.

વાત એક જ છે કે ગમે તેમ કરીને અત્ર વર્ણવ્યાં છે તે સર્વ ગરનાળાં બંધ કરવાની જરૂર છે અને તેમાં વગર સંકોચે આગળ વધવાની આવશ્યકતા છે. આશ્રવો સારાં અને ખરાબ બંને પ્રકારના કર્મો લઈ આવે છે. આત્મપ્રગતિ ઇચ્છનારે કોઈપણ પ્રકારના કર્મોની ઇચ્છા કરવા જેવું નથી.

૮. એટલા માટે આશ્રવરૂપ પાપોનો રોધ કરવા નિશ્ચય કર અને **શાંતસુધારસનું** વારંવાર પાન કરીને પ્રમોદ કર, મજા માણ. આશ્રવો તારે ન જોઇએ અને એ સર્વ ગરનાળાં પ્રયત્ન કરીને બંધ કરવાં જ જોઇએ અને તેમ કરીને વધારે થતો ભાર અટકાવવો જોઇએ. જો ગરનાળાં બંધ થશે તો આવક અટકી જશે. પછી તળાવમાં જેટલો કચરો છે તેટલાનો જ સવાલ રહેશે. તેના માર્ગો છે તે તું અન્યત્ર તુરતમાં જ જોઈશ. અત્યારે તો તું આશ્રવોને ઓળખી લે અને ઓળખીને એની આત્મા ઉપર જે ભયંકર અસર થાય છે તેને તું સમજી લે. બને તેટલો વખત એ આશ્રવોને સમજવામાં કાઢ અને એને બરાબર ઓળખી લે. શ્રી વિનયવિજય ઉપાધ્યાય પોતાના આત્માને વારંવાર સુધાપાન કરવા અને તેમાં આનંદ માનવા કહે છે તેવું જ તું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારા ચેતનને સમજાવી—સમજાવીને કહે અને વારંવાર કહ્યા કરીશ તો એ ચેતનજી સમજતા થઇ જશે. ઉપર ઉપરની ભાવના ભાવવામાં કાંઇ વળશે નહિ. સેંથીએ સેંથીએ તેલ ઘાલે તેમ એને વારંવાર કહ્યા કરજે અને એમાં ખરો રસ લેજે, જીવનનો લ્હાવો મ્હાણજે અને ભવિષ્યના ઉત્કર્ષના પાયા રોપી દેજે.

*                    *                    *

કેવી રીતે આશ્રવ ભાવના ભાવવી ? ચેતનજીની સાથે નીચેની મતલબની વાતો કરવાથી એ ભાવના ભાવી શકાશે.

હે ચેતન ! તારે ખોટા અભિનિવેશ ક્યાં સુધી કરવા છે ? તું સાચા દેવ—ગુરૂ—ધર્મને બરાબર ઓળખ. તારે કોઇ જાતની શંકાઓ હોય તો વગરસંકોચે સદ્દગુરૂને પૂછ. સંશય ચલાવી લઇશ નહિ અને સંશયમાં ઘસડાઇ જઇશ નહિ. સોનાની પરીક્ષા કરજે, પણ પરીક્ષા કરીને સાચાને આદરજે. પરીક્ષામાંથી પાર ન ઉતરે તેવું સોનું તારે કામનું નથી. તાપથી, કષથી, છેદથી તું તપાસી જો અને પછી આદર. તું જરા વિચાર કર. તને અત્યારે સમજવાની શક્તિ મળી છે, સારા ક્ષેત્રમાં તારો જન્મ થયો છે, તને શરીરની સગવડ મળી છે, પૃથક્કરણ શક્તિ, ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ પ્રાપ્ત થઇ છે તેનો તું ઉપયોગ કર. સત્યને શોધ અને શોધીને વગર સંકોચે તેમાં તન્મય થઇ જા. ડામાડોળપણામાં તેં બહુ ખોયું છે. તું ખાસ કરીને વિચાર. તને આ સંસારમાં કોણ રખડાવે છે ? તારી જેવો આ મહાબળવાન આત્મા આવી રીતે ઢંગધડા વગર રખડે અને પવન આવે તેમ ઘસડાઇ જાય અથવા ટેનીસના બોલની જેમ સામસામી બાજુએ ધકેલાય એ સ્થિતિ તને ગમે છે ? એ સ્થિતિ કરનાર કોણ ? તને ભારે કરનાર આશ્રવો છે તેને તું બરાબર ઓળખી

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

લે. કર્મોને ગ્રહણ કરીને એ તારામાં નકામો કચરો વધારે છે અને તને જ્યાં ત્યાં તરફડાવે છે. એને બરાબર ઓળખી લે.

એક મિનિટમાં કરેલાં વર્તનો કર્મફળ લઇ આવે છે ત્યારે તે વરસો સુધી ભોગવવા પડે છે. પાંચ મીનિટ અત્યાચાર ( Rape ) કરનારને પાંચ વર્ષની સખ્ત મજુરી સાથે જેલ–યાત્રા થાય છે. દશ આનાની ચોરી કરનારને ત્રણ વર્ષની જેલ મળે છે. ગરનાળાં ઉઘાડાં મૂકવાનું આવું પરિણામ આવે છે. મન–વચન–કાયાના યોગો અને કષાયોની જેવી તરતમતા હોય છે તેવી રસાળતા કર્મની થાય છે. સારાં અને ખરાબ કર્મો કેટલીક વાર હજારોગણો, લાખોગણો ફલાસ્વાદ આપે છે.

આ રીતે વિચાર કરતાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ ખૂબ કર્મોને લઇ આવે છે અને ચેતનને ભારે કરે છે. પ્રાણી હાલતાંચાલતાં જૂઠું બોલે છે કે મૈથુનની ઈચ્છા કરે છે અને પરિગ્રહ એકઠો કરવામાં તો એને કદી સંતોષ થતો જ નથી. કષાયો, યોગો, અવિરતિભાવ અને ઇંદ્રિયોના વિષયોથી આ પ્રાણી ખૂબ રખડે છે. એને મનોવિકારોમાં ખૂબ મજા આવે છે. એ કષાયાધીન થાય છે ત્યારે એને કોઇ જાતનો અકુંશ રહી શકતો નથી અને હાસ્યાદિમાં પડી જાય છે ત્યારે પણ એ પોતાનું મહાન સ્થાન વિસરી જાય છે.

વસ્તુતઃ સર્વજ્ઞ–સર્વદર્શી થવાની તાકાત ધરાવનાર આ ચેતન કેવી બાબતોમાં રસ લે છે તે તો વિચારો. એના જેવા વિષયોમાં મજા લે એ તો શોભતી વાત પણ ન ગણાય. એ રીતે તો એના સર્વ આદર્શો ખલાસ થઇ જાય. એ કષાયમાં પડી જાય છે ત્યારે કેવો લાગે છે ? એ તો તપાસો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ક્રોધમાં આવી જાય કે અભિમાનમાં આવી જાય કે શોક કે ભયમાં પડી જાય ત્યારે એનો ફોટોગ્રાફ પાડ્યો હોય તો કેવો લાગે ? આ દશા પ્રગતિ ઇચ્છકની કદી ન હોય. સર્વ ભાવના અને આદર્શોને બાજુએ મૂકનાર આ આશ્રવોને બરાબર સમજવા જેવા છે પરંતુ સમજીને અટકવાનું નથી, સમજીને શું કરવાનું છે ? તે આવતી ભાવનામાં વિચારશું, પણ તે વિચારતાં પહેલાં આપણે કેવા વિભાવો સાથે કામ લેવાનું છે તેનો બરાબર ખ્યાલ કરી લેવો.

પ્રત્યેક આશ્રવ મહાભયંકર છે. એને અવકાશ આપતાં એ સરોવરને ભરી નાખે છે. પચીશ ક્રિયાઓ પણ એટલી જ આકરી છે. એને એના ખરા આકારમાં બરાબર ઓળખવાની ખાસ જરૂર છે, જેથી જેની સામે થવાનું હોય તેને યોગ્ય તૈયારી કરી શકાય. દુઃખ અને દુર્ગતિ આપનાર, સંસારમાં રખડાવનાર, સમતા અને શાંતિનો નાશ કરનાર, મહાસત્ત્વવંત ચેતનને લગભગ નિર્વીર્ય કરનાર આ આશ્રવો છે અને એને વશ પડનાર જ્ઞાની હોય તો જ્ઞાન ભૂલી જાય છે અને અજ્ઞાની હોય તો તદ્દન છેલ્લે પગડે બેસી જાય છે, સમજુ હોય તો ગાંડો થઇ જાય છે અને હલકો હોય તો ભારે સલ્લ થઇ જાય છે. ચેતનજીને ચેતવણી આપો કે આ આશ્રવોને ઓળખો અને વિગતવાર સમજો. એના અંગ, પ્રત્યંગ, વિભાગ, પેટાવિભાગ દરેકને વિચારો, એને બરાબર ઓળખશો એટલે રસ્તો સૂઝશે.

**ઇતિ આશ્રવ ભાવના. ૭**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રી સકળચંદજી ઉપાધ્યાયવિરચિત·
## સાતમી આશ્રવ ભાવના.

( રાગ--મધુમાદ )

જગ શુભાશુભ જેણે કર્મતતિ મેળીએ,
 શુભ અશુભાશ્રવ તે વખાણો;
જળધરો જેમ નદીવર સરોવર ભરે,
 તિમ ભરે જીવ બહુ કર્મ જાણો. જગ૦ ૧
મમ કર જીવ તું અશુભ કર્માશ્રવા,
 વાસવા પણ સકર્મા ન છૂટે;
જેણે જગ દાનવર પુન્ય નાવ આદર્યા,
 તે કૃપણ નિર્ધના પેટ ફૂટે. જગ૦ ૨
મન વચન કાય વિષયા કષાયા તથા,
 અવિરતિ અશુભ ધ્યાન પ્રમાદો;
મૂકી મિથ્યામતિ વર ઉપાસક યતિ,
 જગ શુભાશ્રવથકી નો વિષાદો. જગ૦ ૩
રાચ મ જીવ તું કુટુંબ આડંબરે,
 જળ વિના મેઘ જિમ ફોક ગાજે;
ધર્મના કાજ વિણ મ કર આરંભ તું,
 તેણે તુઝ કર્મની ભીડ ભાંજે. જગ૦ ૪
તે અશુભ આશ્રવા રૂંધતાં જીવને,
 સંવરો સંવરે કર્મજાલં;
નાવનાં છિદ્ર રૂંધ્યા યથા નીરને,
 તેણે કરી જીત સંવર વિશાલં. જગ૦ ૫

जैन साइट JAINSITE.com जयम् स्यात् शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ આઠમું

**પૂર્વપરિચય.** **સંવર ભાવના**

આશ્રવ ભાવનામાં કર્મને આવવાના માર્ગો આપણે વિચાર્યા. કુદરતી રીતે આપણે ચારે તરફનાં ગરનાળાં જોઈ ગભરાઈ જઈએ એમ લાગ્યું. હવે ગરનાળાંનાં દ્વારો બંધ કેમ કરી શકાય તેને માટે 'સંવર' ભાવના કહે છે. આશ્રવો જે બારણાં ઉઘાડા મૂકે છે તેને બંધ કરવા તે 'સંવર' કહેવાય છે. **आश्रवनिरोधः संवरः ( तत्त्वार्थ )** આશ્રવનો વિચાર કરતાં એને હેય-તજવા યોગ્ય તત્ત્વ ગણ્યું હતું. સંવરો સર્વ ઉપાદેય વિભાગમાં આવે છે. એ પ્રત્યેકનો વિચાર કરતાં મનમાં શાંતિ થતી જશે. જાણે આપણે મહાન સાધ્ય સાધવાના સાચા ખ્યાલમાં આપણી જવાબદારી સમજીને સ્વોત્કર્ષ સાધવા ત્યાગ કરી રહ્યા છીએ, અને બાહ્યભાવ તજી અંદર ઉતરી ગયા છીએ: એવો ખ્યાલ આ આખી ભાવનામાં જરૂર આવશે. એમાં કોઈ સ્થાનકે ઘસારો બાહ્ય નજરે લાગશે તો તેમાં પણ દિવ્યતા, ભવ્યતા, સાધનસાપેક્ષત્વ જણાશે. એની વિચારણા કરતાં જાણે આપણે કોઈ ખરા મહાન કાર્ય સાધવા માટે અંતરનાદથી લાગી ગયા છીએ એવો ભવ્ય ખ્યાલ થશે. આ આખી ભાવના બહુ સુંદર હકીકત પૂરી પાડે તેવી છે તે આપણે જોશું. અહીં પૂર્વ પરિચયમાં સંવરોને ઓળખી લઈએ. પછી એક ચિત્રપટ રજુ કરી પ્રત્યેક આશ્રવનું દ્વાર કયા સંવરથી બંધ થઈ શકે તેમ છે તેનો સમુચ્ચય ખ્યાલ કરશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવા કર્મના રોકાણને–દ્રવ્ય સંવર કહેવાય છે અને સમિતિ વિગેરેથી શુદ્ધ ઉપયોગ થાય, તે દ્વારા ભાવકર્મોનું રોકાણ થાય અને આત્મપરિણામ જાગૃત થાય એ ભાવસંવર કહેવાય છે.

આશ્રવના ગરનાળાં બંધ કરનાર સંવરો છ પ્રકારના છે:–

૧. સમિતિ. ૨. ગુપ્તિ. ૩. યતિધર્મો. ૪. ભાવના. ( અનુ-પ્રેક્ષા. ) ૫. પરિષહજય. ૬. ચારિત્ર.

આ પ્રત્યેકને વિસ્તારથી સમજવાની ખાસ જરૂર છે.

૧. **સમિતિ.** વિવેકયુક્ત પ્રવૃત્તિને સમિતિ કહેવામાં આવે છે. એમાં સત્ક્રિયાનું પ્રવર્તન હોય છે. સમ્યક્ પ્રકારની ચેષ્ટા એટલે સમિતિ. આમાં એક તો ક્રિયા પોતે નિર્દોષ હોવી જોઇએ અને બીજું તેમાં પ્રવર્તન વિવેકપૂર્વકનું હોવું જોઇએ. તેના પાંચ વિભાગ છે.

JAINSITE .com जैनम् जयति शासनम्

( ૧ ) સાડાત્રણ હાથ આગળ જમીન જોઈ કોઇ જીવને ક્લેશ ન થાય તેમ સંભાળપૂર્વક ચાલવું તે **'ઇર્યા સમિતિ'**

( ૨ ) સત્ય, પ્રિય, હિત, જરૂરી ( મિત ) અને તથ્ય વચન બોલવું અથવા નિરવદ્ય વચન બોલવું તે **'ભાષા સમિતિ'** સાચું બોલો, પૂરેપુરૂં સાચું બોલો અને સાચા સિવાય કાંઇ ન બોલો. એમાંના પ્રથમના બેને સમિતિમાં સ્થાન છે અને ત્રીજાને ગુપ્તિમાં સ્થાન છે.

( ૩ ) જીવનને જરૂરી સાધનો–વસ્ત્રો, રહેવાનું સ્થાન, પાત્રો, વિગેરે દોષ વગરના શોધી લેવા તે **'એષણા સમિતિ'**

( ૪ ) કોઇ પણ ચીજ લેતી વખતે અન્ય નાના જીવને પણ ક્લેશ ન થાય તેવી રીતે પુંજી પ્રમાર્જીને લેવી અને મૂકવી તે **'આદાનનિક્ષેપણા સમિતિ.'**

( ૫ ) મળ–મૂત્ર અને બીનજરૂરી ચીજોને નાખી દેતાં પહેલાં ભૂમિકા શુદ્ધ જોવી અને મળ–મૂત્રાદિ ઉપયોગપૂર્વક પરઠવવા તે **'પારિષ્ઠાપનિકા સમિતિ.'**

સમિતિમાં ક્રિયા કેમ કરવી તે વાતની મુખ્યતા છે એ ધ્યાનમાં રાખવું.

૨. **ગુપ્તિ.** મન–વચન–કાયાની પ્રવૃત્તિઓ આપણે જાણીએ છીએ. તેમાં અપ્રશસ્તનો નિરોધ કરવો અને પ્રશસ્તને આચરવી એ ગુપ્તિ કહેવાય છે. સમિતિમાં સમ્યક્ક્રિયાને મુખ્ય સ્થાન છે; ગુપ્તિમાં અપ્રશસ્તના નિરોધને મુખ્ય સ્થાન છે. એના ત્રણ પ્રકાર છે–

( ૧ ) અપધ્યાનનો ત્યાગ કરવો, ધર્મધ્યાનમાં પ્રવૃત્તિ કરવી, અશુભ વિચારો પર વિજય મેળવવો અને શુભ સંકલ્પો કરવા એ **' મનોગુપ્તિ.'**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

( ૨ ) વિના કારણ બોલવું નહિ, મૌન ધારણ કરવું અને બોલવાની ખાસ જરૂર પડે ત્યારે ઉપયોગપૂર્વક જયણાથી બોલવું તે **'વચનગુપ્તિ.'**

( ૩ ) શારીરિક કાર્ય કરવામાં વિવેક રાખવો, બને તેટલો શરીરનો સંકોચ કરવો અને કાયાને સ્થિર રાખવી એ **'કાયગુપ્તિ.'**

ગુપ્તિ પ્રવૃત્તિ નિવૃત્તિ બન્ને પ્રકારમાં છે, સમિતિ પ્રશસ્ત પ્રવૃત્તિને અંગે છે. મૌન રાખે તે ભાષાગુપ્તિ. લાભને કારણે વિચારીને બોલે, જરૂર હોય તેટલું જ બોલે, તેમાં ભાષાસમિતિ ને વચનગુપ્તિ બન્નેનો સમાવેશ થાય છે. સંયમી સાધુને

૨૬

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

આ સમિતિ–ગુપ્તિ સર્વદા પાળવી જ જોઈએ. એનો ઉપયોગ કરે છે ત્યારે આશ્રવના દરવાજા બંધ કરે છે.

૩. ધર્મો. યતિના–સાધુના દશ ધર્મો છે. તે નીચે પ્રમાણે છે:—

( ૧ ) 'ક્ષમા' ક્રોધ પર વિજય. ક્રોધનું કારણ મળે તો પણ શાંતિ રાખવી.

( ૨ ) 'માર્દવ' માનનો ત્યાગ. આઠ પ્રકારના મદ ન કરવા. જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્ય, તપ, જ્ઞાન, લાભ અને બળ–એ આઠ પ્રકારના મદ છે. મિથ્યાભિમાનના ત્યાગનો સમાવેશ આમાં તથા આર્જવ એ બન્નેમાં થાય છે.

( ૩ ) 'આર્જવ' નિષ્કપટ વર્તન. દંભી દેખાવનો અભાવ. લુચ્ચાઈ, કાવાદાવા, મુત્સદ્દીગીરી, ખોટા બચાવ એ સર્વનો અભાવ. માયાનો ત્યાગ.

( ૪ ) 'મુક્તિ' લોભ પર વિજય. એમાં પૌદ્ગલિક વસ્તુઓ પર થતી આસક્તિ પર વિજય મેળવવાનો છે.

( ૫ ) 'તપ' વૃત્તિઓને કેળવવા માટે ઇચ્છાનો નિરોધ કરવો તે.

( ૬ ) 'સંયમ' પોતાના વિચાર, ઉચ્ચાર અને વર્તન પર અંકુશ. ત્રણેની એકતા. ૫ ઇંદ્રિયદમન, ૪ કષાયવિજય, ૩ યોગરૂંધન અને ૫ પ્રાણાતિપાતાદિથી વિરતિ. એ રીતે એના સત્તર પ્રકાર છે.

( ૭ ) 'સત્ય' સત્ય વચન બોલવું. બોલવાના નિયમોનું પાલન કરવું.

( ૮ ) 'શૌચ' દોષ રહિત આહાર લેવો તે દ્રવ્યશૌચ અને

JAINSITE જૈન સાઇટ જૈનં જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધ અધ્યવસાયની અભિવૃદ્ધિ તે ભાવશૌચ. એમાં અદત્તત્યાગભાવ છે.

( ૯ ) ' **અકિંચનત્વ** ' કોઇ વસ્તુ પર મૂર્છા કરી તેને પોતાની કરવી, પરિગ્રહ વધારવો, સંઘરવો, રક્ષવો, એનો ત્યાગ.

( ૧૦ ) ' **બ્રહ્મચર્ય** ' સ્ત્રી–પુરૂષ સંબંધનો ત્યાગ. નવ વાડ સંયુક્ત બ્રહ્મચર્યનું પાલન, એ દશે ધર્મો સર્વેએ પાળવાના છે; સાધુએ વિશેષે પાળવાના છે.

**૪ અનુપ્રેક્ષા–ભાવના.** ( ચિંતવન )

ભાવના બાર છે. તે આ ગ્રંથનો વિષય પણ તે જ છે. ઉપોદ્ઘાતમાં તે સંબંધી વિસ્તારથી લખાઇ ગયેલ છે, તેથી અહીં નામ માત્ર લખી આગળ વધીએ.

( ૧ ) અનિત્ય. ( ૨ ) અશરણ. ( ૩ ) સંસાર. ( ૪ ) એકત્વ. ( ૫ ) અન્યત્વ. ( ૬ ) અશુચિ. ( ૭ ) આશ્રવ. ( ૮ ) સંવર. ( ૯ ) નિર્જરા. ( ૧૦ ) ધર્મ. ( ૧૧ ) લોકસ્વભાવ. ( ૧૨ ) બોધિદુર્લભતા.

**૫ પરીષહ.** સહન કરવાના પ્રસંગો. એ અનેક છે. એના મુખ્ય ભેદ ૨૨ છે તે ખૂબ સમજવા યોગ્ય છે.

( ૧ ) ' **ક્ષુધા** ' ભૂખ. શાસ્ત્રમાં પિંડવિશુદ્ધિ બતાવી છે તેને ધ્યાનમાં રાખી વિશુદ્ધ આહાર મળે, ૪૨ દોષ રહિત મળે તો જ લે, નહિ તો ભૂખ સહન કરે.

( ૨ ) ' **પિપાસા** ' તૃષા. સાધુપુરૂષ જીવ રહિત–પ્રાસુક અને એષણીય જળ જ લે. એના અભાવે ગમે તેટલી તૃષા લાગી હોય તે સહન કરે.

જૈન સાઇટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) '**શીત**' ઠંડી. શિયાળામાં ગમે તેટલી ઠંડી લાગે તો પણ શાસ્ત્રમર્યાદાથી વધારે વસ્ત્ર ન રાખે. ઠંડીના પ્રહાર સહન કરે. અગ્નિવડે તાપે નહિ.

(૪) '**ઉષ્ણ**' ગરમી. ઉન્હાળામાં ગરમી લાગે તો પવન નાખે નહિ, વીંજણો ચલાવે નહિ, વીજળીના પંખાનો ઉપયોગ કરે નહિ. ગરમી સહે. સ્નાન, વિલેપન કે છત્રીનો આશ્રય ન લે.

(૫) '**દંશ**' ડાંસ, મચ્છર, જૂ, માકડના પરિષહ થાય તો સમભાવે સહન કરે, મનમાં જરા પણ ખેદ ન કરે તેમજ તે જીવો પર દ્વેષ ન કરે.

(૬) '**અચેલક**' જીર્ણપ્રાય વસ્ત્રો શાસ્ત્રના ફરમાન મુજબ મૂર્ચ્છા ભાવ રહિત રાખે, તેના ઉપર આસક્તિ ન રાખે, વધારે વસ્ત્રો મેળવવાની કે સંગ્રહવાની ઇચ્છા ન કરે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૭) '**અરતિ**' કંટાળો. સંયમ પાલન કરતાં અનેક પ્રસંગે કંટાળો ઉપજે તેવા બનાવો બને તેને વશ ન થાય. એ પ્રસંગે એ ધૈર્ય ધરે, યતિધર્મોને ધ્યાવે અને દશવૈકાલિકમાં બતાવેલ અઢાર વસ્તુનું ચિંતવન કરે. જરા પણ કંટાળો લાવે નહિ.

(૮) '**સ્ત્રી**' સ્ત્રીનાં અંગો પ્રેમથી જુએ નહિ, તેની પ્રાર્થના તરફ ધ્યાન આપે નહિ, કામબુદ્ધિ કરે નહિ. સાધ્વીએ આ હકીકત પુરૂષ માટે સમજવી.

(૯) '**ચર્યા**' વિહાર. અપ્રતિબદ્ધ વિહાર કરે, એક સ્થાને વધારે વખત રહે નહિ. રાગાદિ કારણે તુરત અન્યત્ર ચાલ્યા જાય. વિહારથી થાકે નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૦) ‘ **નૈષેધિકી** ’ ( નિષદ્યા ) સ્થિર આસન કરી ધ્યાન કાયોત્સર્ગાદિ કરતા હોય ત્યારે ગમે તેવા ઉપદ્રવ થાય તો પણ આસનનો ત્યાગ ન કરે, ભયથી ડરે નહિ, ગભરાઇ જાય નહિ અને અડોલપણું તજે નહિ.

(૧૧) ‘ **શય્યા** ’ સૂવાની જગ્યા ઉંચી–નીચી હોય, હવા વગરની હોય, સુકોમળ ન હોય તો તેથી ઉદ્વેગ ન પામે, સૂવાની સર્વ અગવડો ખમે.

(૧૨) ‘ **આક્રોશ** ’ કોઇ અપમાન કરે, ઉશ્કેરે, કડવાં વચન કહે એ સર્વ પ્રસંગે મનમાં ક્રોધ આણે નહિ. શાંતિ ધારણ કરે.

जैन साईट JAINSITE.com

(૧૩) ‘ **વધ** ’ કોઇ લાકડી વિગેરે મારે, ચાબખા મારે અને યાવત્ વધ કરવા સુધી જાય પણ એના પેટમાંથી પાણી હલે નહિ. શરીરના દુઃખને એ ગણે નહિ.

(૧૪) ‘ **યાચના** ’ ( ભિક્ષા ) સંયમનિર્વાહ માટે વસ્ત્ર કે વસતિ માગતાં મનમાં ખેદ પામે નહિ, પોતે કેમ ભિખ માગે એવો ખ્યાલ પણ ન કરે. એનામાં દીનતા કે અભિમાન બન્ને ન હોય.

(૧૫) ‘ **અલાભ** ’ જરૂરી વસ્તુ ન મળે, હોય છતાં આપે નહિ તો તેથી મુંઝાય નહિ. ઉદ્વેગ કે વિષાદ ન કરે. અલાભને એ સાચો તપ ગણે.

(૧૬) ‘ **રોગ** ’ વ્યાધિ થઇ આવે તો જરાપણ વ્યાકુળ ન થાય, કર્મનો દોષ વિચારી તેની પીડા શાંતિથી ખમે, હાયવોય કદી કરે નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૧૭ ) '**તૃણસ્પર્શ**' શય્યા પર તરખલાં–તરણાં હોય કે તૃણ પર શય્યા કરી હોય તો તરણાંની અણીઓ વાગે તે સહે. મનમાં પણ ક્લેશ ન કરે.

( ૧૮ ) '**મળ**' શરીર પર મેલ થાય તો પણ સ્નાન સંસ્કાર ઇચ્છે નહિ, કરે નહિ, મેલને સહન કરે.

( ૧૯ ) '**સત્કાર**' કોઈ મોટા સામૈયા કરે કે પ્રધાન પુરૂષો પાસે આવે તેથી ફુલાય નહિ, ન સત્કાર થાય તો તેથી વિષાદ પામે નહિ.

( ૨૦ ) '**પ્રજ્ઞા**' અસાધારણ બુદ્ધિબળ હોય તો તેનો મદ ન કરે. મૂર્ખ, અલ્પજ્ઞ હોય તો તેનો ખેદ ન કરે. જ્ઞાનને પચાવે, અજ્ઞાનને સહે. આવડતનો ઉદ્રેક ન કરે, બીન-આવડતનો ખેદ ન ધરે.

( ૨૧ ) '**અજ્ઞાન**' જ્ઞાનના અભાવે આત્માવમાન ન કરે. પ્રજ્ઞા-પરીષહ અન્ય પ્રશ્ન કરે ત્યારે થાય છે. અજ્ઞાન પરીષહ પોતાના અલ્પજ્ઞાનથી થાય છે.

( ૨૨ ) '**સમ્યક્ત્વ**' સૂક્ષ્મ વિચાર વાંચી–જાણી તેની અસદ્દ-હણા ન કરે, અન્ય ધર્મની પ્રસિદ્ધિ જોઈ મૂઢદૃષ્ટિ ન થાય અને વિશિષ્ટ કર્મોને નજરે જોતાં જ્ઞાનને અભાવે ત્યાગને નિરર્થક ન ગણે.

દર્શનમોહનીયના ઉદયથી ૨૨ મો સમ્યક્ત્વ પરીષહ થાય છે.

જ્ઞાનાવરણીયથી ૨૦ મો પ્રજ્ઞા અને ૨૧ મો અજ્ઞાન પરીષહ થાય છે. અંતરાય કર્મના ઉદયથી ૧૫ મો અલાભ પરીષહ થાય છે.

ચારિત્રમોહનીય પૈકી ક્રોધમોહનીયથી ૧૨ મો આક્રોશ, અરતિ મોહનીયથી ૭ મો અરતિ, પુરૂષવેદના ઉદયથી ૮ મો સ્ત્રી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભયમોહનીયના ઉદયથી ૧૦ મો નૈષેધિકી, જુગુપ્સામોહનીયના ઉદયથી ૬ ઠ્ઠો અચેલક, માનમોહનીયના ઉદયથી ૧૪ મો, યાચના, લોભમોહનીયના ઉદયથી ૧૯ મો સત્કાર–કુલ સાત.

વેદનીય કર્મના ઉદયથી બાકીના ૧૧ પરીષહ થાય છે. ક્ષુધા ( ૧ ), પિપાસા ( ૨ ), શીત ( ૩ ), ઉષ્ણ ( ૪ ), દંશ ( ૫ ), ચર્યા ( ૯ ), શય્યા ( ૧૧ ), વધ ( ૧૩ ), રોગ ( ૧૬ ), તૃણસ્પર્શ ( ૧૭ ) અને મળ ( ૧૮ ).

એ સિવાયના બાકીનાં કર્મો સાથે પરીષહનો સંબંધ નથી.

નવ ગુણસ્થાનક સુધી ૨૨ પરીષહો સંભવે છે. દશમે ગુણસ્થાનકે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના આઠ પરિષહો જાય, બાકીના ૧૪ રહે અને તેરમા ચાદમા ગુણસ્થાનકે ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ અને તૃણસ્પર્શ એ ૧૧ રહે. એ બાવીશ પૈકી શીત અને ઉષ્ણ સાથે સંભવે નહિ, ચર્યા અને નિષિદ્યા સાથે સંભવે નહિ. ઉત્કૃષ્ટ ૨૦ નો ઉદય સમકાળે સંભવે.

એમાં સ્ત્રી, પ્રજ્ઞા અને સત્કાર અનુકૂળ પરીષહો છે, બાકીના ૧૯ પરિષહો પ્રતિકૂળ છે.

**૬ ચારિત્ર.** આત્મદશામાં સ્થિર રહેવાનો પ્રયત્ન. એના પાંચ વિભાગ પરિણામની વિશુદ્ધિની વિશેષતા–અલ્પતા બતાવે છે.

( ૧ ) **'સામાયિક ચારિત્ર'** સમપણાનો લાભ, સાવદ્ય યોગનો ત્યાગ, નિરવદ્ય યોગનું આસેવન. અમુક સમય માટે ( ઇત્વરિક ) અને જીવનપર્યંત ( જાવજ્જીવ ) એ બે અને દેશવિરતિ–સર્વવિરતિરૂપ બે વિભાગો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) અમુક શ્રુતનો અભ્યાસ કર્યા પછી પાકી (વડી) દીક્ષા આપવામાં આવે તે '**છેદોપસ્થાપન**' ચારિત્ર. તેના પણ બે પ્રકાર છે.

(૩) '**પરિહારવિશુદ્ધિ**' નવ સાધુ ગચ્છમાંથી બહાર નીકળી આકરો તપ યથાવિધિ કરે તે. છઠ્ઠે સાતમે ગુણઠાણે હોય.

(૪) '**સૂક્ષ્મસંપરાય**' ક્રોધ, માન, માયા સર્વથા જાય, લોભનો અલ્પ અંશ રહે તે ચારિત્ર દશમે ગુણઠાણે હોય.

(૫) '**યથાખ્યાત**' કષાયો સર્વથા નાશ પામે ત્યારે એ વીતરાગ ચારિત્ર પ્રાપ્ત થાય છે. એ અગ્યારમે–બારમે–તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે હોય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ રીતે સમિતિના ૫, ગુપ્તિના ૩, યતિધર્મોના ૧૦, ભાવનાના ૧૨, પરીષહોના ૨૨ અને ચારિત્રના ૫ મળીને સંવરના ૫૭ પ્રકાર છે.

આ પ્રત્યેક પ્રકાર પર ખૂબ વિવેચન કરી શકાય તેમ છે. એનું વિસ્પષ્ટ વિવેચન શ્રી સિદ્ધર્ષિ ગણિએ કર્યું છે. ત્યાં વિવેક પર્વત ઉપર ચારિત્રરાજનો જે આખો પરિવાર વર્ણવી બતાવ્યો છે તે સંવર છે.

એની સમિતિ ગુપ્તિ કેવી સુંદર છે? એને પ્રવચનમાતા કહેવામાં આવે છે. એની ભાવના પૈકી પ્રત્યેક શાંતિનું વાતાવરણ ફેલાવે છે. એના યતિધર્મો અદ્ભુત છે, એના પરીષહો દુર્ગમ છે અને સર્વના શિખર ઉપર ચારિત્રરાજ બિરાજે છે. એક વખત બે ઘડીનું સામાયિક કરતા આનંદ થઈ જાય છે અને આખો દિવસ એની લહેજત મનમાંથી જતી નથી તો પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખી જીંદગીના ચારિત્રનું શું કહેવું ? એ પ્રત્યેક સંવરમાં ખૂબી એ છે કે એ આશ્રવનાં ગરનાળાં બંધ કરે છે. પરિણામે સરોવરમાં નવું પાણી આવતું અટકે છે. આપણે સ્થિર માનસે સામાયિકમાં બેઠા હોઇએ અથવા એકાદ ભાવનામાં ચિત્તને પરોવ્યું હોય કે આવી પડતાં પરીષહો સામે વિજય મેળવવા આંતરવીર્ય સ્ફુરાવતા હોઇએ ત્યારે નવાં કર્મો કયે માર્ગે આવે ?

આ આખો ઉપાદેય વિભાગ ખૂબ મનન કરવા યોગ્ય છે. જેટલો વખત એની વિચારણા ચાલશે તેટલો વખત મનમાં અદ્ભુત શાંતિનો સાક્ષાત્કાર થશે અને અપૂર્વ અનુભવ જાગશે. આખો વખત ન બને તો જ્યારે બને ત્યારે અથવા કોઇ વાર પણ આ ચેતનજીએ ધ્યાવવા જેવો છે. એ વખતે જે નિરવધિ આનંદ થશે તેનો મહિમા વર્ણવી શકાય તેમ નથી. પ્રત્યેક આશ્રવ સામે કયા સંવરને મૂકી તેનું દ્વાર બંધ કરી શકાય તેમ છે તે આપણે ભાવનાને અંતે વિચારશું. આશ્રવોથી ગભરાવું નહિ પણ ઓળખીને શું કરવું તેનો જવાબ આ ભાવનામાં મળશે. એને શોધો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# संवर भावना

स्वागता

येन येन य इहाश्रवरोधः
सम्भवेन्नियतमौपयिकेन ।
आद्रियस्व विनयोद्यतचेता–
स्तत्तदान्तरदृशा परिभाव्य ॥ क १ ॥

स्वागता

संयमेन विषयाविरतत्वे
दर्शनेन वितथाभिनिवेशम् ।
ध्यानमार्तमथ रौद्रमजस्रं
चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥ ख २ ॥

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

शालिनी

क्रोधः क्षान्त्या मार्दवेनाभिमानं
हन्या मायामार्जवेनोज्ज्वलेन ।
लोभं वारांराशिरौद्रं निरुंध्याः
सन्तोषेण प्रांशुना सेतुनेव ॥ ग ३ ॥

---

क. १ આનો અર્થ કરવામાં **त्वं** અધ્યાહાર લેવું પડે તેમ છે. **रोधः** અટકાયત. અભાવ. **नियतं** જરૂર. **औपयिक** ઉપાયભૂત. ઉપાયપણાને પ્રાપ્ત. **विनय** નિવૃત્તિ. મોક્ષ અથવા હે વિનય–વિનેય–શિષ્ય. **परिभाव्य** શોધીને, સમાલોચના કરીને.

ख. २ **विषय** ઇંદ્રિય વિષયો. **अविरतत्व** અવિરતિપણું. પચ્ચખ્ખાણ

क १. નિવૃત્તિ મેળવવાને જેના મનમાં ઉદ્યમ જાગ્યો હોય અથવા જેની ચેતના તત્પર થઈ હોય તેવો પ્રાણી જે જે ઉપાયોનો ઉપયોગ કરીને અહીં આશ્રવોનો અટકાવ કરી શકે તેવું ચોક્કસ હોય તે સર્વની આંતરદૃષ્ટિએ બરાબર સમાલોચના કરીને (તે તે ઉપાયોનો બરાબર પ્રયોગ કરે તે વાસ્તવિક છે) તું (તેવા ઉપાયોને) આદર, તેનો પ્રયોગ કર.

અથવા હે વિનય ! જે જે ઉપાયોવડે આ સંસારમાં આશ્રવનો જરૂર રોધ કરી શકાય અથવા તેવું સંભવતું હોય તેનો આંતરદૃષ્ટિથી વિચાર કરીને, ઉદ્યમી ચિત્તવાળો થઇને તે ઉપાયોને તું આદર.

ख २. ઇંદ્રિયના વિષયોને અને અવિરતિપણા (ત્યાગભાવ રહિતપણા) ને 'સંયમ' થી દબાવી દે, ખોટા આગ્રહ (મિથ્યા અભિનિવેશ) ને સમ્યક્ત્વે કરીને રોધી દે, અને આર્ત્ત અને રૌદ્ર ધ્યાનોને વારંવાર ચિત્તની સ્થિરતાથી રૂંધી દે–દાબી દે.

ग ३. ક્રોધને ક્ષમા–ક્ષાંતિથી રોધી દેવો; અભિમાનને નમ્રતા–મૃદુતાથી રોધી દેવું; માયાને અતિ નિર્મળ સરળ સ્વભાવ (આર્જવ) વડે રોધી દેવી અને પાણીના ભંડાર–સાગર જેવા ભયંકર લોભને ઘણી ઉંચી પાળ-વાળો જાણે બંધ જ ન હોય તેવા સંતોષવડે દાબી દેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स्वागता—

गुप्तिभिस्तिसृभिरेवमजय्यान्
त्रीन् विजित्य तरसाधमयोगान् ।
साधुसंवरपथे प्रयतेथा
लप्स्यसे हितमनाहतमिद्धम् ॥ घ ४ ॥

मंदाक्रांता—

एवं रुद्धेष्वमलहृदयैराश्रवेष्वाप्तवाक्य–
श्रद्धाचञ्चत्सितपटपटुः सुप्रतिष्ठानशाली ।
शुद्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः
स्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्याम् ॥ ङ ५ ॥

JAINSITE .com
जैनम् जयति शासनम्

રહિતપણું. **वितथ** અસત્ય. **अजस्रं** સતત. **निरुन्ध्याः** રોક. રૂંધી દે. સર્વત્ર યોજવાનું છે.

**ग. ३ मार्दव** નમ્રતા. **आर्जव** સરળતા. **उज्ज्वल** નિર્મળ, નિર્દોષ **वारांराशि** દરિયો. **प्रांशुना** ઘણી ઉંચી. સમુન્નત. **सेतु** બંધ.

**घ. ४ गुप्ति** મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. **अजय्य** બહુ મુશ્કેલીથી જીતી શકાય તેવા. **तरसा** શીઘ્ર. **अधम** અપ્રશસ્ત. **साधु** સારા, સુંદર. **हितं** મોક્ષસુખ. **अनाहत** સનાતન. **इद्ध** સ્વાભાવિક.

**ङ ५ अमल** નિર્મળ. **आप्त** સર્વજ્ઞ. **चञ्चत्** શુદ્ધ પ્રકાશ, સુંદર, ચળકતો. **सितपट** સફેત વસ્ત્ર, સઢ (વહાણનો) **सुप्रतिष्ठानशाली** વહાણનો અધો ભાગ સારી રીતે ગોઠવાઈ ગયેલો. સુવ્યવસ્થિત. **जवन** વેગવાન **जीवपोतः** પ્રાણીરૂપ વહાણ. **निर्वाणपुरी** મોક્ષનગરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘ ૪. એવી જ રીતે દુઃખે કરીને મુશ્કેલીથી જીતી શકાય તેવા તારા મન–વચન–કાયાના અશુભ યોગોને ત્રણ ગુપ્તિઓવડે જલ્દી જીતી લઇને તું સુંદર સંવરના માર્ગમાં પ્રવૃત્ત થઇ જા જેથી કરીને તને અત્યંત શુદ્ધ સનાતન સ્વાભાવિક મોક્ષસુખ પ્રાપ્ત થઇ જાય.

ङ ૫. આવી રીતે તદ્દન નિર્મળ હૃદયવડે આશ્રવોનાં દ્વારો રોકી દઇને પછી સારી રીતે સુંદર સ્થાન પામેલ આ જીવરૂપ વહાણ આપ્ત પુરૂષોનાં વાક્યોમાં શ્રદ્ધારૂપ અતિ ચળકાટ મારતા સફેત સઢથી સન્નદ્ધબદ્ધ થઇને શુદ્ધ યોગોરૂપી વેગવર્ધક પવનથી પ્રેરણા પામે છે અને આ સંસારસમુદ્રના પાણીને તરી જઇને નિર્વાણપુરીએ પહોંચી જાય છે.

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## गेयपद्याष्टक.

शृणु शिवसुखसाधनसदुपायम्,
शृणु शिवसुखसाधनसदुपायम् ।
ज्ञानादिकपावनरत्नत्रय-
परमाराधनमनपायम् ॥ शृणु० ॥ १ ॥

विषयविपाकमपाकुरु दूरं,
क्रोधं मानं सहमायम् ।
लोभं रिपुं च विजित्य सहेलं,
भज संयमगुणमकषायम् ॥ शृणु० ॥ २ ॥

उपशमरसमनुशीलय मनसा,
रोषदहनजलदप्रायम् ।
कलय विरागं धृतपरभागं,
हृदि विनयं नायं नायम् ॥ शृणु० ॥ ३ ॥

आर्त्तं रौद्रं ध्यानं मार्जय,
दह विकल्परचनानायम् ।
यदियमरुद्धा मानसवीथी,
तत्त्वविदः पन्था नायम् ॥ शृणु० ॥ ४ ॥

जैन साईट JAINSITE.com जयति शासनम्

૧. શિવસુખ પ્રાપ્ત કરવાના સાધનનો સુંદર ઉપાય છે તેને તું સાંભળ. ચેતન ! મોક્ષસુખ પ્રાપ્ત કરવાના સાધનનો સફળ ઉપાય છે તેને તું બરાબર શ્રવણ કર. એ જ્ઞાન વિગેરે ત્રણ રત્નો ( જ્ઞાન–દર્શન–ચારિત્ર ) ની ઉત્કૃષ્ટ આરાધનારૂપ છે અને જરાપણ શંકા વગર ચોક્કસ ફળ આપનાર છે; માટે એ સદુપાયને સાંભળ, સાંભળ.

૨. વિષયોના વિકારોને દૂર કર, ક્રોધને દૂર કર, માનને મૂકી દે, માયાને છોડી દે અને લોભરૂપ શત્રુ ઉપર રમત માત્રમાં વિજય મેળવીને, કષાય રહિત થઈને સત્વર સંયમગુણને સેવ અને શિવસુખના સાધનને બરાબર શ્રવણગોચર કર.

૩. તારા મનથી ઉપશમ રસનું અનુશીલન કર. એને જમાવ. એ ક્રોધરૂપ અગ્નિને બૂઝાવવા માટે લગભગ મેઘાડંબર જેવો છે અને તારા મનમાં વિનય ( મોક્ષ નયનભાવ ) આણી આણીને પરમ ઉત્કર્ષ દશાને ધારણ કરનાર વિરાગ-વૈરાગ્યને બરાબર ઓળખી લે અને હે ચેતન ! આ શિવ-સુખના સાધન સાચા ઉપાયને બરાબર સમજીને સાંભળી લે.

૪. આર્ત્ત અને રૌદ્ર ધ્યાનને વાળી–ઝુડીને સાફ કર. કલ્પનાની રચનાનું મોટું જાળું છે તેને બાળી નાખ, કારણ કે માનસિક દ્વારો ખુલ્લા રાખવાનો માર્ગ તત્ત્વવેત્તાઓનો ન હોય. આ શિવસુખના સાચા ઉપાયને તું બરાબર સમજી સાંભળી લે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

संयमयोगैरवहितमानस–
शुद्ध्या चरितार्थय कायम् ।
नानामतरुचिगहने भुवने,
निश्चिनु शुद्धपथं नायम् ॥ शृणु० ॥ ५ ॥

ब्रह्मव्रतमङ्गीकुरु विमलं,
बिभ्राणं गुणसमवायम् ।
उदितं गुरुवदनादुपदेशं,
संगृहाण शुचिमिव रायम् ॥ शृणु० ॥ ६ ॥

संयमवाङ्मयकुसुमरसैरति–
सुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षय कृतलक्षण–
ज्ञानचरणगुणपर्यायम् ॥ शृणु० ॥ ७ ॥

वदनमलंकुरु पावनरसनं,
जिनचरितं गायं गायम् ।
सविनय शान्तसुधारसमेनं,
चिरं नन्द पायं पायम् ॥ शृणु० ॥ ८ ॥

जैन साईट JAINSITE.com जयम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. સાવધાન માનસિકશુદ્ધિપૂર્વક સંયમયોગોવડે તારી કાયા ( શરીર ) ને સફળ કર. આ જગત અનેક પ્રકારના મત-મતાંતરોની શ્રદ્ધારૂચિથી ગીચ ભરેલું છે તેમાં તું નીતિયુક્ત શુદ્ધ માર્ગ હોય તેનો ( તપાસ કરીને ) નિશ્ચય કર.

૬. અનેક ગુણોનાં સ્થાનરૂપ પવિત્ર નિર્મળ બ્રહ્મચર્યને તું ધારણ કર અને અત્યંત પવિત્ર રત્નના નિધાનરૂપ ગુરૂ-મહારાજના શ્રીમુખેથી બહાર પડેલ-નીકળેલ સુંદર ઉપ-દેશને તું ગ્રહણ કર અને આ શિવસુખ પ્રાપ્ત કરવાના સાચા ઉપાયને બરાબર સાંભળ.

૭. ( સત્તર પ્રકારના ) સંયમ અને વાઙ્મય ( શાસ્ત્રો ) રૂપ ફૂલોથી તારા પોતાના અધ્યવસાયોને ( આંતરપરિણતિને ) ખૂબ સુગંધિત કર. સુપ્રસિદ્ધ લક્ષણવાળા જ્ઞાન-ચારિત્રરૂપ ગુણો અને પર્યાયોવાળા ચેતન ( જીવસ્વરૂપ ) ને બરા-બર ઓળખી લે અને આ મોક્ષસુખપ્રાપ્તિના સદુપાયને બરાબર સાંભળ.

JAINSITE.com જૈન સાઈટ

૮. તીર્થંકર મહારાજના ચરિત્રનું વારંવાર ગાન કરી કરીને તારી જીભનો રસ લે અને મુખને પવિત્ર કર. અને હે ભાઈ! વિનયપૂર્વક તું આ શાંત-અમૃત-રસનું વારંવાર પાન કરી કરીને દીર્ઘકાળ આનંદ કર-લહેર કર. આ પ્રમાણે શિવસુખ પ્રાપ્ત કરવાનાં સાધનોનો સુંદર ઉપાય છે તેને તું સાંભળ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટ:—

**રાગ.** આ શાંત સુધારસની પાંચમી અન્યત્વ ભાવનાના અષ્ટકનો જે લય છે તે જ લયમાં આ અષ્ટક પણ ગાઈ શકાશે. 'ભલા સોરઠીઆ' ને લગતો મારવાડપ્રસિદ્ધ રાગ છે.

૧ **सदुपायं** સુંદર ઉપાય, અસરકારક ઉપાય. **पावन** પવિત્ર. **रत्नत्रय** જ્ઞાન–દર્શન–ચારિત્ર. **अनपायम्** અગવડ વગરનું, અપાય રહિત.

૨ **अकषाय** કષાય રહિત થઈને. **अपाकुरु** દૂર કર. **भज** સેવ. **सहेलं** રમત માત્રમાં.

૩ **उपशम** શાંતિ, ક્ષમા. **अनुशीलय** પાળ, અંગીકાર કર. **जलद** વરસાદ. **कलय** સમજ. **विरागं** વૈરાગ્ય, રાગ રહિતપણું. **धृत** ધારણ કર્યું છે. **परभाग** પરમ ઉત્કર્ષ. **विनयं** નિવૃત્તિ નયન. **नायं नायं** લાવી લાવીને.

૪ **मार्जय** સાફ કર ( કચરા પેઠે). અથવા મા અર્જય: મેળવ નહિ. ઉપાર્જન કર નહિ. **नायम्** ભાળ. **अरुद्धा** બંધ કર્યા વગરની, ઉઘાડી. ( પોળના દરવાજા ઉઘાડા ) **तत्त्वविद्** તત્ત્વજ્ઞ.

૫ **संयमयोग** ચરણકરણમાં પ્રવૃત્તિ (નોટ જુઓ ) **अवहित** સાવધાન Concentrated. **चरितार्थय** ચરિતાર્થ કર. સફળ કર. **नाना** જુદા જુદા. **गहन** ગીચોગીચ. **भवने** દુનિયામાં **निश्चिनु** તું નિશ્ચય કર, **नायम्** નીતિયુક્ત, લાભકારક.

૬ **ब्रह्मव्रत** બ્રહ્મચર્ય. સ્ત્રી–પુરૂષ–સંયોગત્યાગ. ( માનસિકાદિ સર્વ ) **समवाय** સમૂહ. **उदित** કથિત, વિનિર્ગત. **रायम्** રત્નનિધાન, ભંડાર.

૭ **संयम** ૧૭ પ્રકારે ( નોટ જુઓ ). **वाङ्मय** શાસ્ત્રગ્રંથ. **अध्यवसाय** આત્મપરિણતિ. **उपलक्षय** ઓળખ. **कृत** પ્રસિદ્ધ. **गुण** સહભાવી ધર્મો. **पर्याय** ક્રમભાવી ધર્મો.

૮ **अलंकुरु** શોભાવ. **पावनरसनं** જે કાર્યમાં રસના પાવન થાય છે તે, **सविनय** વિનયયુક્ત ( એવો તું ) **पायं पायं** પી પીને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क ૧. આશ્રવોની હકીકતથી ગભરાઈ જવાય તેવું છે. એ સર્વ દરવાજા ખુલ્લા રહે તો આ જીવનો આરો ક્યારે આવે તે વાત કાંઇ બંધબેસતી નથી. ત્યારે હવે કરવું શું? આશ્રવોનું ખેતર એટલું વિશાળ છે કે એનો કાંઇ પાર દેખાતો નથી અને આ તો મુંઝવી મારે એવી વાત છે. એટલે હવે રસ્તો કેવી રીતે કાઢવો?

તેથી ગ્રંથકર્ત્તા કહે છે કે જે જે રસ્તે એ આશ્રવોનો અટકાવ થાય તે તે ઉપાયોને શોધી કાઢીને તેને અમલમાં મૂકી દેવા જોઇએ. આપણે જરા માંદા પડ્યા હોઈએ તો ડૉકટરો કહે તેવા પ્રયોગો કરીએ છીએ, ડૉકટર કહે કે શસ્ત્રપ્રયોગ ( ઓપરેશન ) કરાવવા મુંબઇ કે મીરજ જાઓ તો ત્યાં જઇએ છીએ અને એવી શારીરિક કે બીજી કોઇ પણ અગવડ હોય તો તેને દૂર કરવાનો ઉપાય આપણે શોધીએ છીએ.

આપણે અગવડ દૂર કરવાના ઉપાયો શોધીએ છીએ એટલું જ નહિ પણ એને અંગે અંતરમાં ખૂબ વિચાર કરીએ છીએ, એ ઉપાયોને અજમાવવા ઉદ્યમ કરીએ છીએ અને છેવટે કાંઇ નહિ તો અગવડ મટવાની માત્ર સંભાવના જ હોય તો પણ તે અજમાવવાનું ચૂકતા નથી. આપણે શરીર કે ધનને અંગે છેવટ તક ( ચાન્સ ) પણ લઇએ છીએ. એ જ મિસાલે આ આત્મતત્ત્વને ચારે બાજુએ ઘેરી બેઠેલા અને એનામાં વધારો કરનારા, એને ભારે કરનારા, એને રખડાવનારા આશ્રવોને આપણે જો બરાબર ઓળખ્યા હોય અને એ આત્માને હેરાન કરનારા છે એની આપણને ખરેખર ખાત્રી થઇ ગઇ હોય તો આપણે એના સંબંધમાં નિશ્ચિંત રહી ન જ શકીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ આશ્રવોને અટકાવવાના જે જે માર્ગો હોય તેને આપણે શોધીએ, જ્યાં એને રૂંધવાનો સંભવ હોય તેવા ઉપાયોને પણ શોધીએ, એ શોધનના કાર્યમાં ખૂબ આંતરદૃષ્ટિએ વિચારણા કરીએ અને એ ઉપાયોનો ઉપયોગ કરવામાં અંતરંગ જુસ્સાથી ઉદ્યોગ આદરી દઈએ. ચેતનજીને એ ઉપાયોનો આદર કરવાનો અત્ર આગ્રહપૂર્વક ઉપદેશ છે. 'આશ્રવનો નિરોધ' એ જ સંવર છે. જે ગરનાળાં ઉઘાડાં પડ્યાં છે તેની સામે બારણાં બંધ કરે તે 'સંવર.' જે રસ્તે કર્મોનો પ્રવાહ ધોધબંધ ચાલ્યો આવે છે તેની સામે બારણા બંધ કરી દે તેવા માર્ગો તે 'સંવર.' પાણીનાં ગરનાળાં બંધ કરવા માટે જે બારણાં હોય છે તે લોઢાનાં અથવા મજબૂત લાકડાનાં હોય છે. કયા પ્રાણીને કયા માર્ગોથી એ દ્વાર પ્રાપ્ત થશે તે ચોક્કસ કહી શકાય નહિ, તેથી અનેક જાતિનાં દ્વારો આ પ્રકરણમાં બતાવશે, તેમાંથી જે અને જેટલાં દ્વારોનો–અનુકૂળ જણાય તે સર્વનો ઉપયોગ કરવો. એકાદ દ્વારથી સંતોષાઈ જવાનું કારણ નથી. આકરા કેસમાં આપણે ઓક્સીજનના સીલીંડરો લઈ આવીએ, ઈન્જેક્શનો મૂકીએ, માથે બરફ મૂકીએ, છાતી પર પોટીસો મૂકીએ અને બીજા અનેક પ્રયોગો એક સાથે કરીએ તેમ જેટલાં બને તેટલાં સંવરનાં દ્વારો સમજી, તેની ઉપયુક્તતા સમજી તેને આદરી લેવાની અને તેનો ઉતાવળે અમલ કરવાની જરૂર છે. આશ્રવો આકરા છે તેથી પ્રયોગ પણ આકરા કરવા પડશે, પણ રીતસર કામ લેવાશે તો કષ્ટસાધ્ય કેસ હશે તો અંતે યશ મળશે. આ દ્વારો આપણે તપાસીએ.

ख २. હવે સંવરને કઈ કઈ બાબતમાં લાગુ પાડવા તેના થોડા દાખલાઓ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રવ ભાવનાનો વિચાર કરતાં આપણે અવિરતિ—ત્યાગભાવના અભાવથી થતા આશ્રવો જોયા હતા. પ્રત્યાખ્યાન—પચ્ચખ્ખાણની આવશ્યકતા કેટલી છે તે પર અગાઉ વિવેચન થઈ ગયું છે. અવિરતિનો ઉપાય સંયમ છે, ઘસારા વગર ચળકાટ કદી આવતો નથી અને સંયમ કર્યા વગર અવિરતિભાવનો ત્યાગ થતો નથી. સમજણપૂર્વક ત્યાગ કરવામાં આવે અને એ ત્યાગને ગમે તેટલી અગવડે પણ વળગી રહેવામાં આવે ત્યારે અવિરતિનું દ્વાર બંધ થાય છે. આ સંયમને આપણે ઓળખીએ.

સંયમ એટલે નિયમન—અંકુશ. એના ૧૭ પ્રકાર છે.

૫. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર—એ પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ.

૫. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ—એ પાંચ અવ્રતનો ત્યાગ.

૪. ક્રોધ, માન, માયા, લોભ—એ ચાર કષાયોનો વિજય.

૩. મન, વચન, કાયાના યોગોનું નિયમન. એ સત્તર પ્રકાર.

અથવા—

પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ, વનસ્પતિ—એ પાંચ કાય સ્થાવર અને બે, ત્રણ, ચાર, પાંચ ઇંદ્રિયોવાળા જીવના સંબંધમાં સંયમ—એ મળીને નવ પ્રકાર અને પ્રેક્ષ્યસંયમ (દૃશ્ય પદાર્થો વિષે સંયમ), ઉપેક્ષ્યસંયમ ( ઉપેક્ષા કરવા યોગ્ય બાબતોમાં સંયમ ), અપહૃત્યસંયમ ( લેવા—મૂકવામાં સંયમ ), પ્રમૃજ્યસંયમ ( વસ્તુને પ્રમાર્જવાની બાબતમાં સંયમ ), કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકરણસંયમ (વસ્તુ પરિગ્રહના સંબંધમાં નિયમન) એ આઠ મળીને સત્તર પ્રકાર. સંયમમાં વિચાર, વાણી અને ક્રિયામાં

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમન–અંકુશની બાબત મુખ્ય હોય છે. અવિરતિમાં જે દરવાજા ખુલ્લા હોય છે તે સંયમમાં બંધ થાય છે. વિષયોને અંગે અવિરતિભાવ હોય છે ત્યારે એના અભિલાષોને અંગે રાગ દ્વેષ એટલા થાય છે કે એ અનેક કર્મોને લઇ આવે છે.

આ ‘ સંયમ ’ થી ઇંદ્રિયના આશ્રવો પર સંવર થાય છે અને અવિરતિભાવ ઉપર પણ સંવર થાય છે. આ એક વાત થઇ.

ખોટા અભિનિવેશ. જ્યાં દેવત્વ ન હોય ત્યાં દેવત્વ માનવું, ગુરૂત્વ ન હોય ત્યાં ગુરૂત્વ અને ધર્મત્વ ન હોય ત્યાં ધર્મારોપ એ અભિનિવેશ છે. એનો વિશુદ્ધ શ્રદ્ધાન–સમ્યક્ત્વથી સંવર કરવો. શુદ્ધ દેવ–ગુરૂ–ધર્મની પરીક્ષા કરી–ઓળખી તેને આદરવા તે સમ્યક્ત્વ. એ મિથ્યાત્વભાવથી થતી મહા આકરી કર્મબંધની સ્થિતિ સામે સંવર મૂકે છે. કર્મોની સ્થિતિ કેટલી મોટી હોય છે અને મિથ્યાત્વનો નાશ થતા તે કેટલી ટૂંકી થઇ જાય છે અને તેના અપૂર્વકરણાદિ થાય ત્યારે કેવી અલ્પ સ્થિતિ થાય છે તે ખૂબ વિસ્તારથી સમજવા જેવું છે. અહીં પ્રસ્તુત વાત એ છે કે કર્મનો મોટો પ્રવાહ સમ્યક્ત્વ અટકાવે છે તેથી એ સંવરને આદર. આ બીજી વાત થઇ.

આર્ત્ત અને રૌદ્ર ધ્યાનની હકીકત આ ગ્રંથના ઉપોદ્ઘાતમાં ગ્રંથકર્ત્તાએ પાંચમી ગાથામાં આપી છે.

આ આર્ત્ત અને રૌદ્રધ્યાનો મનોયોગના દુરૂપયોગથી થાય છે. મનરૂપ ઘોડા પર અંકુશ ન હોય ત્યારે મન જ્યાં ત્યાં રખડે છે, ખટપટ કરે છે, દોડા–દોડ કરે છે અને આગળ–પાછળની, વ્યાધિ વિગેરેની ચિંતાના જાળા ઊભા કરે છે.

મનની સ્થિરતાથી એ આર્ત્ત–રૌદ્ર ધ્યાનો પર વિજય મેળ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વવો. એ સ્થિરતા એટલે શું ? મનને નિશ્ચળ રાખવું—એકાગ્ર રાખવું. એ વાત ઘણી મુશ્કેલ છે; એ વિષય રાજયોગનો છે. ઘર બળી જતું હોય તો તે ઘરની સામે ઊભો ઊભો બળી ન જાય, એકનો એક છોકરો ચાલ્યો જતો હોય તો તે રડવા-કુટવા મંડી ન જાય, પૈસા ગયા હોય તો દીન ન થઇ જાય, માંદો પડ્યો હોય તો એ હાયવોય ન કરે—સર્વ સંયોગોમાં મનને નિશ્ચળ રાખે, મનની દોડા–દોડી અટકાવી દે. ધ્યાનના પુસ્તકોમાં એના ઉપાયો બતાવ્યા છે તેવા પ્રયોગો કરવા. જે રસ્તે બને તે માર્ગે મનની સ્થિરતા રાખવી એ મહાન કાર્ય છે, મુશ્કેલ છે પણ બહુ જરૂરી છે. અને અંતે આપણી કરેલી ચિંતા શા કામની છે ? આપણે ચિંતા કરીએ કે ન કરીએ, પણ જે નિર્માણ હોય તે જરૂર થાય છે અથવા થઈ ગયું હોય છે, પરંતુ એવો તાત્ત્વિક ભાવ રાખવો અને મનને સ્થિર રાખવું એ ખરેખરો સંવર ઉપાય છે, સિદ્ધ માર્ગ છે અને જરૂર આદરણીય છે. આ રીતે આર્ત્ત–રૌદ્ર ધ્યાનદ્વારા જે મહાન કર્મભાર વધતો જાય છે તે અટકાવવાના ઉપાયનો પ્રયોગ આંતરદશાથી વિચારીને આદરવો.

ગ. ૩. ‘ ક્રોધ ’ નામનો આશ્રવ આપણે જાણ્યો છે. ક્રોધ કરવાનો પ્રસંગ આવે ત્યારે ‘ક્ષમા’ રાખવી. નોકર–ચાકર ઉપર કદી ગુસ્સે થવું નહિ, અન્યાય કરનાર ઉપર ગુસ્સો કરવો નહિ, સહનશીલતાને કેળવવી અને સર્વ વાત ગળી જતાં શીખવું. ક્રોધ એ ભુજંગ (સર્પ) છે, એને ઉતારનાર જાંગુલી મંત્ર ખંતિ–ક્ષમા છે એમ શ્રીમદ્યશોવિજયજી ક્રોધના સ્વાધ્યાયમાં કહે છે.

‘અભિમાન’ નામનો બીજો કષાય–આશ્રવ છે. આપણે તેને ઓળખ્યો છે. તેને માર્દવ–નમ્ર સ્વભાવે જીતવો. આપણે ગમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવા હોઇએ તો પણ આખરે આપણે કોણ ? આપણું સ્થાન શું ? 'વીરા મારા ગજથકી ઊતરો' એમ સુપ્રસિદ્ધ કથનનું રહસ્ય ખાસ ધ્યાનમાં લેવા લાયક છે. નમ્રતા તો મહાન સદ્ગુણ છે અને વિચારશીલને સહજ સુગ્રાહ્ય છે.

'માયા' નામનો આશ્રવ આપણે જોઈ ગયા છીએ. કપટ, દંભ, ગોટાળા એ આપણને ન શોભે. મનમાં કાંઈ હોય અને ઉપરથી કાંઈ બોલવું એ કેટલા ભવ માટે ! સરળતાથી એના પર વિજય મેળવવો. મન-વચન-કાયાની એકતા વગર ઘણી સત્ક્રિયા નિરર્થક થાય છે. અહીં ઘણું બેસી રહેવાનું નથી એટલું સ્પષ્ટ જણાય તો સરળતા આવી શકે તેમ છે.

'લોભ' આશ્રવ વધારે આકરો છે. એ ઘણા આકારમાં વ્યક્ત થાય છે અને સર્વ ગુણોનો નાશ કરે છે. સંતોષથી એના પર વિજય મળે છે, નહિતર તો આખી દુનિયાનું રાજ્ય મળે તો પણ ઓછું પડે છે. એ ભયંકર દુર્ગુણ અતિ મીઠો હોઈ પ્રાણીને ખૂબ કર્મોથી ભારે બનાવે છે. ધન કમાવા બેસે ત્યારે એને હેતુ કે સાધ્યનું ભાન રહેતું નથી અને આજનું સાધ્ય તે કાલનું શરૂ કરવાનું સ્થાન બને છે. સંતોષ થઈ જાય તો બધી તરખડ મટી જાય છે.

આવી રીતે ચારે કષાયો જેઓ મહાભયંકર છે અને જે પ્રાણી તરફ અનેક કર્મો આણી એને ભારે બનાવી મૂકે છે તેના પર વિજય મેળવવાની બહુ જરૂર છે. એના ચારે ઉપાયો તે ચાર યતિધર્મમાં ઉપર આવી ગયા છે. કર્મોના બંધ વખતે એ કષાય સ્થિતિબંધ અને રસબંધમાં ખાસ કાર્ય ભજવે છે તેથી એનાથી વધારે ચેતવાની ખાસ આવશ્યકતા છે. એના સંવર

જૈન સાઈટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

ધર્મો ખરા ઉપાયભૂત છે, અમલમાં મૂકવા યોગ્ય છે અને આત્મવિકાસમાં બહુ સુંદર કાર્ય કરનાર છે.

ઘ. ૪. મન–વચન–કાયાના યોગો આપણી પ્રવૃત્તિનો મુખ્ય ભાગ ભજવે છે. મનથી વિચારીને વાણીથી અથવા શરીરથી અથવા બન્નેથી સર્વ પ્રવૃત્તિ થાય છે. આ યોગો પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારના છે. સંવરમાં મનોગુપ્તિ, વચોગુપ્તિ, કાયગુપ્તિ બતાવી છે. એનો અર્થ અપ્રશસ્ત યોગપ્રવૃત્તિ પર અંકુશ થાય છે. શુભ યોગોમાં અમુક હદ સુધી પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા છે. ગુપ્તિ એટલે મનાદિને દાબી દેવાના નથી પણ એની અશુભ પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાનો છે. એ અપ્રશસ્ત મન–વચન–કાયાના યોગોને સહેજે ત્રણ ગુપ્તિઓથી જીતવા એ સંવર છે.

મન–વચન–કાયાના અપ્રશસ્ત યોગોને ' અજય્ય ' કહ્યા છે. એના પર વિજય મેળવવો ઘણો મુશ્કેલ છે, પણ વિજય મેળવ્યા વગર આશ્રવનાં મોટાં ગરનાળાં બંધ થાય તેમ નથી. મન જ્યાં ત્યાં દોડ્યા કરે તો તો પછી પાર કેમ આવે ? અને એવી જ રીતે વાણી પર સંયમ ન હોય તો આ પ્રાણી તો ગમે તેવું બોલ્યા જ કરે. એને પોતાની વિદ્વત્તા બતાવવાની, ઠઠ્ઠા મશ્કરી કરવાની, અસત્ય–અસભ્ય બોલવાની અને પ્રણયનાં ગાનો ગાવાની એટલી ટેવો હોય છે કે એના પર અંકુશ ન હોય તો પોતાનું ભાષણ ચલાવ્યા જ કરે. અને શરીરની વાત શી કરવી ? પચીશે અસત્ક્રિયામાં એનો ભાગ મોટો છે. કર્મોનો મોટો જથ્થો એ ખેંચી લાવે છે. ખાસ કરીને મનોગુપ્ત્તિ સર્વથી વધારે આકરી છે પણ તેટલી જ તે જરૂરી છે. આવી રીતે યોગો પર વિજય મેળવવો. આ મહાન યોગ છે. એનાં પ્રસંગો સાધનો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને રસ્તાઓ શોધવા. યોગગ્રંથોમાં યમ, નિયમ, આસનાદિ માર્ગો બતાવ્યા છે તે ખૂબ સમજવા યોગ્ય છે. 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ સાચી અને ખાસ જરૂરી વાત છે અને તેથી જ યોગોને અજય્ય કહ્યા છે, એટલે કે એના પર જય મેળવવો મુશ્કેલ છે પણ સાથે જ ધ્યાનમાં રાખવું કે એ જય અશક્ય નથી.

આ સંવર માર્ગે પ્રવર્તન કરવાથી ઇષ્ટ મોક્ષસુખ જરૂર મળે તેમ છે માટે યોગો પર વિજય મેળવવો. આ સંવર માર્ગ મહા રાજયોગ હોઇ ખૂબ વિચારવા જેવો અને ભાવવા જેવો છે, ખરેખર જીવવા જેવો છે. એના વિકાસમાં જીવનયાત્રાની સફળતા સમાયેલી છે અને આશ્રવો સામે દ્વારો બંધ કરવાનું એ પ્રબળ સાધન છે માટે એમાં પ્રયત્ન જરૂર કરવો.

જૈન સાઈટ JAINSITE જૈનમ જયતિ શાસનમ

રુ. ૫. ટૂંકામાં વાત કરતાં ઉપર જણાવેલી રીત પ્રમાણે જ્યારે તદ્દન નિર્મળ હૃદયપૂર્વક આશ્રવોને રોકવામાં આવે ત્યારે એક ઘણું સુંદર અતિ વિશિષ્ટ પરિણામ નીપજાવી શકાય છે અને તે ઇષ્ટ તથા પ્રાપ્તવ્ય છે. અહીં આ જીવને—આત્માને વહાણનું રૂપક આપી વાત ચલાવે છે.

પ્રથમ તો આશ્રવોના રોધનો અમલ હૃદયથી કરવાનો છે. એથી કર્મોનો બંધ અને મળની ઉત્પત્તિ અટકી જાય છે. મળનો વધારો ન થાય એ જ કાર્ય સંવરનું છે અને તે આશ્રવનો રોધ થયે પ્રાપ્તવ્ય છે.

વહાણને ઇષ્ટ સ્થાને પહોંચવા માટે ત્રણ વસ્તુની જરૂર છે. વહાણ પોતે દરિયાને યોગ્ય હોવું જોઇએ, એના સઢ બરાબર હોવા જોઇએ અને એને પવન બરાબર લાગવો જોઇએ. એમ થાય તો એ દરિયાના ભયોને ઓળંગી ધારેલ બંદરે પહોંચે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આત્મનૌકાને નિર્વાણપુરીએ—મોક્ષનગરીએ પહોંચાડવી છે. એને ઉપરની ત્રણે બાબતો બરાબર લાગુ પડે છે.

પ્રથમ તો એ સુપ્રતિષ્ઠાનશાળી હોવો જોઈએ. વહાણનો મધ્ય ભાગ બરાબર દરિયાને લાયક હોવો ઘટે. એ પ્રમાણે એણે સુંદર વ્રત ધૈર્યાદિ ગુણ કેળવી પોતાના વહાણને દરિયાની—સંસાર-સમુદ્રની મુસાફરીને યોગ્ય બનાવવું જોઈએ. આ પ્રથમ શરત થઈ.

બીજી વાત એ કે આપ્ત પુરૂષોનાં વાક્ય પર શ્રદ્ધા રાખવી જોઈએ. દરેક બાબતમાં કાંઇ પોતે પ્રયોગ કે ચર્ચા કરી શકતો નથી. આપ્તની આપ્તતા કસોટીથી કરી તેના વાક્યમાં શ્રદ્ધા રાખવી એ જ એને માટે માર્ગ છે. જેમનામાં રાગ—દ્વેષ ન હોય તે આપ્ત. તેમનાં વચનો શોધી તેમાં શ્રદ્ધા રાખવી. આ ખરેખરો સઢ છે. આપ્તવાક્યાંતર્ગત અનેક બાબતો અત્ર પ્રસ્તુત થાય તે વિચારી લેવી. અત્ર તે લખવા માંડીએ તો ઘણો વધારો થઈ જાય. આવા સઢનો આશ્રય કર્યા વગર કદી ભવસમુદ્રનો પાર પમાય તેમ નથી. એ આશા વ્યર્થ છે.

અને ત્રીજી વાત તે અનુકૂળ પવન છે. શુદ્ધ યોગો એ પવન છે. એમાંથી જ્યારે આ જીવને પોતાને પ્રેરણા મળે, એના મન—વચન—કાયાના યોગોમાં એકતા આવી જાય, એની અશુભ યોગ-પ્રવૃત્તિ અટકી જાય એટલે એનું વહાણ સડસડાટ આગળ વધવા લાગે છે.

આવી રીતે જીવવહાણ—આત્મજહાજ મજબૂત હોય, સઢ સુંદર દૃઢ હોય અને પવન અનુકૂળ વાય તો એ સપાટાબંધ ભવસમુદ્રના જળને તરી જઈને નિર્વાણપુરીએ પહોંચી જાય છે. જો તારે ભવસમુદ્રનો પાર પામવો હોય તો આશ્રવને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોકવાનો અમલ હૃદયથી કરી તેનો રોધ કર, તારા વહાણને સન્નદ્ધબદ્ધ કર, પાકા મજબૂત સઢ ચઢાવ અને સુંદર યોગના વાયુને બહલાવી વહાણને છોડી મૂક. નવો ભાર એ વહાણમાં લદાતો બંધ થઇ જશે અને વહાણનું સુકાન હાથમાં આવી જશે એટલે તારા ઇષ્ટ બંદરે જરૂર પહોંચી જઈશ. સર્વ આશ્રવનો રોધ કરનાર અને શુદ્ધ શ્રદ્ધા તથા શુભ યોગરૂપ સંવરવાળો આત્મા જરૂર મોક્ષગામી થાય છે.

## ગેયાષ્ટક પરિચય— :: સંવર ભાવના—

જૈન સાઈટ JAINSITE .com

૧. સંવરભાવના આપણે ભાવીએ. હે ચેતન ! આખો જૈન માર્ગ એ આત્મવિકાસનો માર્ગ છે. ચેતનને એ સર્વ દુઃખથી મુક્તિ અપાવી, નિરંતરને માટે એનામાં સ્થાયી વીતરાગભાવ પ્રગટ કરી, એના જન્મ-જરા-મરણનાં દુઃખોને દૂર કરે છે. એ અનંત સુખ પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય તારે શોધવો છે ? શોધવો હોય તો એ ઉપાયોના સમૂહને તું બરાબર સાંભળી-સમજી લે. તને વારંવાર આગ્રહ કરીને કહેવામાં આવે છે કે એ સાચા ઉપાયોને તું સાંભળ, સાંભળ. જો પ્રથમ વાત તો એ છે કે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનું સાધન છે. આ ત્રણે સાધનો મહાપવિત્ર છે પણ એ ત્રણે એક સાથે હોવા જોઇએ. જ્ઞાનથી વસ્તુસ્વરૂપ સમજાય છે, દર્શનથી હેય-ઉપાદેયનો વિવેક થાય છે અને ચારિત્રથી આત્મસ્વરૂપમાં રમણતા થાય છે. એ સર્વ સાથે સમ્યક્ શબ્દ લાગેલ છે તે ધ્યાનમાં રાખવાનું છે. એ સાધનો અને સાધ્યની અંતે એકતા થઇ જાય છે. ક્રમિક વિકા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સથી એ પ્રાપ્ય છે અને પછી મોક્ષમાં તો સ્વરૂપરમણતા અને સ્થિરતા છે. ત્યારપછી સંસારની રખડપટ્ટી મટી જાય છે.

આ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રય છે. તેનું ઉત્કૃષ્ટ આરાધન કરવું એ શિવસુખસાધનનો પરમ ઉપાય છે અને તે ઉપાય ચોક્કસ છે, શંકા વગરનો છે અને ફળવિયોગથી રહિત છે.

તેથી સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અપેક્ષાઓ સમજી તેને આદર, હેય–ઉપાદેયનો સાચો વિભાગ કરી તજવા યોગ્યને તજ અને આદરવા યોગ્યને આદર તેમજ રાગદ્વેષ તજી યોગો પર વિજય મેળવી તારા ગુણુમાં રમણ કર. આવું દોષ રહિત આરાધન કરવાથી તને હમેશને માટે શિવસુખ પ્રાપ્ત થશે અને અત્યારની તારી સર્વ જંજાળોનો છેડો આવી જશે.

આ આખી ભાવનામાં શિવસુખ પ્રાપ્ત કરવાનું સાધ્ય લક્ષમાં રાખી પ્રથમ નવાં આવતાં કર્મોને રોકવાના માર્ગો બતાવ્યા છે. એટલું થાય એટલે નવી આવક બંધ થાય છે. પછી જૂની પડતર બાબતોનો ( કર્મોનો ) અને લાગેલા કચરાનો રસ્તો શો કરવો તે નિર્જરા ભાવનામાં બતાવવામાં આવશે. પ્રથમ આવકને તો બંધ કર, પછી જૂના હિસાબો ઉખેળી તેની પતાવટ કઇ રીતે કરવી તેના માર્ગો બતાવવાની તક લેવાશે.

અહીં જે ઉપાયો બતાવ્યા છે તે સિદ્ધ માર્ગો છે, શુભ પરિણામની બાબતમાં જરાપણ શંકા વગરના છે અને તને ફાવી જાય તેવા છે તેથી તેને તું બરાબર વિચારી લેજે. તારે પ્રત્યેક બાબત સાંભળીને સમજી રાખવાની છે અને સાંભળ્યા સમજ્યા પછી બેસી રહેવાનું નથી. માત્ર સાંભળવાથી વળે તેમ નથી, પણ સાચા ઉપાય બતાવ્યા હોય તેને આદરવાનું તારૂં કામ છે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

૨. પાંચે ઇંદ્રિયના વિષયોને તું દૂર કર. તને અનેક વખત જણાવ્યું છે કે વિષયો બહુ આકરા છે અને મોહરાજાના મોટા પુત્ર રાગના મંત્રી વિષયાભિલાષના એ પાંચ પુત્રો છે. એ જ્યાં સુધી હોય છે ત્યાંસુધી એક પણ વાતની એકાગ્રતા તારામાં થવા દેશે નહિ. એ તો જેમ બને તેમ જલ્દીથી તદ્દન દૂર કરવા યોગ્ય છે. એ વિભાવદશા છે, તારા પોતાના સ્વભાવથી તદ્દન વિરૂદ્ધ છે અને તને સંસારમાં રખડાવનાર છે. એને તજવા માટે તૈયાર થઇ જા.

પછી ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર તારા મોટા દુશ્મનો છે તેના પર વિજય મેળવ. તારે જો સંયમ રાખતા શીખવું હોય તો આ કષાયો પર વિજય મેળવવાની પ્રથમ જરૂર છે. વાત-વાતમાં તું લાલપીળો થઇ જા કે તારી નાની વાતોને મોટાં રૂપકો આપી દે કે માયાકપટ કર કે મૂર્છા કર એમાં તને તારી જાત પર જરા પણ સંયમ લાગે છે? તારા અંતરંગના એ આકરા દુશ્મનો છે, રાગ દ્વેષના મૂળ છે અને તને સંસારમાં રખડાવનાર છે.

એ કષાયો બહુ ગુપ્તપણે કામ કરે છે. ઘણીવાર સૂક્ષ્મ રૂપમાં હોય છે ત્યારે શોધ્યા પણ જડતા નથી અને તેના સંબંધમાં ઘણીવાર આપણે આપણી જાતને છેતરીએ છીએ. એ કષાયો પર વિજય મેળવવાની મુશ્કેલી તો છે, પણ મુશ્કેલી વગર શાશ્વત સુખ કાંઈ બજારમાં પડ્યું નથી. સંભાળી–સંભાળીને એ શત્રુઓને શોધવા પડશે અને વીણી–વીણીને તે પર વિજય મેળવવો પડશે. અકષાયી થઇ સંયમગુણને બરાબર કેળવ, સેવ અને પછી મજા જોજે. ખૂબ હલકો–હળવો થઇ જઇશ એટલે મજા આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં 'રમત માત્રમાં' (સહેલાઈથી) વિજય મેળવવાની વાત કરી છે તે કાંઇ તમારી નજર ચૂકાવવા નથી કરી. જ્યારે આ ચેતન એના ખરા સ્વરૂપે ઊઠી જોર કરે છે ત્યારે એને કષાયો પર વિજય કરવો એ રમત માત્ર છે. એ તો જ્યાંસુધી અટકી બેઠો છે ત્યાંસુધી જ બાપડો–બિચારો–પરવશ લાગે છે, બાકી એના અનંત વીર્ય પાસે કષાયો કાંઇ ગણતરીમાં નથી.

ચેતન ! આ સર્વ સાચા ઉપાયોને સાંભળ અને અકષાયી થઇ તારા સંયમગુણને કેળવ. એ છઠ્ઠો સંયમ નામનો યતિધર્મ છે, બીજી રીતે એ આખા સંવરના ક્ષેત્રને રોકી શકે છે અને ચેતનનો વિકાસ ખૂબ કરી શકે છે. આ શિવસાધન સાંભળ–સમજ.

૩. એ કષાયો પૈકી એકની વાત તને કરીએ અને તેના ઉપાયને બતાવીએ. બીજાઓનું સ્વરૂપ તું પછી વિચારી લેજે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ક્રોધરૂપ અગ્નિને બૂઝાવવા માટે વરસાદ લાવવો પડે તેમ છે. વનમાં મોટો દાહ લાગ્યો હોય તો તે વરસાદથી જ અટકે, તેથી ક્રોધરૂપ અગ્નિને બૂઝાવવા માટે તું ઉપશમ રસનો વરસાદ વરસાવ. આખા શાસ્ત્રનો સાર આ એક શબ્દમાં આવી જાય છે. ઉપાધ્યાયજી ક્રોધના સ્વાધ્યાયમાં કહે છે કે 'ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણો રે' ઉપશમ એટલે શાંતિ–ક્ષમા. એ વીરનું ભૂષણ છે. મનમાંથી ક્રોધ દૂર કરવો અને ગમે તેવા આકરા પ્રસંગમાં પણ સ્થિરતા રાખવી એ તો ભારે વાત છે. સમતા વગરની ક્રિયા સર્વ નિરર્થક છે એ વાત અનેક વાર આપણે જોઇ છે.

આ ઉપશમ ભાવ લાવવાનો છે તે દેખાવ માત્ર નહિ પણ 'મનસા' હૃદયપૂર્વક લાવવાનો છે. આ આંતરરાજ્યની

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

સૃષ્ટિમાં ઉપર ઉપરના દેખાવને સ્થાન જ નથી એ ધ્યાનમાં રાખજે. અંતઃકરણપૂર્વક ઉપશમભાવને ધારણ કર. ઉપશમમાં ક્રોધની ખાસ અને એકંદરે સર્વ કષાયોની શાંતિ થાય છે.

વળી હૃદયમાં વિનય લાવી લાવીને વિરાગને ધારણ કર. સાંસારિક સંબંધ પરથી રાગ જાય એટલે ઘણી ગુંચવણનો અંત આવી જાય છે. એ વિરાગને પરિણામે વિષયોમાંથી આસક્તિ ઓછી થઇ જાય છે અને છેવટે તદ્દન જાય છે. વિરાગ એટલે વૈરાગ્ય છે. એ થતાં સંસારમાં ખેંચી રાખનાર મહા આકર્ષક વિભાવનું જોર નષ્ટપ્રાય થઇ જાય છે.

આ ગાથામાં જે ઉપશમ અને વિરાગ બતાવ્યા છે તે સમ્યક્ત્વનાં લિંગો પૈકી બે છે. (શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય અને અનુકંપા એ પાંચ લિંગ છે) અને સમ્યગ્દર્શનની પીછાન કરાવનાર છે. વિરાગને માટે 'નિર્વેદ' શબ્દ એ સમ્યક્ત્વના લિંગનાં નામોમાં યોજવામાં આવ્યો છે. આ વિરાગ અથવા નિર્વેદ ખરેખર પરમ ઉત્કર્ષ ભાવને ધારણ કરનાર છે, કારણ કે એ આત્મવિકાસને સારી રીતે વધારી દે છે. કર્મોને આવવાનાં દ્વારો એ બન્ને સારી રીતે બંધ કરી દે છે.

૪. તું આખો વખત કેટલી કલ્પનાઓ કર્યા કરે છે. તારે ખાવાની ચિંતા, પહેરવાની ચિંતા, ભરણપોષણની ચિંતા, નોકરીની ચિંતા, પૈસા થઇ ગયા હોય તો જાળવવાની ચિંતા, ન મળ્યા હોય તો ગરીબ રહી ગયાની ચિંતા, રોગોની ચિંતા—એમ અનેક ચિંતાઓ—કલ્પનાજાળો તારે માટે ઊભાં છે. તારી જાતને તપાસી જા. તને એક સ્થાનકે નિરાંતે બેસવાનું મળશે નહિ. ચારે તરફ ધમાલ, તોફાન, ગડબડ અને ગુંચવણ જણાશે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

એક ચિંતા પૂરી થશે ત્યાં અનેક નવી ઊભી થશે. તેમ જ હિંસા, અનૃત, ચોરી, પરસ્ત્રી અને ધનસંરક્ષણ નિમિત્ત દુર્ધ્યાનો તને થયા જ કરે છે. આ ધ્યાનોને તું ન કર. એને અટકાવવાનો ઉપાય ઉપર પરિચય ગાથા ૫માં બતાવ્યો છે.

તારી માનસિક શેરી છે, પોળ છે, તેના દરવાજા ઉઘાડા પડ્યા છે તેનો તું ખ્યાલ કર. સમજુ તત્ત્વજ્ઞાની પોતાની માનસ-પોળ ઉઘાડી મૂકે નહિ, એ તો એના દરવાજા બંધ કરે અને પાછો તપાસી પણ આવે કે દરવાજા બરાબર બંધ થયા છે કે નહિ. ઉઘાડા દરવાજામાં તો ચોર તરત પેસી જાય, માટે સમજુનું કામ એ જ છે કે એણે માનસ–વીથીના દરવાજા બંધ કરવા. આશ્રવો ચોર છે, ઉઘાડા દરવાજા જોઇ જરૂર અંદર ઘુસી જાય તેવા છે અને તને ભારે બનાવે તેવા છે; માટે આ દરવાજાઓ બંધ કરી તારા અંદરના ઘરબાર અને વૈભવને બરાબર જાળવી રાખ. તું સમજુ હોઇશ તો આશ્રવના માર્ગો જરૂર બંધ કરીશ.

JAINSITE

આ આખો મનોગુપ્તિનો વિષય છે. એમાં નકામા સંકલ્પોનો ત્યાગ ખાસ સૂચવ્યો છે, તે બહુ જ વિચારવા યોગ્ય છે.

૫. હવે તારી કાયાનો અત્યારે તું શું ઉપયોગ કરે છે તે વિચાર. આ શરીર મજુરી કરવા કે નામા લખવા કે વેપાર–નોકરી કરવા માટે ન જ હોય એ તો સમજી શકાય તેવી વાત છે. સમજેલી વાતનો તું અમલ કરતો હો કે ન હો તે વાત બાજુ પર રાખ, પણ તારે જો એ શરીરને સફળ કરવું હોય તો એને છૂટું મૂકવાની વાત છોડી દે. એ શરીર કેવું છે તે તો તેં અનિત્ય ભાવનામાં જોયું છે અને એના સ્વ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપનો ખ્યાલ અશુચિ ભાવનામાં તને આવ્યો છે, પણ હવે એનો બરાબર લાભ લે.

તારા મનને બરાબર એકાગ્ર કરી એની અત્યંત શુદ્ધિપૂર્વક તું સંયમયોગમાં પ્રવૃત્તિ કર. એક સ્થળે કહ્યું છે કે **संयमयोगैरात्मा निरंतरं व्यापृतः कार्यः** આત્માને સંયમયોગોમાં આખો વખત ઉદ્યમી રાખવો. વૈરાગ્યની વાતો કરે છે તે આળસુના મનોરથો નથી કે વૈરાગ પામી બેસી રહેવાનું નથી. આખો વખત આંતરા વગર સંયમયોગમાં આત્માને પરોવાયલો રાખવાનો છે અને તેને માટે શરીરને ખૂબ ઉદ્યમી રાખવું પડે તેમ છે.

અહીં પ્રસંગોપાત એક વાત કરવા જેવી છે. સાધુધર્મમાં આખો વખત એટલી ક્રિયા કરવાની હોય છે કે સવારના ચાર વાગ્યેથી શરૂ કરીને એને આવશ્યક, પડિલેહણ, ચૈત્યવંદન, દેવવંદનાદિ કરવાનાં હોય છે. એ ઉપરાંત ગોચરી વિગેરેમાં ખૂબ ઉપયોગ રાખવો પડે છે. એ સર્વમાં સાધ્ય સંયમનું છે પણ એને જરા પણ આળસમાં પડવા દેવાની વાત નથી. આ પ્રાણીને મોટો સવાલ જ સવારની સાંજ પાડવાનો છે. એ નવરો પડે તો અનેક તોફાનો કરે. કલેશો પણ નવરા માણસો જ કરે છે. ઉદ્યોગી શહેરમાં કુટુંબ–કલહ આ જ કારણે ઓછા દેખાય છે. મતલબ એ છે કે આ શરીરનો જો ખરો લાભ લેવો હોય તો તેની દ્વારા સંયમયોગની સિદ્ધિ કરવાની જરૂર છે. આવી રીતે શરીરનો જો ખરેખરો લાભ લેવાય તો આવતાં અનેક કર્મો અટકી જાય છે. આ સંવરને કાયગુપ્તિ કહેવામાં આવે છે. યાદ રાખવાનું છે કે એમાં સંયમયોગની પ્રવૃત્તિનો નિષેધ નથી, પણ સાંસારિક પ્રવૃત્તિઓ–સંસાર વધારનારી પ્રવૃત્તિઓ ઉપર જ અંકુશ મૂકવાનો છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં જે 'સંયમયોગ' ની વાત કહી છે તેમાં ચરણસિત્તરી અને કરણસિત્તરીના સીત્તેર સીત્તેર ભેદનો સમાવેશ થાય છે. તેના વિવેચન માટે જુઓ અધ્યાત્મકલ્પદ્રુમ પૃષ્ઠ ૩૯૬ થી પૃષ્ઠ ૩૯૯ સુધી. એ સર્વ ભેદો વિચારતાં આખો વખત શરીરને ઉપયોગમાં લેવાની અને ઉદ્યમી રાખવાની વાત આવી જશે અને એ જ શરીરની ચરિતાર્થતા છે એમ સમજવાની જરૂર છે.

એક બીજી ઘણી ઉપયોગી વાત તારે જરૂર નક્કી કરવાની છે. આ દુનિયામાં પારવગરના મતમતાંતરો છે. તારે અમુક જ મત આદરવો એમ કોઈ કહે તો તારે માની લેવાનું નથી, પણ એ સર્વમાં જે શુદ્ધ માર્ગ હોય, જેમાં આત્મવિકાસનું તત્ત્વ બરાબર બતાવ્યું હોય, જેમાં પરસ્પર વિરોધ ન હોય અને જેથી તારો આત્મસ્વભાવ બરાબર પ્રકટ થાય તેમ હોય એવો વિશુદ્ધ માર્ગ તું શોધી લે. પરીક્ષા કરવામાં તું જરાપણ નરમ પડીશ નહિ. અનેક રીતે એને ચકાસજે અને પછી સત્યનો સ્વીકાર કરજે. અનેક મત અને માર્ગોની ભૂલભૂલામણીમાં ભૂલો પડી ન જતો. સાચો ન્યાયમાર્ગ તને વિચારવાથી મળી શકે તેમ છે, પરીક્ષા કરવાથી પ્રાપ્ય છે અને તેમ કરવાની જરૂર એટલા માટે છે કે એક વખત સાચો માર્ગ તને મળી જશે તો પછી તારો સાધ્યને માર્ગે પ્રવાસ બરાબર થશે. બધા ધર્મો સારા છે એમ કહેવું એ પરીક્ષકોને ઘટમાન નથી અને પરીક્ષા કરવામાં જરા પણ વાંધો નથી. તું તપાસ કરી ન્યાયમાર્ગ ગ્રહણ કર. તારી પરીક્ષા ઉપર તારી પ્રગતિનો આધાર છે તેથી જો તારે આશ્રવોને બરાબર અટકાવવા હોય તો તારે શુદ્ધ પંથ શોધવો જ પડશે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

૬. અનેક ગુણોનો જ્યાં સમન્વય થાય છે તેવા બ્રહ્મચર્ય વ્રતને તું ધારણ કર. ગુણો અનેક છે, વ્રત–નિયમો અનેક છે તેમાંથી આ બ્રહ્મચર્યને ખાસ તારવી તે પર વિવેચન કરવાનું ખાસ કારણ છે તે પણ અહીંઆ વિચારવું ઘટે.

બ્રહ્મચર્ય–સ્ત્રી–સંસર્ગનો ત્યાગ. એનો મહિમા અદ્ભુત છે. શરીર આરોગ્ય માટે એની જરૂર છે. આત્મવિકાસમાં યોગ પર અંકુશની જરૂર છે. બ્રહ્મચર્ય વગર યોગ પર અંકુશ લગભગ અશક્ય છે. આત્મસાધક માટે બદ્ધકચ્છ હોવાની પરમ આવશ્યકતા છે. એનાથી શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી વિવેક પ્રાપ્ય છે અને વિવેકથી સદસત્‌ની વિવેચના થઈ શકે છે. બહુ સંભાળ રાખીને બ્રહ્મચર્યને સમજવાની–આદરવાની ખાસ આવશ્યકતા છે. એના વગર યોગમાં કે આત્મપ્રગતિમાં વધારો થવાની આશા નિરર્થક છે. એનો ખ્યાલ સ્ત્રીસંભોગ અથવા તેની અભિલાષા મનને કેટલું બધું લુબ્ધ–અસ્થિર બનાવી મૂકે છે તેના અનુભવ ઉપરથી આવે તેમ છે. મોટા મોટા ઋષિ–મુનિઓ પણ એ સંબંધમાં બેદરકાર થઈ જાય તો મહાપાત પામે છે. એ બ્રહ્મવ્રતની નવે વાડો પણ ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે. એ શિયળ ક્ષેત્રની રક્ષા કરનાર છે. સંસારમાં રખડવાનું પ્રબળ સાધન એના સંબંધમાં નિરપેક્ષ રહેવાથી પ્રાપ્ત થાય છે. આત્મપ્રગતિ ઇચ્છનાર માટે બ્રહ્મચર્ય અનિવાર્ય છે.

જો અનેક કર્મોને આવવાનો માર્ગ બંધ કરવો હોય તો બ્રહ્મચર્ય આત્મવિકાસની બારાક્ષરી છે એમ સમજવું. ઘર એ ઘર નથી, સ્ત્રી એ ઘર છે. પુરૂષની દૃષ્ટિએ સ્ત્રી એ સંસાર છે. સ્ત્રીની દૃષ્ટિએ પુરૂષ એ સંસાર છે. સર્વથા સંયમ ગ્રહણ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવો તે અત્યુત્તમ વાત છે પરંતુ તે ન બને તો સંસારમાં રહીને પણ બ્રહ્મચર્ય પાળવાથી ઘણો સંવર થઈ શકે છે.

બ્રહ્મચર્યમાં કામ–ઈચ્છા, કામ–કલ્પના, કામવિષયક મનોરથો, હસ્તક્રિયા, સૃષ્ટિવિરૂદ્ધ કૃત્યાદિ સર્વનો સમાવેશ થઈ જાય છે તે ધ્યાનમાં રાખવું. માનસિક ભોગ પણ બ્રહ્મચારીને ન ઘટે. મનદ્વારા આ બાબતને અંગે બહુ કર્મ બંધાય છે તેથી ખાસ ધ્યાન ખેંચવાની જરૂરીઆત ધારવામાં આવી છે.

આ સંવરના વિષયમાં ગુરૂ મહારાજ જે ઉપદેશ આપે તે પવિત્ર નિધાનની જેમ સંઘરી લે. સંવરના અનેક વિભાગોમાં તારી પોતાની બુદ્ધિ કામ કરી ન શકે. ગુરૂમહારાજ પાસે સંપ્રદાય જ્ઞાનનો અને અનુભવનો ભંડાર હોય છે. તેઓ તને સુંદર રસ્તાઓ બતાવશે અને તે દ્વારા તારાં અનેક આશ્રવદ્વારો બંધ થઈ જશે. સંવરને અંગે આ અતિ મહત્ત્વની બાબતમાં ધ્યાન ખેંચીને શ્રીવિનયવિજયજી ઉપાધ્યાયે બહુ જરૂરી સૂચના કરી છે.

૭. અંતે સર્વ વાતનો આધાર તારી પરિણતિ ઉપર છે. એ પરિણતિ જેટલી નિર્મળ થશે તેટલો આત્મવિકાસ થશે એને ખૂબ સુંદર કરવા માટે તારે સંયમયોગોમાં યત્ન કરવાનો છે અને આગમ–શાસ્ત્રગ્રંથોનો વારંવાર અભ્યાસ કરવાનો છે. સંયમના સત્તર પ્રકાર આપણે ઉપર જોઈ ગયા છીએ. ચરણસિત્તરી તેમજ કરણસિત્તરીના પ્રકારો પણ એટલા જ ધ્યાન આપવા યોગ્ય છે. એમાં પ્રવૃત્તિ કરવાથી અધ્યવસાય ખૂબ નિર્મળ થશે. એને ઓળખાવનાર શાસ્ત્રગ્રંથો છે. સંયમનું ઉત્પાદન, વર્ધન, પાલન અને ફલપ્રાપણ એ સર્વ તદ્વિષયક ગ્રંથોમાં છે. જ્ઞાન વગર સંયમને ઓળખવો મુશ્કેલ છે અને માત્ર જ્ઞાનથી કાંઈ વિકાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્ય નથી. જ્ઞાન–ક્રિયા બન્નેની એક સાથે આવશ્યકતા છે. પરિણતિની નિર્મળતા ઉપર આશ્રવના નિરોધનો ખાસ આધાર છે અને એ જ સંવર છે. અધ્યવસાયોને જેમ બને તેમ નિર્મળ કરવાની અત્યંત આવશ્યકતા એટલા માટે છે કે છેવટે કર્મબંધનો કુલ આધાર અધ્યવસાય ઉપર નિર્ભર રહે છે.

હવે છેવટે તારા પોતાના સ્વરૂપને ઓળખ. તારા જે સહભાવી ધર્મો છે તે ‘ ગુણ ’ કહેવાય છે. તારામાં અનંત જ્ઞાન–દર્શન–ચારિત્ર–ઉપયોગ અને વીર્ય આદિ અનેક ગુણો છે. એ નિરંતર સાથે રહેનાર છે અને વારંવાર ફરનારા રૂપો તે પર્યાયો છે. જીવ પંચેંદ્રિય થાય, મનુષ્ય થાય, ઔદારિક કે વૈક્રિય શરીરવાળો થાય, સુસ્વર યુક્ત થાય, સારા રૂપવાળો–દેખાવડો થાય એ વિગેરે પરિવર્તન પામનારા ધર્મો ‘ પર્યાયો ’ કહેવાય છે. ગુણ નિરંતર સાથે રહે છે, પર્યાયો ફરતા જાય છે. બોધસ્વભાવ જ્ઞાન છે. પરભાવનિવૃત્તિસ્વભાવ એ ચારિત્ર છે. આત્માને–ચેતનને બરાબર ઓળખવો, એના મૂળ ગુણો સમજવા, એના વિભાવો અને પર્યાયોને પારખી લેવા, એના ઉપયોગલક્ષણને સમજવું અને એની કર્મ પર સામ્રાજ્ય મેળવવાની સત્તાગત શક્તિને સમજવી એ જીવનની ધન્ય ભાવના છે, પરમ કર્તવ્ય છે, ઇષ્ટ ફળ આપનાર સિદ્ધયોગ છે. આ ચેતનને તું બરાબર ઓળખ.

ચેતનને તું ઓળખીશ એટલે તારી જાતને તું ઓળખીશ. તું કોણ છે અને ક્યાં આવી ભરાણો છે તે બરાબર સમજ. તારે આશ્રવદ્વારો બંધ કરી સંવર કરવો હોય તો તારી જાતને ઓળખ અને એના ખરા સ્વરૂપમાં એને બહાર લાવ.

૮. તીર્થંકરમહારાજે તારે માટે સદુપદેશ ભરી–ભરીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક ગ્રંથો, શિષ્ય, પ્રશિષ્યદ્વારા પ્રકટ કરીને મહાન ઉપકાર કર્યો છે. તેનાથી તું તારી જાતને ઓળખતો થયો છે. તારો ઉદ્ધાર તારા હાથમાં છે એ તને સમજાયું છે અને આ સર્વ ફસામણી ત્યજવા યોગ્ય છે એ વાત તેમણે તારે ગળે ઊતારી છે. એમનાં ભવ્ય આદર્શચરિત્રોનું તું વારંવાર ગાન કર. એનાથી તારી જીભનો લ્હાવો લે.

આ શાંતરસને વારંવાર પી–પીને ખૂબ મજા મ્હાણ. અત્યારે તને ખરો અવસર મળ્યો છે તેનો સારી રીતે લાભ લે અને મહાન અભ્યંતર રાજ્યમાં પ્રવેશ કર. શિવસુખસાધનના આ પરમ ઉપાયોને તું વારંવાર સાંભળ અને તેનો સદુપયોગ પ્રેમથી, હૃદયથી, આનંદથી કર.

× × ×

સંવર ભાવના ભાવતાં ખૂબ લહેર થાય તેમ છે. ગ્રંથકર્ત્તાએ સંવરને અંગે નીચેના વિષયો પર ધ્યાન ખેંચ્યું છે:—

અવ્રતપણા પર જય કરવો–સંયમવડે.

મિથ્યા અભિનિવેશ પર જય કરવો–સમ્યગ્દર્શનવડે.

આર્ત્તરૌદ્ર ધ્યાન પર જય કરવો–ચિત્તની સ્થિરતાવડે.

ક્રોધ પર વિજય મેળવવો–ક્ષમા–ક્ષાંતિવડે.

અભિમાન પર વિજય મેળવવો–માર્દવ–નમ્રતાવડે.

માયા પર વિજય મેળવવો–આર્જવ–સરળતાવડે.

લોભ પર વિજય મેળવવો–સંતોષવડે.

મન–વચન–કાયાના અધમ યોગ પર વિજય મેળવવો–ત્રણ ગુપ્તિવડે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવરનો પંથ મોક્ષપ્રાપ્તિનો સદુપાય છે. ઉપાયો નીચે પ્રમાણે છેઃ—

જ્ઞાન–દર્શન–ચારિત્ર એ રત્નત્રયની પરમ આરાધના કરવી.

વિષયના વિકારોને દૂર કરવા.

અકષાયી ભાવ ધારણ કરવો.

ઉપશમ રસનું અનુશીલન કરવું.

સંસાર પર વિરાગ–વૈરાગ્ય ધારણ કરવો.

કોઈપણ પ્રકારના સંકલ્પ–વિકલ્પો ન કરવા.

માનસિક ભ્રમણાનો વિરોધ કરવો.

સંયમયોગોમાં નિરંતર પ્રવૃત્તિ કરવી.

કાયાનો–શરીરનો બને તેટલો સારા કાર્યમાં લાભ લેવો.

વિવિધ પંથોમાંથી સત્ય માર્ગ શોધીને સ્વીકારવો.

બ્રહ્મચર્ય વ્રતને સર્વાંશે આદરવું.

ગુરૂમહારાજ પાસેથી સદુપદેશ ગ્રહણ કરવો.

અધ્યવસાયની નિર્મળતા સંયમથી અને આગમના જ્ઞાનથી કરવી.

ચેતનના ગુણ તથા પર્યાયને બરાબર ઓળખવા.

તીર્થંકર મહારાજના ચરિત્રના ગાન ગાવાં.

આ મુખ્ય મુદ્દાઓ તરફ લેખકશ્રીએ ધ્યાન ખેંચ્યું છે અને ભાવનાનો રસ જમાવ્યો છે. આપણે તેનો સમુચ્ચયે ખ્યાલ કરી જઇએ.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રવોનાં ગરનાળાં ઈંદ્રિય, કષાય, અવ્રત, યોગો અને પચીશ ક્રિયાઓરૂપ છે.

તેને અટકાવવાનાં દ્વારો સમિતિ, ગુપ્તિ, યતિધર્મો, ભાવના, ચારિત્ર અને પરીષહો છે.

ઇંદ્રિયો પર વિજય મેળવવા માટે યતિધર્મ પૈકી સંયમનો ખાસ ઉપયોગ છે અને ગુપ્તિનો તથા પરીષહોનો પણ ઉપયોગ કરી શકાય છે.

કષાય પર વિજય મેળવવા માટે મનોગુપ્તિનો ઉપયોગ અને ભાવનાઓનો ઉપયોગ છે તથા યતિધર્મોનો પણ એમાં તેટલો જ ઉપયોગી ભાગ છે.

અવિરતિના વિજય માટે યતિધર્મો અને ચારિત્ર આવશ્યક છે. તેના પેટામાં બાવીશ પરીષહોને ખાસ સ્થાન છે.

યોગો પર વિજય મેળવવા માટે સમિતિ-ગુપ્તિને મુખ્ય સ્થાન છે અને યતિધર્મો તથા ચારિત્રને આનુષંગિક તરીકે એટલું જ ઉપયોગી સ્થાન છે.

મિથ્યાત્વ કર્મબંધમાં જે ભાગ ભજવે છે તેનું નિવારણ ચારિત્ર, યતિધર્મો અને અંતર્ગત પરીષહોથી શક્ય છે.

આ આખા વિશાળ ક્ષેત્રમાં ફરવા માટે બાર ભાવનાને મુખ્ય સ્થાન એવી રીતે પ્રાપ્ત થાય છે કે એના પ્રકારની અનુપ્રેક્ષા વગર ખરી વસ્તુસ્થિતિ કદી પ્રાપ્ત થઈ શકતી નથી.

બાકી એકંદરે જોઇએ તો પ્રત્યેક આશ્રવને બંધ કરવા માટે સંવરમાંથી ઘણુખરાનો જુદી જુદી રીતે ઉપયોગ કરવો જરૂરી છે. એ વગર આપણી સ્થિતિ ખરેખરી સુધરી શકે તેમ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક બાજુએ કર્મની આવક જોઇને ગભરાઇ જવાય તેવું છે, પણ બીજી બાજુએ એની સામે લશ્કર પણ એવું જ જબરૂં તૈયાર કરી શકાય તેમ છે. આશ્રવના ૪૨ ભેદ છે તો સંવરના ૫૭ છે. સાંસારિક જીવોને જેમ પૈસા, સ્ત્રી, પુત્ર અને વ્યાપારની લાલસા લાગે છે તેવી જ તીવ્રતાથી જો એને યતિધર્મો કે ચારિત્ર વિગેરે સંવરો તરફ લગની લાગે તો મોહરાજાનું જોર તૂટી જાય તેમ છે અને પ્રાણી કર્મોના આવતા પ્રવાહ સામે પાળ બાંધી શકે છે. સાંસારિક કાર્યોમાં જે ઉદ્વેગ, મુંઝવણ અને આંતરવિકાર છે તેનું અસ્તિત્વ સંવરના એક પણ વિભાગમાં દેખાશે નહિ. સામાયિક લઇને બેઠા હોઇએ ત્યારે જે શાંતિનો અનુભવ થાય છે, ચારિત્ર પાળનારને જે આંતર-રાજ્ય મળે છે અથવા ભાવના ભાવતી વખતે મન જે આધિદૈવિક સુખ અનુભવે છે તે સંસારમાં મળવું અશક્ય છે. એ આખી દશા જ અનોખી છે, એની ભવ્ય કલ્પના પણ વચનાતીત છે.

સદ્‌ભાવનાશાળી શ્રાવક વિચાર કરે કે—'મારો ક્યારે ઉદય થશે અને હું આ સંસારની સર્વ ઉપાધિ છોડી સર્વસ્વનો ત્યાગ કરી આત્મારામમાં ક્યારે રમણ કરીશ ?' આવી ભાવના ભાવે, અંતરથી એના પર પ્રેમ રાખે અને એ આદર્શે પહોંચવા અંતરથી ઇચ્છા રાખે. એને નિર્જન સ્થાનમાં ધ્યાન કરવાના કોડ થાય, એ આત્માના અમરત્વને ચિંતવે, એ ચારિત્રની આરાધ્યતા વિચારે અને એની તીવ્ર ભાવના કર્મનો છેદ કરી મોક્ષ પ્રાપ્ત કરવાની હોય. એને સંસારના રગડા-ઝગડામાં કદી આનંદ આવે જ નહિ. એનામાં અપૂર્વ શાંતિ હોય અને આવેશને પ્રસંગે એના પેટમાંથી પાણી પણ હાલે નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યતિધર્મની વાત તો શી કરવી ? એના નામથી પણ આનંદ થાય તેમ છે. માત્ર ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ એ નામોમાં જ એવો ચમત્કાર છે કે એનામાં અખંડ શાંતિ હોય એ પ્રત્યક્ષ દેખાય તેવી વાત છે. એની અંતર્ગત જે ચારિત્ર છે તે પરમ આનંદનું સ્થાન છે અને સમિતિ ગુપ્તિની વાત તો આત્માને શાંત કરી દે તેવી છે. એક એક સંવરની ભાવના કરતાં મનમાં જે અનિર્વાચ્ય આનંદ થાય છે તે ખરેખર અનુભવવા યોગ્ય છે.

પરીષહોની વાત ખાસ સમજવા જેવી છે. એમાં અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહો જ્યારે સ્વવશપણે આનંદથી અનુભવીએ છીએ ત્યારે કેવો આનંદ થાય છે ? કકડીને ભૂખ લાગી હોય છતાં નિરવદ્ય આહાર પ્રેમપૂર્વક મળે તો જ લેવાય અને નહિ તો અંદરની શાંતિથી ચલાવી લેવાય એવો ત્યાગભાવ આવે ત્યારે શી મણા રહે ? શ્રી વીરપરમાત્માને પાર વગરના ઉપસર્ગો થયા. એની વિગત વાંચતાં પણ રોમાંચ ખડા થાય છે. શૂળપાણિ અને સંગમદેવે ઉપસર્ગો કર્યા અને પ્રભુના કાનમાં ખીલા ઠોકાણા પણ એની શાંતિ તો જુઓ ! છ માસ ઉપસર્ગો કરી સંગમ દેવતા ગયો ત્યારે પ્રભુની આંખમાં પાણી આવી ગયા, પણ તે ઉપસર્ગના દુઃખથી નહિ કિન્તુ એ સંગમ પોતાના આત્માનું કેટલું અહિત કરી ગયો એ જાતની ઉત્તમ કરૂણાબુદ્ધિથી !

આ તો ભૂતદયાનું અપ્રતિમ દૃષ્ટાંત છે. ચંડકોશિયાનો ઉપદ્રવ પણ એવો જ ભયંકર હતો. ગમે તેવા ઉપસર્ગ થાય, લાલચો થાય કે પ્રાણાંત કષ્ટ આવે પણ લીધેલ નિયમથી ચલિત ન જ થવાય એવી દૃઢતા પ્રાપ્ત થાય તો મોક્ષ હાથમાં જ છે.

સંવરની આખી ભાવનામાં ત્યાગભાવને મુખ્ય સ્થાન છે. એમાં જે વસ્તુ કે સંબંધને ખોટી માન્યતાથી પોતાના માન્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તેનો ત્યાગ કરવાના જુદા જુદા રસ્તા બતાવ્યા છે. મનનો આખો ઝોક ફેરવવો પડે તેમ છે, પણ વિચારણાને પરિણામે એને ફેરવ્યા પછી ખૂબ આનંદ આવે તેમ છે. એ આનંદનો સાચો ખ્યાલ સાંસારિક પ્રાણીને આવવો મુશ્કેલ છે. લાભ-અલાભમાં મનને એક સરખું રાખવું, શત્રુ–મિત્રને એક કક્ષામાં મૂકવા, નિંદા–સ્તુતિ કરનાર ઉપર જરાપણ રોષ કે તોષનો અંશ અંદરથી પણ થવા દેવો નહિ. એ સર્વ સામાન્ય જનપ્રવાહથી એટલી ઉચ્ચ ભૂમિકા છે કે કદાચ થોડો વખત એ ભૂમિકાએ પહોંચવામાં મુશ્કેલી જણાશે; પણ વધારે વિચારણાએ એ ખાસ પ્રાપ્ય લાગશે. પ્રયત્ને એ સાધ્ય છે–શક્ય છે. ત્યાં પહોંચનાર આપણા જેવા જ આત્માઓ હતા એ વાત ખાસ લક્ષમાં રહેવી જોઇએ.

વિશેષ વિચારણા માટે સંવરના બે વિભાગ કરવામાં આવ્યા છે: 'દ્રવ્યસંવર' અને 'ભાવસંવર.' કર્મગ્રહણ કરવાનો જેથી વિચ્છેદ થાય તેને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. સંસાર નિમિત્ત ક્રિયાથી વિરતિ–અભાવ થાય તેને ભાવસંવર કહેવામાં આવે છે. ખૂબ વિચારવા જેવું છે. કર્મને આવતાં અટકાવવા માટે આપણે આટલો બધો વિચાર કર્યો તે સર્વ દ્રવ્ય-સંવર છે. મતલબ સમિતિ, ગુપ્તિ, પરીષહો કે યતિધર્મો એ સર્વ દ્રવ્યસંવર છે. એથી કર્મ આવતાં અટકે છે. ભાવસંવર તો સંસાર વધારનાર ક્રિયાથી જ બરાબર અટકી જવાય તે છે. મતલબ ભાવસંવર કરનાર તો સંસાર સંબંધી ક્રિયાનો જ ત્યાગ કરી દે છે. જો ખરેખરો પ્રસાદ પ્રાપ્ત કરવો હોય અને સાધ્યે પહોંચવું હોય તો આ સંસાર નિમિત્ત ક્રિયાઓથી વિરતિભાવ પ્રાપ્ત કર્યા વગર છૂટકો જ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણીના—ચેતનના વિકાસમાં સંવરને અતિમહત્ત્વનું સ્થાન છે. એમાં માનસિક ઘણાં દ્વારો બંધ કરવાનાં હોય છે અને તેની ચાવીઓ ત્યાંથી જ મળી શકે તેમ છે. ચાલ્યા આવતાં કર્મોને અટકાવવાના એ સિદ્ધ ઉપાયો છે. પોતાને કઇ જાતનાં કર્મો સાથે વધારે સંબંધ છે અને કયા ઉપાયો વધારે ઉપયોગી નીવડી શકશે એ પ્રત્યેક વ્યક્તિએ શોધી લેવાનું છે, પણ એ સર્વમાં ત્યાગભાવ, સંસાર પર વિરાગ, ઉપશમભાવનો આદર, અકષાયી વૃત્તિ, આશ્રવના માર્ગો પર વિજય અને શુદ્ધ દેવ—ગુરૂ—ધર્મનું શ્રદ્ધાન અથવા સમ્યક્ત્વ એ તો સાર્વત્રિક હોવા ઘટે. ચર્ચા નાની નાની વિગતોમાં શકય છે, પણ મૂળ મુદ્દાઓ તો સર્વને બરાબર લાગુ પડે તેમ છે. સંસાર પર સાચો હૃદયનો નિર્વેદ આવે અને હૃદયપૂર્વક ત્યાગભાવ પર પ્રીતિ થાય તો આશ્રવો ગમે તેવા જબરા હોય અને મોહરાજા ગમે તેવો બળવાન હોય તો પણ આખરે એને બાંધી શકાય તેમ છે. સંવરના પ્રત્યેક માર્ગ પર અનુપ્રેક્ષા કરવાથી આવતાં કર્મોને તો અટકાવી શકાય છે. હવે પ્રથમના લાગેલાં કર્મોનો ભાર પણ આકરો તો છે તેનો રસ્તો શો કરવો તે પણ તુરતમાં વિચારવામાં આવશે. હાલ તો વારંવાર વિચાર કરીને ઉઘાડા દરવાજાઓને બંધ કરી ચેતનજીને ભારે થતો અટકાવ અને અત્ર વર્ણવેલા આદર્શ ઉપાયોને ખૂબ ભાવી ભાવીને—વિચારી વિચારીને અજમાવ. વ્યવહારની ઉક્તિ છે કે **'પપ્પા પાપ ન કીજીએ, તો પુણ્ય કીધું સો વાર.'** બીજું કાંઇ ન બને તો પણ નવાં કર્મ વધારીએ નહિ તો પણ રસ્તો સરળ થાય તેમ છે, ભાર ઓછો થાય તેમ છે અને સાધ્યનું સામીપ્ય થાય તેમ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી જયસોમમુનિવિરચિત સંવરભાવના.

[ ઉ૦ સકળચંદજી મહારાજે સંવરભાવનાનો સાતમી ભાવનાને ગાથામાં જ સમાવેશ કરી દીધેલો હોવાથી સ્થાનશૂન્ય ન રહેવા માટે શ્રી જયસોમમુનિની કરેલી સંવરભાવના મૂકી છે. ]

## દુહા.

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલી;
નવદલ શ્રી નવકાર પદ, કરી કમલાસન કેલી. ૧

પાતક પંક પખાળીને, કરી સંવરની પાળ;
પરમહંસ પદવી ભજો, છોડી સકળ જંજાળ. ૨

( ઉલૂની દેશી. )

આઠમી સંવર ભાવના જી, ધરી ચિત્તશું એક તાર;
સમિતિ ગુપ્તિ સુધી ધરો જી, આપોઆપ વિચાર.
સલૂણા ! શાંતિ સુધારસ ચાખ.—એ આંકણી.
વિરસ વિષય ફળ ફૂલડે જી, અટતા મન અલિ રાખ. સ૦ ૧

લાભ અલાભે સુખ દુઃખે જી, જીવિત મરણ સમાન;
શત્રુ મિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન. સ૦ ૨

કદી એ પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર;
શ્રાવક ચિંતે હું કદા જી, કરીશ સંથારો સાર. સ૦ ૩

સાધુ આશંસા ઇમ કરે જી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ;
એકલમલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેખણ ખાસ. સ૦ ૪

સર્વ જીવ હિત ચિંતવો જી, વયર મ કર જગ મિત્ત;
સત્ય વચન મુખ ભાખીએ જી, પરિહર પરનું વિત્ત. સ૦ ૫

કામકટક ભેદણ ભણી જી, ધર તું શીલ સનાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાં જી, લહીએ સુખ અથાહ. સ૦ ૬

દેવ મણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચલ હોય સધીર;
બાવીશ પરીસહ જીતીએ જી, જિમ જીત્યા શ્રીવીર. સ૦ ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ નવમું

## નિર્જરા ભાવના:— : : પૂર્વ પરિચય:—

આત્માની સાથે જે કર્મોના થર લાગેલા હોય તેનું શું કરવું ? કર્મોના ત્રણ પ્રકાર વેદાંતમાં બતાવ્યા છે. ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ. કર્મનો બંધ થાય–બંધાતાં કર્મો તે ક્રિયમાણ. એના માર્ગો આપણે આશ્રવ ભાવનામાં જોઇ ગયા અને એની સામેનો અટકાવ આપણે આઠમી સંવર ભાવનામાં જોઈ ગયા. જે કર્મો ઉદયમાં આવે એટલે જે પરિપાક દશાને પામે તે પ્રારબ્ધ. ઉદયમાં આવે તેને ભોગવી લેવા, પણ જેમ જમીનમાં બી વાવ્યું હોય તેને ઉગતાં વખત લાગે એવી રીતે કેટલાંએ કર્મો અંદર પડયા રહે તેને સંચિત કર્મ કહેવામાં આવે છે. જૈન-પરિભાષામાં એને ‘ સત્તાગત ’ કર્મો કહે છે. એનો સમય ન આવે ત્યાંસુધી એ અંદર પડયા રહે છે. આ કર્મોનો નાશ નિર્જરાદ્વારા થાય છે.

નિર્જરા એટલે કર્મોનું સાડવું ( ખંખેરવું ). જેમ વસ્ત્રને ખંખેરવાથી તેમાં રહેલ પાણી તેમજ કચરો ખરી પડે છે તેમ સત્તામાં પડેલાં કર્મોને ઉદીરણાદ્વારા ખેંચી લાવી, તેને નિરસ બનાવી દૂર કરવા એનું નામ નિર્જરા કહેવાય છે. એમાં આત્મા સાથે લાગેલા કર્મોનું સાટન થાય છે, નિર્જરા દ્વારા એ તદ્દન પાતળા પડી જઇ ચીકાશ ગુમાવી આત્માપરથી ખરી પડે છે.

નિર્જરા બે પ્રકારની છે: ‘ અકામા ’ અને ‘ સકામા. ’

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇચ્છાશક્તિના ઉપયોગથી ઈરાદાપૂર્વક કર્મનો જેથી ક્ષય થાય તેને સકામા અથવા સકામ નિર્જરા કહેવામાં આવે છે. આગળ જે તપના ભેદો કહેવામાં આવશે તેથી જે કર્મો ખરી પડે તે સકામની કક્ષામાં આવે છે. આપણે ઈરાદાપૂર્વક ત્યાગ કરીએ, સમજીને વસ્તુના લાભ સુલભ હોય છતાં મન–વચન–કાયાના યોગ પર અંકુશ રાખીએ તેથી સકામ નિર્જરા થાય છે. દરરોજ નિયમ ધારીએ અથવા ત્યાગબુદ્ધિએ ખાનપાનની વસ્તુ તથા વસ્ત્રાદિનો ત્યાગ કરીએ ત્યારે સકામ નિર્જરા થાય છે, એથી ઊલટું સમજ્યા વગર–ઇચ્છા વગર સહન કરીએ ત્યારે અકામનિર્જરા થાય છે. ઘોડાને ખાવાનું ન મળે કે વનસ્પતિનું છેદન–ભેદન થાય ત્યારે તે જીવાત્માઓ કાંઈ ત્યાગવૃત્તિએ મનપર અંકુશ રાખતા નથી કે ભૂખ–તરસની પીડા કે છેદન–ભેદનનો ત્રાસ જાણીબૂઝીને સહન કરતા નથી. તેમને જે કર્મક્ષય થાય તે અકામનિર્જરા કહેવાય છે.

અહીં જે ‘કામ’ શબ્દ છે તે ક્રિયા પાછળ રહેલા આશય-પરત્વે છે, સમજપૂર્વકના અર્થમાં એ શબ્દ વપરાયો છે એ ધ્યાનમાં રાખવું. આપણી પાસે વસ્તુનો સદ્‌ભાવ હોય છતાં તે વસ્તુને ત્યાગભાવે છોડવાની અહીં વાત છે. કોઈ કાર્ય ફળની અપેક્ષાએ કરવું કે નિર્મમત્વ ભાવે કરવું એની તેમાં વાત નથી, પણ કામ શબ્દ ક્રિયા કઇ રીતે થઇ છે ? સમજ-પૂર્વક થઇ છે કે માત્ર સહજે થઇ ગઈ છે એ હકીકત પર ધ્યાન આપવાનું છે. આ કારણે સકામનિર્જરા પ્રયત્નજન્ય છે, અકામનિર્જરા તો માત્ર આગંતુક હોઇ સહેજે બની આવે છે. સમ્યગ્ જ્ઞાનસહિત વિવેકપૂર્વક કરેલ ક્રિયાને ઉચ્ચ સ્થાન પ્રાપ્તવ્ય હોય જ એ વાત અત્ર સમજવાની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્જરા અનેક કારણોથી થાય છે. સંવરના પ્રત્યેક માર્ગમાં પણ તેજ કારણોનો સદ્ભાવ હોય છે, પણ જ્યારે તપના પ્રકારો વિચારવામાં આવશે ત્યારે જણાશે કે એ સંવરોનો તપમાં સમાવેશ થઇ જાય છે. કર્મ અટકાવનાર તરીકે જે સંવરોનું પાછળ વિવેચન કર્યું તેજ સંવરોનો સંચિત કર્મો દૂર કરવામાં ઉપયોગ થાય છે અને ત્યારે તેનો બાહ્ય—અભ્યન્તર તપમાં સમાવેશ થાય છે અને તે અપેક્ષાથી તે નિર્જરામાં સમાઇ જાય છે. આ વાત તપના પ્રકારોમાં ખૂબ વિચાર કરતાં જણાઇ આવશે. નિર્જરા તપથી સિદ્ધ થાય છે. જૈનશાસ્ત્રમાં અહિંસા, સંયમ અને તપનો મહિમા સર્વોત્કૃષ્ટ બતાવ્યો છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે અને તે અહિંસા, સંયમ અને તપની ત્રિપુટીરૂપ છે. આ વાત આપણે હમણાં જ જોશું. નિર્જરા કરનાર તપને આપણે વિચારીએ.

JAINSITE .com जैन साइट जैनम् जयति शासनम्

તપના બે મુખ્ય વિભાગો છેઃ બાહ્ય અને અભ્યંતર. બાહ્ય તપ બાહ્ય પદાર્થોની અપેક્ષા રાખે છે. માનસિકતપને અભ્યંતરતપ કહેવામાં આવે છે. બાહ્યતપ અભ્યંતર તપને ખૂબ અવકાશ અને પોષણ આપે છે તેથી તેનું મહત્ત્વ તો છેજ, પણ અભ્યંતરતપની વિશિષ્ટતા સ્પષ્ટ છે. એ તપના ભેદો વિચારતાં અને તેનું સૂક્ષ્મ નજરે પૃથક્કરણ કરતાં એમાં સર્વ ધાર્મિક નિયમોનો સારી રીતે સંપૂર્ણ પ્રસાર થતો દેખાઇ આવશે.

પ્રથમ આપણે **બાહ્ય** તપોનો વિચાર કરીએ. એના છ વિભાગ છે તે નીચે પ્રમાણે છેઃ—

૧ **અનશન**—અશન એટલે ખાવું તે. અનશન **એટલે** ન ખાવું તે. અમુક વખત માટે ખાવાનો ત્યાગ તે 'ઇત્વર'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને મરણ સુધી ન ખાવું તે 'યાવત્કથિક.' યાવત્કથિકમાં નિહારિમ વિભાગમાં ફરવા-હરવાનો પ્રતિબંધ નથી. અનિહારિમમાં જ્યાં અનશન કર્યું હોય ત્યાં જ રહેવાનું થાય છે.

૨ **ઊણોદરિકા**—ક્ષુધાના પ્રમાણ કરતાં ઓછો આહાર કરવો. આમાં અનશનની ન્યૂનતા થાય છે. આમાં ઉપકરણની ન્યૂનતાનો પણ સમાવેશ થઇ જાય છે.

૩ **વૃત્તિસંક્ષેપ**—વૃત્તિ એટલે આજીવિકા. એને અંગે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી મર્યાદા કરવી. નિયમ ને અભિગ્રહોનો આમાં સમાવેશ થાય છે.

૪ **રસત્યાગ**—દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ ને મીઠાઇ વિગેરે પૌષ્ટિક વસ્તુનો અંશથી કે સર્વથી ત્યાગ કરવો તે વિગયત્યાગ. આયંબિલાદિ તપનો અહીં સમાવેશ થાય છે.

૫ **કાયક્લેશ**—આસન કરીને, સ્થિર રહીને, ઠંડીમાં કે તાપમાં બેસીને શરીરને કષ્ટ આપવું, કસવું, કાયોત્સર્ગ કરવો તે.

૬ **સંલીનતા**—અંગોપાંગને સંવરવા, એકાંત સ્થાનમાં બેસવું. તે ચાર પ્રકારે થાય છે. ઇંદ્રિયસંલીનતા, કષાયસંલીનતા, યોગસંલીનતા, વિવિક્તચર્યાસંલીનતા (એકાંત વસતિમાં રહેવું તે.)

બાહ્યતપને લોકો જાણી શકે છે. એ બાહ્ય શરીરને તપાવે છે તેથી બાહ્યતપ કહેવાય છે. હવે આપણે **અભ્યંતરતપ** વિચારીએ. તેના છ પ્રકાર છેઃ—

૧ **પ્રાયશ્ચિત્ત**—પોતે જે વ્રત-પચ્ચખ્ખાણ લીધું હોય તેમાં સ્ખલના થઇ જાય ત્યારે તે તે અપરાધની શુદ્ધિ કરવી—ગુરૂ પાસે આલોચના કરવી તે. એના દશ પ્રકાર છેઃ—

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ક ) કરેલ અપરાધનું ગુરૂ સમક્ષ કથન તે '**આલોચન.**'
( ખ ) કોઇપણ દોષ વિષે મિથ્યાદુષ્કૃત દેવો તે '**પ્રતિક્રમણ.**'
( ગ ) આલોચન અને પ્રતિક્રમણ બન્ને કરવા તે '**મિશ્ર.**'
( ઘ ) અશુદ્ધ અન્ન પાણીનો ત્યાગ કરવો તે '**વિવેક.**'
( ઙ ) શરીર અને વચનના વ્યાપારો તજી દેવા તે '**કાયોત્સર્ગ.**'
( ચ ) દોષ લાગવાથી પ્રાયશ્ચિત્ત નિમિત્તે નીવી, ઉપવાસ આદિ કરવા તે '**તપ.**'
( છ ) દોષ પ્રમાણે દીક્ષાપર્યાય ઘટાડે અને આકરા તપ કરવા પડે તે '**છેદ.**'
( જ ) ભયંકર પાપ થયું હોય તો ફરી દીક્ષા લેવી પડે તે '**મૂળ.**'
( ઝ ) જીવઘાતાદિ થઇ જાય તો તપ કરી ફરી દીક્ષા લેવી પડે તે '**અનવસ્થાપ્ય.**'
( ઞ ) કોઇ મહાપાપ થઇ જાય તો આચાર્યને બાર વર્ષ જુદા રહી શાસનની પ્રભાવના કરી ફરી દીક્ષા લેવી પડે તે '**પારાંચિત.**'

૨ **વિનય**—ગુણવંતની ભક્તિ કરવી તે. ગુણની દૃષ્ટિએ એના સાત વિભાગ થાય છે. એમાં આશાતના દૂર કરવાની બાબત પણ સાથે જ આવે છે.

( ક ) '**જ્ઞાન**' જ્ઞાનના સાહિત્ય તેમજ જ્ઞાની પુરૂષોના સંબંધમાં ભક્તિ, બહુમાન, ભાવના, ગ્રહણ અને અભ્યાસ.
( ખ ) '**દર્શન**' શુશ્રૂષા અને અનાશાતના. અધિકગુણીની સેવા-ભક્તિ કરવી, સન્માન આપવું, આસન આપવું, પ્રણામ કરવા. આ સર્વ શુશ્રૂષામાં આવે છે. અને અનાશાતનામાં વડીલ આદિનું બહુમાન કરવું અને તેમના વાસ્તવિક ગુણો વર્ણવીને એમની કીર્તિ વધારવી તે આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ગ ) '**ચારિત્ર**' સામાયિકાદિ ચારિત્ર સમજવું એનો પ્રયોગ કરવો, આદરવું.

( ઘ-ઙ-ચ ) '**ત્રણ યોગ**' મન-વચન-કાયાના યોગને આચાર્યાદિ વડિલની ભક્તિરૂપ શુભ પ્રવૃત્તિમાં જોડવા.

( છ ) '**લોકોપચાર**' ગુરૂ આદિ શ્રેષ્ઠની પાસે વસવું, આરાધ્યની ઇચ્છાએ પ્રવર્તવું, ઉપકારનો પ્રત્યુપકાર કરવો, માંદાની સેવા કરવી, અવસરોચિત કાર્ય કરવું, સદ્‌ગુણીને યોગ્ય માન આપવું.

૩ **વૈયાવચ્ચ**—જરૂરી સાધનો પૂરાં પાડી ગુરૂ વિગેરેની શુશ્રૂષા કરવી તે. વિનય માનસિક છે, વૈયાવચ્ચ શારીરિક છે. (૧) આચાર્ય ( ૨ ) ઉપાધ્યાય ( ૩ ) તપસ્વી ( ૪ ) ગ્લાન-રોગી ( ૫ ) શૈક્ષ-તાજી દીક્ષા લેનાર ( ૬ ) સાધર્મી-સમાનધર્મી-સમાન કુળવાળા ( ૭ ) સમાન ગુણવાળા ( ૮ ) સમાન સંઘ સમુદાયવાળા ( ૯ ) સાધુ ( ૧૦ ) સમનોજ્ઞ-જ્ઞાનાદિ ગુણે સમાન. એ દશની વૈયાવચ્ચ કરવી.

૪ **સ્વાધ્યાય**—અભ્યાસ. એના પાંચ પ્રકાર છે.

( ક ) '**વાચના**' ભણવું કે ભણાવવું. મૂળ અને અર્થ.

(ખ) '**પૃચ્છના**' સમજવા માટે, સ્પષ્ટ કરવા માટે, શંકા સમાધાન માટે પૂછવું તે.

( ગ ) '**અનુપ્રેક્ષા**' મૂળ કે અર્થની વારંવાર વિચારણા કરવી તે.

( ઘ ) '**પરાવર્તન**' શીખેલ મૂળ કે અર્થનું શુદ્ધિપૂર્વક પુનરાવર્તન કરવું.

( ઙ ) '**ધર્મકથન**' અભ્યાસ કરેલી બાબત અન્યને સમજાવવી.

૫ **ધ્યાન**—આ સમજવા માટે ચાર પ્રકારના ધ્યાન સમજવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઇએ. પ્રથમના બે દુર્ધ્યાન છે, પછીના બે સદ્ધ્યાન છે. એકાગ્રતાથી એક વિષયમાં મનને સ્થાપન કરવું તે ધ્યાન કહેવાય છે.

(ક) **આર્ત્તધ્યાન**—એ દુઃખ( આર્તિ )માંથી ઉદ્ભવે છે એના ચાર પેટા વિભાગો છે. દુઃખ થવાનાં એ ચારે કારણો છેઃ—

(૧) **અનિષ્ટસંયોગ**—ન ગમે તેવા સંબંધી કે તેવી વસ્તુઓનો સંબંધ થાય ત્યારે પીડા થવી અને તે ક્યારે જાય તે માટે ચિંતા કરવી.

(૨) **ઇષ્ટવિયોગ**—વહાલી સ્ત્રી, પ્રેમાળ પુત્ર આદિનો વિયોગ. તે વખતે થતો શોક, ગ્લાનિ, આક્રંદ વિગેરે.

(૩) **રોગચિંતા**—વ્યાધિ થાય ત્યારે તેની ચિંતા. વ્યાધિ દૂર કરવામાં સર્વ ધ્યાન દેવું અને હાયવોય કરવી. એમાં મનની વ્યથાનો પણ સમાવેશ છે.

(૪) **નિદાન**—ભવિષ્યના કાર્યક્રમો. ગોઠવણો. ધમાધમો.

(ખ) **રૌદ્રધ્યાન**—આ ધ્યાન દ્વેષથી જન્મે છે. એમાં રૌદ્ર ચિત્ત થાય છે. તેના પ્રકાર ચાર છેઃ—

(૧) **હિંસાનુબંધી**—જીવોના વધ—બંધનની વિચારણા.

(૨) **અનૃતાનુબંધી**—અસત્ય વચન. છળ. તેને નિભાવવા માટે ગોટાળા કરવા.

(૩) **ચૌર્યાનુબંધી**—અન્યનું દ્રવ્ય, તેની ચીજો પડાવી લેવાની પ્રચ્છા.

(૪) **સંરક્ષણાનુબંધી**—વસ્તુને જાળવી રાખવી, ચોકી કરવી વિગેરે.

(ગ) **ધર્મધ્યાન**—તેના ચાર પ્રકાર છેઃ—

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૧ ) **આજ્ઞાવિચય**–તીર્થંકરની આજ્ઞા શોધવી; તેને સ્વીકારવી અને તેને માટે ખૂબ ચિંતવન કરવું તે.

( ૨ ) **અપાયવિચય**—આશ્રવોને દુઃખરૂપ જાણી તેનો વિચાર કરવો અને તેમાંથી છૂટવાના રસ્તા શોધવા.

( ૩ ) **વિપાકવિચય**–કર્મો કેવાં કેવાં ફળ આપે છે તેની વિચારણા અને સુખ–દુઃખ વચ્ચે સમાન ભાવ. કર્મની વિચારણા ને પરિણામ.

( ૪ ) **સંસ્થાનવિચય**–લોકસ્વરૂપની વિચારણા.

( ઘ ) **શુકલધ્યાન**—એના ચાર પ્રકાર છેઃ—

( ૧ ) **પૃથક્ત્વવિતર્કસવિચાર**—આમાં દરેક પદાર્થનું પૃથક્ત્વ ( Analysis ) કરે, વિતર્ક એટલે શ્રુતજ્ઞાન. એ દ્રવ્યગુણપર્યાયને વિચારે, ઉત્પાદ–વ્યય–ધ્રુવતાને વિચારે અને એ રીતે દ્રવ્યથી પર્યાયાદિ પર જાય. આ ભેદ જ્ઞાન છે.

( ૨ ) **એકત્વવિતર્કનિર્વિચાર**—આ અભેદપ્રધાન ધ્યાન છે. આ ધ્યાનમાં મન–વચન–કાયા પૈકીના એક જ યોગનું અવલંબન હોય છે.

( ૩ ) **સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી**—અહીં સૂક્ષ્મ શરીર-યોગનો આશ્રય હોય છે. અહીં શ્વાસોશ્વાસની સૂક્ષ્મક્રિયા જ રહે છે.

( ૪ ) **વ્યુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિ**—શ્વાસોશ્વાસ પણ અટકી જાય અને તુરત મોક્ષ થાય તે.

છેલ્લા બે પ્રકાર કેવળીને જ હોય છે. આમાં પ્રથમના

જૈનં જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ—આર્ત્ત અને રૌદ્ર ત્યાજ્ય છે તે ધ્યાનમાં રાખવું. ધર્મ તથા શુકલની ભાવના નિર્જરા કરે છે તે અત્ર વક્તવ્ય છે.

૬ **ઉત્સર્ગ**—કાઉસ્સગ્ગ. ઉત્સર્ગ એટલે ત્યાગ. બાહ્ય અને અભ્યંતર સર્વ વસ્તુઓનો ત્યાગ. બાહ્યમાં ગણનો ત્યાગ, શરીરનો ત્યાગ, ઉપધિત્યાગ અને અશુદ્ધ ભાતપાણીનો ત્યાગ અને અભ્યંતરમાં કષાય, મિથ્યાત્વ, સંસારનો ત્યાગ.

આ રીતે છ પ્રકારનો અભ્યંતર તપ છે.

આ બાહ્ય અભ્યંતર તપથી આત્મા સાથે લાગેલાં કર્મો દૂર થઇ જાય છે. સામાન્ય રીતે તપમાં માત્ર ઉપવાસ, આયંબિલાદિને સમજવામાં આવે છે, એનો મહિમા પણ ઘણો મોટો છે, પણ તપ શબ્દ ઘણા વિશાળ અર્થમાં વપરાયેલ છે એ વાત ખૂબ સમજવા યોગ્ય છે. જો અભ્યંતર તપને પૃથક્કરણ કરીને વિસ્તારથી સમજવામાં આવે તો તેમાં સંવરના લગભગ સર્વ પ્રકારોનો સમાવેશ થાય છે. ત્યાગની શરૂઆત અને તેનું પર્યવસાન તપમાં જ આવે છે અને દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં 'ધમ્મોમંગલમુક્કિટ્ઠં' એટલે કે ધર્મ ઉત્કૃષ્ટ મંગળ કહ્યું છે તેની સાથે જ ધર્મના ત્રણ પ્રકાર બતાવ્યા છે: અહિંસા, સંજમ અને તપ. આ મુદ્દા પર વિવેચન આગળ કરવાનું રાખી અત્ર તો એક જ વાત કરવાની છે કે તપ એ આત્મધર્મ છે, આત્માના વિકાસ માટે અતિ ઉપયોગી તત્ત્વ છે અને એની વિચારણામાં બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારને ખૂબ ધ્યાનમાં રાખવાના છે. તેમાં પણ બાહ્ય કરતાં અભ્યંતરતપની જરૂર વિશેષતા છે, છતાં બાહ્ય તપો અભ્યંતર માટે પ્રબળ નિમિત્ત કારણો છે. આટલો પરિચય નિર્જરાનો કરી આપણે ભાવનામાં પ્રવેશ કરીએ. ખૂબ આનંદથી આ ભાવના આત્મવિકાસ માટે ભાવવા યોગ્ય છે.

JAINSITE જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૯ મું

## નિર્જરા ભાવના.

इन्द्रवज्रा

यन्निर्जरा द्वादशधा निरुक्ता, तद् द्वादशानां तपसां विभेदात् ।
हेतुप्रभेदादिह कार्यभेदः, स्वातन्त्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥क

अनुष्टुप्

काष्ठोपलादिरूपाणां, निदानानां विभेदतः ।
वह्निर्यथैकरूपोऽपि, पृथग्रूपो विवक्ष्यते ॥ ख २ ॥

निर्जरापि द्वादशधा, तपोभेदैस्तथोदिता ।
कर्मनिर्जरणात्मा तु, सैकरूपैव वस्तुतः ॥ ग ३ ॥

उपेन्द्रवज्रा

निकाचितानामपि कर्मणां यद्, गरीयसां भूधरदुर्धराणाम् ।
विभेदने वज्रमिवातितीव्रं, नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥घ ४॥

---

क १ **निरुक्ता** કહી. બતાવી. **द्वादश** બાર. ( પૂર્વ પરિચય જુઓ ) **हेतु** કારણ. કારણત્વ. વિશેષ. **प्रभेद** પૃથક્ હોવાને કારણે. **कार्यभेद** ભિન્નતા. **स्वातंत्र्यतः** પોતે, જાતે, વિશેષ રહિતપણે.

ख २ **उपल** પથ્થર. ચકમક. એને લોઢા સાથે ઘસવાથી અગ્નિ થાય છે. **निदान** ઉત્પાદક કારણ. **विवक्ष्यते** વર્ણવવામાં આવે છે.

ग ३ **उदिता** કહેવામાં આવી છે. **निर्जरण** દેશથી કર્મનું ક્ષપણ. **आत्मा** રૂપ. **वस्तुतः** વસ્તુસ્વરૂપે, પરમાર્થ દૃષ્ટિએ.

घ ४ **निकाचित** ગાઢ, આકરાં, ચીકણાં, ચીક્કટપણે વળગી રહેલાં. **गरियसां** બહુ મોટા, મોટા શિખરવાળા. ઊંચા. **भूधर** પર્વત. **दुर्धर** વિકટ. I'rresistible. **विभेदन** ( ૧ ) ચૂરો કરવો ( પર્વતપક્ષે ). (૨) કાપી નાખવું, ખેરવી નાખવું. (કર્મપક્ષે).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क ૧. નિર્જરાને બાર પ્રકારની કહેવામાં આવી છે તે બાર પ્રકારના તપના ભેદોને લઇને છે. કારણમાં વિશિષ્ટતા હોવાથી અહીં ભિન્નતા દેખાય છે, પણ સ્વતંત્ર નજરે જોઇએ ( કારણોની અપેક્ષા ધ્યાનમાં લીધા સિવાય ) તો તે નિર્જરા એક જ પ્રકારની છે.

ख ૨. જેવી રીતે અગ્નિ એક જ પ્રકારનો છે છતાં તેને ઉત્પન્ન કરનાર લાકડા, ચકમક ( પથ્થર ) વિગેરેનો જુદો જુદો પ્રકાર હોવાને કારણે તે ( અગ્નિ ) ની જુદા જુદા પ્રકારે વિવક્ષા ( વિવેચન ) કરવામાં આવે છે.

ग ૩. તેવી જ રીતે તપના બાર પ્રકાર હોવાથી નિર્જરાને પણ બાર પ્રકારની કહેવામાં આવી છે, બાકી કર્મનો અંશથી નાશ કરવાની દૃષ્ટિથી તેને જોઇએ તો વસ્તુ-સ્વરૂપે તે માત્ર એક જ પ્રકારની છે.

घ ૪. ભારે મોટા ઉત્તુંગ શિખરવાળા વિકટ પર્વતોને તોડવાને જેમ ઇંદ્રનું વજ્ર અતિ તીવ્રપણે કામ આપે છે તેમ અત્યંત ચીકણાં ( નિકાચિત ) કર્મોને કાપી નાખવાને માટે જે તપ અતિ તીક્ષ્ણ બારીકાઇથી કામ આપે છે તે અદ્ભુત તપગુણને નમસ્કાર હો !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उपजाति

किमुच्यते सत्तपसः प्रभावः, कठोरकर्मार्जितकिल्बिषोऽपि ।
दृढप्रहारीव निहत्य पापं, यतोऽपवर्गं लभतेऽचिरेण ॥ङ५॥

यथा सुवर्णस्य शुचिस्वरूपं, दीप्तः कृशानुः प्रकटीकरोति ।
तथात्मनः कर्मरजो निहत्य, ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥च६॥

स्रग्धरा

बाह्येनाभ्यन्तरेण प्रथितबहुभिदा जीयते येन शत्रु–
श्रेणी बाह्यान्तरङ्गा भरतनृपतिवद्भावलब्धद्रढिम्ना ।
यस्मात्प्रादुर्भवेयुः प्रकटितविभवा लब्धयः सिद्धयश्च,
वन्दे स्वर्गापवर्गार्पणपटुसततं तत्तपो विश्ववन्द्यम् ॥छ७॥

JAINSITE .com जैनम् जयति शासनम्

ङ ५. **किमुच्यते** शुं कहेवुं ? **सत्तप** समीचीन तप, सम्यक् तप. **प्रभाव** महिमा, सामर्थ्य, महिमा. **कठोर** महानीच, अतिभयंकर. **किल्बिष** पाप. **दृढप्रहारी** नाम छे. हकीकत माटे नोट जुओ. **अचिरेण** थोडा वखतमां. **अपवर्ग** अप–नष्ट रागादि वर्ग. मोक्ष.

च ६ **शुचि** पवित्र, मूळभूत, जातवान्. **दीप्तः** सळगावेलो, प्रकटावेलो. **कृशानु** अग्नि, **निहत्य** दूर करीने, नाश करीने. **विशदः** शुद्ध.

छ ७ **प्रथित** बतावेला, प्राप्त थता. **बहुभिदा** जेना अनेक भेद छे. **बाह्य** बहारना दुश्मनो, वैरीओ. **अन्तरंगा** अंदरना शत्रुओ राग–द्वेषादि, **द्रढिम्ना** दृढता. **अर्पण** आपण. **पटु** सामर्थ्ययुक्त.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ङ ૫. સમીચીન તપના પ્રભાવ ( માહાત્મ્ય ) ની તે વાત શી કરવી ? દૃઢપ્રહારીની પેઠે કોઇ પ્રાણીએ અત્યંત ભયંકર–મહાપાપી કામો કરીને અત્યંત પાપ એકઠું કર્યું હોય તેવો જીવ પણ એ પાપનો નાશ કરીને થોડા વખતમાં મોક્ષને પ્રાપ્ત થાય છે.

च ६. જેવી રીતે પ્રકટાવેલો અગ્નિ સોનાનું નિર્મળ સ્વરૂપ પ્રકટ કરે છે. તેવી રીતે ‘ તપ ’ આત્માની કર્મરૂપી રજ ( કચરા ) ને દૂર કરીને તેના ( આત્માના ) શુદ્ધ સ્વરૂપ ( ચૈતન્ય ) ને દીપ્તિવંત બનાવે છે.

छ ૭. જે તપના બાહ્ય અને આભ્યંતર અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે, જે તપ બાહ્ય અને અંતરંગ શત્રુઓની શ્રેણીઓને ભરત ચક્રવર્ત્તીની પેઠે ભાવનાપૂર્વક પ્રાપ્ત કરેલી દૃઢતાથી જીતી લે છે અને જેનાથી લોકો જોઇ શકે તેવા વૈભવો, લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેવો સ્વર્ગ અને મોક્ષને અપાવવાને–મેળવી આપવાને સમર્થ ‘ તપ ’ આખી દુનિયાને પૂજ્ય છે. હું તેને વંદન કરૂં છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## गेयाष्टक

( ध्रुवपदं )

विभावय विनय तपोमहिमानं ।
बहुभवसञ्चितदुष्कृतममुना,
लभते लघु लघिमानम् ।
विभावय विनय तपोमहिमानं ॥ १ ॥

याति घनापि घनाघनपटली,
खरपवनेन विरामम् ।
भजति तथा तपसा दुरिताली,
क्षणभङ्गुरपरिणामम् ॥ वि० ॥ २ ॥

वाञ्छितमाकर्षति दूरादपि,
रिपुमपि व्रजति वयस्यम् ।
तप इदमाश्रय निर्मलभावा–
दागमपरमरहस्यम् ॥ वि० ॥ ३ ॥

अनशनमूनोदरतां,
वृत्तिह्रासं रसपरिहारम् ।
भज सांलीन्यं कायक्लेशं,
तप इति बाह्यमुदारम् ॥ वि० ॥ ४ ॥

રાગ પાંચમી અન્યત્વ ભાવનાના ગેય અષ્ટકનો જે લય છે તેમાં જ આ અષ્ટક પણ ગાઈ શકાય છે. મસ્ત રાગ છે અને ઠેકા સાથે ગાવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. હે વિનય ! તું તપના મહિમાને સારી રીતે ભાવ. એનાથી (તપથી) અનેક ભવોમાં એકઠું કરેલું પાપ એકદમ અત્યંત ઓછું થઈ જાય છે અને અલ્પભવને ધારણ કરે છે.

૨. આકરો મેઘાડંબર ગમે તેટલો નિબિડ દેખાતો હોય તે પણ જેમ આકરા જોરદાર પવનથી વિંખાઈ જઈ નાશ પામી જાય છે તેવી રીતે પાપોની શ્રેણી હોય તે પણ તપસ્યા-વડે તદ્દન વિનાશની સ્થિતિએ પહોંચી જાય છે.

૩. તપ કોઈ વસ્તુ દૂર હોય તો ત્યાંથી પણ તેને ખેંચીને નજીક લાવે છે; તપ દુશ્મનને પણ મિત્ર બનાવે છે; તપ જૈન શ્રુત-સિદ્ધાન્તનું પરમ રહસ્ય-સારરૂપ છે. એ તપને નિર્મળ ભાવથી આચર-સ્વીકાર અને એ રીતે હે વિનય ! તપના મહિમાને ભાવ.

૪. (૧) અનશન, (૨) ઊણોદરિકા, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) સંલીનતા અને (૬) કાયક્લેશ એ વિશાળ બાહ્યતપો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रायश्चित्तं वैयावृत्त्यं,
स्वाध्यायं विनयं च ।
कायोत्सर्गं शुभध्यानं,
आभ्यन्तरमिदमं च ॥ वि० ॥ ५ ॥

शमयति तापं गमयति पापं,
रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं,
तप इति विगताशंकम् ॥ वि० ॥ ६ ॥

संयमकमलाकार्मणमुज्वल-
शिवसुखसत्यंकारम् ।
चिन्तितचिन्तामणिमाराधय,
तप इह वारंवारम् ॥ वि० ॥ ७ ॥

कर्मगदौषधमिदमिदमस्य च,
जिनपतिमतमनुपानम् ।
विनय समाचर सौख्यनिधानं,
शान्तसुधारसपानम् ॥ वि० ॥ ८ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫.** ( ૧ ) પ્રાયશ્ચિત્ત, ( ૨ ) વૈયાવચ્ચ, ( ૩ ) સ્વાધ્યાય, ( ૪ ) વિનય, ( ૫ ) કાયોત્સર્ગ અને ( ૬ ) શુભ ધ્યાન—આ આભ્યંતરતપ છે.

૬. કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા વગર કરેલું તપ હોય તો તે તાપને શમાવે છે, પાપનો વિનાશ કરે છે, મન-હંસને ક્રીડા કરાવે છે અને દુઃખે કરીને જીતી શકાય તેવા આકરા મોહને પણ હરી લે છે. હે વિનય! તપના મહિમાને સારી રીતે ભાવ.

૭. તપ સંયમ—લક્ષ્મીનું સાચું વશીકરણ છે, નિર્મળ મોક્ષ-સુખનો કોલ છે, ઇચ્છિત પૂરનાર ચિંતામણિરત્ન છે. એ તપને વારંવાર આરાધ—એનું સારી રીતે આચરણ કર.

૮. એ તપ કર્મરૂપ વ્યાધિઓનું ઔષધ છે અને જિનપતિનો મત એ ઔષધને લગતું અનુપાન છે. હે વિનય! સર્વ સુખોના ભંડારરૂપ આ **શાંતસુધારસનું** પાન તું કર.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નોટઃ—

૧. **विभावय** સારી રીતે ભાવ, વિચાર—પથમાં આણ. **दुष्कृत** પાપનો ભાર. **लघु** જલ્દી, એકદમ. **लघिमानं** અલ્પભાવ, અસત્વ.

૨. **घना** નિબિડ, આકરી. **घनाघन** વાદળ. **पटली** મંડળી. **खर** કર્કશ, આકરો. **परिणाम** સ્વભાવ.

૩. **वाञ्छित** ઇષ્ટ, ઇચ્છિત **व्रजति** પ્રાપ્ત કરે છે. **निर्मल** મેલ વગરના આશાપાસ વગરના. **आगम** જિન પ્રવચન.

૪. **ऊनोदरतां** ઊનઉદરના, ઉદર એટલે પેટ, ઊન—ઓછું, ઊણું. **सांलीन्यं** સંવરણ. **उद्दाम** વિશાળ, સુપ્રસિદ્ધ.

૫. આ પ્રત્યેક શબ્દનો અર્થ અને તે પર વિવેચન પૂર્વ પરિચયમાં થઈ ગયું છે તે જુઓ.

૬. **शमयति** ઠંડો પાડી દે છે, શમાવે છે. **गमयति** નાશ પામે છે. **रमयति** ક્રીડા કરાવે છે. **मानसहंसम्** મનરૂપ હંસને. **दुरारोह** જેના ઉપર વિજય મેળવવો મુશ્કેલ પડે તેવો unsurmountable **आशंसा** ઇચ્છા, ફળાકાંક્ષા.

૭. **संयम** ઇંદ્રિય મનનો રોધ. **कमला** લક્ષ્મી. **कार्मण** કામણ, વશીકરણ. **सत्यंकार** વેપાર કરતી વખત—સોદો કરતાં હાથો ડોકવો—કોલ આપવો તે.

૮. **गद** વ્યાધિ, રોગ. **अनुपान** ઓસડની સાથે આરોગ્યવર્ધક વસ્તુ ભેળવવી તે. **समाचर** આચર.

## નિર્જરા ભાવનાઃ— :: પરિચયઃ—

ક્ર. ૧. આશ્રવ અને સંવર તત્ત્વનો જો બરાબર ખ્યાલ આવ્યો હોય તો નિર્જરા તત્ત્વમાં બહુ વિવેચનની જરૂર નહિ રહે. એનો મુખ્ય આશય પૂર્વ પરિચયમાં જણાવી દીધો છે. આત્માની સાથે લાગેલાં કર્મોને દૂર કરવામાં મહા આકરો પ્રયાસ કરવો પડે તેમ છે. નવાં આવતાં કર્મોને અટકાવવા જેમ અતિ ઉપયોગી બાબત છે તેટલી જ મહત્ત્વની બાબત અગાઉનાં કર્મોને ખપાવવા તેને લગતી છે અને એ કર્મોનો રાશિ પણ સાધારણ રીતે બહુ મોટો હોય છે. દરેક સમયે સાત કર્મ બંધાય છે અને ઉદયમાં આઠ કર્મ હોય છે, પરંતુ ઉદય કરતાં બંધ વધારે થતો હોવાથી જમે પાસું ઘણું મોટું થાય છે. તેનો જો બારોબાર રસ્તો ન થાય તો ભાર ઓછો કેમ થાય ? આ ગુંચવણવાળા સવાલનો નિકાલ હવે વિચાર કરીને લાવવાનો છે અને તેની યોગ્ય વિચારણા એ આ નવમી ભાવના છે. કર્મનો બંધ આત્મા સાથે થાય છે તે વખતે તેની સ્થિતિ પણ મુકરર થાય છે. એ સ્થિતિ એટલે ઉદયકાળ. કર્મવિપાક-ફળ ઉદયમાં ક્યારે આવશે તેનો નિર્ણય સ્થિતિ-બંધ કરે છે. એ સમય પ્રાપ્ત થવા પહેલાં કર્મ પડ્યું રહે, કાંઈ પણ ફળ ન આપે તે વચગાળેના સમયને 'અબાધાકાળ' કહેવામાં આવે છે.

આવી રીતે અનેક કર્મો આત્માને લાગી રહેલા હોય છે. એને ઉદયકાળ પહેલાં ઉદિરણા કરીને ખેંચી લાવી, ઉદય સન્મુખ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી પ્રદેશ ઉદયવડે એને ખેરવી નાખવા એ નિર્જરા કહેવાય છે. કર્મને નિર્જરવા એટલે એની શક્તિ મંદ પાડી દેવી અથવા એને ખેરવી નાખવા. એને 'પરિશાટન' પણ કહેવામાં આવે છે. નિર્જરા બે પ્રકારનું કાર્ય કરે છે. એ કર્મની સ્થિતિ ઓછી કરે છે અને કર્મનો રસ મંદ કરી નાખે છે. મહા આકરાં કર્મ હોય એને નિર્જરા તદ્દન નિર્માલ્ય જેવાં કરી નાખે છે. આ રીતે સ્થિતિબંધ અને રસબંધ ઉપર નિર્જરાની મોટી અસર છે.

કેટલાંક કર્મોને વિપાકમાં ભોગવ્યા સિવાય પ્રદેશોદયથી ખેરવી નાખે છે. આ રીતે આત્માને હળવો કરવાનું કાર્ય નિર્જરા કરે છે. સંચિત કર્મોના ક્ષયને નિર્જરા કહેવામાં આવે છે અને સર્વ કર્મોનો સર્વથા નાશ થાય તેને મોક્ષ–અપવર્ગ કહેવામાં આવે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ નિર્જરા તપથી થાય છે. ઘસારા વગર ચળકાટ થતો નથી અને મોક્ષ મેળવવું એ બાળકનો ખેલ નથી. ત્યાગ વગર, સંયમ વગર, ઇંદ્રિયદમન વગર, નિઃસ્પૃહ વૃત્તિ વગર, નિરાકાંક્ષા વગર, સન્મુખભાવ વગર આત્મા અનાદિ કાળના પરિચયો છોડી દે એ આશા વ્યર્થ છે. એને સંસાર સ્વભાવ થઇ ગયો છે; ચિર પરિચયથી વિભાવ એ સ્વભાવ થઇ ગયો છે. એમાંથી છૂટવા માટે દેહ ઉપર અસાધારણ અંકુશ અને મન ઉપર સંયમ અનિવાર્ય છે.

બાહ્ય અને અભ્યંતર તપની ગોઠવણ એવી સુઘટ્ટ રીતે કરવામાં આવી છે કે એમાં દેહ, વાણી અને મન એ ત્રણે યોગ પર અસાધારણ કાબૂ આવી જાય. તપ એટલો વિશાળ શબ્દ છે કે એમાં સંવરના સર્વ પ્રકારો આવી જાય છે અને તે ઉપરાંત દેહ, વાણી અને મન પર સંયમ કરવાના અનેક વિધાનોનો પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમાં સમાવેશ થાય છે. આ નિર્જરાને બાર પ્રકારની કહેવામાં આવી છે તે તપના બાર ભેદને લઇને છે. છ બાહ્ય અને છ અભ્યંતર તપ મળીને બાર પ્રકાર થાય છે જેનું વિવેચન પૂર્વ પરિચયમાં થઈ ગયું છે. આ જે પ્રકારો પાડવામાં આવ્યા છે તે કારણને લઇને છે. કોઈ પ્રાણીને અનશનથી લાભ થાય તો તેની નિર્જરા અનશન-દ્વારા થઇ કહેવાય. એમાં સકામ અને અકામ બન્નેનો સમાવેશ થાય છે. બાહ્ય તપમાં એ બન્નેને અવકાશ છે. અભ્યંતર તપથી તો સકામ નિર્જરાનો જ સંભવ છે.

વસ્તુત: જોઇએ તો નિર્જરા એક જ પ્રકારની છે, દેશથી કર્મનો ક્ષય તે નિર્જરા કહેવાય છે. હેતુ ભેદથી એના બાર ભેદ થાય છે. નિર્જરાને કયા દૃષ્ટિબિન્દુથી જોવામાં આવે છે તે ઉપર આધાર રહે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ख. २ જેવી રીતે અગ્નિ તો એક જ છે પણ તેને પ્રકટાવનાર વસ્તુના ભેદથી અગ્નિના ભેદ પાડવામાં આવે છે. જેમકે લાકડાથી અગ્નિ ઉત્પન્ન કર્યો હોય તો તેને આપણે કાષ્ઠાગ્નિ કહીએ, ચકમકના પથ્થરને લોઢા સાથે ઘસી અગ્નિ પાડ્યો હોય તો તેને આપણે પાષાણઅગ્નિ અથવા ઉપલાગ્નિ કહીએ, તેવી જ રીતે ઘાસને સળગાવ્યું હોય તો તેને તૃણાગ્નિ કહીએ, છાણાં સળગાવ્યાં હોય તો તેને ગોમયઅગ્નિ કહીએ, કોલસાનો અગ્નિ, ગેસનો અગ્નિ વિગેરે અનેક અનેક નામો આપીએ; પણ એ પ્રત્યેક અગ્નિનો સ્વભાવ તો ગરમ કરવાનો, બાળવાનો, પ્રકાશ કરવાનો છે તે જ રહેવાનો છે. નિદાન કારણ—ઉત્પાદન કારણના ભેદને લઈને આપણે અગ્નિના જુદાં જુદાં નામો આપીએ છીએ.

ग. ૩ તેવી રીતે તપના જુદા જુદા પ્રકાર હોવાથી નિર્જરાના

બાર પ્રકાર કહેવામાં આવ્યા છે. જેટલા તપના ભેદ તેટલા નિર્જરાના ભેદ ગણ્યા છે. વસ્તુતઃ માત્ર કર્મનું પરિશાટન એટલે દેશથી કર્મના ક્ષયની નજરે જોઈએ તો નિર્જરાનો એક જ પ્રકાર છે.

આ કારણમાં કાર્યનો આરોપ કરીને પાડેલ ભેદ છે; વસ્તુતઃ પરિણામ એક જ છે.

ઘ. ૪ આ પ્રાણી જ્યારે કર્મ બાંધવા માંડે છે ત્યારે તે એમ જ સમજે છે કે એને કદી મરવું નથી કે એ કદી વૃદ્ધ થનાર નથી અને બાંધેલા કર્મ ભોગવવા પડવાના નથી. એના ધંધાના ગોટાળા જોયા હોય તો એના મનડાનાં આમલાંઓનો પાર પમાશે નહિ. એને સ્ત્રી સંબંધી ઝગડામાં જોયો હોય તો ખટપટ અને કાવાદાવામાં એટલો ઊતરી જશે કે એ ખૂન કરવા સુધી ઊતરી જતો માલૂમ પડશે. રાજદ્વારી ખટપટો તો મનને એટલી હદ સુધી ઉતારી નાખે છે કે રાતદિવસ એની ઉંઘ પણ ઉડી જાય છે. કર્મબંધમાં અંતરંગ સ્થિતિ ઉપર ઘણો આધાર છે. મનમાં ક્રોધ, માન, માયા, લોભ વિગેરે જેટલે અંશે વર્તતા હોય છે તેટલે અંશે તેની ગાઢતા વધતી જાય છે. એટલી જ અસર હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંછા કરે છે અને વેદોદય તો કેવું કાર્ય કરે છે તે જોવા માટે કોઇપણ ઈતિહાસ કે નવલકથા બસ છે. જર, જમીન અને જોરૂને લઇને અનેક ઝગડા થાય છે તે તો જાણીતી વાત છે, પણ અત્ર પ્રસ્તુત વાત એ છે કે એ પ્રસંગે મોહનીયકર્મના કોઈ પણ પ્રકારની—કષાય, નોકષાય કે વેદની જેટલી તીવ્રતા હોય છે તેના પ્રમાણમાં કર્મબંધ થાય છે.

કેટલીકવાર પ્રાણી એવાં આકરાં વેર બાંધે છે કે એનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલા ય કાળ સુધી નિકાલ જ ન આવે. એને બાપેમાર્યાના વેર–ઝેર કહેવાય છે. મરતાં સુધી પણ એ વેર શમતા નથી. પ્રાણી એમાં વધારે ને વધારે મલીનતા વધારતો જ જાય છે અને તેવા તુચ્છ મનોવિકારોમાં કોઈવાર માનની કલ્પનાથી, કોઇવાર પોતાની જાતિના અભિમાનથી, કોઇવાર દેશદાઝને નામે, કોઈવાર પોતાના સ્વમાનને નામે એ ઝૂરે છે, ઝગડે છે અને માર મારે છે કે ખાય છે; પણ એ આખો વખત એનું મન એટલું સંકલિત રહે છે કે એને બીજું કામ સૂઝતું નથી. આ સંકુલિત વૃત્તિથી જે કર્મો બંધાય છે તે 'નિકાચિત' કર્મ કહેવાય છે. તીવ્ર કષાયને વશ થઇને બાંધેલાં કર્મોને આ પ્રકારમાં મૂકવામાં આવે છે. આકરા ક્રોધ, માન, માયા,લોભ વિગેરે મનમાં વર્તતા હોય ત્યારે આવાં નિકાચિત કર્મો બંધાય છે.

JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

ઘણી વખત પ્રાણી કર્મ બાંધે છે ત્યારે એવો આકરો બંધ કરે છે કે હીરની દોરીની ગાંઠ ઉપર તેલનું ટીપું મૂકીએ તો પછી તે ગાંઠ કોઇ રીતે ન છૂટે એવી તેની સ્થિતિ કરી મૂકે છે. આવાં નિકાચિત કર્મો જ્યારે વિપાક ઉદયમાં આવે છે ત્યારે જે દુઃખાનુભવ થાય છે તે અકથ્ય છે. શરીરની વ્યાધિ, ધનનો નાશ, ગરીબાઇના સંકટો, નજીકના સ્ત્રી પુત્રાદિનાં મરણ કે વિયોગ, ઘરમાં સર્વત્ર અસંતોષ, કીર્તિને બદલે અપમાન વિગેરે અનેક ઉપાધિઓ પ્રાપ્ત થાય છે અને જીવન શાંત, આનંદી, સ્થિર હોવાને બદલે બોજારૂપ, ત્રાસરૂપ, ખેદમય થઈ જાય છે. હીરની ગાંઠ છૂટવી જ મુશ્કેલ છે, પણ તે ઉપર તેલનું ટીપું મૂક્યું એટલે તો છૂટવાનો સવાલ જ રહેતો નથી. નિકાચિત કર્મોની ગાંઠ એવી હોય છે.

એવા પ્રકારના નિકાચિત કર્મોનો જ્યારે વિપાક થાય ત્યારે મહા ત્રાસ થાય છે તેવાં કર્મો–જેને મોટાં શિખરવાળાં પર્વત સાથે સરખાવી શકાય તેને કાપી નાખવાનો–દૂર કરવાનો માર્ગ એક જ છે. જેમ પર્વતને ઇંદ્રનું વજ્ર કાપી નાખે છે એવી પુરાણોમાં વાત છે તેની સાથે આ સરખાવવા યોગ્ય છે. અન્ય શાસ્ત્રમાં વાત એમ છે કે પર્વતોને અસલ પાંખો હતી. તેઓ ઊડી શકતા હતા. એથી મનુષ્ય, પશુ, પક્ષીને ખૂબ ત્રાસ થતો હતો. તેની ઇંદ્ર પાસે ફરિયાદ ગઈ. એણે વજ્ર મૂક્યું. વજ્ર એક હાથ લાંબું હોય છે પણ તેની શક્તિ ઘણી જબરી હોય છે. એણે પર્વતોની પાંખો કાપી નાખી. મોટા દુર્ધર પર્વતો જેનાં શિખરો ગગનચુંબી હોય છે તેની પાંખોને આવું નાનકડું વજ્ર કાપી નાખે એ જેવી આશ્ચર્યની વાત છે તેવી જ નવાઈની વાત તપની છે. એ આટલો નાનો હોવા છતાં મહા તીવ્ર વિપાક આપનાર નિકાચિત કર્મોને કાપી નાખે છે. સાધારણ રીતે કર્મમાં ઉપક્રમ, ઉપશમન, ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ થાય છે એ ઘણો અગત્યનો વિષય છે પણ બહુ વિશાળ છે. કમ્મપયડી વિગેરે ગ્રંથોથી તે જાણી લેવો. એ નિકાચિત કર્મો તો ઉપક્રમ વિગેરે માટે પણ અયોગ્ય હોય છે અને તીવ્ર વિપાક આપવાને તૈયાર હોય છે.

એવાં કર્મોને કાપી નાખવા માટે વજ્ર જેવું કાર્ય કરનાર તપગુણને નમસ્કાર થાઓ. તપના ભેદોને ખૂબ વિચારીએ, એના ગૌરવનો સાક્ષાત્કાર કરીએ, એના ધ્યાન વૈયાવચ્ચ વિગેરે ભેદોનો અનુભવ કરીએ, એમાં રહેલ સેવાભાવ, આકાંક્ષારહિતત્વ અને આત્મવિકાસને જીવનમાં પ્રગટાવીએ ત્યારે તેની અદ્ભુતતા જચે અને જચે એટલે મન એને નમે. જો આત્મવિકાસના ડંકા જોરથી વગાડવા હોય તો આ અદ્ભુત તપને નમો. નમો એટલે શું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. નમીને માત્ર **નમો તપસે** કે ૐ હ્રીં **નમો તપસે** એવો ઉચ્ચાર કે જાપ કરવાથી ખરો આત્મવિકાસ થઇ જાય એવી ભ્રમણામાં પડવાનું નથી. ડંકા વગાડવા એટલે તદ્રૂપ જીવન કરી દેવું. એ તપને નમસ્કાર.

ક્ષ્ટ. ૫ તપનો મહિમા વર્ણવી શકાય તેમ નથી. તેને માટે જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. અતિ ભયંકર કર્મો કરીને પાપ એકઠું કર્યું હોય તેને પણ એ તપ દૂર કરીને મોક્ષ અપાવે છે. મતલબ દેશથી કર્મક્ષય (નિર્જરા) થતાં આખરે એ તપ સર્વ કર્મક્ષય કરી મોક્ષ આપે છે.

બાળહત્યા, સ્ત્રીહત્યા, ગૌહત્યા અને વ્રતી (મુનિ) હત્યા એ ચાર મહાહત્યા કહેવાય છે. એમાંની એક પણ હત્યા પ્રાણીને જરૂર નરકે લઇ જવા યોગ્ય કર્મો એકઠાં કરી આપે છે. આવી હત્યા કરતી વખતે કેટલાં ક્લિષ્ટ પરિણામ મનનાં થતાં હશે તે કલ્પવું મુશ્કેલ નથી. નાનું બાળક, સ્ત્રી કે ગાય (જનાવર સર્વ) અને અશસ્ત્રધારી મુનિ બચાવનાં સાધન વગરનાં હોય છે. ચારે ઘણુંખરૂં બચાવની શક્તિ ધરાવનાર પણ હોતા નથી. એમનો ઘાત કરવો એ તીવ્ર દુષ્ટ અધ્યવસાય વગર બને નહિ. એ પ્રસંગે સ્થિતિ અને રસનો આકરો કર્મબંધ જરૂર થાય છે.

તપ એ એક જ વસ્તુ છે કે જે આવી રીતે બાંધેલ ભયંકર વિપાક આપનાર કર્મોને દૂર કરે છે. એવા ભયંકર કાર્યોનું પ્રાયશ્ચિત્ત તપ કરી આપે છે અને તે માટે તે અસાધારણ કામ કરે છે. આયંબિલ ઉપવાસાદિ બાહ્ય તપો અને ધ્યાન પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપો એવાં કર્મોને કાપી શકે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'દૃઢપ્રહારી' મહાભયંકર ઘાત કરનાર હતો. એના નામ પ્રમાણે એ કારમો ઘા કરનાર હતો. એણે ઉક્ત ચાર પ્રકારની હત્યાઓ કરી હતી, પણ પછી એને શ્રી વીરપરમાત્માનો યોગ થઇ ગયો, એને બોધ થયો અને ઉપદેશની અસર બરાબર લાગી. જે નગરમાં એણે હિંસાઓ કરી ત્રાસ વર્તાવ્યો હતો તેને દરવાજે જ ઊભા રહીને એણે ધ્યાન આદર્યું, કાઉસગ્ગ કરી આત્મારામને જગાડ્યો, ખાવા–પીવાનો ત્યાગ કર્યો. નગરના લોકો તો વૈરથી ઉશ્કેરાયલા હતા. તેઓ એના પૂર્વના દુરાચારો ભૂલ્યા નહોતા. કેટલાક એને ન સહન થાય તેવા વચનના પ્રહારો કરવા લાગ્યા. કેટલાક એને લાકડીથી, હાથથી, પથ્થરથી મારવા લાગી ગયા; પણ એનું ચિત્ત ડગ્યું નહિ. છ માસ સુધી એણે સર્વ ઉપદ્રવો, વચનો અને માર સહન કર્યાં. એણે એ જ સ્થાને રહી સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કર્યું, આત્મારામને જગાડ્યો અને કોઇના ઉપર સંકલ્પથી પણ દ્વેષ કે ક્રોધ ન કર્યો. અંતે ચેતનરામને ધ્યાવતાં કર્મોને બાળી એ જ સ્થાનકે એણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ નિર્જરા કહેવાય. આ તપનો પ્રભાવ છે. એમાં બાહ્ય અને અભ્યંતર તપનો સુંદર સહયોગ છે તે લક્ષમાં રાખવું.

સમ્યક્પ્રકારે તપ કરવામાં આવે, ક્રોધરૂપ અજીર્ણ વગર તપ કરવામાં આવે, કોઇ જાતના આશીભાવ વગર તપ કરવામાં આવે ત્યારે અતિ નીચ આચરણોને લીધે એકઠાં કરેલ કર્મોનો પણ આવી રીતે પ્રથમ અલ્પભાવ થાય છે અને તેના ઉપર દૃઢતા રાખી ચીવટથી વળગી રહેવામાં આવે તો અંતે તે સર્વ કર્મોનો આત્યંતિક અભાવ પ્રાપ્ત કરી અપવર્ગ–મોક્ષ અપાવી શકે છે. યાદ રાખવાનું છે કે દૃઢપ્રહારીનું તપ માત્ર છ માસનું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલા થોડા વખતમાં પણ તપ આવું કાર્ય કરે છે તેથી અચિરેણ–થોડા વખતમાં એ કર્મોનો નાશ કરી અપવર્ગ અપાવે છે એમ વાત કરી છે.

च ૬ એ કેવી રીતે થાય? એવો પ્રશ્ન સ્વાભાવિક છે. સોનું ખાણમાંથી નીકળે ત્યારે તદ્દન માટી જેવું હોય છે. એના ઉપર અનેક જાતનો કચરો વળી ગયેલો હોય છે, પણ તેને ભઠ્ઠીમાં અગ્નિ ચેતાવી તેમાં મૂકવામાં આવે ત્યારે તેનો સર્વ કચરો બળી જાય છે અને સોનું સો ટચનું થઇને બહાર પડે છે.

તપ અગ્નિ જેવો છે. આત્માને ગમે તેટલાં કર્મો લાગેલાં હોય, પણ જો તેના પર તપનો પ્રયોગ કરવામાં આવે તો એ કર્મમળને દૂર કરવાની ક્રિયા કરે છે અને આત્માની જ્યોતિ પ્રકટાવે છે.

કર્મનું સ્વરૂપ આપણે જો સમજ્યા હોઈએ તો આ ક્રિયા કેમ થતી હશે એનો ખ્યાલ આવવો મુશ્કેલ નથી. જ્યારે પ્રાણી તપ કરે, જ્યારે એના મન, વચન, કાયાના યોગો અંકુશમાં આવી જાય અથવા આવતા જાય, જ્યારે એ વિનય વૈયાવચ્ચમાં ફરજના ખ્યાલથી સેવાભાવે જોડાઇ જાય, જ્યારે એ ધ્યાનધારાએ ચઢી જાય, જ્યારે એ કાયોત્સર્ગમાં સ્થિર થઇ જાય ત્યારે કર્મોને શોધી બાળી મૂકતો જાય છે અને એના ઉપર જે મળ લાગેલો હોય છે તે ધીમે ધીમે ઓછો થતો જાય છે. અગ્નિ–સુવર્ણનો સંયોગ બરાબર વિચારવામાં આવશે તો તપ અને ચેતનનો કર્મમળને અંગે સંબંધ અને પ્રક્રિયા બરાબર ખ્યાલમાં આવી જશે.

छ ૭. તપને અંગે ભાવ–શુદ્ધ માનસિક પરિણામને ખૂબ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગત્યનું સ્થાન છે. તપને સારામાં સારા આકારમાં આવવાનું કારણ ભાવ–આંતર પરિણામ ઉપર રહે છે. અને ભાવની સાથે દૃઢતાને બહુ ગાઢ સંબંધ છે. ખૂબ ભૂખ લાગી હોય, ઉપવાસ કર્યો હોય, સામે ખાવાની વસ્તુઓ પડી હોય તે વખતે દૃઢતા રાખવી એ મુશ્કેલ છે. એથી પણ વધારે મુશ્કેલી ધ્યાન કે કાઉસ્સગ્ગમાં ઉપસર્ગાદિ પ્રસંગે સ્થિરતા રાખવામાં છે. એવે પ્રસંગે અંતરથી દૃઢતા રહે ત્યારે ખરો તપ થાય છે અને એ તપ અત્ર કહેવામાં આવનાર પરિણામ નીપજાવી શકે છે.

ભરત ચક્રવર્તી જેવા છ ખંડના સ્વામી ! એણે રાજ્યપ્રાપ્તિ માટે લોહીની નદીઓ ચલાવી. છ ખંડ તાબે કર્યા, પણ તે પુત્ર ઋષભદેવના હતા. એને કદી પણ છ ખંડના રાજ્ય સાથે તાદાત્મ્યભાવ થયેલો જ નહિ. એનું આખું જીવન સાક્ષીભાવનું અનુપમ દૃષ્ટાન્ત પૂરું પાડે છે. ચક્રરત્ન ઉત્પન્ન થયું તેની વધામણી અને પિતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિની વધામણી બન્ને સમાચાર સાથે આવ્યા ત્યારે એણે પિતા પાસે જવાનો વિચાર કર્યો. એ નિર્ણય જે મહાનુભાવ કરે તે સાક્ષીભાવ સમજી શકે. આપણને પાંચ પચીસ રૂપિયાની પ્રાપ્તિ થતી હોય તો ધર્મને વિસરી જઈએ છીએ. આ વિશિષ્ટતા જે વ્યક્તિમાં હતી તે છ ખંડ સાધ્યા પછી એક વખત આરિસાભુવનમાં બેઠા હતા ત્યાં આંગળીમાંથી એક વીંટી નીકળી ગઈ. આંગળી અડવી લાગી. આટલા નાના બનાવથી એ ધ્યાનધારાએ ચઢ્યા અને ધ્યાન એ કેવું કાર્ય કરે છે તેનો દાખલો પૂરો પાડ્યો. પાંચમી અન્યત્વ ભાવના ભાવતાં ગૃહસ્થપણામાં એણે તીવ્ર નિકાચિત કર્મોને કાપી નાખ્યાં અને આરિસાભુવનમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ભાવનાનું આ અનુપમ દૃષ્ટાન્ત છે, ભાવ–આંતરમાનસિક પરિણામ–કઈ હદ સુધી વિકાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે છે તેનું એ આદર્શ ચિત્ર છે, ધ્યાનતપાગ્નિનો મહિમા બતાવનાર એ અતિ વિશિષ્ટ દાખલો છે.

તપના પ્રભાવથી અનેક લબ્ધિ તથા સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આ બન્ને અચિંત્ય શક્તિઓ છે. રૂપમાં નાના મોટા થવાની, અદૃશ્ય થવાની વિગેરે અનેક પ્રકારની શક્તિઓને 'લબ્ધિ' કહેવામાં આવે છે. રોગ ને ઉપદ્રવના વિનાશ વિગેરેને કરનાર 'સિદ્ધિઓ' છે. સામાન્ય જ્ઞાનથી એનો ખુલાસો ન થાય. તપના અચિંત્ય પ્રભાવથી અંદર અનેક શક્તિઓ પ્રાપ્ત થાય છે, આત્મામાં અનંત શક્તિઓ છે. આત્મિક શક્તિનો વિકાસ અનેક રીતે જોઈ કે કલ્પી શકાય છે. આ શક્તિ પ્રકટ કરનાર તપ છે.

जैन साईट JAINSITE .com जनम् जयति शासनम्

(લબ્ધિ સિદ્ધિનો ઉપયોગ યોગી કે તપસ્વી અસાધારણ કારણ વગર કરે નહિ. એનો ઉપયોગ 'પ્રમાદજન્ય' છે. અને યોગદૃષ્ટિએ 'પ્રમાદો હિ મૃત્યુઃ' એટલે તેટલા પૂરતું યોગની નજરે મરણ–પાત છે. આપણો અગત્યનો વિષય અત્ર અપ્રસ્તુત છે. અહીં વાત એ છે કે અચિંત્ય આત્મશક્તિઓ તપથી પ્રાપ્ત થાય છે.)

તપનો ખરો પ્રભાવ તો કોઈ તપસ્વી મુનિની બાજુમાં જવાનું થાય ત્યારે તેના વાતાવરણમાં જે શાંતિ જોવામાં આવે ત્યાં થાય તેમ છે. સમ્યક્ તપ કરનાર પોતે તો પવિત્ર, શાંત તથા દાંત હોય, પણ એનું વાતાવરણ પણ અકલ્પ્ય શાંતિમય હોય છે.

આવો બાહ્ય અને અભ્યંતર તપ જો ભાવનાપૂર્વક દૃઢતાથી આદરવામાં આવે તો તે બાહ્ય અને અભ્યંતર શત્રુ પર વિજય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેળવે છે. બાહ્ય શત્રુ તો દુનિયાદારીના હોય છે અને તે પર વિજય મેળવવો તે તો સામાન્ય વાત છે, પણ અંદરના શત્રુ મોહરાજાના લશ્કરીઓ પર વિજય મળે તો ભારે વાત થાય. તપ એ સર્વ કરે છે. લબ્ધિસિદ્ધિ પણ પ્રાપ્ત કરી આપે છે અને સ્વર્ગ કે મોક્ષ પણ અપાવે છે. આવો તપ ખરેખર વિશ્વવંદ્ય છે.

ધર્મની શરૂઆત દાનધર્મથી થાય છે અને સર્વત્યાગમાં તે પર્યવસાન પામે છે. સર્વત્યાગમાં છેવટે એને શરીર ઉપર પણ મમત્વ રહેતો નથી અને આગળ દાખલા કહેવામાં આવશે એવી નિઃસ્પૃહ વૃત્તિ એ જમાવે છે. આવા વિશ્વવંદ્ય તપને નમસ્કાર કરૂં છું.

## નિર્જરા ભાવના:— : : ગેયાષ્ટક પરિચય

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

૧. વિનય! તારે જો સાધ્યે પહોંચવાની ચોક્કસ મરજી હોય તો તું તપના મહિમાનું ખૂબ ચિન્તવન કર. તપનો મહિમા તારે શા માટે ગાવો તેનાં કારણો આ અષ્ટકમાં અનેક બતાવ્યાં છે તે વિચારવા પહેલાં તને એક વાત કહેવાની છે તે પુનરાવર્તનને ભોગે ફરી વાર કહેવાની જરૂર છે. તપમાં આપણે જે ઉપવાસ, અનશન, વૃત્તિસંક્ષેપ કરીએ છીએ એની કારણરૂપે જરૂર આવશ્યકતા છે, પણ જ્યાં જ્યાં તપની વિશિષ્ટતા બતાવી હોય ત્યાં ત્યાં અભ્યંતર તપને પ્રાધાન્ય આપવું અને ઉક્ત બાહ્ય તપોને નિમિત્ત કારણ તરીકે સાથે રાખવાં. શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય જ્ઞાનસાર–તપાષ્ટક (૩૧મા)માં કહે છે કે–**ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात्तपः । तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્ત્વજ્ઞાનીઓ કર્મને બાળનાર હોવાથી જ્ઞાનને જ તપ કહે છે અને તે અભ્યંતર તપ છે. બાહ્ય તપ તેને વધારનાર છે. આ વાત ખૂબ સમજવા જેવી છે. અભ્યંતર તપ જ્ઞાનમય છે અને એની મુખ્યતા સદૈવ આંતરચક્ષુ સન્મુખ રાખવાની છે. વસ્તુતઃ ઉપાધ્યાયજીના કહેવાનો આશય એ જ છે કે **જ્ઞાન એ જ તપ** છે. બાહ્ય તપ અભ્યંતર તપને જરૂર પોષણ આપે છે, પણ જ્ઞાનાત્મક તપની વિશિષ્ટતા છે. તત્ત્વગ્રંથોનો અભ્યાસ કરવો, એની ચર્ચા કરવી, એનું પુનરાવર્તન કરવું, સદસદ્વિવેકબુદ્ધિને ખૂબ ખીલવવી, સમજણપૂર્વક વડીલોનો વિનય કરવો, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, દીન, દુઃખીની સેવા કરવી, સદ્ધ્યાન કરવું એ સર્વ અભ્યન્તર તપ છે. અભ્યંતર તપના જે પ્રકારો પૂર્વ પરિચયમાં બતાવ્યા છે તેમાં ખૂબ વધારો શક્ય છે. મતલબ વિવેકપૂર્વક આ અભ્યંતર તપને ખીલવ્યો હોય અને તેને જ્ઞાન સાથે જોડી દીધો હોય તો તે કર્મ નિર્જરાનું કામ કરે છે. આ હકીકતથી બાહ્ય તપની કિંમત જરાપણ ઘટાડવાની નથી, પણ અભ્યંતર તપને અને ખાસ કરીને જ્ઞાનને એવું યોગ્ય સ્થાન આપવાની અગત્ય સમજવાની છે. તપનો મહિમા ભાવીને, તેને મુદ્દાસર સમજીને તે આદરવાનાં કારણો હવે વિચારીએ.

પ્રથમ કારણ એ છે કે અનેક ભવોમાં એકઠાં કરેલાં અનિષ્ટ કર્મોના સમૂહને એ મોળાં પાડી દે છે અથવા હળવાં કરી દે છે. મહાઆરંભ મહાપરિગ્રહ વિગેરેથી અથવા મોહનીય કર્મના જોરથી, કષાયોની પરિણતિથી આ પ્રાણીએ અનેક દુષ્કૃતો—પાપો એકઠાં કરેલાં હોય છે અને એનો સરવાળો પ્રાયઃ ઘણો મોટો હોય છે. એ કર્મોને એ નિઃસત્ત્વ કરી નાખે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને એ લાભ કાંઇ જેવો તેવો નથી. આ દેશથી થતી કર્મની પરિશાટના તપનો મહાન્ લાભ છે.

તપથી કર્મો અલ્પ થઇ જાય છે, એની ચીકાશ ઊડી જાય છે અને એ તદ્દન પાતળાં પડી જાય છે એટલે કે એ તદ્દન રસકસ વગરનાં થઇ જાય છે એ પ્રથમ મુદ્દો છે. એનો એક દાખલો લઈએ. આપણી પાસે એક આંકણી (રૂલર) પડેલ છે. એના પર કાળો રંગ છે. આપણે તે રંગને દૂર કરવો છે. તેના ઉપર કાગળ ઘસીએ તો કદાચ તેનો રંગ તદ્દન ન જાય તો ઓછો થતાં થતાં નહિવત્ થઇ જાય. એવી કર્મની સ્થિતિ તપ કરી મૂકે છે. એ ખરી ન પડે તો પડું પડું થઇ જાય અને એની અંદર જે તીવ્ર રસઘટ્ટતા હોય છે તે અતિ અલ્પ થઈ જાય છે.

૨ હવે બીજી વાત તપનો મહિમા ભાવવાને અંગે કહે છે. આકાશમાં સખ્ત વાદળાં ચઢી આવ્યાં છે, આકાશ ચારે તરફ એક રસ થઈ ગયું છે, વાદળાંથી ભરચક થઇ ગયું છે અને જાણે વરસાદથી પૃથ્વીને જળમય કરી દેશે એવો દેખાવ થઈ ગયો હોય છે ત્યાં જબરપવનનો સપાટો આવે છે અને તેના જોરથી વાદળાં વીખરાઈ જાય છે અને વરસાદ આવતો અટકી જાય છે. 'ખર' પવન એટલે ખૂબ ગતિમાન પવન સમજવો. સુરીઆ (પશ્ચિમ ઉત્તરના) પવનથી વરસાદ આવે છે અને ખર અથવા ભૂખર પવનથી વાદળાં વીખેરાઈ જાય છે એવી લોકમાન્યતા છે. ચોમાસામાં આ દેખાવ અનેક વાર અનુભવાય છે. એવી જ રીતે પાપની શ્રેણી આત્મા સાથે લાગેલી હોય અને ઉદયકાળની રાહ જોઇને બેઠી હોય તેની સામે જો તપ આવે તો તે વાદળાંની સામે પવન જેવું કામ કરે છે અને આખી

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુરિત–પાપની શ્રેણીને ક્ષણુભંગુર કરી નાખે છે. ક્ષણુભંગુર થાય છે એટલે વિનશનશીલ બને છે, પરિણામે એ તદ્દન ખલાસ થઈ જાય છે. તપ જો યથાવિધિ કરવામાં આવ્યો હોય, એટલે કે સદ્‌જ્ઞાનપૂર્વક સમજીને, અંતરના ભાવથી, પૂર્ણ વીર્યોલ્લાસપૂર્વક તપની આચરણા કરવામાં આવી હોય તો એ કર્મોને ક્ષણુભંગુર બનાવી દે છે. અનેક કર્મોને એ વિપાક ઉદયમાં લાવ્યા વગર પ્રદેશોદયથી જ બારોબાર ખલાસ કરી દે છે. તપનો આ બીજો મોટો લાભ સમજવો. કર્મને નિર્માલ્ય કરે એ પ્રથમ લાભ અને કર્મને ક્ષણુભંગુર કરી નાખે તે બીજો લાભ. આ બન્ને મોટા લાભો આત્મિક દૃષ્ટિએ બરાબર ચિન્તવવા યોગ્ય છે.

૩ તપના બીજા પણ અનેક લાભો છે. જે મનોવાંછિત દૂર હોય તેને તે ખેંચીને નજીક લાવે છે. આ હકીકતનો વ્યવહારૂ અર્થ એવો પણ થાય કે જે વસ્તુ–ધન, સ્ત્રી–પુત્ર–પ્રતિષ્ઠા આદિ ઇષ્ટ હોય તેને તપ દૂરથી નજીક લાવે છે અને તે વાત શકય જણાય છે, પણ તેવા સાંસારિક ઉપયોગ માટે તપનો ઉપયોગ અઘટિત છે. એ તો જે કદી ન થવું જોઇએ તે થવાની વાત થઇ. ત્યાગને બદલે સંસાર તરફ ઘસડાવાનો એ માર્ગ છે. આપણે જે મહાન્ ત્યાગની ભાવના કરીએ છીએ તેમાં આવા વ્યવહારૂ ઇષ્ટ ફળની વિચારણાને અવકાશ નથી. એ તો આપત્તિમાં આવી પડેલ તેના નિવારણ માટે અઠ્ઠમ કરે છે એવું સાંભળીએ છીએ તેના જેવી વાત થઈ. એ વાતની સાથે નિર્જરાને માર્ગે ચઢનારને લેવાદેવા ન હોય. તેવા પરિણામની શકયતા સંબંધી ઊહાપોહને અત્ર સ્થાન નથી. એવા અજ્ઞાન તપ–સાંસારિક ફળાપેક્ષયા કરેલાં તપને નિર્જરા ભાવનાને અંગે બાદ કરી આપણે વિશુદ્ધ વિચારણાને અંગે જોઇએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો સ્વર્ગ, મોક્ષ આદિ વાંછિત ફળને તપ નજીક ખેંચી લાવે છે એ વાત કરવાની છે. નિરાશીભાવે તપ કરનાર કાંઇ માગતો નથી, પણ આત્મસાધક કર્મવિદારણ એની નજીક આકર્ષાઇને આવે છે એમ અત્ર કહેવાનો આશય છે. તપની કાર્યશક્તિ દર્શાવનાર આ ત્રીજું કારણ છે.

તપના આગંતુક લાભ તરીકે શત્રુ હોય તે પણ મિત્ર બની જાય છે. ચંડકૌશિક જેવો ભયંકર સર્પ પણ ભગવાન શ્રી મહાવીરસ્વામીને વશ થઈ ગયો એ એનું જ્વલંત દૃષ્ટાન્ત છે. માર–માર કરતો દુશ્મન ઉઘાડી તરવારે સામેથી ધસી આવતો હોય તો ખરા તપસ્વી પાસે તરવાર મૂકી એના પગમાં પડી પગ ચાંપવા બેસી જાય છે. તપનો પ્રભાવ એવો છે કે એની સામે શત્રુતા કદી ટકી શકતી નથી, નભી શકતી નથી, રહી શકતી નથી અને અંતે જીરવાઇ શકાતી નથી. પાતંજલ યોગસૂત્રમાં કહ્યું છે કે–**तत्र खलु अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** એટલે એક પ્રાણીમાં અહિંસા બરાબર સિદ્ધ થઇ ગઈ હોય–જામી ગઇ હોય તો તેની આજુબાજુમાં જાતિવૈરનો ત્યાગ થઇ જાય છે, એવા અહિંસક મહાપુરૂષોને તો કોઇ વૈરી હોતું નથી, પણ કોઇ પ્રાણી એની ઉગ્રતા સહન કરી વૈર ધારણ કરતો હોય તે પણ એની નજીક આવે ત્યારે પોતાનું વૈર ભુલી જાય છે અને જે મારવા આવ્યા હોય તે પ્રાર્થના કરવા બેસી જાય છે. આ તપનો વિશિષ્ટ મહિમા છે. પ્રાણીઓ પરસ્પરના જાતિવૈર પણ તેની પાસે તજી દે છે.

આવાં ચાર કારણોને લઇને તપનો આશ્રય કર. તપના હજુ બીજા અનેક લાભો આગળ જણાવવાના છે તે વિચારી,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા પ્રકારના તપનો તું આશ્રય કર એટલે તપને તું કર. એ તપ આગમનું પરમ રહસ્ય છે. તીર્થંકર મહારાજે પોતે જાતે એનો ઉપયોગ કરી પોતાના દૃષ્ટાન્તથી બતાવી આપ્યું છે કે તપ એ શાસ્ત્રનું રહસ્ય છે. અહિંસા, સંયમ અને તપ એ ત્રણ ધર્મનો સાર છે, ઉત્કૃષ્ટ મંગળ છે અને પ્રાણીને મોક્ષે પહોંચાડનાર છે. શ્રી વીરપરમાત્માએ બાહ્ય અને અભ્યંતર તપને ખૂબ અપનાવ્યા છે અને ત્યાગધર્મની શરૂઆત તપથી થાય છે એ પોતાના ચરિત્રથી સ્પષ્ટ કર્યું છે.

આગમ ગ્રંથોના રહસ્યભૂત આ તપને નિર્મળ ભાવથી કરવાનો છે એટલે કે એને કરવામાં કોઈ જાતની ઈચ્છા—આશા રાખવાની નથી. આ ભવમાં ધન, સ્ત્રી, પુત્ર કે કીર્તિની પ્રાપ્તિ કે પરલોકમાં દેવ, દેવેંદ્ર, ચક્રવર્તી કે અન્ય પદ—પ્રાપ્તિની ઈચ્છાથી તપ કર્યો હોય તો તેને નિર્મળ ભાવનો તપ કહેવાતો નથી.

જૈનમ્ જયતિ શાસનમ્

તપના લાભો હજુ વધારે ગણાવવામાં આવશે. દરમ્યાન તપના ભેદો રજુ કરી તેનું પ્રતિપાદન કરવાની આ તક ગ્રંથકર્તા હાથ ધરે છે.

૪. તપના મુખ્ય બે ભેદ: બાહ્ય અને અભ્યંતર. બાહ્ય તપને બાહ્ય એટલા માટે કહેવામાં આવે છે કે એ આપણા ચક્ષુથી જોઈ શકાય છે. એના છ પ્રકાર પૂર્વપરિચયમાં બતાવ્યા છે તે છે. તેનું સંક્ષેપ સ્વરૂપ નીચે બતાવ્યું છે.

(૧) **અનશન**—માં અશન, પાન, ખાદીમ, સ્વાદીમ ભોજનનો ત્યાગ. એમાં એક ઉપવાસથી માંડીને છ માસ સુધીના ઉપવાસનો સમાવેશ થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) **ઊનોદર**—બત્રીશ કોળીઆ પૂરા ભરેલાને પેટ ભરીને ખાવાનું ગણવામાં આવે છે. કોળીઓ એટલે કુકડીનાં ઈંડાં પ્રમાણ આહાર. એકથી એકત્રીશ કવળ આહાર કરવો એ ઊનો-દરતા. ( સ્ત્રીને ૨૮ કવળનો આહાર ગણાય છે. )

(૩) **વૃત્તિહ્રાસ**—વૃત્તિ એટલે આજીવિકા—ભોગોપભોગની વસ્તુનો સંક્ષેપ—ઓછી કરવી—ઘટાડવી તે.

(૪) **રસપરિહાર**—વિગયનો ત્યાગ. એકથી માંડીને છએ વિગ-યનો ત્યાગ કરવો તે.

(૫) **સંલીનતા**—શરીરનાં અંગોને કારણ વગર હલાવવાં નહિ. તેનું સંવરણ કરવું તે.

(૬) **કાયકલેશ**—વાળનો લોચ. આસનાદિનો યોગ. શરીરસ્થૈર્ય. આ સર્વ બાહ્ય તપ કહેવાય છે. એ પૈકી ‘ ઉદાર ’ બાહ્ય તપ હોય એટલે જેમાં કોઇ જાતની આશંસા ન હોય તે સમ્યક્તપ કહેવાય છે.

**૫.** અભ્યંતર તપ છ પ્રકારનાં છે. પ્રાયશ્ચિત્ત, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ, શુભ ધ્યાન. આ છનું વિસ્તારથી વર્ણન પ્રત્યેકના ભેદોપભેદ સાથે પૂર્વવિવેચનમાં થઇ ગયું છે. આ અભ્યંતર તપ જ્ઞાનમય હોય છે. એને વધારનાર બાહ્ય-તપ છે. કર્મની નિર્જરા કરવામાં અભ્યંતર તપને પ્રધાન સ્થાન છે. આ તપ કરતાં એને કંટાળો આવતો નથી, એનાં શરીરને અગવડ પડશે કે પડી છે એમ લાગતું જ નથી, એ સેવાધર્મ સદ્જ્ઞાનપૂર્વકનો હોઇ એથી કદી એને તોષ થતો નથી, એની વધારે સેવા કરવાની અને કષ્ટ સહન કરવાની ભાવના વૃદ્ધિ પામતી જ રહે છે. એને ઉપેયની મધુરતા છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે ઉપાયો કરીને જે ચીજ એને પ્રાપ્ત કરવી છે તેમાં એનો અંતરનો રસ છે. શ્રીમદ્યશોવિજયજી કહે છે કે દિનપ્રતિદિન એના આનંદમાં વૃદ્ધિ જ થયા કરે છે અને એ ખૂબ લહેરમાં હોય છે. વીર્યોલ્લાસ વધતો જાય, કર્મ ઝેર ઝેર થતાં જાય અને આત્મવિકાસ થતો જાય એ જ્ઞાનની બલિહારી છે, સેવાભાવની પરિસીમા છે અને ત્યાગનો નિર્ભર આનંદ છે.

૬. કોઈપણ પ્રકારની આકાંક્ષા, અપેક્ષા કે ફળની ઈચ્છા વગર કરેલ તપ ઉપર ગણાવેલા ચાર લાભો ઉપરાંત નીચેના વિશેષ લાભો કરે છેઃ—એ પ્રાણીના તાપને શમાવી દે છે. આપણો સંસારનો ઉકળાટ જેવો હોય તો એ પ્રાણીને ઊભા જ રાખે છે. એની ગરમી એટલી તીવ્ર હોય છે કે જેમ વીજળીનો પ્રવાહ ( સ્વીચ ) બંધ કર્યા પછી પણ કેટલોયે વખત પંખો ચાલ્યા કરે છે, એમ મનની ઘંટી ચાલ્યા કરે છે. એને અનુભવે—ધ્યાન આપે તો જ આ તાપને પ્રાણી ઓળખી શકે. આવા તાપને તપ શમાવી દે છે. અહીં ધ્યાનમાં રાખવાની વાત એ છે કે તપસ્વી તે જ કહેવાય કે જેનો તાપ શમતો હોય. તપ સાથે ક્રોધને વશ પડી જતા હોય તે તપસ્વી ન કહેવાય. તપનું અજીર્ણ ક્રોધ છે. તપનો એને જરા પણ ખરો લાભ થયો નથી એમ સમજવાનું છે. તપનું મુખ્ય ફળ શાંતિનું સામ્રાજ્ય છે અને બાહ્યતપથી શરીર પર અને અભ્યંતરતપથી શરીર, વાચા અને મન પર એટલો સંયમ આવી જવો જોઈએ કે એની પાસે ઉકળાટ, ઉશ્કેરણી, મીજાસ, કડવાશ, તુચ્છ ભાષાપ્રયોગ કે માનસિક તુચ્છ વિચારણા સંભવે જ નહિ. જ્ઞાની તપસ્વીની આ મહાન્ સામ્રાજ્ય લક્ષ્મી છે. તપનો આ મહિમા ખૂબ વિચારવા—ધ્યાવવા—ભાવવા યોગ્ય છે. ગજસુકુમાળને તેના સાસરા સોમિલે માથા ઉપર ખેરના અંગારાની ભઠ્ઠી કરી

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે ઉકળી જવાનો—તાપ કરવાનો પ્રસંગ હતો છતાં ત્યાં શમનું રાજ્ય હતું અને શાંતિની ફોરો ઉડતી હતી. એનું ચિત્ત જરા ઊંચું-નીચું પણ ન થયું. જ્ઞાની તપસ્વીની એ દશા હોય.

તપ પાપનો નાશ કરે છે. અગાઉ જે પાપો બાંધેલાં હોય તેનો વિનાશ કરે છે. આનો અર્થ નિર્જરા એમ જ સમજવાનો છે. આ પણ તપનો લાભ છે.

વળી માનસ—હંસને શુદ્ધ આત્મસ્વરૂપ કમળવનમાં રમાડે છે, ક્રીડા કરાવે છે. મન જ્યાં ત્યાં રખડતું હોય છે એ પ્રાણીનો દરરોજનો અનુભવ છે. તપસ્વીની જરૂરીઆતો એટલી મર્યાદિત થઇ જાય છે કે એનું મન અસ્તવ્યસ્તપણે ન રખડતાં આત્મસ્વરૂપમાં લીન થઇ જાય છે. આ શુદ્ધ ધ્યાનની ભાવના છે. દુર્ધ્યાનનાં કારણ તપ કરનારને માટે દૂર થઇ જાય છે અથવા અલ્પ થઇ જાય છે. એનું મન આત્મારામમાં રમણ કરે છે. એની ભાવના—વિચારણામાં ઓજસ્ દેખાય છે અને એને આત્મભાન વધારે વધારે થતું જાય છે. ત્યાગમૂર્તિમાં આત્મરમણતા હોય એ સહજ બાબત છે. માનસરોવરના હંસો ઉકરડામાં કદી ચારો ચરતા નથી એ ધ્યાનમાં રહે. એના મનની ઉદ્દાત્તતા જ એટલી ભવ્ય હોય છે કે એનાં રમણ જ જુદાં—અનોખાં હોય. સામાન્ય રીતે મોહરાજા દુર્ઘર્ષ છે. એના પર વિજય મેળવવો વધારે આકરો છે. આવા આકરા મોહ ઉપર તપ સામ્રાજ્ય મેળવે છે. મહા આકરા મોહનીય કર્મને એ દૂર ફેંકી દે છે. સર્વ કર્મમાં સાર્વભૌમ સ્થાન ભોગવનાર મોહનીય કર્મને જીતવાનો સ્પષ્ટ માર્ગ તપ છે. જ્યાં દેહ અને મન પર કાબૂ આવતો ગયો ત્યાં મોહરાય ટકી શકતો નથી. આ તપનો મહાન્ લાભ છે.

जैनम् जयति शासनम् JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં તપના બીજા ચાર વધારે લાભો બતાવ્યાઃ એ તાપને શમાવે છે, પાપનો વિનાશ કરે છે, મનને આત્મારામમાં રમણ કરાવે છે અને મોહરાજાને બાળી મૂકે છે. આ ચારે લાભો મેળવવાની શરત એ છે કે તપ કરતી વખતે કોઇ પણ પ્રકારની અભિલાષા ન હોવી જોઇએ. રાજ્ય, ઋદ્ધિ, પુત્ર, સંતતિ, કીર્તિ, ધન આદિ કારણે અથવા પરભવમાં લાભ મેળવવા માટે તપ કર્યો હોય તો તે આ કોટિમાં આવતો નથી. ચેતન ! આવા તપના મહિમાને ભાવ.

૭. તપનો મહિમા ગાવા—એની ભાવનાને સ્પષ્ટ કરવા માટે ત્રણ બાબતો અલંકારિક ભાષામાં કહે છે. ખૂબ વિચારવા જેવી એ બાબતો છે. એનો બરાબર ખ્યાલ કરો.

'તપ સંયમ લક્ષ્મીનું વશીકરણ છે.' ઇંદ્રિય અને મન પર કાબૂ આવે તેને સંયમ કહેવાય છે. એ સાચી લક્ષ્મી છે. એ જેનાં ઘરમાં હોય તેને માંગલિકમાળા વિસ્તરે છે. કોઈ સ્ત્રી વશ થતી ન હોય તો તેને વશ કરવાના ઉપાયને વશીકરણ કહે છે. પૂર્વ કાળમાં સ્ત્રીને વશ કરવા દોરા ધાગા કરવામાં આવતા, માદળીઆ મંત્રાવતા, લીંબુના પ્રયોગ થતા વિગેરે સર્વ વશીકરણ કહેવાય. સંયમલક્ષ્મીને વશ કરવા તપ વશીકરણ મંત્રનું કામ કરે છે. મતલબ તપથી સાચો સંયમ સિદ્ધ થાય છે.

'તપ ઉજ્જ્વળ મોક્ષસુખનું બ્હાનું છે.' જ્યારે કોઈ સોદો કરવો હોય ત્યારે તે પાકો કરવા નાની રકમ આપવાની હોય છે તેને સત્યંકાર (બ્હાનું) કહેવામાં આવે છે. મોચીને જોડાનું માપ આપી ચાર, આઠ આના બ્હાનાના આપવામાં આવે છે અથવા સ્થાવર મિલકત ખરીદવાનો સોદો કરતી વખત ખરીદનાર સોદાની રકમનો દશમો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ લગભગ Earnest money બ્હાના તરીકે આપે છે તે સોદો પૂરો કરવાની તેની વૃત્તિ બતાવે છે. મોક્ષનો સોદો કરવાનો હાથો ઠોકનાર આ તપ છે. થયેલા સોદાનો નિર્વાહ કરવાની તેમાં શક્યતા પ્રાપ્ત થાય છે. અને આ તો મોક્ષસુખના સોદા છે એ ધ્યાનમાં રહે. 'તપ ઇચ્છિત પૂરનાર ચિંતામણિ રત્ન છે.' ચિંતામણિ રત્ન ચિંતવેલ—ઇચ્છેલ વસ્તુને પૂરી પાડે છે. એ દેવાધિષ્ઠિત હોય છે. લબ્ધિ—સિદ્ધિ તો એને સાધારણ વાત છે, પણ અનેક ઇષ્ટનો યોગ અને પરમ ધ્યેયનો યોગ મેળવી આપનાર એ ચિંતામણિ રત્ન છે.

આવા તપની વારંવાર આરાધના કર. આરાધના એટલે પાલના. પાલના એટલે ક્રિયમાણ અવસ્થામાં પ્રાકટ્ય. મતલબ તપ કર. બાહ્યાભ્યંતર તપ કર. તેનો આશ્રય સ્વીકાર અને તેમાં પરમ કર્તવ્યતા વ્યવહારરૂપે સ્વીકાર.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૯. કર્મરૂપ વ્યાધિનું ઔષધ તપ છે. વ્યાધિ દૂર કરવા જેમ ઔષધ લેવામાં આવે છે તેમ કર્મરૂપ વ્યાધિનો ઉપાય તપ છે. તપથી વ્યાધિનો નાશ થાય છે, એની અસર નરમ પડે છે અને એનાથી શરીરને નિરોગીપણું પ્રાપ્ત થાય છે. કર્મવ્યાધિનું ઔષધ તપ છે. ઔષધ કઇ ચીજ સાથે લેવું તેને 'અનુપાન' કહેવામાં આવે છે. અહીં જે અનુપાન બતાવવામાં આવ્યું છે તે મહા ઉપકારી જિનપતિને સંમત છે અને તે અનુપાન પણ તપ જ છે. વ્યાધિનું ઔષધ પણ તપ અને અનુપાન પણ તપ. તપના પ્રકાર અનેક હોવાથી અનેક અનુપાન તરીકે સ્વીકારી લેવા. દાખલા તરીકે ઔષધમાં અંતરંગ (અભ્યંતર) તપમાંથી ધ્યાન કે કાયોત્સર્ગ લીધો હોય તો અનુપાન તરીકે ઉપવાસાદિ બાહ્ય તપને લેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ હકીકતની વિશિષ્ટ મહત્તા બતાવવા માટે કહે છે કે એ તપને અંગે જે અનુપાન છે તે જિનપતિને સંમત છે. મનુષ્યને પરમાત્મા થવાનો માર્ગ બતાવનાર અને તે માર્ગ પોતે સ્વીકારનાર શ્રી જિનપતિ જેવી મહાન્ વિભૂતિ જે વીતરાગ હોઇ સાર્વત્રિક પૂજ્ય છે તેના આધારથી અને તેમની સંમતિથી જે હકીકત આવે તે સર્વમાન્ય બને, તેથી તપની પુષ્ટિમાં આ મહાન્ આધાર બતાવ્યો છે.

સર્વ સુખના ભંડાર તુલ્ય શાંતસુધારસનું પાન તું કર. હે વિનય! શાંતસુધારસનું પાન કરવા દ્વારા સુખની મોટી તીજોરી તને મળે છે. આ તપને તું આદર. તપનો આવો મહિમા તું ભાવ, વારંવાર ભાવ, નિરંતર ભાવ, ભાવવાનો ચાલુ અભ્યાસ કર અને બાહ્ય-તપનું નિમિત્ત લઇને અભ્યંતર તપમાં નિમગ્ન થઇ જા.

× × ×

નિર્જરા ભાવનાનાં દૃષ્ટાન્તોનો પાર નથી. સર્વથી મહા આકર્ષક દૃષ્ટાન્ત શ્રી **વીરપરમાત્માનું** છે. તેઓશ્રીનું આત્મસાધન અને મનોબળ તથા ઉપસર્ગ સહન કરવાની શક્તિ વિચારતાં અમાપ ભક્તિભાવ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સાડાબાર વર્ષમાં પ્રમાદકાળ નામનો (અહોરાત્ર જેટલો) બાકી આખો વખત અપ્રમત્ત અવસ્થામાં ગયો. જેનો આત્મા સદૈવ જાગતો હોય તેને અભેદ્ય કર્મો પણ અંતે શું કરી શકે?

**ગજસુકુમાળ**ને માથા પર તેનો સસરો સોમીલ ખેરના અંગારા ભરે ત્યારે તેનું એક 'રૂંવાડું' પણ ફરકે નહિ અને ચેતન ધ્યાનધારાથી ખસે નહિ કે સાસરા પર ક્રોધ લાવે નહિ એ નિર્જરાનો અદ્ભુત દાખલો પૂરો પાડે છે. અનેક કર્મોનો ચૂરો આવા ધીર-વીર પુરૂષો જ કરી શકે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મેતાર્યમુનિ** સોનીને ત્યાં વહોરવા જાય છે. તેના સોનાનાં જવ ક્રૌંચપક્ષી ચરી જાય છે. મુનિ જાણે પણ બોલે નહિ. પક્ષીને બચાવવા મહાઆકરી પીડા ખમે છે. લીલી વાધર તેના માથે વીંટાળવામાં આવી અને મુનિને તડકામાં ઊભા રાખવામાં આવ્યા. વાધર સુકાતાં મુનિની નસો તૂટવા લાગી, પણ મુનિ ચળ્યા નહિ. કર્મોનો એક સાથે ચૂરો કરી અંતકૃત કેવળી થઈ અજરામર સ્થાને પહોંચ્યા.

**ખંધકમુનિની** ચામડી ઉતારવાનો રાજા હુકમ કરે છે ત્યારે એને પોતાની પીડાનો વિચાર આવતો નથી, પણ ચામડી ઉતારનારને અગવડ ન પડે તેમ ઊભા રહેવા સવાલ કરે છે. શમ–શાંતિની આ પરાકાષ્ઠા કહેવાય ! અને આવા ધીરોદાત્ત મહાન્ વીરો કર્મોને તડતડ કાપી નાખે એમાં નવાઈ નથી.

**ધન્ના** જેવા મોટા સુખી શેઠીઓ અને **શાલિભદ્ર** જેવા સુખી વૈભારગિરિ પર જઈને શિલા પર અનશન કરે અને ધ્યાનની ધારાએ ચઢે ત્યારે ગમે તેવાં કર્મો હોય તો તે શરમાઈને નાસી જાય એમાં આશ્ચર્ય શું ? એ વાત આ ભાવનાને મજબૂત કરે છે. આવાં તો અનેક દૃષ્ટાંત છે, એને વિચારતાં રસ્તો સૂઝી જાય તેમ છે.

પરવશપણે આ પ્રાણી ભૂખ, તરસ, વિયોગ સહન કરે છે, અપમાનો ખમે છે, નોકરી કરે છે, હુકમો ઊઠાવે છે, ઉજાગરા કરે છે, ટાઢ તડકા ખમે છે, હજારો માઈલની મુસાફરીઓ કરે છે અને અનેક પ્રકારની યાતનાઓ ખમે છે, પણ એમાં આશય અહિક–દુન્યવી અને સાધ્ય સંસારવૃદ્ધિનું હોઈ એનું કાંઈ વળતું નથી, વળતું નથી એટલે કે એની આત્મપ્રગતિ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જરા પણ થતી નથી. દુનિયાદારીનો સહજ લાભ મળે તેની કાંઇ ગણુતરી નથી કારણ કે એ અલ્પકાળનો છે.

આ આખી નિર્જરા ભાવનામાં કર્મને બરાબર ઓળખવાનાં છે. એની ચીકાશ અને એની ફળાવાપ્તિનો સમય થાય ત્યારે થતી એની પરાધીન દશા વિચારવામાં આવે તો કોઇ રીતે એનો નિકાલ લાવવાનું મન જરૂર થાય તેમ છે. ઘણુાખરા પ્રાણીઓ ચાલે તેમ ચલાવ્યા કરે છે અને કર્મો ઉદયમાં આવે ત્યારે મુંઝાય છે, રડવા બેસે છે અથવા દુર્ધ્યાન કરે છે; પણ એમ કરવાથી કાંઇ કર્મ ઓછાં થતાં નથી, ઊલટાં એ રીતે તો કર્મ વધે છે. સમતાથી કર્મ ભોગવાય નહિ તો સરવાળે ભાર વધતો જ જાય છે, કેમકે નવાં વધારે બંધાય છે. ત્યારે એમાં સરવાળે રળવાનું કાંઈ રહેતું નથી.

એકંદરે વિચાર કરતાં 'ત્યાગ' વગર બીજો માર્ગ રહેતો નથી, સૂઝે તેમ નથી અને તે સિવાય પત્તો ખાય તેમ નથી.

ત્યાગની શરૂઆત 'દાન' ધર્મથી થાય છે. ત્યાગ અને દાન પર્યાયવાચી શબ્દો છે. સાંસારિક પ્રાણીએ ત્યાગ કેળવવા માટે દાનથી શરૂઆત કરવી. એ રીતે એને ધનસંપત્તિ પર વિરાગ થાય અને પછી વિરતિભાવ આદરે. સર્વત્યાગ બને તો જરૂર કરે, ન બને તો તેની ભાવના રાખે અને દરમ્યાન ઉત્તમ વ્યવહાર, સત્ય પાલન, અણુહક્કનું ધન નહિ લેવાનો નિશ્ચય, ઉદાર આશય, નિર્દંભ વૃત્તિ, સરળતા, શાંતિ, નમ્રતા, દયાળુતા, ધીરજ, ક્ષમા, ઔદાર્ય, કામવાસના ઉપર સંયમ, સ્વદારાસંતોષ, વ્યાપારમાં પ્રમાણિકતા, માનત્યાગ, ધન-સંગ્રહની મર્યાદા, નિરર્થક કથાઓનો ત્યાગ, સમભાવની ભાવના,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રહ્મચર્ય, સત્ય વચન આદિ સદાચારોની સેવના કરે, ગુણ ઉપર રાગ ધરે, ગુણીને પૂજે, માનનો કદી આશ્રય ન કરે, ઠઠ્ઠા-મશ્કરીનો ત્યાગ કરે, અભય અદ્વેષ અને અખેદને કેળવે અને ગુણનો દેખાવ ન કરતાં ગુણી થવાની તીવ્ર ઇચ્છા રાખે અને તે માટે બનતો અમલ કરે. આવી રીતે રસ્તે ચઢી ગયા પછી તપના અનેક પ્રકારો તે વિચારે. તપ કરવામાં એ શરીરને હાનિ ન ધારે. તપ એ ધર્મનો પાયો છે એમ સમજે. એને માટે એ દરરોજ નિયમ ધારે, વૃત્તિનો સંક્ષેપ કરે, જમવા બેસે તો અનેકમાંથી થોડી વસ્તુઓ જ લે અને અભક્ષ્ય અનંતકાયને અડે પણ નહિ. એ પેટ ભરીને ખાય નહિ, ઇરાદાપૂર્વક ઊણો રહે, રસનો ત્યાગ કરે, શરીર–નિર્વાહ માટે જ ખાય, ખાવા માટે જીવે નહિ, જીવવા માટે જરૂર હોય તેટલું–શરીર ધારણ કરવા પૂરતું અન્ન ગ્રહણ કરે અને શરીરની નકામી આળપંપાળ ન કરે. એને નાટક ચેટક ગમે નહિ, એ પાપોપદેશ આપે નહિ, ગપ્પાંસપ્પાં મારે નહિ અને બને તેટલાં બાહ્ય તપ કરે. એને એકાસણાં ઉપવાસાદિ કરતાં આનંદ આવે. એને ખાવાનું ઉપાધિરૂપ લાગે.

આ રીતે શરીરને કેળવવાની સાથે મનમાં એને જ્ઞાન પર અગાધ રૂચિ હોય. એ ક્ષયોપશમ પ્રમાણે જાણે, વસ્તુના હાર્દમાં ઉતરે, વૈયાવચ્ચ વિનયમાં તત્પર રહે, સેવાભાવે માંદાની માવજત કરે, વૃદ્ધની સેવા કરે, થયેલ પાપની આલોચના કરે અને જેટલો સમય મળે તેમાં સ્વાધ્યાય કરે. બાકીના વખતમાં સદ્ધ્યાનની ભાવના કરે, કાયોત્સર્ગ કરે. આ રીતે મન–વચન–કાયાના યોગો ઉપર અંકુશ મેળવે અને આત્મપ્રગતિ કરતો એ આગળ વધ્યે જાય. એમાં એને કોઈ વખત કર્મના ઉદયથી અશાતા થાય તો એ મુંઝાય નહિ, એ પરિષહમાં રાજી

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે, પ્રતિકૂળ પરીષહો ખમે અને અનુકૂળ પરિષહોમાં સપડાય નહિ. એને સમિતિ ગુપ્તિમાં રસ પડે અને ભાવનાઓ નિરંતર ભાવ્યા કરે, ચેતનરામને અજવાળે અને યતિધર્મોની સતત ઉપાસનામાં ઉદ્યુક્ત રહે. એની સમતા જોઈને એની પાસેથી ખસવું ન ગમે અને એ કોઈને પોતાનાં કે પારકાં ગણે નહિ.

ઉપાધ્યાયજીએ એક વાત કહી છે તે નરમ પડવા માટે નથી પણ લાક્ષણિક પદ્ધતિએ ધ્યાન ખેંચવા કહી છે. તેઓશ્રી કહે છે કે **तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत्। येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥** એટલે તે જ તપ કરવો કે જેમાં દુર્ધ્યાન ન થાય, યોગો નરમ ન પડે અને ઇંદ્રિયો ક્ષય ન પામે. આ સૂચના જ્ઞાનીને લક્ષ્ય રાખવા માટે કરી છે. આટલી વાત ધ્યાનમાં રાખી અભ્યંતર તપ તરફ ધ્યાન સવિશેષ રાખવું અને તેના કારણ (ઉપબૃંહક—વધારનાર) તરીકે બાહ્ય તપનો આદર કરી કર્મોનો નાશ કરવા દૃઢ નિશ્ચય કરવો. એનાં પરિણામે મંગળમાળા વિસ્તરે છે. **देवा वि तं नमंसंति** એવા તપ કરનારને દેવો પણ નમે છે, તપ કરનાર દેવોને નમાવવા તપ ન કરે પણ તપનું એ સહજ પરિણામ છે. આત્માને ઉજ્જવળ કરનાર, તાપને દૂર કરનાર, પાપને શમાવનાર આ ભાવનાને ખૂબ ભાવવી અને ભાવીને તેનો અમલ કરવો.

ઇતિ નવમી નિર્જરા ભાવના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉ. સકળચંદજીની કરેલી સજ્ઝાય અપૂર્ણ જણાવાથી શ્રી જયસોમ મુનિની કરેલી સજ્ઝાય આપી છે.

## નવમી નિર્જરા ભાવનાની સજ્ઝાય

### દુહા.

દૃઢપ્રહારી દૃઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજસુકુમાળ;
મેતારજ મદનબ્રમો, સુકોશલ સુકુમાલ. ૧
ઇમ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ;
કઠિન કર્મ સવિ નિર્જર્યાં, તેણે નિર્જર પ્રસ્તાવ. ૨

### ઢાળ નવમી.

( રાગ ગોડી—મન ભમરા રે—એ દેશી. )

નવમી નિર્જર ભાવના, ચિત્ત ચેતો રે,
આદરો વ્રત પચ્ચખ્ખાણ, ચતુર ચિત્ત ચેતો રે;
પાપ આલોચો ગુરૂ કન્હે, ચિ૦ ધરિયે વિનય સુજાણ. ચ૦ ૧
વૈયાવચ્ચ બહુવિધ કરો, ચિ૦ દુર્બળ બાળ ગિલાન; ચ૦
આચારજ વાચક તણો, ચિ૦ શિષ્ય સાધર્મિક જાણ. ચ૦ ૨
તપસી કુલ ગણ સંઘના, ચિ૦ થિવિર પ્રવર્ત્તક વૃદ્ધ; ચ૦
ચૈત્ય ભક્તિ બહુ નિર્જરા, ચિ૦ દશમે અંગ પ્રસિદ્ધ. ચ૦ ૩
ઉભય ટંક આવસ્યક કરો, ચિ૦ સુંદર કરી સજ્ઝાય; ચ૦
પોસહ સામાયિક કરો, ચિ૦ નિત્ય પ્રત્યે નિયમ નભાય. ચ૦ ૪
કર્મસૂદન કનકાવળી, ચિ૦ સિંહનિક્રીડિત દોય; ચ૦
શ્રી ગુણરયણ સંવત્સરૂ, ચિ૦ સાધુ પડિમ દશદોય. ચ૦ ૫
શ્રુત આરાધન સાચવો, ચિ૦ યોગ વહન ઉપધાન; ચ૦
શુક્લ ધ્યાન સૂધું ધરો, ચિ૦ શ્રી આંબિલવર્દ્ધમાન. ચ૦ ૬
ચૌદ સહસ અણગારમાં, ચિ૦ ધન ધન્નો અણગાર; ચ૦
સ્વયંમુખ વીર પ્રશંસીઓ, ચિ૦ ખંધક મેઘકુમાર. ચ૦ ૭

જૈન સાઈટ JAINSITE.com

શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભામાં પોતાની છપાવેલી અને બીજી સંસ્થાઓ વિગેરેની છપાવેલી અનેક બુકો મળે છે તેમાંથી મુખ્ય મુખ્યની

# જાહેર ખબર.

## શ્રી સિદ્ધર્ષિગણિવિરચિતા

# શ્રી ઉપમિતિભવપ્રપંચા કથા

## ભાષાંતર

આ ગ્રંથ અજોડ છે. એની જોડમાં મૂકીએ તેવો કોઈ ગ્રંથ જૈન સાહિત્યમાં નથી. એમાં કથાનુયોગની સાથે એવી અસરકારક ભાષામાં ઉપદેશ સમાવ્યો છે કે તેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી. એ આખા ગ્રંથનું ભાષાંતર ભાઈ મોતીચંદ ગિરધરલાલ સોલીસિટરે ઘણી સરલ ગુજરાતી ભાષામાં કરેલું છે. તે આખો ગ્રંથ સભાએ ત્રણ વિભાગમાં છપાવ્યો છે. તેની બે ત્રણ આવૃત્તિઓ થઈ છે. દરેક બુકમાં સાતસો ઉપરાંત આઠ પેજી ડેમી પૃષ્ઠો છે. કુલ પૃષ્ઠ ૨૧૦૦ ઉપરાંત છે. ત્રણ ભાગની કિંમત નીચે પ્રમાણે રાખી છે.

| | | |
|---|---|---|
| વિભાગ પહેલો | પ્રસ્તાવ ૧-૨-૩ | કિં. રૂા. ૩-૦-૦ |
| વિભાગ બીજો | પ્રસ્તાવ ૪-૫ | કિં. રૂા. ૩-૦-૦ |
| વિભાગ ત્રીજો | પ્રસ્તાવ ૬-૭-૮ | કિં. રૂા. ૩-૮-૦ |

ત્રણે ભાગ ભેગા મંગાવનાર પાસેથી રૂા. ૮-૦-૦. પોસ્ટેજ દોઢ રૂપીઆ ઉપરાંત થાય તેમ છે તેથી રેલ્વે પાર્સલથી મંગાવવા યોગ્ય છે. બહુ સુંદર પાકી બંધાવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિવિરચિત

# શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ ભાષાંતર

આ ભાષાંતર પણ ભાઈ મોતીચંદ ગિરધરલાલે કરેલું છે. તેની ત્રણ આવૃત્તિઓ થઇ છે. તેની અંદર જુદા જુદા ૧૬ અધિકાર છે. અધ્યાત્મ માટે અપૂર્વ ગ્રંથ છે. વાંચતાં અવશ્ય વૈરાગ્ય ઉત્પન્ન કરે એવો અપૂર્વ છે. ભાષાંતર ઘણું સુંદર ને સરલ કરવામાં આવ્યું છે. વાંચતાં રસ ઉપજે તેમ છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ આઠ આના.

વાંચો, વિચારો ને ખાત્રીકરો.

## શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાયકૃત
## અધ્યાત્મસાર ભાષાંતર

આ ગ્રંથ ઉપર પંન્યાસજી શ્રીગંભીરવિજયજીએ ઘણી સરલ ટીકા રચી છે. આ ગ્રંથનું ટીકા સાથે ભાષાંતર કરાવીને શેઠ નરોત્તમદાસ ભાણજીની આર્થિક સહાયથી આ સભાએ છપાવીને બહાર પાડેલ છે.

અધ્યાત્મરસિક બંધુઓને ખાસ વાંચવા લાયક છે.

કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ સાત આના.

ખાસ વાંચો ને લાભ લ્યો.

ઉત્તમ વાંચન વાંચવા ઇચ્છનાર માટેજ આવી બુકો ઉપયોગી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત

# શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર

આ કથાનુયોગમાં પ્રથમ પદ ધરાવનાર અપૂર્વ ગ્રંથના દશ પર્વ ( વિભાગ ) છે. તેમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ ને ૯ પ્રતિવાસુદેવ મળી કુલ ૬૩ મહાપુરૂષોના ચરિત્રો સમાવેલા છે. પ્રાસંગિક બીજા અનેક ઉત્તમ પુરૂષોના ચરિત્રો છે. એ મૂળ ગ્રંથ ૩૫૦૦૦ શ્લોક પ્રમાણ છે. તે મૂળ પણ સભાએ છપાવેલ તે અત્યારે અલભ્ય છે. તેનું ભાષાંતર નીચે પ્રમાણેના પાંચ વિભાગમાં છપાવેલ છે.

૧ વિભાગ ૧ લો–પર્વ પહેલું, બીજું–શ્રી ઋષભદેવ ને ભરત ચક્રવર્તીનું તથા અજિતનાથ ને સગરચક્રીનું ચરિત્ર. કિં. રૂા. ૩–૪–૦

૨ વિભાગ ૨ જો–પર્વ ૩–૪–૫–૬–શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રતસ્વામી સુધીના ૧૮ તીર્થંકરોના, ત્રીજાથી આઠમા સુધીના છ ચક્રવર્તીના ને પહેલાથી સાતમા સુધીના સાત સાત વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવના–કુલ ૪૫ મહાપુરૂષોના ચરિત્રોનો સંગ્રહ. કિં. રૂા. ૩–૪–૦

૩ વિભાગ ૩ જો. પર્વ સાતમું. જૈન રામાયણ. આઠમા વાસુદેવ બળદેવ ને પ્રતિવાસુદેવ ઉપરાંત ૨૧ મા શ્રી નમિનાથજીનું ને નવમા દશમા ચક્રી હરિષેણ ને જયનું ચરિત્ર. કિં. રૂા. ૧–૮–૦

૪ વિભાગ ૪ થો, પર્વ ૮–૯. ૨૨ મા ને ૨૩ મા તીર્થંકર, ૧૧ મા ને ૧૨ મા ચક્રવર્તી ને નવમા વાસુદેવાદિ ત્રિપુટીના મળી સાત મહાપુરૂષોના ચરિત્રો. ( આ વિભાગ મળતો નથી. )

૫ વિભાગ ૫ મો. શ્રી મહાવીરસ્વામી ચરિત્ર. આમાં પ્રસંગોપાત અનેક ઉત્તમ પુરૂષોના ચરિત્રો છે. કિં. રૂા. ૨–૮–૦

મળી શકતા ૪ વિભાગ સાથે લેનારના કુલ રૂા. ૧૦ાા ને બદલે રૂા. ૯) લેવામાં આવશે. મંગાવવાનું તો રેલ્વેમાં જ રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### શ્રી વિજયલક્ષ્મીસૂરિવિરચિત

# શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર.

---

આ ગ્રંથમાં સ્થંભ ૨૪ છે. દરેક સ્થંભમાં વ્યાખ્યાન ૧૫-૧૫ છે. એકંદર વર્ષના દિવસ પ્રમાણે ૩૬૦ વ્યાખ્યાનો છે. દરેક વ્યાખ્યાનમાં એકેક કથા છે. જ્ઞાનપંચમીથી માંડીને દરેક પર્વોની કથાઓના વ્યાખ્યાનો છે. આ ગ્રંથનું ભાષાંતર અમે પાંચ ભાગમાં છપાવેલું છે. પહેલા ભાગમાં ૪ અને પછીના ચારે ભાગમાં પાંચ પાંચ સ્થંભો મળી ૨૪ સ્થંભો છે. તેમાંનો ત્રીજો ભાગ (સ્થંભ ૧૦ થી ૧૪ નો) હાલ મળતો નથી પરંતુ દરેક વ્યાખ્યાન જુદા જુદા હોવાથી સંબંધ ત્રુટે તેમ નથી. આ વિભાગોની કિંમત રૂ. રાા-૨-રાા-રાા મળી કુલ રૂ. ૯ાા રાખેલ છે. ચારે ભાગ સાથે લેનારના રૂા. ૮) લેવાય છે.

એ બુકો પણ રેલ્વે મારફત જ મંગાવવા લાયક છે. આ પણ અપૂર્વ ગ્રંથ છે. આવો ૩૬૦ વ્યાખ્યાનવાળો અને અનેક બાબતોના સામાવેશવાળો બીજો કોઈ પણ ગ્રંથ લભ્ય નથી. કથારસિકે જરૂર વાંચવા લાયક છે.

JAINSITE.com

---


## શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથ. મૂળ.

### વિભાગ ૪ થો. સ્થંભ ૧૯ થી ૨૪ (પ્રતાકાર)

આ ગ્રંથ મૂળ પણ ચાર વિભાગે આખો સભાએ છપાવેલો હતો પરંતુ તેના ત્રણ વિભાગ મળતા નથી. માત્ર ચોથો વિભાગ જ મળે છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ સાત આના.

સંસ્કૃતના અભ્યાસીએ ખાસ વાંચવા લાયક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com